


મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી વિરચિતા

द्वात्रिंशद् द्वात्रिंशिका

ભાગ-૨
બત્રીશી
૯ થી ૧૫

: ભાવાનુવાદ :
આ. વિ. અભયશેખરસૂરિ



णमोत्थु णं भगवओ महावीरस्स

મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી વિરચિતા

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા

ભાગ-૨

સ્વોપજ્ઞતત્ત્વાર્થદીપિકાખ્યવૃત્તિસમલંકૃતા

ગુર્જરભાવાનુવાદ સહિતા ચ

• ભાવાનુવાદ •

શ્રી પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત્-જયશેખરસૂરીશ્વર શિષ્ય

આ. વિ. અભયશેખરસૂરિ

• પ્રકાશક •

દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ-૩૮૭૮૧૦

પ્રથમ પ્રકાશન : વિ.સં. ૨૦૬૯

મૂલ્ય : રૂા. ૨૫૦-૦૦

નોંધ

આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી પ્રકાશિત થયેલું છે.
તેથી ગૃહસ્થોએ જો એની માલિકી કરવી હોય તો એની રકમ
જ્ઞાન ખાતે ચૂકવી દેવી.


પ્રાપ્તિસ્થાન

(૧) **પ્રકાશક**

(૨) **અતુલભાઈ જે. વડેચા**
૮૦૬, રતનપાર્ક, અડાજણ પાટીયા, રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯.
ફોન : ૦૯૮૨૫૪૬૧૨૯૦

(૩) **જગત્‌ભાઈ પરીખ**
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહપુરા બસ સ્ટેન્ડની પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૦૭૯-૨૬૬૩૦૦૦૬

(૪) **નવિનભાઈ બી. કુબડીયા**
ઈથોસ ઈલાઈટ. ગાર પ્રા. લી.
૧૦૭, કોસમોસ પ્લેટીનમ, ગોખલે રોડ, દાદર (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦૦૨૮. મો. ૦૯૭૬૯૩૨૯૯૩૨



મુદ્રક : ભરત ગ્રાફિક્સ
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
Ph. : 079-22134176, M. 9925020106
e-mail : bharatgraphics1@gmail.com

પ્રકાશકીય

૧૮ વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૫૧ માં જેનો પ્રથમ ભાગ પ્રકાશિત થયેલો હતો તે મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વાચક વિરચિત દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રન્થના સ્વોપજ્ઞવૃત્તિ સહિત ભાવાનુવાદના બીજા ભાગને પ્રકાશિત કરતાં અમો ખૂબ આનંદ અનુભવીએ છીએ. ભાવાનુવાદ કરનાર સાધ્વીગણનાયક પૂ.આ. **શ્રીમદ્વિજય અભયશેખરસૂરીશ્વરજી મ.સા.** કોઈપણ પદાર્થના ઊંડાણમાં ઉતરીને સૂક્ષ્મ રહસ્યાર્થો પ્રકાશિત કરવાનો માર્ગસ્થ ક્ષયોપશમ ધરાવે છે એ વાત શ્રીસંઘમાં સુપેરે પ્રસિદ્ધ છે. એ જ ક્ષયોપશમના આધારે પ્રસ્તુત ભાવાનુવાદમાં પણ, આ ગ્રન્થના પૂર્વ પ્રકાશિત વિવેચનોમાં જોવા ન મળતા ઢગલાબંધ રહસ્યાર્થો પ્રગટ થયા છે.

આવા અનેક રહસ્યાર્થોથી ભરેલા આ ગ્રન્થના શેષભાગનો ભાવાનુવાદ તથા અન્ય પણ અનેક ગ્રન્થોના ભાવાનુવાદ પૂજ્યશ્રી તૈયાર કરે એવી વિનંતી સાથે પૂજ્યશ્રીના ચરણોમાં ભાવભરી વંદના.

શ્રી ચતુર્વિધ સંઘને આ ભાવાનુવાદનો સહારો લઈ રહસ્યાર્થો પામવા માટે નમ્ર વિનંતી.

પ્રસ્તુત ગ્રન્થના પ્રકાશનનો સંપૂર્ણ આર્થિક લાભ પોતાના જ્ઞાન ખાતેથી લેનાર **શ્રી માટુંગા જૈન શ્વે. મૂર્તિ. તપાગચ્છ સંઘને** ખૂબ ખૂબ ધન્યવાદ સાથે અભિનંદન.

આ ગ્રન્થનું સુંદર મુદ્રણ કરી આપનાર ભરત ગ્રાફિક્સના પૂરા સ્ટાફને ધન્યવાદ.

દિવ્યદર્શન ટ્રસ્ટ વતી
કુમારપાળ વિ. શાહ

પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનનિધિમાંથી લેનાર

શ્રી માટુંગા જૈન શ્વે.મૂ. તપાગચ્છ સંઘને

ફરી ફરી ધન્યવાદ



અનેક વિષયોને આવરી લેતો મહોપાધ્યાય શ્રીમદ્વિજય યશોવિજયજી મ.સા.નો એક મહત્ત્વનો ગ્રન્થ એટલે દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા. તત્ત્વાર્થદીપિકા નામની સ્વોપજ્ઞવૃત્તિથી અલંકૃત આ ગ્રન્થની પ્રથમ આઠ બત્રીશીઓનું ભાવાનુવાદ સાથે પ્રથમ ભાગ તરીકે પ્રકાશન વિ.સં. ૨૦૫૧ માં થયેલું. અન્યાન્ય સર્જન વગેરે અનેક કારણોએ આગળનું લખાણ બંધ થયેલું જે નિમિત્ત મળતાં જ પુનઃ શરૂ કર્યું. જેમ જેમ લખાણ ચાલતું ગયું તેમ તેમ અનેક એવા રહસ્યાર્થો કે જે હાલ ઉપલબ્ધ ગ્રન્થોમાં કે આ ગ્રન્થના પૂર્વપ્રકાશિત વિવેચનોમાં જોવા મળતા નથી એવા રહસ્યાર્થો સ્ફુરતા ગયા. જેમકે ધર્મકથાના ચાર પ્રકાર કેમ બતાવ્યા છે ? વગેરે. તેથી મારો ઉત્સાહ વધતો ગયો.

આ બીજા ભાગના લખાણ વખતે મારી સમક્ષ એક શબ્દશઃ વિવેચન તથા એક નયલતા સંસ્કૃતટીકા સહિતનું વિવેચન હતા. આમાંનું શબ્દશઃ વિવેચન કરનાર વિવેચકની પંડિત તરીકેની જે પ્રસિદ્ધિ છે એની સામે એમનું વિવેચન ઘણા પ્રશ્નો ખડા કરે છે. એમના યોગવિંશિકાના શબ્દશઃ વિવેચનમાં પણ ઢગલાબંધ ગંભીર ક્ષતિઓ હતી જેમાંની મહત્ત્વની ઘણી ક્ષતિઓની સમીક્ષા મેં યોગવિંશિકાગ્રન્થના મારા વિવેચનમાં ટીપ્પણ તરીકે કરી છે. એ જ રીતે પ્રસ્તુત ગ્રન્થમાં પણ એમના વિવેચનમાં જોવા મળેલી કેટલીક ગંભીર ક્ષતિઓની સમીક્ષા કરી છે. મને એમની જે ક્ષતિઓ ભાસી છે એ ક્ષતિઓ જ છે એમાં મને કોઈ શંકા નથી. એ વિવેચનકાર પણ મધ્યસ્થભાવે શાંતચિત્તે વિચારશે તો જરૂર એમને પણ એ ક્ષતિઓ ક્ષતિ તરીકે ભાસશે.

અર્થગંભીરગ્રન્થોના શબ્દશઃ વિવેચનોને ધડાધડ પ્રકાશિત કરી રહેલા એ વિવેચંનકારને, એની પ્રકાશક સંસ્થાને તથા સકળ શ્રીસંઘને, આ વિવેચનકારના ક્ષયોપશમ, શક્તિ અને અધિકાર કેટલાં એની કંઈક કલ્પના આવે એ માટે આ સમીક્ષા કરવાની કડવી ફરજ બજાવવી પડી છે.

સહુકોઈને સદ્બુદ્ધિ મળો.

સિદ્ધાન્તમહોદધિ બ્રહ્મમૂર્તિ સ્વ. પૂ. આચાર્ય **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.**

વર્ધમાનતપોનિધિ સ્વ. ભાવઆચાર્ય શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

કર્મસાહિત્ય નિષ્ણાત સહજાનંદી સ્વ. આચાર્ય શ્રીમદ્વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી મ.સા.**

શ્રી સૂરિમન્ત્રના પરમસાધક દક્ષિણ મહારાષ્ટ્રપ્રભાવક સ્વ. આચાર્ય શ્રીમદ્વિજય **જયશેખરસૂરીશ્વરજી મ.સા.**... આ સુવિહિત સદ્ગુરુપરંપરાને તથા મારા અનેક રીતે ઉપકારી વર્તમાનગચ્છાધિપતિ સિદ્ધાન્તદિવાકર પ.પૂ. આચાર્ય શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી મ.સા.**ને આ ક્ષણે કૃતજ્ઞતાપૂર્વક યાદ કરું છું.

શાસનપ્રભાવક આચાર્ય શ્રીમદ્વિજય **અજિતશેખરસૂરીશ્વરજી મ.સા.** તથા પં.પ્રવર **શ્રી** ઉદયવલ્લભ ગણિવરે આ બીજા ભાગના વિવેચનને સાઘન્ત તપાસ્યું છે તથા અનેક બહુમૂલ્ય સૂચનો કર્યા છે, ધન્યવાદ.

સહવર્તી શિષ્યગણનો સેવાભક્તિભર્યો સહકાર તો શેં વિસરાય ?

ગ્રન્થનો સંક્ષિપ્ત પરિચય પ્રથમ ભાગમાં આપેલો છે.

આ ભાવાનુવાદમાં છદ્મસ્થતા, અનાભોગ, પ્રમાદ વગેરેના કારણે પરમ પવિત્ર શ્રી જિનાજ્ઞાને પ્રતિકૂળ જો કાંઈ પ્રસ્તુત થયું હોય તો એનું હાર્દિક મિચ્છામિ દુક્કડં દેવાપૂર્વક સંવિગ્ન બહુશ્રુત વિદ્વાનોને એવું સંશોધન કરવા અને મને જણાવવા વિનમ્રભાવે વિનંતી કરું છું.

તથા ઉપાધ્યાયજી મહારાજની આ અદ્ભુતકૃતિનાં રહસ્યો પામવા માટે જિજ્ઞાસુઓ આ ભાવાનુવાદનો સહારો લઈ મારા પ્રયાસને સાર્થક કરો એવી પ્રાર્થના સાથે વિરમું છું.

ગજાભિષેક જૈન તીર્થ
સાપુતારા
પ્રભુ પાર્શ્વ જન્મકલ્યાણક
વિ.સં. ૨૦૬૯

આચાર્ય વિજય અભયશેખરસૂરિ

વિષયાનુક્રમ

વિષય	પૃષ્ઠ
(૯) કથાદ્વાત્રિંશિકા	**૨૪૧ થી ૨૬૬**
મોક્ષકથા કેમ નહીં ?	૨૪૧
અર્થકથા	૨૪૨
કામકથા-ધર્મકથા	૨૪૩
શ્રોતાભેદે ધર્મકથાભેદ	૨૪૩
આક્ષેપણી કથાનો રસ	૨૪૭
વિક્ષેપણી કથા	૨૪૮
વિક્ષેપણીકથાનું ભયસ્થાન	૨૫૧
ભયસ્થાન નિવારણ	૨૫૩
સંવેજની કથા	૨૫૪
નિર્વેજની કથા	૨૫૬
પહેલાં આક્ષેપણી, પછી વિક્ષેપણી	૨૫૮
મિશ્રકથા, વિકથા	૨૬૦
અકથા, વિકથા કે કથા ?	૨૬૨
અકથા વગેરેમાં ભજના	૨૬૪
ઉપસંહાર	
(૧૦) યોગલક્ષણદ્વાત્રિંશિકા	**૨૬૭ થી ૩૦૧**
યોગનું લક્ષણ	૨૬૭
મુખ્યત્વનાં કારણો	૨૬૮
ભવાભિનંદીનાં લક્ષણો	૨૭૦
લોકપંક્તિ	૨૭૩
ધર્માર્થ લોકપંક્તિ શુભ માટે	૨૭૪
પાંચ આશયો	૨૭૬
પ્રણિધાનઆશય	૨૭૭
પ્રવૃત્તિઆશય	૨૭૮
વિઘ્નજયઆશય	૨૭૯
સિદ્ધિઆશય	૨૮૧
વિનિયોગ આશય	૨૮૨
આશય વિનાની ધર્મક્રિયા	૨૮૩
અચરમાવર્તમાં યોગનો અયોગ	૨૮૪

વિષય	પૃષ્ઠ
ચરમાવર્ત નવનીતાદિ તુલ્ય	૨૮૫
ગોપેન્દ્રાચાર્ય વચન	૨૮૬
ભાવનાયોગથી ક્રિયા પણ મુખ્ય હેતુ	૨૮૭
ક્લેશધ્વંસ કેવો ?	૨૯૦
ક્રિયા ભાવની વ્યંજક છે	૨૯૧
પરિણામો બદલાય, જીવ નહીં	૨૯૪
દેશના નયપ્રધાન હોય	૨૯૫
ઉપસંહાર	૨૯૬
(૧૧) પાતંજલયોગલક્ષણ દ્વાત્રિંશિકા	**૩૦૨-૩૫૭**
પાતંજલયોગલક્ષણ	૩૦૨
શુદ્ધ-અશુદ્ધ આત્મા	૩૦૨
પુરુષમાં વૃત્તિસારૂપ્ય	૩૦૫
ચિત્તની પાંચવૃત્તિઓ	૩૦૬
વૃત્તિઓનાં લક્ષણો	૩૦૭
વૃત્તિઓનો બહિર્હતિ નિરોધ	૩૧૧
અન્તઃ સ્થિતિ નિરોધ	૩૧૨
નિરોધજનક અભ્યાસ	૩૧૨
નિરોધજનક અપર વૈરાગ્ય	૩૧૫
પરવૈરાગ્ય	૩૧૫
વૈરાગ્યની ઉપકારિતા	૩૧૭
અસંસાર-અમોક્ષની આપત્તિ	૩૧૮
સર્વની મુક્તિ કે અમુક્તિ	૩૧૯
ચિત્છાયાસંક્રમની કારણતા	૩૨૧
ચિત્ત સ્વાભાસ નથી-પૂર્વપક્ષ	૩૨૩
ચિત્તાન્તર ગ્રાહ્ય માનવામાં અનવસ્થાદોષ	૩૨૪
વિષયવ્યવહાર કઈ રીતે ?	૩૨૫
ચિત્શક્તિ બે પ્રકારે છે	૩૨૯
ભોગ શું છે ?	૩૨૯
ભોગનો અનુભવ શી રીતે ?	૩૩૦

વિષય	પૃષ્ઠ
સુખ દુઃખાદિની સંગતિ	૩૩૧
પ્રકૃતિમાં બે શક્તિ	૩૩૨
પ્રકૃતિનો જ મોક્ષ, પુરુષનો નહીં	૩૩૫
આત્મા પરિણામી છે	૩૩૭
બુદ્ધિથી સર્વસંગતિ હોય તો પુરુષ માનવામાં પ્રમાણ શું ?	૩૩૯
બુદ્ધિ પુરુષનું જ નામ છે	૩૪૦
બીજી રીતે સ્યાદ્વાદનો જ સ્વીકાર	૩૪૪
જૈનદર્શન જય પામો	૩૪૬
કાયનિરોધાદિમાં પાતંજલલક્ષણની અવ્યાપ્તિ	૩૪૯
ચિત્તની શિક્ષા વગેરે અવસ્થાઓ	૩૫૦
ગ્રન્થકારકૃત લક્ષણ જ નિર્દોષ	૩૫૧
ઉપસંહાર	૩૫૨
(૧૨) પૂર્વસેવાદ્વાત્રિંશિકા	**૩૫૮ થી ૩૯૬**
ગુરુપૂજન	૩૫૯
અર્થ-કામ પણ પુરુષાર્થ છે	૩૬૧
મૃત્યુની અનુમોદના ક્યાં નહીં ?	૩૬૩
દેવપૂજન	૩૬૪
સર્વદેવનમસ્કાર	૩૬૫
અન્ય દેવો પ્રત્યે દ્વેષત્યાગ	૩૬૯
દાનપૂર્વસેવા	૩૭૦
સદાચારપૂર્વસેવા	૩૭૪
તપપૂર્વસેવા	૩૭૭
મુક્તિઅદ્વેષપૂર્વસેવા	૩૮૧
લોક અને શાસ્ત્રોમાં અસુંદર આલાપો	૩૮૨
સહજઅલ્પમલત્વથી ભવઅનુત્કટ રાગ દ્વારા મુક્તિઅદ્વેષ	૩૮૩
મલ એટલે આત્માની યોગ-કષાયરૂપે પરિણમવાની યોગ્યતા	૩૮૪
યોગ્યતા અંગે શંકા-સમાધાન	૩૮૮
મળભેદે ફળભેદ	૩૮૯

વિષય	પૃષ્ઠ
દિદક્ષા વગેરે યોગ્યતાના જ નામો છે	૩૯૦
ભાવમળહ્રાસ ભવ્યોને જ થાય	૩૯૨
વ્યવહારરાશિપ્રવેશથી સહજમળહ્રાસ શરૂ થાય	૩૯૩
નવધા યોગિભેદ	૩૯૪
મુક્તિઅદ્વેષ એક જ છે	૩૯૫
(૧૩) મુક્તિઅદ્વેષપ્રાધાન્ય-દ્વાત્રિંશિકા	**૩૯૭ થી ૪૫૨**
મુક્તિઅદ્વેષથી મલનાભાવ	૩૯૭
ગ્રૈવેયકપ્રાપ્તિ પણ વિપાકવિરસા	૪૦૦
મુક્તિઅદ્વેષને દ્વિવિધ માનવો જરૂરી	૪૦૧
વિપાકવિરસતા શું છે ?	૪૦૩
મુક્તિઅદ્વેષ જ પ્રધાન છે	૪૦૫
અભવ્યાદિને મુક્તિઅદ્વેષ કઈ રીતે ?	૪૦૭
કોનું ગુર્વાદિ પૂજન ન્યાય્ય ?	૪૦૮
ગુરુદોષવાળાની સત્ક્રિયા પણ લાભકર્તા નથી	૪૧૦
કર્તાભેદે અનુષ્ઠાનભેદ	૪૧૧
સંભૂતિમુનિઅનુષ્ઠાનવિચાર	૪૧૪
ચરમાવર્તમાં વિષ-ગરનો અસંભવ	૪૧૬
કેટલાંક વૈશિષ્ટ્યો	૪૧૯
નિયાણું કથંચિદ્ ગુણકર છે	૪૨૦
આરાધકવિરાધકચતુર્ભંગી ગ્રન્થાધિકાર	૪૨૧
પંચાશકજી ગ્રન્થાધિકાર	૪૨૩
નિષ્કર્ષ	૪૨૪
વિષ-ગર અનુષ્ઠાન	૪૨૬
અનનુષ્ઠાન	૪૨૮
તદ્હેતુઅનુષ્ઠાન	૪૨૯
અમૃતઅનુષ્ઠાન	૪૩૦
ચરમાવર્તમાં સમુચિતયોગ્યતા છે	૪૩૧
ચરમાવર્તમાં પ્રાયઃ તદ્હેતુ હોય	૪૩૨
વિષ-ગરની વાતો શ્રોતાને ચાનક લગાડવા છે	૪૩૩

વિષય	પૃષ્ઠ
તદ્ધેતુને ઉચિત ભાવ કેવો ? દીર્ઘશંકા	૪૩૪
સદનુષ્ઠાનરાગ-સમાધાન	૪૩૬
અભવ્યાદિનો મુક્તિઅદ્વેષ સદનુષ્ઠાનરાગજનક હોતો નથી	૪૩૭
બાધ્યફળાપેક્ષા સદનુષ્ઠાન-રાગકૃત્ છે	૪૩૮
સૌભાગ્યાદિ તપ પણ અપાય છે	૪૪૦
વસુપાલદૃષ્ટાંત	૪૪૧
પાંચ અનુષ્ઠાનો પર વિચારણા	૪૪૪
સમાધાનપટ્ટક	૪૪૭
સમાધાનપટ્ટકના સૂચિતાર્થો	૪૪૮
એક પક્ષે કરેલી વિવિધ ગરબડો	૪૫૨
(૧૪) અપુનર્બન્ધકદ્વાત્રિંશિકા . ૪૫૩ થી ૪૬૮	
અપુનર્બન્ધકનું લક્ષણ	૪૫૩
માર્ગપતિત-અભિમુખ અપુન૦ની જ અવસ્થાવિશેષ છે	૪૫૪
એ અંગે મતાંતર	૪૫૬
સકૃદ્બંધકાદિને ઉપચારથી પૂર્વસેવા	૪૫૭
કોની પૂર્વસેવા મુખ્ય ?	૪૬૦
અશાન્તોદાત્તને ક્રિયા વિપર્યસ્ત હોય	૪૬૨
સંસારના બીજની વિચારણા	૪૬૩
સંસારના સ્વરૂપ અને ફળની વિચારણા	૪૬૫
સુખસ્વભાવી આત્માને દુઃખ શી રીતે ?	૪૬૬
સંસારવિયોગના હેતુ વગેરેની વિચારણા	૪૬૭
અનુશ્રોત-પ્રતિશ્રોતોગમન	૪૬૮
મોક્ષે ચિત્તં ભવે તનુઃ	૪૭૦
શુશ્રૂષાદિ ક્રિયા પણ હોય છે	૪૭૨
યોગશતકાદિ સાથે સમન્વય	૪૭૪

વિષય	પૃષ્ઠ
આસન્નભવ્યને પારલૌકિક વિધિમાં શાસ્ત્ર પ્રમાણ હોય છે	૪૭૮
વિષયશુદ્ધ અનુષ્ઠાન	૪૭૯
સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન	૪૮૦
બે અનુષ્ઠાનોની ફળવિચારણા	૪૮૨
અનુબંધશુદ્ધ અનુષ્ઠાન	૪૮૪
ત્રિધા પ્રત્યય	૪૮૫
આત્માદિ પ્રત્યય ઉત્તરસિદ્ધિનું બીજ છે	૪૮૬
જાત્ય-અજાત્ય મોર	૪૮૭
ત્રીજું અનુષ્ઠાન ભિન્નગ્રન્થિકને હોય	૪૮૯
વિશેષ વાતો	૪૯૦
અનંતાનુબંધી કયા ચારિત્રનો ઘાત કરે ?	૪૯૬
(૧૫) સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા . . . ૪૯૯ થી ૫૪૦	
શુશ્રૂષાલિંગ	૪૯૯
શ્રાવણરુચિનું કારણ	૫૦૦
ધર્મરાગલિંગ	૫૦૨
ગુરુદેવાદિ પૂજાલિંગ	૫૦૪
ત્રણ કરણો	૫૦૬
ગ્રન્થિભેદનો પ્રભાવ	૫૦૮
બોધિસત્ત્વનું લક્ષણ	૫૦૯
બોધિસત્ત્વની તુલ્યતાઓ	૫૧૦
તથા ભવ્યત્વ શું છે ?	૫૧૨
તીર્થંકરત્વ કઈ રીતે મેળવે છે ?	૫૧૩
મુંડકેવલી શી રીતે બને ?	૫૧૪
સમ્યક્ત્વથી શિષ્ટત્વનો પ્રારંભ	૫૧૫
શિષ્ટના અન્યોક્ત લક્ષણની વિચારણા	૫૧૮
સમ્યગ્-મિથ્યાશ્રુત	૫૩૩
પ્રામાણ્યમાં સત્યત્વ પ્રયોજક છે	૫૩૫
જિનવચન-વેદવચનમાં તફાવત	૫૩૭
અન્યલક્ષણ અમારા લક્ષણનું સૂચક	૫૩૮
ઉપસંહાર	૫૪૦

।। कथाद्वात्रिंशिका ।।९।।

वादनिरूपणानन्तरं तत्सजातीया कथा निरूप्यते -

अर्थ-कामकथा धर्मकथा मिश्रकथा तथा ।
कथा चतुर्विधा तत्र प्रथमा यत्र वर्ण्यते ।।१।।

अर्थेति । अर्थकथा कामकथा (=**अर्थकामकथा**) **धर्मकथा तथा मिश्रकथा, एवं चतुर्विधा कथा । तत्र प्रथमा** = अर्थकथा, सा **यत्र** = यस्यां **वर्ण्यते** = प्रतिपाद्यते ।।१।।

આઠમી બત્રીશીમાં વાદનું નિરૂપણ કર્યું. હવે તેને સજાતીય 'કથા'નું આ નવમી બત્રીશીમાં નિરૂપણ કરાય છે. જેમ વાદમાં અધિકૃત તે તે વિષયનો નિર્ણય કરવા-કરાવવાનો અભિપ્રાય મુખ્ય હોય છે, એમ કથામાં પણ એ જ અભિપ્રાય મુખ્ય હોય છે. માટે એ બન્ને સજાતીય છે. તેમ છતાં વાદમાં એ નિર્ણય સામસામા પક્ષ-પ્રતિપક્ષ વગેરેની ચર્ચાપૂર્વક હોય છે અને તેથી એમાં વારાફરતી બન્ને વક્તા-શ્રોતા બનતા હોય છે, જ્યારે કથામાં કથક મુખ્યતયા વક્તા જ હોય છે અને જિજ્ઞાસુ મુખ્યતયા શ્રોતા જ હોય છે. તેથી જ વાદમાં જ્યારે જે શ્રોતા બને ત્યારે પણ તે, વક્તાની વાતોને શ્રદ્ધાપ્રધાન બની તહત્તિ કરે જ એવું હોતું નથી. ઉપરથી એ કંઈક ને કંઈક શંકા-પ્રશ્ન ઊઠાવ્યા કરતો હોય છે. જ્યારે કથામાં શ્રોતા વક્તાની વાતોને પ્રાયઃ તહત્તિ કરતો હોય છે. આમ વાદ અને કથામાં આવી બધી અપેક્ષાએ ભેદ પણ છે એ જાણવું.

ગાથાર્થ (+ટીકાર્થ) : (તે તે પુરુષાર્થની પ્રેરણા કરનારી વાતો 'કથા' કહેવાય છે.) આ કથા ચાર પ્રકારે છે. અર્થકથા, કામકથા, ધર્મકથા અને મિશ્રકથા. તેમાં પ્રથમ એ છે જેમાં વર્ણવાય છે...

વિવેચન : શંકા-પુરુષાર્થ તો મોક્ષપુરુષાર્થ પણ છે. તો અર્થકથા વગેરેની જેમ મોક્ષકથા પણ હોવી જોઈએ ને ?

સમાધાન : હા, મોક્ષ પણ પુરુષાર્થ છે જ. પણ પુરુષનો અર્થ=પુરુષનું પ્રયોજન એ પુરુષાર્થ... એવી વ્યાખ્યામાં માત્ર ઉદ્દેશરૂપે જ એ પુરુષાર્થ છે, વિધેયરૂપે નહીં. અને ઉદ્દેશ્ય તરીકે એની સિદ્ધિ ધર્મપુરુષાર્થથી જ થઈ જતી હોય છે. આમ એનો પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સ્વતંત્ર કોઈ પુરુષાર્થ ન હોવાથી એની સ્વતંત્ર કથા પણ નથી. અલબત્ત અર્થ અને કામ પણ ધર્મસાધ્ય છે જ. છતાં, દુકાન ખોલવી-વેપાર કરવો વગેરે કે વિવિધ પહેરવેશ-શૃંગારાદિ દ્વારા રૂપને નિખારવું વગેરે કે જેનો ધર્મપુરુષાર્થમાં સમાવેશ થઈ શકતો નથી, એવા પુરુષાર્થની પણ અર્થ-કામ માટે અપેક્ષા રહે છે ને તેથી એના સ્વતંત્ર પુરુષાર્થ છે અને એની સ્વતંત્ર કથા છે. જેનો ધર્મપુરુષાર્થમાં સમાવેશ ન થઈ શકે એવા પણ કોઈ પ્રવૃત્ત્યાદિ મોક્ષ માટે જો અપેક્ષિત હોત તો જરૂર એની પ્રેરણા માટે સ્વતંત્ર મોક્ષકથા પણ કહી હોત. પણ એવી પ્રવૃત્તિ વગેરે કશું છે નહીં. જે કંઈ અપેક્ષિત છે એ બધાનો ધર્મપુરુષાર્થમાં સમાવેશ થઈ જાય છે. તેથી એની પ્રેરણા માટે જે કાંઈ કહેવાય તે ધર્મકથામાં જ સમાવિષ્ટ હોવાથી સ્વતંત્ર મોક્ષકથા છે નહીં. માટે કથા અર્થકથા વગેરે ચાર પ્રકારની જ છે. ॥૧॥

विद्या शिल्पमुपायश्चानिर्वेदश्चापि सञ्चयः ।
दक्षत्वं साम भेदश्च दण्डो दानं च यत्नतः ।।२।।

विद्येति । विद्यादयोऽर्थोपाया यत्र वर्ण्यन्ते साऽर्थकथेति भावः ।।२।।

रूपं वयश्च वेषश्च दाक्षिण्यं चापि शिक्षितम् ।
दृष्टं श्रुतं चानुभूतं द्वितीयायां च संस्तवः ।।३।।

ગાથાર્થ (ટીકાર્થ) : આ ચાર કથાઓમાં **અર્થકથા** એ છે જેમાં અર્થોપાર્જનના વિદ્યા, શિલ્પ, ઉપાય, અનિર્વેદ, સંચય, દક્ષતા, સામ, દામ, દંડ, ભેદ વગેરે ઉપાયોનું પ્રયત્નપૂર્વક વર્ણન કરવામાં આવ્યું હોય.

વિવેચન : વિદ્યા-જેની અધિષ્ઠાયિકા દેવી હોય... અને જે સાધના દ્વારા સિદ્ધ થાય છે તે વિદ્યા કહેવાય છે. આવી વિદ્યાઓ અનેક પ્રકારની હોય છે. એમાંથી અમુક ચોક્કસ વિદ્યા દ્વારા ધનપ્રાપ્તિ થતી હોય છે. અહીં વિદ્યાના ઉપલક્ષણથી મંત્રનું પણ ગ્રહણ જાણવું. જેના અધિષ્ઠાયક દેવ હોય, અને જે પાઠ કરવામાત્રથી સિદ્ધ થઈ જાય એ મંત્ર છે. કોઈ કથાકાર ધનપ્રાપક વિદ્યાની કે મંત્રની વાતો કરતો હોય, અથવા એને સાધવાનો આમ્નાય (=પૂર્વપુરુષોથી ચાલી આવેલી સાધનાપદ્ધતિઓ) વર્ણવતો હોય, અથવા આવી વિદ્યાથી કોઈને થયેલ ધનપ્રાપ્તિનું વર્ણન કરતો હોય... તો આ બધી કથા એ અર્થકથા હોય છે. એના શ્રવણથી શ્રોતાને પણ આવી વિદ્યા મેળવવાની-સાધવાની તાલાવેલી જાગે છે. આ વાત આગળ સર્વત્ર જાણવી.

શિલ્પ-તે તેના નિષ્ણાત આચાર્ય (=શિક્ષક) પાસેથી ભણીને જે શીખવામાં આવે તે શિલ્પ. આવા ૧૦૦ શિલ્પ છે એવી વાત શાસ્ત્રોમાં આવે છે. આજકાલ ડાક્ટરી વગેરે જે શીખવામાં આવે છે તે પણ શિલ્પ જાણવા. આ ભણવાથી તમને અવશ્ય ધંધો-રોજગાર મળશે વગેરે વાતો આમાં આવી શકે.

ઉપાય : અર્થશાસ્ત્રમાં બતાવેલા ધનપ્રાપ્તિના અનેક સાધનો એ ઉપાય.

અનિર્વેદ : ધાર્યા કરતાં વધારે પુરુષાર્થ કરવો પડે... લાંબી પ્રતીક્ષા કરવી પડે... તો પણ કંટાળો ન આવે-નિરાશા ન આવે એને અનુરૂપ વાતો.

સંચય : પૈસો પૈસાને ખેંચે... ધનસંચય કર્યો હોય તો નવા-નવા ધંધા થઈ શકે, ગમે ત્યારે કામ લાગે... વગેરે વાતો.

દક્ષતા : નિપુણતા. ધંધો કરવાની હોંશિયારી.

સામ-દામ-દંડ અને ભેદ... આ ચારની સમજણ માટે શાસ્ત્રોમાં નીચેની કથા આવે છે-મરેલા હાથીને જોવા પર શિયાળે વિચાર્યું 'આ કલેવરથી મારું દીર્ઘકાળનું ભોજન થઈ જશે. માટે મારે કોઈને લેવા દેવું નહીં.' થોડીવારમાં ત્યાં આવેલા સિંહે પૂછ્યું : આ કોણ મરેલું છે? શિયાળ : હાથી... સિંહ : કોણે માર્યો ? શિયાળ : વાઘે. સિંહે વિચાર્યું-મારા કરતાં હીનજાતિવાળા વાઘે માર્યો છે, પછી હું શી રીતે ખાઉં ? એમ જ ત્યાંથી નીકળી ગયો. આ **સામ** છે. પછી વાઘ આવ્યો. એણે પણ એ જ પૂછવા પર શિયાળે કહ્યું-સિંહે માર્યો છે ને એ હાલ પાણી પીવા ગયો છે. આ સાંભળીને વાઘ તો ભાગી જ ગયો. આ **ભેદ** છે. થોડી વારમાં કાગડો આવવા પર શિયાળ વિચારે છે-આને નહીં આપવા પર કા કા કરી મૂકશે તો ઘણા ભેગા થઈ જશે. પછી કેટલાને વારીશ ? એટલે

रूपमिति । **रूपं** = सुन्दरं, **वयश्च** = उदग्रं, **वेषश्च** = उज्ज्वलः, **दाक्षिण्यं च** = मार्दवं, **शिक्षितमपि** विषयेषु, **दृष्टं** अद्भुतदर्शनमाश्रित्य, **श्रुतं चानुभूतं च, संस्तवश्च** = परिचयश्च, **द्वितीयायां** = कामकथायाम्। रूपादिवर्णनप्रधाना कामकथेत्यर्थः ।। ३ ।।

तृतीयाऽऽक्षेपणी चैका तथा विक्षेपणी परा ।
अन्या संवेजनी निर्वेजनी चेति चतुर्विधा ।। ४ ।।

એક ટૂકડો છેદીને એને આપી દીધો. એ લઈને ઊડી ગયો. આ **દામ** છે. હવે આવ્યું શિયાળ. સમાનબળી એને આ શિયાળે પરાક્રમથી ભગાડી મૂક્યું. આ દંડ છે. ॥૨॥ હવે ક્રમપ્રાપ્ત કામકથાનું વર્ણન-

ગાથાર્થ : રૂપ, વય, વેષ, દાક્ષિણ્ય, શિક્ષણ, દૃષ્ટ-શ્રુત-અનુભૂત વિષય તથા પરિચય... આ બધાનું જેમાં વર્ણન હોય તે કામકથા છે.

વિવેચન : કામકથા-સુંદર રૂપ, નવયૌવન વય, ઉજ્જવળ-આકર્ષક વેશપરિધાન, દાક્ષિણ્ય રાખવું (=જીદ્દી બની પોતાની વાત પકડી ન રાખવી, પણ એને છોડીને સામી વ્યક્તિની વાતનો આદર કરવો), શબ્દાદિ વિષયોને કઈ રીતે આકર્ષક બનાવવા અને ભોગવવા એનું શિક્ષણ, અદ્ભુત રૂપ વગેરે જે કાંઈ જોયેલું હોય, સાંભળેલું હોય કે અનુભવેલું હોય એનું રસપ્રદ વર્ણન, વિજાતીયનો પરિચય-પ્રેમ શી રીતે કેળવવો ? એનું માર્ગદર્શન... આ બધું મુખ્યતયા કામકથામાં આવે છે. એટલે કે રૂપ વગેરેનું પ્રધાનરૂપે વર્ણન કરનારી કથા એ કામકથા છે. ॥૩॥ હવે ત્રીજી ધર્મકથા કહેવાનો અવસર છે.

ગાથાર્થ : પહેલી આક્ષેપણી, બીજી વિક્ષેપણી, ત્રીજી સંવેજની અને ચોથી નિર્વેજની... એમ ત્રીજી (ધર્મકથા) ચાર પ્રકારે છે.

વિવેચન : ધર્મકથા : ત્રીજી ધર્મકથાના ચાર પ્રકાર છે. (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) સંવેજની અને (૪) નિર્વેજની. (જીવોની ભૂમિકા ચાર પ્રકારની હોવાથી ધર્મકથાના પણ ચાર પ્રકાર છે. આશય એ છે કે શ્રોતાઓ કાં તો જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા હોય ને કાં તો શ્રદ્ધા વિનાના હોય. આમાંથી શ્રદ્ધા વિનાના જીવો પણ કાં તો અન્ય ધર્મની આગ્રહરૂપ શ્રદ્ધાવાળા હોય ને કાં તો એવી શ્રદ્ધા વિનાના હોય. જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા જીવો પણ પ્રવ્રજ્યાપાલન વગેરે રૂપ વિશિષ્ટ સાધનામાં જોડાયેલા હોય કે ન જોડાયેલા હોય. જોડાયેલા જીવો પણ કાં તો ઉલ્લાસથી અપ્રમત્ત સાધના કરનારા હોય ને કાં તો એમાં પ્રમાદ સેવનારા હોય. આમાંથી જેઓ અપ્રમત્ત સાધના કરી રહ્યા છે તેઓને વિશેષ પ્રેરણાની જરૂર હોતી નથી. એ સિવાયના ચારે પ્રકારના જીવો માટે એક-એક ધર્મકથા હોવાથી ધર્મકથાના ચાર પ્રકાર છે.)

આમાંથી જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધા-આકર્ષણ વિનાના જે જીવો અન્ય ધર્મ પ્રત્યે પણ આગ્રહરૂપ શ્રદ્ધા ધરાવતા નથી, એ જીવોને માત્ર જૈનધર્મના આચાર વગેરેની આકર્ષક વાતો કહેવાથી જૈનધર્મ પ્રત્યે આકર્ષણ જાગી શકે છે. માટે આવા જીવોને આક્ષેપણી (=આક્ષેપ કરનારી=આકર્ષણ કરનારી) કથા કહેવાય છે. પણ જે જીવોને અન્ય ધર્મની કંઈક આગ્રહયુક્ત શ્રદ્ધા-નિર્માણ થયેલી છે, એવા જીવોને જ્યાં સુધી એ શ્રદ્ધા મોળી પડતી નથી ત્યાં સુધી જૈનધર્મ પ્રત્યે આકર્ષણ પેદા થઈ શકતું નથી. માટે એ શ્રદ્ધાને વિચલિત કરવા માટે વિક્ષેપણી કથા (=શ્રદ્ધામાં વિક્ષેપ ઊભો કરનારી કથા) કહેવાય છે.

तृतीयेति । **तृतीया** धर्मकथा **चैकाऽऽक्षेपणी, तथा परा विक्षेपणी, अन्या संवेजनी, च** = पुनः **निर्वेजनीति चतुर्विधा** ।।४।।

आचाराद् व्यवहाराच्च प्रज्ञप्तेर्दृष्टिवादतः ।
आद्या चतुर्विधा श्रोतुश्चित्ताक्षेपस्य कारणम् ।।५।।

आचारादिति । आचारं व्यवहारं प्रज्ञप्तिं दृष्टिवादं चाश्रित्याद्या = आक्षेपणी **चतुर्विधा। श्रोतुश्चित्ताक्षेपस्य** तत्त्वप्रतिपत्त्याऽऽभिमुख्यलक्षणस्यापूर्वशमरसवर्णिकाऽऽस्वादलक्षणस्य वा **कारणम्** ।।५।।

क्रिया दोषव्यपोहश्च सन्दिग्धे साधु बोधनम् ।
श्रोतुः सूक्ष्मोक्तिराचारादयो ग्रन्थान् परे जगुः ।।६।।

શ્રદ્ધાળુ હોવા છતાં પ્રવ્રજ્યા વગેરે વિશિષ્ટ સાધનામાં નહીં જોડાયેલા જીવો એમાં જોડાવા ઉલ્લસિત થાય એ માટે સંવેજની (=ઉત્તરોત્તર ગુણોની-ભૂમિકાની પ્રાપ્તિની અભિલાષારૂપ સંવેગને પેદા કરનારી) કથા કહેવાય છે. વિશિષ્ટ સાધનામાં જોડાયા પછી પણ પ્રમાદ સેવનારા જીવો એ પ્રમાદને ટાળવા માટે ઉલ્લસિત બને એ માટે નિર્વેજની (=પ્રમાદાદિ દોષો અંગે થાક-કંટાળો-ભય વગેરે રૂપ નિર્વેદને પેદા કરનારી) કથા કહેવાય છે.

પ્રશ્ન : ધર્મકથા માટે જેમ શ્રોતાભેદે કથાભેદ કહ્યા છે તો એમ અર્થકથા અને કામકથા માટે કેમ નથી કહ્યા?

ઉત્તર : જીવોને અર્થ-કામનું ગાઢ આકર્ષણ અનાદિકાળથી પડેલું જ હોય છે. (ક્યારેક કામચલાઉ સુષુપ્ત થઈ ગયું હોય એ અલગ વાત છે.) માટે એનું આકર્ષણ પેદા કરવા માટે કોઈ વિશેષ પ્રયત્ન જરૂરી હોતો નથી. વળી ધર્મના જૈનધર્મ, બૌદ્ધધર્મ, સાંખ્યદર્શન વગેરે અનેક ભેદો છે, ને એમાં અમુક વાસ્તવિક ધર્મ, બાકીના ધર્માભાસ છે. આવું અર્થ-કામમાં છે નહીં. તેથી આક્ષેપણી-વિક્ષેપણી વગેરે કથાભેદ નથી. તથા અર્થકામના આકર્ષણવાળો જીવ એમાં પ્રમાદ કરતો હોય એવું પણ લગભગ જોવા મળતું નથી. માટે સંવેજની-નિર્વેજની કથા જરૂરી રહેતી નથી. અથવા તો ગ્રન્થકાર ધર્માચાર્ય છે. એમનો છેવટનો રસ શ્રોતા ધર્મમાં જોડાય-આગળ વધે એનો જ હોય છે. અર્થ-કામમાં આગળ વધે એનો નહીં. એટલે અર્થકથા વગેરે દ્વારા પણ તેઓ શ્રોતાને છેવટે ધર્મકથા પ્રત્યે આકૃષ્ટ કરી ધર્મમાં જોડવા જ ચાહે છે. માટે ધર્મકથાનું પેટાભેદો સહિત વિસ્તારથી નિરૂપણ કર્યું છે ને અર્થ-કામકથાનું તેવું વર્ણન કર્યું નથી. એમ સમાધાન કરી શકાય છે. ॥૪॥ ધર્મકથાનો પ્રથમ પ્રકાર આક્ષેપણીકથા હવે વર્ણવાય છે.

ગાથાર્થ (+ટીકાર્થ) : આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ... આવા ચાર ભેદને આશ્રીને પ્રથમ આક્ષેપણી ધર્મકથા ચાર પ્રકારે છે. આ ચારે પ્રકાર શ્રોતાના ચિત્તને આકર્ષવાનું કારણ છે. તત્ત્વનો નિશ્ચય થવાથી ચિત્ત ધર્મને અભિમુખ થવું એ ચિત્તનું આકર્ષણ છે. અથવા ઉપશમરસનો અપૂર્વ આસ્વાદ થવો એ ચિત્તનું આકર્ષણ છે. આ ચારે પ્રકારની આક્ષેપણી કથા આવા ચિત્તાકર્ષણને જગાડનારી છે. ॥૫॥

ગાથાર્થ : આક્ષેપણીકથાના આ ચાર પ્રકારમાં ક્રમશઃ ક્રિયા, દોષનું દૂરીકરણ, શંકા અંગે સારી રીતે સમજણ અને સૂક્ષ્મ વાતોનું નિરૂપણ કરાય છે. અન્ય આચાર્યભગવંતો 'આચાર' વગેરે શબ્દથી આચારાંગ વગેરે ગ્રન્થોનું નિરૂપણ કહે છે.

क्रियेति । **क्रिया** लोचास्नानादिका[1] । **दोषव्यपोहश्च** कथञ्चिदापन्नदोषशुद्ध्यर्थप्रायश्चित्तलक्षणः । **सन्दिग्धे** संशयापन्नेऽर्थे **साधु** मधुरालापपूर्वं **बोधनं** = उत्तरप्रदानम् । **श्रोतुः सूक्ष्मोक्तिः**= सूक्ष्मजीवादिभावकथनम् ।

विवेचन : (१) साधुभगवंतो लोच करे छे, स्नान करता नथी... वगेरे રૂપે साधुओना आचारनुं श्रोता समक्ष वर्णन करवुं એ आचारआक्षेपणीधर्मकथा छे. (२) आ दोष सेवे तो आ प्रायश्चित्त आवे... आ दोष सेवे तो आ... आ रीते नाना नाना दोषोना पण व्यवहारसूत्रमां जे प्रायश्चित्त दर्शाव्या छे, એનું यथायोग्य वर्णन करवुं એ व्यवहारआक्षेपणी धर्मकथा छे. प्रायश्चित्तप्रदान वगेरे 'व्यवहार' कहेवाय छे, माटे आ कथानुं आवुं नाम छे. (३) प्रज्ञप्ति એटले समजण. आपणी पासेथी के अन्य पासेथी जाणेली आचारादिनी वातो अंगे कोई संदेह होय तो એને मधुर वचनो द्वारा समजण आपीने दूर करवो એ प्रज्ञप्तिआक्षेपणी धर्मकथा छे. (४) दृष्टिवाद એटले सूक्ष्म वातो. जीवादि तत्त्वोनी सूक्ष्म वातो करवी એ दृष्टिवादआक्षेपणी धर्मकथा छे.

अन्य केटलाक विद्वानो तो એम ज कहे छे के आचारांग, व्यवहारसूत्र, प्रज्ञप्ति (भगवतीसूत्र) अने दृष्टिवाद... आ ग्रन्थोनी वात करवी એ ज क्रमशः आचारआक्षेपणी धर्मकथा वगेरे छे, कारण के [1]तैः=आ ग्रन्थो वडे क्रिया-प्रायश्चित्त वगेरेनुं ज कथन थाय छे.

वाचना, पृच्छना, परावर्तना, अनुप्रेक्षा अने धर्मकथा... स्वाध्यायना आ पांच प्रकारोमां धर्मकथा એ छेल्लो प्रकार छे. १४४४ ग्रन्थोना प्रणेता श्रीमान् हरिभद्रसूरि महाराजे योगना इच्छा, प्रवृत्ति, स्थिर अने सिद्धि એवा जे चार प्रकार कह्या छे એमांना प्रथम प्रकार इच्छायोगनुं लक्षण आवुं कह्युं छे के योगीओनी कथामां प्रीति એ प्रथम इच्छायोग छे. योगना आगळ-आगळना सोपानो सर करवामां आ इच्छायोग એ प्रथम सोपान छे. એटले जणाय छे के धर्मकथा એ એवी कथा छे, जे प्रीति-रुचि-आकर्षण जगाडवा द्वारा श्रोताने धर्मना आगळ-आगळना सोपानो सर करवानी भूमिका ऊभी करी आपे.

दुनियामां जोवा मळे छे के समाचारमाध्यमो जेनी वातो पीरसे એनो लोकोमां रस जागे छे. क्रिकेट-क्रिकेटरनुं वर्णन लोकोमां क्रिकेटनुं तीव्र आकर्षण पेदा करे छे. राजकरण-राजकरणीओनी वातो लोकोने એ तरफ आकर्षे छे. એटले जणाय छे के कथा એ रस-रुचि पेदा करवानुं अमोघ साधन छे. अर्थकथाथी अर्थनुं अने कामकथाथी कामनुं जे आकर्षण जागे छे, એना पायामां पण आ ज सिद्धान्त छे. એटले श्रोताने धर्म प्रत्ये आकर्षित करवा माटे धर्मकथा એ अमोघ साधन छे.

प्रश्न : तो पछी पांच प्रकारना स्वाध्यायमां धर्मकथाने प्रथम नंबरे ज केम न कही?

उत्तर : धर्मकथा आडेधड करवानी होती नथी, कारण के એ रीते करवाथी क्यारेक श्रोता धर्मनी नजीक

1. शब्दशः विवेचनकारे टीकार्थमां तैः नो अर्थ *अन्य आचार्यो वडे...* એवो कर्यो छे એ गलत छे, कारण के (१) तत् सर्वनाम अव्यवहितपूर्ववर्तीनुं परामर्शक होय छे. प्रस्तुतमां आचारादि ग्रन्थोनो उल्लेख એवो छे, अन्य आचार्योनो नहीं. तथा (२) तेमनुं कथन आवुं ठरे छे 'अन्य आचार्यो आचारादि ग्रन्थोने आचारादि चार प्रकारनी कथा तरीके कहे छे, कारण के ते अन्य आचार्यो वडे એवुं कहेवायेलुं छे.' आ तो 'ते डाह्यो छे, कारण के ते डाह्यो छे' आवुं थयुं. आमां कारण शुं दर्शाव्युं ?

आचारादयः क्रमेणाचार-व्यवहार-प्रज्ञप्ति-दृष्टिवादा अभिधीयन्ते।

આવવાના બદલે ક્યાંયનો ક્યાંય દૂર હડસેલાઈ જાય, જે વક્તાને પણ નુકશાનકર્તા છે. એટલે જ વક્તાએ શ્રોતાની ભૂમિકા તપાસવાની હોય છે અને પછી એને તદનુરૂપ કઈ કથા કરવી ? એનો નિર્ણય કરવાનો હોય છે. એમાં સૌપ્રથમ એને અર્થકથા કામકથા વગેરે ચારમાંથી કઈ કથા કરવી એ નિર્ણય કરવાનો. એમાં ધર્મકથા કરવાનો નિર્ણય થાય તો પછી એના ચારપ્રકારમાંથી આક્ષેપણી-વિક્ષેપણીવગેરે કઈ કથા કરવી ? એનો નિર્ણય જરૂરી બને છે. એમાં આક્ષેપણીકથા કરવાનો નિશ્ચય થાય તો પછી શ્રોતાની બાળ-મધ્યમ વગેરે ભૂમિકા તપાસીને આચારઆક્ષેપણી કથા વગેરે કઈ કરવી ? એનો યોગ્ય નિર્ણય થવો જોઈએ. અને પછી એ કથા કરવાથી શ્રોતાને લાભ થાય છે. વાચના-પૃચ્છનાદિક્રમે કહેલા અનુપ્રેક્ષાસ્વાધ્યાયને પણ આત્મસાત્ કરનાર વક્તાને શ્રોતાની કક્ષાનો નિર્ણય વગેરે સુલભ બની રહે છે, માટે વાચનાદિક્રમે ધર્મકથાનો નંબર પાંચમો છે.

શ્રોતા જો બાળ હોય તો એની આગળ લોચ, અસ્નાન, વિહાર, સ્ત્રીઓનો અસ્પર્શ, પાસે એક પૈસો પણ ન રાખવો... અન્ય ધર્મોમાં ન હોય એવા સાધુઓના આવા આચારોનું વર્ણન બાળજીવને જૈનધર્મ પ્રત્યે રસ-રુચિ પેદા કરે છે ને તેથી બાળજીવ જૈનધર્મને અભિમુખ બને છે. આ આચારઆક્ષેપણી કથા છે.

સાધુપણામાં આચારોનું સૂક્ષ્મકાળજીપૂર્વક આચરણ કરવાનું હોય છે, આ વાતપર ભાર આપવાથી મધ્યમજીવો જૈનધર્મને અભિમુખ થાય છે. આ ભાર આપવામાટે થોડી પણ બેકાળજીના કારણે લાગતા નાના-નાનાદોષમાં કેવું કેવું પ્રાયશ્ચિત્ત આવે એની વાતો કરવામાં આવે છે. એટલે 'આ ધર્મમાં આચારપાલનની સૂક્ષ્મકાળજીઓ લેવાય છે' એવી એને પ્રતીતિ થાય છે. મધ્યમજીવને આચારોની સૂક્ષ્મતા-એની ઝીણી ઝીણી કાળજીવગેરેનું જ આકર્ષણ હોય છે, એમાં જ એ ધર્મ માનતો હોય છે. એટલે આવી વાતોથી એ આશ્ચર્યમુગ્ધ બની જૈનધર્મ પ્રત્યે આકર્ષાય છે. એટલે કે શ્રોતા જો મધ્યમજીવ હોય તો એને વ્યવહારઆક્ષેપણી કથા કહેવાય છે.

શ્રોતા જો પંડિતજીવ હોય તો એને માત્ર આચાર કે વ્યવહાર સાંભળવાથી આકર્ષણ જાગતું નથી. એને તો એની રુચિના વિષયભૂત જીવાદિઅંગેની સૂક્ષ્મવાતો કહેવી જરૂરી બને છે. એક તો સૂક્ષ્મવાતો-ક્યાંય પૂર્વાપરવિરોધ નહીં... ને ઉપરથી દરેક વાતની તર્કપૂર્ણ સંગતિ... આ જાણીને પંડિતજીવ જૈનધર્મ પ્રત્યે એકદમ અહોભાવને અનુભવે છે. માટે પંડિતજીવોને ચોથી દૃષ્ટિવાદઆક્ષેપણી કથા કહેવાય છે.

બાળાદિજીવોને આચારાદિની વાત કરવા પર કંઈક સંદેહ પડે (કે પહેલેથી અન્યપાસેથી જાણવા પર પડ્યો હોય) તો એ સંદેહ દૂર કરવો જરૂરી બને છે. એ જો દૂર ન થાય, તો મન ડોલાયમાન રહેવાથી આચારવગેરેને સાંભળવા છતાં જીવ ધર્મને અભિમુખ થતો નથી. માટે આ સંદેહ દૂર કરીને ધર્મનું આકર્ષણ જગાડતી સમજણ એ આક્ષેપણીકથાનો ત્રીજો પ્રજ્ઞપ્તિઆક્ષેપણીકથા નામે સ્વતંત્રપ્રકાર છે. આ કથા બાળ, મધ્યમ કે પંડિત જે જીવને સ્વરુચિવિષયઅંગે સંદેહ પડ્યો હોય એને ધર્માભિમુખ બનાવવા જરૂરી બને છે. માટે આચારઆક્ષેપણીકથા વગેરે ત્રણમાંથી કોઈ એક કથામાં એનો સમાવેશ શક્ય ન હોવાથી સ્વતંત્ર પ્રકાર તરીકે અહીં કહેવાયેલ છે.

બાળાદિજીવોના સંદેહાનુસારી પ્રશ્નનો ઉત્તર મધુર આલાપપૂર્વક આપવાનો અહીં કહ્યો છે. એ એટલા માટે કે શ્રોતાને જો એમ પ્રતીત થાય કે 'વક્તાને મારા પ્રશ્નનું કોઈ મહત્ત્વ નથી, મને કે મારા પ્રશ્નને અવગણવા

परे आचार्या आचारादीन् **ग्रन्थान् जगुः**, तैराचाराद्यभिधानादिति भावः ।। ६।।

एतैः प्रज्ञापितः श्रोता चित्रस्थ इव जायते ।
दिव्यास्त्रवन्न हि क्वापि मोघाः स्युः सुधियां गिरः ।। ७।।

एतैरिति । व्यक्तः ।।७।।

विद्या क्रिया तपो वीर्यं तथा समितिगुप्तयः ।
आक्षेपणीकल्पवल्ल्या मकरन्द उदाहृतः ।। ८।।

विद्येति । **विद्या** ज्ञानमत्यन्तापकारिभावतमोभेदकं **क्रिया**=चारित्रं **तपो**ऽनशनादि **वीर्यं** = कर्मशत्रुविजयानुकूलः

માગે છે, રૂક્ષતાથી કે કઠોરતાથી જવાબ આપે છે' વગેરે, તો સંદેહનું સમાધાન થવા છતાં વક્તાપ્રત્યે સદ્ભાવ પેદા ન થવાથી ધર્માભિમુખતા થતી નથી. અને એ જો ન થાય તો 'કથા' એ ધર્મકથા બનતી નથી, અજૈનોને જૈનધર્મપ્રત્યે આકર્ષે અને જૈનોને જ્ઞાન-ક્રિયાત્મક માર્ગપ્રત્યે વધુ ઉલ્લસિત કરે એવી કથા એ જ ધર્મકથા છે. તેથી મધુરઆલાપ જરૂરી છે.

પ્રભુવીરે 'હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! તમે સુખપૂર્વક આવ્યા ?' એમ મધુરઆલાપ કર્યો હતો ને ! શ્રીદશવૈકાલિકવગેરે સૂત્રમાં 'આયુષ્યમન્ !' એવા સંબોધનદ્વારા શ્રોતામાં આદર-પ્રીતિનું આધાન કર્યું જ છે ને ! વસ્તુતઃ મધુરઆલાપપૂર્વક કથન માત્ર આ ત્રીજાપ્રકારમાં જ નહીં, ચારે પ્રકારમાં જરૂરી છે... અરે ! માત્ર આક્ષેપણીધર્મકથામાં જ નહીં, ચારે પ્રકારની ધર્મકથામાં... ને એનાથી આગળ વધીએ તો ચારે પ્રકારની કથામાં એ જરૂરી છે, કેમકે છેવટે દરેક કથાના અંતિમ પરિણામતરીકે શ્રોતાની ધર્માભિમુખતા અભિપ્રેત છે.

આચારઆક્ષેપણીકથા વગેરેમાં આચારવગેરે જે કહેવાના હોય છે, એનું આચારાંગ વગેરેમાં મુખ્યતયા વર્ણન છે. માટે અન્યવિદ્વાનો આચારાંગવગેરે ગ્રન્થોની વાતો કરવી એને જ આચારઆક્ષેપણીકથા વગેરે કહે છે. વળી આ ગ્રન્થોમાં આચારાંગ, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ... આ ક્રમ છે, માટે આ ચાર કથાઓને આ ક્રમે કહી છે. નહીંતર બાળાદિજીવોના ક્રમે આચાર, વ્યવહાર, દૃષ્ટિવાદ એમ ત્રણકથા કહીને પછી બધાનો સંદેહ દૂર કરનારી પ્રજ્ઞપ્તિઆક્ષેપણીકથાને ચોથી કહી હોત. ॥૬॥

ગાથાર્થ : શ્રોતાની ભૂમિકાને ઉચિત આક્ષેપણીકથા કરવાથી પ્રતિબોધ પામેલો શ્રોતા જાણે કે ચિત્રમાં દોરેલો ન હોય ! એવો આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે. અર્થાત્ સ્તબ્ધ-આવર્જિત થઈને વક્તાપ્રત્યે અને ધર્મપ્રત્યે અત્યંત અહોભાવ-આદરયુક્ત બની જાય છે. જેમ દિવ્ય અસ્ત્ર ક્યાંય નિષ્ફળ જતું નથી, એમ પ્રજ્ઞાશીલ ધર્મકથીની વાણી ક્યાંય નિષ્ફળ જતી નથી. ॥૭॥

ગાથાર્થ : વિદ્યા, ક્રિયા, તપ, વીર્ય, તથા સમિતિ-ગુપ્તિ એ આક્ષેપણીકથારૂપી કલ્પવેલીનો મકરંદ કહેવાયો છે.

વિવેચન : આક્ષેપણી ધર્મકથારૂપ કલ્પલતાના વિદ્યા, ક્રિયા, તપ, વીર્ય વગેરે મકરંદ=સારરૂપે કહેવાયા છે. આમાં, અત્યંત અપકારી એવા ભાવઅંધકારરૂપ અજ્ઞાનને ભેદી નાખતું જ્ઞાન એ વિદ્યા છે. ચારિત્ર એ ક્રિયા છે. અનશન વગેરે તપ છે. કર્મરૂપી શત્રુ પર વિજય અપાવી શકે એવું પરાક્રમ એ વીર્ય છે. આ બધા પ્રત્યે શ્રદ્ધા-

पराक्रमस्तथा **समितय** ईर्यासमित्याद्या **गुप्तयो** मनोगुप्त्याद्याः (=समिति-गुप्तयः) **आक्षेपणीकल्पवल्ल्या मकरन्दो** = रस **उदाहृतः** । विद्यादिबहुमाननजननेनैवेयं फलवतीति भावः ।। ८।।

स्वपरश्रुतमिथ्याऽन्यवादोक्त्या सङ्क्रमोत्क्रमम् ।
विक्षेपणी चतुर्धा स्यादृजोर्मार्गाभिमुख्यहृत् ।। ९।।

स्वेति । स्वपरश्रुते = स्वसमय-परसमयौ, मिथ्याऽन्यवादौ = मिथ्यावाद-सम्यग्वादौ, तयोरुक्त्या = प्रतिपादनेन (=**स्वपरश्रुत-मिथ्याऽन्यवादोक्त्या**) । **सङ्क्रमोत्क्रमं** पूर्वानुपूर्वी-पश्चानुपूर्वीसहितं यथा स्यात्तथा । **चतुर्धा विक्षेपणी स्यात्** । तथा च सम्प्रदायः-*'विक्खेवणी सा चउव्विहा पन्नत्ता, तं जहा-ससमयं कहित्ता*

આદર-ઉદ્યમ જાગ્રત થાય તો ધર્મકથાનો સાર પામ્યા કહેવાઈએ અને તો ધર્મકથા સફળ થયેલી કહેવાય. ॥૮॥ (વિક્ષેપણીકથાના ચાર ભેદ દર્શાવે છે-)

गाथार्थ : સ્વશાસ્ત્ર-પરશાસ્ત્ર-મિથ્યાવાદ-સમ્યગ્વાદ... આ ચારને સંક્રમ-ઉત્ક્રમપૂર્વક કહેવાથી વિક્ષેપણીકથા ચાર પ્રકારે થાય છે. આ કથા મુગ્ધજીવની માર્ગની રુચિને હરે છે.

टीकार्थ : સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાન્ત તથા મિથ્યાવાદ અને સમ્યગ્વાદ... આ બે જોડકાંને પૂર્વાનુપૂર્વીક્રમે તથા પશ્ચાનુપૂર્વીક્રમે કહેતાં વિક્ષેપણીકથા ચાર પ્રકારે થાય છે. અહીં આવો સંપ્રદાય છે (દશવૈ. વૃદ્ધવિવરણ. અધ્ય. ૩)-*વિક્ષેપણી તે(કથા) ચાર પ્રકારે કહેવાયેલી છે. તે આ રીતે-સ્વસમયને કહીને પરસમય કહે, પરસમયને કહી સ્વસમય કહે, મિથ્યાવાદને કહી સમ્યગ્વાદ કહે, સમ્યગ્વાદને કહી મિથ્યાવાદ કહે.*

આમાં પહેલાં સ્વસમયને કહી પરસમયને કહેતી કથામાં સ્વસમયના ગુણો દર્શાવે, પછી પરસમયના દોષો દર્શાવે.... આ પ્રથમ વિક્ષેપણી કથા થઈ.

હવે બીજી કહેવાય છે-પહેલાં પરસમય કહીને એના જ દોષો દર્શાવે અને પછી સ્વસમય કહીને એના ગુણો દર્શાવે. આ બીજી વિક્ષેપણી કથા થઈ. હવે ત્રીજી-પરસમયને કહીને એ પરસમયોમાં જ જે વાતો જિનપ્રણીત વાતોથી વિરુદ્ધ હોય, (ને તેથી) ખોટી જ કલ્પાયેલી હોય તે પહેલાં કહીને-તેના દોષો સમજાવીને પછી જે જિનપ્રણીત વાતોને સમાન વાતો કોઈપણ રીતે ઘુણાક્ષરન્યાયે કહેવાઈ ગયેલી હોય તે કહે. અથવા, મિથ્યાવાદ એટલે નાસ્તિત્વ. સમ્યગ્વાદ એટલે અસ્તિત્વ. એમાં પહેલાં નાસ્તિકવાદીઓની વાત કરીને પછી અસ્તિત્વપક્ષના વાદીઓની વાત કરે. આમ ત્રીજી વિક્ષેપણી કથા થઈ. હવે ચોથી વિક્ષેપણી કથા-તે પણ આ રીતે જ જાણવી. માત્ર પહેલાં સારી (માન્ય) વાતો કરીને પછી અન્ય (અમાન્ય) વાતો કરે. આમ શ્રોતાને વિક્ષિપ્ત કરે.

આ વિક્ષેપણીકથા ऋજુ=મુગ્ધ=ભોળા જીવની સ્વરૂપે રહેલી માર્ગરુચિને હણનારી બને છે.

विवेचन : અન્ય ધર્મની શ્રદ્ધાવાળા શ્રોતાને એ શ્રદ્ધા હટે નહીં ત્યાં સુધી જૈનધર્મની શ્રદ્ધા પ્રગટવી શક્ય નથી. માટે અન્ય ધર્મની શ્રદ્ધા હટવી જરૂરી છે. એ હટવી એ એક પ્રકારનો વિક્ષેપ છે. માટે એને હટાવતી કથા વિક્ષેપણી કથા કહેવાય છે. આના પણ ચાર પ્રકાર છે.

(૧) **સ્વ-પરસમયવિક્ષેપણીકથા**-પ્રથમ સ્વસમયની=જૈનદર્શનની વાતો કહે, અને એ તર્કસંગત છે,

परसमयं कहेइ, सम्मावायं कहित्ता मिच्छावायं कहेइ । तत्थ पुव्विं ससमयं कहित्ता परसमयं कहेइ ससमयगुणे दीवेइ परसमयदोसे उवदंसेति, एसा पढमा विक्खेवणी गता । इदाणिं बितिया भण्णति-परसमयं कहित्ता तस्सेव दोसे उवदंसेति, पुणो ससमयं कहेति गुणे य से उवदंसेति, एसा बितिया विक्खेवणी गया । इदाणिं ततिया-परसमयं कहित्ता तेसु चेव परसमएसु जे भावा जिणप्पणीएहिं भावेहिं सह विरुद्धा असंता चेव

આત્મહિતકર છે, આચરવી શક્ય છે... વગેરેરૂપે એના ગુણોનું વર્ણન કરે. ત્યારબાદ પરસમયની=શ્રોતાની જેમાં શ્રદ્ધા છે તે ધર્મની એવી વાતો કહે જે તર્કસંગત ન હોવી, આત્મહિતકર ન હોવી વગેરેરૂપે સરળતાથી શ્રોતાને કહી-સમજાવી શકાય એવી હોય. આવું સાંભળીને શ્રોતાની પોતાના ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વિક્ષિપ્ત થાય છે=વિચલિત થાય છે. અને એ વિચલિત થાય એટલે, જ્યાં આવી કોઈ અસંગત વાતો નથી, પણ સંગત વાતો જ છે, એવા જૈનધર્મ પ્રત્યે એ શ્રોતાને આકર્ષણ-રુચિ જાગે છે. માટે આ વિક્ષેપણી ધર્મકથા બને છે. અહીં પણ, શ્રોતાની ભૂમિકા જોવાની તો હોય જ છે. જો એ બાળકક્ષાનો હોય તો જૈનદર્શનના લોચ કરાવવો, સ્ત્રી અને ધનના તો સ્પર્શ સુધ્ધાંનો ત્યાગ... વગેરે વાત કરીને પછી એ કક્ષાની પણ તર્કથી ઘટી ન શકે એવી પરદર્શનની વાતો કરવી જોઈએ. એ જ રીતે મધ્યમજીવને સમિતિ વગેરેની સૂક્ષ્મ વાતો કરવી જોઈએ. અને એના ધર્મમાં આવી સૂક્ષ્મ વાતો છે જ નહીં, અથવા છે તો તર્કસંગત નથી-કલ્યાણકર નથી... વગેરે સમજાવવું જોઈએ. તથા શ્રોતા જો પંડિત હોય, તો શ્રીજૈનદર્શનના અનેકાન્તવાદમાં હિંસા-અહિંસા વગેરે બધું ઘટી શકે છે, જે શ્રોતાના એકાન્તદર્શનમાં ઘટી શકતા નથી, આવી બધી વાતો મધુર આલાપપૂર્વક સમજાવવી જોઈએ. આ જ રીતે આગળના ત્રણ પ્રકારમાં પણ બાળાદિને યોગ્ય વાતો જાણવી.

(૨) પર-સ્વસમયવિક્ષેપણી કથા-આમાં ઉપર કરતાં ઉલટો ક્રમ જાણવો. પહેલાં અન્ય ધર્મની અસંગત વાતો કરીને પછી સ્વધર્મની સંગત એવી વાતો કરવી.

(૩) મિથ્યા-સમ્યગ્વાદવિક્ષેપણી કથા-શ્રોતાનાં શ્રદ્ધેય ધર્મની વાતો કહ્યા પછી એમાં જૈનદર્શનને માન્ય વાતોથી જે વાતો વિપરીત હોય, તેથી જ અસત્ હોય, અને તેથી જ દોષપ્રચુર હોય એવી વાતો કહીને એના દોષો દર્શાવવા. તથા પછી એ જ ધર્મમાં જૈનધર્મને માન્ય એવી જે વાતો ઘુણાક્ષરન્યાયે કરી હોય, તે સમ્યગ્વાતો જણાવવી. ઘુણ એટલે કીડો. કીડો કાષ્ઠને કોતરે છે. યોગાનુયોગ કોતરણી એવી થઈ કે જેથી અક્ષર કોતરેલા હોય એમ વંચાય. આવા અક્ષર કોતરાઈ જવા એ કાંઈ કીડાની હોંશિયારી કે આવડત નથી, માત્ર યોગાનુયોગ બની ગયેલી ઘટના જ છે, એમ અન્ય ધર્મમાં કેટલીક સારી વાતો કહી હોય એટલા માત્રથી એ કહેનારા વાસ્તવિક તત્ત્વજ્ઞ સાબિત થઈ જતા નથી. (નહીંતર તો બીજી બધી ઢગલાબંધ અતત્ત્વભૂત વાતો તેઓ શી રીતે કહે ?) (અને તેથી એમનો કહેલો ધર્મ શ્રદ્ધેય રહેતો નથી.) કેટલીક સુંદર વાતો જે છે, તે યોગાનુયોગ કહેવાઈ ગયેલી છે.

અથવા, મિથ્યાવાદ એટલે નાસ્તિત્વ, સમ્યગ્વાદ એટલે અસ્તિત્વ. એટલે પહેલાં નાસ્તિકવાદીઓની વિચારધારા-દલીલો વગેરે કહીને પછી અસ્તિત્વવાદીઓની વિચારધારા-દલીલો વગેરે જણાવે, તો આ ત્રીજી વિક્ષેપણી ધર્મકથા થાય છે. (જ્યારે શ્રોતા નાસ્તિક હોય ત્યારે આ નાસ્તિક-આસ્તિકવાદીની વાતો કરવાની જાણવી. એનાથી શ્રોતાની નાસ્તિકતા વિક્ષિપ્ત થાય છે અને આસ્તિકતા તરફ ખેંચાણ શક્ય બને છે.)

(૪) સમ્યગ્-મિથ્યાવાદ વિક્ષેપણી કથા-આ પણ ત્રીજી વિક્ષેપણીકથા જેવી જ છે. માત્ર અહીં ક્રમ ઉંધો

विअप्पिया ते पुव्वं कहित्ता दोसा तेसिं भाविऊण पुणो जे जिणप्पणीयभावसरिया घुणक्खरमिव कहवि सोभणा भणिआ ते कहेति । अहवा मिच्छावादो णत्थित्तं भण्णति, सम्मावादो अत्थित्तं भण्णति । तत्थ पुव्विं

છે. પહેલાં શ્રોતાની શ્રદ્ધાવાળા ધર્મમાં કહેલી શોભન વાતો (=જિનવચનાનુસારી વાતો) કહે, એના ગુણો વગેરે દર્શાવે અને પછી એ જ ધર્મમાં જિનવચનથી વિપરીત રીતે કહેલી અશોભન=મિથ્યા વાતો જણાવે અને એમાં રહેલી અસંગતિ વગેરે જણાવે. અથવા પહેલાં આસ્તિકવાદીની વાતો કરી પછી નાસ્તિકવાદીની વાતો કરે જેથી શ્રોતાની નાસ્તિકતા વિક્ષિપ્ત થાય.

જેમ અન્ય ધર્મની કે નાસ્તિકતાની શ્રદ્ધાવાળાને એની એ શ્રદ્ધા વિક્ષિપ્ત થાય એ માટે વિક્ષેપણી કથા કરવામાં આવે છે, એમ જૈનધર્મમાં જ રહેલા શ્રોતાને કોઈક અસત્ આગ્રહ બંધાઈ ગયો હોય, તો એ આગ્રહ છોડાવવા માટે પણ વિક્ષેપણી કથા કરવી જોઈએ. જેમકે કોઈ સાધુ ભગવંતને એવો આગ્રહ બંધાઈ ગયો હોય કે ભલે સૂચના આપીને આધાકર્મી ગોચરી બનાવવી પડતી હોય, તો પણ આયંબિલ કરવા.. તો આ શ્રોતા સાધુભંગવતને આ ત્રીજા કે ચોથા પ્રકારની વિક્ષેપણી કથા કરવી જોઈએ જેથી એનો અસત્ આગ્રહ છૂટી જાય. આમાં આયંબિલ કરવાની વાત સમ્યગ્વાત છે, આધાકર્મી બનાવવાની વાત મિથ્યા છે. શ્રી ઉપદેશમાળામાં કહ્યું છે કે-*આજ્ઞાના પાલનથી જ ચારિત્ર છે. આજ્ઞાનો ભંગ કરવામાં શાનો ભંગ નથી થયો ? (જો તું) એક પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તો બાકીનું જે પાલન કરે છે, તે કોની આજ્ઞાથી કરે છે ? ॥ ૫૦૫ ॥* આશય એ છે કે બાકીનું જે પાલન કરે છે તે પણ પ્રભુની આજ્ઞા છે, માટે કરે છે એવું નથી, કારણ કે એવું હોય તો તો જે આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વિપરીત આચરણ કરે છે તે પણ ન જ કરત, અને પ્રભુની આજ્ઞા મુજબ જ કરત.

પ્રશ્ન-એ શ્રોતા તો પ્રભુની આજ્ઞા સમજીને જ આયંબિલ કરતો જણાય છે ને !

ઉત્તર-પ્રભુની આજ્ઞા હોય એ મારે કરવાનું... આવો જો અભિપ્રાય હોય, તો આધાકર્મી વર્જવાની પણ પ્રભુની જ આજ્ઞા છે.. એનું પાલન પણ શા માટે ન કરે ?

પ્રશ્ન-જો પ્રભુની આજ્ઞાથી એ આયંબિલ નથી કરતો, તો શાનાથી કરે છે ?

ઉત્તર-પોતાની બુદ્ધિથી કરે છે. જે પોતાની બુદ્ધિમાં હિતકર લાગ્યું એ કરે છે, જે હિતકર તરીકે જરૂરી નથી લાગ્યું તે આધાકર્મીવર્જન વગેરે નથી કરતો. પણ આ સ્વબુદ્ધિની સંમતિથી કરવું એ પ્રભુની આજ્ઞાના સંદર્ભમાં ઘુણાક્ષરન્યાયે કર્યા જેવું જ છે.

પ્રશ્ન-છતાં જે આયંબિલ એ કરે છે તે તો લાભમાં જ છે ને ?

ઉત્તર-એક શ્રાવક આયંબિલની લાંબી ઓળીઓ કરે છે. એક સાધુભગવંત આયંબિલ વગેરે તપ નથી કરતાં, પણ નિર્મળ સંયમ પાલન કરે છે. આ બેમાં સાધુને જ શ્રાવક કરતાં અસંખ્ય ગુણ નિર્જરા કહેલી છે. શાસ્ત્રોમાં તપથી ગુણશ્રેણિ નથી કહી, પણ સંયમથી કહી છે. માટે તપોયાત્રા કરતાં સંયમયાત્રા ખૂબ જ મહત્ત્વની છે. સંયમયાત્રાની નિર્મળતા માટે નિર્દોષ ભિક્ષા તો પાયાની શરત છે.

પ્રશ્ન-જૈનશાસનમાં જેમ ઉત્સર્ગ એ માર્ગ છે, એમ અપવાદ પણ માર્ગ છે. યુવાન સાધુઓ આયંબિલના નામે વિગઈનો ત્યાગ કરે એ બ્રહ્મચર્યપાલન માટે ઘણું ઇચ્છનીય છે. પછી આયંબિલની નિર્દોષ ભિક્ષા નથી મળતી તો આધાકર્મી પણ અપવાદપદે ચાલે ને ?

ઉત્તર-બ્રહ્મચર્યની નિર્મળતા તો ઇચ્છનીય છે જ. પણ આજકાલ શ્રાવકોને ત્યાંથી સામાન્ય રીતે ચોપડેલી

णाहियवादीणं दिट्ठीओ कहित्ता पच्छा अत्थित्तपक्खवादीणं दिट्ठीओ कहेइ, एसा ततिआ विक्खेवणी गया। इदाणिं चउत्था विक्खेवणी सा वि एवं चेव, णवरं पुव्विं सोभणे कहेइ पच्छा इतरेत्ति। एवं विक्खिवइ सोयारं" (दशवैका.वृद्धवि. अध्य. ३) ।

इयं च ऋजोः = मुग्धस्य **मार्गाभिमुख्यहृत्** = स्वरूपतो मार्गरुचिहर्त्री ।।९।।

अतिप्रसिद्धसिद्धान्तशून्या लोकादिगा हि सा ।
ततो दोषदृशा शङ्का स्याद्वा मुग्धस्य तत्त्वधीः ।।१०।।

જે રોટલી મળે છે, તથા દાળ-શાકમાં જે વઘાર વગેરે આવે છે, એટલી જ વિગઈ કાંઈ બ્રહ્મચર્ય માટે જોખમરૂપ બની જવાની શક્યતા નથી. એટલે સામાન્ય ચોપડેલી નિર્દોષ મળતી રોટલી, સામાન્ય વઘારેલી નિર્દોષ મળતી દાળ તથા ભાત આ ત્રણ દ્રવ્યથી (કે વઘારામાં ચોથું દ્રવ્ય શાક, તે પણ બને ત્યાં સુધી કઠોળ જ) એકાસણાં રોજ કરવામાં આવે તો ને ઘી-દૂધ-મેવા મિઠાઈ વગેરેનો ત્યાગ કરવામાં આવે તો બ્રહ્મચર્ય પણ નિર્મળ રહી શકે છે અને આધાકર્મવર્જનની જિનાજ્ઞાનું પાલન થવાથી સંયમ પણ નિર્મળ બની રહે છે.

પ્રશ્ન-પણ તો પછી આટલી આયંબિલની ઓળી કરી એમ ન કહેવાય ને ?

ઉત્તર-લોકોમાં કહેવડાવાય એટલા માટે જો કરાય તો તો એનાથી આત્મહિત થાય જ શી રીતે ? એટલે વસ્તુતઃ જેમ તીર્થયાત્રા અને સંયમયાત્રામાં સંયમયાત્રા જ મહત્ત્વની છે, ને તેથી સંયમયાત્રાને આંખ આડા કાન કરીને તીર્થયાત્રા કરવાની સંમતિ નથી, એમ તપોયાત્રા અને સંયમયાત્રામાં પણ સંયમયાત્રા જ મહત્ત્વની હોવાથી એની ઉપેક્ષા કરીને તપોયાત્રાની સંમતિ શી રીતે હોય શકે ?

એટલે આધાકર્મની સૂચના આપીને પણ આયંબિલ કરવાના આગ્રહી માટે આધાકર્મ-સેવન એ મિથ્યા છે (જિનવચનથી વિપરીત છે) અને આયંબિલ એ ઘુણાક્ષર ન્યાયે થયેલી સમ્યગ્વાત= જિનવચનને અનુરૂપ વાત છે. તેથી આધાકર્મસેવનના દોષોને ભારપૂર્વક વર્ણવી પછી આયંબિલના ગુણ વર્ણવવા એ ત્રીજા પ્રકારની અને આયંબિલના લાભ વર્ણવી પછી આધાકર્મસેવનના દોષોને ભારપૂર્વક વર્ણવવા એ ચોથા પ્રકારની વિક્ષેપણીકથા બની રહે છે. (આમાં, આધાકર્મવર્જનરૂપ જિનાજ્ઞાનું પાલન હોય, તો આયંબિલના કહેલા લાભો જીવને મળે એવી શ્રોતાને પ્રતીતિ થાય એ રીતે એ લાભ વર્ણવવા જરૂરી બને એમ લાગે છે.)

તથા, આધાકર્મવર્જનરૂપ આજ્ઞાપાલનના લાભો વર્ણવીને પછી આધાકર્મસેવનરૂપ આજ્ઞાભંગના દોષો વર્ણવવા એ પ્રથમ પ્રકારની વિક્ષેપણીકથા બને, અને એનાથી ઉંધા ક્રમે આ બે વાતો કરવાથી બીજાપ્રકારની વિક્ષેપણી કથા બને છે.

આ ચારે પ્રકારની કથાથી શ્રોતાનો આધાકર્મ સેવનનો આગ્રહ વિક્ષિપ્ત થાય છે, અને આધાકર્મસેવનના વર્જનરૂપ જિનાજ્ઞાપાલનના ધર્મમાર્ગે એ જોડાય છે, માટે આ શા માટે વિક્ષેપણી ધર્મકથા ન બને ? ॥ ૯ ॥

(વિક્ષેપણીકથા મુગ્ધજીવના માર્ગાભિમુખપણાને કઈ રીતે હરે છે ? તે દર્શાવે છે -)

ગાથાર્થ : જેથી અતિપ્રસિદ્ધ સિદ્ધાન્તથી શૂન્ય એવી તે=વિક્ષેપણીકથા લોકાદિમાં રહેલી હોય છે. તેથી મુગ્ધને દોષદૃષ્ટિથી શંકા થાય અથવા તત્ત્વબુદ્ધિ થાય છે.

अतिप्रसिद्धेति । **हि** = यतः **सा** विक्षेपणी । अतिप्रसिद्ध आचारादिवत्साम्प्रतमपि प्रसिद्धो यः सिद्धान्तस्तच्छून्या (=**अतिप्रसिद्धसिद्धान्तशून्या**), अन्यथा हि विधि-प्रतिषेधद्वारेण विश्वव्यापकत्वात् स्वसिद्धान्तस्य तच्छून्यकथाया एवाप्रसिद्धिः । लोकपदार्थो रामायणादिः, आदिना वेद-साङ्ख्य-शाक्यसिद्धान्तादिग्रहः, तेषु गच्छतीति **लोकादिगा** । **ततः** = उक्तहेतोर्ऋजुमते रामायणादिकथायां श्रूयमाणायां कथकदत्तया **दोषदृशा** "अहो मत्सरिण एते" इत्येवंरूपा **शङ्का** स्याद् (**मुग्धस्य** =) एकेन्द्रियप्रायस्य ।

स्याद्वा तत्र शोभनार्थश्रवणाद् 'इयमपि प्रमाणमेवे'ति **तत्त्वधी**रचिरेण सिद्धान्त-प्रामाण्यधीविरोधिनी ।।१०।। अस्या अकथने प्राप्ते विधिमाह-

---

टीकार्थ : તે વિક્ષેપણીકથા વર્તમાનમાં પણ આચારાદિની જેમ પ્રસિદ્ધ હોવાથી અતિપ્રસિદ્ધ જે સિદ્ધાન્ત, તેનાથી શૂન્ય હોય છે. નહીંતર તો વિધિપ્રતિષેધદ્વારા સ્વસિદ્ધાન્ત વિશ્વવ્યાપક હોવાથી તેનાથી શૂન્ય કથા જ અપ્રસિદ્ધ થઈ જશે. લોકપદના અર્થ તરીકે અહીં રામાયણાદિ લેવાના છે. આદિ શબ્દથી વેદ-સાંખ્ય-બૌદ્ધસિદ્ધાન્ત વગેરે લેવાના છે. આ બધાને વિષય બનાવનારી હોય છે વિક્ષેપણીકથા. તેથી રામાયણાદિકથા સાંભળતી વખતે કથાકારે આપેલા દોષને સાંભળીને 'આ બધા ઈર્ષ્યાખોર છે' એવી શંકા મુગ્ધમતિવાળા એકેન્દ્રિયજેવા શ્રોતાને થાય છે. અથવા એ રામાયણાદિ અંગે સારી વાતો સાંભળવાથી 'આ પણ પ્રમાણ જ છે' એવી તત્ત્વબુદ્ધિ થાય છે જે તૂર્ત 'જૈન સિદ્ધાન્ત પ્રમાણ છે' એવી બુદ્ધિની વિરોધી છે.

विवेचन-વિક્ષેપણીકથામાં પરસિદ્ધાન્તની વાત કહી એમાં દોષ દર્શાવવાનો હોય છે. એટલે પરસિદ્ધાન્તની વાત તરીકે એવી જ વાત કરવાની હોય જે સ્વસિદ્ધાન્તને માન્ય ન હોય=સ્વસિદ્ધાન્તથી રહિત હોય. હવે સ્વ(=જૈન)સિદ્ધાન્ત તો ક્યાંક વિધિરૂપે ક્યાંક નિષેધરૂપે.. એમ સર્વવ્યાપક છે=અન્યસર્વદર્શનોમાં પણ રહ્યો છે. એટલે એનાથી શૂન્ય હોય એવી કથા જ અશક્ય બની જાય. એટલે અહીં, જે વર્તમાનમાં પણ જૈનસિદ્ધાન્ત તરીકે દુનિયામાં પ્રસિદ્ધ હોય એવા અતિપ્રસિદ્ધ સિદ્ધાન્ત સિવાયના અન્યદર્શનોક્ત સિદ્ધાન્તની વાત જાણવી.

હવે, આવા અતિપ્રસિદ્ધ સિદ્ધાન્તથી રહિત એવી વાત જે રામાયણાદિ લૌકિક કથામાં કે વેદ-સાંખ્ય-બૌદ્ધ વગેરેના ધર્મગ્રન્થોમાં આવતી હોય, એવી વાતમાં દોષ દર્શાવીને એનું ખંડન કરવામાં આવે, તો એ જરૂર શ્રોતાના તે તે ધર્મ પ્રત્યેના આકર્ષણને વિક્ષિપ્ત કરનારી હોવાથી વિક્ષેપણીકથારૂપ બની શકે. પણ જો શ્રોતા, સાચા-ખોટાનો વિવેક કરવાની શક્તિથી રહિત હોય=મુગ્ધ હોય તો રામાયણાદિનું ખંડન સાંભળીને 'આ બધા વક્તા અમારા ધર્મના દ્વેષી છે (માટે અમારી વાતોનું ખંડન કરે છે)' આવા અભિપ્રાયવાળો બની જવાની શક્યતા રહે છે, અને તો પછી એ જૈનધર્મ પ્રત્યે આકર્ષાઈ શકતો નથી. માટે એવા મુગ્ધ જીવને આ વિક્ષેપણીકથા કરવાની હોતી નથી.

એમ, સાચા-ખોટાનો વિવેક કરવાની શક્તિ તો હોય, પણ સ્વધર્મના કદાગ્રહ જેવો જેને રાગ હોય એને પણ આવો જ અભિપ્રાય ઊભો થતો હોવાથી વિક્ષેપણીકથા કરવાની હોતી નથી.

તથા આવા મુગ્ધ અને કદાગ્રહી જીવોને એમના ધર્મની શોભન વાત કહેવામાં આવે ત્યારે એ સાંભળીને 'અમારો ધર્મ પણ સુંદર છે, સાચો છે' એવી તત્ત્વપણાંની બુદ્ધિ થાય છે, ને તેથી જૈનધર્મ પ્રત્યે આકર્ષાવાની તો વાત દૂર જ રહી જાય છે. માટે આવા જીવોને ત્રીજા-ચોથા પ્રકારની વિક્ષેપણી કથા કરવાની હોતી નથી. ॥ ૧૦ ॥

क्षिप्त्वा दोषान्तरं दद्यात्स्वश्रुतार्थं परश्रुते ।
व्याक्षेपे वोच्यमानेऽस्मिन्मार्गाप्तौ दूषयेददः ।।११।।

क्षिप्त्वेति । **स्वश्रुतार्थं परश्रुते क्षिप्त्वा** तत्र **दोषान्तरं दद्याद्**यथा स्वश्रुतस्य दाढर्यं भवति परश्रुतस्य चाप्रतिपत्तिरिति । तथाहि-यथाऽस्माकमहिंसादिलक्षणो धर्मः साङ्ख्यादीनामप्येवम्, *'हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यति'* ( ) इत्यादिवचनात् । किन्त्वसावपरिणामिन्यात्मनि न युज्यते, एकान्तनित्यानित्ययोर्हिंसाया अभावादिति । **वा** = अथवाऽ**स्मिन्** = परश्रुत **उच्यमाने** शोभनोहशालिनः श्रोतु**र्व्याक्षेपे** मार्गाभिमुख्यलक्षणे जाते **(मार्गाप्ते) अदः** = परश्रुतं **दूषयेत्** । इत्थं हि दूषणार्थं केवलस्यापि तस्य कथनं प्राप्तम् । तदिदमुक्तं-

---

આમ તો આ કથા કોઈને કહી શકાશે જ નહીં... આવો પ્રશ્ન આવવાથી હવે એને કહેવાનો વિધિ જણાવે છે -

ગાથાર્થ : સ્વશ્રુતના અર્થને પરશ્રુતમાં નાખીને અન્ય દોષ દર્શાવવો. અથવા પરશ્રુત કહેવા પર વ્યાક્ષેપ થયે છતે માર્ગપ્રાપ્તિ માટે એને દૂષિત ઠેરવે.

ટીકાર્થ : સ્વશ્રુતમાં કહેલી વાતને પરશ્રુતમાં નાખીને એમાં અન્ય દોષ એ રીતે દર્શાવવો કે જેથી સ્વશ્રુતની દૃઢતા થાય અને પરશ્રુતની અપ્રતિપત્તિ થાય=અસ્વીકાર થાય. એટલે કે પૂર્વે કરેલો સ્વીકાર ખસી જાય. તે આ રીતે-જેમ અમારા ગ્રન્થોમાં અહિંસાદિસ્વરૂપ ધર્મ કહ્યો છે, એમ સાંખ્ય વગેરે શાસ્ત્રોમાં પણ એ કહ્યો જ છે, કારણ કે *'હિંસા એ ધર્મ બને એ વાત ભૂતકાળમાં બની નથી કે ભવિષ્યમાં બનશે નહીં'* આવું વચન એમના ગ્રન્થોમાં પણ મળે છે. (આ રીતે કહેવાથી 'આ વક્તા ઈર્ષ્યાખોર છે' વગેરે બુદ્ધિ પેદા થતી નથી.) (પણ હવે, 'તો તો અમારો ધર્મ પણ સારો છે' એવી બુદ્ધિ ન થઈ જાય એ માટે એમાં દોષ આ રીતે દર્શાવે કે..) પણ આ=અહિંસાદિરૂપ ધર્મ આત્માને અપરિણામી માનો તો ઘટતો નથી, કારણ કે આત્મા એકાન્તે નિત્ય હોય કે એકાન્તે અનિત્ય હોય તો હિંસા ઘટી શકતી ન હોવાથી અહિંસાદિ ધર્મ પણ સંભવી શકતો નથી. (અથવા કહીને વિક્ષેપણી કથાનો બીજો વિધિ દર્શાવે છે -) અથવા (ભલે માત્ર પરશ્રુતાર્થ કહ્યો છે, પણ) એ કહેવા પર [1]સુંદર ઊહાપોહ કરી શકતા શ્રોતાને [2]જૈનમાર્ગની અભિમુખતાસ્વરૂપ વ્યાક્ષેપ થયે છતે એને માર્ગની પ્રાપ્તિ થાય એ ઉદ્દેશથી એ પરશ્રુતના દૂષણો દર્શાવે. આમ દોષ દર્શાવવા માટે માત્ર પરશ્રુતનું કથન પણ કરી શકાય. આ વાત આ રીતે શ્રી દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિ (૩-૧૯૮)માં કહી છે-*જે સ્વસિદ્ધાન્તથી પૂર્વમાં કહેવાઈ ગયેલી હોય તે અહિંસાદિ વાતોને પરસિદ્ધાન્તમાં નાખીને કહે. અથવા પરશાસ્ત્ર પ્રત્યે વ્યાક્ષેપ થઈ ગયો હોય, તો (માત્ર) પરના સિદ્ધાન્ત કહે.*

---

2. શબ્દશઃ વિવેચનકારની બુદ્ધિ કઈ દિશામાં ચાલે છે એ ખરેખર દયાજનક છે. ટીકામાં રહેલો मार्गाभिमुख्यलक्षणे શબ્દ સ્ત્રીલિંગ નથી કે જેથી એ શ્લોકમાં રહેલ मार्गाप्तौ શબ્દની વ્યાખ્યારૂપે હોઇ શકે. જો એની વ્યાખ્યારૂપ હોત તો मार्गाभिमुख्यलक्षणायां આમ પ્રયોગ હોત. વળી માર્ગને અભિમુખ થવું એ કાંઈ માર્ગની પ્રાપ્તિ નથી, પણ એની પૂર્વ ભૂમિકા છે. વસ્તુતઃ એ, શ્લોકમાં રહેલ व्याक्षेपेશબ્દની વ્યાખ્યારૂપે છે. પરસિદ્ધાન્તની શ્રદ્ધામાં વિક્ષેપ થવો એ જ જૈનસિદ્ધાન્ત રૂપ માર્ગને સન્મુખ થવા રૂપ છે.

'जा ससमएण पुव्विं अक्खाया तं छुभेज्ज परसमए । परसासणवक्खेवा परस्स समयं परिकहेइ।।" (द.वै.नि. ३।१९८) ।।११।।

श्रोतुः परसमयदूषणे माध्यस्थ्यं ज्ञात्वैव विक्षेपणी कथनीयेति फलितमाह-

कटुकौषधपानाभा कारयित्वा रुचिं सता ।
इयं देयाऽन्यथा सिद्धिर्न स्यादिति विदुर्बुधाः ।। १२।।

कटुकेति ।

मता संवेजनी स्वान्यदेहेहप्रेत्यगोचरा ।
यया संवेज्यते श्रोता विपाकविरसत्वतः ।। १३।।

मतेति । **यया** कथया **विपाकविरसत्वतः** = विपाकवैरस्यात् प्रदर्शितात् **श्रोता संवेज्यते** = संवेगं ग्राह्यते

विवेचन-(१) સુંદર ઊહાપોહ કરે એટલે પોતે આજ સુધી જે સાંખ્યાદિદર્શનની શ્રદ્ધાવાળો છે એની વાતોની અસંગતિ ભાસવાથી એના પ્રત્યેની શ્રદ્ધા ડગવા લાગે છે. આ શ્રદ્ધાનું ડગવું એ જ વ્યાક્ષેપ છે ને એ જ સાચા માર્ગની પ્રાપ્તિની ભૂમિકા ઊભી કરનારો હોવાથી માર્ગાભિમુખ્ય=માર્ગને સન્મુખ થવારૂપ છે. શ્રોતાની આવી ભૂમિકા થાય એટલે એ જ પૂછે કે તો શું અમારા એકાન્ત નિત્ય માન્યતાવાળા દર્શનમાં હિંસા-અહિંસા ખરેખર ઘટી શકતા નથી ? એટલે એકાન્ત માનવામાં આવતા વાસ્તવિક દોષો એને સમજાવીને એની ડગુમગુ થયેલી શ્રદ્ધાને પૂરી ખતમ કરી નાખે જેથી એને વાસ્તવિક જૈનમાર્ગની પ્રાપ્તિ થાય. શ્રોતા આવો હોય તો સ્વશ્રુતની વાતો પરશ્રુતમાં નાખવી વગેરે કર્યા વગર સીધી પરશ્રુતની વાતો કહી શકાય છે. ॥ ૧૧ ॥ પરસમયને દૂષિત ઠેરવવામાં શ્રોતાનું માધ્યસ્થ્ય જાણીને જ વિક્ષેપણી કથા કરવી જોઈએ-એમ ફલિતાર્થ જણાવે છે -

ગાથાર્થ : સત્પુરુષે શ્રોતામાં રુચિ ઊભી કરીને [3]કટુઔષધપાનતુલ્ય આ કથા કહેવી જોઈએ. અન્યથા સિદ્ધિ થતી નથી એ પ્રમાણે પંડિતો જાણે છે.

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ છે.

વિવેચન : સ્વમાન્ય સિદ્ધાન્તના દૂષણ સાંભળવા છતાં જે માધ્યસ્થ્ય જાળવી શકે એવા શ્રોતાને જ વિક્ષેપણી કથા કહેવાની હોય છે. વળી તે પણ એની એવી રુચિ પેદા કર્યા પછી જ, એ વિના નહીં, કારણકે આ કથા કડવું ઔષધ પાવાતુલ્ય છે. ॥ ૧૨ ॥ (ત્રીજી સંવેજની નામની ધર્મકથાને જણાવે છે -)

ગાથાર્થ : સ્વશરીર, પરશરીર, આલોક અને પરલોક વિષયવાળી તે કથા સંવેજની મનાયેલી છે, જેનાથી વિપાકવિરસતાના કારણે શ્રોતા સંવેગ પામે છે.

ટીકાર્થ : જે કથા દ્વારા દેખાડાયેલ વિપાકવિરસતાથી શ્રોતા સંવેગ પામે છે, તે કથા સંવેજની મનાયેલી

---

3. શ્લોકમાં રહેલ कटुकौषधपानाभा, શ્લોકમાં इयं શબ્દથી પ્રતિપાદિત વિક્ષેપણીકથાનું વિશેષણ છે. કટુઔષધપાનતુલ્ય કથા છે, રુચિ નહીં. તેમ છતાં શબ્દશઃ વિવેચનકારે આને રુચિનું વિશેષણ બનાવ્યું છે. રુચિમાં કટુઔષધપાનનું સંબંધિત્વ છે, તુલ્યત્વ નહીં.

सा **संवेजनी** । **स्वान्यदेहेहप्रेत्यगोचरा** स्वशरीर-परशरीरेहलोक-परलोकविषया चतुर्विधा **मता** । अत्रायं सम्प्रदायः-*"संवेअणी कहा चउव्विहा पन्नत्ता, तं जहा-आयसरीरसंवेअणी, परसरीरसंवेअणी, इहलोअसंवेअणी, परलोअसंवेअणी । तत्थ (१) आयसरीरसंवेयणी, जहा- 'जमेयं अम्हच्चयं सरीरं एयं सुक्क-सोणिय-मंस-वसा-मेद-मज्ज-ट्ठि-ण्हारु-चम्म-केस-रोम-णह-दंत-अन्नादिसंघातनिप्फण्णत्तणेण मुत्त-पुरीसभायणत्तणेण असुइत्ति' कहेमाणो सोयारस्स संवेदं उप्पाएत्ति, एसा अत्तसरीरसंवेअणी । (२) एवं परसरीरसंवेदणी वि 'परसरीरं एरिसं चेव असुई' । अहवा परस्स सरीरं वण्णेमाणो सोआरस्स संवेदमुप्पाएति, परसरीरसंवेदणी गता ।*

(३) इदाणीं इहलोअसंवेयणी, जहा- 'सव्वमेव माणुसत्तणं असारमधुवं कदलीथंभसमाणं' एरिसं कहं कहेमाणो धम्मकही सोतारस्स संवेदमुप्पाएति, इहलोअसंवेयणी गया ।

(४) इयाणिं परलोगसंवेयणी, जहा- 'देवा वि इस्सा-विसाय-मय-कोह-लोहाइएहिं दुक्खेहिं अभिभूया

છે એ સ્વશરીર-પરશરીર-ઇહલોક-પરલોક વિષયવાળી હોવાથી ચાર પ્રકારે મનાયેલ છે. અહીં આ પ્રમાણે સંપ્રદાય છે-*સંવેજની કથા ચાર પ્રકારે કહેવાયેલી છે, તે આ રીતે-આત્મ (=સ્વ) શરીરસંવેજની, પરશરીરસંવેજની, ઇહલોકસંવેજની અને પરલોકસંવેજની. તેમાં* (હવે પછીનો ટીકાર્થ વિવેચનમાં આવી જશે.)

વિવેચન : વિક્ષેપણી નામે બીજી ધર્મકથા કહી. હવે ત્રીજી સંવેજની નામની ધર્મકથા કહેવાય છે. જે કથા સાંભળીને વિપાકે (=પરિણામે) વિરસતા જણાવાથી શ્રોતા સંવેગ પામે, તે કથા સંવેજની કથા કહેવાય છે. આ સંવેજની કથા ચાર પ્રકારે છે -

(૧) સ્વશરીરસંવેજની કથા-*આપણું શરીર શુક્ર-શોણિત-માંસ-ચરબી-મેદ-મજ્જા-હાડકાં-સ્નાયુ-ચામડી-કેશ-રોમ -નખ-દાંત-અન્નાદિ સમૂહથી બનેલું હોવાથી તથા મૂત્ર-વિષ્ઠાનું ભાજન હોવાથી અશુચિ=અપવિત્ર છે. આવું બધું વર્ણન સાંભળીને શ્રોતાને સંવેગ ઉત્પન્ન થાય છે,* અર્થાત્, આવું અશુચિમય શરીર છે, એમાં મોહાવાનું શું ? એની આસક્તિ શું ? એને પંપાળવાનું શું ? એના કરતાં એના દ્વારા આત્મહિત સાધી લેવાનું... આવી ભાવના જાગવાથી શ્રોતા ધર્મમાર્ગે જોડાય છે. ધર્મશ્રદ્ધાળુ, પણ આરાધના માર્ગે ઉદ્યમશીલ નહીં, એવા શ્રોતાને આ કથાથી ધર્મમાર્ગે ઉદ્યમ કરવાની ભાવના જાગે છે. માટે આ ધર્મકથા છે. આવું જ આગળ પણ જાણવું.

(૨) પરશરીરસંવેજની કથા-*આપણા શરીરની જેમ અન્યના શરીરની અશુચિમયતા વર્ણવી સંવેગ વધારવો એ આ બીજા પ્રકારની સંવેજની ધર્મકથા છે. અથવા પરશરીર=મૃતકશરીર. એની જડતા-અક્કડમયતા-અશુચિમયતા-દુર્ગંધમયતા વગેરે વર્ણન કરીને શ્રોતાને સંવેગરંગમાં ઝીલતો કરવો એ આ બીજા પ્રકારની સંવેજની ધર્મકથા છે.* પ્રાણ છૂટ્યા બાદ આ શરીરની આવી હાલત થવાની છે. તો લાવ, જ્યાં સુધી પ્રાણ છે, ત્યાં સુધીમાં આત્મકમાણી કરી લઉં... આવી ભાવના પ્રગટવાથી શ્રોતા ધર્મમાર્ગે ઉદ્યમશીલ બને છે.

(૩) ઇહલોક સંવેજની કથા-*આખું મનુષ્યપણું અસાર છે, અધ્રુવ છે, કેળના થડ જેવું મૂલ્યહીન છે... વગેરે રૂપે ઇહલોક=આલોકનું=મનુષ્યજન્મનું વર્ણન કરતો ધર્મકથી શ્રોતાને સંવેગ ઉત્પન્ન કરે છે.*

(૪) પરલોક સંવેજની કથા-*દેવો પણ ઈર્ષ્યા-વિષાદ-મદ-ક્રોધ-લોભ વગેરે દુઃખોથી અભિભૂત થતા હોય છે, તો તિર્યંચ અને નરકની શી વાત કરવી ? વગેરેરૂપે ઇહલોકથી=મનુષ્યભવથી પર એવી બાકીની ત્રણ*

किमंग पुण तिरिय-नारया' एयारिसं कहं कहेमाणो धम्मकही सोआरस्स संवेदमुप्पाए त्ति, एसा परलोअसंवेयणी गता" (दशवैका.वृ.वि.अ.३) इति ।।१३।।

वैक्रियद्ध्यादयो ज्ञानतपश्चरणसम्पदः ।
शुभाशुभोदयध्वंसफलमस्या रसः स्मृतः ।। १४।।

वैक्रियेति । वैक्रियद्ध्यादयो गुणा इति गम्यं । तत्र वैक्रियर्द्धिर्वैक्रियनिर्माणलक्षणा । आदिना जङ्घाचारणादिलब्धिग्रहः । तथा **ज्ञानतपश्चरणसम्पद**स्तत्र ज्ञानसम्पच्चतुर्दशपूर्विण एकस्माद् घटादेः घटादिसहस्रनिर्माणलक्षणा । तपःसम्पच्च *"जं अन्नाणी कम्मं खवेइ"* (बृ.क.भा. ११७०) इत्यादिलक्षणा । चरणसम्पच्च सकलफलसिद्धिरूपा । एते गुणाः सम्पदश्च । शुभोदयस्याशुभध्वंसस्य च फलं (**=शुभाशुभोदय-ध्वंसफलं**) **अस्याः** = संवेजन्या **रसः स्मृतः** ।।१४।।

चतुर्भंगीं समाश्रित्य प्रेत्येहफलसंश्रयाम् ।
पापकर्मविपाकं या ब्रूते निर्वेजनी तु सा ।। १५।।

गतिना दुःखोना वर्णनथी श्रोताने संवेग पेदा करती कथा ए आ परलोकसंवेजनी कथा छे. ॥ १३ ॥ संवेजनी कथानो २स जणावे छे -

गाथार्थ : वैक्रियऋद्धि वगेरे गुणो, ज्ञान, तप अने चारित्रनी [4]संपत्तिओ, शुभना उदयनुं अने अशुभना ध्वंसनुं फळ.. आ बधुं संवेजनी कथानो २स कहेवायेल छे.

टीकार्थ : वैक्रियऋद्धि वगेरे... 'गुणो' ए अध्याहारथी अहीं लेवानुं छे. तेमां वैक्रिय शरीर बनाववुं ए वैक्रियऋद्धि छे. आदि शब्दथी जंघाचारण वगेरे लब्धिओ लेवी. (बाकीनो टीकार्थ विवेचनमां जोई लेवो.)

विवेचन : वैक्रियलब्धि, जंघाचारणलब्धि वगेरे ऋद्धिरूप गुणो, ज्ञानसंपद्, तपसंपद्, चारित्रसंपद्, शुभकर्मोदयनुं फळ अने अशुभकर्मध्वंसनुं फळ.. आवुं बधुं फळ ए संवेजनी धर्मकथानो मकरंद=२स छे. १४ पूर्वधर महात्मानी एक घडामांथी एक हजार घडा बनाववानी शक्ति ए ज्ञानसंपद् छे. जं अन्नाणी कम्मं खवेइ वगेरे वचन द्वारा कहेवायेल प्रचुरनिर्जराकारकत्व ए तपसंपद् छे. संपूर्णफळसिद्धि ए चारित्रसंपद् छे. ज्ञान-दर्शन होय तो चारित्र होय ज एवो नियम नथी. अने तेथी ए न होय तो मोक्षमार्ग आंशिक ज होय, पण चारित्र होय तो, ज्ञान-दर्शन तो होय ज. एटले के संपूर्ण मोक्षमार्ग होय.. संपूर्ण कारणसामग्री होय.. माटे संपूर्ण फळसिद्धि थाय छे ए चारित्रसंपद् छे. आ गुणो, संपत्तिओ अने कहेलुं फळ... आ बधुं संवेजनी कथानो २स कहेवायेलो छे. ॥ १४ ॥ (आ प्रमाणे संवेजनी धर्मकथा कही. हवे निर्वेजनी धर्मकथानो अवसर छे. जे कथामां कर्मना दारुण विपाकोने सांभळीने श्रोता निर्वेद पामे छे, ए कथा निर्वेजनी कथा कहेवाय छे. आना

---

4. फरीथी शब्दशः विवेचनकारना अज्ञाननो विलास जुओ-एमणे श्लोकार्थमां ज्ञान, तप अने चारित्र**रूपी** संपत्तिओ कही छे, हकीकतमां ज्ञान, तप अने चारित्र**नी** संपत्तिओ एम जोईए. एक घडामांथी हजार घडा बनाववा ए शुं ज्ञानरूप छे ?

चतुर्भङ्गीमिति । या कथा **पापकर्मविपाकं प्रेत्येहफलसंश्रयां** = इहलोक-परलोकभोगाश्रितां **चतुर्भङ्गीं समाश्रित्य ब्रूते, सा तु निर्वेजनी** चतुर्भिरेव भङ्गैः प्रतिपाद्यमानैश्चतुर्विधेति भावः । अत्रायं सम्प्रदायः-*'इदाणिं निव्वेदणी-सा चउव्विहा पन्नत्ता । तं जहा-इहलोए दुच्चिन्नाइं कम्माइं इहलोए दुहविवागसंजुत्ताइ भवंति । (१) तं जहा-चोराणं पारदारियाणं एवमादी एसा पढमा निव्वेदणी । (२) इदाणिं बितिया निव्वेदणी-इहलोए दुच्चिण्णा कम्मा परलोए दुहविवागसंजुत्ता भवंति, तं जहा-नेरइयाणं अन्नंमि भवे कयं कम्मं निरयभावफलं देइ, एसा बितिया निव्वेयणी । (३) इयाणिं ततिआ निव्वेदणी-परलोए दुच्चिन्ना कम्मा इहलोए दुहविवागसंजुत्ता भवंति। कहं ? जहा-बालप्पभितिमेव अंतकुलेसु उप्पन्ना खय-कोढाइएहिं रोगेहिं दारिद्देण य अभिभूया दीसंति, एसा ततिया निव्वेदणी । (४) इदाणिं चउत्था निव्वेदणी-परलोए दुच्चिन्ना कम्मा परलोए दुहविवागसंजुत्ता भवंति । कहं ? जहा-पुव्विं दुच्चिन्नेहिं कम्मेहिं जीवा संडासतुंडेहिं पक्खीहिं उववज्जंति, तउ ते नरयप्पाओग्गाणि कम्माणि असंपुन्नाणि ताए जातीए पूरिंति, पूरिऊण नरयभवे वेदिंति, एसा चउत्था निव्वेयणी गया । एवं इहलोगो परलोगो य पण्णवयं पडुच्च भवति । तत्थ पन्नवयस्स मणुस्सभवो इहलोगो, सेसा उ तिण्णि वि गईउ परलोगो'* (दशवै.वृ.वि.अध्य.३) ।।१५।।

પણ ચાર પ્રકાર છે. એ હવે જણાવે છે-)

ગાથાર્થ : આલોક-પરલોકના ફળની અપેક્ષાએ થતી ચઉભંગીને આશ્રયીને જે કથા પાપકર્મવિપાકને કહે છે, તે વળી નિર્વેજની કથા છે.

ટીકાર્થ : જે કથા પાપકર્મના વિપાકને આલોકમાં મળતા ફળની અને પરલોકમાં મળતા ફળની અપેક્ષાએ થતી ચતુર્ભંગીને આશ્રયીને કહે છે, તે નિર્વેજની કથા, કહેવાતા ચાર ભાંગાના કારણે જ ચાર પ્રકારની (હોય) છે એમ ભાવ છે. આ વિષયમાં આવો સંપ્રદાય છે-(દશવૈ. અધ્ય-૩ વૃદ્ધ વિવરણ)

*(૧) **આલોકમાં કર્મ-આલોકમાં ફળ**-આ લોકમાં ચોરી વગેરે પાપ કરનારને આ ભવમાં જ એનું ફાંસી-જેલ વગેરે જે દારૂણ ફળ મળે છે, એનું વર્ણન કરતી કથા.*

*(૨) **હવે બીજી નિર્વેજની-આલોકમાં કર્મ-પરલોકમાં ફળ**-આલોકમાં ચોરી વગેરે પાપ કરનારને પરલોકમાં નરકાદિની જે ભયંકર યાતનાઓ વેઠવી પડે છે, એનું વર્ણન કરતી કથા.*

*(૩) **હવે ત્રીજી નિર્વેજની-પરલોકમાં કર્મ-આલોકમાં ફળ**-પૂર્વભવમાં એવા પાપ બાંધી આવેલા હોય કે જેના કારણે આ ભવમાં બાલ્યકાળથી જ ક્ષય-કોઢ વગેરે ગંભીર રોગથી પીડાતા હોય-હલકા નીચ કુળમાં દારૂણ ગરીબાઈથી રીબાતા હોય એનું વર્ણન કરવું એ આ ત્રીજી નિર્વેજની કથા છે.*

*(૪) **હવે ચોથી નિર્વેજની-પરલોકમાં કર્મ-પરલોકમાં ફળ**-પૂર્વભવમાં એવા પાપ આચર્યા હોય જેના કારણે કાગડા-ગીધ વગેરેનો જન્મ મળે. એમાં વળી નરકપ્રાયોગ્યકર્મ જે અધૂરા હતા તે પૂરા કરે છે. અર્થાત્ ક્રૂરકર્મ આચરીને નરકપ્રાયોગ્ય કર્મ બાંધી નરકમાં ભયંકર વેદનાઓ વેઠવા માટે ઉત્પન્ન થાય. આ બધું વર્ણન કરવું એ ચોથી નિર્વેજની કથા છે.*

આ કથાના પ્રકારોમાં આલોક-પરલોક એ પ્રજ્ઞાપકની (વક્તાની) અપેક્ષાએ છે. એટલે પ્રજ્ઞાપક મનુષ્ય હોવાથી મનુષ્યગતિ એ આલોક છે અને એ સિવાયની શેષ ત્રણ ગતિઓ એ પરલોક છે. ॥ ૧૫ ॥ (નિર્વેજની

स्तोकस्यापि प्रमादस्य परिणामोऽतिदारुणः ।
वर्ण्यमानः प्रबन्धेन निर्वेजन्या रसः स्मृतः ।। १६।।

स्तोकस्याऽपीति । स्पष्टः ।। १६।।

आदावाक्षेपणीं दद्याच्छिष्यस्य धनसन्निभाम् ।
विक्षेपणीं गृहीतेऽर्थे वृद्ध्युपायमिवादिशेत् ।। १७।।

કથાનો રસ જણાવે છે -)

ગાથાર્થ : અલ્પ પણ પ્રમાદનો, વિસ્તારપૂર્વક વર્ણન કરાતો અતિદારૂણ પરિણામ એ નિર્વેજની કથાનો રસ કહેવાયો છે.

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ છે.

વિવેચન : અલ્પ પણ પ્રમાદનો પરિણામ અતિદારૂણ આવે છે.. એની દારૂણતાનું વિસ્તારથી અસરકારક વર્ણન એ આ કથાનો રસ છે. અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મમાં અનાદર અને મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન (દુષ્પ્રવૃત્તિ)... એમ આઠ પ્રકારે પ્રમાદ છે. અથવા, મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ છે. આમાંનો કોઈપણ પ્રમાદ જીવને ભવિષ્યમાં કેવો અકલ્પનીય રીતે ભારે પડી જાય છે ? એનું વર્ણન આ કથામાં કરવામાં આવે છે. એ જાણીને નિર્વિણ્ણ થયેલો સાધક, સાધનામાર્ગે ચઢ્યા પછી પણ અનાદિસંસ્કારવશાત્ સેવાતા પ્રમાદને ખંખેરવા ઉત્સાહી બને છે. આમ શ્રોતાને અપ્રમત્તસાધનામાર્ગે જોડતી હોવાથી આ ધર્મકથા છે.

ત્રીજી સંવેજની ધર્મકથા અંગે અન્યત્ર ગ્રન્થોમાં પુણ્યના ફળોનું વર્ણન એ સંવેજની કથા એવી પણ વાત આવે છે. એટલે કે ધર્મના ફળરૂપે=ત્રણ રત્નની આરાધનાના ફળ તરીકે શ્રીતીર્થંકરદેવ, ગણધરદેવો, ઋષિઓ, ચક્રવર્તી-બળદેવ-દેવ-વિદ્યાધર વગેરેની ઋદ્ધિઓનું વર્ણન કરવા દ્વારા શ્રોતાને રત્નત્રયની આરાધનારૂપ ધર્મમાર્ગે આકર્ષવો એ સંવેજની ધર્મકથા છે. શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિમાં પણ કહ્યું છે કે-અથવા શુભકર્મોના વિપાકના વર્ણન દ્વારા સંવેગને ઉત્પન્ન કરનારી કથા એ સંવેજનીકથા.

એટલે કે શ્રોતાને શુભકર્મોના ફળના વર્ણન દ્વારા આરાધના માર્ગે આકર્ષતી કથા એ સંવેજની કથા અને અશુભકર્મોના વિપાકના વર્ણન દ્વારા પાપત્યાગરૂપ ધર્મમાર્ગે આકર્ષતી કથા એ નિર્વેજની કથા એવો અર્થ મળશે. ।। ૧૬ ।। (આમ ધર્મકથાના ચાર પ્રકાર બતાવ્યા. હવે કથાનો ક્રમ દર્શાવે છે-)

ગાથાર્થ : શિષ્યને પહેલાં ધન જેવી=મૂડી જેવી આક્ષેપણી કથા કહેવી. એનો અર્થબોધ થયે ધનવૃદ્ધિના=વ્યાજના ઉપાય જેવી વિક્ષેપણી કથા કહે.

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ છે. ।। ૧૭ ।। (મૂડી અને વ્યાજની સમજણ આપે છે -)

ગાથાર્થ : આક્ષેપણીથી આવર્જિત થયેલા જીવો સમ્યક્ત્વને ભજનારા થાય છે. વિક્ષેપણીથી તો ભજના છે અથવા અતિદારુણ મિથ્યાત્વ થાય છે.

ટીકાર્થ : આક્ષેપણી કથાથી આવર્જિત થયેલા જીવો જો પ્રતિકૂળ કાળ વગેરે રૂપ પ્રતિબંધક ન હોય, તો

आदाविति । स्पष्टः ।। १७।।

आक्षेपण्या किलाक्षिप्ता जीवाः सम्यक्त्वभागिनः ।
विक्षेपण्यास्तु भजना मिथ्यात्वं वाऽतिदारुणम् ।। १८।।

आक्षेपण्येति । **आक्षेपण्याऽऽक्षिप्ताः**=आवर्जिताः **किल जीवाः सम्यक्त्वभागिनो**-नियोगेन सम्यक्त्वलाभवन्तोऽसति प्रतिबन्धे, तथाऽऽवर्जनेन मिथ्यात्वमोहनीयकर्मक्षयोपशमोपपत्तेः । **विक्षेपण्यास्तु** सकाशात् फलप्राप्तौ **भजना**-कदाचित्ततः सम्यक्त्वं लभन्ते कदाचिन्नेति, तच्छ्रवणात्तथाविधपरिणामानियमात् । **अतिदारुणं** = महाभयङ्करं **मिथ्यात्वं वा** ततः स्याद् जडमतीनामभिनिविष्टानाम् । तदुक्तं- *"अक्खेवणिअक्खित्ता जे जीवा ते लहंति सम्मत्तं । विक्खेवणीइ भज्जं गाढयरागं व मिच्छत्तं ।।"* (द.वै.नि. ३/२०५) ।।१८।।

विक्षेपण्याः परिकर्मिताया एव गुणावहत्वं नान्यथेति समर्थयन्नाह-

आद्या यथा शुभं भावं सूते नान्या कथा तथा ।
यादृग्गुणः स्यात्पीयूषात्तादृशो न विषादपि ।। १९।।

आद्येति । पीयूषवन्नेयं स्वरूपतो गुणावहा, किन्तु वच्छनागवत्परिकर्मितैवेति तात्पर्यम् ।। १९।।

અવશ્ય સમ્યક્ત્વને પામે છે, કારણ કે તેવા પ્રકારના આવર્જનથી મિથ્યાત્વમોહનીય કર્મનો ક્ષયોપશમ થવો એ સંગત છે. વિક્ષેપણી કથાથી ફળ (=સમ્યક્ત્વ) પ્રાપ્ત થવામાં ભજના છે, એટલે કે ક્યારેક એનાથી સમ્યક્ત્વ થાય, ક્યારેક ન થાય, કારણ કે તેના શ્રવણથી તેવો=મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષયોપશમ કરાવી આપે એવો પરિણામ થવાનો નિયમ છે નહીં. અથવા અભિનિવેશવાળા જડબુદ્ધિજીવોને એનાથી અતિદારુણ=મહાભયંકર મિથ્યાત્વ થાય છે. શ્રીદશવૈકાલિકનિર્યુક્તિ (૩-૨૦૫)માં કહ્યું છે-*આક્ષેપણીકથાથી આકર્ષાયેલા જીવો સમ્યક્ત્વ પામે છે. પણ વિક્ષેપણીથી ભજના છે. અથવા તો તેનાથી ગાઢતર મિથ્યાત્વ પામે છે.*

વિવેચન : વિક્ષેપણીકથાના શ્રવણથી ભજના છે એટલે કે મધ્યસ્થ વિચારક જીવો જૈનધર્મ પ્રત્યે આકર્ષાઈને સમ્યક્ત્વ પામે છે. મધ્યસ્થ અવિચારક જીવો આકર્ષણ નહીં થવાથી સમ્યક્ત્વ પામતા નથી. કદાગ્રહી જીવો તો ઉપરથી અતિદારૂણ મિથ્યાત્વને પામે છે. (અર્થાત્ એમનું મિથ્યાત્વ વધારે ગાઢ બને છે, કારણ કે એમને વક્તા પર અને જૈનધર્મ પર દ્વેષ જાગે છે.) ॥ ૧૮ ॥ (વિક્ષેપણી કથા પરિકર્મિત કરેલી હોય તો જ ગુણાવહ બને છે, એ વિના નહીં, એ વાતનું સમર્થન કરે છે-)

ગાથાર્થ : પહેલી આક્ષેપણી કથા જે રીતે શુભભાવને જગાડે છે, તેવી રીતે અન્ય=વિક્ષેપણી કથા જગાડતી નથી. અમૃતથી જેવો લાભ થાય છે, તેવો વિષથી પણ થવો શક્ય નથી.

ટીકાર્થ : એટલે આ=વિક્ષેપણી કથા અમૃતની જેમ સ્વરૂપથી જ લાભકર્તા નથી, પણ વચ્છનાગવિષની જેમ સંસ્કાર કરાયેલી હોય તો જ લાભકર્તા નીવડે છે એવું તાત્પર્ય છે.

વિવેચન : એટલે જ આક્ષેપણી કથા જેમ સ્વરૂપે જ હિતાવહ છે, એમ વિક્ષેપણી કથા નથી. અમૃત

धर्मार्थकामाः कथ्यन्ते सूत्रे काव्ये च यत्र सा ।
मिश्राख्या विकथा तु स्याद् भक्त-स्त्री-देश-राड्गता ।। २०।।

धर्मेति । यत्र सूत्रे काव्ये च धर्मार्थकामा मिलिताः **कथ्यन्ते सा मिश्राख्या** कथा, सङ्कीर्णपुरुषार्थाभिधानात् । **विकथा**-कथालक्षणविरहिता **तु स्यात् भक्त-स्त्री-देश-राड्गता** भक्तादिविषया । यदाह-

'इत्थिकहा भत्तकहा रायकहा चोरजणवयकहा य ।
नड-नट्ट-जल्ल-मुट्टियकहा उ एसा भवे विकहा ।।" (द.वै.नि.३/२०५) ।। २०।।

प्रज्ञापकं समाश्रित्य कथा एता अपि क्रमात् ।
अकथा विकथा वा स्युः कथा वा भावभेदतः ।। २१।।

प्रज्ञापकमिति । प्रज्ञापकं=वक्तृपुरुषविशेषं **समाश्रित्य एता**=उक्तलक्षणाः **कथा अपि (क्रमात्) अकथा विकथाः कथा वा स्युः, भावभेदतः** = आशयवैचित्र्यात् सम्यक्श्रुतादिवत् । तत एव पुरुषार्थप्रतिपत्त्यभाव-

---

तथास्वभावे=स्वરૂપથી જ લાભકર્તા છે, એમ વિષ નથી, એ તો વૈદથી સંસ્કાર કરવામાં આવેલ હોય તો જ હિતકર બને છે. એ રીતે શ્રોતાની કક્ષા અનુસાર અધિકારી ધર્મકથી દ્વારા યોગ્ય રીતે કહેવાતી વિક્ષેપણી કથા જ હિતકર બને છે. ॥ ૧૯ ॥ (હવે ક્રમપ્રાપ્ત મિશ્રકથા કહે છે -)

ગાથાર્થ : જે સૂત્રમાં અને કાવ્યમાં ધર્મ-અર્થ-કામની વાતો કહેવાય છે તે મિશ્રકથા જાણવી. ભક્ત (ભોજન), સ્ત્રી, દેશ અને રાજાના વિષયમાં ગયેલી કથા વિકથા છે.

ટીકાર્થ : જે સૂત્રમાં અને કાવ્યમાં ધર્મ, અર્થ અને કામ ભેગા કરાયેલા કહેવાતા હોય છે તે મિશ્રનામની કથા છે, કારણ કે એ સંકીર્ણ પુરુષાર્થને જણાવે છે. ભોજન, સ્ત્રી, દેશ અને રાજા સંબંધી કથા એ વિકથા છે, કારણ કે એ કથાના લક્ષણથી રહિત હોય છે. શ્રીદશવૈકાલિકનિર્યુક્તિ (૩-૨૦૭)માં કહ્યું છે કે-*સ્ત્રીકથા, ભોજનકથા, રાજકથા, ચોરકથા, જનપદકથા, નટકથા, નર્તકકથા, જલ્લકથા=ચામડાનું દોરડું શરીર પર બાંધીને ખેલ કરનારની કથા અને મુષ્ટિક કથા=મલ્લકથા.. આ બધી વિકથા છે.*

વિવેચન : જે કથામાં કે કાવ્યમાં ધર્મ-અર્થ અને કામ આ ત્રણેની વાતો હોય એ મિશ્રકથા છે. આ કથાના સ્વરૂપને આશ્રયીને મિશ્રકથા છે. ફળને આશ્રયીને વિચારીએ તો કથા શ્રોતાને જેની પ્રેરણા કરે એ મુજબ અર્થકથા વગેરે બની શકે છે. એટલે કે જો અર્થ પુરુષાર્થ, કામપુરુષાર્થ કે ધર્મપુરુષાર્થમાં આગળ વધારે તો એ મુજબ એ અર્થકથા, કામકથા કે ધર્મકથા બની શકે છે. બધાની જ પ્રેરણા કરે તો મિશ્રકથા જ રહે છે.

જે કથા શ્રોતાને અધિકૃત પુરુષાર્થથી વિમુખ કરે એ વિકથા કહેવાય છે. આ વિકથાના ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા અને રાજકથા-આમ ચાર પ્રકારો પ્રસિદ્ધ છે. ॥ ૨૦ ॥ (પ્રજ્ઞાપકના ભાવને આશ્રયીને ભેદ દર્શાવે છે-)

ગાથાર્થ : પ્રજ્ઞાપકને આશ્રયીને આ કથાઓ પણ ભાવભેદે ક્રમશઃ અકથા, વિકથા કે કથા બને છે.

ટીકાર્થ : ઉક્તસ્વરૂપવાળી આ કથાઓ પણ તે તે વક્તાપુરુષરૂપ પ્રજ્ઞાપકની અપેક્ષાએ સમ્યક્શ્રુતાદિની જેમ ભાવભેદે=આશયભેદે અકથા, વિકથા કે કથા બની જાય છે, કારણ કે એ કથાથી જ પુરુષાર્થ સ્વીકારનો

तद्विरोध-तत्प्रतिपत्तिफलभेदात् ।

तदुक्तं- *"एया चेव कहाओ पन्नवगपरूवगं समासज्ज ।*
अकहा कहा य विकहा हविज्ज पुरिसंतरं पप्प ।।" (द.वै.नि. ३/२०८)

अत्र प्रज्ञापकप्ररूपकमित्यत्र कर्मधारयाश्रयणादवबोधकप्ररूपको व्याख्यातो घरट्टभ्रमणकल्पश्च व्यवच्छिन्नः । द्वन्द्वाश्रयणे तु द्वित्वे बहुवचनापत्तिरित्यवधेयम् ।। २१ ।।

मिथ्यात्वं वेदयन् ब्रूते लिङ्गस्थो वा गृहस्थितः ।
यत्साऽकथाऽऽशयोद्भूतेः श्रोतुर्वक्त्रनुसारतः ।। २२ ।।

मिथ्यात्वमिति । **मिथ्यात्वं वेदयन्** = विपाकेनानुभवन् **लिङ्गस्थो** द्रव्यप्रव्रजितोऽङ्गारमर्दकादिप्रायो,

---

અભાવ, એનો વિરોધ કે એનો સ્વીકાર... આમ ફળમાં ભેદ પડી જાય છે. શ્રીદશવૈકાલિક નિર્યુક્તિ (૩-૨૦૮) માં કહ્યું છે કે-*આ જ કથાઓ પ્રજ્ઞાપકપ્રરૂપકની અપેક્ષાએ અકથા, કથા કે વિકથા અન્યપુરુષને=શ્રોતાને પામીને થઈ જાય છે.* અહીં આ નિર્યુક્તિપાઠમાં પ્રજ્ઞાપકપ્રરૂપકં આવો જે શબ્દ છે, એમાં કર્મધારય સમાસનો આશ્રય કર્યો હોવાથી અવબોધક એવો પ્રરૂપક એમ વ્યાખ્યા કરી છે. અને ઘરટ્ટભ્રમણ જેવો વક્તા વ્યવચ્છિન્ન થયો છે. દ્વન્દ્વસમાસ લેવામાં દ્વિવચનમાં બહુવચન લેવાની આપત્તિ આવે એ જાણવું.

વિવેચન : અર્થકથા, કામકથા, ધર્મકથા અને મિશ્રકથા ... આ ચારના સ્વરૂપ દર્શાવ્યા. આવા જ સ્વરૂપવાળી હોવાના કારણે જે કથાસ્વરૂપ છે તે પણ વક્તાના આશયભેદે બદલાઈ જાય છે. જેમ કે એનું એ શાસ્ત્ર સમ્યક્ત્વી જાણે તો સમ્યક્શ્રુત થાય છે, મિથ્યાત્વી જાણે તો મિથ્યાશ્રુત થાય છે. વક્તાના ભાવોની શ્રોતાપર ખૂબ અસર હોય છે. એટલે એની એ કથા ભિન્ન ભિન્ન આશયવાળા વક્તા પાસે સાંભળવામાં આવે તો શ્રોતાને જુદા જુદા પરિણામ જાગે છે. અમુક પ્રકારનો વક્તા હોય તો શ્રોતાને પુરુષાર્થનો સ્વીકાર કરવાના પરિણામ જાગતા નથી, એવે વખતે એ 'અકથા' બને છે. અન્ય વક્તા પાસે ઉપરથી વિપરીતપરિણામ ઊભા થાય છે. ત્યારે એ 'વિકથા' બને છે અને આ બંનેથી જુદા યોગ્ય વક્તા પાસે પુરુષાર્થના સ્વીકારનો પરિણામ જાગે છે. માટે એ 'કથા' બને છે. પ્રજ્ઞાપકપ્રરૂપકં શબ્દનો પ્રજ્ઞાપકશ્ચાસૌ પ્રરૂપકશ્ચેતિ પ્રજ્ઞાપકપ્રરૂપકસ્તમ્ આમ કર્મધારય સમાસ કરવો, પણ પ્રજ્ઞાપકશ્ચ પ્રરૂપકશ્ચેતિ પ્રજ્ઞાપકપ્રરૂપકૌ એમ દ્વન્દ્વસમાસ કરવો નહીં, કારણ કે તો પછી એને સંસ્કૃતમાં દ્વિવચન લાગત અને પ્રાકૃતમાં બહુવચન લાગત.

આમાં પ્રજ્ઞાપક એટલે શ્રોતાને અવબોધ કરાવે એવો, અને પ્રરૂપક એટલે નિરૂપણ કરનારો, આવો અર્થ કરવાથી, જે ઘંટીની જેમ ગોળ ગોળ ફેરવીને એવી રીતે કથા કરે કે જેથી શ્રોતાને કશો બોધ જ થાય નહીં, એવા પ્રરૂપકની બાદબાકી થઈ જાય છે. ॥ ૨૧ ॥ (વક્તાનો આશયભેદ શી રીતે થાય છે ? એ હવે ક્રમશઃ ત્રણ ગાથા દ્વારા જણાવે છે -)

ગાથાર્થ : મિથ્યાત્વને અનુભવતો લિંગસ્થ કે ગૃહસ્થ જે કહે છે તે અકથા બને છે, કારણ કે શ્રોતાને વક્તાને અનુસરીને ભાવો જાગે છે.

ટીકાર્થ : મિથ્યાત્વના વિપાકોદયને અનુભવતો અંગારમર્દકાદિ જેવો દ્રવ્યસાધુ અથવા કોઈ ગૃહસ્થ જે

गृहस्थितो वा कश्चिद् **यद् ब्रूते साऽकथा, श्रोतुर्वक्त्रनुसारतो**=वक्त्राशयानुगुण्येनैवा**शयोद्भूतेः** = भावोत्पत्तेः प्रतिविशिष्टफलाभावात् । तदिदमुक्तं-

'मिच्छत्तं वेयंतो जं अन्नाणी कहं परिकहेइ ।
लिंगत्थो व गिही वा सा अकहा देसिआ समए ।।" (द.वै.नि. ३/२०९) ।। २२ ।।

ज्ञानक्रियातपोयुक्ताः सद्भावं कथयन्ति यत् ।
जगज्जीवहितं सेयं कथा धीरैरुदाहृता ।। २३ ।।

ज्ञानेति । ज्ञान-क्रिया-तपोभिर्युक्ताः **(=ज्ञान-क्रिया-तपोयुक्ताः) सद्भावं** = परमार्थं **यत् कथयन्ति जगज्जीवहितं सेयं धीरैः कथोदाहृता,** निर्जराख्यफलसाधनाद् वक्तुः, श्रोतुश्च कुशलपरिणामोत्पादनात्, अन्यथा तु तत्र भजनाऽपि स्यादिति । तदिदमुक्तं-

'तवसंजमगुणधारी जं चरणरया कहंति सब्भावं ।
सव्वजगज्जीवहिअं सा उ कहा देसिआ समये ।। (द.वै.नि. ३/२१०) ।। २३ ।।

यः संयतः प्रमत्तस्तु ब्रूते सा विकथा मता ।
कर्तृश्रोत्राशये तु स्याद् भजना भेदमञ्चति ।। २४ ।।

य इति । **यः संयतः प्रमत्तः**=कषायादिवशगस्तु **ब्रूते, सा विकथा मता,** तथाविधपरिणामनिबन्धनत्वात् ।

કહે છે, તે અકથા બને છે, કારણ કે શ્રોતાને સામાન્યથી વક્તાના આશયને અનુસરીને ભાવ ઉત્પન્ન થતા હોવાથી આવા વક્તાનો ઉપદેશ સાંભળીને કોઈ પ્રતિવિશિષ્ટફળ મળતું નથી, શ્રી દશવૈકાલિકનિર્યુક્તિ (૩/૨૦૯) માં કહ્યું છે કે-*મિથ્યાત્વને અનુભવતો લિંગસ્થ કે ગૃહસ્થ અજ્ઞાની જે કથા કહે છે, તે અકથા બનવી શાસ્ત્રમાં કહેલી છે.* ॥ ૨૨ ॥

ગાથાર્થ : જ્ઞાન, ક્રિયા અને તપથી યુક્ત મહાત્માઓ જગતના જીવો માટે હિતકર એવો જે પરમાર્થ કહે છે તે ધીરપુરુષો વડે 'કથા' કહેવાયેલ છે.

ટીકાર્થ : જ્ઞાન-ક્રિયા-તપ વડે યુક્ત સાધુઓ, જગતના જીવોને હિતકર પરમાર્થ જે કહે છે તે 'કથા' કહેવાયેલ છે, કારણ કે એનાથી વક્તાને નિર્જરા નામનું ફળ સિદ્ધ થાય છે. અને શ્રોતાને કુશળ પરિણામ ઉત્પન્ન થાય છે. નહીંતર તો આમાં ભજના પણ સંભવે.. શ્રીદશવૈકાલિક નિર્યુક્તિ (૩/૨૧૦)માં કહ્યું છે કે-*તપ-સંયમ ગુણને ધરનારા ચારિત્રતત્પર મહાત્મા સર્વજગતના જીવને હિતકર જે પરમાર્થ કહે છે, તેને શાસ્ત્રોમાં 'કથા' કહી છે.* ॥૨૩॥

ગાથાર્થ : જે સંયત કષાયાદિપ્રમાદને પરવશ થઈને કહે છે તેની એ વિકથા થાય છે. કર્તા અને શ્રોતાનો આશય ભિન્ન ભિન્ન હોય તો ભજના જાણવી.

ટીકાર્થ : જે સાધુ કષાય-વિષયાદિ પ્રમાદને પરવશ થઈને જે કથા કરે છે તે વિકથા મનાયેલી છે, કારણ કે તેવા પ્રકારના પરિણામનું કારણ બને છે. શ્રીદશવૈકાલિકનિર્યુક્તિ (૩-૨૧૦)માં કહ્યું છે કે જે *સંયત રાગ-*

तदुक्तं-"जो संजओ पमत्तो रागद्दोसवसगो परिकहेइ ।

દ્વેષને વશ થઈ પ્રમત્તપણે જે કહે છે, તે ધીરપુરુષો વડે પ્રવચનમાં 'વિકથા' કહેવાયેલી છે. કર્તા અને શ્રોતાનો આશય અલગ અલગ હોય તો ભજના થાય છે. કારણ કે તેના પ્રત્યે એ અન્ય કથારૂપ બની જાય છે.

વિવેચન : શ્રોતાને શબ્દોની અસર થવામાં વક્તાની ભૂમિકા પણ ભાગ ભજવતી હોય છે. એટલે જ તો, પચ્ચક્ખાણનો આલાવો નિયત હોવા છતાં વિશિષ્ટ તપસ્વી વગેરે સાધક પાસે પચ્ચક્ખાણ લેવાનો આગ્રહ રખાતો હોય છે. તેમ છતાં, જો શ્રોતાની યોગ્ય કે અયોગ્ય ભૂમિકા પ્રબળતર હોય છે તો વક્તાની ભૂમિકા એને અસર કરતી નથી. આ બંને અપેક્ષાએ પ્રસ્તુત નિરૂપણ છે.

એમાં મધ્યમભૂમિકાવાળા શ્રોતા માટે, વક્તા જો મિથ્યાત્વી છે તો એની કથા અકથામાં પરિણમે છે. ટીકામાં ગ્રન્થકારે 'મિથ્યાત્વને વિપાકથી અનુભવતો' આવું જણાવ્યું છે એ સૂચવે છે કે દ્રવ્યલિંગી અંગારમર્દક વગેરે વક્તા બહાર શબ્દોથી હિંસાની ત્યાજ્યતા વર્ણવે છે અને અંદર માન્યતામાં એ ત્યાજ્યતા બેસી નથી, (ઉપરથી ઉપાદેયતા બેસી છે.) એટલે શબ્દો શ્રોતાને હિંસાત્યાગનો ભાવ પેદા કરાવવા મથી રહ્યા છે અને વક્તાની ભૂમિકા શ્રોતાને હિંસાત્યાગનો વિરોધીભાવ પેદા કરાવવા મથી રહી છે. તેથી સરવાળે એને પુરુષાર્થ ફોરવવાનો ભાવ પેદા થતો ન હોવાથી એ કથા 'અકથા' બની રહે છે. એટલે 'મિથ્યાત્વને વિપાકથી અનુભવતો' એવું જણાવવા દ્વારા માન્યતામાં વૈપરીત્ય લાવે એવો પ્રબળ મિથ્યાત્વનો ઉદય અહીં અભિપ્રેત છે એમ સમજવું યોગ્ય લાગે છે. તેથી વક્તા જો મંદ મિથ્યાત્વી હોય તો એનો ઉપદેશ કથારૂપ બનવામાં કશો વાંધો નથી.

હવે, શ્રોતા જો ધર્મપુરુષાર્થની પ્રબળ યોગ્યતાવાળો છે, તો વક્તાની વિપરીત માન્યતા રૂપ ભૂમિકા એને અસર કરતી નથી, અને તેથી ધર્મપુરુષાર્થના પ્રેરક શબ્દો પોતાની યથાર્થ અસર ઊભી કરીને શ્રોતાને ધર્મપુરુષાર્થમાં જોડી શકે છે. આમ, શ્રોતા માટે એ કથારૂપ બને જ છે, પણ એમાં એની યોગ્યતાની મુખ્યતા હોવાથી 'અભવ્યથી એને પ્રતિબોધ થયો' એમ કહેવાતું નથી, પણ 'એની યોગ્યતાના કારણે એને પ્રતિબોધ થયો' એમ કહેવાય છે.

સુવિહિત સાધુનો ઉપદેશ એમને માટે (વક્તા માટે) તો કથારૂપ જ છે. વિશિષ્ટ યોગ્યતા અને સરેરાશ યોગ્યતાવાળા માટે પણ એ કથારૂપ જ બને છે. પણ શ્રોતા અત્યંત અયોગ્ય હોય (એટલે કે ધર્મપુરુષાર્થમાં પ્રેરક વક્તાની ભૂમિકા અને શબ્દો... આ બંનેની ભેગી અસર કરતાં પણ પ્રબળ અયોગ્યતાવાળો હોય) તો એને ધર્મપુરુષાર્થનો ભાવ જાગતો ન હોવાથી એ અકથારૂપ બની રહે છે. અને શ્રોતા જો દુર્બુદ્ધિ-વિપરીતબુદ્ધિના પ્રભાવે શબ્દો પરથી ઊંધો અર્થ પકડવા માંડે તો એ વિકથા રૂપ પણ બની શકે છે.

પ્રમત્તસંયતનો ઉપદેશ વિકથારૂપ બને છે. આમાં 'પ્રમત્તસંયત એટલે છઠ્ઠા ગુણઠાણે રહેલા સંયત' એવો અર્થ લેવાનો નથી. કારણ કે તો તો સુવિહિત મહાત્માનો ઉપદેશ પણ કથા-વિકથા.. કથા-વિકથા.. રૂપ થયા કરે, કારણ કે સાતમું -છઠ્ઠું ગુણઠાણું પરાવર્તમાન હોય છે. એટલે જ ગ્રન્થકારે ટીકામાં 'કષાયાદિને વશ થઈને બોલે' .. એમ જણાવ્યું છે. છઠ્ઠે ગુણઠાણે આવી જવા માત્રથી કાંઈ શબ્દો કષાયાદિને વશ થઈ જતા નથી. પણ અહીં પ્રમાદ તરીકે એવા વિષય કષાયાદિ લેવાના છે કે જે સાધુપણાંને ઉચિત ન હોય, ને શ્રોતાની નજરે ચઢી જાય એવા હોય. જેમકે મહાત્મા ક્ષમા પર પ્રવચન આપતા હોય ને એ દરમ્યાન સાવ નજીવા કારણસર

सा उ विकहा पवयणे पन्नत्ता धीरपुरिसेहिं ।।" (द.वै.नि. ३/२११) ।

कर्तृश्रोत्राशये तु भेदमञ्चति सति **भजना स्यात्**, तं प्रति कथान्तरापत्तेः ।।२४।।

सन्धुक्षयन्ती मदनं शृङ्गारोक्तैरुदर्चिषम् ।
कथनीया कथा नैव साधुना सिद्धिमिच्छता ।। २५।।
तपोनियमसारा तु कथनीया विपश्चिता ।
संवेगं वापि निर्वेदं यां श्रुत्वा मनुजो व्रजेत् ।। २६।।
महार्थापि कथाऽकथ्या परिक्लेशेन धीमता ।
अर्थं हन्ति प्रपञ्चो हि पीठक्ष्मामिव पादपः ।। २७।।

એવો ધમધમાટ કરી નાખે તો શ્રોતાને 'ક્ષમાની ખાલી વાતો છે.. બાકી મહારાજ સાહેબ આટલો ગુસ્સો કરે છે તો આપણે કરવામાં શું વાંધો ?' આવી વિપરીત અસર થવાથી એ વિકથા રૂપ બને છે. એમ વિષયવૈરાગ્યનું વ્યાખ્યાન આપતી વેળા વક્તા વારંવાર બહેનો તરફ જોયા કરતા હોય તો પણ શ્રોતા 'આપણે પણ બહેનોના રૂપ જોઈ શકાય' આવી વિપરીત અસર પકડી શકે છે. અને તો પછી એ વિકથા બને છે. આવા અવસરે શ્રોતા જો વિશિષ્ટભૂમિકાવાળો હોય અથવા વક્તાના વિપરીત આચરણને પકડવાની ક્ષમતાવાળો ન હોય તો માત્ર શબ્દો પરથી યોગ્ય પ્રેરણા મેળવી શકે છે. એટલે એના માટે એ 'કથા' બને છે. વક્તાના શબ્દો અને આચરણ.. બંનેની વિરોધી અસરો પરસ્પર ટકરાઈને એકબીજાની અસરને નાબુદ કરી દે તો 'અકથા' બને છે. આમ વક્તા-શ્રોતાના આશયભેદે ભજના થાય છે. ॥૨૪॥ (સાધુએ કેવી કથા ન કરવી અને કેવી કથા કરવી એ બે ગાથા વડે જણાવે છે -)

ગાથાર્થ : શૃંગારરસ ભરેલા વચનો વડે કામરૂપી અગ્નિને પ્રજ્વલિત કરે એવી કથા સિદ્ધિને ઇચ્છતા સાધુએ ન જ કરવી જોઈએ.

વિવેચન : આજકાલ કથનની જેમ લખાણ પણ ખૂબ વ્યાપક બન્યું છે. એટલે એને પણ આ બધી વાતો લાગુ પડે જ છે. તેથી કથા ભલે ને હોય 'કામવિજેતા સ્થૂલિભદ્ર'.. પણ જો એમાં કોશાવેશ્યાનું કે એમની ક્રીડાનું શૃંગારિક વર્ણન હોય તો આત્મહિતેચ્છુએ એ વાંચવું ન જોઈએ. ॥ ૨૫ ॥

ગાથાર્થ : પંડિત પુરુષે તપ અને નિયમની મહત્તા ગાનાર કથા કરવી જોઈએ, જે સાંભળીને માનવી સંવેગ કે નિર્વેદ પામે. ॥ ૨૬ ॥

ગાથાર્થ : મહાન્ અને ગંભીર અર્થવાળી એવી પણ કથા બહુ લંબાણપૂર્વક ન કરવી જોઈએ, કારણ કે [1]વધારે પડતો વિસ્તાર કથાના અર્થને હણી નાખે છે, જેમકે મહાકાય વૃક્ષ પોતાની પીઠ-ભૂમિને તોડીફોડી નાખે છે. કથાનો વધારે પડતો વિસ્તાર થવા પર શ્રોતા 'ક્યારે કથા પૂરી થશે' એ જ વિચાર્યા કરે છે, ને તેથી કથાના રહસ્યાર્થમાં એનું ધ્યાન જતું નથી. હા, જો શ્રોતા શિષ્ય એવી વિસ્તારથી જાણવાની જિજ્ઞાસા અને ક્ષમતા ધરાવતો હોય તો એવા વિસ્તારથી પણ કથા કરી શકાય. માટે જ અનુયોગ ત્રિવિધ કહેવાયો છે. એટલે કે એવો

प्रपञ्चितज्ञशिष्यस्यानुरोधे सोऽप्यदोषकृत् ।
सूत्रार्थादिक्रमेणातोऽनुयोगस्त्रिविधः स्मृतः ।। २८।।
विध्युद्यमभयोत्सर्गापवादोभयवर्णकैः ।
कथयन्न पटुः सूत्रमपरिच्छिद्य केवलम् ।। २९।।
एवं ह्येकान्तबुद्धिः स्यात्सा च सम्यक्त्वघातिनी ।
विभज्यवादिनो युक्ता कथायामधिकारिता ।। ३०।।

શિષ્ય ભણનારો હોય તો ગુરુ પહેલાં માત્ર સૂત્રનો અર્થ કહે, પછી વ્યુત્પત્તિઓ સહિત સૂત્રાર્થ કહે અને પછી ત્રીજીવારમાં નય-નિક્ષેપ વગેરે વિસ્તારપૂર્વક બધો અર્થ કહે.

વિવેચન : (૧) એટલે એકની એક વાત જણાવનાર પાંચ-સાત સાક્ષીપાઠ-ઉદ્ધરણ આપવા...ડગલે ને પગલે આપવા એ પણ કથનીયના તાત્પર્યાર્થને હણી નાખે છે, માટે દોષરૂપ છે.

શંકા : द्विर्बद्धं सुबद्धं भवति-એકના બદલે બે ગાંઠ મારો તો સારી રીતે-દૃઢ બંધાયેલું થાય.. એ ન્યાય મુજબ એકના બદલે અનેક સાક્ષીપાઠ કથનીય અર્થને વધારે સ્પષ્ટ કરે ને !

સમાધાન : આ ન્યાયમાં બે જ ગાંઠની વાત છે. એ જરૂર ગુણરૂપ છે. પણ પાંચ-સાત ગાંઠ મારવી એ મારનારને પણ પલોજણરૂપ બને છે ને ખોલનારને પણ વ્યર્થ વ્યાયામથી અધિક કશું નથી. એમ પાંચ-સાત સાક્ષીપાઠ.. એ પણ વ્યર્થ વ્યાયામ સિવાય કશું નથી. એટલું જ નહીં, એમાં નાહકનો ગ્રન્થવિસ્તાર થવારૂપ મોટો દોષ રહેલો છે. એટલે જ અનેક સ્થળે શાસ્ત્રોમાં, જરૂરી વાતોનો પણ 'બીજા ગ્રન્થમાંથી જોઈ લેવું, ગ્રન્થનો વિસ્તાર થઈ જવાના ભયથી અહીં કહી નથી' વગેરેરૂપે અતિદેશ જોવા મળતો હોય છે. તથા ઢગલાબંધ સાક્ષીપાઠો આપવામાં દૂરન્વય દોષ થાય છે. પૂર્વે આવેલી વાત પછી એને સંલગ્ન પાછળની વાત આવતા પૂર્વે સાક્ષીપાઠોની ભરમાર આવી ગઈ હોવાથી, એ પાછળની વાત આવે ત્યારે અતીવ્ર ક્ષયોપશમવાળાને પૂર્વની વાતનું અનુસંધાન દુઃશક્ય થઈ જાય છે. ને તેથી અધ્યેતા વાસ્તવિક રહસ્યાર્થથી વંચિત રહે છે. વળી, એ પાંચ-સાત સાક્ષી પાઠ આપનારાનો ક્ષયોપશમ (બુદ્ધિ) એ ઉદ્ધરણમાં જ રોકાઈ જવાથી ઊંડા તાત્પર્યાર્થ શોધી કાઢવા માટે ફાજલ રહેતો નથી. અસ્તુ. ॥ २७-२८ ॥

ગાથાર્થ : શાસ્ત્રોમાં સૂત્રો સાત પ્રકારના હોય છે. [૧]કોઈ વિધિ દેખાડનારાં હોય તો કોઈ [૨]ઉદ્યમપ્રેરક હોય, કોઈ [૩]ભયદર્શક હોય તો, કોઈ [૪]ઉત્સર્ગને જણાવનાર હોય, [૫]કોઈ અપવાદને જણાવનાર હોય તો [૬]કોઈ ઉત્સર્ગ-અપવાદ બંનેને જણાવનાર હોય.. [૭]કોઈ માત્ર વર્ણનપ્રધાન હોય. જો વક્તા અધિકૃત સૂત્ર કેવા પ્રકારનું છે ? એ જાણી ન શકે, તો એ કુશળ ધર્મદેશક નથી. કારણ કે વિભાગ કર્યા વગર બધાનું એકસરખી રીતે નિરૂપણ કરવામાં શ્રોતાને એકાન્તબુદ્ધિ થાય છે જે સમ્યક્ત્વનો ઘાત કરનારી છે. તેથી યોગ્ય વિભાગ કરીને બોલનારા ધર્મકથી જ ધર્મકથા કરવાના અધિકારી છે. ॥ २९ ॥

ગાથાર્થ : વિભાગ કર્યા વગર બધું સમાન રીતે કહેવામાં શ્રોતાને એકાન્ત બુદ્ધિ થાય. એ સમ્યક્ત્વઘાતિની છે. તેથી કથા કરવા માટે વિભજ્યવાદીઓ અધિકારી છે.

विधिना कथयन् धर्मं हीनोऽपि श्रुतदीपनात् ।
वरं न तु क्रियास्थोऽपि मूढो धर्माध्वतस्करः ।। ३१ ।।
इत्थं व्युत्पत्तिमान्न्याय्यां कथयन् पण्डितः कथाम् ।
स्वसामर्थ्यानुसारेण परमानन्दमश्नुते ।। ३२ ।।

सन्धुक्षयन्तीत्याद्यारभ्याष्टश्लोकी प्रायः सुगमा विधिसूत्रादिविवेकश्चान्यत्र प्रपञ्चित इति ।।३२।।

।। इति कथाद्वात्रिंशिका ।।९।।

विवेचन : 'આ ઉત્સર્ગ છે' કે 'આ અપવાદ છે'.. 'આ નિશ્ચયનયની વાત છે' અથવા 'આ વ્યવહારનયની વાત છે' આવો બધો વિષયવિભાગ કર્યા વગર બધું કહેવામાં આવે તો શિષ્યને એકાન્ત પકડાઈ જવાની શક્યતા રહે છે જે સમ્યક્ત્વનો નાશ કરે છે. તેથી જેઓ આ રીતના વિષયવિભાગ કરીને બોલનારા હોય, તેઓને જ ધર્મકથાના અધિકારી માનવા યોગ્ય છે. ॥ ૩૦॥

गाथार्थ : આચારપાલનમાં ઢીલો હોવા છતાં જે ધર્મને વિધિપૂર્વક કહે છે તે જિનોક્ત વાતોને પ્રકાશિત કરતો હોવાથી સારો છે, પણ આચારપાલનમાં સ્થિર હોવા છતાં જે મૂઢ વિધિથી વિપરીત કથા કરે છે, તે સારો નથી. કારણ કે એ ધર્મમાર્ગ પર આવેલા સાધકરૂપ મુસાફરના ધર્મધનને ચોરી લેનારો (ચોર) છે. ॥૩૧॥

गाथार्थ : આ પ્રમાણે વ્યુત્પત્તિમાન્=ચાર પ્રકારની કથા વગેરેના બોધવાળો, યોગ્યકથાને સ્વસામર્થ્યને અનુસરીને કહેતો પંડિત પરમાનંદ પામે છે.

टीकार्थ : सन्धुक्षयन्ती.. ગાથા નં. ૨૫ થી ૩૨ સુધીની ૮ ગાથાઓ સુગમ-સરળ છે. અને વિધિસૂત્ર વગેરેનો વિવેક અન્યત્ર કરેલો છે. ॥ ૩૨ ॥

।। अथ योगलक्षणद्वात्रिंशिका ।।१०।।

कथानिरूपणानन्तरं तत्फलभूतस्य योगस्य लक्षणं निरूप्यते -

मोक्षेण योजनादेव योगो ह्यत्र निरुच्यते ।
लक्षणं तेन तन्मुख्यहेतुव्यापारताऽस्य तु ।। १।।

मोक्षेणेति । **योगो हि**=योगशब्दो **ह्यत्र**=लोके प्रवचने वा **मोक्षेण योजनादेव निरुच्यते**= व्युत्पाद्यते । **तेनास्य**=योगस्य **तु तन्मुख्यहेतुव्यापारता लक्षणं**, निरुक्तार्थस्याप्यनतिप्रसक्तस्य लक्षणत्वानपायात् ।। १ ।।

अवतरणिकार्थ : નવમી બત્રીશીમાં કથાનું નિરૂપણ કર્યા પછી હવે આ દસમી બત્રીશીમાં તેના ફળભૂત યોગનું લક્ષણ કહેવાય છે.

(શંકા-ધર્મકથાનું ફળ ધર્મ કહેવો જોઈએ, યોગ નહીં, કારણ કે બધાનો ધર્મ કાંઈ યોગરૂપ બનતો નથી.

સમાધાન : અપુનર્બન્ધકાદિ જીવો જ ધર્મોપદેશને યોગ્ય હોય છે. તેઓ ધર્મકથાના શ્રવણથી જે ધર્મ આચરશે એ યોગરૂપ હોવાથી અહીં ફળ તરીકે યોગ કહ્યો છે.)

ગાથાર્થ : અહીં 'મોક્ષની સાથે યોજી આપતો હોવાથી યોગ' આવી વ્યુત્પત્તિ કરાય છે. તેથી 'તેનો મુખ્ય હેતુ બનતો વ્યાપાર એ યોગ' આવું લક્ષણ મળે છે.

ટીકાર્થ : 'યોગ' શબ્દની લોકમાં અને પ્રવચનમાં 'મોક્ષની સાથે યોજી (=જોડી) આપે તે યોગ' આ રીતે જ વ્યુત્પત્તિ કરાય છે. તેથી આ યોગનું, 'તેના=મોક્ષના મુખ્ય હેતુભૂત વ્યાપાર[1] એ યોગ' આવું લક્ષણ છે, નિરુક્તિથી =વ્યુત્પત્તિથી મળતો અર્થ પણ જો અતિપ્રસક્ત થતો ન હોય તો લક્ષણરૂપ બનવામાં કોઈ વાંધો હોતો નથી.

વિવેચન : કેવલજ્ઞાન, ક્ષાયિકસમ્યક્ત્વ અને ક્ષાયિકચારિત્રરૂપ પ્રકૃષ્ટજ્ઞાનાદિ ત્રણ એ સ્વયં મોક્ષરૂપ છે. મતિજ્ઞાન વગેરેરૂપ અપકૃષ્ટજ્ઞાનાદિ ત્રણ નિર્જરાત્મક મોક્ષના જનક છે. માટે તેના આચારોનું પાલન કરવારૂપ ધર્મક્રિયા મુખ્યહેતુભૂત હોવાથી 'યોગ' છે.

જો કોઈ પ્રતિબંધક ન હોય, તો ધર્મક્રિયારૂપ સદાચાર જીવને ક્રોધાદિ ઔદયિક ભાવોમાંથી ક્ષમાદિ ક્ષાયોપશમિક ભાવોમાં લઈ જાય છે. ને એમાં પણ ઉત્તરોત્તર આગળ વધતાં ક્ષાયોપશમિક ભાવમાંથી ક્ષાયિક ભાવમાં લઈ જાય છે. બધા ક્ષાયિક ભાવોનો સરવાળો એ જ મોક્ષ છે. આમ ધર્મક્રિયા જીવને ગુણની સાથે ને પરંપરાએ મોક્ષની સાથે જોડી આપે છે. અસદાચાર જીવને ક્ષાયોપશમિકમાંથી ઔદયિકભાવમાં લઈ જાય છે એ જાણવું. અભવ્યત્વ-અચરમાવર્ત વગેરે પ્રતિબંધક હોય તો સદાચાર ગુણોત્પાદક બની શકતો નથી.

---

1. શબ્દશઃ વિવેચનકારના, સરળ પદાર્થોને પણ ક્લિષ્ટ કરી નાખતા ક્ષયોપશમને ધન્યવાદ (!) 'મોક્ષના મુખ્યહેતુભૂતવ્યાપાર(=ધર્મક્રિયા) એ યોગ' આવી સરળ વાત છે. આ પંડિત, જીવના ચરમાવર્તવર્તી ભવ્યત્વને મોક્ષના મુખ્ય હેતુ તરીકે લે છે (ગ્રન્થના કયા શબ્દો પરથી આ અર્થ મળ્યો એ તો એમના જેવા પંડિત (!) જ જણાવી શકે.) અને પછી એના જનક વ્યાપારને વ્યવહારનયથી યોગ કહે છે. (સમાસવિગ્રહ કઈ રીતે કરવાનો ? એ પણ તેઓ જ જણાવી શકે.) પણ આગળ બીજા શ્લોકમાં અમુખ્ય તરીકે અભવ્ય-દૂરભવ્યની ક્રિયાનો વ્યવચ્છેદ કહ્યો છે, એમના અભવ્યત્વ-ભવ્યત્વનો નહીં, એ જ સૂચવે છે કે મુખ્ય હેતુ તરીકે પણ ક્રિયા જ અભિપ્રેત છે, ભવ્યત્વ નહીં.

मुख्यत्वं चान्तरङ्गत्वात् फलाक्षेपाच्च दर्शितम् ।
चरमे पुद्गलावर्ते यत एतस्य सम्भवः ।। २ ।।

मुख्यत्वं चेति । मुख्यत्वं चान्तरङ्गत्वात् = मोक्षं प्रत्युपादानत्वात् **फलाक्षेपात्** = फलजननं प्रत्यविलम्बात् **च दर्शितं** प्रवचने, **यतो** = यस्माच्चरमे **पुद्गलावर्ते एतस्य** योगस्य **सम्भवः** । इत्थं ह्यभव्य-दूरभव्यक्रियाव्यवच्छेदः

शंका : गच्छतीति गौः આ રીતે 'ગો' શબ્દ બન્યો છે. અર્થાત્ ગમનક્રિયા એ ગાયનું વ્યુત્પત્તિનિમિત્ત છે. પણ એ જેમ ગાયના લક્ષણ તરીકે કહી શકાતું નથી એમ 'યોગ' શબ્દના વ્યુત્પત્તિનિમિત્તને પણ યોગના લક્ષણ તરીકે શી રીતે કહી શકાશે ?

સમાધાન : ગમનક્રિયા તો અશ્વાદિમાં અતિવ્યાપ્ત છે, માટે લક્ષણ તરીકે ન લઈ શકાય એ વાત બરાબર છે. મોક્ષમુખ્યહેતુવ્યાપારત્વ.. કાંઈ એ રીતે અતિપ્રસક્ત થતું નથી, કે જેથી એને લક્ષણ બનવામાં કોઈ દોષ આવે. ॥ ૧ ॥ (હેતુમાં મુખ્યત્વ શા કારણે આવે છે ? ને ક્યારે આવે છે ? એ જણાવે છે-)

ગાથાર્થ : અંતરંગત્વ અને ફળાક્ષેપ.. આ બે કારણે મુખ્યત્વ કહેવાયેલું છે, કારણ કે ચરમપુદ્ગલાવર્તમાં જ આનો સંભવ છે.

ટીકાર્થ : અને મુખ્યત્વ અંતરંગત્વના કારણે=મોક્ષપ્રત્યે ઉપાદાનત્વના કારણે, તથા ફળાક્ષેપના કારણે= ફળજનન પ્રત્યે અવિલંબના કારણે, પ્રવચનમાં કહેલ છે, કારણ કે ચરમપુદ્ગલાવર્તમાં આ યોગનો સંભવ હોય છે. આ રીતે અભવ્ય અને દૂરભવ્યની ક્રિયાનો વ્યવચ્છેદ થાય છે. કારણ કે એકની (=અભવ્યની) ક્રિયા ઉપાદાનરૂપ નથી અને બીજાની (=દૂરભવ્યની) ક્રિયામાં ફળનો વિલંબ છે. આ વાત ધ્યાનમાં રાખવી.

વિવેચન : ક્રિયા ક્રિયાવાન્ દ્રવ્યથી કથંચિદ્ અભિન્ન હોય છે. એટલે ધર્મક્રિયા પણ ધર્મક્રિયા કરનારા જીવથી કથંચિદ્ અભિન્ન હોય છે. વળી ભવ્યજીવ સ્વયં સર્વગુણમયમોક્ષરૂપે પરિણમે છે. એટલે કે એ મોક્ષનું ઉપાદાનકારણ છે. માટે એનાથી અભિન્ન એવી એની ધર્મક્રિયા પણ મોક્ષનું ઉપાદાન બને છે, ને તેથી એ મોક્ષનું અંતરંગ કારણ છે. અભવ્યજીવ ક્યારેય મોક્ષરૂપે પરિણમતો નથી. એટલે એ મોક્ષપર્યાયનું ઉપાદાન ન હોવાથી એની ધર્મક્રિયા પણ ઉપાદાન બનતી નથી, ને તેથી અંતરંગ હેતુ ન હોવાથી મુખ્ય હેતુ બનતી નથી.

વળી ભવ્યજીવ પણ જો અચરમાવર્તમાં રહ્યો હોય તો એના ધર્મઆચારને યોગરૂપે કહેવો નથી. તેથી ક્રિયામાં ફળ પ્રત્યે અવિલંબરૂપે પણ મુખ્યત્વ કહ્યું છે. અચરમાવર્તવર્તી જીવની ધર્મક્રિયા મોક્ષાત્મક ફળજનન પ્રત્યે વિલંબ ધરાવે છે, માટે મુખ્ય ન હોવાથી 'યોગ' નથી. જો કે આગળ ૧૩મી બત્રીશીમાં અચરમાવર્તવર્તી જીવની ધર્મક્રિયાને મોક્ષોપાયનું મલન કરનારી કહી છે. એટલે એ પરિપ્રેક્ષ્યમાં તો એ વિલંબે પણ મોક્ષજનિકા નથી એ જાણવું.

જે આંતરિકભાવોત્પાદક હોય કે એવા ભાવથી સહકૃત હોય તે મુખ્ય હેતુ કહેવાય છે. જ્યાં આંતરિકભાવ ઉપેક્ષિત હોય, અથવા એ ભાવથી વિપરીતભાવ હોય તો એ ધર્મક્રિયા અહેતુ કહેવાય છે. તે તે ધર્મક્રિયાકાળે આંતરિકભાવ કેવા જોઈએ એ અજ્ઞાત હોય તો એ પ્રવૃત્તિ ગૌણહેતુ કહેવાય છે એ જાણવું.

અચરમાવર્તમાં બાહ્ય ધર્મ હોય, અંતરંગ ધર્મ ન હોય. અચરમાવર્તમાં થતી ધર્મક્રિયા પુણ્યહેતુ બને જ છે, પણ ગુણહેતુ ન બનતી હોવાથી મોક્ષનું કારણ પણ નથી બનતી. અંતરંગ ધર્મ હોય તે ગુણહેતુ બનવા દ્વારા મોક્ષહેતુ બને છે, વળી એ પણ પુણ્યહેતુ તો હોય છે જ.

कृतो भवति, एकस्या मोक्षानुपादानत्वादन्यस्याश्च फलविलम्बादिति ध्येयम् ।। २।।

न सन्मार्गाभिमुख्यं स्यादावर्तेषु परेषु तु ।
मिथ्यात्वच्छन्नबुद्धीनां दिङ्मूढानामिवाङ्गिनाम् ।। ३।।

नेति । स्पष्टः ।। ३।।

तदा भवाभिनन्दी स्यात्सञ्ज्ञाविष्कम्भणं विना ।
धर्मकृत् कश्चिदेवाङ्गी लोकपङ्क्तौ कृतादरः ।।४।।

तदेति । **तदा** = अचरमेष्वावर्तेष्वङ्गी = प्राणी (**भवाभिनन्दी स्यात्** । अत एव तदा) **सञ्ज्ञाविष्कम्भणं**

शंका : પુણ્યને પણ ઉપાદેય કહેલ છે. એટલે જો અચરમાવર્તવર્તી જીવની ધર્મક્રિયા પુણ્યહેતુ બને છે તો એ જીવોને ઉપદેશ માટે યોગ્ય કેમ નથી કહ્યા ?

સમાધાન : એમની ધર્મક્રિયા મોક્ષમાર્ગરૂપ બની શકતી નથી, માટે.

શંકા : છતાં પુણ્ય ઉપાદેય છે, ને તેથી એનું કારણ બનનારી એમની ધર્મક્રિયા પણ ઉપાદેય તો માનવી જ પડશે ને ?

સમાધાન : જે પુણ્ય એક બે ભવમાં પણ પુણ્યાનુબંધી પુણ્યનું, સદ્‌ગુરુ વગેરેના યોગનું, કે આંતરિક ભાવનું કારણ બનતું નથી, એ ઉપાદેય નહીં, પણ ઉપેક્ષણીય ગણાય છે. મુખ્ય વાત એ છે કે પ્રવચન=શ્રીજૈન શાસન મોક્ષ માટે છે. એટલે પ્રવચનમાં ઉપાદેય વગેરે જે વિભાગો દર્શાવવામાં આવ્યા છે, તે મોક્ષની અપેક્ષાએ જ છે. માટે અચરમાવર્તવર્તી જીવની ધર્મક્રિયાઓ ઉપાદેય નથી, યોગરૂપ નથી. તેમ છતાં એમની એ ધર્મપ્રવૃત્તિ નિષિદ્ધ નથી એ જાણવું. એટલે જ અન્યગ્રન્થમાં અનંતા ઓઘાને પણ નિષ્ફળ નથી કહ્યા, પણ સંખ્યાપૂરક તરીકે સાર્થક કહ્યા છે.

આમ, હેતુને બે રીતે મુખ્ય કહેવા દ્વારા અભવ્યની ધર્મક્રિયાની અને દૂરભવ્યની ધર્મક્રિયાની યોગમાંથી બાદબાકી કરી. આમાંથી અભવ્યક્રિયા મોક્ષનું અનુપાદાન હોવાથી અને દૂરભવ્યક્રિયા ફળપ્રત્યે વિલંબિત હોવાથી એ બંનેની ધર્મક્રિયા 'યોગ' રૂપ નથી બનતી એ જાણવું. ॥ ૨ ॥

ગાથાર્થ: દિઙ્મૂઢ થયેલા જીવો જેમ વાસ્તવિક માર્ગને સન્મુખ થઈ શકતા નથી, એમ અન્ય(=અચરમ) પુદ્‌ગલાવર્તમાં રહેલા જીવો, તેમની બુદ્ધિ મિથ્યાત્વથી આચ્છાદિત હોવાથી સન્માર્ગને અભિમુખ થઈ શકતા નથી.

ટીકાર્થ: ગાથાર્થ સ્પષ્ટ છે.॥૩॥ (જીવ અચરમાવર્તમાં કેવો હોય છે ? એ જણાવે છે)

ગાથાર્થ: ત્યારે જીવ ભવાભિનંદી હોય છે. એમાંનો કોક જ જીવ ક્યારેક લોકપંક્તિનો આદર કરનારો બનીને સંજ્ઞાઓનું વિષ્કંભણ=અટકાયત કર્યા વિના, ધર્મ કરતો હોય છે.

ટીકાર્થ: ત્યારે=અચરમાવર્તમાં, અંગી=પ્રાણી=જીવ ભવાભિનંદી હોય છે. એટલે જ ત્યારે આહારાદિ સંજ્ઞાના ઉદયને અટકાવ્યા વિના, લોકપંક્તિમાં=લોકોના જેવા બન્યા રહેવાની લાગણીમાં આવીને કોઈક જ જીવ ધર્મ કરનારો બને છે. એટલે કે લૌકિક-લોકોત્તર પ્રવ્રજ્યાદિ ધર્મ કરનારો બને છે.

= आहारादिसञ्ज्ञोदयवञ्चनलक्षणं **विना कश्चिदेव धर्मकृत्**=लौकिक-लोकोत्तर-प्रव्रज्यादिधर्मकारी । **लोकपङ्क्तौ**=लोकसदृशभावसम्पादनरूपायां **कृतादरः**=कृतयत्नः **स्यात्** ।। ४।।

क्षुद्रो लोभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ।।५।।

विवेचन : આમાં સંજ્ઞાઓનું વિષ્કંભણ એટલે આહારાદિ સંજ્ઞાના ઉદયની વંચના કરવી એ. એ ત્રણ રીતે થાય છે. અનુદય, ઉદયપ્રાપ્તનું નિષ્ફળીકરણ અને પશ્ચાત્તાપ. સંજ્ઞાઓનું આવું વિષ્કંભણ અચરમાવર્તમાં હોતું નથી, કારણ કે ભવાભિનંદી જીવને સંજ્ઞાની પરવશતા જ ઇષ્ટ હોય છે, પછી એનું વિષ્કંભણ શી રીતે કરે ?

પ્રશ્ન : જો સંજ્ઞાનું વિષ્કંભણ નથી, તો ધર્મ થાય જ શી રીતે ? પરિગ્રહસંજ્ઞાના નિગ્રહ વિના દાનધર્મ શું થઈ શકે ? આહારસંજ્ઞાના નિગ્રહ વિના તપધર્મ શું થઈ શકે ?

ઉત્તર : સાચી વાત છે. પણ ભવાભિનંદી જીવ આ રીતે આહારાદિ સંજ્ઞાનો નિગ્રહ જે કરતો હોય છે, તે એને 'આહારાદિસંજ્ઞાઓ આત્માને નુકશાનકર્તા છે, માટે ત્યાજ્ય છે' આવું સંવેદાયું છે, માટે નહીં, પણ લોકપંક્તિનો આદર કરનારો બન્યો હોવાથી એ લૌકિક દાનાદિધર્મ કે લોકોત્તર પ્રવ્રજ્યાદિ ધર્મ પણ આચરે છે. લોકપંક્તિનો આદર કરવો એટલે લોકોથી જુદા ન પડી જવાય એ માટે બધા કરતાં હોય એમ સ્વયં પણ કરવું. આ લોકપંક્તિ કહેવાય છે. એટલે બધા દાન આપતા હોય ને પોતે ન આપે તો સારું ન લાગે. માટે પોતે પણ આપે. આવું જ અન્યધર્મપ્રવૃત્તિઓ માટે પણ જાણવું. જેના દિલમાં અધિકૃત ધર્મઆચારની મહત્તા નહીં, પણ લોકની મહત્તા હોય તે લોકપંક્તિકૃતાદર કહેવાય.(=લોકપંક્તિનો આદર કરનારો કહેવાય). મહત્તા પ્રતિક્રમણની નથી, પણ લોકની છે. એટલે લોકો બેઠા બેઠા પ્રતિક્રમણ કરતા હોય તો પોતે પણ બેઠા બેઠા કરે. જેના દિલમાં અધિકૃત આચારની મહત્તા હોય, લોકોની નહીં, તે લોકપંક્તિકૃતાદર બનતો નથી, પણ લોકથી જુદો પડે. બધા બેઠા બેઠા પ્રતિક્રમણ કરતા હોય તો પણ પોતે ઊભા ઊભા કરે. એમાં શરમ સંકોચ ન અનુભવે.

અચરમાવર્તવર્તી જીવોને જો કોઈ શરાબપાન-માંસભક્ષણ વગેરે પાપની મહત્તા અંકાઈ જાય, તો લોકથી અલગ પડીને પણ એ શરાબપાન વગેરે કરે છે. એટલે એ પાપ આચરણમાં લોકપંક્તિકૃતાદર ન પણ હોય. પણ ધર્મ આચરણમાં તો એ એવો હોય જ છે. ચરમાવર્તવર્તી ધર્માત્મા પાપાચરણમાં લોકપંક્તિકૃતાદર હોઈ શકે, પણ ધર્મમાં નહીં, એટલે કે પાપની ઇચ્છા ન હોવા છતાં પણ સેવે. તે પણ લોકને આવર્જિત કરવા નહીં, પણ લોક ચિત્તના અવિરોધ માટે, એ જાણવું. ॥ ४॥ (ભવાભિનંદી જીવના લક્ષણ જણાવે છે-)

ગાથાર્થ : ભવાભિનંદી જીવ ક્ષુદ્ર, લોભરતિ, દીન, મત્સરી, ભયવાન્, શઠ, અજ્ઞ અને નિષ્ફળારંભસંગત હોય છે.

ટીકાર્થ : ભવાભિનંદી='અસાર એવો પણ આ સંસાર દહીં-દૂધ-પાણી-તાંબુલ-પણ્ય-વેશ્યા વગેરેના કારણે જાણે કે સારવાળો જણાય છે' વગેરે વચનો દ્વારા સંસારને અભિનંદવાના સ્વભાવવાળો જીવ. ક્ષુદ્ર=કૃપણ. લોભરતિ=યાંચાશીલ. દીન=સદૈવઅદૃષ્ટકલ્યાણ. મત્સરી=પરના કલ્યાણમાં દુઃખી. ભયવાન્=હંમેશા ભયભીત. શઠ=માયાવી, અજ્ઞ=મૂર્ખ અને નિષ્ફળારંભસંગત=બધે જ અતત્ત્વનો અભિનિવેશ હોવાના કારણે નિષ્ફળ ક્રિયાવાળો હોય છે.

क्षुद्र इति । **क्षुद्रः** = कृपणः । **लोभरतिः**=याञ्चाशीलः । **दीनः**=सदैवादृष्टकल्याणः । **मत्सरी** = परकल्याणदुःस्थितः । **भयवान्** = नित्यभीतः । **शठो** = मायावी । **अज्ञो** = मूर्खः । भवाभिनन्दी = *'असारोऽप्येष*

विवेचन : ભવ એટલે સંસાર. તેથી ભવાભિનંદી એટલે સંસારને અભિનંદનશીલ. જે સુખાનુભવ કરાવે એને જીવ અભિનંદતો હોય છે. સંસારમાં પુદ્ગલ સુખાનુભવ કરાવે છે. તેથી એ જીવો પુદ્ગલને અભિનંદે છે. સંસારમાં જીવને જેમ પૌદ્ગલિક સુખ મળે છે, એમ એના પરિણામે દારુણ દુઃખો પણ આવી જ પડે છે. આમ સુખ દુઃખ બંને હોવા છતાં આ જીવો સુખની જ મહત્તા માનનારા હોય છે, દુઃખને ગૌણ કરનારા હોય છે. ગમે એવી ભયંકર યાતનાઓ વેઠવી પડે તો પણ ''ભાઈ ! સુખ જોઈતું હોય તો થોડું દુઃખ વેઠવું પણ પડે''.. આમ એક કણ જેટલા સુખની સામે એક મણ જેટલા દુઃખને પણ એ ગૌણ કરનારો હોય છે, આટલી બધી પૌદ્ગલિક સુખની મહત્તા એના દિલમાં અંકાયેલી હોય છે. એટલે ગમે તેવા દુઃખો વેઠવાનો અવસર આવે તો પણ એને સંસાર પર કંટાળો ક્યારેય સંવેદાતો નથી. જેમ મોક્ષાર્થી જીવને મોક્ષનું આત્મિકસુખ મળતું હોય તો ગમે તેવા ઘોર ઉપસર્ગો પણ કાંઈ વિસાતમાં લાગતા નથી એમ આ જીવને પૌદ્ગલિક સુખ સામે ગમે તેવા કષ્ટો / દુઃખો કાંઈ વિસાતમાં લાગતા નથી. એટલે જેમ મોક્ષાર્થી જીવ આત્માનંદી હોય છે એમ ભવાભિનંદી જીવ પુદ્ગલાનંદી હોય છે.

(૧) क्षुद्र : ક્ષુદ્ર એટલે કૃપણ=દિલની ઉદારતા - વિશાળતા વિનાનો. પૌદ્ગલિક સુખની કેટલીક ખાસિયતો છે. બીજાનું ખાલી થઈને પોતાને મળે છે, બીજાનું ઓછું હોય તો જ પોતાનું સુખરૂપે અનુભવાય છે (નહીંતર ઈર્ષ્યા કોરી ખાય), તૃપ્તિ નહીં-અતૃપ્તિ વધારનારું હોવાથી ઓછું થાય એ તો કોઈપણ હાલતમાં પોષાય નહીં.. આ વાસ્તવિકતાના કારણે ભવાભિનંદીમાં ક્ષુદ્રતાવગેરે દોષો આવે છે. આ જ કારણે એ માત્ર સ્વાર્થને જ જોનારો હોય છે. પોતાની પાછળ પ્રાણ આપી દે એવી વ્યક્તિનો પણ એ તો માત્ર પોતાનો સ્વાર્થ સાધી લેવા માટે જ ઉપયોગ કરનારો હોય છે અને તેથી જ ઘવાતા સ્વાર્થને રોકવા કે વધારે સ્વાર્થને સાધવા આવી પ્રેમાળવ્યક્તિનો પણ એ ભયંકર દ્રોહ કરવા તૈયાર થઈ જાય છે. આમ એ સ્વાર્થપ્રધાન હોવાથી દિલનો પ્રેમ કોઈને આપી શકતો નથી. ગુણ કોઈના ગાઈ શકતો નથી.

દિલમાં પૌદ્ગલિક સ્વાર્થને અતિઅતિમહત્ત્વ આપેલું હોવાના કારણે દયા, પરોપકાર, કૃતજ્ઞતા, લોકલાજ વગેરેને કોઈ અવકાશ જ રહેતો નથી. વળી ક્ષુદ્ર એટલે બિચારો એવો પણ અર્થ કરી શકાય છે. શક્તિ હોવા છતાં સન્માર્ગે ખર્ચી શકતો નથી, બુદ્ધિ હોવા છતાં સન્માર્ગને વિચારી શકતો નથી, માટે એ 'બિચારો' છે.

ક્ષુદ્રતાના કારણે દિલની તુચ્છતા છે. નાની-મામુલી વાતમાં પણ રતિ-અરતિ-ભયભીતતા થાય, અન્યની નાની ભૂલ - દોષ વગેરે પર તિરસ્કાર-જુગુપ્સા જાગે.. આવી બધી પરિસ્થિતિવાળો હોય છે. આવી પરિસ્થિતિ હાસ્યાદિ છ નોકષાયોના ઉદયથી થાય છે એ જાણવું.

(૨) लोभरति : લોભપૂર્વકની રતિ.. આના કારણે એ જીવ યાંચાશીલ=માગણિયો બને છે. પૌદ્ગલિક વિષયોને મેળવવા, સંઘરવા અને રક્ષવા એ જ લક્ષ્ય.. એમાં કોઈ શરમ નહીં, પોતાના માન-સ્થાન-ગૌરવનો કશો વિચાર નહીં, દીનતા કરવામાં કોઈ અફસોસ નહીં. મળે તો અપૂર્વ રતિ.. ન મળે તો ભારે અરતિ. માટે આ દોષ રતિ-અરતિના ઉદયે થાય છે.

(૩) दीनः દીન એટલે સદૈવ અદૃષ્ટકલ્યાણ... એટલે કે ક્યારેય કલ્યાણને જોનારો-અનુભવનારો નહીં.

संसारः सारवानिव लक्ष्यते । दधि-दुग्धाऽम्बु-ताम्बूल-पण्य-पण्याङ्गनादिभिः ।।" इत्यादिवचनैः

પુદ્ગલપ્રધાન દૃષ્ટિ હોવાથી ન મળ્યું હોય ત્યારે તો દીનતા હોય છે, પણ મળવા પર પણ ચોરાઈ જવા વગેરેના ભય -ચિંતાના કારણે આનંદ માણી શકતો નથી. તેથી સદૈવ અદૃષ્ટકલ્યાણ છે. પ્રસન્નતારૂપ કલ્યાણ સંતોષથી પ્રગટે છે. સંતોષ પૂર્ણ દૃષ્ટિ આવે ત્યારે અથવા અપ્રધાન દૃષ્ટિ આવે ત્યારે આવે છે. જે ભવાભિનંદીને સંભવિત નથી.

(૪) **મત્સરી :** પરકલ્યાણ દુઃસ્થિત. એટલે કે બીજાનું સુખ જોઈને દુઃખી થનારો અને બીજાના સુખમાં વિઘ્ન કરનારો, માનમોહનીયકર્મના ઉદયે સ્વનો ઉત્કર્ષ જ સુખપ્રદ લાગતો હોવાથી બીજાનું સારું ખમવાની ત્રેવડ હોતી નથી.

(૫) **ભયભીત :** નિત્યભીત.. ચોરાઈ જશે-છીનવાઈ જશે.. આવો ભય લાગ્યા જ કરે. ગમે તેવી સુખી-ઊંચી ઉપકારી વ્યક્તિ પ્રત્યે પણ 'આ મારું લઈ લેશે' એવા જ ભયથી પીડાયા કરતો હોય. આમાં ભયમોહનીયકર્મનો ઉદય હોય છે.

(૬) **શઠ :** પોતાના જ ઉત્કર્ષ-અનુકૂળતા વગેરેને સાચવવા માટે ગમે તેવી માયા આચરવામાં એને છોછ હોતો નથી. કોઈના પ્રત્યે એ સરળ બની શકતો નથી. આ માયા મોહનીયના ઉદયથી થયેલો દોષ છે.

(૭) **અજ્ઞ :** અજ્ઞ એટલે મૂર્ખ... પરિણામનો વિચાર કરવાની ન તૈયારી હોય, ન ક્ષમતા હોય. પુદ્ગલનો આનંદ મળી ગયો.. ભયો ભયો.. પછી એના પરિણામને જાણવાની, અંશમાત્ર પણ જિજ્ઞાસા-આતુરતા હોતી નથી. એટલે જ્ઞાનાવરણનો ક્ષયોપશમ પણ ન થવાથી એની ક્ષમતા પણ હોતી નથી. પરિણામ પ્રત્યેની ઘોર ઉપેક્ષા રાગાન્ધતા-દ્વેષાન્ધતાજન્ય હોવાથી આ દોષ અનંતાનુબંધીના ઉદયે થયેલો જાણવો.

(૮) **નિષ્ફળારંભસંગત :** એટલે કે વંધ્યક્રિયાવાળો. એની કોઈપણ ક્રિયાનું એને પુણ્યાનુબંધી પુણ્ય, ગુણપ્રાપ્તિ, મોક્ષ (નિર્જરા) વગેરેરૂપ વિશિષ્ટશુભફળ ક્યારેય મળતું નથી, માટે એ વન્ધ્ય ક્રિયાવાળો હોય છે.

દુઃખ આવે તો એ નિર્જરાફલક બનતું નથી. સુખ આવે તો એમાં ત્યાગ, સદુપયોગ કે અનાસક્તિરૂપ શુભફળ હોતું નથી. અનુકૂળ સંયોગ-સામગ્રી મળે તો પણ આત્મસાધનારૂપ ફળ મળતું નથી. તથા એના બધા વાણી-વિચાર-વર્તન અતત્ત્વના અભિનિવેશવાળા જ હોય છે. આવી બધી પરિસ્થિતિનું મૂળ છે અતત્ત્વદૃષ્ટિ. પુદ્ગલદૃષ્ટિ એ અતત્ત્વદૃષ્ટિ છે. સિદ્ધસ્વરૂપની માન્યતાવાળી શુદ્ધ આત્મદૃષ્ટિ કે ગુણદૃષ્ટિ એ તત્ત્વદૃષ્ટિ છે.

નિર્મળ સમ્યગ્દર્શનવાળા જીવની કે તીવ્ર ક્ષયોપશમ ધરાવતા દેશવિરતિધર-સર્વવિરતિધર જીવની સારીક્રિયા તો નિર્જરાફલક ને ગુણપ્રાપક હોય જ છે. પણ એની નરસી ક્રિયા પણ પશ્ચાત્તાપ સહકૃત થઈને નિશ્ચયનયે નિર્જરાફલક બનતી હોય છે. અપુનર્બન્ધક તથા મંદક્ષયોપશમ ધરાવતા સમ્યક્ત્વી, દેશવિરત કે સર્વવિરત જીવની સારી પ્રવૃત્તિ નિર્જરાફલક ને ગુણપ્રાપક હોય છે=ક્ષયોપશમને નિર્મળ કરનારી હોય છે. પણ નરસી પ્રવૃત્તિ મુખ્યતયા એવી હોતી નથી. અપેક્ષાએ બંધકારક ને દોષકારક=ક્ષયોપશમને મલિન કરનારી હોય છે. જ્યારે અચરમાવર્તવર્તી જીવની તો સારી કે નરસી.. બધી જ પ્રવૃત્તિ નિષ્ફળ હોય છે, કારણ કે અતત્ત્વના અભિનિવેશવાળી હોય છે. આ અતત્ત્વનો અભિનિવેશ મિથ્યાત્વ મોહનીયના ઉદયના કારણે હોય છે.

ભવાભિનંદી જીવના કહેલા આ આઠે દોષો અચરમાવર્તમાં હોય જ છે. ને આનાથી વૈપરીત્ય=અક્ષુદ્રતા વગેરે ગુણો ક્યારેય હોતા નથી. ક્યારેક એ જોવા મળે તો એ સ્વાર્થ સાધી લેવાના નિમિત્તે જ હોય. 'લાલો

संसाराभिनन्दनशीलः **स्याद्** = भवेत्, **निष्फलारम्भसङ्गतः** सर्वत्रातत्त्वाभिनिवेशाद्वन्ध्यक्रियासम्पन्नः ।।५।।

लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना ।
क्रियते सत्क्रिया सा च लोकपङ्क्तिरुदाहृता ।। ६।।

लोकेति । लोकाराधनहेतोः = लोकचित्तावर्जननिमित्तं **या मलिनेन** = कीर्तिस्पृहादिमालिन्यवताऽन्तरात्मना

લાભ વિના લોટે નહીં' આ કહેવત બરાબર લાગુ પડતી હોય. એટલે અક્ષુદ્રતા વગેરે જોવા મળે ત્યાં પણ ભવાભિનંદીજીવનું પ્રણિધાન તો સ્વાર્થનું જ હોય છે. અચરમાવર્તમાં આવા દોષોની સાહજિક યોગ્યતા હોય છે. અર્થાત્ દોષો સ્વાભાવિક હોય છે. એમાં કર્મોદયનો પ્રભાવ ગૌણ હોય છે. વળી, દોષો સ્વાભાવિક છે, એટલે પુરુષાર્થની પણ કોઈ અસર હોતી નથી. કોરડું મગ.. ગમે એટલું બાફો તો પણ સીઝે નહીં-આવી હાલત હોય છે. માટે વચનૌષધના પ્રયોગ માટે એને અયોગ્યકાળ કહ્યો છે. તેથી અચરમાવર્તમાં ભવિતવ્યતા મુખ્ય હોય છે.

ચરમાવર્તમાં આ દોષોની સ્વાભાવિક તીવ્રતા હોતી નથી. કર્મવિશેષકૃત (=અમુક પ્રકારના કર્મોથી કરાયેલી) આગંતુક-તત્કાલીન તીવ્રતા હોઈ શકે છે. કર્મવિશેષકૃત આવી તીવ્રતાને ધર્મક્રિયારૂપ ઔષધ દૂર કરી શકે છે. તેથી વચનૌષધ માટે આ યોગ્યકાળ છે. તથા આ કારણે જ ચરમાવર્તમાં કર્મ અને પુરુષાર્થ મુખ્ય હોય છે. (કર્મોદયથી દોષ તીવ્ર બને તો કર્મની મુખ્યતા.. અને એ વખતે જીવ સત્પુરુષાર્થ દ્વારા કર્મોને મોળા પાડે અને દોષને અતીવ્ર બનાવે તો પુરુષાર્થની મુખ્યતા.) ભવાભિનંદીજીવોના આ દોષો સ્વાભાવિક સંસ્કારરૂપ અને પ્રણિધાનરૂપ હોય છે. ॥ ૫ ॥ (લોકપંક્તિ શું છે ? એ જણાવે છે -)

ગાથાર્થ : લોકને આરાધવા માટે મલિનઅંતરાત્માથી જે સત્ક્રિયા કરાય છે તે લોકપંક્તિ કહેવાયેલી છે.

ટીકાર્થ : લોકના ચિત્તને આવર્જિત કરવા માટે કીર્તિની સ્પૃહા વગેરેરૂપ મલિનતાવાળા ચિત્તરૂપ અંતરાત્માથી જે શિષ્ટસમાચરણરૂપ સત્ક્રિયા કરાય છે, તે યોગશાસ્ત્રના જાણકારો વડે યોગનિરૂપણના અવસરે લોકપંક્તિ કહેવાયેલી છે.

વિવેચન : ભવાભિનંદી જીવને ક્ષુદ્રતા વગેરે દોષોના અશુભ સંસ્કારો જ હોય છે, તથા એનું જ પ્રણિધાન હોય છે. માટે એનો અંતરાત્મા મલિન હોય છે. અંતરાત્મા જ જો મલિન છે તો સત્ક્રિયાની રુચિ થઈ જ શી રીતે શકે ? તેમ છતાં લોકથી અલગ ન પડી જવાય.. એવા ઇરાદાથી એ સત્ક્રિયા કરે છે. આમ લોકની આરાધના માટે કરાતી સત્ક્રિયા લોકપંક્તિ કહેવાય છે.

શંકા : ભવાભિનંદીજીવને કીર્તિની સ્પૃહા, દેવલોકાદિની સ્પૃહા સંભવે છે... આ ઇહ-પરલોકસંબંધી સ્પૃહા પણ અંતરાત્માની મલિનતા છે. એટલે લોકઆરાધન માટે ન હોય, પણ આ ભૌતિક સુખઆરાધન માટે પણ સત્ક્રિયા હોય ને ?

સમાધાન : હા હોય, લોકઆરાધન જે કહ્યું છે એના ઉપલક્ષણથી આ ભૌતિકસુખઆરાધન પણ સમજી લેવું. છતાં ઘણું ખરું લોકારાધન દૃષ્ટિ હોય છે, માટે એનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો છે.

શંકા : તદ્ધેતુઅનુષ્ઠાનવાળાને મોક્ષની ઇચ્છા છે નહીં.. એટલે અન્ય ઇચ્છા તરીકે ક્યારેક લોકારાધનદૃષ્ટિ પણ હોઈ શકે. તો એ પણ લોકપંક્તિ કહેવાય ને ?

चित्तरूपेण **क्रियते सत्क्रिया** शिष्टसमाचाररूपा **सा च** योगनिरूपणायां **लोकपङ्क्तिरुदाहृता** योगशास्त्रज्ञैः ।।६।।

महत्यल्पत्वबोधेन विपरीतफलावहा ।
भवाभिनन्दिनो लोकपङ्क्त्या धर्मक्रिया मता ।।७।।

महतीति । **महति** = अधरीकृतकल्पद्रु-चिन्तामणि-कामधेनौ धर्मेऽल्पत्वबोधेन = अतितुच्छ-कीर्त्यादिमात्रहेतुत्वज्ञानेन **विपरीतफलावहा** = दुरन्तसंसारानुबन्धिनी **भवाभिनन्दिनो** जीवस्य **लोकपङ्क्त्या धर्मक्रिया मता** । नात्र केवलमफलत्वमेव किन्तु विपरीतफलत्वमिति भावः।।७।।

धर्मार्थं सा शुभायापि धर्मस्तु न तदर्थिनः ।
क्लेशोऽपीष्टो धनार्थं हि क्लेशार्थं जातु नो धनम् ।।८।।

धर्मार्थमिति । **धर्मार्थं** = सम्यग्दर्शनादिमोक्षबीजाधाननिमित्तं **सा** = लोकपङ्क्तिर्दानसन्मानोचित-सम्भाषणादिभिश्चित्रैरुपायैः **शुभाय** = कुशलानुबन्धाया**पि** । **धर्मस्तु तदर्थिनो** = लोकपङ्क्त्यर्थिनो **न शुभाय**,

---

समाधान : हा, लोकपंक्ति कहेवाय. पण आंतरिक योग्यता होवाना कारणे એ लोकपंक्ति બહારની=ઉપરઉપરની होय छे. आम लोकपंक्ति બાह्यकक्षानी होवाथी अप्रधान=गौण होय छे. ॥ ૬ ॥ (ભવાભિનંદીની धर्मक्रियानुं ફળ જણાવે छे-)

गाथार्थ : ભવાભિનંદીની लोकपंक्तिथी करायेली धर्मक्रिया महानूमां अल्पताना बोधना कारणे विपरीत ફળાવહા कहेवायेली छे.

टीकार्थ -विवेचन : सामान्यथी धर्मात्मक सत्क्रिया कल्पवृक्ष-चिन्तामणिरत्न-कामधेनु.. वगेरे करतां पण अधिक होय छे. पण ભવાભિનંદીજીव आवी महिमावंती धर्मक्रिया करतां पण लोकने प्रधान करे छे. એટલે महानू धर्मक्रियामां अल्पत्वनो बोध होवाना कारणे એની धर्मक्रिया केवळ निष्ફળ જ બની રહે છે એમ નહીં, પણ विपरीत ફળાવહ બની રહે છે, दुरंतसंसारनो अनुबंध=परंपरा चलावनारी બની રહે છે. એટલે કે એટલા अनादिकाळमां संसारमां भोगववा योग्य कर्मना अनुबंध ઊભા करनारी બને છે. ॥ ૭ ॥ (लोकपंक्ति शुभ क्यारे બને ? -)

गाथार्थ : धर्म माटे थती लोकपंक्ति शुभ माटे पण थाय छे, पण तेना अर्थीनो धर्म तेवो थतो नथी. धन माटे क्लेश पण ઇष्ट छे, पण क्लेश माटे धन खरेખર ઇष्ट होतुं नथी.

टीकार्थ : धर्म माटे=अन्यमां सम्यग्दर्शनादिરૂप मोक्षबीजनुं आधान थाय એ माटे दान, सन्मान, ઉચિત वार्तालाप वगेरे विविध ઉપાયો वडे सधाती ते=लोकपंक्ति शुभ माटे=कुशलअनुबंध माटे पण थाय छे. पण तेना अर्थीनो=लोकपंक्तिना अर्थीनो धर्म शुभ माटे थतो नथी. कारण કે धनप्राप्ति माटे क्लेश पण मान्य छे. पण क्लेश माटे धन क्यारेय मान्य नथी. धनार्थी जीवो राजसेवादिना कष्ट ઊઠાવતા જોવા મળે જ છે, પણ 'धनना प्रभावे मने क्लेश थाओ' आवुं कोई ડાह्यो ઇच्छतो नथी. योगबिन्दु (૯૦)માં कह्युं छे कે-*प्रज्ञाशील*

हि = यतो **धनार्थं क्लेशोऽपीष्टः**, धनार्थिनां राजसेवादौ प्रवृत्तिदर्शनात् । **क्लेशार्थं जातु** = कदाचिद् **धनं न इष्टम्** । न हि "धनान्मे क्लेशो भवतु" इति कोऽपीच्छति प्रेक्षावान् । तदिदमुक्तं

"धर्मार्थं लोकपङ्क्तिः स्यात् कल्याणाङ्गं महामतेः ।
तदर्थं तु पुनर्धर्मः पापायाल्पधियामलम् ।।" (**योगबिन्दु**-९०)

तथा *'युक्तं जनप्रियत्वं शुद्धं सद्धर्मसिद्धिफलदमलं ।*
सद्धर्मप्रशंसनादेर्बीजाधानादिभावेन ।।" (**षोडशक**-४/७) इति ।। ८।।

अनाभोगवतः साऽपि धर्माऽहानिकृतो वरम् ।
शुभा तत्त्वेन नैकाऽपि प्रणिधानाद्यभावतः ।। ९।।

अनाभोगवत इति । **अनाभोगवतः** = सम्मूर्च्छनजप्रायस्य स्वभावत एव वैनयिकप्रकृतेः **साऽपि** =

પુરુષની ધર્મ માટે થતી લોકપંક્તિ કલ્યાણનું કારણ બને છે. પણ અલ્પબુદ્ધિ જીવ લોકપંક્તિ માટે જે ધર્મ કરે છે, તે પાપ માટે થાય છે. તથા ષોડશક (૪/૭) માં કહ્યું છે કે- શુદ્ધ એવું લોકપ્રિયત્વ સદ્ધર્મની સિદ્ધિસ્વરૂપ ફળને આપનારું છે, કારણ કે લોકપ્રિય જીવના સદ્ધર્મની લોકો પ્રશંસા કરે છે જેથી એ પ્રશંસક જીવોમાં બોધિબીજની વાવણી થાય છે.

विवेचन : ધર્માત્મા જો લોકપ્રિય ન હોય, ઉપરથી લોકમાં અપ્રિય હોય તો એ લોકોને સમ્યક્ત્વાદિરૂપ મોક્ષબીજાત્મક ધર્મ પમાડી શકતો નથી. એની અપ્રિયતા જ લોકોને એનાથી દૂર રાખે છે.. ક્યારેક સામે ચાલીને એ લોકની વચમાં જાય ને ધર્મ સમજાવવાનો પ્રયાસ કરે તો પણ, અપ્રિયતાના કારણે લોકદિલમાં એના માટે પેદા થયેલી સૂગ-વિરોધની લાગણી નથી એની વાત ધ્યાનથી સાંભળવા દેતી કે નથી એના પર વિચાર કરવા દેતી. પછી ધર્મપ્રાપ્તિ શી રીતે થાય ? વળી મોટે ભાગે લોકની આ અપ્રિયતા લોકનિન્દ્ય કાર્યોના કારણે કે લોકવિરોધના કારણે કે ક્રોધ-ભારે કૃપણતા વગેરે દોષના કારણે થયેલી હોય છે. એટલે સામાન્યથી લોકો એના આ નિન્દ્ય કાર્યો વગેરેને વખોડવાની સાથે એને અને એના ધર્મને પણ વખોડે છે. આ ધર્મનિન્દાના કારણે લોક બોધિદુર્લભ બને છે. પછી સાંભળવા-સમજવા છતાં બોધિ પ્રાપ્તિ થવી શક્ય રહેતી નથી. આના બદલે ધર્માત્મા જો લોકપ્રિય હોય તો લોકોના દિલમાં એના પ્રત્યે પ્રીતિ-આદર હોવાથી એની વાતો પ્રેમથી સાંભળે છે, સમજવાનો પ્રયાસ કરે છે અને એની વાત સ્વીકારવામાં ગૌરવ માને છે. તેથી તેઓને ધર્મપ્રાપ્તિ સંભવિત બને છે. એટલે ધર્માત્માએ લોકચિત્તને આરાધવું પણ જરૂરી બને છે. અને તેથી એ અવસરે લોકચિત્તની આરાધના માટે પણ દાનાદિ ધર્મ કરે છે. આ પણ લોકપંક્તિ જ છે. તેમ છતાં એ શુભાનુબંધ પાડનારી હોવાથી શુભ છે. ॥ ૮ ॥

ગાથાર્થ : ધર્મની હાનિ નહીં કરનારા એવા અનાભોગવાળા જીવની તે=લોકપંક્તિથી કરેલી ધર્મક્રિયા પણ સારી છે. તાત્ત્વિકરીતે, પ્રણિધાનાદિનો અભાવ હોવાથી એકે શુભ નથી.

टीकार्थ : અનાભોગવાળો=સંમૂર્ચ્છિમ જેવો અને સ્વભાવથી જ વિનયશીલ પ્રકૃતિવાળો જીવ ધર્મમાં રહેલા મહત્ત્વને યથાર્થ જાણતો જ ન હોવાથી ભવોત્કટેચ્છાનો અભાવ હોવાથી મોટામાં અલ્પતાની બુદ્ધિ ન હોવાના કારણે ધર્મની હાનિ કરનારો નીવડતો નથી. આવા જીવની લોકપંક્તિથી કરેલી ધર્મક્રિયા પણ બીજાની

लोकपङ्क्त्या धर्मक्रियाऽपि **धर्महानिकृतो** = धर्मे महत्त्वस्यैव यथास्थितस्याज्ञानाद् भवोत्कटेच्छाया अभावेन महत्यल्पत्वाप्रतिपत्तेर्धर्महान्यकारिणो **वरं** = अन्यापेक्षया मनाक् सुन्दरा। **तत्त्वेन** = तत्त्वतः पुनर्नै**कापि प्रणिधानाद्यभावतो** नैकापि **(शुभा)** वरं, प्रणिधानादीनां क्रियाशुद्धिहेतुत्वात् ।।९।। तानेवाह-

प्रणिधानं प्रवृत्तिश्च तथा विघ्नजयस्त्रिधा ।
सिद्धिश्च विनियोगश्च एते कर्मशुभाशयाः ।।१०।।

प्रणिधानमिति । कर्मणि = क्रियायां शुभाशयाः = स्वपुष्टि-शुद्ध्यनुबन्धहेतवः शुभपरिणामाः

અપેક્ષાએ કંઇક સુંદર છે. વળી, તત્ત્વથી તો એક પણ ક્રિયા પ્રણિધાનાદિનો અભાવ હોવાથી સુંદર નથી, કારણ કે પ્રણિધાન વગેરે ક્રિયાશુદ્ધિના કારણો છે.

વિવેચન : અનાભોગવાળા જીવો સંમૂર્છિમ જેવા હોય છે. એમને આત્મિક કલ્યાણ-અકલ્યાણનો કશો જ ખ્યાલ હોતો નથી. આવા જીવો જો વિનમ્ર સ્વભાવવાળા હોય, તો એની આ પ્રકૃતિ જ એને લોકથી અલગ પડવા દેતી નથી, લોકની સાથે જ રહેવાની પ્રેરણા કરે છે[2]. તેથી લોક જે ધર્મ કરતું હોય, એ ધર્મ, આવા જીવ પણ, લોકથી અલગ ન પડી જવાય એવા ઇરાદાથી કરતા રહે છે. આ લોકપંક્તિ જ છે. આ જીવ ધર્મનું મહત્ત્વ જેવું છે એવું જાણતો નથી.. વળી એને સંસારની=સાંસારિક ભોગવિલાસાદિની ઉત્કટ ઇચ્છા છે નહીં. એટલે મહાન એવા ધર્મમાં એ લઘુતા માનતો ન હોવાથી ધર્મની હાનિ થતી નથી. તેથી, ભવાભિનંદી જીવ લોકપંક્તિથી જે ધર્મક્રિયા કરે છે એના કરતાં આવા જીવની ધર્મક્રિયા કંઇક સારી હોય છે. તેમ છતાં આ તાત્ત્વિક ધર્મ તો નથી જ, તત્ત્વથી શુભ તો એ જ ધર્મક્રિયા બની રહે છે જે પ્રણિધાનાદિ આશયોથી સંકળાયેલી હોય. કારણ કે આ આશયો જ ધર્મક્રિયાને શુદ્ધ કરનાર છે.

અહીં વિશેષ નોંધવાનું એ છે કે ધર્મમાં રહેલા મહત્ત્વની યથાર્થ જાણકારીનો અભાવ હેતુ તરીકે કહ્યા પછી પણ અલ્પત્વની અપ્રતિપત્તિમાં ભવની ઉત્કટઇચ્છાના અભાવનો હેતુરૂપે અલગ ઉલ્લેખ કર્યો છે. આ સૂચવે છે કે જે જીવને ભવની ઉત્કટ ઇચ્છા હોય એને જ લઘુત્વનું અનુસંધાન ને આપાદન ગ્રન્થકારને ઇષ્ટ છે, એવી ઇચ્છાવગરના જીવને નહીં. એટલે, ચરમાવર્તમાં ભવોત્કટઇચ્છા ન હોવાથી, લઘુત્વ વગેરે સંભવતા નથી, ભલે ભૌતિક ઇચ્છા પડેલી હોય, ને એ સંભવતા નથી માટે વિષ-ગરઅનુષ્ઠાન પણ સંભવતા નથી. સાતમી ગાથામાં, ભવાભિનંદી જીવનો જે ઉલ્લેખ કરેલો છે એ પણ આ વાતનું સૂચન કરે છે કે એની જ ધર્મક્રિયા અલ્પતાના બોધના કારણે વિપરીત ફળાવહ બને છે, તદન્યની નહીં. ॥ ૯ ॥

અવતરણિકાર્થ : હવે તે પ્રણિધાનાદિને જ કહે છે -

ગાથાર્થ : પ્રણિધાન, પ્રવૃત્તિ, ત્રણ પ્રકારે વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ.. આ પાંચ કર્મમાં શુભ આશયો છે.

---

2. શબ્દશઃ વિવેચનકારે *છતાં ભવની ઉત્કટ ઇચ્છાનો અભાવ છે આથી તુચ્છ એવા કીર્તિ આદિ અર્થે ધર્મ કરતા નથી* વગેરે જે કહ્યું છે તે ગલત જાણવું. કારણ કે ચરમાવર્તમાં રહેલી અનુત્કટ ઇચ્છા પણ કીર્તિ વગેરે માટે ધર્મ કરાવી શકે છે.

(=**कर्मशुभाशयाः**) । पुष्टिरुपचयः, शुद्धिश्च ज्ञानादिगुणविघातिघातिकर्महासोत्थनिर्मलतेत्यवधेयम् ।।१०।।

प्रणिधानं क्रियानिष्ठमधोवृत्तिकृपाऽनुगम् ।
परोपकारसारं च चित्तं पापविवर्जितम् ।।११।।

प्रणिधानमिति । **प्रणिधानं क्रियानिष्ठं** = अधिकृतधर्मस्थानादविचलितस्वभावम् । अधोवृत्तिषु = स्वप्रतिपन्नधर्मस्थानादधस्ताद्वर्तमानेषु प्राणेषु कृपाऽनुगं = करुणाऽन्वितं (=**अधोवृत्तिकृपानुगम्**), न तु हीनगुणत्वेन

टीकार्थ : धर्मक्रियामां पोतानी पुष्टि अने शुद्धिनो अनुबंध चलावनारा शुभपरिणामरूप शुभाशयो प्रणिधानादि पांच छे. आमां पुष्टि एटले उपचय अने शुद्धि एटले ज्ञानादिगुणनो विघात करनार घातीकर्मनो ह्रास थवाथी थयेली निर्मळता..

विवेचन : अहीं, पुष्टि एटले प्रवर्धमान पुण्य द्वारा थनारो उपचय. शुद्धि एटले घातीकर्मनाशजन्य आत्मनिर्मळता. आ पुष्टि-शुद्धिथी शुभाशय ऊभो थाय छे. अने ए शुभाशयथी पुष्टि-शुद्धि शुभ अनुबंधवाळी थाय छे. ए शुभानुबन्धना प्रभावे पुष्टि-शुद्धि जीवने ठेठ मोक्ष सुधी पहोंचाडे छे. अभव्यादिजीवोने धर्मक्रिया होवा छतां, प्रणिधानादि न होवाथी मोक्ष तरफ प्रगति थई शकती नथी. ॥ १० ॥ (**प्रणिधानआशयने** जणावे छे -)

गाथार्थ : क्रियामां निष्ठा पामेलुं, अधोवृत्तिकृपाथी युक्त, परोपकारना सारवाळुं अने पापविवर्जित एवुं चित्त ए प्रणिधान छे.

टीकार्थ : क्रियानिष्ठ=अधिकृतधर्मस्थानमांथी विचलित नहीं थई जवाना स्वभाववाळुं. अधोवृत्ति=पोते स्वीकारेल धर्मस्थानथी नीचे रहेला जीवो, एमना पर करुणावाळुं, पण तेओ हीनगुणवाळा होवाना कारणे द्वेषवाळुं नहीं. परोपकारनी प्रधानतावाळुं. पापविवर्जित=सावद्यनो परिहार करीने निरवद्यवस्तु विषयवाळुं. आवुं चित्त ए प्रणिधान छे.

विवेचन : प्रणिधान शब्दना बे अर्थो प्रचलित छे. दृढ संकल्प अने चित्तनी एकाग्रता. अहीं प्रथम अर्थ लेवानो छे. बीजो अर्थ प्रवृत्तिआशयमां आवशे. मोक्ष, मोक्षना कारणभूत क्षायिक भावो, ए क्षायिक भावोना कारणभूत क्षायोपशमिक भावो, आ क्षायोपशमिक भावोना कारणभूत शुभभावनाओ अने सद्आचारो.. आ बधुं मेळववा-केळववानो द्रढ संकल्प ए प्रणिधान छे. एम आ बधाने रुंधनारा औदयिक भावोनो, तथा ए भावोना कारणभूत असद्भावना-असद्आचारनो त्याग करवानो दृढ संकल्प पण प्रणिधान छे. आ दृढसंकल्पने वारंवार दोहरावावाथी एना संस्कार ऊभा थाय छे. एटले आ संकल्प उपयोगरूपे के संस्काररूपे मनमां रम्या करवो ए अविचलितस्वभावता छे. आ संकल्पमां साक्षात् के परंपराए कोई भौतिक उपाधि (भौतिक अपेक्षा) भळेली न होवी जोईए. अर्थात् ए निरुपाधिक होय तो ज प्रणिधानआशयरूप बने छे.आ अविचलितस्वभावताना कारणे त्रण लाभ थाय छे-(१) धर्मक्रिया वखते एना उद्देश्य तरीके विवक्षित धर्मस्थान आवी ज जाय छे. जेम के दानना अवसरे उद्देश्य तरीके धनमूर्च्छात्याग-सुपात्र भक्ति वगेरे ज स्फुरवा मांडे, एमां नामना कीर्ति वगेरे न ज घुसे. (२) ए विवक्षित गुणने साधवानो अचानक अवसर ऊभो थई जाय तो पण एने झीली लेवानुं ज मन थाय अने (३) प्रतिपक्षी प्रवृत्ति काळे प्रतिपक्षना आकर्षणने एवुं प्रबळ न बनवा दे के जेथी विवक्षित

तेषु द्वेषसमन्वितम् । **परोपकारसारं च** = परार्थनिष्पत्तिप्रधानं च **चित्तं पापविवर्जितं** = सावद्यपरिहारेण निरवद्यवस्तुविषयम् ।।११।।

प्रवृत्तिः प्रकृतस्थाने यत्नातिशयसम्भवा ।
अन्याभिलाषरहिता चेतःपरिणतिः स्थिरा ।।१२।।

प्रवृत्तिरिति । प्रवृत्तिः प्रकृतस्थाने = अधिकृतधर्मविषये **यत्नातिशयसम्भवा** = पूर्वप्रयत्नाधिकोत्तरप्रयत्नजनिता अन्याभिलाषेण = अधिकृतेतरकार्याभिलाषेण रहिता **(=अन्याभिलाषरहिता)** चेतसः=अन्तरात्मनः परिणतिः **(=चेतःपरिणतिः) स्थिरा** = एकाग्रा, स्वविषय एव यत्नातिशयाज्जाता तत्रैव च तज्जननीत्यर्थः ।।१२।।

પ્રવૃત્તિનો રસ મોળો પડી જાય.

પ્રણિધાનઆશય માટે જરૂરી અન્ય શરતોને પણ વિચારીએ-

અધોવૃત્તિકૃપાનુગ : તે તે ધર્મસ્થાન અંગે પોતે સાધેલી પ્રગતિ કરતાં ઓછી પ્રગતિવાળા જીવો એ હીનગુણજીવો છે, ને હજુ બિલકુલ પ્રગતિ સાધેલી ન હોય એ ગુણહીનજીવો છે. આ બધા અધોવૃત્તિજીવો કહેવાય. એમના પ્રત્યે ચિત્ત દ્વેષવાળું-તિરસ્કારવાળું ન જોઈએ, પણ કૃપા-કરુણાવાળું હોવું જોઈએ. અર્થાત્ જેટલું કરતા હોય એની ઉપબૃંહણા અને ન કરતા હોય એ માટેની કરુણાપ્રયુક્ત પ્રેરણા જોઈએ.

પરોપકારસાર : પરોપકારની તક ઝડપી લેવા માટે તત્પર ચિત્ત જોઈએ. આમાં વિવક્ષિત ધર્મસ્થાનનો પરોપકાર મુખ્ય સમજવાનો. એ સિવાયનો પણ સામાન્ય તો હોય જ.

પાપવિવર્જિત : એટલે કે સંકલ્પ નિરવદ્યવસ્તુવિષયક જોઈએ.

પ્રણિધાનનો પ્રભાવ : પ્રણિધાન એ ક્ષયોપશમનું બીજ છે. આ ક્ષયોપશમ અનુપયોગદશામાં પણ વિપરીત પ્રવૃત્તિના અવસરે લાલબત્તી ધરે છે. તથા એક જ સાધનાકાળમાં અહિંસા વગેરેની તથા ક્ષમા વગેરેની અનેકવિધ સાધનાઓ એક સાથે ચાલી શકે એવી શક્યતા ઊભી કરે છે. વળી પ્રણિધાન વિવક્ષિત ધર્મસ્થાનના ઉપાય-અપાયની જાણકારી તથા પ્રવૃત્તિ-નિવૃત્તિની વિશેષ પ્રકારે તત્પરતા પેદા કરે છે. અને તેથી જ ઉપાયની પ્રવૃત્તિ અને અપાયની નિવૃત્તિમાં દ્રઢતા-ચોકસાઈ લાવી આપે છે. ॥ ૧૧ ॥ (બીજા **પ્રવૃત્તિઆશયને** જણાવે છે-)

ગાથાર્થ : પ્રકૃતસ્થાનમાં યત્નાતિશયથી ઉત્પન્ન થનાર, અન્યાભિલાષ રહિત એવી ચિત્તની સ્થિરપરિણતિ એ પ્રવૃત્તિઆશય છે.

ટીકાર્થ : પ્રકૃત સ્થાનમાં=અધિકૃતધર્મ અંગે યત્નાતિશયસંભવા=પૂર્વે જે પ્રયત્ન કરેલો એના કરતાં અધિક પ્રયત્ન કરવાથી ઉત્પન્ન થયેલી, અન્ય અભિલાષથી=અધિકૃતકાર્ય કરતાં ભિન્ન કાર્યના અભિલાષથી રહિત આવી ચિત્તની=અન્તરાત્માની સ્થિર=એકાગ્ર પરિણતિ એ પ્રવૃત્તિ આશય છે. સ્વવિષયમાં જ યત્નાતિશયથી પેદા થયેલી અને એમાં જ તેને=યત્નાતિશયને ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિ હોય છે. એમ અર્થ જાણવો.

વિવેચન : અધિકૃતધર્મસ્થાનને સાધી આપનાર ઉપાયને પૂર્વે જેવા પ્રયત્નથી અજમાવ્યો હોય એના કરતાં અધિક પ્રયત્નથી અજમાવવો એ યત્નાતિશય છે. વધુ વીર્યસ્ફુરણ, વધુ ચોકસાઈ, વધુ એકાગ્રતા.. વગેરે બધું જ અધિક પ્રયત્નરૂપ છે. વિક્ષેપ ટાળવો અને સાતત્ય જાળવવું... એ યત્નાતિશયને લાવનાર છે.

बाह्यान्तर्व्याधिमिथ्यात्वजयव्यङ्ग्याशयात्मकः ।
कण्टक-ज्वर-मोहानां जयैर्विघ्नजयः समः ।।१३।।

बाह्येति । बाह्यव्याधयः शीतोष्णादयः, अन्तर्व्याधयश्च ज्वरादयः, मिथ्यात्वं= भगवद्वचनाश्रद्धानम्, तेषां जयः=तत्कृतवैक्लव्यनिराकरणं तद्व्यङ्ग्याशयात्मकः (=**बाह्यान्तर्व्याधिमिथ्यात्वजयव्यङ्ग्याशयात्मकः**)

અન્યકાર્યની અભિલાષા જાગે તો અધિકૃત કાર્યમાં યત્નાતિશય જળવાઈ શકતો નથી. યત્નાતિશયથી પ્રવૃત્તિ થાય છે અને એ જ પ્રવૃત્તિ આગળ ઉપર વધારે યત્નાતિશયને પેદા કરે છે. આમ ઉત્તરોત્તર જાણવું. ॥ ૧૨ ॥ (ત્રીજા **વિઘ્નજયઆશયને** વર્ણવે છે-)

ગાથાર્થ : બાહ્ય વ્યાધિ, આંતર્વ્યાધિ તથા મિથ્યાત્વ.. આ બધા પરના જયથી વ્યક્ત થનાર આશયાત્મક વિઘ્નજય છે, એ કંટક-જ્વર-મોહના જયને સમાન છે.

ટીકાર્થ : શીત-ઉષ્ણ વગેરે પરીષહો એ બાહ્ય વ્યાધિ, જ્વરાદિ રોગો એ અન્તર્વ્યાધિ, અને ભગવદ્વચનની અશ્રદ્ધા એ મિથ્યાત્વ.. તેઓનો જય એટલે તેઓ દ્વારા થયેલ વૈક્લવ્યને દૂર કરવું.. આવા જયથી વ્યક્ત થતો અને કંટક-જ્વર-મોહના જયને તુલ્ય એ વિઘ્નજય હોય છે અને આ રીતે હીનત્વ, મધ્યમત્વ, ઉત્કૃષ્ટત્વ દ્વારા આ વિઘ્નજયનું પૂર્વે કહેલ ત્રિવિધપણું વ્યક્ત કર્યું. તે આ રીતે-કાંટા ભરેલા માર્ગે ચઢી ગયેલા મુસાફરને કંટકવિઘ્ન વિશિષ્ટ ગમનનો વિઘાત કરવામાં હેતુ બને છે. કાંટાવગરના માર્ગે પ્રવૃત્ત થયેલ મુસાફરનું ગમન વ્યાકુલતારહિત થાય છે. આમ કંટકવિઘ્નજયસમાન પ્રથમ વિઘ્નજય છે. વળી તે જ મુસાફરને જ્યારે શરીર જ્વરવેદનાથી અભિભૂત હોય ને તેથી વિહ્વલતાપૂર્વક કદમ ઉપડે છે તો નિરાકુલ ગમન કરવાને ઇચ્છતો હોવા છતાં તે કરવાને અસમર્થ એવા તેને કંટકવિઘ્ન કરતાં પણ અધિક જ્વરવિઘ્ન આવે છે. એના પરનો વિજય એ નિરાકુલ પ્રવૃત્તિનો હેતુ છે. આમ જ્વરવિઘ્નજયસમાન બીજો વિઘ્નજય છે. વળી માર્ગે જવાને ઇચ્છતા તેને જ દિગ્મોહસમાન મોહવિઘ્ન છે, તેનાથી ઘેરાયેલા તેને અન્ય મુસાફરો પ્રેરણા કરે તો પણ ગમનનો ઉત્સાહ પ્રવર્તતો નથી. તેના પર જય મળે તો સ્વરુચિથી ગમન થવા માંડે છે. આમ અહીં મોહવિઘ્નજયને સમાન ત્રીજો વિઘ્નજય છે. એટલે આ ત્રણે વિઘ્નજય ફળ પરથી જ કલ્પના કરી શકાય એવા છે.

વિવેચન : પ્રણિધાન અને પ્રવૃત્તિ આશયના પ્રભાવે અધિકૃત ધર્મસ્થાનના ઉપાય-અપાયની પ્રવૃત્તિ-નિવૃત્તિનો ચિત્તોત્સાહ બન્યો રહેતો હોય છે. જો એ મંદ પડી જાય ને 'એ પ્રવૃત્તિ-નિવૃત્તિ ન કરું' આવો નિષેધ ભાવ કે 'કરું કે ન કરું' એવો દ્વિધાભાવ આવે, એ ચિત્તનો અનુત્સાહ છે, એ ચિત્તનું વૈક્લવ્ય છે. એ જેના કારણે આવે છે તેને વિઘ્ન કહે છે. વિઘ્નભૂત પરિસ્થિતિ ઉપસ્થિત થવા છતાં ચિત્તનું વૈક્લવ્ય ન થવા દે એવો ચિત્તનો પરિણામ એ વિઘ્નજય આશય છે.

(૧) કંટકવિઘ્ન-જઘન્યવિઘ્ન .... મુસાફરને કાંટાની જેમ સાધકને આસપાસનું વાતાવરણ (ઉપાધિ) પ્રવૃત્તિને સ્ખલિત કરી શકે છે. તેથી શીત-ઉષ્ણાદિપરિષહ વગેરેરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવભેદે આ ઉપાધિઓ વિઘ્નભૂત બને છે. કાંટા થોડા હોય તો વીણીને દૂર કરી શકાય. પણ ઠેર ઠેર પુષ્કળ કાંટા પડેલા હોય તો એને વીણવા બેસવું એ જ પ્રવૃત્તિમાં સ્ખલનારૂપ બની જાય. એવા અવસરે પથિક પગમાં જોડા પહેરીને પોતાની જાતને એવી બનાવી દે છે કે જેથી કાંટાની પોતાને કે પોતાની ગતિને કશી અસર ન થાય. એમ સાધક પોતાની

कण्टक-ज्वर-मोहानां जयैः समो विघ्नजयः । इत्थं च हीनमध्यमोत्कृष्टत्वेनास्य त्रिविधत्वं प्रागुक्तं व्यक्तीकृतम् । यथाहि-(१) कस्यचित्पुंसः कण्टकाकीर्णमार्गावतीर्णस्य कण्टकविघ्नो विशिष्टगमनविघातहेतुः । तद्रहिते तु पथि प्रवृत्तस्य निराकुलं गमनं सञ्जायते । एवं कण्टकविघ्नजयसमः प्रथमो विघ्नजयः ।

(२) तथा तस्यैव ज्वरवेदनाऽभिभूतशरीरस्य विह्वलपादन्यासस्य निराकुलं गमनं चिकीर्षोरपि तत्कर्तुमशक्नुवतः कण्टकविघ्नादभ्यधिको ज्वरविघ्नः । तज्जयस्तु निराकुलप्रवृत्तिहेतुः । एवं ज्वरविघ्नजयसमो द्वितीयो विघ्नजयः ।

(३) तस्यैव चाध्वनि जिगमिषोर्दिङ्मोहकल्पो मोहविघ्नः, तेनाभिभूतस्य प्रेर्यमाणस्याप्यध्वनीनैर्न गमनोत्साहः कथञ्चित्प्रादुर्भवति । तज्जयस्तु स्वरसतो मार्गगमनप्रवृत्तिहेतुः, एवमिह मोहविघ्नजयसमस्तृतीयो विघ्नजयः इति । फलैकोन्नेयाः खल्वेते ।।१३।।

જાતને એવી ઘડી કાઢે કે જેથી ઠંડી-ગરમી-આક્રોશ વગેરે ચિત્તનું વૈક્લવ્ય થવા જ ન દે ને પ્રવૃત્તિ અસ્ખલિતપણે ચાલુ રહે. આ જઘન્ય વિઘ્નજય છે. આમાં વિઘ્ન દૂર નથી થયા પણ એમાંનું વિઘ્નત્વ દૂર થઈ ગયું છે. अश्रेयसि प्रवृत्तानां क्वापि यान्ति विनायकाः માં પણ વિનાયક=વિઘ્નસમૂહો જ આવતા નથી એમ નહીં, પણ સાંસારિક ક્રિયાઓ માટે જીવોએ જાતની એવી કેળવણી કરેલી હોય છે કે જેથી એ વિઘ્ન વિઘ્નરૂપ રહેતા નથી. અર્થાત્ એનું વિઘ્નત્વ દૂર થઈ ગયું હોય છે.

(૨) **જ્વરવિઘ્ન-મધ્યમવિઘ્ન :** જ્વરાદિ રોગો જેમ પથિકની ગતિમાં સ્ખલના કરે છે એમ સાધકની સાધનામાં પણ સ્ખલના કરે છે. માટે શારીરિક રોગો (વ્યાધિ) એ વિઘ્ન છે. વળી સામાન્યથી એ ચિત્તને વધુ જલ્દી ચિન્તાતુર-હતાશ બનાવી દે છે. માટે ઉપાધિ કરતાં વ્યાધિ મોટું વિઘ્ન કહેવાય છે ને તેથી એ મધ્યમવિઘ્ન છે. એના પર જય ત્રણ રીતે મેળવી શકાય છે-રોગ થાય જ નહીં એ રીતે હિત આહાર-પરિમિત આહાર વગેરે રૂપે ખોરાકનું આયોજન કરવું, ચિકિત્સા દ્વારા રોગને દૂર કરવો અને રોગ-વેદનાની હયાતિમાં પણ 'આ રોગાદિ મારા સ્વરૂપના બાધક નથી, માત્ર શરીરને જ અસર કરનારા છે. રોગને સમતાથી સહેવામાં વિપુલ નિર્જરા થશે ને સાથે સાથે આરાધના પણ ચાલુ રાખવામાં અતિવિપુલ નિર્જરા થશે' વગેરે ભાવનાથી આત્માને ભાવિત કરતાં રહેવું. જેથી રોગની પીડા વચ્ચે પણ સાધના અસ્ખલિત ચાલુ રહી શકે છે.

(૩) **દિગ્મોહ-ઉત્કૃષ્ટ વિઘ્ન :** પથિકને પૂર્વદિશાને પશ્ચિમ સમજી લેવી.. વગેરે ભ્રાન્તિ એ દિગ્મોહ છે. આ થવાથી, અન્યની ચાલવા માટે પ્રેરણા મળવા છતાં ઉત્સાહ પ્રવર્તતો નથી. આ જ રીતે સાધકને મિથ્યાત્વાદિજનિત મનોવિભ્રમ એ દિગ્મોહસમાન વિઘ્ન છે. આ સીધો જ ચિત્તને સ્પર્શનારો હોવાથી શીઘ્ર ચિત્ત વૈક્લવ્ય કરનાર બને છે. માટે ઉત્કૃષ્ટ વિઘ્ન છે. મુસાફરને સ્વયં કે અન્ય મુસાફરોના વચન પરની શ્રદ્ધાના કારણે ભ્રમ દૂર થવા પર પાછી અસ્ખલિત ગતિ થાય છે એમ સાધકને થયેલી ભ્રાન્તિઓ ગુરુપરતંત્રતાથી કે મિથ્યાત્વાદિની પ્રતિપક્ષ ભાવનાથી દૂર થાય છે.

આ ત્રણે વિઘ્નો પરનો જય આ જ ક્રમમાં થાય એવો નિયમ નથી. પણ ત્રણે જય થયા પછી જ અસ્ખલિત પ્રવૃત્તિ વિશિષ્ટ બને છે. પ્રવૃત્તિ-વિઘ્નજય-વિશિષ્ટ પ્રવૃત્તિ-વિશિષ્ટ વિઘ્નજય.. આ ક્રમ પ્રસ્તુતમાં જાણવો. ॥ ૧૩ ॥ (ક્રમપ્રાપ્ત **સિદ્ધિઆશયને** કહે છે -)

सिद्धिस्तात्त्विकधर्माप्तिः साक्षादनुभवात्मिका ।
कृपोपकारविनयान्विता हीनादिषु क्रमात् ।।१४।।

सिद्धिरिति । **सिद्धिस्तात्त्विकस्य** = अभ्यासशुद्धस्य न त्वाभ्या(?भा)सिकमात्रस्य धर्मस्य = अहिंसादेराप्तिः=उपलब्धिः (=**तात्त्विकधर्माप्तिः**) । **साक्षाद्** = अनुपचारेण**अनुभवात्मिका** = आत्मन आत्मनाऽऽत्मनि संवित्तिरूपा ज्ञान-दर्शन-चारित्रैकमूर्तिका ।

गाथार्थ : साक्षाद्अनुभवात्मक तात्त्विक धर्मनी प्राप्ति એ सिद्धि छे. એ हीनवगेरे જીवो पर क्रमशः कृपा, उपकार अने विनयथी युक्त होय छे.

टीकार्थ : तात्त्विक=अभ्यासशुद्ध अहिंसादि धर्मनी प्राप्ति એ सिद्धि छे, नहीं के आभासिकमात्र अहिंसादि धर्मनी प्राप्ति. એ साक्षाद् એटले के उपचाररहितपणे अनुभवात्मिका होय छे. એटले के आत्माना आत्मा वडे संवेदनरूप होय छे. એमां એ ज्ञान-दर्शन-चारित्र એकमूर्तिका होय छे. वळी हीन वगेरे पर कृपा-उपकार-विनययुक्त होय छे, એटले के हीनજીवो पर कृपावाळी, मध्यमજीवो पर उपकारवाळी अने अधिकજीवो पर विनयवाळी होय छे.

विवेचन : अहिंसा-क्षमा वगेरेनो आत्मामां साक्षात् अनुभव એ सिद्धि छे. 'हिंसा-गुस्सो कराय नहीं' એम नहीं, 'हिंसा मारा स्वभावमां જ नहीं,' 'गुस्सो मारो स्वभाव જ नहीं' आवी संवेदना એ सिद्धि छे. वळी आ संवेदना ज्ञान-दर्शन चारित्रैकमूर्तिका होय छे, आमां, 'उश्केराट એ मारो स्वभाव नहीं', 'मारो तो शांत स्वभाव छे.' आवी जाणकारी એ ज्ञान छे. आवा स्वभावनी प्राप्तव्य तरीकेनी संवेदना=मारे आ स्वभाव आत्मसात् करवो छे એवुं दिल संवेद्या જ करे એ श्रद्धा छे, दर्शन छे. आत्मानी आवी शान्त परिणति.. એटले के आत्मा क्षमारूपे परिणमवो એ चारित्र छे. ते ते क्षमादिगुणनुं ज्ञान श्रद्धा अने परिणतिरूप बने એटले ज्ञानदर्शनचारित्रैकमूर्तिका कहेवाय.

अहिंसा-क्षमा वगेरे धर्मोना बाधक कर्मोनो विशिष्ट प्रकारनो क्षयोपशम એ सिद्धिनुं आंतरिक स्वरूप छे. परपीडापरिहार वगेरे बाह्य स्वरूप छे. 'सोએ सो टका गुण सिद्ध थाय, पछी જ सिद्धि कहेवाय' आवी भ्रमणामां न पडवुं. पहेलां थोडो गुण सिद्ध थाय, अभ्यास तथा कृपादि त्रणना प्रभावे पछी वधारे गुण सिद्ध थाय... એम उत्तरोत्तर जाणवुं.

स्वापेक्षया हीनगुणજीवो प्रत्ये करुणा જ उभराया करे એ कृपा छे. એ त्रण रूपे जाणवी. हीन प्रत्ये अंदर करुणा જ જे अनुभवाया करे छे એ 'दया' छे. आगळ वधवा मथता हीनજीवोने એ माटेना संयोगो-सामग्री यथाशक्य पूरा पाडवा એ 'दान' छे. એ જીवो कंईक संकटमां मूकाई જाय, विघ्नજयआशय એमणे केळवेलो न होवाथी साधनामां स्खलना आवी જाय.. तो એ वखते એनुं એ संकट दूर करी पाछो એने अस्खलित साधना मार्गे चढाववो એ व्यसनपतितदुःखापहार छे.

पोताने लगભग समान गुणसिद्धि पामेला જીवो એ 'मध्यम' छे. क्यारेक એवी विशेष प्रकारनी परिस्थिति पेदा थई गई होय तो એमने मार्ग पर टकी रहेवा के आगळ वधवा माटे सहाय आवश्यक बनी होय छे. नित्यसहाय એ 'करुणा' छे. क्वचित् सहाय એ 'उपकार' छे अने स्वापेक्षया अधिक गुणवाळा होय

हीनादिषु क्रमात् कृपोपकारविनयान्विता = હીને કૃપાન્વિતા, મધ્યમ ઉપકારાન્વિતા, અધિકે ચ વિનયયુતા ।।૧૪।।

अन्यस्य योजनं धर्मे विनियोगस्तदुत्तरम् ।
कार्यमन्वयसम्पत्त्या तदवन्ध्यफलं मतम् ।।૧૫।।

अन्यस्येति । **अन्यस्य** स्वव्यतिरिक्तस्य **योजनं धर्मेऽ**हिंसादौ **विनियोगः** । **तदुत्तरं** = सिद्ध्युत्तरं **कार्यं**

એના પ્રત્યે 'વિનય' જોઈએ, ક્યાંય અહંકાર આવી ન જાય.

બાહ્ય બધાં લક્ષણો હોવા છતાં જો ઉદ્દેશહીનતા-વિધિહીનતા વગેરે હોય તો સિદ્ધિ તાત્ત્વિક નથી હોતી. પણ આભાસિકી હોય છે, જે સ્વકાર્યકરણમાં અસમર્થ હોય છે.

આવારકકર્મનો ક્ષયોપશમ થયો હોય તો ધર્મ પરિણામકૃત હોય છે. છતાં જો એ અભ્યાસ દ્વારા શુદ્ધ ન હોય તો ક્ષયોપશમ દ્રઢ થયો ન હોવાના કારણે, પરિસ્થિતિમાં થોડો પણ ફેરફાર એને આવરી શકે છે. માટે એ તાત્ત્વિક નથી. જ્યારે અભ્યાસશુદ્ધ ધર્મ, અભ્યાસશુદ્ધિથી થયેલી ક્ષયોપશમની દ્રઢતાના કારણે વિષમ સ્થિતિમાં પણ આવરાતો ન હોવાથી તાત્ત્વિક હોય છે.

આમાં અભ્યાસથી શુદ્ધિ ઉત્પન્ન થાય છે. એ શુદ્ધિ દ્વારા પછીનો અભ્યાસ પણ શુદ્ધ થાય છે. આ શુદ્ધ અભ્યાસથી વળી વધારે શુદ્ધિ થાય છે. આમ ઉત્તરોત્તર જાણવું. (ટીકામાં न त्वाभ्यासिकमात्रस्य આવો પાઠ છપાયો છે એની જગ્યાએ न त्वाभासिकमात्रस्य એવો પાઠ હોવો જોઈએ.) ॥ ૧૪ ॥ (છેલ્લા **विनियोगआशय**ને જણાવે છે -)

गाथार्थ : અન્યને ધર્મમાં યોજન (=જોડવો) એ તેના ઉત્તરકાર્યરૂપ વિનિયોગ છે. તે અન્વયસંપત્તિથી અવંધ્યફળવાળું મનાયેલ છે.

टीकार्थ : સ્વભિન્ન અન્યનું અહિંસાદિ ધર્મમાં યોજન એ સિદ્ધિનું ઉત્તરકાર્ય વિનિયોગ છે[3].

આ યોજન (=જોડવું તે) અન્વયસંપત્તિથી=અવિચ્છેદ સિદ્ધ થવાથી અવ્યભિચારિફળવાળું મનાયેલું છે, કારણ કે સ્વ અને પર પર ઉપકાર કરવાની બુદ્ધિસ્વરૂપ આ વિનિયોગ અનેકજન્માન્તરમાં સતત ઉદ્બોધ દ્વારા પ્રકૃષ્ટધર્મસ્થાનની પ્રાપ્તિનું કારણ છે.

विवेचन : યોગ એટલે સામાન્ય જોડાણ. . એવા પ્રભાવવાળા દ્રવ્યાદિને પામીને કામચલાઉ જે અહિંસાદિ આવે તે યોગ. જેમ કે સમવસરણમાં હોય ત્યાં સુધી સાપ વગેરે વેરભાવ ભૂલી જાય છે. આ માત્ર માહાત્મ્ય-પ્રભાવ છે, વિનિયોગ નથી.

નિયોગ એટલે અત્યંત જોડાણ.. પ્રભાવવાળા દ્રવ્યાદિનું સાન્નિધ્ય ગયા પછી પણ અહિંસાદિનું જે જોડાણ આગળ ચાલે તે નિયોગ.

વિશિષ્ટ પ્રકારનું અત્યંત જોડાણ એ વિનિયોગ છે. અહિંસા-તપ વગેરે બાહ્યધર્મમાં થયેલું અત્યંત જોડાણ જો વિશિષ્ટ ક્ષયોપશમરૂપ ભાવધર્મને ઉત્પન્ન કરનારું બને તો એ જોડાણ વિનિયોગ કહેવાય છે.

---

3. शब्दशः વિવેચનકાર પંડિતે પાંચઆશયના નિરૂપણવેળા યોગવિંશિકા વિવેચનમાં જે ભૂલો કરી છે તે એ ગ્રન્થના મારા વિવેચનની ટીપ્પણમાં જોવાથી ખ્યાલ આવશે.

तदन्वयसम्पत्त्या = अविच्छेदसिद्ध्याऽ**वन्ध्यफलं** = अव्यभिचारिफलं **मतम्**, स्वपरोपकारबुद्धिलक्षणस्यानेकजन्मान्तरसन्ततोद्बोधेन प्रकृष्टधर्मस्थानावाप्तिहेतुत्वात् ।।१५।।

एतैराशययोगैस्तु विना धर्माय न क्रिया ।
प्रत्युत प्रत्यपायाय लोभ-क्रोधक्रिया यथा ।।१६।।

एतैरिति । **एतैः** प्रणिधानादिभि**राशययोगैस्तु विना धर्माय न क्रिया** बाह्यकायव्यापाररूपा **प्रत्युतान्तर्मालिन्यसद्भावात् प्रत्यपायाय** = इष्यमाणप्रतिपक्षविघ्नाय **यथा लोभ-क्रोधक्रिया** कूटतुलादिसङ्ग्रामादिलक्षणा । तदुक्तं-

---

જે જીવમાં આવો વિનિયોગ થાય છે એ વિનિયોજ્ય જીવ છે. વિનિયોગ આશય ધરાવનાર જે સાધક મહાત્મા આવો વિનિયોગ કરે છે તે વિનિયોજક છે. વિનિયોજક મહાત્માનો ઉપદેશદાનાદિરૂપ બાહ્ય વ્યાપાર નવાજીવનું (વિનિયોજ્યજીવનું) બાહ્ય ધર્મમાં વિશિષ્ટ જોડાણ કરે છે. અને એ વિનિયોજક મહાત્માએ સાધેલો વિનિયોગઆશય (કે જે વિનિયોજ્યજીવમાં થનાર આ વિશિષ્ટ જોડાણને ભાવોત્પત્તિનું અવન્ધ્યકારણ રૂપ બનાવે છે તે) અને વિનિયોજ્યજીવની યોગ્યતા, આ બેના સુમેળથી એ જોડાણ વિશિષ્ટક્ષયોપશમને પેદા કરી આપનારું બને છે. માટે એ જોડાણ વિનિયોગ કહેવાય છે.

સિદ્ધિઆશય પામી ગયેલા મહાત્માની, વિનિયોજ્યમાં વિનિયોગ કરાવનારી આવી ચિત્તવૃત્તિ (એક અત્યંત વિશિષ્ટકક્ષાનો ક્ષયોપશમ) એ વિનિયોગઆશય છે.

બાહ્ય આચાર એ દ્રવ્યધર્મ છે. આંતરિક ક્ષયોપશમ એ ભાવધર્મ છે. વિનિયોજક આત્મામાં મુખ્યતયા આ બંને ધર્મ વિદ્યમાન હોય છે. એના પ્રભાવે એ વિનિયોજ્યને દ્રવ્યધર્મમાં જોડે (કે જે દ્રવ્યધર્મ ભવિષ્યમાં વિનિયોજ્યમાં પણ ભાવધર્મ પેદા કરે છે) એને વિનિયોગ કહે છે. વિનિયોજ્યમાં આ વિનિયોગ થવાના પ્રભાવે વિનિયોજકને ક્ષયોપશમ વધે છે, સત્ત્વ વધે છે અને ઉત્તરોત્તર પ્રબળ સામગ્રી મેળવી આપનાર પુણ્ય વધે છે. તથા અંતરાય કરનારા કર્મોનો હ્રાસ થાય છે. આ બધા પ્રકૃષ્ટધર્મસ્થાનની પ્રાપ્તિમાં આભ્યન્તર કારણો છે.

વિનિયોગના કારણે થયેલો ક્ષયોપશમ એ સંસ્કારરૂપ છે. વળી વિનિયોગના કારણે બંધાયેલું વિશિષ્ટપુણ્ય આ સંસ્કારને જાગ્રત કરી પુનઃ સાધનામાં જોડી દે એવા ઉદ્બોધકની સહજ પ્રાપ્તિ કરાવે છે. તેમજ એ જ પુણ્ય, વિશિષ્ટ સાધનાના કારણભૂત પ્રથમસંઘયણ વગેરે સામગ્રી પણ મેળવી આપે છે. આ ઉદ્બોધક, પ્રથમસંઘયણ, સદ્ગુરુ વગેરેનો યોગ... આ બધું પ્રકૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિનું બાહ્યકારણ છે. એના કારણે સાધક વધારે પ્રબળ રીતે બાહ્ય સાધનામાં જોડાય છે જે વધારે પ્રબળ ક્ષયોપશમને તથા પુણ્યને પેદા કરે છે. આવું ઉત્તરોત્તર આગળ વધતાં છેવટે પ્રકૃષ્ટ ધર્મસ્થાન પ્રાપ્ત થાય છે.

આમ વિનિયોગ આ અભ્યન્તર અને બાહ્ય બન્ને કારણો દ્વારા પ્રકૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિનું અવન્ધ્ય કારણ બને છે. ॥ ૧૫ ॥ (આ આશયવિનાની ક્રિયાના દુષ્પરિણામ જણાવે છે -)

ગાથાર્થ : આ આશયયોગો વિના કરેલી ક્રિયા ધર્મ માટે થતી નથી, પણ ઉપરથી લોભક્રિયા-ક્રોધક્રિયાની જેમ પ્રત્યપાય માટે થાય છે.

ટીકાર્થ : આ પ્રણિધાનાદિ આશયયોગ વિના બાહ્યકાયવ્યાપારરૂપ ક્રિયા ધર્મ માટે થતી નથી, પણ

"तत्त्वेन तु पुनर्नैकाऽप्यत्र धर्मक्रिया मता ।
तत्प्रवृत्त्यादिवैगुण्याल्लोभ-क्रोधक्रिया यथा ।।" (**योगबिन्दु**-९२) ।।१६।।

तस्मादचरमावर्तेष्वयोगो योगवर्त्मनः ।
योग्यत्वेऽपि तृणादीनां घृतत्वादेस्तदा यथा ।।१७।।

तस्मादिति । **तस्मात्** = प्रणिधानाद्यभावाद **चरमावर्तेषु योगवर्त्मनो** = योगमार्गस्य **अयोगः** = असम्भवः, **योग्यत्वेऽपि** = योगस्वरूपयोग्यत्वेऽपि **तृणादीनां तदा** = तृणादिकाले **यथा घृतत्वादेरयोगः** । तृणादिपरिणामकाले तृणादेर्घृतादिपरिणामतथास्वरूपयोग्यत्वेऽपि घृतादिपरिणामसहकारियोग्यताऽभावाद्यथा न घृतादिपरिणामस्तथा प्रकृतेऽपि भावनीयम् ।

ઉપરથી મલિનતા હોવાથી પ્રત્યપાય માટે=ઇચ્છિતના પ્રતિપક્ષભૂત વિઘ્ન માટે થાય છે. જેમકે કૂટતુલાદિલોભક્રિયા કે સંગ્રામાદિરૂપ લોભક્રિયા. યોગબિંદુ (૯૨)માં કહ્યું છે કે-*મલિનઅંતરાત્માથી અને અનાભોગથી કરાતી ધર્મક્રિયામાં તત્ત્વથી એકે ધર્મક્રિયારૂપે મનાયેલી નથી, કારણ કે પ્રવૃત્તિ-વિઘ્નજય વગેરે આશયોનો અભાવ છે, જેમ કે લોભક્રિયા-ક્રોધક્રિયા.* ॥ ૧૬ ॥ (નિગમન કરે છે -)

ગાથાર્થ : તેથી અચરમાવર્તમાં, યોગ્યતા હોવા છતાં યોગમાર્ગનો યોગ થતો નથી. જેમકે ઘાસ વગેરેમાં એ તૃણાદિકાળે ઘૃતત્વનો યોગ હોતો નથી.

ટીકાર્થ : યોગની સ્વરૂપયોગ્યતા હોવા છતાં અચરમાવર્તોમાં પ્રણિધાનાદિનો અભાવ હોવાથી યોગમાર્ગનો સંભવ હોતો નથી. જેમ કે તૃણાદિમાં ત્યારે=તૃણાદિકાળમાં ઘીપણાનો યોગ હોતો નથી. આશય એ છે કે તૃણાદિમાં ઘૃતાદિ પરિણામની સ્વરૂપયોગ્યતા પડી હોવા છતાં જ્યારે તૃણાદિપરિણામ છે ત્યારે ઘૃતાદિપરિણામના જનક સહકારીકારણોની યોગ્યતા ન હોવાથી જેમ ઘૃતાદિપરિણામ સંભવતો નથી, એ રીતે પ્રસ્તુતમાં પણ વિચારવું. એટલે જ સહકારીની યોગ્યતાના અભાવવાળા તે કાળમાં કાર્યની અનુત્પત્તિને તે સહકારીયોગ્યતાના અભાવ દ્વારા જ સાધવાના અભિપ્રાયથી શ્રીહરિભદ્રસૂરિ મહારાજે (યોગબિંદુ ૯૩-૯૪માં) કહ્યું છે કે-*તેથી અચરમાવર્તોમાં અધ્યાત્મ સંભવતું નથી. જેમ અનંતકાળચક્રની કાયસ્થિતિ વીતાવનાર વનસ્પતિજીવને એ કાળ દરમ્યાન દિવ્ય સુખ સંભવતું નથી. (અર્થાત્ દેવલોકમાં જવાની યોગ્યતા હોવા છતાં અણુવ્રત-મહાવ્રતાદિની યોગ્યતા એ કાળે ન હોવાથી દિવ્યસુખાત્મક કાર્ય સંપન્ન થતું નથી) અથવા જેમ તેઉકાય તથા વાઉકાય જીવોને તેઓ ભવ્ય હોય તો પણ ચારિત્ર સંભવતું નથી. તેમ અન્યદા=અચરમાવર્તમાં યોગનો સંભવ નથી.*

વિવેચન : ઘાસ ગાય દ્વારા ખવાય, વાગોળાય ને પછી ક્રમશઃ દૂધ-દહીં-છાશ-માખણ-ઘી ક્રમે ઘીરૂપે પરિણમે છે. ઘાસમાં ઘીરૂપે પરિણામવાની આ જે યોગ્યતા છે તે [4]સ્વરૂપયોગ્યતા છે. પણ તૃણકાળે એમાં

---

4. શબ્દશઃ વિવેચનકારની પંડિતાઈ જુઓ-*વર્તમાનમાં સહકારી સામગ્રીની પ્રાપ્તિ થાય તો પણ જે કાર્યસન્મુખ થાય તેમ નથી, તે સ્વરૂપયોગ્યતા.* જો આ વ્યાખ્યાને સાચી માનીએ તો 'ચરમાવર્તકાળે સ્વરૂપયોગ્યતા હોતી નથી, અર્થાત્ ભવ્યજીવ ચરમાવર્તમાં અયોગ્ય બની જાય છે'. આવું માનવું પડે, કારણ કે એ કાળે તો સહકારીસામગ્રી પ્રાપ્તિ થવા પર કાર્યસન્મુખતા થઈ જાય છે.

अत एव सहकारियोग्यताऽभाववति तत्र काले कार्यानुपधानं तद्योग्यताऽभाववत्त्वेनैव साधयितुमभिप्रेत्याह **हरिभद्रसूरिः** *"तस्मादचरमावर्तेष्वध्यात्मं नैव युज्यते ।*

कायस्थितितरोर्यद्वत्तज्जन्मस्वामरं सुखम् ।। (**योगबिन्दु**-९३)

तैजसानां च जीवानां भव्यानामपि नो तदा ।

यथा चारित्रमित्येवं नान्यदा योगसम्भवः ।।" (**योगबिन्दु**-९४) इति ।।१७।।

नवनीतादिकल्पस्तच्चरमावर्त इष्यते ।

अत्रैव विमलो भावो गोपेन्द्रोऽपि यदभ्यधात् ।।१८।।

नवनीतादीति । **नवनीतादिकल्पः** = घृतपरिणामनिबन्धननवनीतदधिदुग्धादितुल्यस्**तत्** = तस्माच्**चरमावर्त इष्यते** योगपरिणामनिबन्धनम् । **अत्रैव** = चरमावर्त एव **विमलो भावो** भवाभिष्वङ्गाभावाद् भवति । **यद् गोपेन्द्रोऽप्यभ्यधाद्** भङ्ग्यन्तरेण ।।१८।।

अनिवृत्ताधिकारायां प्रकृतौ सर्वथैव हि ।

न पुंसस्तत्त्वमार्गेऽस्मिञ्जिज्ञासाऽपि प्रवर्तते ।।१९।।

સહકારીયોગ્યતા નથી. સહકારીદ્વારા થતા કાર્યાનુરૂપ અતિશયને ઝીલવાની યોગ્યતા એ સહકારીયોગ્યતા છે જે માખણ વગેરેમાં છે, તૃણ વગેરેમાં નથી. આવું જ પ્રસ્તુતમાં જાણવું. અચરમાવર્તવર્તી ભવ્યમાં સ્વરૂપયોગ્યતા છે, પણ સહકારીયોગ્યતા નથી. ચરમાવર્તવર્તી ભવ્યમાં સ્વરૂપયોગ્યતા પણ છે ને સહકારીયોગ્યતા પણ છે. ॥ ૧૭ ॥ (ચરમાવર્તની સ્તવના કરે છે-)

ગાથાર્થ : તેથી ચરમાવર્ત નવનીતાદિને તુલ્ય મનાયેલો છે. આ ચરમાવર્તમાં જ નિર્મળભાવ થાય છે જે ગોપેન્દ્ર આચાર્યએ પણ કહેલ છે.

ટીકાર્થ : [1]તેથી ઘૃતપરિણામના કારણભૂત માખણ-દહીં-દૂધ વગેરે જેવો ચરમાવર્ત [2]યોગપરિણામના કારણ તરીકે મનાયેલો છે. આ ચરમાવર્તમાં જ [3]ભવાભિષ્વંગનો અભાવ હોવાથી નિર્મળભાવ થાય છે. ગોપેન્દ્રે પણ આ જ વાતને બીજી રીતે કહી છે.

વિવેચન : (૧) તેથી=અચરમાવર્તમાં સહકારી યોગ્યતા હોતી નથી, ચરમાવર્તમાં તે હોય છે, આવી જે વાસ્તવિકતા છે તેથી...

(૨) માખણ પોતે ઘીરૂપે પરિણમે છે. જેઓ કાળને સ્વતંત્ર દ્રવ્ય નથી માનતા એમના મતે ચરમાવર્ત જીવદ્રવ્યના પરિણામરૂપ જ છે. એટલે ચરમાવર્ત યોગરૂપે પરિણમે છે એમ કહી શકાય છે. જેઓ કાળને સ્વતંત્ર દ્રવ્ય માને છે એમના મતે ઘૃતમાયુઃ ની જેમ ઉપચાર કરી યોગપરિણામના કારણરૂપ ચરમાવર્તને યોગપરિણામરૂપ કહી કથંચિદ્ અભેદને આગળ કરી 'ચરમાવર્ત યોગરૂપે પરિણમે છે' એમ કહી શકાય છે એ જાણવું.

(૩) અચરમાવર્તમાં ભવાભિષ્વંગ એ જ એવો પ્રતિબંધક છે કે નિરતિચારસંયમપાલનાદિ હોવા છતાં, છતી સ્વરૂપયોગ્યતાએ, પ્રણિધાનાદિ આશયરૂપ અતિશયનું આધાન થઈ શકતું ન હોવાના કારણે યોગાત્મકકાર્ય સંપન્ન થતું નથી. ॥ ૧૮ ॥ (ગોપેન્દ્રાચાર્યે કહેલી વાતને જણાવે છે-)

अनिवृत्तेति । अनिवृत्तः प्रतिलोमशक्त्याऽन्तरलीनोऽधिकारः पुरुषाभिभवनरूपो यस्यास्तस्यां **(=अनिवृत्ताधिकारायां) प्रकृतौ सर्वथैव हि** = सर्वैरेव प्रकारैः, अपुनर्बन्धस्थानस्याप्यप्राप्तावित्यर्थः, **न** = नैव **पुंसस्तत्त्वमार्गेऽस्मिन्** वक्तुमुपक्रान्ते **जिज्ञासाऽपि** = ज्ञातुमिच्छाऽपि, किं पुनस्तदभ्यास इत्यपिशब्दार्थः, **प्रवर्तते** = सञ्जायते ।।१९।।

साधिकारप्रकृतिमत्यावर्ते हि नियोगतः ।
पथ्येच्छेव न जिज्ञासा क्षेत्ररोगोदये भवेत् ।।२०।।

साधिकारेति । साधिकारा पुरुषाभिभवप्रवृत्ता या प्रकृतिस्तद्वति(=**साधिकारप्रकृतिमति**) **आवर्ते हि नियोगतः** = निश्चयतो **जिज्ञासा** = तत्त्वमार्गपरिज्ञानेच्छा **न भवेत्, क्षेत्ररोगोदय इव पथ्येच्छा** । क्षेत्ररोगो नाम

गाथार्थ : प्रकृति જ્યાં સુધી સર્વથા અનિવૃત્ત અધિકારવાળી છે ત્યાં સુધી જીવને આ તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પણ જાગતી નથી.

टीकार्थ : પ્રકૃતિનો પુરુષનો અભિભવ કરવારૂપ અધિકાર પ્રતિલોમશક્તિથી અન્તર્લીન થતો હોય છે. પણ જ્યાં સુધી એ સર્વપ્રકારોએ અન્તર્લીન થયો નથી ત્યાં સુધી પ્રકૃતિ સર્વથા અનિવૃત્તઅધિકારવાળી કહેવાય છે. જૈનદર્શન મુજબ અપુનર્બન્ધકસ્થાનની પણ હજુ અપ્રાપ્તિ છે એવો અર્થ મળે છે. ત્યાં સુધી જીવને જેને કહેવાનો અધિકાર ચાલી રહ્યો છે એ આ તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પણ જાગતી નથી તો તેના અભ્યાસની તો શું વાત ? (આ अपि શબ્દથી મળતો અર્થ છે.)

विवेचन : અહીં આવો આશય છે. પુરુષ=આત્મા. પ્રકૃતિ=કર્મ. આ પ્રકૃતિની બે પ્રકારે શક્તિ હોય છે. અનુલોમશક્તિ=પ્રકૃતિનું પ્રવર્તન... એટલે કે પુરુષનો અભિભવ કરવાની પ્રવૃત્તિ. પુરુષને 'હું કર્તા છું' 'હું ભોક્તા છું' આવો બધો ભ્રમ થવો એ એનો અભિભવ છે. આવા અભિભવ કરવાના પોતાના અધિકારને પ્રકૃતિ પ્રવર્તાવ્યા કરે એ એની અનુલોમશક્તિ છે. પોતાના આ અધિકારને પાછો ઊઠાવી લેવાની પ્રકૃતિની શક્તિ એ પ્રતિલોમશક્તિ છે. પ્રકૃતિના અધિકારની આ નિવૃત્તિને આપણી પરિભાષા મુજબ કહેવી હોય તો અપુનર્બન્ધકદશાની પ્રાપ્તિરૂપે કહી શકાય. પ્રતિલોમશક્તિથી પ્રકૃતિનો અધિકાર જ્યાં સુધી નિવૃત્ત થયો નથી.. એટલે કે જીવ હજુ પ્રકૃતિના અધિકાર હેઠળ જ છે. ત્યાં સુધી જીવને યોગમાર્ગની જિજ્ઞાસા પણ જાગતી નથી, તો પ્રવૃત્તિની તો વાત જ શી ? આપણી પરિભાષામાં કહેવું હોય તો, મોહનીયકર્મપ્રકૃતિનો જીવ પર, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરાવવારૂપ અધિકાર જ્યાં સુધી નિવૃત્ત થતો નથી, એટલે કે અપુનર્બંધકદશા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી જીવને યોગમાર્ગની વાસ્તવિક જિજ્ઞાસા પણ પેદા થતી નથી. ॥ ૧૯ ॥ (આ વાતને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે-)

गाथार्थ : क्षेत्ररोगनो उदय होय तो जेम पथ्यनी ઇચ્છા થતી નથી એમ અધિકારયુક્ત પ્રકૃતિવાળા આવર્તમાં નિશ્ચયથી જિજ્ઞાસા જાગતી જ નથી.

टीकार्थ : साधिकार એટલે પુરુષનો અભિભવ કરવામાં પ્રવૃત્ત એવી જે પ્રકૃતિ.. આવી પ્રકૃતિવાળા આવર્તમાં नियोगतः=निश्चयथी जिज्ञासा=तत्त्वमार्गना परिज्ञाननी ઇચ્છા થતી નથી, જેમ કે क्षेत्ररोगना उदयमां पथ्यनी ઇચ્છા થતી નથી. અન્ય અનેક રોગના આધારભૂત કુષ્ઠાદિરોગ એ क्षेत्ररोग છે. એના કારણે જેમ પથ્ય-અપથ્યની બુદ્ધિનો વિપર્યાસ થાય છે એમ પ્રસ્તુતમાં પણ જાણવું.

रोगान्तराधारभूतः कुष्ठादिरोगः । ततो यथा पथ्यापथ्यधीविपर्यासस्तथा प्रकृतेऽपि ।।२०।।

पुरुषाभिभवः कश्चित्तस्यामपि हि हीयते ।
युक्तं तेनैतदधिकमुपरिष्टाद् भणिष्यते ।।२१।।

पुरुषेति । **तस्यामपि हि** = जिज्ञासायामपि हि सत्यां **कश्चित् पुरुषाभिभव**प्रकृतेर्**हीयते**=निवर्तते । न ह्येकान्तेनाक्षीणपापस्य विमलो भावः सम्भवति । **तेनैतद्** गोपेन्द्रोक्तं **युक्तम्** । **अधिकं** = अपरिणाम्यात्मपक्षे तदभिभव-तन्निवृत्त्याद्यनुपपत्तिलक्षण**मुपरिष्टाद्**=अग्रिमद्वात्रिंशिकायां **भणिष्यते** ।।२१।।

भावस्य मुख्यहेतुत्वं तेन मोक्षे व्यवस्थितम् ।
तस्यैव चरमावर्ते क्रियाया अपि योगतः ।।२२।।

विवेचन : क्षेत्र એટલે આધાર.. નવા-નવા અનેક રોગોના આધાર જેવો જે કોઢ વગેરે રોગ હોય એ क्षेत्ररोग કહેવાય છે. જ્યારે એનું જોર હોય છે ત્યારે દર્દીને વૈદ્ય દ્વારા ઉપદિષ્ટ પથ્ય આહાર લેવાની ઇચ્છા પણ થતી નથી. પણ અપથ્ય જ ખાયા કરવાની ઇચ્છા જાગે છે ને તેથી નવા નવા રોગો પેદા થયા જ કરે છે. એમ અચરમાવર્તકાળમાં જીવને પણ પથ્યાપથ્યનો વિપર્યાસ થાય છે. એ પથ્યને અપથ્ય સમજી ટાળતો રહે છે ને અપથ્યને પથ્ય સમજી સેવતો રહે છે. ॥ ૨૦ ॥

गाथार्थ : ते=જિજ્ઞાસા પણ હોય તો પુરુષનો અભિભવ કંઈક પણ ઘટે જ છે. તેથી ગોપેન્દ્રાચાર્યે કહેલી આ વાત યુક્ત જ છે. આ અંગે અધિક આગળ કહેવાશે.

टीकार्थ : ते=તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પણ જો હોય તો પ્રકૃતિનો પુરુષનો અભિભવ કરવા રૂપ અધિકાર કંઈક પણ દૂર થાય જ છે. કારણ કે જેના પાપ અંશમાત્ર પણ ઓછા થયા નથી એને નિર્મળ ભાવ સંભવતો નથી. તેથી ગોપેન્દ્રએ કહેલી આ વાત યુક્ત છે. આ અંગેની, 'આત્માને જો અપરિણામી માનો તો પ્રકૃતિ દ્વારા એનો અભિભવ, અધિકારની નિવૃત્તિ વગેરે અસંગત રહે છે' ઇત્યાદિ અધિક વાતો આગળ અગ્યારમી બત્રીશીમાં કહેવાશે.

विवेचन : અચરમાવર્તવર્તી જીવ મોક્ષને હમ્બગ માનતો હોય છે અને એટલે જ મોક્ષના માર્ગરૂપ યોગને પણ વ્યર્થકલ્પના તથા ભોગવંચનારૂપ માનતો હોય છે. તેથી એની જિજ્ઞાસા જાગવાનો કોઈ પ્રશ્ન જ હોતો નથી.

તત્ત્વમાર્ગની જિજ્ઞાસા એ પ્રકૃતિના અધિકારની આંશિક નિવૃત્તિનો કારક હેતુ નથી, પણ જ્ઞાપકહેતુ છે એ જાણવું. કારણ કે આ નિવૃત્તિ તો કાળક્રમે સ્વયં થાય છે. એ થાય એટલે કંઇક નિર્મળતા થવાથી પછી આ જિજ્ઞાસા પેદા થાય છે. ગ્રન્થકારે આ વાતનું સૂચન न ह्येकान्तेनाक्षीणपापस्य विमलो भावः सम्भवति આવા કથન દ્વારા કર્યું છે. એટલે આ જિજ્ઞાસા જો પેદા થઈ છે, તો નિવૃત્તિ થયેલી જ હોય.. એમ જિજ્ઞાસા જ્ઞાપકહેતુ છે. ॥ ૨૧ ॥ (આમ ભાવ નિર્મળ થાય તો જ જિજ્ઞાસાદિક્રમે મોક્ષ સુધીની પ્રાપ્તિ થાય છે. તેથી ભાવની મુખ્યતા જણાવે છે-)

गाथार्थ : આમ 'મોક્ષ પ્રત્યે ભાવ મુખ્યહેતુ છે' એ વાત નિશ્ચિત થઈ. અને ચરમાવર્તમાં તેનો યોગ થવાથી જ ક્રિયા પણ મુખ્યહેતુ બને છે.

भावस्येति । तेन भावस्य=अन्तःपरिणामस्य **मोक्षे मुख्यहेतुत्वं व्यवस्थितम्** । तेन स एव योग इत्युक्तं भवति । **तस्यैव योगतश्चरमावर्ते क्रियाया अपि मोक्षे मुख्यहेतुत्वं**, अतस्तस्या अपि योगत्वमिति भावः ।।२२।।

रसानुवेधात्ताम्रस्य हेमत्वं जायते यथा ।
क्रियाया अपि सम्यक्त्वं तथा भावानुवेधतः ।। २३।।

रसानुवेधादिति । ताम्रस्य रसानुवेधात् = सिद्धरससम्पर्कात् **यथा हेमत्वं जायते । तथा क्रियाया अपि भावानुवेधतः सम्यक्त्वं** = मोक्षसम्पादनशक्तिरूपम् ।। २३।।

भावसात्म्येऽत एवास्या भङ्गेऽपि व्यक्तमन्वयः ।
सुवर्णघटतुल्यां तां ब्रुवते सौगता अपि ।। २४।।

टीकार्थ : તેથી ભાવ=આંતરિક પરિણામ મોક્ષ પ્રત્યે મુખ્ય હેતુ છે. આ વાત નિશ્ચિત થઈ. [5]એટલે એ જ 'યોગ' છે એમ કહેવાય છે. વળી તેનો સંબંધ થવાથી જ ચરમાવર્તમાં ક્રિયા પણ મોક્ષનો મુખ્ય હેતુ બને છે. એટલે તે પણ યોગરૂપ છે. ॥ ૨૨ ॥ (ભાવનો પ્રભાવ સમજાવે છે-)

ગાથાર્થ : રસનો અનુવેધ થવાથી તાંબુ જેમ સોનું બની જાય છે એમ ભાવનો અનુવેધ થવાથી ક્રિયા પણ સમ્યક્ બની જાય છે.

ટીકાર્થ : રસનો અનુવેધ થવાથી=સિદ્ધરસનો સંપર્ક થવાથી તાંબુ જેમ સોનું બની જાય છે, એમ ક્રિયા પણ પ્રણિધાનાદિ આશયરૂપ ભાવનો અનુવેધ થવાથી સમ્યક્ બની જાય છે, એટલે કે મોક્ષસંપાદક શક્તિવાળી બની જાય છે. ॥ ૨૩ ॥ (આ જ વાતની પુષ્ટિ કરે છે-)

ગાથાર્થ : એટલે જ ભાવસાત્મ્ય જો છે, તો આનો=ક્રિયાનો ભંગ થવા છતાં ભાવનો અન્વય અક્ષત રહે

---

5. ગ્રન્થકારે 'ભાવ મોક્ષનો મુખ્ય હેતુ છે માટે યોગ છે', આ પ્રમાણે સ્પષ્ટ કહ્યું છે. છતાં શબ્દશઃ વિવેચનકાર જણાવે છે કે *મોક્ષને અનુકૂળભાવ પણ જો ઉત્તરોત્તર ભાવને પ્રગટ કરતો હોય તો જ યોગ રૂપ છે,* ન કરતો હોય (=વ્યાપારવાળો ન હોય) તો યોગરૂપ નથી. વિનિયોગપૂર્વના આશયો અવશ્ય સાનુબંધ હોવાનો નિયમ નથી. એટલે પ્રણિધાન-પ્રવૃત્તિ હોય, પણ વિઘ્નજય ન હોય.. ને વિઘ્ન આવે તો પ્રવૃત્તિ અટકી પણ જાય. ઉત્તરોત્તર આશયને પેદા ન પણ કરે.. શું એટલા માત્રથી અત્યાર સુધી આ બે આશયપૂર્વક કરેલી ધર્મક્રિયા યોગ ન બને ? પોતે જ પૂર્વે જણાવી ગયા છે કે *પ્રણિધાનાદિમાંના એકાદ આશય પૂર્વકની ક્રિયા પણ યોગ છે.*

તથા ગ્રન્થકારે ખુદ ક્રિયાને પણ મુખ્ય હેતુ જણાવી છે. સ્વયં પણ *'ક્રિયાને અવલંબીને ભાવ પ્રગટ થાય છે'.* એમ જણાવ્યું છે. છતાં પૃ. ૫૯ પર *'ક્રિયા મુખ્ય હેતુ નથી'* એમ આ પંડિત જણાવે છે. શું ક્રિયા પ્રત્યેના દ્વેષથી જ પંડિતાઈ આવતી હશે ? આ સિવાય પણ એટલી બધી ગરબડ કરી છે, કેટલું લખવું ? મૂળ પોતે ક્યાં ભૂલો કરે છે એ પકડવાની ક્ષમતા નથી એની બધી ગરબડ છે. અહીં 'મોક્ષનો મુખ્યહેતુ એ 'યોગ' આટલું જ લક્ષણ ગ્રન્થકારને અભિપ્રેત છે. ને ભાવ એવો હોવાથી 'યોગ' તરીકે માન્ય છે. છતાં આ પંડિત પૂર્વે આપેલા, 'મોક્ષહેતુ વ્યાપાર એ યોગ' એ લક્ષણને અહીં લઇ આવ્યા. આમાં મોક્ષના મુખ્ય હેતુ તરીકે ભાવ લેવાનો હોવાથી ભાવવ્યાપાર એ યોગ બને...ભાવ નહીં... એટલે પાછી ગુલાંટ મારી...*'વ્યાપારવાળો ભાવ એ યોગ'* એય મારી મચડીને અર્થ લીધો.

भावेति । **अत एवास्याः** क्रियाया **भावसात्म्ये** स्वजननशक्त्या भावव्याप्तिलक्षणे सति **भङ्गेऽपि** = तथाविधकषायोदयान्नाशेऽपि **व्यक्तं**=प्रकट**मन्वयो** भावानुवृत्तिलक्षणः, तद्व्यक्त्यभावेऽपि तच्छक्त्यनपगमात् । अत एव **तां** भावशुद्धां क्रिया **सौगता अपि सुवर्णघटतुल्यां ब्रुवते** । यथा हि सुवर्णघटो भिद्यमानोऽपि न सुवर्णानुबन्धं मुञ्चत्येवं शुभक्रिया तथाविधकषायोदयाद् भग्नाऽपि शुभफलैवेति । तदिदमुक्तं-*"भाववृद्धिरतोऽवश्यं सानुबन्धं शुभोदयम् । गीयतेऽन्यैरपि ह्येतत्सुवर्णघटसन्निभम् ।।"*(यो.बिं. ३५१) इति ।। २४ ।।

शिरोदकसमो भावः क्रिया च खननोपमा ।
भावपूर्वादनुष्ठानाद् भाववृद्धिरतो ध्रुवा ।। २५ ।।

છે એ વાત વ્યક્ત છે. બૌદ્ધો પણ તે ક્રિયાને સુવર્ણઘટ તુલ્ય કહે છે.

ટીકાર્થ : એટલે જ આ ક્રિયાનું ભાવ સાત્મ્ય થયે છતે, તેવા પ્રકારના કષાયોદયથી ક્રિયાનો નાશ થઈ જાય તો પણ ભાવની અનુવૃત્તિ ચાલવારૂપ અન્વય સ્પષ્ટપણે હોય છે. કારણ કે તે ક્રિયાવ્યક્તિનો અભાવ થયો હોવા છતાં તેની શક્તિ ચાલી ગઈ હોતી નથી. એટલે જ તે ભાવશુદ્ધ ક્રિયાને બૌદ્ધો પણ સુવર્ણઘટ જેવી કહે છે. જેમ સુવર્ણઘટ ભાંગી જાય તો પણ સુવર્ણના અનુબંધને છોડતો નથી એમ શુભ ક્રિયા પણ તેવા કષાયોદયના કારણે નષ્ટ થઈ જાય તો પણ શુભફળવાળી જ હોય છે. યોગબિંદુ (૩૫૧)માં કહ્યું છે-*આનાથી=સત્ક્રયોપશમથી અવશ્ય ભાવવૃદ્ધિ થાય છે. બૌદ્ધો વડે પણ આ સાનુબંધ-શુભોદયવાળું અનુષ્ઠાન સુવર્ણ ઘટ જેવું કહેવાયું છે.* પ્રસ્તુતમાં 'ભાવસાત્મ્ય' શબ્દ જે રહ્યો છે, તેનો અર્થ છે સ્વજનનશક્તિથી ભાવવ્યાપ્તિ.

વિવેચન : માટીનો ઘડો ભાંગી જાય તો પછી ઠીકરાનું કશું મૂલ્ય ઉપજતું નથી. પણ સુવર્ણ ઘટ જો ભાંગી જાય તો મજુરી ભલે જાય.. સોનાની તો પૂરેપૂરી કિંમત ઉપજે જ છે. એમ ભાવશૂન્ય ક્રિયા માટીના ઘડા જેવી છે. એના નાશે કશું બચતું નથી. પણ જે ક્રિયા ભાવથી વણાયેલી છે, એ ક્રિયાનો (ચારિત્રક્રિયાનો) દેવલોકપ્રાપ્તિ વગેરે કારણે અપ્રત્યાખ્યાનાવરણ કષાયોદય થવાથી નાશ થઈ જાય તો પણ ભાવ અક્ષત રહ્યો હોવાથી (ભાવનો આગળ પણ અન્વય ચાલવાથી) એનો લાભ જીવને મળે જ છે. ને વળી અનુકૂળ સંયોગ સર્જાતા ભાવ, અનુરૂપ ક્રિયાને પાછી પેદા પણ કરે જ છે.

આમ ભાવમાં [6]ક્રિયાજનનશક્તિ રહી છે. એટલે કે ક્રિયા સ્વજનનશક્તિથી ભાવમાં રહી છે. ક્રિયાની સ્વજનનશક્તિથી આ જે ભાવવ્યાપ્તિ છે તે જ અહીં ભાવસાત્મ્યરૂપે કહેવાયું છે. ॥ ૨૪ ॥ (ક્રિયાથી ભાવવૃદ્ધિ થાય છે એ જણાવે છે-)

ગાથાર્થ : ભાવ શિરાજળ જેવો છે અને ક્રિયા કૂપખનન જેવી છે, તેથી ભાવપૂર્વકના અનુષ્ઠાનથી અવશ્ય ભાવવૃદ્ધિ થાય છે.

---

6. શબ્દશઃ વિવેચનકારે ટીકાર્થમાં *સ્વજનનશક્તિથી અર્થાત્ મોક્ષને ઉત્પન્ન કરવાની શક્તિથી* એમ અર્થ કર્યો છે. અર્થાત્ 'સ્વ'નો અર્થ મોક્ષ કર્યો છે. ક્રિયાની વાત ચાલે છે તો 'સ્વ'શબ્દ ક્રિયાને જ જણાવી શકે. મોક્ષની તો કલ્પના પણ ક્યાંથી આવી શકે ?

शिरेति । **शिरोदकसमः** = तथाविधकूपे सहजप्रवृत्तशिराजलतुल्यो **भावः** । **क्रिया च खननोपमा** शिराऽऽश्रयकूपादिखननसदृशी । **अतो भावपूर्वादनुष्ठानाद् भाववृद्धिर्ध्रुवा**, जलवृद्धौ कूपखननस्येव भाववृद्धौ क्रियाया हेतुत्वात् । भावस्य दलत्वेऽपि बहुदलमेलनरूपाया वृद्धेस्तदन्वयव्यतिरेकानुविधानात् ।। २५।।

मण्डूकचूर्णसदृशः क्लेशध्वंसः क्रियाकृतः ।
तद्भस्मसदृशस्तु स्याद् भावपूर्वक्रियाकृतः ।। २६।।

मण्डूकेति । **क्रियाकृतः** = केवलक्रियाजनितः **क्लेशध्वंसो** = रागादिपरिक्षयो **मण्डूकचूर्णसदृशः**, पुनरुत्पत्तिशक्त्यन्वितत्वात् ।

ભાવ, તેવા પ્રકારના કૂવામાં સહજ પ્રવૃત્ત શિરાજળ જેવો છે. અને ક્રિયા શિરાના આશ્રયભૂત કૂવાને ખોદવા સમાન છે. તેથી ભાવપૂર્વકના અનુષ્ઠાનથી ભાવની વૃદ્ધિ અવશ્ય થાય છે, કારણ કે કૂવો ખોદવો એ જેમ જળવૃદ્ધિનો હેતુ છે એમ ક્રિયા એ ભાવવૃદ્ધિનો હેતુ છે. તે પણ એટલા માટે કે ભાવ દલરૂપ હોવા છતાં બહુદલ ભેગું કરવારૂપ વૃદ્ધિ તેના અન્વય- વ્યતિરેકને અનુસરે છે.

विवेचन : અહીં ભાવ-ક્રિયાને અન્ય ઉપમા દ્વારા સમજાવવામાં આવ્યા છે. ક્રિયા ભૂમિ ખોદવા સમાન છે ને ભાવ શિરા સમાન છે. અમુક જમીનમાં નીચે પાણીની પાતાલ સેરો વહેતી હોય છે. ઉપર એ જ ભાગ પર કૂવો ખોદવામાં આવે તો સહજ રીતે પાણીની પ્રાપ્તિ થઈ જાય છે, ને આ પ્રાપ્તિ ચાલુ જ રહે છે. એમ જો શિરોદકતુલ્ય ભાવ વિદ્યમાન હોય તો, કૂવો ખોદવારૂપ ક્રિયા ભાવપૂર્વકની થવાથી એનાથી ભાવવૃદ્ધિ ચોક્કસ થાય જ છે, કારણ કે જળવૃદ્ધિમાં જેમ કૂપખનન એ કારણ છે એમ ભાવવૃદ્ધિમાં ક્રિયા એ કારણ છે.

શંકા : ભાવનું ઉપાદાનકારણ ભાવ જ બની શકે. તો ભાવવૃદ્ધિમાં તમે ક્રિયાને કેમ કારણ કહો છો ?

સમાધાન : તમારી વાત સાચી છે. છતાં વિવક્ષિત શુભભાવ અને એને અનુરૂપ અન્ય પણ વિવિધ શુભભાવો.. આ બધાને ક્રિયા ભેગા કરી આપે છે. જેમકે પ્રભુપૂજાની ક્રિયા.. દિલમાં પ્રભુભક્તિનો ભાવ તો છે જ. પણ જો ક્રિયા (પ્રભુપૂજા) કરવાની હોય તો સ્નાનાદિમાં જયણા, પૂજામાં કમજાળવણી, વિધિપાલન, આશાતના પરિહાર.. વગેરે પણ ભાવો સંકળાય છે. જો પૂજા કરવાની જ ન હોય તો ભક્તિના ભાવમાં આ બધા ભાવો શી રીતે ભળી શકે ? ને આ બધા ભાવો ન ભળે તો ભક્તિભાવ પણ વધારે પુષ્ટ શી રીતે બને? એટલે ક્રિયાથી ભાવવૃદ્ધિ થાય છે, ક્રિયા ન હોય તો થતી નથી.. આમ અન્વય-વ્યતિરેક મળતા હોવાથી ક્રિયાને ભાવવૃદ્ધિનું કારણ કહી છે. ॥ ૨૫ ॥ (અન્ય દૃષ્ટાંત આપે છે-)

ગાથાર્થ : ક્રિયા દ્વારા કરાયેલો ક્લેશધ્વંસ દેડકાના ચૂર્ણ જેવો છે. જ્યારે ભાવપૂર્વકની ક્રિયા દ્વારા કરાયેલો તે તેની ભસ્મ જેવો છે.

ટીકાર્થ : માત્ર ક્રિયાજન્ય રાગાદિ ક્લેશનો પરિક્ષય મંડૂકચૂર્ણ જેવો છે, કારણ કે ફરીથી ઉત્પન્ન થવાની યોગ્યતાવાળો છે. જ્યારે ભાવપૂર્વકની ક્રિયાથી કરાયેલો ક્લેશધ્વંસ મંડૂકભસ્મ જેવો છે, કારણ કે ફરીથી ઉત્પન્ન થવાની યોગ્યતા વિનાનો છે. આમ ક્લેશધ્વંસવિશેષનો જનક શક્તિવિશેષ એ જ ક્રિયામાં ભાવવૃદ્ધિને અનુકૂળ છે એમ ફલિતાર્થ મળે છે.

विवेचन : આત્માને વળગેલા રાગાદિદોષોરૂપ ક્લેશોનો ક્ષય માત્ર શુભક્રિયાથી પણ થાય છે ને ભાવપૂર્વકની

भावपूर्वक्रियाकृतस्तु तद्भस्मसदृशः = मण्डूकभस्मसदृशः **स्यात्**, पुनरुत्पत्तिशक्त्यभावात्। एवं च क्लेशध्वंसविशेषजनकः शक्तिविशेष एव क्रियायां भाववृद्ध्यनुकूल इति फलितम् ।। २६।। तथा च-

विचित्रभावद्वारा तत् क्रिया हेतुः शिवं प्रति ।
अस्या व्यञ्जकताऽप्येषा परा ज्ञाननयोचिता ।।२७।।

विचित्रेति (**तत्** = तस्मात्) विचित्रो भावोऽध्यात्मादिरूपः, तद्द्वारा (**=विचित्रभावद्वारा) क्रिया शिवं प्रति हेतुः**, दण्ड इव चक्रभ्रमिद्वारा घटे । कारणता च तस्याः शक्तिविशेषेण न तु भावपूर्वकत्वेनैव, भावस्यान्यथासिद्धिप्रसङ्गात् ।

अस्याः क्रियाया **व्यञ्जकताऽप्येषा** हेतुताविशेषरूपा **परा** । सत एव भावस्य ज्ञापकत्वरूपाभिव्यञ्जकता **ज्ञाननयोचिता**=ज्ञाननयप्राधान्योपयुक्ता, न तु व्यवहारतो वास्तवी, अन्यथा सत्कार्यवादप्रसङ्गादिति भावः ।।२७।।

શુભક્રિયાથી પણ થાય છે. પણ માત્ર ક્રિયાથી થયેલો ક્લેશક્ષય મંડૂકચૂર્ણ સમાન હોય છે. જ્યારે ભાવપૂર્વકની ક્રિયાથી થયેલો ક્લેશક્ષય મંડૂકભસ્મ સમાન હોય છે. મંડૂક એટલે દેડકો... એ મરી ગયા બાદ એના શરીરનો નાશ બે રીતે થાય છે. એનું મૃત શરીર સૂકાઈ સૂકાઈને.. તથા અન્ય પદાર્થો સાથે અથડાઈ-કૂટાઈને ચૂર્ણ જેવું થઈ જાય છે. એ ચૂર્ણ= એની રજકણો ધૂળમાં મળી જાય છે. પછી જ્યારે વરસાદ પડે છે, ખાબોચિયાં ભરાય છે, ને એ મંડૂકચૂર્ણમાંથી નવા સંમૂર્ચ્છિમ દેડકાં ઉત્પન્ન થાય છે. એમ માત્ર ક્રિયાથી નાશ પામેલા રાગાદિ ક્લેશો, એવા પ્રકારની સામગ્રી મળતાં ફરીથી ઉત્પન્ન થઈ જાય છે. પણ જો દેડકાંના શરીરનો નાશ એની ભસ્મ કરી દેવા દ્વારા થયો હોય તો પછી ગમે એટલું પાણી વરસવા કે ભરાવા છતાં એ ભસ્મમાંથી ફરીથી ક્યારેય દેડકો ઉત્પન્ન થતો નથી. એમ ભાવપૂર્વકની ક્રિયાથી નાશ પામેલા રાગાદિ ક્લેશો ફરીથી અસ્તિત્વમાં આવી શકતા નથી, કારણ કે એમાં ફરીથી ઉત્પન્ન થવાની યોગ્યતા જ રહી હોતી નથી. આમ ક્લેશધ્વંસવિશેષ=યોગ્યતા પણ નાશ પામી જાય એ રીતે થતો ક્લેશધ્વંસ, એને કરી આપનાર શક્તિવિશેષ=એક ચોક્કસ પ્રકારની શક્તિ, એ જ ક્રિયામાં રહેલ ભાવવર્ધક પરિબળ છે એમ નિશ્ચિત થાય છે. ॥ ૨૬ ॥ અને એટલે -

ગાથાર્થ : તેથી ક્રિયા વિચિત્રભાવ દ્વારા મોક્ષ પ્રત્યે કારણ છે. એની આ અન્ય વ્યંજકતા પણ જ્ઞાનનયઉચિત છે.

ટીકાર્થ : (તેથી) ક્રિયા અધ્યાત્મ વગેરે રૂપ વિચિત્ર ભાવ દ્વારા મોક્ષ પ્રત્યે કારણ છે. જેમ દંડ ચક્રભ્રમણદ્વારા ઘટપ્રત્યે કારણ છે. [૧]તે ક્રિયાની આ કારણતા શક્તિવિશેષરૂપે છે, નહીં કે ભાવપૂર્વકત્વરૂપે, કારણ કે એ રૂપે માનવામાં ભાવ અન્યથાસિદ્ધ થઈ જાય. [૨]આ ક્રિયામાં આ હેતુતાવિશેષરૂપ અન્ય વ્યંજકતા પણ છે, વિદ્યમાન એવા જ ભાવની જ્ઞાપકત્વરૂપ અભિવ્યંજકતા જ્ઞાનનયને ઉચિત છે=જ્ઞાનનયના પ્રાધાન્ય માટે ઉપયુક્ત છે, નહીં કે વ્યવહારથી વાસ્તવિક છે, [૩]નહીંતર સત્કાર્યવાદ આવી પડવાની આપત્તિ છે, એમ ભાવ છે.

વિવેચન : (૧) જેમ દંડ, દંડરૂપે ઘટપ્રત્યે કારણ છે, એમ ક્રિયાને ક્રિયારૂપે જ મોક્ષ પ્રત્યે કારણ માની

શકાતી નથી, કારણ કે એમ માનવામાં તો ભાવશૂન્ય ક્રિયા પણ મોક્ષનું કારણ બની જાય, કારણકે એ પણ ક્રિયારૂપ તો છે જ. તો એને કયારૂપે કારણ માનવી ?

શંકા : એને ભાવપૂર્વકત્વેન (ભાવપૂર્વક હોવા રૂપે) કારણ માનીએ તો ભાવશૂન્ય ક્રિયાની બાદબાકી થઈ જ જશે ને !

સમાધાન : પણ તો પછી ભાવને કારણ નહીં માની શકાય. આશય એ છે કે પાંચ અન્યથાસિદ્ધિમાં પ્રથમ અન્યથાસિદ્ધિ તરીકે કારણતાવચ્છેદકને કહેલ છે. એટલે કે દંડ દંડરૂપે (=દંડત્વેન) જો ઘટપ્રત્યે કારણ છે, તો દંડત્વ ઘટપ્રત્યે અન્યથાસિદ્ધ છે. એમ પ્રસ્તુતમાં ક્રિયાને જો ભાવપૂર્વકત્વેન (=ભાવવત્ત્વેન) કારણ માનવામાં આવે તો ભાવ કારણતાવચ્છેદક બનવાથી મોક્ષ પ્રત્યે અન્યથાસિદ્ધ બની જાય. એટલે ક્રિયાને એક પ્રકારની ચોક્કસશક્તિ (=શક્તિવિશેષ) વાળી હોવારૂપે મોક્ષ પ્રત્યે કારણ માનવી ઉચિત છે. પૂર્વની ગાથામાં ભાવવર્ધક પરિબળ તરીકે જે શક્તિવિશેષ કહેલ તે જ આ શક્તિવિશેષ છે એમ માનવામાં પણ કોઈ ક્ષતિ જણાતી નથી. ભાવશૂન્ય ક્રિયામાં આ શક્તિવિશેષ ન હોવાથી, નથી એ ભાવવર્ધક બનતી કે નથી એ મોક્ષનું કારણ બનતી.

(૨) દંડ, ચક્ર વગેરે ઘટના કારકહેતુ છે. દીવો જ્ઞાપકહેતુ છે. (દીવો ઘટને ઉત્પન્ન નથી કરતો, પણ પહેલેથી વિદ્યમાન ઘટને માત્ર જણાવે છે.) તેથી હેતુતા બે પ્રકારે છે-કારકહેતુતા અને જ્ઞાપકહેતુતા. પૂર્વે ક્રિયાને ભાવ દ્વારા કારણ કહી એનો અર્થ ક્રિયાથી ભાવ ને ભાવથી મોક્ષ.. એવો હોવાથી ક્રિયામાં ભાવની કારકહેતુતા કહી. હવે ગ્રન્થકાર કહે છે કે આ ક્રિયામાં ભાવની વ્યંજકતા=જ્ઞાપકતારૂપ [7]પરા=અન્ય હેતુતાવિશેષ (=જ્ઞાપકહેતુતા) પણ રહેલ છે. વિદ્યમાન એવા જ ભાવની આ જ્ઞાપકતારૂપ વ્યંજકતા છે. દા.ત. આત્મામાં રહેલો જયણાનો ભાવ બીજાઓને અપ્રત્યક્ષ છે. પણ એ આત્મા પૂંજવા-પ્રમાર્જવાની ક્રિયા કરે તો એના પરથી બીજાઓ અંદરના આ જયણાના ભાવને જાણી શકે છે. અંદર આ ભાવ હતો જ, ક્રિયાએ કાંઈ એને પેદા કર્યો નથી, માત્ર જણાવ્યો છે. માટે એ જ્ઞાપકહેતુ છે.

જ્ઞાનનય ક્રિયાને ગૌણ કરી કારણ (=કારક હેતુ) માનતો નથી. એટલે ગ્રન્થકાર કહે છે કે ક્રિયાને આ રીતે માત્ર જ્ઞાપકહેતુ માનવી એ વાત જ્ઞાનનયને ઉચિત છે, વાસ્તવિક નથી= પ્રમાણને ઉચિત નથી. કારણ કે જયણાનો ભાવ હતો, માટે પડિલેહણ-પ્રમાર્જન ક્રિયા કરી.. પણ એ ક્રિયા વળી આગળના પ્રબળ જયણાભાવને પેદા કરે જ છે. એટલે કે ક્રિયા પૂર્વભાવની જ્ઞાપકહેતુ છે ને ઉત્તરભાવની કારકહેતુ છે. અર્થાત્ ક્રિયામાં પ્રમાણને અનુસરીને બંને હેતુતા છે જ.

---

7. परा શબ્દનો અર્થ શબ્દશઃ વિવેચનકારે 'શ્રેષ્ઠ' કરેલ છે જે ગલત છે. ને પછી જે ગરબડો કરી છે ! *ક્રિયામાં જ્ઞાનની બે પ્રકારે વ્યંજકતા, હેતુતાવિશેષરૂપ ને શ્રેષ્ઠહેતુતાવિશેષરૂપ.* (ભાવની વ્યંજકતાની વાત ચાલે છે. એમાં જ્ઞાનની વ્યંજકતાની વાત ક્યાંથી આવી પડી !) *આમાં પહેલી મંડૂકચૂર્ણ જેવા જ્ઞાનને અભિવ્યક્ત કરે એવી છે ને બીજી મંડૂકભસ્મ જેવા જ્ઞાનને અભિવ્યક્ત કરે એવી છે.'* (મંડૂકના ચૂર્ણ-ભસ્મ જેવા તો ક્રિયાદ્વારા કરાયેલ ક્લેશક્ષય છે, જ્ઞાન ક્યાંથી આવી ગયા ? જ્યાં મંડૂક ચૂર્ણની વાત છે ત્યાં માત્ર ક્રિયા છે, જ્ઞાન છે જ નહીં, પછી એની અભિવ્યંજકતા શી રીતે ? એમ પૂર્વે પણ પ્રણિધાનાદિ આશયને સ્થૂલદૃષ્ટિથી ભાવરૂપે કહેલ છે, સૂક્ષ્મદૃષ્ટિથી શક્તિવિશેષ રૂપે કહેલ છે.. વગેરે ગપ્પાં પણ આઘાતજનક છે. નયલતાકારે परा નો અર્થ 'અધિકતા' કરેલ છે ને ભાવમાં મોક્ષની જ્ઞાપકતા રૂપ અભિવ્યંજકતા કહેલ છે તે પણ ગલત જાણવું.

व्यापारश्चिद्विवर्तत्वाद्वीर्योल्लासाच्च स स्मृतः ।
विविच्यमाना भिद्यन्ते परिणामा हि वस्तुनः ।। २८।।

व्यापार इति । **स** योगः **चिद्विवर्तत्वात्** = ज्ञानपरिणामाद् **वीर्योल्लासाद्** = आत्मशक्तिस्फोरणाच्च **व्यापारः स्मृतः**, क्रमवतः प्रवृत्तिविषयस्य व्यापारत्वात् । एतेन द्रव्यादेर्व्यवच्छेदः । **हि** = यतः **विविच्यमानाः** = भेदनयेन गृह्यमाणा **वस्तुनः परिणामा भिद्यन्ते**। तथा च न व्यापाराश्रयस्यापि व्यापारत्वमिति भावः ।।२८।। एतदेवाह-

---

અલબત્ જ્ઞાનનય એમ કહે છે કે ઘડો પહેલેથી માટીમાં હતો જ, કુંભારની ક્રિયાએ એને વ્યક્ત કર્યો. એમ ઉત્તરભાવ પણ આત્મામાં હતો જ, ક્રિયાએ એને વ્યક્ત કર્યો. ક્રિયા જો કારકહેતુ હોય તો અભવ્યમાં ભાવને પેદા કેમ કરતી નથી ? માટે એ જ્ઞાપકહેતુ છે. આ જ્ઞાનનયની વાત છે. ક્રિયાનય એને માત્ર કારકહેતુ માને છે. પ્રમાણ એને બંને હેતુ તરીકે માને છે.

(૩) નહીંતર=જો કારકહેતુતા માનવાની ન હોય તો માત્ર જ્ઞાપકહેતુતા જ માનવાની રહે. એટલે કે કાર્ય પહેલેથી વિદ્યમાન હતું જ, કારણ એને માત્ર વ્યક્ત કરે છે-જણાવે છે. આવું માનવાનું રહે.. આ જ તો સત્કાર્યવાદ છે. અહીં એક મહત્ત્વની વાત એ છે કે ક્રિયાના પ્રાધાન્યની વિવક્ષા ચાલે છે, માટે અહીં ક્રિયાને ભાવ દ્વારા મોક્ષનું કારણ કહી છે. અન્યથા ભાવને પણ ક્રિયા દ્વારા મોક્ષનું કારણ કહી શકાય. પૂર્વનો ભાવ ક્રિયાને પેદા કરે, એનાથી ભાવ વધારે પ્રબળ બને. પછી એ પ્રબળભાવ વળી વધારે પ્રબળ ક્રિયાને પેદા કરે.. એમ ઉત્તરોત્તર કહી શકાય છે. ॥ ૨૭ ॥ (યોગનું સ્વરૂપ દર્શાવે છે-)

ગાથાર્થ : ચિદ્વિવર્તરૂપ હોવાથી તથા વીર્યોલ્લાસ હોવાથી તે યોગ 'વ્યાપાર' કહેવાયો છે. વિવેક કરાતા પરિણામો વસ્તુ કરતાં ભિન્ન હોય છે.

ટીકાર્થ : તે યોગ ચિદ્વિવર્ત=જ્ઞાનપરિણામરૂપ હોવાથી અને વીર્યોલ્લાસ=આત્મશક્તિનું સ્ફોરણ હોવાથી વ્યાપાર કહેવાયો છે, કારણ કે ક્રમિક પ્રવૃત્તિવિષય વ્યાપારરૂપ હોય છે. આમ કહેવાથી દ્રવ્યાદિનો વ્યવચ્છેદ થયો. કારણ કે વિવેક કરાતા=ભેદનયે ગૃહીત થતા પરિણામો વસ્તુથી ભિન્ન હોય છે. એટલે વ્યાપારનો આશ્રય 'વ્યાપાર' રૂપ નથી.

વિવેચન : યોગ એ મોક્ષહેતુભૂત હોવાથી મોક્ષમાર્ગરૂપ હોવાના કારણે જ્ઞાન-ક્રિયા ઉભયાત્મક છે. એટલે એ જ્ઞાનપરિણામ-વીર્યસ્ફુરણ ઉભયસંવલિત હોય છે. તેથી ક્રમિક પ્રવૃત્તિવિષય બનવાથી એ વ્યાપાર કહેવાય છે. એટલે કે યોગ વ્યાપારરૂપ છે. આશય એ છે કે મૃત્પિંડથી ઘટ સુધી પહોંચવામાં વચલા સ્થાસ-કોશ વગેરે વ્યાપાર કહેવાય. એમ ચરમાવર્તપ્રવિષ્ટ જીવ મૃત્પિંડ છે. મોક્ષ એ ઘટ છે. અપુનર્બન્ધક વગેરે અવસ્થાભાવી અનુષ્ઠાનો એ વ્યાપાર છે, કારણ કે એમાં જ્ઞાનપરિણામ અને વીર્યોલ્લાસ ભળેલા હોય છે. આમ પ્રકૃષ્ટ અવસ્થાના કારણભૂત વચગાળાના પરિણામો-વ્યાપાર એ યોગ છે. આમાં વીર્યોલ્લાસ કહ્યો એટલે ક્યારેક બાહ્ય ક્રિયા ન હોવા છતાં આંતરિક ઉલ્લાસ-ભાવના હોય તો એ માનસયોગરૂપ બની જાય છે. હેયોપાદેયનો વિવેક એ શ્રદ્ધાપરિણામ છે. એના પાલનનું પ્રણિધાન આવે એ વીર્યોલ્લાસ. સાધુને જોઈને સાધુતાનું જ્ઞાન થાય. ને

जीवस्थानानि सर्वाणि गुणस्थानानि मार्गणाः ।
परिणामा विवर्तन्ते जीवस्तु न कदाचन ।। २९ ।।

जीवस्थानानीति । **सर्वाणि** = चतुर्दशापि **जीवस्थानानि, गुणस्थानानि** तावन्त्येव, **मार्गणाः** = गतीन्द्रियाद्याः **परिणामा विवर्तन्ते** = दशाविशेषं भजन्ते । **जीवस्तु कदाचन न** विवर्तते, तस्य शुद्धज्ञायकभावस्यैकस्वभावत्वात् ।।२९।।

उपाधिः कर्मणैव स्यादाचारादौ श्रुतं ह्यदः ।
विभावानित्यभावेऽपि ततो नित्यः स्वभाववान् ।। ३०।।

उपाधिरिति । **आचारादौ ह्यदः श्रुतं**-यदुतोपाधिः **कर्मणैव स्यात्** *"कम्मुणा उवाही जायइ त्ति"* (आचा.१/३/१/सू.११०) वचनात् ।

ततो विभावानां = मिथ्यात्वगुणस्थानादारभ्यायोगिगुणस्थानं यावत् प्रवर्तमानानामौपाधिकभावानामनित्यभावेऽपि **(=विभावानित्यभावेऽपि) स्वभाववान्** = आत्मा **नित्यः**, तस्योपाध्यजनितत्वात् ।

'हुं पण आ पाळुं' वगेरे भावना એ वीर्योल्लास. આम योगने व्यापारરૂप કહ્યો એટલે योग, व्यापारना आश्रयभूत आत्मद्रव्यादिરૂप नथी એम द्रव्यादिनो व्यवच्छेद थयो.

शंका : व्यापार, पोतानां आश्रयथी कथंચિદ્અભિન્ન होय छे. એટલે એ रीते એ आत्मद्रव्यादि રૂપ બનશે ने !

समाधान : અહીં ભેદનયથી વિચારણા છે. આ નયમુજબ આત્માના વિવિધ પરિણામો પરસ્પર પણ ભિન્ન હોય છે ને પોતાના આશ્રયભૂત આત્માથી પણ ભિન્ન હોય છે. એટલે વ્યાપાર યોગ છે, પણ વ્યાપારના આશ્રયભૂત આત્મા એ વ્યાપારાત્મક યોગથી ભિન્ન હોવાથી યોગરૂપ નથી. ॥ २८ ॥ (આ જ ભેદનયની વાત કહે છે-)

गाथार्थ : બધા જીવસ્થાન, ગુણસ્થાન, માર્ગણા પરિણામો બદલાય છે. પણ જીવ ક્યારેય બદલાતો નથી.

टीकार्थ : બધા=ચૌદે જીવસ્થાનો, એટલા જ ગુણસ્થાનો, ગતિ-ઇન્દ્રિય વગેરે માર્ગણા પરિણામો વિવર્ત પામે છે=જુદી જુદી દશાઓ પામે છે, પણ જીવ તો ક્યારેય વિવર્ત પામતો નથી=જુદી જુદી દશાઓ પામતો નથી, કારણ કે શુદ્ધ જ્ઞાયકભાવને ધરતો એ હમેશા એક જ સ્વભાવવાળો હોય છે. ॥ २९ ॥ (આ જ વાતમાં યુક્તિ જણાવે છે-)

गाथार्थ : ઉપાધિ કર્મથી જ થાય છે. આ વાત આચારાદિમાં સાંભળવા મળે છે. તેથી વિભાવો અનિત્ય હોવા છતાં આત્મા નિત્યસ્વભાવવાળો છે.

टीकार्थ : શ્રી આચારાંગજી વગેરેમાં *કર્મથી ઉપાધિ થાય છે* (આચા૦ ૧-૩-૧-૧૧૦) આવા વચનથી એ સાંભળ્યું છે કે ઉપાધિ કર્મથી જ થાય છે. એટલે [1]મિથ્યાત્વગુણસ્થાનથી લઈને અયોગી ગુણસ્થાન સુધીના પ્રવર્તતા ઔપાધિકભાવોરૂપ વિભાવો અનિત્ય હોવા છતાં (એ વિભાવાત્મક) સ્વભાવવાળો આત્મા નિત્ય છે. કારણ કે એ ઉપાધિજનિત ન હોવાથી ઔપાધિકભાવરૂપ નથી.

"उपाधिनिमित्तका अप्यात्मनो भावास्तद्रूपा एव युज्यन्ते" इति चेत् ? सत्यम्, शुद्धनयदृष्ट्याऽऽत्म-पुद्गलयोः स्वस्वशुद्धभावजननचरितार्थत्वे संयोगजभावस्य भित्तौ खटिकाश्वेतिम्न इव विविच्यमानस्यैक-त्राप्यनन्तर्भावेन मिथ्यात्वात् ।।३०।।

द्रव्यादेः स्यादभेदेऽपि शुद्धभेदनयादिना ।
इत्थं व्युत्पादनं युक्तं नयसारा हि देशना ।।३१।।

शंका : ઉપાધિનિમિત્તક ઓવા પણ આત્માના ભાવો તદ્રૂપ હોવા જ યુક્ત છે.

समाधान : સાચી વાત છે, શુદ્ધનયદૃષ્ટિથી આત્મા અને પુદ્ગલ પોતપોતાના શુદ્ધ ભાવોને પેદા કરીને ચરિતાર્થ થઈ જાય છે. એટલે સંયોગજન્ય ભાવ ભીંત પર ચૂનાની ધોળાશની જેમ વિવેક કરીને વિચારતા ક્યાંય સમાવિષ્ટ થઈ શકતો ન હોવાથી મિથ્યા હોય છે.

विवेचन : સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય, સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિય.. વગેરે ૧૪ જીવસ્થાનો, મિથ્યાત્વ, સાસ્વાદન વગેરે ૧૪ ગુણસ્થાનો, ગતિ-ઇન્દ્રિય વગેરે ૧૪ મૂળ માર્ગણા-૬૨ પેટા માર્ગણાઓ .. આ બધું જ જીવના પરિણામરૂપ છે.. આ પરિણામો બદલાયા કરે છે. પણ ભેદનયાનુસારે, આ બદલાતા પરિણામો કરતાં પરિણામી જીવ સર્વથા ભિન્ન હોવાથી જરા પણ બદલાતો નથી. એ તો વસ્તુનો બોધ કરવો એવો પોતાનો જે શુદ્ધ જ્ઞાયકભાવ છે.. એ જ એક સ્વભાવને જાળવી રાખે છે. આત્મા કાંઈ કર્મરૂપ ઉપાધિથી પેદા થયો નથી કે જેથી આ જીવસ્થાનાદિ વૈભાવિક અવસ્થાઓ રૂપ ઔપાધિક ભાવો અનિત્ય હોવામાત્રથી આત્મા અનિત્ય બની જાય.

शंका : જીવસ્થાનાદિ ભલે ઉપાધિનિમિત્તક છે, પણ છે આત્માની જ અવસ્થાઓ.. એટલે એને આત્મસ્વરૂપ જ માનવી પડે.

समाधान : તમારી વાત અશુદ્ધનયે સાચી જ છે. પણ શુદ્ધનયની દૃષ્ટિએ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવરૂપ શુદ્ધ ઉપયોગને પેદા કરે છે જે આત્મસ્વરૂપ જ છે. એમ પુદ્ગલદ્રવ્ય પોતાના વર્ણાદિપરિણામોને કરે છે જે પુદ્ગલરૂપ જ છે. પણ આત્મા અને પુદ્ગલ.. આ બેના સંયોગથી જે જીવસ્થાનાદિ પરિણામો થાય છે એ તો મિથ્યા જ જાણવા, કારણ કે ભીંત પર ખડીથી થયેલ સફેદાઈની જેમ એનો બેમાંથી એકેમાં સમાવેશ થઈ શકતો નથી. સફેદાઇને ભીંતની માનવી કે ચૂનાની ? એ ભીંતની નથી એ સ્પષ્ટ છે. નહીંતર તો ચૂનો લગાડવાની જરૂર જ ન રહે. વળી એ ચૂનાની પણ નથી, કારણ કે ચૂનાની કાંઈ એટલી લંબાઈ-પહોળાઈ છે નહીં. આમ બેમાંથી એકેમાં સમાવેશ ન પામતી એ જેમ મિથ્યા છે. એમ જીવસ્થાનાદિ આત્મામાં અન્તર્ભાવ થઈ શકતા નથી, કારણ કે શરીરની અવગાહના વગેરે આત્મપરિણામ નથી. એમ એનો અન્તર્ભાવ પુદ્ગલમાં પણ અશક્ય છે, કારણ કે તે તે અવસ્થામાં અનુભવાતા જ્ઞાન-સુખ-દુઃખાદિ પરિણામ પુદ્ગલના નથી. વળી ધર્માસ્તિકાયાદિના એ નથી એ તો બધા જ માને છે. આમ છએ દ્રવ્યોમાં એનો સમાવેશ ન હોવાથી શુદ્ધ નયદૃષ્ટિએ એ મિથ્યા છે. ॥ ૩૦ ॥

गाथार्थ : દ્રવ્યાદિનો કથંચિદ્ અભેદ હોવા છતાં શુદ્ધ ભેદનયાદિથી આ રીતે નિરૂપણ કરવું એ યોગ્ય જ છે, કારણ કે દેશના નયપ્રધાન હોય છે.

द्रव्यादेरिति । **द्रव्यादेः** परिणामेभ्यः **स्यात्**=कथञ्चिदभेदेऽपि शुद्धः सः केवलो यो भेदनयस्तदादिना **(=शुद्धभेदनयादिना)** । **इत्थं**=उक्तरीत्या **व्युत्पादनं युक्तम्** । **नयसारा**=नयप्रधाना **हि देशना** शास्त्रे प्रवर्तते। अन्यथा तु योगपरिणत आत्माऽपि योग इतीष्यत एव, चरणात्मनोऽपि **भगवत्यां** प्रतिपादनादिति भावः ।।३१।।

योगलक्षणमित्येवं जानानो जिनशासने ।
परोक्तानि परीक्षेत परमानन्दबद्धधीः ।। ३२ ।।

योगलक्षणमिति । स्पष्टः ।।३२।।

।। इति योगलक्षणद्वात्रिंशिका ।। १०।।

टीकार्थ : આત્મદ્રવ્ય વગેરેનો જીવસ્થાનાદિપરિણામોથી કથંચિદ્ અભેદ હોવા છતાં શુદ્ધ-માત્ર જે ભેદનય.. તે નયની દૃષ્ટિએ આ રીતે નિરૂપણ કરવું યોગ્ય જ છે, કારણ કે શાસ્ત્રોમાં નયપ્રધાનદેશના જણાવેલી છે. બાકી=અભેદનયને અનુસરીએ તો=અભેદનયને આગળ કરીએ તો યોગ રૂપે પરિણમેલો આત્માપણ યોગ મનાયેલો જ છે. કારણ કે શ્રી ભગવતીજીમાં ચારિત્રાત્માનું પણ પ્રતિપાદન છે.

विवेचन : જીવસ્થાનાદિ પરિણામો જીવદ્રવ્યાદિથી કથંચિદ્ અભિન્ન પણ છે જ, નહીંતર તો 'એ જીવના છે' એમ કહી જ ન શકાય .એટલે જીવ પણ તે તે અવસ્થારૂપ બનતો હોવાથી અશુદ્ધ થાય જ છે. તેમ છતાં માત્ર ભેદનય વગેરેની દૃષ્ટિએ આત્માને શુદ્ધ જ કહેવો અને પરિણામોને મિથ્યા કહેવા એ પણ યોગ્ય જ છે. કારણ કે દેશના નયપ્રધાન હોય છે. બાકી અભેદનયવગેરેની દ્રષ્ટિએ યોગરૂપે પરિણમેલો આત્મા યોગ તરીકે ઇષ્ટ છે જ. એટલે શ્રી ભગવતી સૂત્રમાં ચારિત્રાત્મા, યોગાત્મા, કષાયાત્મા વગેરે આઠ પ્રકારોના નિરૂપણ દ્વારા આત્માને જ તે તે ચારિત્ર, યોગ વગેરે પરિણામરૂપે કહ્યા છે. ॥ ૩૧ ॥ (છેલ્લું માર્ગદર્શન આપે છે-)

ગાથાર્થ : શ્રી જૈનશાસનમાં આ પ્રમાણે બતાવેલા યોગના લક્ષણને જાણતા મોક્ષમાં સ્થિર દૃષ્ટિવાળા સાધકે અન્યધર્મોમાં કહેલા યોગના લક્ષણની પરીક્ષા કરવી જોઈએ.

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ છે.

विवेचन : અહીં પરીક્ષેત કહ્યું. એ સૂચવે છે કે જે પરોક્ત હોય એનો નિષેધ જ કરવાનો એમ નહીં, એ શી રીતે ઘટી શકે એ પણ વિચારવું, તથા પરીક્ષક પરમાનન્દબદ્ધધી જોઈએ, ઈર્ષ્યા-દ્વેષબદ્ધધી નહીં. આ વાત અને સ્વસિદ્ધાન્ત સમજ્યા પછી પરોક્તની પરીક્ષા કરવી એ વાત અહીં સૂચવી છે. આમલી ખાધા પછી આંબાની મહત્તા સમજાય. मन्ये वरं हरिहरादय एव दृष्टा.. આ ભક્તામરની ગાથા પણ આ જ સૂચવે છે. અન્યદર્શન જાણ્યા પછી સ્વદર્શનની દ્રઢતા થાય. તેથી સમ્મતિતર્કાદિને દર્શનશાસ્ત્ર કહ્યા છે. જિનશાસનમાં કહેલ યોગલક્ષણની દ્રઢતા માટે અહીં અન્ય દર્શનોક્ત યોગલક્ષણની પરીક્ષા કરવાનું ગ્રન્થકારે કહ્યું છે. ॥૩૨॥

આ બત્રીશી અંગે કંઈક -

આ બત્રીશીમાં આવેલા પાંચ આશયોનું તથા અન્ય પણ વિષયના વધારે ઊંડાણવાળા સૂક્ષ્મ વિસ્તૃત વિવેચન માટે મારાં સિદ્ધિનાં સોપાન, બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે ભાગ-૪ તથા યોગવિંશિકાવિવેચનને અવગાહવાની ખાસ વિનંતી છે.

*ષોડશકજીમાં પણ પાંચ આશયોનું નિરૂપણ છે. એમાં એના વિવેચનકાર વિદ્વાને વિનિયોગઆશયના વિવેચનમાં જે સમજફેર કરી છે એ અંગે નીચેના શંકા-સમાધાન જાણવા.

શંકા : જેમ વિનિયોજક જીવ માટે વિનિયોગની અવન્ધ્યતા કહી છે એમ વિનિયોજ્ય જીવ માટે પણ એ કહી શકાય છે ને ? આશય એ છે કે જંગલમાં સિદ્ધ યોગીપુરુષની આસપાસ રહેલા વાઘ-સિંહ-સાપ-નોળિયા વગેરે ક્રૂર કે પરસ્પર વૈરી પ્રાણીઓનો હિંસકભાવ કે વૈરભાવ દૂર થઈ જાય છે. અહિંસાસિદ્ધિના આ કાર્યને જ વિનિયોગ કેમ ન કહેવાય ? કારણ કે તે હિંસક પશુઓ સિદ્ધયોગી પુરુષથી દૂર ગયા પછી કદાચ કષાયાદિના ઉદયે ફરીથી હિંસા કરે તો વિનયોજિત અહિંસાધર્મ વ્યવહારથી નાશ પામ્યો હોવા છતાં વાસ્તવમાં નાશ પામ્યો હોતો નથી. અહિંસાના સંસ્કાર તે પ્રાણીઓમાં પડેલા હોય છે જે અનેક ભવની પરંપરા પછી પણ અભિવ્યંજક મળતાં ઝડપથી જાગ્રત થાય છે, જીવ અહિંસાદિ ધર્મમાં આગળ વધે છે, એટલે વિનિયોગ સુવર્ણઘટન્યાયે નિષ્ફળ પણ નથી.

સમાધાન : તમારી શંકા બરાબર નથી, કારણ કે વાઘ વગેરેનું આવું જોડાણ તો માત્ર યોગ રૂપ છે. એ સિદ્ધયોગીપુરુષના પુણ્યોદયથી થયેલો માત્ર બાહ્ય મહિમા છે. સિદ્ધયોગીથી દૂર થવા પર ફરીથી હિંસા આચરનાર પશુને વસ્તુતઃ ક્ષયોપશમ (સંસ્કાર) પેદા થયો જ નથી, ને તેથી ભાવધર્મ પ્રાપ્ત થયો જ નથી. જે જોડાણ એ જ ભવમાં પણ, યોગીથી દૂર થવા માત્રથી અહિંસાધર્મને પેદા કરી શકતું નથી, એ અનેકભવ પછી ભવાંતરમાં એ ધર્મને લાવી આપે એવું માનવામાં શું સુજ્ઞતા છે ? વળી આવા જોડાણ માત્રથી જ જો પ્રકૃષ્ટધર્મસ્થાન સુધીની અવન્ધ્યતા આવી જતી હોય, તો તો પ્રણિધાનાદિ આશય બિનજરૂરી જ થઈ જાય ! તથા સુવર્ણઘટમાં નેવું ટકા મૂલ્ય તો સોનાનું જ હોય છે, મજુરી તો વધી વધીને પણ દસ ટકા. એટલે જ સુવર્ણઘટ ભાંગ્યા પછી પણ એના માલિકને કાંઈ ભીખ માગવાના દિવસો ન આવે.. એમ પ્રસ્તુતમાં બાહ્યસંયમાદિસાધના ન હોવા છતાં આંતરિક તો પ્રબળ ક્ષયોપશમ-સંસ્કાર વિદ્યમાન હોય એ પરિસ્થિતિને જણાવવા માટે સુવર્ણઘટ ન્યાય છે. ઓછામાં ઓછો નેવું ટકા આરાધક ભાવ તો એવો જ ઊભો હોય... માત્ર બાહ્યઆરાધના ન હોય.. ને એટલે જ એ જીવોને દુર્ગતિભ્રમણરૂપ ભીખ માગવાના દહાડા તો ન જ આવે. શું દૂર થયા પછી ક્રૂરતાપૂર્વક હિંસા આચરનારા વાઘ-સિંહ વગેરે માટે આ બધું કહી શકાય છે ? વળી, સુવર્ણઘટ ન્યાય જ્યાં લાગુ પાડવામાં આવે છે, ત્યાં અન્યત્ર ગ્રન્થમાં, રાત્રીવિશ્રામ તુલ્યતા કહી છે, પ્રયાણભંગ નહીં. શું આ ક્રૂરપશુઓની હિંસા આ કક્ષાની હોય છે ? તેથી આવું જોડાણ એ માત્ર યોગ છે, નિયોગ કે વિનિયોગ નહીં જ. વિનિયોજ્ય જીવની અપેક્ષાએ વિનિયોગની અવન્ધ્યતા કહેવી હોય તો આવી કહી શકાય કે એ, યોગ્યજીવમાં ભાવધર્મ ઉત્પન્ન કરી આપવામાં અવન્ધ્ય ઠરે છે. બાકી પ્રકૃષ્ટધર્મસ્થાન પ્રાપ્તિ સુધીની અવન્ધ્યતા તો ભાવધર્મના જનક દ્રવ્યધર્મમાં જોડાયા પછી એ જીવ પ્રણિધાનાદિને ઉત્તરોત્તર કેવા કેળવે છે એના પર આધાર રાખે છે.

વળી, ષોડશક (૩.૧૧) માં જે કહ્યું છે કે સિદ્ધિનું ઉત્તરકાળભાવી કાર્ય એ વિનિયોગઆશય છે. એ અવંધ્ય હોય છે. એ થયે છતે, અખંડ પરંપરા ચાલતી હોવાના કારણે શૈલેશીરૂપ ઉત્કૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિ કરાવી આપવા સુધી એ સુંદર ઠરે છે. એના પરથી એ સ્પષ્ટ છે કે આ અવન્ધ્યતા વગેરેની વાતો વિનિયોજક મહાત્માની અપેક્ષાએ છે, વિનિયોજ્ય જીવની અપેક્ષાએ નહીં.

*આ બત્રીશીની ચોથી ગાથાના અધિકારમાં નયલતામાં इदञ्चात्रावधेयम् કહીને નયલતાકારે એક વિચારણા રજુ કરી છે, આપણે એને પૂર્વપક્ષ તરીકે લઈને ચકાસીએ.

पूर्वपक्ष : 'अચરમાવર્તકાળમાં સ્વદોષદર્શન-પરગુણપ્રમોદ વગેરે પરિણામ સંભવે નહીં.' આ વાત બરાબર નથી, કારણ કે અચરમાવર્તવર્તી એવા પણ અગ્નિશર્માએ બે વાર પારણું ચૂકવવા છતાં ગુણસેનરાજાના ગુણોનું અને પોતાના દોષનું જ દર્શન કર્યું હતું એ વાત પ્રસિદ્ધ છે. એટલે જ 'અચરમાવર્તકાળમાં ગુણપક્ષપાતરૂપ બીજનો પ્રાદુર્ભાવ અસંભવિત છે' આ વાત પણ નિરસ્ત જાણવી, કારણકે સમરાદિત્ય મહાત્માને ઉપસર્ગ કરવાના પ્રસંગે અગ્નિશર્માના જીવ ગિરિષેણને પ્રશસ્તવિષયના ચિન્તનથી ગુણપક્ષપાતાત્મક બીજની પ્રાપ્તિ થયેલી, અને એ વખતે એ અચરમાવર્તવર્તી હતો એવું સમરાદિત્યકથામાં કહેલ છે. ત્યાં સમરાદિત્યકેવલીએ વેલન્ધરદેવને ગિરિષેણ અંગે કહ્યું છે કે -અસંખ્ય પુદ્ગલ પરાવર્ત વીત્યે છતે તિર્યંચગતિમાં શાર્દૂલસેનરાજાનો પ્રધાન અશ્વ થઈને (આ ગિરિષેણ) સમ્યક્ત્વ પામશે, કારણકે આણે મને ઉદ્દેશીને 'અહો ! આ મહાનુભાવ છે' એવું ચિંતન કર્યું છે. આ પ્રશસ્તવિષયના ચિન્તનથી એના આત્મામાં ગુણપક્ષપાતબીજ પડી ગયું છે. અને એ પરંપરાએ સમ્યક્ત્વનું કારણ છે. (સમરાદિત્યકથા ભવ. ૯ પૃ. ૯૭૮) આનાથી એ પણ જણાય છે કે અનુબંધ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત સુધી પણ ટકી શકે છે.

આ હકીકતથી એ એકાન્તનું [1]નિરાકરણ થઈ જાય છે કે-અચરમાવર્તકાળમાં ભવ્યજીવ પ્રવ્રજ્યાનું જે વિધિશુદ્ધપાલન કરે છે તે પણ અધ્યાત્મલાભની અપેક્ષાએ એકાન્તે નિષ્ફળ જ હોય. આવો એકાન્ત નિરાકરણ કરવા માટે જ ગ્રન્થકારે (ઉપાધ્યાયજી મહારાજે) અહીં (૧૦/૪ માં) [2]कश्चिद् એવો શબ્દ જણાવેલ છે.

શંકા : જો આવું જ હોય તો અચરમાવર્તવર્તી જીવને પણ દીક્ષાદિનો અધિકારી માનવો પડશે.

સમાધાન (પૂર્વપક્ષ) : ના, નહીં માનવો પડે, કારણ કે (૧) અચરમાવર્તકાળમાં મહામહેનતે ઉપાર્જિત કરેલ શુભપરિણામાદિનો પણ તજ્જન્ય પુણ્યના વિપાકાદિ કાળે ભોગતૃષ્ણાદિની પરવશતાથી [3]ઘણું ખરું નાશ થઈ જાય છે. (૨) વળી પોતાનો અત્યંત પ્રદીર્ઘકાળમાં ફેલાયેલો જે ભવાભિનંદીપર્યાય, તેમાં જ આ અત્યંતઅલ્પકાલીન શુભપરિણામાદિ અન્તર્ભૂત હોવાથી ઘણું ખરું એ ભાવાભિનંદીપણાંના જ [4]અશંભૂત બની જતા હોય છે. અને (૩) અચરમાવર્તકાલીન ગુણપક્ષપાતાત્મક બીજ વગેરે પણ અચરમાવર્તકાળમાં [5]સ્વફળ આપવામાં અસમર્થ જ હોય છે. માટે અચરમાવર્તકાળમાં જીવને ધર્મનો અનધિકારી કહેવો એ યોગ્ય જ છે. [6]જેની પાસે માત્ર એક જ રૂપિયો છે એને લોક પણ નિર્વિવાદપણે ધનવાન કહેતો જ નથી. એટલે જ ગ્રન્થકારે (ઉપાધ્યાયજી મહારાજે) પણ વૈરાગ્યકલ્પલતામાં 'અચરમાવર્તકાળમાં બીજની પ્રાપ્તિ પણ થતી નથી, કારણ કે આ પણ એક અત્યંત સુંદર પરિણતિરૂપ હોવાથી ભવાભિનંદીપણું ટળ્યા પછી જ મળતી હોય છે.' (૧-૫૬). આવું જે કહ્યું છે એમાં પણ 'પ્રધાનપણે ઉલ્લેખ થતા હોય છે' આ ન્યાય યાદ કરવા જેવો છે. ગ્રન્થિદેશે આવેલા પણ અભવ્યની, નિરતિચારપણે ચારિત્રાચાર પાળવા છતાં ભવાભિનંદિતા ટળતી નથી એ ધ્યાનમાં રાખવું.

એ મહાત્માના આ નિરૂપણ (=પૂર્વપક્ષ) અંગે આપણે વિચાર કરવો છે. એમના નિરૂપણનો સાર એ છે કે 'આત્માને આત્મદૃષ્ટિએ લાભ કરી-મોક્ષમાર્ગ માટે કંઈક પણ ઉપકાર કરી-શકે એવો શુભભાવ અચરમાવર્તમાં સંભવે જ નહીં' આવો એકાન્ત નથી, કોઈક આત્માને એવો લાભકર્તા શુભપરિણામ અચરમાવર્તમાં પણ સંભવી શકે છે.

શું પૂર્વપક્ષની આ વાત સાચી માની શકાય એવી છે ? જો એ સાચી હોય તો, અચરમાવર્ત કાળ અને ચરમાવર્તકાળના ભેદને પૂર્વાચાર્યોએ જે મહત્ત્વ આપ્યું છે તે ઊભું જ નહીં રહી શકે, કારણ કે દેશોનપૂર્વકોડ સુધી સતત સાવધાનીપૂર્વક-અપ્રમત્તપણે બિલકુલ નિરતિચાર સંયમ પાળવા છતાં આત્માને આત્મિકદૃષ્ટિએ એક

અંશ માત્ર પણ લાભ ન થાય એવી અયોગ્યતાનો કાળ એટલે અચરમાવર્તકાળ.. અને એ એકાન્ત અયોગ્યતા ખસી જાય એવો કાળ એ ચરમાવર્તકાળ... એવું શાસ્ત્રકારોએ ઠેર-ઠેર કહ્યું છે. એટલે 'અહો ! આમની મહાનુભાવતા' આટલો જ શુભભાવ પણ જો અચરમાવર્તકાળમાં આત્મિકલાભ કરાવી શકતો હોય તો તો દીર્ઘસંયમપાલન દરમ્યાન 'રખે ને જીવ મરી જાય..' 'ભૂખ્યો રહીશ, પણ આ દોષવાળી ભિક્ષા તો નહીં જ લઉં..' 'જિનાજ્ઞા-ગુર્વાજ્ઞા તો પાળવાની જ' આવા બધા શુભભાવો ડગલે ને પગલે આવ્યા જ કરતા હોય છે, કારણ કે એ વિના અપ્રમત્ત-નિરતિચારપાલન શક્ય નથી. એમ, 'અહો ! ગુરુદેવનો ઉપકાર !' 'અહો આમનો તપ !' વગેરે કૃતજ્ઞતા -પ્રમોદભાવના શુભભાવો પણ એ કરતો જ હોય છે, કારણ કે કૃતઘ્નતા-ઈર્ષ્યા વગેરે ભાવો હોય તો નવમો ગ્રૈવેયક શી રીતે મળે ? એટલે શુભભાવો તો સ્ફુર્યા જ કરતા હોય છે. પણ ભવાભિનંદીપણું (તીવ્રભવાભિષ્વંગ) એના આત્મામાં એવું પડેલું હોય છે કે એની દરેક ક્રિયાને અને દરેક શુભભાવને વ્યક્તપણે કે અવ્યક્તપણે (સંસ્કાર રૂપે) અબાધ્ય ભૌતિકફળાકાંક્ષા વળગેલી જ હોય છે. જ્યાં સુધી ભવાભિનંદીપણું ખસે નહીં, ત્યાં સુધી આ વળગણ ખસતું નથી.. ને એ ખસતું નથી, તો કોઇ ભાવ કે ક્રિયા આત્મિકલાભ કરાવી શકતા નથી. એટલે ગિરિષેણને અચરમાવર્તમાં આત્મિકલાભ માનવામાં એ ભવાભિનંદી નહોતો એવું માનવું પડે છે, જે ઢગલાબંધ શાસ્ત્રોથી વિપરીત છે. માટે, અચરમાવર્તમાં આત્મિક લાભ માની શકાય નહીં, એ સ્પષ્ટ છે.

હવે, પૂર્વપક્ષીએ સ્વમાન્યતાની સિદ્ધિ માટે જે હેતુઓ આપ્યા છે એની વિચારણા કરીએ. એ માટે એના નિરૂપણમાં જે નંબરો આપેલા છે, તે નંબરને સંલગ્ન વિચારણા નીચે તે તે નંબર આપીને કરી છે એ ધ્યાનમાં રાખવું.

(૧) આ એકાન્તનું નિરાકરણ જ નિરાકરણ કરવાપાત્ર છે, કારણ કે યોગબિન્દુ (૧૬૨)ની તથા પ્રસ્તુત બત્રીશ-બત્રીશીગ્રન્થની (૧૩-૧૫) વૃત્તિમાં પૂર્વં હ્યેકાન્તેન યોગાઽયોગ્યસ્યૈવ દેવાદિપૂજનમાસીત્ ... [પૂર્વે (અચરમાવર્તમાં) એકાન્તે યોગને અયોગ્ય જ જીવના દેવાદિપૂજન હતા..] એમ સ્પષ્ટ ઉલ્લેખપૂર્વક એકાન્ત જણાવ્યો છે.

શંકા : પણ જૈનશાસન તો અનેકાન્તવાદ માને છે. માટે ક્યાંય સર્વથા એકાન્ત એને માન્ય હોય જ નહીં ને !

સમાધાન : એટલે, 'જીવ મનુષ્યગતિમાંથી જ મોક્ષે જાય' એવો એકાન્ત નહીં માનવાનો, કોઈ દેવાદિ ગતિમાંથી પણ મોક્ષે જાય.. 'વીતરાગતા આવ્યા પછી જ કેવલજ્ઞાન આવે' આવો સર્વથા એકાન્ત નહીં માનવાનો.. કોઈને સરાગ-અવસ્થામાં પણ કેવલજ્ઞાન થાય.. શું આવું બધું તમે કહેવા માગો છો ? જો આવી બાબતોમાં સર્વથા એકાન્ત માન્ય છે, તો અચરમાવર્તમાં અયોગ્યતાનો સર્વથા એકાન્ત પણ માનવો જ જોઈએ, કારણ કે તે-તે ગ્રન્થકારોએ એ કહ્યો છે.

(૨) कश्चिद् શબ્દ તો ઉપરથી ઊલટું જ જણાવે છે. આશય એ છે કે ગ્રન્થમાં धर्मकृत् कश्चिदेव लोकपङ्क्तिकृतादरः આવો અન્વય હોત (એટલે કે, 'ધર્મ કરનારો કોઈક જ લોકપંક્તિનો આદર કરનારો હોય છે' આવો અર્થ હોત) તો જરૂર એ કશ્ચિદ્ સિવાયના અન્ય ધર્મકૃત્ને વાસ્તવિક ધર્મ હોવો (આત્મિકલાભ હોવો) સિદ્ધ થઈ શકે. પણ પ્રસ્તુતમાં આવો અન્વય નથી. પ્રસ્તુતમાં તો लोकपङ्क्तिकृतादरः कश्चिदेव धर्मकृत् આવો અન્વય છે. (એટલે કે 'લોકપંક્તિનો આદર કરનારો કોઈક જ ધર્મ કરનારો હોય છે' આવો અર્થ છે). હવે, આ અર્થમાં વાસ્તવિક અધ્યાત્મની પ્રાપ્તિની ગંધ સુધ્ધાં ક્યાં છે ? કે જેથી એની ઉપપત્તિ માટે અહીં कश्चिद् લખ્યું

છે એમ કહી શકાય. ઊલટું આ અધિકાર તો એમ જ જણાવે છે કે અચરમાવર્તમાં કશ્ચિદ્ જે ધર્મ કરે તે લોકપંક્તિથી જ. પછી આત્મિકલાભ તો ઊડી જ ગયો ને ?

(૩) આ ગિરિષેણનો શુભપરિણામ નાશ થઈ ગયેલો કે નહીં ? હિંસક-પાપમય જીવન જીવનાર, ઉચ્ચકક્ષાના મહાત્માની હત્યાનો પ્રયાસ કરનાર ગિરિષેણનો અચરમાવર્તકાલીન શુભભાવ જો સમ્યક્ત્વ સુધી પહોંચાડી શકે છે, તો લાખો પૂર્વ સુધી સતત નિરતિચાર સંયમ પાળનારનો શુભભાવ કેમ ન પહોંચાડી શકે ? 'પણ આવું તો લાખોમાં એકાદ જીવને જ બને છે. બાકીના તો બધાનો શુભભાવ નાશ જ પામી જાય છે, માટે ધર્મના અનધિકારી કહેવાય છે...' આવી દલીલ જો કરશો, તો ચરમાવર્તમાં પણ અનધિકારી કહેવા પડશે. કારણકે સમ્યક્ત્વ પામ્યા પછી પણ મોટાભાગના જીવો સમ્યક્ત્વભ્રષ્ટ થઈને અનંતકાળ સંસારમાં ભમીને પછી જ મોક્ષે જાય છે. નંદીષેણ અવશ્ય સંયમભ્રષ્ટ થવાના છે એ જાણતાં હોવા છતાં પ્રભુવીરે દીક્ષા આપી જ હતી. કારણકે આત્માને લાભ થવાનું જાણ્યું હતું... એમ ભલે ને શુભભાવ નષ્ટ થઈ જવાનો હોય, જો આત્મિકલાભ શક્ય છે તો અચરમાવર્તમાં પણ જીવ અધિકારી હોય જ.

(૪) આ શી રીતે ? ગમે તેવો ગાઢ અને વ્યાપક અંધકાર હોય, અને પ્રકાશનું તો એક જ કિરણ હોય.. તો પણ એ પોતાના સામર્થ્ય મુજબ અંધકારનો કંઈક ને કંઈક અંશે પ્રતિકાર જ કરશે, અંધકારના અંશભૂત કાંઈ બની જાય નહીં... બાકી ઉપર (૩)માં કહેલી બધી વાતો અહીં પણ સમાન છે. ગિરિષેણનો શુભભાવ જો ભવાભિનંદીપણાંનો અંશ ન બન્યો હોય તો સંયમપાલનાદિનો શુભભાવ પણ શી રીતે એનો અંશ બની જાય?

(૫) પોતે ખુદ આત્મિકલાભરૂપ છે એ ઓછું છે ? પછી બીજું ફળ ક્યારે મળે છે ? એ શું વિચારવાનું? એમ તો સમ્યક્ત્વ પણ મોટાભાગના જીવોને અનંતકાળ પછી જ વિરતિરૂપ સ્વફળ આપે છે. તો શું એ અંગે પણ જીવોને અનધિકારી માનવા ?

(૬) ધનવાન કહેવાતા નથી, એ બરાબર.. પણ એટલા માત્રથી ધનવાન મટી જતા નથી. કુશળ પરોપકારી એ છે જે એના ૧ રૂપિયાને નજરમાં રાખીને એ પ્રમાણે એને આયોજન કરી આપે કે રૂપિયાનો સવારૂપિયો થાય.. સવાનો દોઢ થાય. ને એમ આગળ વધતાં વધતાં એ પણ ધનવાન બની જાય.. અમારી પાસે લાખો રૂપિયા છે.. તારી પાસે તો એક જ રૂપિયો છે.. એ કશી વિસાતમાં નથી.. એટલે અમે કાંઈ તારો હાથ ઝાલીએ નહીં, તારું જે થવાનું હોય તે થાઓ... આવો અભિગમ અપનાવનારો દયાળુ નહીં, પણ નિર્દય જ કહેવાય. રોગની માત્ર લાખમા ભાગની જ સાધ્યતા હોય,તો પણ એનો લાભ ઊઠાવી જે સાધ્યતા વધારતો જાય... અને એક દિવસ દર્દીને બિલકુલ નિરોગી બનાવી દે.. એ જ કુશળવૈદ છે. ખાલી આટલી જ સાધ્યતા છે, તો અમે કેસ હાથમાં લઈએ જ નહીં, દર્દીને કુદરતના ભરોસે છોડી દઈએ... પછી ભલે એ મરી જાય.. આવું કહેનાર-કરનારને વૈદ શી રીતે કહેવાય ?

એક વાત આવે છે. મંત્રીના કોઈક ગુનાને આગળ કરીને રાજાએ સજા ફરમાવી : નગરના સર્વોચ્ચટાવરની ટોચે તને ચડાવી દેવામાં આવશે. પછી સીડી ખસેડી લેવામાં આવશે. તારી બુદ્ધિથી તું છૂટી જાય તો છૂટવાની છૂટ.. નહીંતર આયખું ત્યાં જ પૂરું કરજે. કોઈને ખબર ન પડે એ રીતે મંત્રીએ પત્નીને કહી દીધું કે તું કોઈ પણ રીતે મારા સુધી રેશમનો દોરો પહોંચાડજે. સૈનિકો મંત્રીને લઈ ગયા... ટાવરની ટોંચે ચડાવી સીડી ખેંચી લીધી. પત્નીએ પતિના મિત્રને વાત કરી. એ બુદ્ધિશાળી હતો. એક મંકોડાના પાછલા પગે રેશમનો તાંતણો બાંધ્યો. મૂછ પર મધનું ટીપું લગાડ્યું. ને મંકોડાને ટાવરની દિવાલ પર ઉપર તરફ મૂકી દીધો. મધની ગંધથી

મંકોડો ઉપર જતો જાય છે, મિત્ર રેશમનો તાંતણો છોડતો જાય છે. ઉપર મંત્રીએ પણ જોયું કે નીચે કાંઈ હિલચાલ ચાલે છે. જરૂર મારી પત્ની ને મિત્ર જ હશે. મંકોડો ઉપર પહોંચ્યો. એની ટાંગ પર રેશમનો દોરો જોઈ મંત્રીએ સાચવીને પકડી લીધો.. એકદમ કોમળ હાથથી.. ધીરતા પૂર્વક ને સ્થિરતાપૂર્વક એ ધીમે ધીમે દોરો ખેંચવા માંડ્યો. ક્યાંય તૂટી ન જાય એની ભારે કાળજીપૂર્વક દોરો જેમ જેમ ઉપર ખેંચાવા લાગ્યો.. તેમ તેમ નીચેથી મિત્રે પછી રેશમનો ડબલ દોરો.. ત્યાર બાદ સૂતરનો પાતળો દોરો.. પછી થોડો જાડો દોરો.. લગાડ્યો.. એમ છેવટે દોરડું ઉપર પહોંચી ગયું જેના સહારે મંત્રી નીચે આવીને સજામુક્ત થઈ ગયો.

ગીતાર્થ ગુરુ ભગવંત એ છે જે સામા જીવમાં રહેલા એક લાખમાં ભાગના અત્યંત સૂક્ષ્મ શુભભાવને પણ નગણ્ય ન કરે.. પણ એ જ શુભભાવના આલંબને જીવને ક્રમશઃ સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરતિ .. વગેરે સુધી પહોંચાડે. એટલે, અચરમાવર્તમાં પણ જો બીજનો પ્રાદુર્ભાવ–શુભ અનુબંધ .. સંભવિત હોય, તો એ કાળમાં જીવને ઉપદેશને અયોગ્ય માની શકાય નહીં, કારણ કે એવું માની એને એના ભાગ્યના ભરોસે છોડી દેવામાં ગુરુભગવંતની કરુણા ઊભી રહી શકતી નથી. પણ એને અયોગ્ય માન્યો તો છે જ. માટે અચરમાવર્તમાં બીજ પ્રાદુર્ભાવ વગેરે હોતા નથી એ નિઃશંક છે.

વળી, એ વખતે એ જીવનો સહજમળ ઘટ્યો હોય કે નહીં ? જો ઘટ્યો હોય તો એ જીવ અપુનર્બન્ધક જ હોવાથી ચરમાવર્તમાં જ હોય. અને ન ઘટ્યો હોય તો એ જીવનો તીવ્રભવાભિષ્વંગ અક્ષત હોવાથી આત્મહિતકર પરિણામ સંભવી શકે જ નહીં.

શંકા : પણ જો આ રીતે અચરમાવર્તમાં બીજનો પ્રાદુર્ભાવ અસંભવિત હોય તો ગિરિષેણને એ શી રીતે સંભવિત બન્યો ? કારણકે એ વખતે એને હજુ અસંખ્ય પુદ્ગલપરાવર્ત સંસાર બતાવ્યો જ છે.

સમાધાન : ત્યાં અશુદ્ધિ માનવી જોઈએ. અસંખ્ય પુદ્ગલપરાવર્ત નહીં પણ અસંખ્ય કાળચક્ર સમજવા જોઈએ. અથવા એવી અશુદ્ધિ માનવા મન ન માનતું હોય તો આ રીતે ઘટના કરવી કે-શાસ્ત્રોમાં પુદ્ગલપરાવર્ત અનેક પ્રકારના બતાવ્યા છે. એમાં પરસ્પર અનંતગુણ હીનાધિક્ય પણ છે. ચરમાવર્ત તરીકે કાળપુદ્ગલપરાવર્ત કે ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત લેવાનો હોય છે. ક્યાંક એ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત લેવાની વાત પણ કરી છે. એટલે, સમરાઇચ્ચકહામાં જે અસંખ્ય પુદ્ગલપરાવર્ત કહ્યા છે, તે અનંતમાં ભાગનો જ કાળ ધરાવનારા પુદ્ગલ પરાવર્ત હોય ને તેથી એવા અસંખ્ય પુદ્ગલ પરાવર્ત ભેગા થાય તો પણ ચરમાવર્તમાં જ સમાવિષ્ટ હોય, જેથી ગિરિષેણની બીજપ્રાપ્તિ પણ ચરમાવર્તમાં જ હોવી સિદ્ધ થઈ જાય. આવી કોઈપણ રીતે આ વાતની સંગતિ કરવી એ ઉચિત છે, પણ અનેક ગ્રન્થોમાં ગાઈ વગાડીને ચરમાવર્તમાં જ આત્મકલ્યાણના પ્રારંભની જે વાત કરી છે, એની કદર્થના કરવી ઉચિત નથી.

• नवनीतादिकल्पस्तच्चरमावर्त इष्यते । अत्रैव विमलो भावः...।। १०-१८।।
જેમ ઘીનું કારણ નવનીત વગેરે છે એમ યોગપરિણામનું કારણ ચરમાવર્ત છે. આ ચરમાવર્તમાં જ નિર્મળભાવ પ્રગટ થાય છે. કારણ કે ભવાભિષ્વંગનો અભાવ હોય છે.

।। अथ पातञ्जलयोगलक्षणद्वात्रिंशिका ।। ११ ।।

स्वकीयं योगलक्षणमन्यदीययोगलक्षणे विचारिते सति स्थिरीभवतीति तदर्थमयमारम्भः-

चित्तवृत्तिनिरोधं तु योगमाह पतञ्जलिः ।
द्रष्टुः स्वरूपावस्थानं यत्र स्यादविकारिणि ।।१।।

चित्तेति । **पतञ्जलिस्तु चित्तवृत्तिनिरोधं योगमाह** । तथा च सूत्रं-*"योगश्चित्तवृत्तिनिरोधः* (योगसूत्र१-२)" इति । तत्र चित्तपदार्थं व्याचष्टे-**द्रष्टुः** पुरुषस्य स्वरूपे=चिन्मात्ररूपतायामवस्थानं **(=स्वरूपावस्थानं) यत्र**=यस्मिन् **स्यादविकारिणि**=व्युत्पन्नविवेकख्यातेश्चित्सङ्क्रमाभावात् कर्तृत्वाभिमाननिवृत्तौ प्रोन्मुक्तपरिणामे ।

अवतरणिकार्थ : અન્યદર્શનકારે આપેલ યોગલક્ષણ વિચારવાથી પોતાનું યોગલક્ષણ સ્થિર થાય છે. એટલે એને સ્થિર કરવાના પ્રયોજનથી આ અગ્યારમી પાતંજલયોગલક્ષણનામની બત્રીશીનો આરંભ કરાય છે.

विवेचन : દસમી બત્રીશીની છેલ્લી બત્રીશમી ગાથામાં ગ્રન્થકારે, અન્યોએ કહેલા યોગલક્ષણની પરીક્ષા કરવાનું કહ્યું હતું. એટલે આ અગ્યારમી બત્રીશીમાં એ પરીક્ષા કરવાની છે. આ પરીક્ષા કરીને 'અમે સાચા અને તમે ખોટા એમ અભિમાન પોષવું છે ?' એવી સંભવિત શંકાને વારવા માટે અહીં વૃત્તિકાર કહે છે કે 'મોક્ષનો મુખ્ય હેતુ બનતો ધર્મવ્યાપાર એ યોગ છે' આવું સ્વકીય યોગલક્ષણ સ્થિર થાય એ માટે અન્યનું યોગલક્ષણ વિચારવાનું છે. આશય એ છે કે સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિ મહારાજે લોકતત્ત્વનિર્ણય ગ્રન્થમાં, (અમને પ્રભુવીર પ્રત્યે કોઇ પક્ષપાત નથી કે અન્ય દર્શનકાર કપિલવગેરે પ્રત્યે દ્વેષ નથી, પણ જેમનું વચન યુક્તિસંગત હોય તેમનો સ્વીકાર કરવો આવું જણાવનારા) पक्षपातो न मे वीरे શ્લોક દ્વારા સ્પષ્ટ સૂચન કર્યું છે કે નિર્મળ સમ્યક્ત્વી જીવ પરીક્ષા કર્યા વગર સાચા ખોટાનો નિર્ણય કરતો નથી. અને પરીક્ષા દ્વારા જે સત્ય પુરવાર થાય એને અત્યંત દ્રઢ શ્રદ્ધા દ્વારા અસ્થિમજ્જાવત્ સ્થિર કરી દે છે. એટલે યોગલક્ષણને પણ આ રીતે સ્થિર કરવા માટે અન્યોક્તલક્ષણને વિચારવું જરૂરી બને છે. માટે, પ્રસ્તુત બત્રીશીમાં શ્રીપતંજલિઋષિએ કહેલા યોગલક્ષણની વિચારણા કરવામાં આવશે. એમાં સૌ પ્રથમ એ લક્ષણને ગ્રન્થકાર જણાવે છે.

गाथार्थ : પતંજલિઋષિએ ચિત્તવૃત્તિનિરોધને યોગ કહ્યો છે. જે અવિકારી થવા પર દ્રષ્ટા પુરુષનું સ્વરૂપઅવસ્થાન થાય છે અને ઇન્દ્રિયવૃત્તિ દ્વારા જે વિષયાકાર પામ્યે છતે પુરુષ પણ તેવો ભાસે છે, જેમકે ચાલતા પાણીમાં ચન્દ્ર પણ ચાલતો દેખાય છે (તે ચિત્ત છે.)

टीकार्थ : 'શ્રી પતંજલિઋષિએ તો ચિત્તવૃત્તિનિરોધને યોગ કહ્યો છે. योगश्चित्तवृत्तिनिरोधः એવું યોગસૂત્ર (૧-૨) છે. એમાં ચિત્ત પદાર્થની વ્યાખ્યા કરે છે-દ્રષ્ટા પુરુષનું સ્વરૂપમાં= ચિન્માત્રરૂપતામાં અવસ્થાન, જે અવિકારી થવા પર થાય છે, તે ચિત્ત છે. વિવેકખ્યાતિ થવા પર ચિત્સંક્રમ અટકી જવાના કારણે કર્તૃત્વનું અભિમાન રવાના થાય છે. એ રવાના થતાં જ ચિત્તના વિવિધ પરિણામો વિલીન થવાના કારણે ચિત્ત અવિકારી થાય છે. આ વાતને तदा द्रष्टुः स्वरूपाऽवस्थानमिति એવું યોગસૂત્ર (૧-૩) જણાવે છે.

विवेचन : (૧) આત્માની બે અવસ્થા છે. શુદ્ધ અવસ્થા અને અશુદ્ધ અવસ્થા.. શુદ્ધ અવસ્થા મોક્ષમાં હોય છે, અશુદ્ધ સંસારમાં. સંસારમાં જીવ પુદ્ગલ (શરીર) સાથે ક્ષીરનીરની જેમ એકમેક હોવાના કારણે રૂપ-રસ-

ગંધ-સ્પર્શ ધરાવે છે, એટલે કે રૂપી છે. વળી શરીરના રૂપાંતરણ થયા કરે છે, એટલે આત્મા પણ રૂપાંતર પામ્યા કરે છે. વળી આત્મામાં અનાદિકાળથી ક્રોધાદિ કષાયરૂપે અને વિષયવિકાર-હાસ્ય-રતિ-અરતિ વગેરે નોકષાયરૂપે પરિણમવાની યોગ્યતા પડેલી હોવાના કારણે આત્માના ક્રોધાદિ કંઈક પરિણામો થયા જ કરે છે. આત્મા આમ રાગ-દ્વેષાદિરૂપે પરિણમવાના કારણે પ્રતિસમય એના પર જ્ઞાનાવરણીયાદિ કર્મો ચોંટ્યા કરે છે ને કાળાન્તરે ઉદયમાં આવી પોતાની અસર બતાડ્યા કરે છે. એના કારણે આત્માના કેવલજ્ઞાનાદિ શુદ્ધસ્વરૂપો આવરાયેલા રહે છે. અને મતિજ્ઞાનાદિ છાદ્મસ્થિકજ્ઞાન વગેરે રૂપ પરિણામો આકાર લયા કરે છે. આયુષ્યકર્મના કારણે જન્મ-જરા-મરણાદિ અવસ્થાઓ થાય છે એમ નામકર્મવગેરેના કારણે દેવાદિગતિવગેરે રૂપ સેંકડો વિવિધ પરિણામો-અવસ્થાઓ અસ્તિત્વમાં આવ્યા જ કરે છે.

આત્મા સમુચિત પુરુષાર્થદ્વારા સાધના કરીને, રાગ-દ્વેષાદિરૂપે પરિણમવાની અનાદિકાળથી જે યોગ્યતા રહેલી હતી તેને ખતમ કરે છે.. ક્ષપકશ્રેણિમાં આ યોગ્યતા ખતમ થવાની સાથે સાથે જ, આત્મા પર રહેલ મોહનીયકર્મ ક્ષીણ થવા માંડે છે. એ સંપૂર્ણ ક્ષીણ થઈ જવા પર અંતર્મુહૂર્તમાં બાકીના ૩ ઘાતી કર્મો અને કાળાન્તરે શેષ ચાર અઘાતીકર્મો ક્ષીણ થઈ જાય છે. એટલે આત્માનો મોક્ષ થાય છે, સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. સંપૂર્ણતયા કર્મમુક્ત થવાની સાથે જ જીવ શરીરથી પણ મુક્ત થઈ જાય છે. અશરીરી આત્મા અરૂપી હોય છે. શરીર નથી, માટે શરીર સંલગ્ન કોઈ જ રૂપાંતરણ હવે થતા નથી. જ્ઞાનાવરણ કર્મ નથી, માટે છાદ્મસ્થિક જ્ઞાન નથી.. સતત અનંત-સંપૂર્ણ કેવલજ્ઞાન છે, તેથી જ્ઞાન સંબંધી કોઈ રૂપાંતરણ હોતા નથી, કોઈ વિવિધતા હોતી નથી. એ જ રીતે મોહનીયની યોગ્યતા-કર્મ ક્ષીણ થઈ ગયા હોવાથી સતત વીતરાગતા હોય છે, ક્રોધાદિભાવોની કે ક્ષમાદિની તરતમતાઓની કોઈ વિવિધતા હોતી નથી. સતત આત્મરમણતા હોય છે. વેદનીયકર્મ નથી એટલે સુખ-દુઃખ સંબંધી કોઈ જ પરાવર્તન હોતા નથી. આમ, તરતમતાવાળા સુખ-દુઃખ છાદ્મસ્થિક જ્ઞાન-ક્રોધાદિકષાયો-વિકારાદિભાવો-હાસ્ય-ભય-શોકાદિ લાગણીઓવગેરેરૂપ સંસારકાળભાવી કોઈ જ પરિણામો શુદ્ધ આત્મામાં હોતા નથી. માટે શુદ્ધ આત્મા નિર્લેપ, નિરંજન-નિરાકાર, સ્થિર એક સ્વભાવવાળો હોય છે. વળી શરીર નથી, માટે કર્તૃત્વ નથી, તેમજ રૂપ-રસાદિ નથી.. તેથી અકર્તા છે, અરૂપી છે. (અથવા કોઈ અવસ્થાન્તર=રૂપાંતર થતા નથી, તેથી અરૂપી છે.) કર્મ નથી, માટે કર્મ ફળભોક્તૃત્વ નથી. એટલે કે અભોક્તા છે. ઇન્દ્રિયો નથી તેમ જ આવારક કર્મ નથી.. માટે છાદ્મસ્થિક કોઈ જ્ઞાન નથી. અર્થાત્ છાદ્મસ્થિકજ્ઞાનોની અપેક્ષાએ અજ્ઞાતા છે.

આમ સંસારી-અશુદ્ધ આત્મા સતત બદલાયા કરે છે (એટલે કે એના વિવિધ પરિણામો થયા કરે છે), વિવિધ જ્ઞાનથી જ્ઞાતા છે, કર્તા છે, ભોક્તા છે, વ્યક્તિ-વસ્તુ કે પરિસ્થિતિથી લેપાય છે, ને તેથી પૌદ્ગલિક સુખ-દુઃખાદિ અનુભવે છે, ક્રોધ-માનાદિ કરે છે, હાસ્ય-શોકાદિ સંવેદે છે.

જ્યારે મુક્ત શુદ્ધ આત્મા પ્રથમક્ષણે જેવો હતો.. અનંતાનંતકાળ વીતે.. પછી પણ એવો ને એવો જ રહે છે, અંશમાત્ર પણ બદલાતો નથી. (અગુરુલઘુપર્યાયમાં થતા ફેરફાર (૧) છદ્મસ્થનો વિષય નથી.. (૨) તેમજ કેવલજ્ઞાન-શાશ્વત સુખાદિ મુખ્યસ્વરૂપને સ્પર્શનારા નથી.. વળી (૩) અતિ-અતિ સૂક્ષ્મતમ આંતરિક ફેરફાર રૂપ છે.. માટે અવિવક્ષિત છે.) એટલે કે શુદ્ધ આત્મા કૂટસ્થનિત્ય સ્થિર એક સ્વભાવવાળો છે, છાદ્મસ્થિક જ્ઞાનથી અજ્ઞાતા છે, અકર્તા છે, અભોક્તા છે, સર્વથા નિર્લેપ છે, પૌદ્ગલિક સુખથી પર છે. ક્રોધાદિ-હાસ્યાદિ પરિણામોથી સર્વથા મુક્ત છે.

એટલે, શુદ્ધ આત્મા પૂર્વ છે... તો અશુદ્ધ આત્મા પશ્ચિમ છે.. બંને વચ્ચે આસમાન-જમીનનો ફરક છે, આભ-ગાભનું અંતર છે.. શ્રી પતંજલિઋષિ નહોતા સર્વજ્ઞ કે નહોતા સર્વજ્ઞ વચનના પીઠબળવાળા.. માત્ર સ્વાનુભવ ને કલ્પનાના આધાર પર નિર્ણય લેનારા હતા. ને માત્ર એના આધાર પર પરસ્પર સાવ વિપરીત-વિરુદ્ધ ભાસતી આવી અવસ્થાઓ એક જ વસ્તુની હોઈ શકે એવો નિશ્ચય તો સ્વપ્નમાં પણ શક્ય નથી જ. એટલે આ બંને અવસ્થાઓની આધારભૂત વસ્તુઓ ભિન્ન ભિન્ન માની. એમાં શુદ્ધ આત્માને પુરુષ તરીકે સ્વીકાર્યો. દ્રષ્ટા, ચૈતન્ય, ચિતિશક્તિ, ચિત્‌શકિત, સાક્ષી... વગેરે એના જ સમાનાર્થક શબ્દો છે. વળી, શુદ્ધ આત્માના કેવલજ્ઞાન-અનંત સુખવગેરે જે ગુણો છે, તે છદ્મસ્થને ક્યારેય અનુભવગમ્ય હોતા નથી.. વળી સર્વજ્ઞવચનનું પીઠબળ ન હોય તો તો કલ્પનાના પણ એ ક્યારેય વિષય બનતા નથી. એટલે એ ગુણો પુરુષમાં માનવાની તો કોઈ સંભાવના જ ન રહેવાથી શ્રી પતંજલિઋષિએ (અને સાંખ્યોએ પણ) પુરુષમાં જ્ઞાન માન્યું નથી. એટલે એમના મતે પુરુષ સ્થિરએકસ્વભાવ= કૂટસ્થનિત્ય છે, પુષ્કરપલાશવત્ નિર્લેપ છે, ચૈતન્યમય છે, અકર્તા-અભોક્તા છે.

આત્માનું અશુદ્ધ સ્વરૂપ જેનું છે, એને સર્વથા ભિન્ન વસ્તુ તરીકે સ્વીકારીને પતંજલિઋષિએ એને ચિત્ત નામ આપ્યું છે. હવે આ ચિત્તને જડ માનવું કે ચેતન એ પ્રશ્ન નિર્માણ થયો. (વસ્તુતઃ જીવની સાંસારિક અવસ્થા એ નથી શુદ્ધ આત્માની અવસ્થા કે નથી માત્ર જડની અવસ્થા, એ તો છે જીવ અને જડના મિશ્રણની અવસ્થા.

એટલે એને મૂળભૂત પરિણામ કોનો માનવો ? જડનો કે ચેતનનો ? હકીકતમાં એ મૂળભૂત ચેતનનો જ પરિણામ છે, કારણ કે જ્ઞાન-સુખાદિ જડના હોય ન શકે, માત્ર જડનો સહકાર જોઈએ. પણ પતંજલિએ એને ચિત્ત નામ આપીને જડ એવી પ્રકૃતિના પરિણામ તરીકે સ્વીકાર્યો છે. આમાં તેઓ નીચે મુજબ કારણ જણાવે છે-)

ચૈતન્ય તો પુરુષનો પરિણામ છે, જે પુરુષ કૂટસ્થનિત્ય છે, જ્યારે ચિત્ત તો પરિણામી છે. જાત-જાતના પરિણામો એના થયા કરે જ છે. પરિણામનાશે પરિણામીનો નાશ થાય છે. તેથી તે તે પરિણામ જો ચેતનના હોય તો તેના નાશે ચૈતન્યનો પણ નાશ થઈ જાય.. ને ચૈતન્ય ફરીથી પેદા થઈ શકતું નથી. માટે પુરુષનો જ અભાવ થવાની નોબત આવે. માટે જ્ઞાન-સુખ-દુઃખ-ઇચ્છા-કર્તૃત્વ-ક્રોધાદિ કષાયો-વિકારવાસનાદિ પરિણામો જડ એવી બુદ્ધિના (ચિત્તના) છે. એમ પતંજલિઋષિ કહે છે. અલબત્ જેને ચૈતન્યનું સાન્નિધ્ય નથી એવા ઘટવગેરેમાં તો જ્ઞાનાદિ જોવા મળતા નથી. એટલે માત્ર જડ એવા ચિત્તના પણ આવા પરિણામ સંભવી ન જ શકે. તેથી સાંખ્યોએ બુદ્ધિને દર્પણ જેવી માની છે. જેમાં પુરુષનું (=ચૈતન્યનું) પ્રતિબિંબ પડે છે. આને ચિત્સંક્રમ કે ચિતિસંક્રમ પણ તેઓ કહે છે. એના પ્રભાવે બુદ્ધિના કર્તૃત્વાદિ પરિણામો થાય છે. બુદ્ધિ-અંતઃકરણ વગેરે ચિત્તના જ સમાનાર્થક શબ્દ છે.

પાતંજલ મતે પુરુષ ચૈતન્યમય છે, કૂટસ્થનિત્ય છે, વૃત્તિઓથી રહિત છે, અકર્તા છે, અભોક્તા છે, માત્ર જ્ઞાતા-દ્રષ્ટા-સાક્ષી છે. જ્યારે ચિત્ત જડ છે, વૃત્તિઓવાળું છે, કર્તા છે, ભોક્તા છે, પુરુષથી એકાંતે ભિન્ન છે. પણ સદા સન્નિહિત હોવાથી પુરુષને પોતાનું મૂળભૂત સ્વરૂપ ભાસતું નથી, અને ચિત્તની વૃત્તિઓ જ પોતાના સ્વરૂપ તરીકે ભાસ્યા કરે છે. ચિત્તથી પોતે ભિન્ન હોવાનો ખ્યાલ આવતો નથી. જ્યારે વિવેકખ્યાતિ થાય છે, એટલે કે ભેદજ્ઞાન થાય છે, અર્થાત્ પુરુષ અને ચિત્ત જુદા હોવાનો ખ્યાલ આવે છે, ત્યારથી ચિત્સંક્રમ થવાનો

तथा च सूत्रं-*"तदा द्रष्टुः स्वरूपा(पेऽ)वस्थानमिति"* (यो.सू.१-३) ।। १ ।।

आपन्ने विषयाकारं यत्र चेन्द्रियवृत्तितः ।
पुमान् भाति तथा चन्द्रश्चलन्नीरे चलन् यथा ।। २ ।।

'आपन्न' इति । **यत्र चेन्द्रियवृत्तितः**=इन्द्रियवृत्तिद्वारा **विषयाकारमापन्ने**=विषयाकारपरिणते सति **पुमान्**=पुरुषस्**तथा भाति यथा चलन्नीरे चलंश्चन्द्रः** स्वगतधर्माध्यारोपाधिष्ठानत्वेन प्रतीयत इत्यर्थः । तथा च सूत्रं-*"वृत्तिसारूप्यमितरत्रेति"* (यो.सू.१-४) ।। २ ।।

અટકે છે.. તેથી 'હું કર્તા છું' એવું અભિમાન દૂર થવાથી ચિત્ત વૃત્તિશૂન્ય-અવિકારી થઈ જાય છે. એટલે પુરુષનું પણ પોતાના નિર્વિષય ચિન્માત્રસ્વરૂપમાં અવસ્થાન થાય છે.

આમ, ચિત્તવૃત્તિનિરોધકાળે પુરુષની અવસ્થા દર્શાવ્યા પછી, હવે, ચિત્તવૃત્તિકાળે પુરુષ કેવો ભાસે છે ? એ ગ્રન્થકારે આપન્ને. ઇત્યાદિ બીજી ગાથામાં દર્શાવ્યું છે.

ગાથાર્થ+ટીકાર્થ : ઇન્દ્રિયવૃત્તિદ્વારા ચિત્ત વિષયાકારરૂપે પરિણમવા પર પુરુષ પણ તેવો જ=વિષયાકારરૂપે પરિણમેલો ભાસે છે. જેમકે પાણી હાલતું ચાલતું હોય તો એમાં પ્રતિબિંબિત થતો ચન્દ્ર પણ હાલતો ચાલતો ભાસે છે. અર્થાત્ પાણીમાં રહેલા ચલનશીલતા ધર્મના આરોપના અધિષ્ઠાનરૂપે=આધારરૂપે ચન્દ્ર ભાસે છે. યોગસૂત્રમાં કહ્યું જ છે કે *ઇતરત્ર=યોગભિન્નકાળે પુરુષમાં વૃત્તિસારૂપ્ય=વૃત્તિસાદૃશ્ય ભાસે છે.*

વિવેચન : પાતંજલ મતે ચિત્ત-બુદ્ધિ પ્રવાહી જેવી છે અને ઇન્દ્રિય પ્રણાલિકા=નળી જેવી છે. એટલે બુદ્ધિ ઇન્દ્રિયપ્રણાલિકાદ્વારા વિષય સુધી પહોંચે છે ને વિષયાકાર ધારણ કરે છે. બુદ્ધિનું આવું ઘટાકારવગેરેને ધારણ કરવું એને બુદ્ધિનો પરિણામ કહે છે.. એને જ ચિત્તવૃત્તિઓ પણ કહે છે. એમાં પુરુષ પ્રતિબિંબિત થતાં એ(ને) જ ઘટાદિજ્ઞાન તરીકે કહેવાય છે. ઇન્દ્રિયને વિષયસન્મુખ થતાં રોકવાથી ચિત્તની વૃત્તિ થતી અટકે છે. એથી વૃત્તિઓનો નિરોધ થવાથી ચિત્ત વૃત્તિશૂન્ય બને છે. વૃત્તિઓ જ તો ચિત્તના પરિણામ છે=વિકાર છે. એટલે વૃત્તિશૂન્યચિત્ત નિર્વિકારી બને છે.

અસ્થિરપાણીમાં પ્રતિબિંબાતો ચન્દ્ર અસ્થિર ભાસે છે. એટલે કે પાણીનો અસ્થિરતાધર્મ પ્રતિબિંબાતા ચન્દ્રમાં રહ્યો હોય એવો ભાસે છે. એમ, બુદ્ધિના જ્ઞાનાદિ પરિણામો=ધર્મો, એમાં પ્રતિબિંબાતા ચૈતન્યમાં=પુરુષમાં રહ્યા હોય એવું ભાસે છે. એટલે કે પુરુષ ખુદ જ્ઞાતા વગેરે રૂપે ભાસે છે. જ્ઞાનની જેમ સુખ-દુઃખ-ઇચ્છા-દ્વેષ-કર્તૃત્વ-ભોક્તૃત્વ-ક્રોધાદિ કષાયો.. આ બધું જ ચિત્તની વૃત્તિઓ છે.. ને તે તે વૃત્તિમાં પ્રતિબિંબાતો પુરુષ પણ તેવો તેવો જ ભાસે છે.. આ જ પુરુષમાં રહેલું વૃત્તિસારૂપ્ય=વૃત્તિઓનું સાદૃશ્ય કહેવાય છે.

પુરુષ ચિત્તવૃત્તિઓમાં પ્રતિબિંબાય છે. 'એટલે વૃત્તિ જ્યારે ઘટાકારજ્ઞાનાત્મક હોય ત્યારે પુરુષ પણ એ વૃત્તિમાં રહેલો એવો ભાસે છે. એમ પટાકાર જ્ઞાનાદિ જાણવા. એ જ રીતે સુખ-દુઃખાદિ કે ક્રોધાદિ વૃત્તિઓ હોય ત્યારે પુરુષ પણ તે તેમાં રહેલો તેવો તેવો ભાસે છે. વળી ચિત્તની કોઈકને કોઈક વૃત્તિ અસ્તિત્વમાં આવ્યા જ કરતી હોય છે-એટલે કે કોઈક ને કોઈક પરિણામ-વિકાર એનો થયા જ કરતો હોય છે.. એટલે પુરુષ પણ તે તે કાળે તે-તે વૃત્તિરૂપ જ ભાસ્યા કરે છે. ને તેથી એનું મૂળભૂત સ્વરૂપ=વૃત્તિશૂન્ય સ્વરૂપ ભાસવાનો કોઈ અવકાશ જ હોતો નથી.

तच्चित्तं वृत्तयस्तस्य पञ्चतय्यः प्रकीर्तिताः ।
मानं भ्रमो विकल्पश्च निद्रा च स्मृतिरेव च ।। ३।।

'तदि'ति । तच्चित्तम् । **तस्य** वृत्तिसमुदायलक्षणस्यावयविनोऽवयवभूताः **पञ्चतय्यो वृत्तयः प्रकीर्तिताः** । तदुक्तं-*"वृत्तयः पञ्चतय्यः क्लिष्टाक्लिष्टाः"* (यो.सू. १-५ सां.सू. २ ।३३) । क्लिष्टाः= क्लेशाक्रान्तास्तद्विपरीता अपि तावत्य एव । ता एवोद्दिशति-**मानं**=प्रमाणं, **भ्रमो, विकल्पः (च), निद्रा च स्मृतिरेव च** । तदाह-*"प्रमाण-विपर्यय-विकल्प-निद्रा-स्मृतयः"*(यो.सू.१-६) ।। ३ ।।

પણ જ્યારે વૃત્તિનિરોધ થાય છે. એટલે કે ચિત્ત વૃત્તિશૂન્ય બને છે, ત્યારે પુરુષનું વૃત્તિઓમાં પ્રતિબિંબરૂપે અવસ્થાન શક્ય ન બનવાથી સ્વરૂપમાં અવસ્થાન થાય છે. વળી, ઘટાકાર-પટાકાર વગેરે તો બુદ્ધિના=વૃત્તિના હોય છે. અને હવે કોઈ વૃત્તિ છે નહીં. એટલે કોઈ વિષય સંભવતો ન હોવાથી નિર્વિષયક ચિન્માત્ર બચે છે.. જે પુરુષનું પોતાનું સ્વરૂપ છે ને એમાં જ હવે પુરુષનું અવસ્થાન થાય છે, એટલે કે એ જ હવે સતત સ્ફુરાયમાણ રહે છે.

જેમ સ્ફટિકની પાછલ લાલ-પીળું વગેરે કાંઈપણ હોય, ત્યાં સુધી એ સ્ફટિક લાલ-પીળો વગેરે જ ભાસે છે.. પણ જ્યારે એવું કશું જ ન હોય, ત્યારે સ્ફટિકનું પોતાનું મૂળભૂત સ્વરૂપ ભાસે છે, એમ પ્રસ્તુતમાં જાણવું. વળી લાલ-પીળી વસ્તુ હોવાથી સ્ફટિક ભલે લાલ-પીળો ભાસે.. છતાં એ વખતે પણ સ્ફટિક સ્વયં તો જેવો હોય એવો જ રહે છે, એ લાલાશ-પીળાશ વગેરેને સ્વયં પકડતો નથી. એમ, પુરુષ ભલે તે તે વૃત્તિરૂપે ભાસે છે, પણ એ વૃત્તિની કોઈ અસર ઝીલતો નથી, એ ખુદ તો પુષ્કરપલાશવત્ નિર્લેપ જ રહે છે.

એટલે, चित्तवृत्तिनिरोधो योगः એ સૂત્રમાં રહેલા ચિત્તની વ્યાખ્યા આવી મળી કે જે નિર્વિકારી હોય, ત્યારે પુરુષનું પોતાના સ્વરૂપમાં અવસ્થાન થાય છે, અને જે તે તે વૃત્તિરૂપે પરિણમ્યે છતે પુરુષ પણ તે તે વૃત્તિસદૃશ ભાસે છે તે ચિત્ત છે. (આમાં 'તે ચિત્ત છે' આટલો અંશ ત્રીજી ગાથામાંથી લેવો.) ॥ ૧૧-૨ ॥

ગાથાર્થ : તે ચિત્ત છે. તેની વૃત્તિઓ પાંચપ્રકારે કહેવાયેલી છે. માન, ભ્રમ, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ.

ટીકાર્થ : તે ચિત્ત છે. વૃત્તિઓના સમુદાય સ્વરૂપ=અવયવીભૂત તે ચિત્તના અવયવસ્વરૂપ વૃત્તિઓ પાંચ પ્રકારે કહેવાયેલી છે. યોગસૂત્ર (૧-૫)માં કહ્યું છે-वृत्तयः पञ्चतय्यः क्लिष्टाक्लिष्टाः (સાંખ્યસૂત્ર ૨-૩૩). આમાં ક્લિષ્ટ એટલે ક્લેશથી વણાયેલી. અક્લિષ્ટ એનાથી વિપરીત હોય છે. એ પણ એટલી જ=પાંચ જ છે. તે પાંચવૃત્તિઓનો જ ઉલ્લેખ કરે છે-માન=પ્રમાણ, ભ્રમ, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ. યોગસૂત્ર (૧-૩) આવું છે-प्रमाण-विपर्यय-विकल्प-निद्रा-स्मृतयः

વિવેચન : ચિત્ત એ વૃત્તિઓના સમુદાયસ્વરૂપ છે, એટલે કે વૃત્તિઓ અવયવ છે ને ચિત્ત અવયવી છે.

શંકા : અવયવો તો સમાનકાલીન હોય છે. હાથ-પગ વગેરે સમાનકાલીન અવયવોના અવયવી તરીકે જ શરીર મળી શકે છે. બાળ-કિશોર-યુવા-વૃદ્ધ શરીરરૂપ ભિન્ન-ભિન્ન કાલીન અવસ્થાઓ કાંઈ થોડી શરીરના અવયવરૂપ છે ?

સમાધાન : તમારી વાત સાચી છે. અહીં અવયવશબ્દ અવસ્થા(પરિણામ) અર્થમાં સમજવો જોઈએ. ચિત્ત આવી અવસ્થાઓના સમુદાયરૂપ છે. આ અવસ્થાઓ રૂપ ચિત્ત બે પ્રકારે છે-ક્લિષ્ટ અને અક્લિષ્ટ. જે

आसां क्रमेण लक्षणमाह –

मानं ज्ञानं यथार्थं स्यादतस्मिंस्तन्मतिर्भ्रमः ।
पुंसश्चैतन्यमित्यादौ विकल्पोऽवस्तुशाब्दधीः ।।४।।

मानमिति । **मानं यथार्थं**=तद्वति तदवगाहि **ज्ञानं स्यात्** । तदाह-*"अविसंवादि ज्ञानं प्रमाणमिति"* (रा.मा. १/७) । **भ्रमोऽतस्मिन्**=तदभाववति **तन्मतिः**, यदाह-*"विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम्* (यो.सू.१-८)" । संशयोऽपि 'स्थाणुर्वा पुरुषो वे'त्यतद्रूपप्रतिष्ठत्वादत्रैवान्तर्भवति । **पुंसश्चैतन्यमित्यादौ** [अवस्तुशाब्दधीः=] अवस्तुविषया शाब्दधीः=**विकल्पः** । अत्र हि 'देवदत्तस्य कम्बलम्' इतिवच्छब्दजनिते ज्ञाने षष्ठ्यर्थो भेदोऽध्यवसीयते,

---

અવસ્થાઓ રાગ-દ્વેષાદિ ક્લેશોથી સંકળાયેલી છે, તે ક્લિષ્ટવૃત્તિઓ છે. એ કર્મબન્ધકારક છે. રાગ-દ્વેષાદિક્લેશોનો નાશ કરતી મુક્તિફલક વૃત્તિઓ અક્લિષ્ટ વૃત્તિઓ છે. તે ચિત્ત અને પુરુષના ભેદને વિષય કરનારી હોય છે. સામાન્યથી અનાદિકાળથી ચિત્તની ક્લિષ્ટ વૃત્તિઓ જ સતત પ્રવર્ત્યા કરે છે. એટલે કે પ્રમાણાદિવૃત્તિથી જ્ઞાત થતો વિષયોમાં રાગાદિક્લેશ અને તન્નિમિત્તક બંધ જ ચાલ્યા કરે છે. જ્ઞાત તથો વિષય ઇષ્ટ હોય તો રાગ અને અનિષ્ટ હોય તો દ્વેષ.. આ પ્રવાહ અનાદિકાળથી ચાલ્યા જ કરે છે. પણ વિવેકખ્યાતિ થયા બાદ આમાં બદલાવ આવે છે. આ પ્રવાહમાં, વચ્ચે વચ્ચે, અભ્યાસ અને વૈરાગ્યના પ્રભાવે, આ રાગ-દ્વેષને રુંધનારી, અક્લિષ્ટ વૃત્તિઓ પરિણમતી રહે છે. આ અક્લિષ્ટ વૃત્તિઓ પોતાના સંસ્કાર ઊભા કરે છે. એટલે કે ઇષ્ટ-અનિષ્ટ વિષય ઉપસ્થિત થવા પર સહજ રીતે પ્રવર્તમાન રાગ-દ્વેષને રુંધવાના સંસ્કાર ઊભા કરે છે. રાગ-દ્વેષથી પર રહેવાના વારંવારના અભ્યાસથી આ સંસ્કાર ગાઢ બનતા જાય છે. ગાઢ બનેલા આ સંસ્કારો, અનાદિકાળથી પ્રવૃત્ત રાગ-દ્વેષજનક ક્લિષ્ટ સંસ્કારોનો નિરોધ કરીને રાગ-દ્વેષમય ક્લિષ્ટ વૃત્તિઓનો પણ નિરોધ કરે છે. એનાથી એ સંસ્કારો વધારે પ્રબળ બને છે ને તેથી વધારે પ્રબળ રીતે ક્લિષ્ટ વૃત્તિઓને રુંધે છે. એમ ઉત્તરોત્તર આગળ વધતાં એક અવસ્થા એવી આવે છે કે હવે ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓ બધી જ રુંધાઈ ગયેલી હોય છે. માત્ર અક્લિષ્ટ વૃત્તિઓ જ અવશિષ્ટ હોય છે. પછી પરવૈરાગ્યદ્વારા એ અક્લિષ્ટ વૃત્તિઓ પણ સ્વયં રુંધાઈ જાય છે. ચિત્તનું અસ્તિત્વ આ ક્લિષ્ટ કે અક્લિષ્ટવૃત્તિઓ રૂપે જ સંભવિત છે. એ બંને જ રુંધાઈ ગઈ એટલે હવે અસ્તિત્વ સંભવિત ન રહેવાથી ચિત્ત વિલીન થઈ જાય છે. ચિત્તનું આ વિલીન થવું એ જ પુરુષનો મોક્ષ છે. ॥ ૧૧-૩ ॥ પ્રમાણ વગેરે વૃત્તિઓનું ક્રમશઃ લક્ષણ કહે છે -

ગાથાર્થ : માન એટલે યથાર્થ જ્ઞાન. અતદ્રૂપ પદાર્થને તદ્રૂપે જાણવો એ ભ્રમ છે. 'પુરુષનું ચૈતન્ય' વગેરેમાં અવસ્તુવિષયક શાબ્દબોધ એ વિકલ્પ છે.

ટીકાર્થ : વિવક્ષિતધર્મથી યુક્ત પદાર્થ (=તદ્વાન્) અંગે વિવક્ષિતધર્મને (=તદ્ને) જણાવતું જ્ઞાન એ યથાર્થજ્ઞાન છે, એ માન=પ્રમાણ છે. યોગસૂત્રની રાજમાર્તંડવૃત્તિમાં કહ્યું છે કે *અવિસંવાદીજ્ઞાન એ પ્રમાણ છે.* વિવક્ષિતધર્મથી રહિત પદાર્થ (=તદભાવવાન) અંગે વિવક્ષિતધર્મને (=તદ્ને) જણાવતું જ્ઞાન એ ભ્રમ છે. [૧]યોગસૂત્ર (૧-૮) *વિપર્યયો મિથ્યાજ્ઞાનમતદ્રૂપપ્રતિષ્ઠમ્* આ પ્રમાણે જણાવે છે. 'આ ઠુંઠું છે કે માણસ' આવો સંશય પણ [૨]અતદ્રૂપમાં પ્રતિષ્ઠિત હોવાથી ભ્રમમાં જ અન્તર્ભૂત જાણવો. '[૩]પુરુષનું ચૈતન્ય' વગેરેમાં જે અવસ્તુવિષયક શાબ્દબોધ થાય છે, તે વિકલ્પ છે. 'દેવદત્તની કામળી' વગેરેની જેમ શબ્દજન્ય જ્ઞાનમાં ષષ્ઠી વિભક્તિના અર્થ

तमिहाविद्यमानमपि समारोप्य प्रवर्ततेऽध्यवसायः । वस्तुतस्तु चैतन्यमेव पुरुष इति । तदाह-*"शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः* (यो.सू. १-९)" इति । भ्रमविशेष एवायमस्त्विति चेत् ? न, तथाविधशब्दजन्यजनकभावेनास्य विलक्षणत्वात्, विषयाभावज्ञानेऽपि प्रवृत्तेश्च । यद् **भोजः**-*"वस्तुनस्तथात्वमनपेक्षमाणो योऽध्यवसायः स विकल्प इत्युच्यते"* (यो.सू.१/९ राजमार्तण्ड) इति ।। ४ ।।

तरीके भेद भासे छे. प्रस्तुतमां अविद्यमान એવા પણ ભેદનો સમારોપ કરીને 'પુરુષનું ચૈતન્ય' એવો અધ્યવસાય થાય છે. વસ્તુતઃ તો ચૈતન્ય (પોતે) જ પુરુષ છે. યોગસૂત્ર (૧-૯)માં કહ્યું છે કે *શબ્દજન્ય જ્ઞાનમાં ભાસતો વસ્તુશૂન્ય બોધ એ વિકલ્પ છે.*

***शंका**-આને ભ્રમવિશેષ જ માની લ્યો ને ? **समाधान :** ના, તથાવિધશબ્દ સાથે આનો જન્ય-જનક ભાવ હોવાથી એ વિલક્ષણ હોવાના કારણે તેમજ વિષયના અભાવની જાણકારી હોવા છતાં પ્રવર્તતો હોવાના કારણે આ વિકલ્પ ભ્રમવિશેષરૂપ નથી. યોગસૂત્ર (૧-૯) ની રાજમાર્તંડટીકાના કર્તા ભોજે કહ્યું છે કે-*વસ્તુ (જેવી ભાસે છે) તેવી હોવી જોઈએ એવી અપેક્ષા વિનાનો જે અધ્યવસાય એ વિકલ્પ કહેવાય છે.*

विवेचन : (૧) अतद्रूपप्रतिष्ठं-જે તદ્રૂપ નથી (એટલે કે ધારો કે રજતરૂપ નથી) એમાં તદ્રૂપે પ્રતિષ્ઠિત થયેલ-તદ્રૂપે બોધ કરાવનાર (રજતરૂપે બોધ કરાવનાર) 'इदं रजतं' વગેરે મિથ્યાજ્ઞાન એ વિપર્યય છે. શુક્તિ રજતરૂપ નથી. છતાં એમાં इदं रजतं જ્ઞાન સ્વવિષયતા સંબંધથી રહે તો એ મિથ્યાજ્ઞાન છે, વિપર્યય છે.

(૨) સંશયમાં પણ બોધ અતદ્રૂપપ્રતિષ્ઠ તો છે જ. કારણ કે સામો પદાર્થ જો સ્થાણુ છે તો એ પુરુષ નથી જ. ને છતાં એમાં પુરુષત્વ પણ ભાસી રહ્યું છે. માટે એ પણ એક પ્રકારનો ભ્રમ જ છે.

(૩) 'દેવદત્તની કામળી'માં દેવદત્ત કરતાં કામળી ભિન્ન છે. એમ 'પુરુષનું ચૈતન્ય' એવું તો જ કહી શકાય જો પુરુષ કરતાં ચૈતન્ય ભિન્ન હોય. પણ પાતંજલમતે પુરુષ કરતાં ચૈતન્ય ભિન્ન નથી. પુરુષ પોતે જ ચૈતન્ય છે. એટલે પુરુષભિન્ન ચૈતન્ય એ આકાશકુસુમની જેમ અવસ્તુ છે. છતાં પુરુષનું ચૈતન્ય આવા શબ્દો પુરુષભિન્ન ચૈતન્યરૂપ અવસ્તુને જણાવે છે. માટે એ વિકલ્પ નામની ચિત્તવૃત્તિ છે.

(૪) **शंका :** પુરુષઅભિન્નચૈતન્યનો પુરુષભિન્ન તરીકેનો બોધ અતદ્રૂપ પ્રતિષ્ઠ હોવાથી મિથ્યાજ્ઞાનરૂપ હોવાના કારણે એક ચોક્કસપ્રકારનો ભ્રમ જ છે ને ! પછી એને વિકલ્પરૂપે સ્વતન્ત્ર વૃત્તિ માનવાની શી જરૂર ?

समाधान : ભ્રમ તો કોઈપણ ઇન્દ્રિયજન્ય સંભવે છે, જ્યારે વિકલ્પ માત્ર શબ્દજન્ય હોય છે. ખપુષ્પ, ખરવિષાણ, ષષ્ઠભૂત વગેરે માત્ર શબ્દના જ વિષય છે, ચક્ષુ વગેરેના નહીં. વક્તાના મનમાં ખપુષ્પ વગેરે અવસ્તુ વિષયક વિકલ્પ ઉત્પન્ન થાય છે. બાહ્ય વસ્તુ તેવી ન હોવા છતાં આ વિકલ્પના આધારે વક્તા खपुष्पं વગેરે શબ્દો બોલે છે. એટલે કે વક્તાગત વિકલ્પ જનક છે ને એના શબ્દો જન્ય છે. એના આ શબ્દો સાંભળીને શ્રોતાના મનમાં વિકલ્પ પેદા થાય છે. એટલે વક્તાના શબ્દો જનક બન્યા ને શ્રોતાનો વિકલ્પ જન્ય બન્યો. આમ શબ્દ અને વિકલ્પ વચ્ચે પરસ્પર જન્ય-જનક ભાવ છે, જે ભ્રમ સાથે નથી. માટે વિકલ્પ ભ્રમથી વિલક્ષણ છે.

વળી, 'ખરને વિષાણ હોતા નથી' આવી ખબર હોવા છતાં खरविषाणम् એવો વિકલ્પાત્મક અધ્યવસાય થાય છે. ભ્રમમાં આવું હોતું નથી. 'સામો પદાર્થ રજત નથી' એમ ખબર હોય તો તો इदं रजतं એવો ભ્રમ થઈ શકતો જ નથી. માટે પણ વિકલ્પ ભ્રમથી વિલક્ષણ છે. ને તેથી એનો ભ્રમમાં સમાવેશ થઈ શકતો ન હોવાથી એ સ્વતંત્ર ચિત્તવૃત્તિરૂપ છે એ જાણવું. ॥ ૧૧-૪ ॥ (હવે ક્રમપ્રાપ્ત નિદ્રાવૃત્તિનું નિરૂપણ-)

निद्रा च वासनाऽभावप्रत्ययालम्बना स्मृता ।
सुखादिविषया वृत्तिर्जागरे स्मृतिदर्शनात् ।। ५।।

निद्रा चेति । **अभावप्रत्ययालम्बना**=भावप्रत्ययालम्बनविरहिता **वासना च निद्रा स्मृता**, सन्ततमुद्रिक्तत्वात्तमसः समस्तविषयपरित्यागेन या प्रवर्तत इत्यर्थः । तदाह-*"अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा"* (यो.सू. १-१०) । इयं च **जागरे**=जाग्रदवस्थायां **स्मृतिदर्शनात्**='सुखमहमस्वाप्सं' इति स्मृत्यालोचनात् **सुखादिविषया वृत्तिः**, स्वापकाले सुखाननुभवे तदा तत्स्मृत्यनुपपत्तेः ।। ५।।

गाथार्थ : अभावप्रत्यय आलंबनवाळी वासना निद्रा छे. ए सुखादिविषयिणी वृत्ति छे, कारण के जाग्रत अवस्थामां स्मृति जोवा मळे छे.

टीकार्थ : [1]अभावप्रत्यय आलंबनवाळी एटले के भावप्रत्यय आलंबन विनानी वासना ए निद्रा छे. तमोगुणनो सतत उद्रेक होवाथी समस्त विषयोना परिहारपूर्वक जे प्रवर्ते छे (ते निद्रा छे) एम अर्थ जाणवो. [2]योगसूत्र (१-१०)मां कह्युं छे के-अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा [3]जाग्रतअवस्थामां, 'हुं सुखपूर्वक सूतो' वगेरे स्मरण जोवा मळे छे. माटे निद्राने सुखादिविषयक वृत्तिरूपे मानवी जरूरी छे. कारण के निद्राकाळे जो सुखनो अनुभव न होय, तो स्मरण असंगत थई जाय.

विवेचन : (१) चित्तनी त्रण अवस्थाओ छे. जाग्रतअवस्था, स्वप्नावस्था अने निद्रावस्था. आमांथी छेल्ली निद्रावृत्तिनो विचार करवानो छे. बुद्धि त्रिगुणात्मक छे. एमांथी सत्त्व अने रजसनो पराभव करीने, चक्षु वगेरे बधा करणोनो आवारक (=बधी इन्द्रियो पर छवाई जतो) अतिगाढ तमोगुण ज्यारे बळवान बने छे त्यारे निद्रावृत्ति थाय छे. चित्त इन्द्रियप्रणालिका द्वारा घटादिविषयनो संपर्क करी घटादि आकारने धारण करतुं होय छे, ने घटादि एना विषय बनता होय छे. पण निद्राकाळे बधी इन्द्रियो तमस द्वारा आवराई गयेली होवाथी चित्त घटादि विषयाकारने धारी शकातुं नथी. आ ज समस्त विषयोनो परिहार छे. ने माटे ज निद्राने भावप्रत्ययना आलंबन विनानी कही छे.

(२) आम तो योगसूत्रना आ अधिकारमां वृत्तिओनुं वर्णन चाले छे ने एमां वृत्ति शब्दनी अनुवृत्ति पूर्व-पूर्वना सूत्रथी चालु ज छे. तेथी निद्राने जणावनार आ दसमा सूत्रमां वृत्ति शब्दनी जरूर नहोती. तेम छतां सूत्रकारे, ज्ञानाभावो निद्रा एवा मतनो निरास करवा माटे ए शब्द अहीं उच्चार्यो छे. आशय ए छे के घणानी मान्यता एवी छे के निद्राकाळे कोई ज्ञान होतुं नथी. पण पातंजलयोगसूत्रकारनुं मानवुं एवुं छे के छेवटे निद्रा पण बुद्धिनो परिणाम छे. ए ज्ञानशून्य शी रीते होई शके ? माटे एने पण प्रमाणादिनी जेम ज्ञानात्मक जणावववा वृत्ति शब्दनो विशेषरूपे उच्चार कर्यो छे. चित्तनी पांचे पांच वृत्तिओ ज्ञानात्मक छे.

शंका : पण ज्ञान तो सविषयक होय छे. निद्राकाळे घटादि कोई ज विषय भासतो नथी. तो ज्ञान (अनुभव) शी रीते मानी शकाय?

(३) **समाधान :** जाग्रत अवस्थामां 'हुं सुखेथी सूतो' आवुं बधुं स्मरण थाय छे. अने स्मरण अनुभव विना संभवतुं नथी, माटे निद्रामां सुख वगेरेनो अनुभव मानवो जोईए.

शंका : पण घटादि कोई विषय संभवतो नथी. तो आ अनुभवनो विषय शुं मानशो ?

तथाऽनुभूतविषयासम्प्रमोषः स्मृतिः स्मृता ।
आसां निरोधः शक्त्याऽन्तःस्थितिर्हेतौ बहिर्हतिः ।। ६ ।।

સમાધાન : ઘટાદિ બાહ્યવિષય ભલે નથી. આ સુખ વગેરે જ એના વિષય છે ને ! પાતંજલમતની માન્યતા એ છે કે નિદ્રાવૃત્તિ સુખ, દુઃખ અને મોહ વિષયક હોવી સંભવે છે. આમ તો તમોગુણના અતિપ્રાબલ્યથી નિદ્રા આવે છે. તેમ છતાં જો એમાં સત્ત્વ ગુણની કંઈક પણ છાયા હોય તો જાગ્રત અવસ્થામાં 'હું સુખે સૂતો' એવું સ્મરણ થાય છે[1], ને તેથી નિદ્રાવૃત્તિનો વિષય સુખ માનવો પડે છે. જો રજોગુણની છાયા હોય છે તો જાગ્રત અવસ્થામાં 'હું દુઃખે સૂતો' એવું સ્મરણ થતું હોવાથી દુઃખને વિષય માનવું પડે છે. પણ સત્ત્વ-રજોગુણની બિલકુલ છાયા નહીં, એકાન્તે તમો ગુણ જ છવાઈ ગયો હોય, તો જાગ્યા પછી 'હું ગાઢ મૂઢપણે સૂતો' એવું સ્મરણ થતું હોવાથી મોહને વિષય માનવો પડે છે. આ સુખ, દુઃખ અને મોહ એ ઘટાદિની જેમ બાહ્ય પદાર્થ નથી. એટલે, ચિત્ત ઇન્દ્રિયપ્રણાલિકાદ્વારા બહાર જતું ન હોવા છતાં, ને તેથી અન્તર્મુખ રહેતું હોવા છતાં સુખાદિવિષયક વૃત્તિરૂપે પરિણમે છે.

(શંકા : નિદ્રાકાળે આમ ચિત્ત જો અન્તર્મુખ બને છે. વળી એ વખતે બાહ્ય કોઈ વિષયનો વિક્ષેપ ન હોવાથી એકાગ્રતા પણ કેળવાય છે. તો તો નિદ્રા યોગીઓને ઉપાદેય બનવી જોઈએ.

સમાધાન : હા, નિદ્રાકાળે ચિત્તની વૃત્તિઓ અન્તર્મુખ થાય છે ને એકાગ્ર થાય છે, તેમ છતાં તામસભાવ હોવાથી યોગીઓએ નિદ્રાવૃત્તિનો પણ નિરોધ કરવાનો હોય છે. ॥૧૧-૫॥

(હવે છેલ્લી સ્મૃતિવૃત્તિને જણાવીને, આ ચિત્તવૃત્તિઓના નિરોધને જણાવતા કહે છે -

---

1. *પરંતુ નિદ્રાકાળમાં 'કોઈ પદાર્થને હું જાણતો નથી' તેવી પ્રતીતિ વર્તે છે...* આવો ભાવાર્થ ખોટો છે, કારણ કે (૧) નિદ્રામાં આવી પ્રતીતિ થતી હોય એવો કોઈને જ અનુભવ નથી. (૨) આ પ્રતીતિનો અર્થ છે पदार्थविषयकज्ञानाभाववान् अहं એવો બોધ. આ બોધનો अहं એ વિષય હોવાથી આ ભાવપ્રત્યયઆલંબના જ બને છે જેનો ગ્રન્થકારે નિષેધ કર્યો છે. (૩) જેવો અનુભવ (બોધ) હોય એવી જ સ્મૃતિ થાય એવો નિયમ છે. એટલે જો નિદ્રાકાળે આવો બોધ હોય તો ઊઠ્યા પછી સ્મૃતિ પણ આવી જ થવી જોઈએ. 'હું સુખપૂર્વક સૂતો' વગેરે નહીં. (૪) નિદ્રાકાળે આવી કોઈ પ્રતીતિ હોતી નથી જ, માટે તો સુખવિષયક જે વૃત્તિ એ કાળમાં માનવી છે એનું જાગ્રતઅવસ્થામાં થતા 'હું સુખપૂર્વક સૂતો' વગેરે સ્મરણ પરથી અનુમાન કરવાનું જણાવ્યું છે.

જ્યારે નિદ્રાકાળમાં 'હું કોઈ ભાવાત્મક વસ્તુને જાણતો નથી' એવા પ્રકારની વાસના પડે તેવો મંદ મંદ બોધ વર્તે છે. આથી સૂઈને ઊઠ્યા પછી નિદ્રાકાળમાં 'મને કોઈ વસ્તુનો બોધ ન હતો' તેવા અભાવપ્રત્યયવાળી સ્મૃતિ થાય છે.

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે નિદ્રાનું આવું બધું જે સ્વરૂપ એ શબ્દશઃ વિવેચનકારે દર્શાવ્યું છે, તે પણ મનઘડંત પૂર્વાપરવિરુદ્ધ કલ્પનાઓ સિવાય બીજું કશું નથી.. કારણ કે (૧) નિદ્રા એ સર્વઘાતી પ્રકૃતિ છે. પ્રાપ્ત થયેલી દર્શનલબ્ધિને હણે છે. પોતે પણ *તેથી નિદ્રાકાળમાં નિદ્રાના આપાદકકર્મના ઉદયથી ચક્ષુદર્શન કે અચક્ષુદર્શન હણાયેલ હોવાથી..* વગેરે રૂપે આ વાત જણાવેલી જ છે પછી જે મંદ મંદ બોધ વર્તે છે એ કયું દર્શન છે ? (૨) મંદ મંદ બોધના સંસ્કાર પડી શકે જ નહીં.. ને સંસ્કાર ન પડ્યા હોય તો સ્મરણ શી રીતે થાય ? (૩) ગ્રન્થમાં, ઊઠ્યા પછી 'હું સુખે સૂતો' વગેરે સ્મૃતિની વાત છે, 'મને કોઈ વસ્તુનો બોધ ન હતો' આવી સ્મૃતિનો કોઈ અણસાર સુધ્ધાં છે નહીં. (૪) ગ્રન્થમાં અભાવપ્રત્યયવાળી જે કહી છે તે 'નિદ્રા' છે, સૂઈને ઊઠ્યા પછી થતી 'સ્મૃતિ' નથી.

तथेति । तथाऽनुभूतविषयस्य=प्रमाण-विपर्यय-विकल्प-निद्राऽनुभूतार्थस्यासम्प्रमोषः =संस्कारद्वारेण बुद्धावुपारोहः **(=तथाऽनुभूतविषयासम्प्रमोषः) स्मृतिः स्मृता** । तदाह-*"अनुभूतविषयासम्प्रमोषः स्मृतिरिति"* (यो.सू.१-११) । **आसां**=उक्तानां पञ्चानामपि वृत्तीनां **हेतौ**=स्वकारणे **शक्त्या**= शक्तिरूपतयाऽन्तः =बाह्याऽभिनिवेशनिवृत्त्यान्तर्मुखतया **स्थितिः**= अवस्थानं **बहिर्हतिः**=प्रकाश-प्रवृत्ति-नियमरूपविघातः । एतदुभयं **निरोध** उच्यते ।।६।।

गाथार्थ : तथा, अनुभूतविषयनो असम्प्रमोष એ स्मृति કહેવાયેલી છે. આ વૃત્તિઓનું स्वકારણમાં शક्तिરૂપે રહેવું અને બહારમાં ન જવું.. આ બંને નિરોધ છે.

टीकार्थ : પ્રમાણ, વિપર્યય, વિકલ્પ અને નિદ્રા.. આ ચાર વૃત્તિઓ વડે અનુભૂત વિષયનો અસંપ્રમોષ=સંસ્કાર દ્વારા બુદ્ધિમાં ઉપસ્થિતિ એ સ્મૃતિ છે. યોગસૂત્ર (૧-૧૧) માં કહ્યું છે-अनुभूतविषयासम्प्रमोषः स्मृतिरिति । [1]આ પાંચેય વૃત્તિઓ [2]બાહ્યअભિનિવેશ છોડીને અન્તર્મુખ બનીને પોતાના કારણમાં શક્તિરૂપે અવસ્થાન કરે એ તથા બહિર્હતિ=પ્રકાશ, પ્રવૃત્તિ અને નિયમરૂપ બહિર્મુખતાનો વિઘાત કરે એ.. આ બંને નિરોધ કહેવાય છે.

विवेचन : (૧) ચિત્તવૃત્તિનિરોધ એ યોગ છે. આમાં પહેલાં ચિત્તનું અને પછી પાંચે પ્રકારની ચિત્તવૃત્તિઓનું નિરૂપણ થઈ ગયું. એટલે હવે એ વૃત્તિઓના નિરોધનું નિરૂપણ ઉત્તરાર્ધથી ચાલુ થાય છે. આ નિરોધ બે પ્રકારે છે-અન્તઃસ્થિતિ અને બહિર્હતિ.

(૨) બહાર દોડી જવાનું ગાઢ વળગણ એ બાહ્યअભિનિવેશ છે. આ વળગણને છોડીને પોતાના કારણભૂત ચિત્તમાં=અંતઃકરણમાં શક્તિરૂપે=યોગ્યતારૂપે અન્તર્મુખ થઈને વૃત્તિઓ રહે તે અન્તઃસ્થિતિનામે નિરોધ છે. તથા વૃત્તિઓની પ્રકાશ, પ્રવૃત્તિ અને નિયમરૂપ બહિર્મુખતાનો વિઘાત કરવો એ બહિર્હતિનામે નિરોધ છે.

शंका : બહિર્મુખતાને રુંધવામાં આવે એટલે અન્તર્મુખતા જ થઈ જાય ને ! તો પછી નિરોધના બે પ્રકાર ક્યાં રહ્યા ? બહિર્હતિ કરો એટલે અન્તઃસ્થિતિ આવી જ જાય ને..

समाधान : ના, આ બન્ને નિરોધ સ્વતન્ત્ર જ છે. એ સમજવા માટે પહેલાં બહિર્હતિ નામના નિરોધને સમજીએ. ચિત્તે અનંતભૂતકાળમાં અનંતી વાર બહાર ધસી જઈને, કોણ આવ્યું ? કોણ ગયું ? કોણ શું કરે છે? કઈ વસ્તુ છે ? કેવી છે ? ક્યાં છે ? વગેરે વગેરે કુતૂહલને પોષ્યા છે. એના કારણે, નવું નવું જાણવા માટે બહાર ધસી જવાના ગાઢ-અતિ અતિ ગાઢ સંસ્કાર પડેલા છે. આ સાત્ત્વિકવૃત્તિની બહિર્મુખતા છે. આને પ્રકાશ કહે છે. એટલે જ્યારે જ્યારે એવો અવસર ઉપસ્થિત થાય, કે તરત ચિત્ત તે તે ઇન્દ્રિયરૂપી નાલિકા દ્વારા તે તે વિષયતરફ ધસી જવા લાલાયિત થઈ જ જાય છે ને કોઈ પ્રતિબંધક ન હોય તો એ બહાર ધસી જઈ તે તે વિષયાકારને ધારણ કરી લે છે, જાણકારી મેળવી લે છે ને તે તે કુતૂહુલને પોષી જ લે છે. ચિત્તવૃત્તિ આ રીતે બહાર ધસી જવા માટે લાલાયિત થઈ ગઈ હોવા છતાં, એ વૃત્તિઓ સાથે સંઘર્ષ કરીને પણ, મક્કમ બનીને એને બહાર જતી રોકવી એ આ વૃત્તિનો નિરોધ છે.

એમ અનાદિકાળથી દેહાધ્યાસ=દેહની મમતા વળગેલી છે. તથા ઇન્દ્રિયોની પરવશતા પોષાયેલી છે. એટલે દેહ-ઇન્દ્રિયને અનુકૂળ વિષયો ઉપસ્થિત થવા પર એ તરફ ધસી જવું-ઇન્દ્રિયોને તેમાં પ્રવૃત્ત કરવી, આવું પણ અનાદિકાલીન વળગણ ચિત્તને વળગેલું છે. આ રાજસવૃત્તિની બહિર્મુખતા છે. એને પ્રવૃત્તિ કહે છે.

स चाभ्यासाच्च वैराग्यात्तत्राभ्यासः स्थितौ श्रमः ।
दृढभूमिः स च चिरं नैरन्तर्यादराश्रितः ।। ७।।

'स चे'ति । **स च**=उक्तलक्षणो निरोधश्चा**भ्यासाद् वैराग्याच्च** भवति । तदुक्तं-*"अभ्यासवैराग्याभ्यां तन्निरोध इति"* (यो.सू. १-१२) । **तत्राभ्यासः स्थितौ**=वृत्तिरहितस्य चित्तस्य स्वरूपनिष्ठे परिणामे **श्रमः**=यत्नः

કુતૂહલમાં માત્ર જિજ્ઞાસા હોય છે, આમાં ઇન્દ્રિયને ખુશ કરવાનું વલણ હોય છે. રૂપ આવ્યું નથી ને આંખ દોડી ગઈ નથી.. આવી બધી વૃત્તિઓ અનાદિકાળથી પડેલી જ છે, ને કોઈ પ્રતિબંધક ન હોય તો ઇન્દ્રિયને ખુશ કરવાની પ્રવૃત્તિ થઈ જ જાય છે. પણ હવે યોગને આત્મસાત્ કરવો છે. એટલે વિષય ઉપસ્થિત થવા પર ઇન્દ્રિય ગમે એટલા તોફાન કરે, એને વિષયમાં પ્રવર્તતી અટકાવવી, એટલે કે ચિત્તને તે તે ઇન્દ્રિય દ્વારા બહાર જતું રુંધવું-એ આ બહિર્હતિનામે વૃત્તિનિરોધ છે.

જ્યારે અંદર ક્રોધાદિકષાયો માથું ઊંચકે છે, ત્યારે સાત્ત્વિક અને રાજસવૃત્તિની બહિર્મુખતા (પ્રકાશ અને પ્રવૃત્તિ) દબાઈ જાય છે. આશય એ છે કે જેની સાથે પોતાને કાંઈ લેવા-દેવા નથી એવા પણ દેશ-દુનિયાના સમાચાર વગેરે માટે ટી.વી. ને છાપું નહીં છોડનારો, જ્યારે એવા કોઈ નિમિત્તે ક્રોધનો ધમધમાટ થાય છે ત્યારે ટી.વી. વગેરે બધું છોડી દે છે. એટલે કે સાત્ત્વિકભાવની પ્રકાશબહિર્મુખતા દબાઈ ગઈ. એ જ રીતે વિષયોમાં પાગલ જીવ ક્રોધાદિકાળે વિષયોને પણ છોડી દે છે. એટલે કે રાજસભાવની પ્રવૃત્તિબહિર્મુખતા દબાઈ ગઈ. આમ બંને પ્રકારની બહિર્મુખતાનો અભિભવ થઈ મોહની મૂઢતા ધારણ કરવી એ તામસ ભાવની બહિર્મુખતા છે. એને નિયમ કહે છે. નિમિત્ત મળ્યું, અનાદિસંસ્કારવશાત અંદર ધમધમાટ થઈ ગયો.. છતાં એને બહાર ન આવવા દેવો.. રુંધવો એ આ બહિર્હતિનામે વૃત્તિનિરોધ છે.

ટૂંકમાં, નિમિત્ત મળવાપર, અનાદિકાલીન સંસ્કારવશાત્ કુતૂહુલ-વિષય-કષાયની વૃત્તિઓ અંદર સળવળે છે. છતાં દ્રઢસંકલ્પપૂર્વક એ સળવળેલી વૃત્તિઓને રુંધવી, બહાર આવવા દ્વારા સફલ નહીં થવા દેવી એ બહિર્હતિનામે વૃત્તિનિરોધ છે. એના વારંવારના દ્રઢ અભ્યાસથી એવી અવસ્થા ઘડાય છે કે હવે નિમિત્ત મળવા છતાં વૃત્તિઓ બહાર આવવા સળવળતી જ નથી, આકર્ષણ જ ખતમ કર્યું હોવાથી વૃત્તિઓ અંદર સહજ રીતે શાંત પડી રહે છે. એ માટે કોઈ સંઘર્ષ કરવો પડતો નથી, આ અન્તઃસ્થિતિ નામે વૃત્તિનિરોધ છે. ॥૭॥ (હવે, આ નિરોધના ઉપાય જણાવે છે-)

ગાથાર્થ : આ નિરોધ અભ્યાસથી અને વૈરાગ્યથી પેદા થાય છે. એમાં સ્થિતિમાં શ્રમ કરવો એ અભ્યાસ છે. આદરસહિત દીર્ઘકાળ નિરંતર પ્રયત્ન કરવાથી તે અભ્યાસ દ્રઢભૂમિ=સ્થિર થાય છે.

ટીકાર્થ : છઠ્ઠી ગાથામાં કહેલો બન્ને પ્રકારનો વૃત્તિનિરોધ [1]અભ્યાસથી અને વૈરાગ્યથી સંપન્ન થાય છે. યોગસૂત્ર (૧-૧૨)માં કહ્યું છે કે-અભ્યાસ-વૈરાગ્યાભ્યાં તન્નિરોધ ઇતિ. તેમાં અભ્યાસ એટલે વૃત્તિરહિત ચિત્તને સ્વરૂપનિષ્ઠ પરિણામમાં ફરી ફરી સ્થાપન કરવારૂપ પ્રયત્ન. યોગસૂત્ર (૧-૧૩)માં કહ્યું છે-તત્ર સ્થિતૌ યત્નોઽભ્યાસઃ આ અભ્યાસ જો ચિરકાળ સુધી આદરપૂર્વક નિરંતર સેવવામાં આવે તો દ્રઢભૂમિ=સ્થિર થાય છે. યોગસૂત્ર (૧-૧૪)માં કહ્યું છે સ તુ દીર્ઘકાલ-નૈરન્તર્ય-સત્કારાસેવિતો દૃઢભૂમિઃ ।.

पुनः पुनस्तथात्वेन चेतसि निवेशनरूपः । तदाह-*"तत्र स्थितौ यत्नोऽभ्यास इति"* (यो.सू. १-१३) । **स च**

विवेचन : બધા જ જીવો અનાદિકાળથી વિષયો પ્રત્યે ગાઢ આસક્તિ-રાગ ધરાવે છે. જે ચિત્તવૃત્તિઓને હંમેશ બહાર ધકેલવાનું કામ કર્યા જ કરે છે. પણ, વિષયોના દારૂણ વિપાકોને ચિંતવવા પર વિષયો પ્રત્યે વૈરાગ્ય પેદા થાય છે. એ થાય તો જ પછી, જીવ ચિત્તવૃત્તિઓને રુંધવાનો પ્રયાસ કરે છે, એ વગર નહીં. માટે ચિત્તવૃત્તિનિરોધમાટે વૈરાગ્ય જરૂરી છે.

આશય એ છે કે નિમિત્ત મળ્યું.. વૃત્તિઓ સળવળી.. હવે બહાર આવવા તોફાન મચાવી રહી છે.. છતાં એની સામે ઝુક્યા વગર, સંઘર્ષ કરીને પણ એને રુંધવી એ સહેલી વાત નથી. કારણ કે એ વૃત્તિઓને જીવે જ આનંદપૂર્વક અનંતાનંતવાર બહાર ધસી જવાનો છૂટ્ટો દોર આપ્યો હોવાથી એનું જોર ખૂબ-ખૂબ-અતિખૂબ વધેલું છે. વિષયોના દારૂણ વિપાક ચિંતવીને વૈરાગ્ય પ્રગટે તો જ આ વૃત્તિઓને રુંધવાની પ્રામાણિક ઇચ્છા પેદા થાય છે. વળી આ ઇચ્છા જો માયકાંગલી હોય તો તો, વૃત્તિઓ એને ગણકારતી જ નથી, ને ધરાર જીવને તાબે કરીને વિષયપ્રવૃત્તિ કરાવી જ દે છે. એટલે માત્ર માયકાંગલી ઇચ્છા નહીં, દૃઢસંકલ્પ જોઈએ છે. એ માટે વૈરાગ્યને પણ વારંવાર ચિંતવીને ખૂબ દૃઢ કરવો જરૂરી હોય છે. તેથી અભ્યાસ જરૂરી છે. વળી, આ રીતે સંઘર્ષ કરીને ચિત્તવૃત્તિને એકવાર રુંધી. પણ કામ પતી જતું નથી. ફરીથી વિષય મળવા પર ચિત્તવૃત્તિઓ વિષયમાં ધસી જવા ધમપછાડા કરે જ છે. છતાં મક્કમતાપૂર્વક જો એને તાબે ન થતાં રુંધવામાં આવે.. વળી ત્રીજીવાર, વળી ચોથી વાર.. આવો સંઘર્ષ સતત ચાલુ રાખવો પડે છે. આ અભ્યાસ છે. એ દીર્ઘકાળ સુધી ચાલુ રાખવો પડે છે. એના બદલે જરાક પણ જો ગફલત થઈ જાય, તો વૃત્તિઓ પાછી જીવ પર ચડી જ બેસે છે, જીવને ફરીથી વિષયપ્રવૃત્તિ કરાવી પોતાનું જોર ફરીથી વધારવા માંડે છે. માટે અભ્યાસ નિરંતર જોઈએ છે[2]. બે ચાર

2. *અહીં પ્રશ્ન થાય કે કોઈપણ અભ્યાસ ચિરકાળ સેવન કરી શકાય, પરંતુ નિરંતર એનું સેવન કરવું હોય તો અન્ય સર્વ પ્રવૃત્તિ થઈ શકે નહિ... તેથી આ અભ્યાસ નિરંતર કઈ રીતે થઇ શકે ? તેનું સમાધાન એ છે કે જો સાધક યોગી દિવસમાં સવાર, બપોર અને સંધ્યાએ સતત ચિત્તને વાસિત કરવાનો યત્ન કરે, તો શેષકાળમાં અન્ય પ્રવૃત્તિ થતી હોય ત્યારે પણ શ્રુત, શીલ અને સમાધિના ભાવોનો વ્યાઘાત ન થાય તે રીતે તેમની પ્રવૃત્તિ થાય છે....* શબ્દશઃ વિવેચનમાં જણાવેલો આવો બધો ભાવાર્થ ભૂલ ભરેલો છે. મૂળમાં, નિરંતરનો અર્થ 'કાળનું બિલકુલ અંતર પડવું ન જોઈએ' આવો કર્યો એટલે આ પ્રશ્ન ઊભો થયો કે-નિરોધનો અભ્યાસ નિરંતર એટલે ચોવીશે કલાક એમાં જ મચી પડવાનું હોય તો નિદ્રા, ગોચરી, પ્રતિક્રમણ વગેરે અન્ય પ્રવૃત્તિઓ કરી જ નહીં શકાય.. ને એ અન્ય પ્રવૃત્તિઓ કરવા જઈએ તો અભ્યાસમાં અંતર પડી જાય... પણ આ રીતના અશક્ય વિધાનો ક્યારેય હોઇ શકે નહીં. વાસ્તવિકતા એ છે કે બહિર્હતિ અને અન્તઃસ્થિતિ... આ બન્ને પ્રકારના નિરોધનો અભ્યાસ નિરંતર કરવાનો છે, એટલે કે જ્યારે જ્યારે નિમિત્ત મળે ત્યારે આ અભ્યાસ કરવાનો છે.. એક વાર વિષય ઉપસ્થિત થયો.. બહિર્હતિ કે અન્તઃસ્થિતિ રૂપે ઇન્દ્રિયને એમાં જતી રુંધી.. એ પછી બીજીવાર ચાર કલાકે કે ચોવીશ કલાકે.. જ્યારે પણ વિષય ઉપસ્થિત થાય.. ફરીથી ઇન્દ્રિયને એમાં પ્રવર્તાવી નહીં.. એટલે નૈરન્તર્ય જળવાયેલું જ છે. ભલે ને વચ્ચે કાળનું કલાકોનું અંતર પડી ગયું હોય.. એ જ રીતે ક્રોધનું નિમિત્ત મળ્યું.. છતાં ચિત્તને ક્રોધમાં પ્રવર્તાવ્યું નહીં.. ફરીથી જ્યારે નિમિત્ત મળે.. ત્યારે ત્યારે ગુસ્સો કરવાનો જ નહીં.. એમાં વચ્ચે એકાદવાર ગુસ્સો કર્યો તો નૈરન્તર્ય જળવાયેલું ન કહેવાય.. પણ એવી ભૂલ (ગુસ્સો) જો ન કરીએ તો વચ્ચે કાળનું અંતર ગમે એટલું પડે, નૈરન્તર્ય જળવાયેલું જ છે.

चिरं=चिरकालं नैरन्तर्येणादरेण चाश्रितो (=**नैरन्तर्यादराश्रितः**) **दृढभूमिः**=स्थिरो भवति । तदाह-*'स तु दीर्घकाल-नैरन्तर्यसत्कारासेवितो दृढभूमि'*रिति (यो.सू.१-१४) ।। ७।।

या वशीकारसंज्ञा स्याद् दृष्टानुश्राविकार्थयोः ।
वितृष्णस्यापरं तत् स्याद्वैराग्यमनधीनता ।। ८।।

વાર રુંધી.. પાછા તાબે થઈ ગયા.. આવું ન ચાલે.. તથા ઉપર કહેલી ગફલત જો લંબાય છે, એટલે કે વૃત્તિઓને ચડી બેસવાની વારંવાર તક અપાય છે, અર્થાત્ વૃત્તિઓને રુંધવાના દૃઢ સંકલ્પને વિસરી જવાય, મનને ઢીલું મૂકી દેવાય, સંઘર્ષ કરવાથી થાકી જઈને વૃત્તિઓને શરણે થવાનું ચાલુ થઈ જાય, તો બની શકે છે કે સંકલ્પ અને સંઘર્ષદ્વારા વૃત્તિઓ પર જે કંઈક અંશે પણ વિજય મેળવેલો એને ગુમાવી દેવાનું થાય. જીવ જો હજુ પણ સાવધ ન થાય, વૃત્તિઓને તાબે થવાનું ચાલુ જ રાખે, તો બની શકે છે કે એ સંકલ્પથી (પ્રણિધાનથી) પણ ભ્રષ્ટ થઈ જાય. વારંવાર વૃત્તિઓને આધીન થઈ જવા પર નિરાશા આવી જાય કે 'હું કાયર છું, નિઃસત્ત્વ છું.. વૃત્તિઓ સામે ઝઝુમવાનું મારું કામ નહીં.. વૃત્તિઓને જેમ બેફામ બનવું હોય એમ બનવા દો...' આનું જ નામ વૃત્તિઓ પ્રણિધાનને પણ તાણી ગઈ, ને પોતાનો વિજય થવા પર ફરીથી મુસ્તાક બની ગઈ.

એટલે, આ સ્પષ્ટ છે કે-વૃત્તિઓને બે ચારવાર રુંધી.. બે-ચારવાર તાબે થઈ ગયા.. આવું ન ચાલે... નિરંતર રુંધવાનો જ પ્રયાસ જોઈએ... અનાદિકાલીન સંસ્કારો જીવને (ચિત્તને) વિષયો તરફ પૂરા જોશથી તાણી રહ્યા છે.. એ વખતે વિષયોથી પરાઙ્મુખ રહેવું એ ધસમસતાવેગે ધસી રહેલા ઘોડાપુરમાં સામા પ્રવાહે તરવાનું છે. અત્યંત સાહસ, સત્ત્વ ને ધૈર્ય હોય તો જ આ સંભવિત બને.. વળી આ સંઘર્ષ પણ બે-ચારવાર નહીં, દીર્ઘકાળ સુધી નિરંતર કરવાનો છે... માટે આ પ્રયાસ અત્યંત આદરપૂર્વક-સત્કારપૂર્વક હોય તો જ શક્ય બને છે. માટે અહીં દીર્ઘકાળ, નૈરન્તર્ય અને આદર-સત્કાર એમ ત્રણ શરતો જણાવી છે.

જીવને વિષયો તરફ તાણી જતા અનાદિકાલીન સંસ્કારો એ વ્યુત્થાનસંસ્કાર કહેવાય છે. જીવે જ વિષયો તરફ તણાતા રહીને ને એમાં સુખ માનતા રહીને આ વ્યુત્થાનસંસ્કારોને અતિઅતિ જોરાવર બનાવ્યા છે.. હવે જીવ, સંઘર્ષ કરીને પણ વિષયોથી પરાઙ્મુખ થવા માંડ્યો છે.. એનાથી આ વ્યુત્થાન સંસ્કારોનું જોર ઘટવા માંડે છે.. એ ઘટતાં ઘટતાં એક એવી અવસ્થા આવે છે કે અત્યન્ત નબળા પડી ગયેલા આ સંસ્કારો હવે, વિષય ઉપસ્થિત થવા પર પણ જીવને આકર્ષી શકતા નથી... વિષયો તરફ ધસી જવાની તત્પરતાના બદલે અંદર શાંત પડ્યા રહેવાની પ્રેરણા અંદરથી જ મળે છે. એટલે કોઈ સંઘર્ષ નથી.. પરમ શાંતિ અનુભવાય છે. આ અન્તઃસ્થિતિ નામનો નિરોધ છે. આમ પ્રાપ્તિક્રમમાં બહિર્હતિ પ્રથમ છે, પછી અન્તઃસ્થિતિ. છતાં અન્તઃસ્થિતિ એ વધારે પ્રબળ નિરોધ રૂપ હોવાથી શ્રી પતંજિલઋષિએ પહેલાં અન્તઃસ્થિતિ કહીને પછી બહિર્હતિ કહી છે. વૃત્તિઓનું જોર નબળું પડ્યું છે, પણ સર્વથા ક્ષીણ થયું નથી. એટલે જીવે સાવધ રહેવું જ પડે છે. જો કુતૂહલ-પ્રમાદાદિને વશ થઈ જરા પણ વ્યુત્થાનસંસ્કારને વશ થાય, તો તો એ સંસ્કારો જીવને ફરીથી ગુલામ બનાવવા માટે ટાંપીને જ બેઠા હોય છે. માટે અન્તઃસ્થિતિ નામના નિરોધ માટે પણ દીર્ઘકાળ સુધી નિરંતર આદરપૂર્વકનો પ્રયત્ન જરૂરી હોય છે. ॥ ૧૧-૭ ॥ (નિરોધના એક ઉપાય અભ્યાસની વાત કરી. હવે બીજા ઉપાય વૈરાગ્યને વર્ણવે છે -)

येति । दृष्टः=इहैवोपलभ्यमानः शब्दादिः । आनुश्रविकश्चार्थः=देवलोकादिः, अनुश्रूयते गुरुमुखादित्यनुश्रवः = वेदः, ततः प्रतीयमान आनुश्रविक इति व्युत्पत्तेः । तयोः **(=दृष्टानुश्रविकार्थयोः)** परिणामविरसत्वदर्शनात् **वितृष्णस्य**=विगतगर्द्धस्य **या वशीकारसंज्ञा**="ममैवैते वश्या नाहमेतेषां वश्यः" इत्येवं विमर्शात्मिका **(स्यात्) तदपरं**=वक्ष्यमाणपरवैराग्यात्पाश्चात्यं **वैराग्यं स्यादनधीनता**=फलतः पराधीनताऽभावरूपम् । तदाह-*"दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यमिति"* (यो.सू.१-१५) ।। ८।।

तत्परं जातपुंख्यातेर्गुणवैतृष्ण्यसंज्ञकम् ।
बहिर्वैमुख्यमुत्पाद्य वैराग्यमुपयुज्यते ।। ९।।

'तदि'ति । **जातपुंख्यातेः**=उत्पन्नगुणपुरुषविवेकख्यातेः । **गुणवैतृष्ण्यसंज्ञकं**=गुणेष्वपि तृष्णाऽभावलक्षणं यथार्थाभिधानं **परं**=प्रकृष्टं **तत्**=वैराग्यम् । तदाह-*"तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यमिति* (यो.सू.१-१६)" ।

गाथार्थ : वैराग्य એટલે અનધીનતા.. વિષયાદિને આધીન ન રહેવું તે. દૃષ્ટ અને આનુશ્રવિક વિષયમાં તૃષ્ણારહિત બનેલા જીવને વશીકારનામનો અપરવૈરાગ્ય હોય છે.

ટીકાર્થ : દૃષ્ટ=અહીં જ પ્રાપ્ત થતા શબ્દાદિ વિષયો. આનુશ્રવિક અર્થ એટલે દેવલોકવગેરે પારલૌકિક વિષયો. ગુરુમુખથી જેનું અનુશ્રવણ થાય તે અનુશ્રવ=વેદ. વેદદ્વારા જણાતો પદાર્થ એ આનુશ્રવિક. આવી આનુશ્રવિક શબ્દની વ્યુત્પત્તિ હોવાથી એનો અર્થ દેવલોકાદિ થાય છે. આ બંનેમાં પરિણામે વિરસતા=દારૂણતા જોવાથી વિતૃષ્ણ=ગૃદ્ધિરહિત બનેલા જીવને જે વશીકારસંજ્ઞા થાય છે-એટલે કે જે 'આ વિષયો જ મને આધીન છે, હું એમને આધીન નથી[૧]' આવો વિચાર આવે છે તે, આગળ કહેવાનાર પર વૈરાગ્યની અપેક્ષાએ અપર એવો અપર વૈરાગ્ય છે. આ [૨]ફળતઃ પરાધીનતાના અભાવરૂપ હોવાથી અનધીનતા છે. યોગસૂત્ર (૧-૧૫)માં કહ્યું છે-दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यमिति.

વિવેચન : (૧) એટલે કે જે રીતે આત્મહિત થાય એ રીતે તે તે વિષયનો ઉપયોગ હું કરી લઉં... પણ વિષયો મને ગુલામ બનાવીને જેમ તેમ નચાવી શકે નહીં.

(૨) અલબત્ હજુ આચરણમાં કંઈક વિષયપ્રવૃત્તિ છે ને તેથી સ્વરૂપતઃ અનધીનતા નથી. પણ એ વિષયપ્રવૃત્તિ એવી છે કે જે જીવના વિષયાકર્ષણને ફટકો મારવા દ્વારા ક્રમશઃ ખતમ કરે છે. ને તેથી જીવની વિષયાધીનતા દૂર થવાથી અનધીનતાવૈરાગ્ય પેદા થાય છે. ॥૧૧-૮॥ (અપરવૈરાગ્યને જણાવી હવે પર વૈરાગ્યને જણાવે છે-)

ગાથાર્થ : જેને પુંખ્યાતિ થઈ ગઈ છે, તેવા પુરુષને ગુણવૈતૃષ્ણ્યનામનો પર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. વૈરાગ્ય બહિર્વિમુખતા પેદા કરીને નિરોધમાં ઉપયોગી બને છે.

ટીકાર્થ : જાતપુંખ્યાતિ એટલે જેને ગુણ=પ્રકૃતિ અને પુરુષના વિવેકનો=ભેદનો બોધ થઈ ગયો છે એવો પુરુષ. એવા પુરુષને [૧]ગુણો અંગે પણ વૈતૃષ્ણ્ય-તૃષ્ણા ન હોવારૂપ યથાર્થ નામવાળો પર=પ્રકૃષ્ટ તે=વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. યોગસૂત્ર (૧-૧૬)માં કહ્યું છે-तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यमिति. પહેલો અપરવૈરાગ્ય વિષયોઅંગે હતો, બીજો પરવૈરાગ્ય ગુણો અંગે છે. બંને વચ્ચેનો આ ભેદ જાણવો. આ વૈરાગ્ય બાહ્ય વિષયમાં દોષદર્શન

प्रथमं हि विषयविषयं, द्वितीयं च गुणविषयमिति भेदः । **बहिः**=बाह्यविषये **वैमुख्यं**= दोषदर्शनजत्वात्

કરાવીને વૈમુખ્ય=પ્રવૃત્તિનો અભાવ કરાવે છે. આ રીતે એ નિરોધમાં=ચિત્તવૃત્તિ નિરોધમાં ઉપયોગી=ઉપકારક બને છે. (નિરોધમાં આટલો અંશ દસમી ગાથામાંથી લેવો.)

વિવેચન : (૧) ગુણો અંગે પણ તૃષ્ણા ન રહેવી એ આ બીજો પરવૈરાગ્ય છે. આમાં ગુણો એટલે શું ? તો કે પ્રકૃતિના સત્ત્વ-રજસ્-તમસ્ ગુણો.. અથવા 'પ્રકૃતિ કરતાં પોતે જુદો છે' આવી જે વિવેકખ્યાતિ એ જ ગુણ.. આવા ગુણ અંગે વૈતૃષ્ણ્ય એ જ પરવૈરાગ્ય.. આમાં બીજો જે અર્થ છે એનો મતલબ એ મળે છે કે અત્યાર સુધી વિવેકખ્યાતિ ઉપાદેય લાગતી હતી.. સાધ્ય લાગતી હતી. હવે એના પ્રત્યે પણ ઉપેક્ષાનો ભાવ આવી ગયો છે, આવી ભૂમિકા આ વૈરાગ્યમાં સિદ્ધ થયેલી છે. આવા મતલબ પરથી (આપણી પરિભાષામાં) એવો પણ અર્થ કરી શકાય કે ક્ષાયોપશમિક ગુણો પ્રત્યે પહેલાં જે આદરભાવ હતો.. ગૌરવાસ્પદતા ભાસતી હતી.. પરમ આદેયતા ભાસતી હતી, તે આત્માનું શુદ્ધ સ્વરૂપ (ક્ષાયિક સ્વરૂપ) નજર સામે રમવા માંડતા હવે ભાસતી નથી. હવે આ ક્ષાયોપશમિક ગુણો પણ તુચ્છ ભાસે છે. કારણ કે શુદ્ધ ગુણો આગળ એ કાંઈ વિસાતમાં નથી. એટલે એ ગુણો પણ હવે ત્યાજ્ય ભાસે છે... (धर्मास्त्याज्याः सुसंगोत्थाः क्षायोपशमिका अपि । प्राप्य चन्दनगन्धाभं धर्मसंन्यासमुत्तमम् ।। ज्ञानसार ८-४ ।।)

શંકા : આવો અર્થ કાઢવાનો કોઈ આધાર ? કોઈ તર્ક ?

સમાધાન : અનેક. (૧) શબ્દ વગેરે પણ પ્રકૃતિના જ ગુણો છે... એના પ્રત્યે વૈતૃષ્ણ્ય પ્રથમ વૈરાગ્યમાં હોય છે.. એટલે પરવૈરાગ્યમાં કોઈ વિશિષ્ટ ગુણો ત્યાજ્ય હોવા જોઈએ જે પ્રથમ વૈરાગ્યમાં ત્યાજ્ય ન હોય. આવા ગુણો ક્ષાયોપશમિક ક્ષમાદિ જ હોવા સુપ્રતીત છે.

(૨) રાગાદિથી આક્રાન્તવૃત્તિઓ ક્લિષ્ટવૃત્તિઓ છે. એટલે કે ક્રોધાદિથી સંકળાયેલી વૃત્તિઓ ક્લિષ્ટવૃત્તિઓ છે. એને અક્લિષ્ટવૃત્તિઓથી રુંધવાની હોય છે. ક્રોધાદિ, ક્ષમાદિથી રુંધાય છે. એટલે ક્ષાયોપશમિકક્ષમાદિ એ અક્લિષ્ટવૃત્તિઓ છે.

શંકા : એને ક્ષાયોપશમિક ક્ષમાદિરૂપે કહેવાના બદલે ક્ષાયિક ક્ષમાદિરૂપે જ કહો ને !

સમાધાન : ન કહેવાય, કારણ કે ક્રોધાદિની યોગ્યતા હોય તો જ એને રુંધવાના હોય.. એ યોગ્યતા હોવા છતાં પુરુષાર્થથી જે ક્ષમાદિ રખાય તે ક્ષાયોપશમિક જ હોય. ક્ષાયિક ક્ષમાદિ તો ક્રોધાદિની યોગ્યતા પણ નષ્ટ થઈ ગયા પછી જ આવે છે.. એટલે ક્ષાયિક ક્ષમાદિએ ક્રોધાદિને રુંધવાનો અવસર જ હોતો નથી. વળી, પરવૈરાગ્યથી અક્લિષ્ટ વૃત્તિઓને રુંધવાની હોય છે. ક્ષાયિક ક્ષમાદિ કાંઈ રુંધવાના હોતા નથી. માટે અક્લિષ્ટવૃત્તિ તરીકે ક્ષાયોપશમિક ગુણો અભિપ્રેત છે.. ને પરવૈરાગ્યકાળે એ રુંધવાયોગ્ય કહ્યો છે. એનો અર્થ એ ત્યાજ્ય છે.

(૩) આ યોગસૂત્ર (૧-૧૬)ની વ્યાખ્યામાં નાગોજી ભટ્ટ લખે છે-यदुत्तरं निर्विषयज्ञानप्रसादमात्ररूपोऽसम्प्रज्ञातः समाधिरिति तात्पर्यम् । અર્થાત્ જેની ઉત્તરમાં નિર્વિષયજ્ઞાનના પ્રસાદ (પ્રસન્નતા= નિર્મળતા) માત્રરૂપ અસંપ્રજ્ઞાતસમાધિ હોય તે પરવૈરાગ્ય છે. પાતંજલવિદ્વાનો જે નિર્વિષયજ્ઞાન કહે છે, તે વસ્તુતઃ સર્વવિષયકજ્ઞાનરૂપે કેવલજ્ઞાન છે. ક્ષાયોપશમિક ગુણોના સંન્યાસ પછી જ એ પ્રગટે છે. માટે સિદ્ધ થાય છે કે પરવૈરાગ્યકાળે એ જ ત્યાજ્ય હોય છે. એટલે કે એનું જ વૈતૃષ્ણ્ય હોય છે.

(૪) અન્યત્ર વિવેકખ્યાતિ શબ્દ હોવા છતાં પરવૈરાગ્યને જણાવનાર યોગસૂત્રમાં પુરુષખ્યાતિ શબ્દ છે.

प्रवृत्त्यभावलक्षणमुत्पाद्य **वैराग्यमुपयुज्यते**=उपकाराधायकं भवति ।। ९।।

निरोधे पुनरभ्यासो जनयन् स्थिरतां दृढाम् ।
परमानन्दनिष्यन्दशान्तश्रोतःप्रदर्शनात् ।। १०।।

'निरोध' इति । **निरोधे**=चित्तवृत्तिनिरोधेऽभ्यासः **पुनर्दृढां**=अतिशयितां **स्थिरतां**=अवस्थितिलक्षणां **जनयन्** परमानन्दनिष्यन्दस्य=अतिशयितसुखार्णवनिर्झरभूतस्य शान्तश्रोतसः= शान्तरसप्रवाहस्य प्रदर्शनात् **(=परमानन्दनिष्यन्दशान्तश्रोतःप्रदर्शनात्)** उपयुज्यत इत्यन्वयः, तत्रैव सुखमग्नस्य मनसोऽन्यत्र गमनायोगात् । इत्थं च चित्तवृत्तिनिरोध इति योगलक्षणं सोपपत्तिकं व्याख्यातम् ।।१०।। अथैतद्दूषयन्नाह –

અલબત્ વૃત્તિકારોએ વધારાનો 'વિવેક' શબ્દ ઉમેરીને ગુણ-પુરુષના વિવેકની ખ્યાતિ એવો અર્થ કર્યો છે ખરો, છતાં અહીં વિવેકખ્યાતિના બદલે વપરાયેલ પુરુષખ્યાતિ શબ્દ, 'પુરુષનો બોધ'-'પુરુષના વાસ્તવિક શુદ્ધસ્વરૂપનો બોધ' એવો અર્થ જરૂર સૂચવી શકે છે. અને આવો અર્થ કરવામાં પોતાનો-ઘરનો 'વિવેક' શબ્દ ઘુસાડવાની જરૂર રહેતી નથી. પુરુષના આ શુદ્ધ સ્વરૂપમાં રહેલ ક્ષાયિકગુણો નજર સામે તરવરતા હોય તો ક્ષાયોપશમિક ગુણોનું આકર્ષણ છૂટી જ જાય એ સ્પષ્ટ છે.

'આ ઘટ છે' 'આ પટ છે' વગેરે ક્ષાયોપશમિક જ્ઞાન, પૌદ્ગલિક સુખ, દુઃખ, વિષયવાસના, ક્રોધાદિ કષાયો, હાસ્ય-રતિ વગેરે લાગણીઓ.. આ બધું જ પાતંજલમતે બુદ્ધિના પરિણામો છે.. એ જ રીતે અપકૃષ્ટ એવા અપૌદ્ગલિકસુખ-વિષયવૈમુખ્ય-ક્ષમાદિ ભાવો વગેરે પણ પાતંજલમતે ચિત્તની વૃત્તિઓ જ છે. પ્રથમ અપરવૈરાગ્યથી વિષયવૈમુખ્ય (એના ઉપલક્ષણથી કષાયવૈમુખ્ય પણ લેવાનું) દ્વારા ક્લિષ્ટવૃત્તિઓનો નિરોધ થાય છે અને બીજા પરવૈરાગ્યથી ગુણવૈતૃષ્ણ્યદ્વારા અક્ષાયિક ક્ષમાદિરૂપ અક્લિષ્ટ ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. આમ બંને વૈરાગ્ય ઉપકારક છે. ॥ ૧૧-૯ ॥ (ચિત્તવૃત્તિનિરોધમાં વૈરાગ્ય કઈ રીતે ઉપકારક બને છે એ જણાવ્યું.. હવે, અભ્યાસ કઈ રીતે ઉપકારક બને છે ? એ જણાવે છે-)

ગાથાર્થ : વળી અભ્યાસ, પરમાનંદના ઝરણાસ્વરૂપ શાન્તરસના પ્રવાહને દેખાડવા દ્વારા દૃઢ એવી સ્થિરતાને ઉત્પન્ન કરતો થકો ચિત્તવૃત્તિનિરોધમાં ઉપયોગી બને છે.

ટીકાર્થ : વળી અભ્યાસ દૃઢ=અતિશયિત અવસ્થાનરૂપ સ્થિરતાને ઉત્પન્ન કરતો (ઉત્પન્ન કરવા દ્વારા) નિરોધમાં=ચિત્તવૃત્તિનિરોધમાં ઉપયોગી બને છે. ('ઉપયોગી બને છે' એટલો અંશ નવમી ગાથામાંથી લાવીને અન્વય કરવો.) અભ્યાસ, પરમાનંદ નિષ્યંદના=અતિશયિતસુખસાગરના ઝરણાભૂત શાન્તરસના પ્રદર્શન દ્વારા=અનુભવ કરાવવા દ્વારા દૃઢ સ્થિરતાને ઉત્પન્ન કરે છે. કારણ કે તેમાં જ સુખમગ્ન બની ગયેલું મન અન્યત્ર ક્યાંય જતું નથી. આ રીતે શ્રીપતંજલિઋષિએ આપેલા 'ચિત્તવૃત્તિનિરોધ એ યોગ' એવા યોગલક્ષણની સંગતિઓ દર્શાવવાપૂર્વક વ્યાખ્યા થઈ.

વિવેચન : અહીં નવમી અને દસમી.. આ બે ગાથાઓ યુગ્મ છે. નવમી ગાથાના પૂર્વાર્ધમાં પરવૈરાગ્યની વાત કરી. એના ઉત્તરાર્ધમાં, ચિત્તવૃત્તિ નિરોધના બે ઉપાયોમાંના એક ઉપાયભૂત વૈરાગ્ય બહિર્વૈમુખ્ય ઉત્પન્ન કરવા દ્વારા નિરોધમાં ઉપયોગી બને છે એ જણાવ્યું.. અને આ દસમી ગાથા દ્વારા એના બીજા ઉપાયભૂત અભ્યાસ દૃઢસ્થિરતા ઉત્પન્ન કરવા દ્વારા નિરોધમાં ઉપયોગી બને છે એ જણાવ્યું છે.

न चैतद्युज्यते किञ्चिदात्मन्यपरिणामिनि ।
कूटस्थे स्यादसंसारोऽमोक्षो वा तत्र हि ध्रुवम् ।। ११।।

'न चे'ति । **न चैतत्**=पूर्वोक्तं **किञ्चिदपरिणामिन्यात्मनि युज्यते । तत्र**=आत्मनि **हि कूटस्थे**=एकान्तैकस्वभावे सति । **असंसारः**=संसाराभाव एव **स्यात्**, पुष्करपत्रवन्निर्लेपस्य तस्याविचलितस्वभावत्वात् ।

प्रकृतितद्विकारोपहितस्वभावे च तस्मिन् संसारदशायामभ्युपगम्यमाने **ध्रुवं**=निश्चितम**मोक्षः** =मोक्षाभावो **वा स्यात्**, मुक्तिदशायां पूर्वस्वभावस्य त्यागे कौटस्थ्यहानिप्रसङ्गात् ।। ११।।

આનંદ વસ્તુ કે ક્રિયાથી ઉત્પન્ન થતો નથી, પણ રસથી પેદા થાય છે. ક્રિકેટમાં ભારતીયો પાગલ થઈ જાય છે, અમેરિકનોને કંટાળો આવે છે. તેથી જણાય છે કે જેનો જેમાં રસ તેને તેમાં આનંદ. અને જે વારંવાર કરવામાં આવે એમાં રસ પેદા થાય છે. જીવે અનાદિકાળથી વારંવાર વિષયપ્રવૃત્તિ જ કરી હોવાથી વિષયોમાં જ જીવનો અતિગાઢ રસ છે ને તેથી વિષયોમાં જ જીવને આનંદ આવે છે. પણ અપરવૈરાગ્ય જાગ્યા પછી જીવ ચિત્તને વિષયોમાં જતું સંકલ્પ-સંઘર્ષપૂર્વક રુંધે છે. આ રુંધવાથી બહારનું વિષયસુખ તો ગયું.. પણ હવે જો અંદર આત્મિકસુખ= ઉપશમભાવનું સુખ સંવેદાય નહીં, તો તો આ વૃત્તિનિરોધની પ્રક્રિયા લાંબુ ટકી શકે નહીં, કારણકે જીવ સુખ વિના રહી શકતો નથી. પણ વૃત્તિઓને બહાર જતી રુંધવાનો વારંવારનો અભ્યાસ, એ રુંધવાનો રસ પેદા કરે છે. એ રસ પેદા થવા પર એમાં આનંદનો અનુભવ શરુ થાય છે. આમાં વિષયો તો છે જ નહીં. એટલે વિષયોનો પૌદ્ગલિક આનંદ નથી. વળી ઇન્દ્રિયોના તોફાન નથી.. એટલે આ આત્માનો પરમશાન્તરસનો આનંદ છે, એ ઉત્તરોત્તર ક્ષીણ થતો નહીં, પણ વધતો જતો આનંદ છે. અપૂર્વ આનંદ છે. અતિશયિત સુખસાગર સાથે આત્માનું જોડાણ કરનાર આનંદ છે. માટે એ પરમાનંદ છે. આમ અભ્યાસ, શાન્તરસના પરમાનંદનો અનુભવ કરાવીને ચિત્તને નિરોધમાં અતિ દૃઢ રીતે સ્થિર કરે છે.

આમ પાતંજલ યોગમતને માન્ય યુક્તિઓ=સંગતિઓ દર્શાવવાપૂર્વક 'ચિત્તવૃત્તિનિરોધ એ યોગ'એવા યોગલક્ષણની વ્યાખ્યા કરી. ॥ ૧૦ ॥ હવે ગ્રન્થકાર એને દૂષિત ઠેરવતા કહે છે-

ગાથાર્થ : જો આત્માને અપરિણામી માનવામાં આવે તો આમાંનું કાંઈપણ સંગત ઠરતું નથી. કારણકે તે આત્મા કૂટસ્થ નિત્ય હોતે છતે ચોક્કસ એનો અસંસાર થાય અથવા અમોક્ષ થાય.

ટીકાર્થ : આત્મા અપરિણામી હોય તો પૂર્વોક્ત કાંઈ યોગ્ય ઠરતું નથી. કારણકે તે= આત્મા=કૂટસ્થ-એકાન્તે એક જ સ્વભાવવાળો હોતે છતે સંસારનો અભાવ થાય, કારણકે પુષ્કરપલાશવત્ નિર્લેપ એવો તે અવિચલિત સ્વભાવવાળો છે. એટલે 'તે આત્મા સંસારદશામાં પ્રકૃતિ અને તેના વિકારોથી ઉપહિત સ્વભાવવાળો હોય છે' એવું માનવામાં આવે તો ચોક્કસ એનો મોક્ષાભાવ થાય, કારણ કે મોક્ષઅવસ્થામાં જો પૂર્વ સ્વભાવનો ત્યાગ માનવામાં આવે તો તો કૌટસ્થ્યની હાનિ થઈ જાય.

વિવેચન : આત્માને એકાન્તે અપરિણામી માનવો એટલે એમાં કોઈ જ નવો પરિણામ થતો નથી=રૂપાંતરણ થતું નથી. જેવો છે એવો ને એવો=સ્થિર એક સ્વભાવવાળો છે.. એ સ્વભાવ ક્યારેય બદલાતો નથી એવો માનવો. આને જ કૂટસ્થનિત્ય કહે છે. આમાં કૂટ એટલે લુહારની લુહારશાળામાં રહેલી એરણ.. લોખંડ બદલાય છે, હથોડા બદલાય છે, અરે પેઢી બદલાય એમ લુહાર પણ બદલાય છે, પણ એરણ એવી ને એવી

प्रकृतेरपि चैकत्वे मुक्तिः सर्वस्य नैव वा ।
जडायाश्च पुमर्थस्य कर्तव्यत्वमयुक्तिमत् ।। १२ ।।

प्रकृतेरिति । **प्रकृतेरपि चैकत्वे**ऽभ्युपगम्यमाने **सर्वस्य मुक्तिः** स्यात्, **नैव वा** कस्यचित् स्यात् । एकं प्रति विलीनोपधानायास्तस्याः सर्वान्प्रति तथात्वात्, एकं प्रत्यतादृश्याश्च सर्वान् प्रत्यतथात्वात् । अन्यथा स्वभावभेदे प्रकृतिभेदप्रसङ्गात् ।

किञ्चात्मनोऽव्याप्रियमाणस्य भोगसम्पादनार्थमेव प्रकृतिः प्रवर्तत इति भवतामभ्युपगमः। तदुक्तं- *"द्रष्टा दृशिमात्रः शुद्धोऽपि प्रत्ययानुपश्यः (यो.सू.२-२०) । तदर्थ एव दृश्यस्यात्मेति"* (यो.सू.२-२१)। **जडायाश्च** तस्याः **पुमर्थस्य कर्तव्यत्वमयुक्तिमत्** । "पुरुषार्थो मया कर्तव्य" इत्येवंविधाध्यवसायो हि पुरुषार्थकर्तव्यता, तत्स्वभावे च प्रकृतेर्जडत्वव्याघात इति ।। १२ ।।

રહે છે. આમ કૂટની જેમ જે હંમેશા બદલાયા વિના રહે તે કૂટસ્થ નિત્ય.

પાતંજલમતે આત્મા પુષ્કરપલાશવત્ નિર્લેપ છે. સંસાર અવસ્થા દરમ્યાન પણ જો એ આવો જ નિર્લેપ હોય... તો એ વખતે પણ એ મુક્ત જ શા માટે ન કહેવાય ? કારણકે નિર્લેપતા તો મુક્તાત્મામાં માનવી ઉચિત છે. નિર્લેપતા હોવા છતાં જો એને સંસારી માનવાનો હોય તો એને મોક્ષમાં પણ સંસારી જ માનવાનો રહેશે, કારણ કે આત્મામાં તો કોઈ જ ફેરફાર થયો નથી. અને તો પછી મોક્ષનો અભાવ થઈ જશે...

શંકા : સક્રિય એવી પ્રકૃતિનું સંનિધાન હોવું-પ્રકૃતિના વિકારરૂપ બુદ્ધિના સંનિધાનથી પુરુષોપરાગ થવો એ પુરુષનો સંસારપર્યાય છે. અને એ ખસી જવો એ મોક્ષપર્યાય છે. આશય એ છે કે સ્ફટિકના સ્વરૂપમાં કોઈ જ ફેરફાર ન હોવા છતાં લાલ વસ્ત્રના સંનિધાનથી એ લાલ જણાય છે અને એ કપડું હટી જવા પર લાલ જણાતો નથી. એમ બુદ્ધિના સંનિધાનના કારણે પુરુષ વિવિધવૃત્તિઓવાળો ભાસવો એ જ એની સંસારઅવસ્થા, અને બુદ્ધિના ખસી જવા પર એ સ્વસ્વરૂપમાં ભાસવો એ જ એની મોક્ષાવસ્થા. પછી સંસાર કે મોક્ષનો અભાવ થવાનો પ્રશ્ન જ ક્યાં છે ?

સમાધાન : સંસારદશામાં પ્રકૃતિ કે તેના વિકારથી ઉપહિત હોવાનો જે સ્વભાવ માનો છો એને પુરુષ મોક્ષદશામાં છોડે છે કે નહીં ? જો છોડી દેશે તો એનામાં જે કૂટસ્થનિત્યત્વ માન્યું છે તે ઊડી જશે. અને જો નથી છોડતો, તો મોક્ષનો અભાવ થવો સ્પષ્ટ છે જ. ॥ ૧૧-૧૧ ॥ (પાતંજલમાન્યતામાં અન્યદોષ પણ દર્શાવે છે-)

ગાથાર્થ : પ્રકૃતિ જો એક જ હોય તો કાં તો બધા જીવોની મુક્તિ થઈ જાય, કાં તો કોઈની નહીં થાય. વળી જડ એવી પ્રકૃતિનું પુરુષના પ્રયોજનનું કર્તવ્યત્વ માનવું યુક્તિ અસંગત છે.

ટીકાર્થ : [1]પ્રકૃતિને એક માનવામાં આવે તો બધા જીવોની મુક્તિ થઈ જાય અથવા કોઈની નહીં થાય, કારણ કે એક જીવ પ્રત્યે જ જો એનું ઉપધાન વિલીન થઇ ગયું છે તો સર્વજીવો પ્રત્યે તેવું થઈ જ ગયું હોય... અને જો એક જીવ પ્રત્યે એ તેવું ન થયું હોય તો બધા જ પ્રત્યે થયું ન હોય. અન્યથા સ્વભાવભેદ માનવામાં પ્રકૃતિનો ભેદ થઈ જશે.

[2]વળી, આત્મા તો કશો વ્યાપાર કરતો નથી. એટલે એને ભોગનો અનુભવ કરાવવા માટે પ્રકૃતિ પ્રવૃત્ત

થાય છે... આવી તમારી માન્યતા છે. યોગસૂત્ર (૨-૨૦) માં કહ્યું છે-દ્રષ્ટા દૃશિમાત્રઃ શુદ્ધોઽપિ પ્રત્યયાનુપશ્યઃ, તદર્થ એવ દૃશ્યસ્યાત્મેતિ. પુરુષનું પ્રયોજન એ જડ એવી પ્રકૃતિનું કર્તવ્ય છે એમ માનવું પણ યુક્તિસંગત નથી. 'પુરુષાર્થ=પુરુષનું પ્રયોજન મારે કર્તવ્ય છે' આવો અધ્યવસાય=અભિપ્રાય એ જ તો પુરુષાર્થકર્તવ્યતા છે. પ્રકૃતિનો તેવો સ્વભાવ માનવામાં તો એની જડતા ઊડી જાય.

વિવેચન : (૧) પાતંજલ-સાંખ્યવગેરે દર્શનો એકાન્તવાદી છે. એટલે પ્રકૃતિને એક માને એનો અર્થ એ સર્વથા એક જ છે.. કોઈ જ અંશે અનેકતા નથી. વળી સર્વથા એક વસ્તુનો સ્વભાવ પણ સર્વથા એક માનવો પડે છે. નહીંતર તો સ્વભાવભેદે વસ્તુભેદ માનવો જરૂરી બનવાથી સર્વથા એકત્વ હણાઈ જાય. પુરુષનો અભિભવ કરવો એ પ્રકૃતિનો સ્વભાવ છે. આ અભિભવ કરવાનો અધિકાર એટલે પ્રકૃતિનું ઉપધાન.. એ જો એક પુરુષ પ્રત્યે વિલીન થઈ ગયો છે.. અર્થાત્ એક પુરુષ પ્રત્યે પ્રકૃતિ જો વિલીનઉપધાનસ્વભાવવાળી બની છે, તો એ વખતે એ અન્ય પુરુષો પ્રત્યે કેવા સ્વભાવવાળી છે ? અવિલીનઉપધાનસ્વભાવવાળી તો માની શકાય નહીં, કારણ કે તો તો એનું સર્વથા એકત્વ રહી ન શકે. એટલે જો વિલીનઉપધાનસ્વભાવવાળી માનવામાં આવે તો એનો મતલબ બધા જ પુરુષોનો મોક્ષ થઈ ગયો. એ ન થાય એ માટે, એને અવિલીનઉપધાનસ્વભાવવાળી માનવામાં આવે, તો વિવક્ષિત પુરુષ પ્રત્યે પણ એવા જ સ્વભાવવાળી હોવાથી એનો પણ અમોક્ષ જ કહેવો પડે.

(૨) વળી પાતંજલમતે પુરુષ નિષ્ક્રિય હોવાથી પોતાના ભોગસુખ માટે પોતે કશું કરતો નથી, એટલે એ માટે પ્રકૃતિ પ્રવૃત્તિ કરે છે. યોગસૂત્ર (૨-૨૦)માં કહ્યું છે-*દ્રષ્ટા પુરુષ ચૈતન્યમાત્રરૂપ છે. એ શુદ્ધ હોવા છતાં પ્રત્યયાનુપશ્ય બને છે.* આમાં પ્રત્યય એટલે વિષયોપરક્ત જ્ઞાન, એટલે કે વિષયોપરાગવાળી બનેલી બુદ્ધિ. આવી બુદ્ધિના સન્નિધાનમાત્રથી પુરુષ અનુ= અવ્યવધાનથી પશ્ય=દ્રષ્ટા બને છે. તદર્થ=તસ્ય અર્થઃ=તેનું પ્રયોજન. એમાં તે=પુરુષ. પુરુષના બે પ્રયોજન છે-ભોગ અને અપવર્ગ. પુરુષના આ બે પ્રયોજન માટે જ દૃશ્ય=પ્રકૃતિનો વિકાર બુદ્ધિ.. એનો આત્મા=સ્વરૂપ છે. અર્થાત્ પુરુષના આ બે પ્રયોજન માટે જ બુદ્ધિ છે, બુદ્ધિને પોતાનું કોઈ પ્રયોજન નથી. ટૂંકમાં પુરુષને ભોગ કરાવવા માટે જ પ્રકૃતિ-બુદ્ધિ બાહ્ય ઘટાદિરૂપે અને આંતરિક સુખાદિરૂપે પરિણામ પામે છે. માટે અહીં સૂત્ર (૨-૨૦)માં કહ્યું છે *તદર્થ=તેના=પુરુષના પ્રયોજન માટે જ દૃશ્યનો=બુદ્ધિનો આત્મા એટલે કે સ્વરૂપ છે*[3].

પાતંજલમતની આવી માન્યતા અંગે ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે પ્રકૃતિ તો જડ છે, પુરુષનું પ્રયોજન એનું કર્તવ્ય હોય એ સંભવતું નથી. કારણ કે 'પુરુષનું પ્રયોજન એ મારું કર્તવ્ય છે' આવો (અભિપ્રાય)

---

3. *દૃશ્યનો આત્મા=દૃશ્યનું સ્વરૂપ તે દૃશ્યનો અર્થ જ છે=સ્વાર્થના પરિહારથી પુરુષના ભોગસંપાદનરૂપ દૃશ્યનું પ્રયોજન છે.* અહોભ્રાન્તિઃ... યોગસૂત્ર (૨-૨૧) તદર્થ એવ દૃશ્યસ્યાત્મા આ સૂત્રનો અર્થ એ પંડિત(!) કરી રહ્યા છે. તેઓ આ સૂત્રમાં રહેલા તદ્ શબ્દનો ('તે'નો) અર્થ 'દૃશ્ય' કરી રહ્યા છે. આ ભ્રમણા છે. કારણ કે (૧) આગળના સૂત્ર નં. ૨.૨૦ માં 'દ્રષ્ટા'ની વાત છે, દૃશ્યની નહીં, તેથી આ સૂત્રમાં તદ્થી દ્રષ્ટાનો જ પરામર્શ થઈ શકે. (૨) રાજમાર્તંડ ટીકામાં તદર્થઃ નો અર્થ કરતાં તસ્ય પુરુષસ્ય.. એમ જણાવેલ છે. એમ ભાવાગણેશે પણ તસ્ય દ્રષ્ટુરર્થઃ એમ અર્થ કરેલ છે. (૩) તદ્ શબ્દ જો દૃશ્યનો પરામર્શક હોય તો એ જ સૂત્રમાં આગળ દૃશ્યસ્યાત્મા જે લખેલ છે ત્યાં પણ તસ્યાત્મા એમ જ જણાવત.

શબ્દશઃ વિવેચનકારે એ અધિકારમાં આગળ પણ 'દ્રષ્ટાનો અર્થ' ના બદલે 'દૃશ્યનો અર્થ' એમ જે અર્થ કરેલ છે તે ભ્રાન્ત જાણવો.

अत्र स्वसिद्धान्ताशयं प्रकटयन् पूर्वपक्षी शङ्कते-

ननु चित्तस्य वृत्तीनां सदा ज्ञाननिबन्धनात् ।
चिच्छायासंक्रमाद्धेतोरात्मनोऽपरिणामिता ।। १३ ।।

नन्विति । **ननु चित्तस्य वृत्तीनां** प्रमाणादिरूपाणां **सदा**=सर्वकालमेव । **ज्ञाननिबन्धनात्** =परिच्छेदहेतोः **चिच्छायासङ्क्रमाद् हेतोः**=लिङ्गादात्**मनोऽपरिणामिता**ऽनुमीयते । इदमुक्तं भवति-पुरुषस्य चिद्रूपस्य सदैवाधिष्ठातृत्वेन सिद्धस्य यदन्तरङ्गं निर्मलं ज्ञेयं सत्त्वं तस्यापि सदैव व्यवस्थितत्वात्तद्येनार्थेनोपरक्तं भवति तथाविधस्य दृश्यस्य चिच्छायासंक्रान्तिसद्भावात् सदा ज्ञातृत्वं सिद्धं भवति ।

અધ્યવસાય એ જ કર્તવ્યત્વ, છે જે જડ એવી પ્રકૃતિને સંભવે નહીં. અને પ્રકૃતિને અધ્યાવસાયસ્વભાવવાળી જો માનવામાં આવે તો એની જડતા ટકી શકે નહીં. ॥ ૧૧-૧૨ ॥ ગ્રન્થકારે દર્શાવેલી અસંગતિ અંગે પાતંજલ વિદ્વાનોની માન્યતા હવે ૧૩ થી ૨૦ ગાથામાં દર્શાવવામાં આવે છે. પૂર્વપક્ષી શંકા કરે છે -

ગાથાર્થ : શંકા-ચિત્તવૃત્તિના જ્ઞાનના કારણભૂત ચિત્છાયાસંક્રમરૂપ હેતુ હંમેશા વિદ્યમાન હોવાથી આત્મા અપરિણામી છે.

ટીકાર્થ : શંકા : ચિત્તની પ્રમાણવગેરે વૃત્તિઓના જ્ઞાનના કારણ તરીકે છે ચિત્છાયાસંક્રમ[4]. એ સર્વકાળ હોય છે. એ જ્ઞાપક હેતુથી આત્મા અપરિણામી છે એવું અનુમાન થાય છે. કહેવાનો ભાવ એ છે કે ચિદ્રૂપ પુરુષ હંમેશા અધિષ્ઠાતા તરીકે સિદ્ધ છે. અંતરંગ નિર્મળસત્ત્વ (અંતઃકરણ-ચિત્ત) એનું જ્ઞેય છે. એ પણ હંમેશા હાજર હોવાથી એ જે વિષયભૂત અર્થથી ઉપરક્ત છે, એ દૃશ્ય અર્થનો, ચિત્છાયાસંક્રાન્તિ હાજર હોવાથી પુરુષ હંમેશા જ્ઞાતા સિદ્ધ થાય છે[5].

---

4. *ચિત્તની વૃત્તિઓ હંમેશા જ્ઞાનની હેતુ હોવાના કારણે ...* શબ્દશઃ વિવેચનકારે શ્લોકાર્થમાં અને આગળ ટીકાર્થમાં પણ આવો અર્થ જે જણાવ્યો છે એ આશ્ચર્ય કરતાં આઘાત વધુ ઉપજાવે છે. વૃત્તીનાં સદા જ્ઞાનનિબન્ધનાત્ આવી પંક્તિનો 'વૃત્તિઓ હંમેશા જ્ઞાનનું કારણ હોવાથી' આવો અર્થ એ પંડિત (!) જ કાઢી શકે, કારણ કે (૧) એ પંક્તિમાં વૃત્તીનાં એમ ષષ્ઠી વિભક્તિ છે, વૃત્તયઃ એમ પ્રથમા નહીં. (૨) માન-ભ્રમ વગેરે વૃત્તિઓ ખુદ જ્ઞાનાત્મક છે, પછી એ જ્ઞાનનું કારણ શી રીતે કહેવાય ? (૩) જ્ઞાનનિબન્ધનાત્ એ ચિત્છાયાસંક્રમાત્નું વિશેષણ છે, વૃત્તીનાંનું નહીં.. તેથી જ્ઞાનનું કારણ ચિચ્છાયાસંક્રમ મળે, વૃત્તિઓ નહીં.

વસ્તુતઃ ચિત્તની વૃત્તિઓ સદા જ્ઞાનનું કારણ બને છે, તેથી અનુમાન થાય છે કે ચિત્છાયા સદા સંક્રમ પામે છે.. આ અર્થ ખોટો જાણવો, કારણ કે ચિત્છાયાસંક્રમ ખુદ જ્ઞાનનું કારણ છે.. વળી, અહીં ચિત્છાયાસંક્રમના અનુમાનની કોઈ વાત જ નથી.

5. *ઘટ-પટાદિ દૃશ્યની ચિચ્છાયા ચિત્તમાં સંક્રમ પામે છે..* આ અર્થ અત્યંત ગલત છે. કારણ કે (૧) પંક્તિના આ અંશનો અર્થ 'ચિચ્છાયાનો સંક્રમ વિદ્યમાન હોવાથી તેવા પ્રકારના દૃશ્યનું સદા જ્ઞાતૃત્વ (આત્મામાં) સિદ્ધ થાય છે' આવો છે. અર્થાત્ દૃશ્યસ્ય નો અન્વય જ્ઞાતૃત્વ માં છે, ચિચ્છાયા માં નહીં. (૨) અહીં દૃશ્ય તરીકે પ્રકૃતિ.. એટલે પ્રસ્તુતમાં ચિત્ત જ છે. પછી એનો ચિત્તમાં સંક્રમ શું ? (૩) ઘટ-પટાદિ શું ચિન્મય છે કે જેથી એની ચિચ્છાયા પડી શકે? (૪) તથા એ શબ્દશઃ વિવેચનકાર અહીં 'દૃશ્યની ચિચ્છાયા' લખે છે ને આગળ ૩-૪ લીટી પછી 'આત્માની ચિચ્છાયા..' જણાવે છે..

परिणामित्वे त्वात्मनश्चिच्छायासङ्क्रमस्यासार्वदिकत्वात् सदा ज्ञातृत्वं न स्यादिति । तदिदमुक्तं-*"सदा ज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्याऽपरिणामित्वादिति"* (यो.सू.४-१८) ।। १३ ।।

ननु चित्तमेव सत्त्वोत्कर्षाद्यदि प्रकाशकं तदा तस्य स्व-परप्रकाशरूपत्वादर्थस्येवात्मनोऽपि प्रकाशकत्वेन व्यवहारोपपत्तौ किं ग्रहीत्रन्तरेणेत्यत आह-

---

विवेचन : આશય એ છે કે ચિત્ત ઇન્દ્રિયપ્રણાલિકા દ્વારા ઘટાદિ બાહ્યાર્થનો સંપર્ક કરી તે તે આકારરૂપે પરિણમે છે. પણ એટલા માત્રથી જ્ઞાન થતું નથી, કારણકે ચિત્ત જડ છે. પણ તે તે ઘટાદિ બાહ્યરૂપે કે સુખાદિ આભ્યંતર વિષયરૂપે પરિણમેલા ચિત્તપર પુરુષની છાયા પડવાથી ચિત્તવૃત્તિ જ્ઞાનાત્મક બને છે.. એટલે કે ઘટાદિવિષયક જ્ઞાન થાય છે. માટે ચિત્છાયાસંક્રમ એ જ્ઞાનનું કારણ છે. વળી ઘટાદિવિષયક જ્ઞાનરૂપે થયેલી ચિત્તવૃત્તિમાં ચિત્-પુરુષનું પ્રતિબિંબ હોવાથી જ પુરુષ ઘટાદિઆકારને ધારણ કરતી વૃત્તિનો જ્ઞાતા બને છે. એટલે કે વૃત્તિઓનું પુરુષને જ્ઞાન થવામાં ચિત્છાયાસંક્રમ એ નિબંધન=કારણ છે. પુરુષ સદા વિદ્યમાન છે, ચિત્ત સદા વિદ્યમાન છે.. ચિત્ત તેવો તેવો વિષયાકાર ધારણ કરે છે ને એમાં પુરુષની છાયા પડે છે, માટે પુરુષ સદા જ્ઞાતા હોવો સિદ્ધ થાય છે. અનુમાનપ્રયોગ આવો જાણવો, पुरुषः अपरिणामी, सदा चिच्छायासङ्क्रमात्, यन्नैवं तन्नैवं यथा चित्तम्.

टीकार्थ : પણ પુરુષ=આત્મા જો પરિણામી હોય તો પુરુષની છાયા અસાર્વદિક બનવાથી સદા જ્ઞાતૃત્વ સિદ્ધ થઈ શકે નહીં. યોગસૂત્ર (४-८) માં કહ્યું છે-सदा ज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्यापरिणामित्वादिति.

विवेचन : ચિત્ત સત્ત્વગુણપ્રધાન હોવાથી નિર્મળ છે, માટે એમાં ચૈતન્યમય પુરુષનું પ્રતિબિંબ પડે છે. જો આ પ્રતિબિંબ પડતું ન હોય તો જડ એવી પ્રકૃતિ-બુદ્ધિ (ચિત્ત) જ્ઞાન-સુખાદિ કાંઈ જ કરી શકે નહીં. એટલે કે ચિત્તવૃત્તિઓ પુરુષને આધીન છે. તેથી, જેમ પ્રધાન-મંત્રી, પ્રજા વગેરે રાજાને આધીન હોવાથી, રાજા બધાનો અધિપતિ=સ્વામી કહેવાય છે. તેમ પુરુષ પ્રકૃતિ-બુદ્ધિ-અંતઃકરણ વગેરેનો અધિષ્ઠાતા સ્વામી કહેવાય છે. ચિત્ત એક બાજુ ઇન્દ્રિયપ્રણાલિકા દ્વારા ઘટાદિ વિષયના આકારને ધારણ કરે છે.. ને બીજી બાજુ આ નિર્મળચિત્તમાં પુરુષની છાયા પડે છે, ને તેથી બે વસ્તુ બને છે. (૧) વૃત્તિ જ્ઞાનાત્મક બને છે ને (૨) પુરુષ એનો જ્ઞાતા બને છે. આ વાત આપણે આગળ જોઈ ગયા છીએ. પણ હવે, પુરુષને જો પરિણામી માનવામાં આવે તો એના જાતજાતના પરિણામ માનવા પડે.. અને તો પછી કેટલાક પરિણામ એવા પણ થાય કે જેનું પ્રતિબિંબ ચિત્તવૃત્તિમાં ન પડે અને તેથી પુરુષ એ વખતે ચિત્તવૃત્તિઓનો જ્ઞાતા ન બને. પણ આ શક્ય નથી, કારણ કે પુરુષ ચિત્તવૃત્તિઓનો સદા જ્ઞાતા છે[6]. માટે પુરુષને અપરિવર્તનશીલ-અપરિણામી માનવો જરૂરી છે. ॥૧૧-૧૩॥

अवतरणिकार्थ : प्रश्न : સત્ત્વના ઉત્કર્ષના પ્રભાવે ચિત્તને જ જો પ્રકાશક-જ્ઞાતા માની લેવામાં આવે તો એ સ્વ-પરપ્રકાશક બનવાથી અર્થની જેમ પોતાનું પણ પ્રકાશક બની જવાના કારણે બધા વ્યવહારની સંગતિ

---

6. *તેથી ચિત્તમાં જ્ઞેયનું જ્ઞાતપણું સદા સંગત થાય નહિ... અને સંસારીજીવોના ચિત્તમાં જ્ઞેયનું જ્ઞાતપણું સદા દેખાય છે..* (શબ્દશઃ વિવેચનકારે) ટીકાર્થમાં પોતે પણ **ચિત્તની વૃત્તિઓનું** સદા જ્ઞાતત્વ જણાવ્યું છે.. ને ભાવાર્થમાં **જ્ઞેયનું ચિત્તમાં જ્ઞાતત્વ..** પૂર્વાપરવિરોધને પકડવાની પણ ક્ષમતા નહીં !

स्वाभासं खलु नो चित्तं दृश्यत्वेन घटादिवत् ।
तदन्यदृश्यतायां चानवस्था-स्मृतिसङ्करौ ।। १४।।

स्वाभासमिति । चित्तं खलु नो=नैव **स्वाभासं**=स्वप्रकाश्यं, किन्तु द्रष्टृवेद्यं, **दृश्यत्वेन** = दृग्विषयत्वेन **घटादिवत्,** यद्यद् दृश्यं तत्तद् द्रष्टृवेद्यमिति व्याप्तेः । तदिदमुक्तं-"*न तत्स्वाभासं दृश्यत्वात्* (यो.सू.४-१९)" ।

थई शके छे, पछी चित्तना ग्रहीता=ज्ञाता तरीके अन्य एवा पुरुषने मानवानी शी જરૂર છે ? आवा प्रश्नना જવાબમાં पातंजलविद्वानो कहे छे-

गाथार्थ : चित्त स्वाभास=स्वप्रकाश्य होतुं नथी, कारण के दृश्य छे, જેમકે घटादि. જો એને अन्यचित्तथी दृश्य मानवामां आवे तो अनवस्था अने स्मृतिसांकर्य दोष आवशे.

टीकार्थ : ખરેખર चित्त स्वाभास=स्वप्रकाश्य नथी જ, किन्तु द्रष्टाथी प्रकाश्य छे, कारण के घटादिनी જેમ दृश्य छे. ते पण એटला माटे के જે જે दृश्य होय ते ते द्रष्टाथी वेद्य होय छे એवी व्याप्ति छे.

योगसूत्र (४-१९)मां कह्युं छे-न तत्स्वाभासं दृश्यत्वात्. आनी 'राजमार्तंड टीकामां कह्युं छे के-(१) अन्तर्मुख-बहिर्मुख.. आवा बे व्यापारो विरुद्ध होवाथी, तथा (२) तेवा बे व्यापारना बे फळनुं संवेदन थतुं न होवाथी वळी (३) बहिर्मुखરૂપે अर्थनिष्ठ तरीके જ चित्त संवेदातुं होवाथी.. (आ त्रण कारणे) तेनुं फळ अर्थनिष्ठ જ मानवुं पडे छे, नहीं के स्वनिष्ठ.

विवेचन : पातंजलमते पुरुषने चित्तवृत्तिओना ज्ञाता तरीके स्वीकार्यो छे. आ सिवाय तो पुष्करपलाशवत् निर्लेप એवा तेना कर्तृत्व-भोक्तृत्व वगेरे तो कोई गुण वास्तविक मानवाना नथी. એटले चित्तवृत्तिओना ज्ञाता तरीके पण चित्तने જ मानी लेवामां आवे तो पुरुषने मानवानी જરૂર ન रहेवाथी घणुं लाघव थाय એवो प्रश्नकारनो आशय छे. એना જવાબમાં पातंजलविद्वानो कहे छे-चित्त स्वप्रकाश्य नथी, कारण के दृश्य छे. જેમકે, घट. आमां व्याप्ति आवी छे-જે જે दृश्य होय ते द्रष्टाथी वेद्य होय छे.

(१) अन्तर्मुखव्यापार એटले अंदरना ज्ञानादिने विषय बनावतो व्यापार.. बहिर्मुख व्यापार એटले बहारना घटादिअर्थोने विषय बनावतो व्यापार... आ बंने परस्पर विरुद्ध छे એ स्पष्ट જ छे. वळी आ बन्नेनुं फळ छे क्रमशः स्वप्रकाश अने परप्रकाश... पण आ बंने फळ उत्पन्न थता होय એवो अनुभव थतो नथी. એटले के बेमांथी એक व्यापार જ मानी शकाय अने એक જ व्यापार मानवानो होय, तो तो बहिर्मुखव्यापार જ मानवो पडे छे, कारण के बहिर्मुखરૂપે चित्त घटादि अर्थनिष्ठ होवुं संवेदाय छे. ते पण એटला माटे के संवेदन अयं घटः घटमहं जानामि वगेरे રૂપે थाय छे. आम એनुं फळ बाह्यार्थनिष्ठ होवाथी स्वनिष्ठ होतुं नथी. એटले के बाह्यार्थ चित्तप्रकाश्य छे, पण चित्त स्वयं स्वप्रकाश्य नथी.

टीकार्थ : 'छतां चित्तने अन्य चित्तथी प्रकाश्य मानो ने' आवा प्रश्नना उत्तरमां पातंजलविद्वानो कहे छे[7]-

---

7. १४मी गाथाना अन्वयार्थमां, *केम चित्त प्रकाशक नथी ? तेमां पतंजलिऋषि युक्ति बतावे छे*-(शब्दशः विवेचनकारे) आवी अवतरणिका करीने तदन्यदृश्यतायां... वगेरे अधिकारनो अर्थ जणाव्यो छे. पण એ अधिकार तो चित्त केम चित्तान्तरदृश्य नथी ? એमां युक्ति बतावनार छे. श्लोकार्थमां पण आ જ भूल रीपीट करी छे.

'अन्तर्बहिर्मुखव्यापारद्वयविरोधात्, तन्निष्पाद्यफलद्वयस्यासंवेदनाच्च बहिर्मुखतयैवार्थनिष्ठत्वेन चित्तस्य संवेदनादर्थनिष्ठमेव तत्फलं न स्वनिष्ठमि' ति (यो.सू.४/१९ रा.मा.) **राजमार्तंडः ।**

तथापि चित्तान्तरदृश्यं चित्तमस्त्वित्यत आह-**तदन्यदृश्यतायां च**=चित्तान्तरदृश्यतायां च चित्तस्याभ्युपगम्यमानायाम**नवस्था-स्मृतिसङ्करौ** स्याताम् । तथाहि-यदि बुद्धिर्बुद्ध्यन्तरेण वेद्येत तदा साऽपि बुद्धिः स्वयमबुद्धा बुद्ध्यन्तरं प्रकाशयितुमसमर्थेति तस्या ग्राहकं बुद्ध्यन्तरं कल्पनीयं, तस्याप्यन्यदित्यनवस्थानात् पुरुषायुषः सहस्रेणार्थप्रतीतिर्न स्यात् । न हि प्रतीतावप्रतीतायामर्थः प्रतीतो भवति ।

तथा स्मृतिसङ्करोऽपि स्यात्, एकस्मिन् रूपे रसे वा समुत्पन्नायां बुद्धौ तद्ग्राहिकाणामनन्तानां बुद्धीनामुत्पत्तेः तज्जनितसंस्कारैर्युगपद् बह्वीषु स्मृतिषूत्पन्नासु 'कस्मिन्नर्थे स्मृतिरियमुत्पन्ना ?' इति

ચિત્ત ચિત્તાન્તરગ્રાહ્ય હોય તો અનવસ્થા અને સ્મૃતિસાંકર્ય એમ બે દોષ આવે છે. તે આ રીતે-જો બુદ્ધિનું સંવેદન અન્ય બુદ્ધિથી થાય તો એ અન્ય બુદ્ધિ પણ સ્વયં જણાયેલી ન હોવાથી બુદ્ધ્યન્તરને (=મૂળ બુદ્ધિને) પ્રકાશિત કરવામાં અસમર્થ રહેશે. એટલે એ અન્યબુદ્ધિની ગ્રાહક તરીકે વળી કોઈ અન્ય બુદ્ધિ માનવી પડશે.. વળી એની ગ્રાહક તરીકે ઓર કોઈ અન્ય બુદ્ધિ... આમ અનવસ્થા ચાલશે.. અને તો પછી માનવીના હજારો આયુષ્ય પસાર થવા છતાં અર્થબોધ નહીં થાય, કારણ કે ગ્રાહક બુદ્ધિનું ગ્રહણ ન થાય તો અર્થની પ્રતીતિ પણ થતી નથી.

વિવેચન : ચિત્તને ચિત્તાન્તરગ્રાહ્ય માનવામાં આવતા બે દોષમાંથી પ્રથમ અનવસ્થા દોષ આ રીતે આવે છે-ગ્રાહક ચિત્ત (બુદ્ધિ) જ્યાં સુધી ગૃહીત ન થાય ત્યાં સુધી એ સ્વવિષયની પણ પ્રતીતિ કરાવી શકતું નથી. એટલે ઘટાદિઅર્થનું ગ્રાહક ચિત્ત ખુદ ગૃહીત ન થાય ત્યાં સુધી ઘટાદિઅર્થની પણ પ્રતીતિ થઈ શકતી નથી. વળી ઘટાદિગ્રાહક આ ચિત્ત સ્વપ્રકાશ્ય તો નથી એ ઉપર આવી ગયું. એટલે એનું ગ્રહણ જો બીજા કોઈ ચિત્તથી કરવાનું હોય તો એ બીજા ચિત્તનું ગ્રહણ પણ જરૂરી તો બનશે જ, કારણ કે એ વિના એ ઘટાદિગ્રાહક પ્રથમચિત્તની પ્રતીતિ નહીં કરાવી શકે. તેથી, આ બીજા ચિત્તને ગ્રહણ કરતું વળી કોઈ ત્રીજું ચિત્ત જોઈશે. વળી એ પણ અગૃહીત રહીને તો બીજા ચિત્તનું ગ્રહણ કરી શકતું ન હોવાથી એના ગ્રાહક તરીકે કોઈ ચોથું ચિત્ત જોઈશે. વળી ચોથા માટે પાંચમું, પાંચમા માટે છઠ્ઠું, આમ નવા-નવા ચિત્તની કલ્પના કરવાનો પાર જ નહીં આવે. અને એ પાર ન આવવાથી ઉત્તરોત્તર ચિત્ત ગૃહીત નહીં થવાના કારણે પૂર્વ-પૂર્વનું ચિત્ત પણ ગૃહીત નહીં થવાથી છેવટે અર્થ પણ ગૃહીત થઈ શકશે નહીં જ, ભલે ને માનવીના હજારો આયુષ્ય પસાર થઈ જાય. (નવી-નવી કલ્પનાનો અંત ન આવવાથી પૂર્વ-પૂર્વનો નિશ્ચય પણ અટકવો.. આ અનવસ્થા દોષ છે.) માટે ચિત્તને ચિત્તાન્તરગ્રાહ્ય માની શકાતું નથી.

ટીકાર્થ : તથા સ્મૃતિસાંકર્ય પણ થશે. કારણ કે એક રૂપ કે રસ અંગે બુદ્ધિ ઉત્પન્ન થયે છતે[8] તે બુદ્ધિની ગ્રાહિકા અનન્ત બુદ્ધિઓ ઉત્પન્ન થાય છે. એટલે તે અનંતબુદ્ધિઓથી અનંત સંસ્કાર ઉત્પન્ન થાય છે. ઉદ્બોધક મળવા પર આ બધા સંસ્કારો એક સાથે જાગ્રત થઈને અનંત સ્મૃતિઓને ઉત્પન્ન કરે છે. એટલે આ સ્મૃતિ કયા વિષયઅંગે ઉત્પન્ન થઈ છે એ જાણી શકાતું નથી. યોગસૂત્ર (૪-૨૦/૨૧)માં કહ્યું છે-એકસમયે ચોભયાऽનવધારણમ્ ।

---

8. *તેને ગ્રહણ કરનારી=તે રૂપ કે રસને ગ્રહણ કરનારી...* અહીં અર્થ તે રૂપ કે રસ વિષયક **બુદ્ધિને ગ્રહણ કરનારી** એવો જોઈએ.

ज्ञातुमशक्यत्वात् । तदाह-*"एकसमये चोभयानवधारणं* (यो.सू. ४-२०) ।*चित्तान्तरदृश्ये बुद्धिबुद्धेरतिप्रसङ्गः स्मृतिसङ्करश्चेति"* ।। १४ ।।

नन्वेवं कथं विषयव्यवहारः ? इत्यत्राह-

अङ्गाङ्गिभावचाराभ्यां चितिरप्रतिसङ्क्रमा ।
द्रष्टृ-दृश्योपरक्तं तच्चित्तं सर्वार्थगोचरम् ।। १५ ।।

'अङ्गे'ति । **चितिः**=पुरुषरूपा चिच्छक्तिरङ्गाङ्गिभावचाराभ्यां=परिणाम-परिणामिभावगमनाभ्या-**मप्रतिसङ्क्रमा**=अन्येनासङ्कीर्णा । यथा हि गुणाः स्वबुद्धिगमनलक्षणे परिणामेऽङ्गिनमुपसङ्क्रामन्ति = तद्रूपतामिवापद्यन्ते, यथा चा(वा)ऽऽलोकपरमाणवः प्रसरन्तो विषयं व्याप्नुवन्ति, नैवं चितिशक्तिः, तस्याः सर्वदैकरूपतया स्वप्रतिष्ठितत्वेन व्यवस्थितत्वादित्यर्थः ।

चित्तान्तरदृश्ये बुद्धिबुद्धेरतिप्रसङ्गः स्मृतिसङ्करश्चेति.

विवेचन : 'આ રૂપસ્મૃતિ છે' 'આ રસસ્મૃતિ છે' એવું જાણી શકાતું ન હોવાથી રૂપસ્મૃતિ રસસ્મૃતિ બની જાય કે રસવિષયકસ્મૃતિ રૂપવિષયકસ્મૃતિ બની જાય એવું પણ બને... આ સ્મૃતિસાંકર્ય દોષ છે. (બાકીની વાતો-બુદ્ધિની ગ્રાહિકા અનંત બુદ્ધિઓ ઉત્પન્ન થાય એ તથા સ્મૃતિનો વિષય જાણી ન શકાય એ... આ બે વાતો કઈ રીતે ઘટાવવી એ મને સ્પષ્ટ થયું નથી.) યોગસૂત્રનો અર્થ આ છે-*ઘટાદિઅર્થનું જ્ઞાન અને એ જ્ઞાનાત્મકચિત્તનું જ્ઞાન.. આ બંનેનું એક સાથે અવધારણ થઈ શકતું નથી. જો ચિત્તને ચિત્તાન્તરગ્રાહ્ય માનવામાં આવે તો બુદ્ધિની ગ્રાહક બુદ્ધિઓનો અતિપ્રસંગદોષ-અનવસ્થાદોષ થાય તથા સ્મૃતિસાંકર્યદોષ થાય.* ॥ ૧૧-૧૪ ॥ જો આ રીતે ચિત્ત સ્વગ્રાહ્ય નથી અને ચિત્તાન્તરગ્રાહ્ય પણ નથી, તો વિષયનો વ્યવહાર શી રીતે થશે ? એવા પ્રશ્નનો જવાબ કહે છે -

ગાથાર્થ : અંગાંગીભાવ અને ગમન દ્વારા ચિતિશક્તિ અપ્રતિસંક્રમા છે. તેથી દ્રષ્ટા અને દૃશ્યથી ઉપરક્ત ચિત્ત સર્વઅર્થવિષયક હોય છે.

ટીકાર્થ : ચિતિ એટલે પુરુષરૂપ ચિત્શક્તિ. અંગાંગીભાવ એટલે પરિણામ-પરિણામી ભાવ. એ ભાવ તથા ગમન આ બન્ને દ્વારા ચિતિશક્તિ અપ્રતિસંક્રમા હોય છે=અન્યથી સંકીર્ણ બનતી નથી. જેમ ગુણો (સ્વબુદ્ધિગમનરૂપે) અંગ-અંગીભાવરૂપ પરિણામ થયે અંગીમાં ઉપસંક્રાન્ત થાય છે, અર્થાત્[9] જાણે કે તદ્રૂપ બની

---

9. *તદ્રૂપતાની જેમ-અંગિરૂપતાની જેમ પામે છે..* (શબ્દશઃ વિવેચનકારનો) આ અર્થ ખોટો છે, કારણકે એમાં શું પામે છે ? એ તો ભગવાન્ જાણે .. વસ્તુતઃ અહીં इव 'જેમ' અર્થમાં નથી પણ 'જાણે કે' અર્થમાં છે. એટલે કે, 'જાણે કે તદ્રૂપતાને=અંગીરૂપતાને પામે છે' એવો અહીં અર્થ છે.

અર્થાત્ ઘટ પરિણામી છે અને પરિણામી એવો ઘટ શ્યામરૂપમાંથી રક્તરૂપે પરિણમન પામે છે, તે વખતે અંગી એવા ઘટરૂપતાની જેમ તે રક્તરૂપ પ્રાપ્ત થાય છે અર્થાત્ પૂર્વમાં અંગી એવા ઘટરૂપતાસ્વરૂપ જે શ્યામરૂપ હતું તે હવે ઘટરૂપતાની જેમ રક્તસ્વરૂપ પ્રાપ્ત થાય છે.. ધન્ય છે પંડિતના મહાપંડિતાઈ ભરેલા આવા વાક્ય પ્રયોગને... આમાં **અંગી એવા ઘટરૂપતાની જેમ.. અંગી એવા ઘટરૂપતાસ્વરૂપ જે શ્યામરૂપ ..** આવા બધા અંશોનો અર્થ કરવામાં મા સરસ્વતી પણ ગોથાં ખાઈ જાય એવું નથી લાગતું ?

तत्=तस्मात् चित्सन्निधाने बुद्धेस्तदाकारताऽऽपत्तौ चेतनायामिवोपजायमानायां बुद्धिवृत्ति-प्रतिसङ्क्रान्तायाश्च चिच्छक्तेर्बुद्ध्यविशिष्टतया सम्पत्तौ स्वसम्बुद्ध्युपपत्तेरित्यर्थः ।

(द्रष्टृ-दृश्योपरक्तं=) द्रष्टृ-दृश्याभ्यामुपरक्तं=द्रष्टृरूपतामिवापन्नं गृहीतविषयाकारपरिणामं च **चित्तं**

જાય છે, અથવા જેમ પ્રકાશપરમાણુઓ ફેલાતા ફેલાતા વિષયને વ્યાપી જાય છે... આવું ચિતિશક્તિ માટે બનતું નથી, કારણ કે તે હંમેશા એક રૂપવાળી હોવાથી સ્વપ્રતિષ્ઠિત તરીકે જ વ્યવસ્થિત છે.

विवेचन : પ્રતિસંક્રમ બે પ્રકારે થાય છે. પરિણામ-પરિણામીભાવરૂપે અને વિષયદેશમાં ગમનરૂપે. આમાંનું પ્રથમનું ઉદાહરણ-ગુણો એટલે સત્ત્વ, રજસ્ અને તમસ્... એ સામ્યાવસ્થાપન્ન હોય ત્યારે પ્રકૃતિ છે. આ પ્રકૃતિનો બુદ્ધિ એ પરિણામ છે. આ સત્ત્વાદિ ગુણો વિષમાવસ્થા પામે ત્યારે બુદ્ધિરૂપે પરિણમે છે. એટલે કે વિષમાવસ્થાપન્ન સત્ત્વાદિ ગુણો એ અંગ છે અને બુદ્ધિ એ અંગી છે. (અંગ એટલે કારણ=પરિણામ. અંગી એટલે કાર્ય અર્થાત્ પરિણામી. તેથી મૂળમાં રહેલ અંગ-અંગિભાવ શબ્દનો ટીકામાં પરિણામ -પરિણામિભાવ અર્થ કર્યો છે.) એટલે અર્થ આવો મળે છે કે-જેમ સત્ત્વાદિગુણો સ્વબુદ્ધિરૂપ પરિણામ થયે છતે અંગીમાં=બુદ્ધિમાં ઉપસંક્રાન્ત થાય છે, એટલે કે જાણે કે બુદ્ધિરૂપ બની જાય છે... અથવા (બીજા પ્રકારના પ્રતિસંક્રમણનું ઉદાહરણ-) જેમ આલોકના=પ્રકાશના પરમાણુઓ ફેલાતા ફેલાતા ઘટાદિવિષય સુધી પહોંચી વિષયને વ્યાપી જાય છે. પણ આવો બે પ્રકારનો પ્રતિસંક્રમ ચિતિશક્તિ માટે શક્ય નથી. કારણ કે એ તો સર્વદા એકરૂપ છે. (આમ કહીને અંગાંગીભાવરૂપ પ્રતિસંક્રમનો નિષેધ કર્યો. તે આ રીતે-) 'સર્વદા એકરૂપ છે' એનો અર્થ જ એનું કોઈ રૂપાંતરણ થતું નથી... એટલે કે એના કોઈ પરિણામ નથી. જો એવા કોઈ પરિણામ હોત તો તો એ તે-તે પરિણામરૂપને ધારણ કરત.. ને એ પરિણામથી સંકીર્ણ થાત.. પણ એ શક્ય નથી, કારણ કે ચિતિશક્તિ સર્વદા એકરૂપ જ=કૂટસ્થનિત્ય=સ્થિરૈકસ્વભાવ છે. (અને એટલે જ જેમ એના કોઈ પરિણામ નથી, એમ એ ખુદ કોઈના પરિણામરૂપ નથી, કારણ કે પરિણામ સ્થિર હોતા નથી. માટે પુરુષનો પરિણામ-પરિણામિભાવ મનાયો નથી.) વળી એ સ્વપ્રતિષ્ઠિત છે. સર્વદાનો અન્વય અહીં પણ કરવાનો છે. એટલે કે ચિતિશક્તિ હંમેશા સ્વમાં જ પ્રતિષ્ઠિત છે. અર્થાત્ એ વિષયદેશ તરફ ગમન કરતી નથી.[10] (આમ કહીને બીજા પ્રકારના પ્રતિસંક્રમનો નિષેધ કર્યો.) વિષય પાસે જતી નથી, એટલે વિષયને વ્યાપતી નથી... ને તેથી વિષયાકારને અપનાવતી નથી. આમ પરિણામરૂપ અન્યથી અને વિષયાકારરૂપ અન્યથી ચિતિશક્તિ સંકીર્ણ બનતી નથી.

टीकार्थ : તત્=તેથી ચિત્પુરુષના સન્નિધાનમાં બુદ્ધિ તદાકારતાને પામ્યે છતે ચેતના જેવી બને છે. વળી બુદ્ધિની વૃત્તિમાં પ્રતિબિંબિત થતી ચિત્શક્તિ બુદ્ધિથી અભિન્ન જેવી ભાસે છે. આ બે કારણે સ્વસમ્બુદ્ધિ સંગત

---

10. *તેમ ચિતિશક્તિ બુદ્ધિના સ્થાને જઈને બુદ્ધિને વ્યાપીને રહેતી નથી...* શબ્દશઃ વિવેચનકાર પંડિતે કરેલ આ અર્થ પણ ગલત જાણવો, કારણ કે ચિતિશક્તિ (પુરુષ) સદા સન્નિહિત જ છે. બુદ્ધિ કાંઈ અન્ય દેશમાં રહી હોતી નથી કે જેથી ચિતિશક્તિએ એના સ્થાને જવાનો પ્રશ્ન ઊભો થાય. ઘટાદિ વિષય અન્યદેશમાં રહેલ હોય છે. એટલે પ્રશ્ન થાય કે ચિતિશક્તિ વિષયદેશમાં ગમન કરે છે ? અને પછી એના જવાબરૂપે એ સદા સ્વપ્રતિષ્ઠિત હોવાથી ગમન કરતી નથી... વગેરે જણાવ્યું છે.

सर्वार्थगोचरं=सर्वविषयग्रहणसमर्थं भवति । तदुक्तं-"चितेरप्रतिसङ्क्रमायास्तदाकारापत्तौ स्वबुद्धिसंवेदनं (यो.सू.४-२२) *द्रष्टृ-दृश्योपरक्तं चित्तं सर्वार्थम्* (यो.सू.४-२३)" । यथा हि निर्मलं स्फटिकदर्पणाद्येव प्रतिबिम्बग्रहणसमर्थमेव रजस्तमोभ्यामनभिभूतं सत्त्वं शुद्धत्वाच्चिच्छायाग्रहणसमर्थं, न पुनरशुद्धत्वाद्रजस्तमसी । ततो न्यग्भूतरजस्तमो-

---

થાય છે. દ્રષ્ટા અને દૃશ્યથી ઉપરક્ત ચિત્ત જાણે કે દ્રષ્ટારૂપ બનેલું અને વિષયાકારપરિણામને પામેલું ચિત્ત સર્વાર્થગોચર=સર્વવિષયને ગ્રહણ કરવામાં સમર્થ બને છે. યોગસૂત્ર (૪-૨૨/૨૩) માં કહ્યું છે- चितेरप्रतिसङ्क्रमायास्तदाकारापत्तौ स्वबुद्धिसंवेदनम् द्रष्टृ-दृश्योपरक्तं चित्तं सर्वार्थम् ।

विवेचन : આમ ચિતિશક્તિ=ચૈતન્યમય પુરુષ નથી વિષયદેશમાં જતો કે નથી વિષયાકારને ધારણ કરતી બુદ્ધિરૂપે પરિણમતો એ નિશ્ચિત થયું. એટલે વિષયને ગ્રહણ કરનાર તરીકે ચિત્તને જ માનવાનું રહ્યું. વળી ચિત્ત સ્વગ્રાહ્ય નથી અને ચિત્તાન્તર ગ્રાહ્ય પણ નથી. તથા જ્યાં સુધી ચિત્તનું ખુદનું ગ્રહણ નહીં થાય ત્યાં સુધી તો વિષયનું ગ્રહણ પણ થઈ શકતું નથી એ આપણે જોઈ ગયા છીએ. તો પછી વિષયગ્રહણ શી રીતે થાય? આ પ્રશ્નનો ઉત્તર હવે ઉત્તરાર્ધમાં આવે છે. એનો ટૂંકમાં અર્થ આવો છે-તેથી દ્રષ્ટા અને દૃશ્યથી ઉપરક્ત થયેલું ચિત્ત જ સર્વવિષયોને ગ્રહણ કરે છે. આનો ભાવાર્થ આવો છે-ચૈતન્યના સંન્નિધાનમાં બુદ્ધિ પણ જાણે કે ચૈતન્ય આકારને પામે છે, એટલે કે એ ચેતન જેવી બની જાય છે. અને એટલે જ એ વિષયગ્રહણને સમર્થ બને છે. વળી વિષયદેશને પામીને એણે વિષયાકાર તો ગ્રહણ કર્યો હોય જ છે. માટે એ વિષયગ્રહણ કરે છે. વળી ચિતિશક્તિ, વિષયાકારને ધારણ કરેલી બુદ્ધિવૃત્તિમાં પ્રતિબિંબિત થઈને બુદ્ધિથી અવિશિષ્ટરૂપે-બુદ્ધિથી અભિન્નરૂપે જાણે કે થયેલી છે... માટે એ બુદ્ધિનું સંવેદન કરી શકે છે. આમ, વિષયનું ગ્રહણ કરનારી બુદ્ધિ પણ ગૃહીત થઈ જતી હોવાથી વિષયગ્રહણ શક્ય બને છે. વળી ચિત્ત (બુદ્ધિ) તો ઇન્દ્રિયપ્રણાલિકાદ્વારા ઘટ-પટાદિ સર્વવિષયદેશમાં જઈ શકે છે. માટે ચિત્ત સર્વાર્થગોચર છે એટલે કે સર્વવિષયનું ગ્રહણ કરવામાં સમર્થ છે. વળી, અહીં સર્વઅર્થનો અર્થ ઘટ-પટાદિ સર્વવિષય એટલો જ કરીએ તો તો બુદ્ધિનું પોતાનું અને પુરુષનું ગ્રહણ તો બાકી જ રહી જાય. એ કોણ કરે ? એટલે વસ્તુતઃ 'ચિત્ત સર્વાર્થગ્રહણ સમર્થ છે' એનો અર્થ ચિત્ત, ઘટપટાદિ સર્વ બાહ્યાર્થ, એનું ગ્રાહક ખુદ ચિત્ત સ્વયં, અને દ્રષ્ટા પુરુષ.. આ બધા જ અર્થનું ગ્રહણ કરવામાં સમર્થ છે એવો અર્થ અહીં સમજવો જોઈએ. એ સર્વનું ગ્રહણ આ રીતે થાય છે-ઘટાદિબાહ્યાર્થથી ઉપરક્ત થયેલું ચિત્ત એ ઘટાદિ બાહ્યાર્થને પ્રત્યક્ષથી જ નિશ્ચિત કરે છે. વળી દ્રષ્ટા એવા પુરુષની ચિત્તમાં છાયા પડી છે. એટલે, દ્રષ્ટાની છાયાયુક્ત આ ચિત્ત દ્રષ્ટા એવા પુરુષનો પણ પ્રત્યક્ષથી બોધ કરે છે. એટલે જ ઘટમહં જાનામિ એવું સંવેદન થાય છે. આમાં અહં એ ચૈતન્યથી ઉપરક્ત ચિત્તનું સંવેદન છે. તથા ચિત્તવૃત્તિમાં પ્રતિસંક્રાન્ત પુરુષ (ચિતિશક્તિ) જાણે કે બુદ્ધિરૂપ બને છે, તેથી બુદ્ધિનું ગ્રહણ પણ શક્ય બને છે. આમ, વિષયનું, જ્ઞાનનું અને જ્ઞાતાનું.. બધાનું ગ્રહણ થતું હોવાથી ચિત્ત સર્વાર્થગોચર છે.

શંકા : આનો અર્થ તો એ થયો કે ચિત્ત જ જ્ઞાનનું-બુદ્ધિનું-ચિત્તનું પોતાનું ગ્રહણ કરે છે. એટલે કે એ સ્વપ્રકાશ્ય છે.. તો પહેલાં એનો કેમ નિષેધ કરેલો ?

સમાધાન : ચિત્ત, માત્ર પોતે જ પોતાનું ગ્રહણ કરી શકતું નથી માટે સ્વપ્રકાશ્ય તરીકે એનો નિષેધ કરેલો. પણ પુરુષની છાયા પડવાથી જ્યારે એ સ્વયં ચેતન જેવું બને છે અને પુરુષ ચિત્તની પોતાની વૃત્તિ જેવો જાણે કે બને છે, ત્યારે ચિત્તનું ગ્રહણ ચેતન જેવા બનેલા ચિત્તથી થાય છે. આમ ચિત્ત ગ્રાહ્ય હોવા છતાં દ્રષ્ટાનો

रूपमङ्गितया सत्त्वं निश्चलप्रदीपशिखाकारं सदैवैकरूपतया परिणममानं चिच्छायाग्रहणसामर्थ्यादामोक्ष-प्राप्तेरवतिष्ठते ।। १५।। यथाऽयस्कान्तसन्निधाने लोहस्य चलनमाविर्भवति, एवं चिद्रूपपुरुषसन्निधाने सत्त्वस्याभिव्यङ्ग्यमभिव्यज्यते चैतन्यमिति। इत्थं च द्विविधा चिच्छक्तिरित्याह-

---

ફાળો મુખ્ય હોવાથી એ દ્રષ્ટૃવેદ્ય કહેવાય છે.

યોગસૂત્ર (૪-૨૨, ૨૩) નો અર્થ આ છે-બંને પ્રકારના પ્રતિસંક્રમ વિનાની ચિતિશક્તિ તદાકાર પામ્યે છતે સ્વબુદ્ધિનું સંવેદન થાય છે. દ્રષ્ટા અને દૃશ્યથી ઉપરક્ત ચિત્ત સર્વાર્થનું ગ્રહણ કરવા સમર્થ છે.

ચિતિશક્તિ કોઈના પરિણામ કે પરિણામીરૂપ નહીં હોવાથી પરિણામ-પરિણામી ભાવરૂપે એનો સંક્રમ નથી. વળી એ ક્યાંય ગમન કરતી નથી. તેથી ગમનરૂપે પણ એનો પ્રતિસંક્રમ નથી. એટલે એનો પ્રતિબિંબરૂપે જ પ્રતિસંક્રમ માનવાનો રહે છે. આ સંક્રમ શી રીતે થાય છે? એ હવે વૃત્તિકાર જણાવે છે -

ટીકાર્થ : જેમ નિર્મળ સ્ફટિક કે દર્પણ વગેરેમાં જ પ્રતિબિંબ પડી શકે છે, એમ રજસ્ અને તમસ્થી અનભિભૂત એવા સત્ત્વમાં જ=સત્ત્વગુણપ્રધાન ચિત્તમાં જ પુરુષની છાયા પડી શકે છે, અશુદ્ધ એવા રજસ્-તમસ્માં નહીં. એટલે જે ચિત્તમાં રજસ્ અને તમસ્ ગૌણ બની ગયા છે એવું=અંગી=અવયવી રૂપ બનેલું સત્ત્વપ્રધાન અંતઃકરણ સ્થિરદીપકની જ્યોતની જેમ હંમેશા એક જ રૂપે પરિણમતું ચિત્છાયાનું ગ્રહણ કરવાના સામર્થ્યવાળું જ રહે છે, અને મોક્ષ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એ એવું ટકી રહે છે.

વિવેચન : ટીકાર્થ સુગમ છે. પુરુષનો મોક્ષ ત્યારે જ થાય છે જ્યારે ચિત્તવૃત્તિઓનો સર્વથા નિરોધ થઈ ગયો હોય .. અને એ નિરોધ થવા પર ચિત્ત તો પ્રકૃતિમાં વિલીન થઈ જાય છે. માટે એનું મોક્ષ સુધી જ અવસ્થાન કહ્યું છે.

શંકા : જો અંતઃકરણ હંમેશા સત્ત્વપ્રધાન જ રહે છે તો તો રાજસ્-તામસ્ભાવો ક્યારેય અસ્તિત્વ ધરાવી જ નહીં શકે...

સમાધાન : આનું સમાધાન એ હોઈ શકે કે પાતંજલદર્શન સાંખ્યદર્શનને તુલ્ય છે. તેઓએ બુદ્ધિના (=ચિત્તના) ત્રણ અંશ માન્યા છે. ममेदं कर्तव्यं આવા અધ્યવસાયમાં જે मम અંશ છે, તે પુરુષોપરાગ છે. જે इदं અંશ છે, તે વિષયોપરાગ છે અને જે कर्तव्यं અંશ છે, તે વ્યાપારાંશ છે. આમાં જે પુરુષોપરાગ છે, તે અંશ હંમેશા સત્ત્વપ્રધાન અતિનિર્મલ રહે છે, બાકીના અંશમાં સત્ત્વ જ પ્રધાન હોવાનો નિયમ નથી. એટલે રાજસ્-તામસ્ભાવો અસંભવિત બનતા નથી. એમ અહીં નિશ્ચલપ્રદીપ શિખાકારની જેમ સદા એકરૂપે પરિણામ જે કહ્યો છે, તે પણ પુરુષની છાયા ઝીલતા અંશની અપેક્ષાએ જ. બાકી ચિત્તનો વિષયોપરાગ અંશ તો ઘટ-પટાદિ અલગ અલગ વિષયાકાર પરિણામને ધારણ કરે જ છે. ।। ૧૫ ।। (હવે પછીનો यथाऽयस्कान्त... વગેરે અધિકાર પૂર્વના સંપાદકોએ-વિવેચનકારોએ ૧૫મી ગાથાની જ ટીકારૂપે લીધો છે. પણ એ ગાથાના અધિકાર સાથે એનો સંબંધ જણાતો નથી. ને આગળ ૧૬મી ગાથા, પૂર્વના સંપાદકોએ પણ એ ૧૬મી ગાથાની આપેલી અવતરણિકા.. આ બંને સાથે એનો સંબંધ જણાય છે. માટે ૧૬મી ગાથાની અવતરણિકારૂપે જ એ અધિકાર અહીં લેવામાં આવ્યો છે-)

અવતરણિકાર્થ : ('પુરુષના પ્રભાવે બુદ્ધિ પણ જાણે કે ચેતન જેવી બની જાય છે' એવું જે કહ્યું છે, તે

नित्योदिता त्वभिव्यङ्ग्या चिच्छक्तिर्द्विविधा हि नः ।
आद्या पुमान् द्वितीया तु सत्त्वे तत्सन्निधानतः ।। १६।।

'नित्ये'ति । **नित्योदिता, तु**=पुनरभिव्यङ्ग्या । **द्विविधा हि नः**=अस्माकं **चिच्छक्तिः** । **आद्या**=नित्योदिता **पुमान्**=पुरुष एव । **द्वितीया=अभिव्यङ्ग्या तु तत्सन्निधानतः**=पुंसः सामीप्यात् **सत्त्वे**=सत्त्वनिष्ठा । यद् **भोजः**-*"अत एवाऽस्मिन् दर्शने द्वे चिच्छक्ती नित्योदिता अभिव्यङ्ग्या च । नित्योदिता चिच्छक्तिः पुरुषः, तत्सन्निधानाभिव्यक्त्याऽभिव्यङ्ग्यचैतन्यं सत्त्वं=अभिव्यङ्ग्या चिच्छक्तिरिति"* (रा.मा.४/२३) ।। १६।।
इत्थं च भोगोपपत्तिमप्याह-

सत्त्वे पुंस्थितचिच्छायासमाऽन्या तदुपस्थितिः ।
प्रतिबिम्बात्मको भोगः पुंसि भेदाग्रहादयम् ।। १७।।

શક્ય શી રીતે બને ? કારણ કે પુરુષ તો નિષ્ક્રિય છે અને અપ્રતિસંક્રમ છે.[11] આવી શંકાના સમાધાન માટે કહે છે) જેમ લોહચુંબક ભલે નિષ્ક્રિય પડ્યું રહ્યું હોય, તો પણ એના સન્નિધાનમાં લોખંડમાં હલનચલન થવા માંડે છે. એમ ચિદ્રૂપપુરુષના સન્નિધાનમાં સત્ત્વમાં (સત્ત્વપ્રધાન અંતઃકરણમાં) પણ ચૈતન્ય અભિવ્યક્ત થાય છે. એ અભિવ્યક્ત થાય છે, માટે એ અભિવ્યંગ્યચૈતન્ય છે. અને એટલે જ ચિત્શક્તિ દ્વિવિધ છે એ સોળમી ગાથામાં જણાવે છે -

ગાથાર્થ : અમારા મતે ચિત્શક્તિ બે પ્રકારની છે. (૧) નિત્ય ઉદિતા અને (૨) અભિવ્યંગ્યા. આમાં પુરુષ એ પ્રથમ ચિત્શક્તિ છે અને એના સન્નિધાનથી સત્ત્વમાં આવતી ચિત્શક્તિ એ બીજી છે.

ટીકાર્થ : નિત્યઉદિતા, વળી અભિવ્યંગ્યા.. એમ બે પ્રકારે અમારા મતે ચિત્શક્તિ છે. આમાંની પ્રથમ= નિત્યોદિતા એ પુરુષ પોતે જ છે અને બીજી=અભિવ્યંગ્યા એ તેના સન્નિધાનથી=પુરષના સામીપ્યથી સત્ત્વમાં આવે છે. યોગસૂત્ર (૪-૨૩)ની રાજમાર્તંડટીકામાં ભોજરાજર્ષિએ કહ્યું છે કે-*એટલે જ આ દર્શનમાં બે ચિત્શક્તિ મનાયેલી છે-નિત્યોદિતા અને અભિવ્યંગ્યા. નિત્યોદિતા ચિત્શક્તિ એ પુરુષ છે. અને તેના સન્નિધાનથી અભિવ્યક્ત થયું છે અભિવ્યંગ્ય ચૈતન્ય જેનું એવું સત્ત્વ એ અભિવ્યંગ્યા ચિત્શક્તિ છે.* ॥૧૬॥

અવતરણિકાર્થ : આ રીતે ભોગની સંગતિ પણ જણાવે છે -

ગાથાર્થ : પુરુષમાં રહેલી ચિત્છાયાને સમાન સત્ત્વમાં બીજી જે છાયા, તેની ઉપસ્થિતિ એ પ્રતિબિંબાત્મક ભોગ છે. ભેદના અગ્રહના કારણે આ ભોગ પુરુષમાં કહેવાય છે.

ટીકાર્થ : સત્ત્વમાં=બુદ્ધિના સાત્ત્વિકપરિણામમાં, પુરુષનિષ્ઠચિત્છાયાને સમાન અન્ય જે સ્વકીય (=બુદ્ધિની) ચિત્છાયા, તેની ઉપસ્થિતિ=અભિવ્યક્તિ એ પ્રતિબિંબાત્મક ભોગ છે. અન્યત્ર પણ પ્રતિબિંબ પડે ત્યારે, જેનું

---

11. *મોક્ષપ્રાપ્તિ સુધી આ નિર્મળ ચિત્ત રહે છે, તે દૃષ્ટાંતથી બતાવે છે-જે પ્રમાણે લોહચુંબકના..* પંડિતની આ વાત સાચી નથી, કારણ કે લોહચુંબકનું દૃષ્ટાંત નિષ્ક્રિય-અપ્રતિસંક્રમ એવો પણ પુરુષ સત્ત્વમાં ચિતિશક્તિને અભિવ્યક્ત કઈ રીતે કરી શકે ? એમાં છે.

सत्त्व इति । **सत्त्वे**=बुद्धेः सात्त्विकपरिणामे पुंस्थिता या चिच्छाया तत्समा **(=पुंस्थितचिच्छायासमा) याऽन्या** सा स्वकीयचिच्छाया **(तदुपस्थितिः=)** तस्या उपस्थितिः=अभिव्यक्तिः **प्रतिबिम्बात्मको भोगः** । अन्यत्रापि हि प्रतिबिम्बे (आदर्शे) प्रतिबिम्ब्यमानच्छायासदृशच्छायान्तरोद्भव एव प्रतिबिम्बशब्देनोच्यते । **पुंसि** पुनरयं =भोगो **भेदाग्रहात्**=अत्यन्तसान्निध्येन विवेकाग्रहणाद् व्यपदिश्यते ।

પ્રતિબિંબ હોય તેની છાયા જેવી અન્ય છાયાનો ઉદ્ભવ જ પ્રતિબિંબ કહેવાય છે. વળી, આ ભોગનો, ભેદના અગ્રહના કારણે=અત્યંત સાન્નિધ્યના કારણે વિવેકના અગ્રહના કારણે પુરુષમાં ઉલ્લેખ થાય છે. વ્યાપક અને અતિનિર્મળ એવા આત્માનું સત્ત્વમાં શી રીતે પ્રતિબિંબ પડે ? આવી શંકા બરાબર નથી, કારણ કે વ્યાપક એવા પણ આકાશનું દર્પણાદિમાં અને સૂર્ય વગેરેનું અપકૃષ્ટ નૈર્મલ્યવાળા જળ વગેરેમાં પ્રતિબિંબ જોવા મળે જ છે. તથા (૨) સ્વસ્થિતચિત્છાયા સદૃશ ચિત્છાયાની અભિવ્યક્તિરૂપ પ્રતિબિંબ અન્ય પ્રતિબિંબ કરતાં વિલક્ષણ હોય છે[12]. આ પ્રમાણે ભોજરાજર્ષિએ કહ્યું છે.

વિવેચન : પાતંજલમતે સ્થિરૈકસ્વભાવપુરુષ ભોક્તા નથી. એટલે ભોગનો જે અનુભવ થાય છે, એ શી રીતે થાય છે ? એ આ અધિકારમાં દર્શાવાયું છે. વૃક્ષનું જ્યારે દર્પણમાં પ્રતિબિંબ પડે છે ત્યારે, દર્પણમાં વૃક્ષનો આકાર-વર્ણ વગેરે જોવા મળે છે, આ આકાર વગેરે કાંઈ વૃક્ષના દર્પણમાં પ્રવેશી ગયા હોતા નથી, કારણ કે એ જ વખતે બહાર પણ વૃક્ષના એ આકારાદિ જોવા મળે જ છે. એટલે જણાય છે કે એ આકાર વગેરે દર્પણમાં ઉદ્ભવ પામ્યા છે. એમ પુરુષનું પ્રતિબિંબ પડવા પર બુદ્ધિમાં જે ચિત્છાયા જણાય છે, એ બુદ્ધિની પોતાની ઉદ્ભવ પામેલી=અભિવ્યક્ત થયેલી ચિત્છાયા છે. વળી, બુદ્ધિએ ઇન્દ્રિયપ્રણાલિકા દ્વારા વિષયાકારને ધારણ કર્યો છે. આ વિષયોપરાગ અને પુરુષની ચિત્છાયારૂપ પુરુષોપરાગ આ બેના કારણે બુદ્ધિ વિષયનો ઉપભોગ કરે છે. વળી પુરુષ બુદ્ધિને અતિ સંનિહિત હોવાથી એ બે વચ્ચેના ભેદનો ગ્રહ=બોધ નથી. એટલે, પુરુષ ભોગ કરે છે એવો ઉલ્લેખ થાય છે.

પાતંજલમતે આત્મા વિભુ=સર્વવ્યાપક છે, એટલે એનું સત્ત્વમાં પ્રતિબિંબ શી રીતે ઝીલાય? આ પ્રશ્ન ઊભો થયો. એટલે અતિવ્યાપક એવા આકાશનું નાના દર્પણમાં પ્રતિબિંબ પડે છે એમ દૃષ્ટાંતદ્વારા એ સમજાવ્યું. વળી આત્મા તો અતિનિર્મળ છે, જ્યારે, રજસ્ અને તમસ્ ગૌણ થઈ ગયા હોવા છતાં સત્ત્વ એટલું નિર્મળ તો નથી જ. તો પછી આવા અપકૃષ્ટ (ઓછા) નૈર્મલ્યવાળા સત્ત્વમાં પુરુષનું પ્રતિબિંબ કેવી રીતે પડે ? આવા પ્રશ્નનું નિરાકરણ કરવા અપકૃષ્ટ નિર્મળતાવાળા જળમાં સૂર્ય વગેરેનું પ્રતિબિંબ પડી શકે છે એ દૃષ્ટાંત આપ્યું.

દર્પણમાં વૃક્ષનું પ્રતિબિંબ પડે એટલા માત્રથી કાંઈ એ પ્રતિબિંબ વૃક્ષનું કાર્ય કરવા રૂપે ફળ આપવા માંડતું નથી, કે નદીનું પ્રતિબિંબ પડતું હોય તો એ પ્રતિબિંબવાળા દર્પણાદિમાં સ્નાનાદિ કે ઠંડકનો અનુભવ વગેરે થઈ શકતા નથી. એમ જડ એવી બુદ્ધિમાં પુરુષની ચિત્છાયા ભલે પડે, એટલા માત્રથી એ ચેતન જેવી બની ભોગ કરવા માંડે એ શી રીતે શક્ય બની જાય ? પ્રતિબિંબ એ છેવટે પ્રતિબિંબ જ છે, એ પ્રતિબિંબ્યમાન મૂળભૂત વસ્તુ

---

12. *તેમ દર્પણાદિમાં આત્માનું પ્રતિબિંબ પડી શકે નહીં...* આવું શબ્દશઃ વિવેચન યોગ્ય નથી. કારણકે પ્રસ્તુતમાં બે હેતુની વાત છે. ને બીજા હેતુનો च શબ્દથી સમુચ્ચય કર્યો છે. એટલે પ્રથમ હેતુ જો પ્રતિબિંબ પડવા અંગે છે તો બીજો હેતુ પણ એ અંગે જ હોય, પ્રતિબિંબ ન પડવા અંગે નહીં.

यत्तु "व्यापकस्यातिनिर्मलस्य चात्मनः कथं सत्त्वे प्रतिबिम्बनमिति" **तन्न**, *व्यापकस्याप्याकाशस्य दर्पणादावपकृष्टनैर्मल्यवति च जलादावादित्यादीनां प्रतिबिम्बदर्शनात्, स्वस्थितचिच्छायासदृशचिच्छायाऽभिव्यक्ति-रूपस्य प्रतिबिम्बस्य प्रतिबिम्बान्तरवैलक्षण्याच्चेति* (**राजमार्तण्ड**-४/२३) **भोजः** ।। १७।।

इत्थं प्रत्यात्मनियतं बुद्धितत्त्वं हि शक्तिमत् ।
निर्वाहे लोकयात्रायास्ततः क्वातिप्रसञ्जनम् ।। १८।।

'इत्थमि'ति । **इत्थं**=उक्तप्रकारेण **प्रत्यात्मनियतं**=आत्मानमात्मानं प्रति नियतफलसम्पादकं **बुद्धितत्त्वं हि लोकयात्रायाः**=लोकव्यवहारस्य **निर्वाहे**=व्यवस्थापने **शक्तिमत्**=समर्थम् । **ततः क्वातिप्रसञ्जनं**=योगादेकस्य

રૂપે વર્તવા શી રીતે માંડે ? આવા યક્ષ પ્રશ્નના સમાધાન માટે, અન્ય પ્રતિબિંબ કરતાં આ પ્રતિબિંબ વિલક્ષણ છે (ને તેથી એ મૂળભૂત વસ્તુનું પ્રયોજન સારી શકે છે) એવું જણાવ્યું છે. અથવા દર્પણાદિમાં જે પ્રતિબિંબ પડે છે, તે રૂપી પદાર્થોનું પડે છે. આકાશનું જે પ્રતિબિંબ પડે છે, તે પણ અરૂપી આકાશનું નહીં, પણ આકાશમાં રહેલા ભૂરાવર્ણના પદાર્થનું (ઓઝોનનું) કે સફેદવાદળ વગેરેનું પડે છે. પુરુષ તો સર્વથા અરૂપી છે. એનું બુદ્ધિમાં પ્રતિબિંબ શી રીતે પડે ? આવી શંકાનું સમાધાન એ છે કે અન્ય પ્રતિબિંબ કરતાં, સ્વસ્થિતચિત્છાયાસમાન ચિત્છાયાની અભિવ્યક્તિરૂપ આ પ્રતિબિંબ વિલક્ષણ છે, માટે અરૂપી એવા પણ પુરુષનું પ્રતિબિંબ પડી શકે છે. (આ બધી વાતો યોગસૂત્રની રાજમાર્તંડ ટીકામાં ભોજે કરી છે.) ॥ ૧૧-૧૭ ॥ (બારમી ગાથામાં ગ્રન્થકારે પાતંજલવિદ્વાનોને દોષ આપેલો કે પ્રકૃતિ જો એક જ છે, તો એક પુરુષનો મોક્ષ થવામાં બધાનો મોક્ષ થઈ જશે.. અથવા એકનો પણ નહીં થાય.. એ દોષનું વારણ કરવા તેઓ પોતાની માન્યતા દર્શાવે છે.

ગાથાર્થ : આમ દરેક આત્મામાં નિયત એવું બુદ્ધિતત્ત્વ લોકયાત્રાનો નિર્વાહ કરવામાં શક્તિમાન છે. તો અતિપ્રસંગ ક્યાં આવે ?

ટીકાર્થ : આમ=ઉક્તરૂપે પ્રત્યાત્મનિયત=આત્મા-આત્માએ પ્રતિનિયતફળનું સંપાદક બુદ્ધિતત્ત્વ જ લોકયાત્રાનો નિર્વાહ કરવા=લોકવ્યવહારની વ્યવસ્થા કરવા શક્તિમત્=સમર્થ છે. તો પછી યોગથી એકની મુક્તિમાં અન્યની મુક્તિ થઈ જવારૂપ અતિપ્રસંગ ક્યાં છે ? કારણ કે પ્રકૃતિ સર્વત્ર=બધા પુરુષો અંગે એક હોવા છતાં બુદ્ધિરૂપ વ્યાપાર જુદો-જુદો હોવાથી ભેદ સંગત થઈ શકે છે. એટલે જ યોગસૂત્ર (૨-૨૨) માં કહ્યું છે- कृतार्थं प्रति नष्टमप्यनष्टं तदन्यसाधारणत्वात्.

વિવેચન : બુદ્ધિ તત્ત્વ પુરુષે પુરુષે ભિન્ન છે. તેથી, યોગી પુરુષ માટે એ મોક્ષફળનું સંપાદન કરે ને તેથી એ પુરુષનો મોક્ષ થઈ જાય તો પણ અન્ય પુરુષનું સ્વતંત્ર બુદ્ધિતત્ત્વ એ વખતે ભોગફળનું જ સંપાદન કરતું હોવાથી એ પુરુષનો એ વખતે મોક્ષ થતો નથી, પછી બધાની મુક્તિ થઈ જવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે ? વળી, દરેકનું પોત-પોતાનું બુદ્ધિતત્ત્વ છે.. ને એ બુદ્ધિતત્ત્વ જુદી જુદી રીતે વ્યાપ્ત થાય છે.. એટલે કોઈક જીવ સુખી-કોઈક વધારે સુખી.. કોઈક દુઃખી-કોઈક વધારે દુઃખી.. આવો બધો જ લોકવ્યવહાર પણ સંગત થઈ જાય છે, પછી અસંગતિનો પ્રશ્ન જ ક્યાં છે ? યોગસૂત્ર (૨-૨૨) નો અર્થ આવો છે-*યોગસાધનાદ્વારા મુક્ત થયેલો પુરુષ એ કૃતાર્થ.. એની પ્રત્યે નષ્ટ એવું પણ પ્રકૃતિતત્ત્વ (અન્યપુરુષ પ્રત્યે) અનષ્ટ હોય છે, કારણ કે (એ પ્રકૃતિતત્ત્વ) તદ્ (=કૃતાર્થ) અને અન્ય (=અકૃતાર્થ) બન્ને પ્રકારના પુરુષો અંગે સાધારણ છે.* એટલે કે મુક્ત અને અમુક્ત

मुक्तावन्यस्यापि मुक्त्यापत्तिरूपम् ? प्रकृतेः सर्वत्रैकत्वेऽपि बुद्धिव्यापारभेदेन भेदोपपत्तेः । तथा च सूत्रं- *"कृतार्थं प्रति नष्टमप्यनष्टं तदन्यसाधारणत्वादिति"* (यो.सू.२-२२) ।। १८ ।। यच्चोक्तं 'जडायाश्च पुमर्थस्ये'त्यादि तत्राह–

कर्तव्यत्वं पुमर्थस्यानुलोम्य-प्रातिलोम्यतः ।
प्रकृतौ परिणामानां शक्ती स्वाभाविके उभे ।। १९ ।।

कर्तव्यत्वमिति । पुमर्थस्य कर्तव्यत्वं=प्रकृतौ परिणामानां महदादीना**मानुलोम्य-प्रातिलोम्यत उभे शक्ती स्वाभाविके**=तत्त्वतः स्वभावसिद्धे, पुमर्थे सतीति शेषः । न त्वन्यत् ।

महदादि-महाभूतपर्यन्तः खल्वस्या बहिर्मुखतयाऽनुलोमः परिणामः, पुनः स्वकारणानुप्रवेशद्वारेणास्मितान्तः प्रतिलोमः परिणामः । इत्थं च पुरुषस्य भोगपरिसमाप्तेः सहजशक्तिद्वयक्षयात् कृतार्था प्रकृतिः, न पुनः परिणाममारभते । एवंविधायां च पुरुषार्थकर्तव्यतायां प्रकृतेर्जडत्वेन कर्तव्याध्यवसायाभावेऽपि न काचिदनुपपत्तिरिति ।। १९ ।। ननु यदि प्रतिलोमशक्तिरपि सहजैव प्रधानस्यास्ति तत्किमर्थं योगिभिर्मोक्षार्थं यत्नः

બન્ને પ્રકારના પુરુષો પ્રત્યે પ્રકૃતિ તો એક જ છે. એમાંથી મુક્ત પ્રત્યે એ નષ્ટ=બુદ્ધિરૂપ વ્યાપારથી રહિત થયું હોવા છતાં એ અનષ્ટ જ હોય છે. અર્થાત્ બુદ્ધિરૂપ વ્યાપારથી સવ્યાપાર જ હોય છે, કારણ કે અમુક્ત પુરુષોની પોત પોતાની બુદ્ધિ હજુ પ્રવૃત્તિશીલ હોય છે. (મુક્ત પુરુષો કરતાં અમુક્ત અનંતાનંત છે, માટે અહીં નષ્ટ પણ અનષ્ટ છે એમ કહ્યું છે. જો ઉંધું હોત તો અનષ્ટ પણ નષ્ટ છે એમ કહેત.) ॥ ૧૧-૧૮ ॥

अवतरणिकार्थ : બારમી ગાથાના ઉત્તરાર્ધમાં जडायाश्च पुमर्थस्य.. વગેરે દ્વારા ગ્રન્થકારે જડ એવી પ્રકૃતિનું પુરુષપ્રયોજન એ કર્તવ્ય શી રીતે હોય શકે ? એવો જે દોષ આપેલો, એનો જવાબ આપવા પાતંજલદર્શનકાર કહે છે -

ગાથાર્થ : પ્રકૃતિમાં મહદાદિ પરિણામોની આનુલોમ્યથી અને પ્રાતિલોમ્યથી આવી જે બે સ્વાભાવિક=તત્ત્વતઃ સ્વભાવસિદ્ધ શક્તિઓ પુમર્થની=પુરુષના પ્રયોજનની હાજરીમાં હોય છે, એ જ એનું પુમર્થકર્તવ્યત્વ છે, એ સિવાય બીજું કશું નહીં. પ્રકૃતિનો મહત્થી શરુ કરીને મહાભૂત સુધીનો જે બહિર્મુખરૂપે પરિણામ થાય છે, તે અનુલોમ પરિણામ છે અને સ્વકારણમાં અનુપ્રવેશદ્વારા અસ્મિતા સુધીનો જે અન્તર્મુખરૂપે પરિણામ થાય છે, તે પ્રતિલોમ પરિણામ છે. આમ પુરુષના ભોગની પરિસમાપ્તિ થવાથી આ બન્ને સહજશક્તિઓનો ક્ષય થવાના કારણે કૃતાર્થ થયેલી પ્રકૃતિ પછી (એ પુરુષને આશ્રીને) નવા કોઈ પરિણામનો આરંભ કરતી નથી. પુરુષાર્થની કર્તવ્યતા આવા પ્રકારની હોવાના કારણે, પ્રકૃતિની જડતાના લીધે કર્તવ્ય અધ્યવસાય ન હોવા છતાં કોઈ અસંગતિ નથી.

विवेचन : પાતંજલ દર્શનની પ્રક્રિયા આવી છે- સામ્યાવસ્થાપન્ન સત્ત્વ-રજસ્-તમસ્ એ પ્રકૃતિ છે. એમાંથી, સત્ત્વાદિ વિષમાવસ્થાપન્ન બને ત્યારે બુદ્ધિ-મહત્-ચિત્ત-અંતઃકરણ ઉત્પન્ન થાય છે. બુદ્ધિમાંથી અહંકાર પ્રગટ થાય છે. આ અહંકારના પણ સાત્ત્વિક વગેરે ત્રણ અંશ છે. એમાંથી સાત્ત્વિક અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિય (સ્પર્શન, રાસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર) ઉત્પન્ન થાય છે. રાજસ અહંકારમાંથી હાથ-પગ વગેરે પાંચ કર્મેન્દ્રિય

क्रियते ? मोक्षस्य चानर्थनीयत्वे तदुपदेशकशास्त्रस्यानर्थक्यमित्यत आह–

न चैवं मोक्षशास्त्रस्य वैयर्थ्यं प्रकृतेर्यतः ।
ततो दुःखनिवृत्त्यर्थं कर्तृत्वस्मयवर्जनम् ।। २०।।

न चेति । **न चैवं**=मुक्तौ प्रकृतेरेव सामर्थ्ये **मोक्षशास्त्रस्य वैयर्थ्यं**=आनर्थक्यं, **यतः**= यस्मात् **ततः**=मोक्षशास्त्राद् **दुःखनिवृत्त्यर्थं**=दुःखनाशाय **प्रकृतेः**=प्रधानस्य कर्तृत्वस्मयस्य= कर्तृत्वाभिमानस्य वर्जनं=निवृत्तिर्भवति (**=कर्तृत्वस्मयवर्जनं**) । अनादिरेव हि प्रकृति-पुरुषयोर्भोक्तृ-भोग्यभावलक्षणः सम्बन्धः ।

ઉત્પન્ન થાય છે. સાત્ત્વિક-રાજસ ઉભયાત્મક અહંકાર મનને પેદા કરે છે અને તામસ્ અહંકાર પાંચ તન્માત્રાને ઉત્પન્ન કરે છે. શબ્દાદિ પાંચ તન્માત્રામાંથી પૃથ્વી વગેરે પાંચ મહાભૂત પેદા થાય છે. આમ પ્રકૃતિના બહિર્મુખવ્યાપારથી મહતૂતત્ત્વથી લઈને પાંચમહાભૂત સુધી કાર્ય પ્રગટવું એ પ્રકૃતિનો અનુલોમ પરિણામ છે. પ્રકૃતિ પોતાનો આ અધિકાર જ્યારે પાછો ખેંચવા માંડે છે, ત્યારે પ્રતિલોમ પરિણામ સક્રિય બને છે. એટલે પાંચ મહાભૂતવગેરે ક્રમશઃ પાંચ તન્માત્રા વગેરેરૂપ પોતપોતાના કારણમાં પ્રવેશ કરવા દ્વારા અસ્મિતા સુધી લય પામે છે. પ્રકૃતિનો આ અન્તર્મુખ પરિણામ એ પ્રતિલોમપરિણામ કહેવાય છે. મહાભૂત વગેરે લય પામવા પર અવિદ્યાનો પણ સ્વકારણભૂત અંતઃકરણમાં લય થઈ જાય છે. પછી અહંકાર પણ અંતઃકરણમાં લીન થઈ જાય છે. અને છેવટે અંતઃકરણ (ચિત્ત) નિર્વિકારી બની પ્રકૃતિમાં લીન બની જાય છે. દ્રષ્ટા પુરુષનું સ્વસ્વરૂપમાં અવસ્થાન થાય છે. પુરુષનો આ જ મોક્ષ છે. પુરુષને ભોગ કરાવવો એ પ્રકૃતિનું કર્તવ્ય હતું.. એમ પુરુષનો મોક્ષ કરાવવો એ પણ પ્રકૃતિનું કર્તવ્ય હતું.. આ બંને કર્તવ્યો પૂરા થતાં હવે પ્રકૃતિ એ પુરુષ પ્રત્યે કૃતકૃત્ય થઈ જાય છે. હવેથી પ્રકૃતિ ફરીથી ક્યારેય પણ એ પુરુષ પ્રત્યે પોતાની અનુલોમ-પ્રતિલોમશક્તિને સક્રિય કરતી નથી. એટલે હવે પછી પુરુષનું શાશ્વતકાળ માટે ચિન્માત્રસ્વરૂપમાં અવસ્થાન થાય છે. આમ પ્રકૃતિની બે સાહજિક શક્તિઓ, પ્રથમ અનુલોમશક્તિની સક્રિયતાના કારણે પાંચ મહાભૂત સુધીનો પ્રપંચ અને પુરુષના ભોગનું સંપાદન.. એ પ્રયોજન પૂર્ણ થવા પર અનુલોમશક્તિની ક્ષીણતા.. વિવેકખ્યાતિ થવા પર પ્રતિલોમશક્તિની સક્રિયતા ... યોગસાધનાદ્વારા પુરુષના મોક્ષ પ્રયોજનનું સંપાદન થવા પર પ્રતિલોમશક્તિની ક્ષીણતા=પ્રકૃતિની કૃતાર્થતા. આવી પ્રક્રિયા હોવાથી, જડ એવી પ્રકૃતિને પુરુષપ્રયોજનકર્તવ્યતાનો અધ્યવસાય ન હોવા છતાં કોઈ વાંધો આવતો નથી. ॥ ૧૧-૧૯ ॥

अवतरणिकार्थ : शंका : પ્રધાનમાં=પ્રકૃતિમાં પ્રતિલોમશક્તિ પણ જો સાહજિક છે, તો મોક્ષ એનાથી જ થઈ જવાનો.. યોગીઓએ સ્વયં કશું કરવાનું રહે જ નહીં.. તો પછી યોગીઓ મોક્ષ માટે પુરુષાર્થ શા માટે કરે છે ? વળી આ રીતે મોક્ષ અનર્થનીય બનવાથી=પુરુષાર્થનો વિષય ન રહેવાથી એના ઉપદેશક શાસ્ત્રો વ્યર્થ બની જશે.. આવી શંકાના સમાધાન માટે પાતંજલવિદ્વાનો કહે છે -

ગાથાર્થ : 'આ રીતે પ્રકૃતિની પ્રતિલોમશક્તિથી જ મોક્ષ થઈ જતો હોય, તો મોક્ષશાસ્ત્ર વ્યર્થ થઈ જશે' એમ નહીં કહેવું, કારણ કે તેનાથી=મોક્ષશાસ્ત્રથી દુઃખનાશ માટે પ્રકૃતિના કર્તૃત્વઅભિમાનનું વર્જન થાય છે.

ટીકાર્થ : 'આમ મોક્ષઅંગેનું સામર્થ્ય પ્રકૃતિમાં જ હોય તો મોક્ષશાસ્ત્ર વ્યર્થ બની જશે' એવી શંકા નહીં કરવી, કારણ કે તે મોક્ષશાસ્ત્રથી દુઃખનાશ માટે પ્રકૃતિના=પ્રધાનના કર્તૃત્વસ્મયનું= કર્તૃત્વાભિમાનનું વર્જન=નિવૃત્તિ

तस्मिन् सति व्यक्तमचेतनायाः प्रकृतेः कर्तृत्वाभिमानाद् दुःखानुभवे सति 'कथमियं दुःखनिवृत्तिरात्यन्तिकी मम स्यादि'ति भवत्येवाध्यवसायः । अतो दुःखनिवृत्त्युपायोपदेशकशास्त्रोपदेशापेक्षाऽप्यस्य युक्तिमतीति ।।२०।।

થાય છે. પ્રકૃતિ અને પુરુષનો ભોક્તૃ-ભોગ્યભાવરૂપ સંબંધ અનાદિ જ છે. તે હોતે છતે વ્યક્ત થઈ છે ચેતના જેની એવી પ્રકૃતિના કર્તૃત્વના અભિમાનના કારણે પુરુષને દુઃખનો અનુભવ થવા પર 'મારા આ દુઃખની આત્યન્તિકી નિવૃત્તિ કેવી રીતે થાય ?' એવો અધ્યવસાય થાય જ છે. એટલે દુઃખનિવૃત્તિના ઉપાયઉપદેશક શાસ્ત્રના ઉપદેશની એની=પુરુષની અપેક્ષા પણ યુક્તિસંગત છે.

વિવેચન : મોક્ષ પ્રતિલોમશક્તિથી થાય છે, અને પ્રતિલોમશક્તિ પ્રકૃતિમાં સહજ રીતે રહી છે. (એટલે કે એના માટે પણ કોઈ પુરુષાર્થ જરૂરી નહીં હોવાથી ઉપદેશની જરૂર નથી). અર્થાત્ પુરુષનો મોક્ષ થવા ન થવામાં પ્રકૃતિ સહજ રીતે જ સમર્થ છે, તો યોગીએ કશું કરવાનું રહેતું ન હોવાથી ઉપદેશ કોના માટે ? ને એટલે મોક્ષ અંગેના શાસ્ત્રો વ્યર્થ બની જશે આવી શંકા કરવી નહીં, કારણ કે દુઃખનો નાશ તો કરવો જ છે.. ને દુઃખનું મૂળ છે પ્રકૃતિનું કર્તૃત્વાભિમાન. આ કર્તૃત્વાભિમાન મોક્ષશાસ્ત્રના શ્રવણથી દૂર થાય છે. માટે એ શાસ્ત્ર વ્યર્થ નથી.

આશય એ છે કે પ્રકૃતિ-પુરુષનો અનાદિકાળથી ભોક્તૃ-ભોગ્યભાવસંબંધ છે, પુરુષ ભોક્તા છે ને પ્રકૃતિ ભોગ્ય છે. પ્રકૃતિમાં વસ્તુતઃ કર્તૃત્વ કે ભોક્તૃત્વ કશું જ નથી. છતાં એ પોતાને 'હું કર્તા છું' 'હું ભોક્તા છું' એવું માને છે. આ એનું અભિમાન છે. ને એના કારણે બધા દુઃખોની પરંપરા નિર્માણ થાય છે. પુરુષનું પ્રતિબિંબ પડવાથી જડ એવી પણ પ્રકૃતિ ચેતન જેવી બને છે. એની અભિવ્યંગ્ય ચેતના અભિવ્યક્ત થાય છે. એટલે પ્રકૃતિ પણ ચેતન બની હોવાથી 'હું કર્તા (કર્ત્રી) છું' એવું અભિમાન કરે છે. સંસાર દુઃખમય છે. એટલે સંસારપ્રપંચના કર્તૃત્વનું પ્રકૃતિનું આ અભિમાન દુઃખ પેદા કરે છે અને તેથી 'મારે આ દુઃખનિવૃત્તિ આત્યંતિકી શી રીતે થાય?' એવો પુરુષને અધ્યવસાય થાય છે. ને એ અધ્યવસાયના પ્રભાવે દુઃખનિવૃત્તિના ઉપાયની જિજ્ઞાસા પેદા થાય છે જેને મોક્ષશાસ્ત્ર સંતોષે છે. માટે એ શાસ્ત્ર વ્યર્થ નથી, અર્થાત્ આને=પુરુષને શાસ્ત્રોપદેશની અપેક્ષા હોવી પણ યુક્તિસંગત છે.

અહીં अपेक्षाऽप्यस्य युक्तिमतीति જે કહ્યું છે, એમાં રહેલા अस्य નો એક વિદ્વાને मोक्षस्य અર્થ કર્યો છે, જે યોગ્ય જણાતો નથી, કારણ કે ઉપદેશની અપેક્ષાની અહીં વાત છે એ સ્પષ્ટ છે. વળી દુઃખનિવૃત્તિઉપાયોપદેશકશાસ્ત્ર એમ સ્પષ્ટ જણાવ્યું હોવાથી પાછું 'મોક્ષનું શાસ્ત્ર' વગેરે જણાવવાનો અભિપ્રાય પણ સંભવતો નથી. વળી अस्य છે अस्याः નહીં, માટે પ્રકૃતિને અપેક્ષા છે એવો અર્થ પણ સંભવતો ન હોવાથી પુરુષને અપેક્ષા છે એ જ નિશ્ચિત થાય છે. તથા, અવતરણિકામાં પણ યોગી પુરુષ અંગે પ્રશ્ન છે, તેથી પણ પુરુષને અપેક્ષા હોવાની વાત નિઃશંક બને છે. તથા, અહીં જે अपि શબ્દ રહેલ છે, તે પૂર્વે જણાવેલા અધ્યવસાયનો સમુચ્ચય કરે છે. એટલે એ અપેક્ષા જો પુરુષને છે, તો એ અધ્યવસાય પણ પુરુષને થાય છે, એવો જ અર્થ કરવો ઉચિત હોવાથી, *પ્રકૃતિને એ અધ્યવસાય થાય છે* એવો અર્થ કરીને, *પહેલાં તો જડ પ્રકૃતિને અધ્યવસાયનો નિષેધ કર્યો હતો* વગેરે રૂપે વિરોધનું ઉદ્ભાવન કરવું અને પછી એ તો અભ્યુપગમન્યાયે નિષેધ કર્યો હતો વગેરે સમાધાન કરવું... આ ઉચિત જણાતું નથી. વળી, જ્યારે એ દર્શનના બહુમાન્યગ્રન્થકાર રાજમાર્તંડ ટીકામાં एवंविधायां च पुरुषार्थकर्तव्यतायां

व्यक्तं कैवल्यपादेऽदः सर्वं साध्विति चेन्न तत् ।
इत्थं हि प्रकृतेर्मोक्षो न पुंसस्तददो वृथा ।। २१।।

'व्यक्तमि'ति । **कैवल्यपादे**=योगानुशासनचतुर्थपादेऽदः=एतद् **व्यक्तं**=प्रकटं **सर्वं**=अखिलं **साधु**=निर्दोषमिति । समाधत्ते-**इति चेद् ? न तद्** यत् प्राक् प्रपञ्चितम् । **(इत्थं) हि** =यत एवमुक्तरीत्या **प्रकृतेर्मोक्षः** स्यात्, तस्या एव कर्तृत्वाभिमाननिवृत्त्या दुःखनिवृत्त्युपपत्तेः, **न पुंसः**, तस्याबद्धत्वेन मुक्त्ययोगात्, मुचेर्बन्धनविश्लेषार्थत्वात् । **तत्**=तस्माददः=वक्ष्यमाणं भवद्ग्रन्थोक्तं **वृथा**=कण्ठशोषमात्रफलम् ।। २१।।

जडाया अपि प्रकृतेर्न काचिदनुपपत्तिः (અર્થ : જડ એવી પણ પ્રકૃતિની આવા પ્રકારની સહજ (શક્તિરૂપ) પુરુષાર્થકર્તવ્યતા હોવાથી કોઈ અસંગતિ નથી.) આ રીતે પ્રકૃતિની જડતાના કારણે અધ્યવસાયરૂપ નહીં, પણ શક્તિરૂપ કર્તવ્યતા જણાવે છે અને અભ્યુપગમન્યાયનો તો અણસાર સુધ્ધાં આપતા નથી, ત્યારે આપણે એવી કલ્પના શી રીતે કરી શકીએ ? તથા, અવતરણિકામાં યોગી પુરુષના યત્નની વાત પણ પુરુષના અધ્યવસાયને જ સૂચવે છે, કારણ કે જેને દુઃખનિવૃત્તિનો અધ્યવસાય હોય, એનો તદર્થ પ્રયત્ન હોય.

અલબત્ત આ દર્શનની માન્યતાઓ એવી વિચિત્ર ભાસે છે કે એની સંગતિ કઈ રીતે તેઓ કરે છે ? એ સમજવું પણ મુશ્કેલ છે. આ દર્શનની માન્યતા તરીકે बुद्ध्यध्यवसितमर्थं पुरुषश्चेतयते આવું જે સંભળાય છે, તે તો બુદ્ધિને અધ્યવસાય હોવો સ્પષ્ટ જણાવે છે. તથા આ મતે પુરુષ તો પુષ્કરકમલવત્ નિર્લેપ સ્થિરએકસ્વભાવ છે. એને અધ્યવસાય શી રીતે થાય ? એટલે જેમ જ્ઞાન-સુખ-દુઃખ-રાગદ્વેષાદિ-કર્તૃત્વ-ભોક્તૃત્વ-આ બધું જ બુદ્ધિનું માનવાનું રહે છે, એમ આત્યન્તિકદુઃખનિવૃત્તિની ઇચ્છા-એના ઉપાય જાણવા માટે શાસ્ત્રોની અપેક્ષા, એ જાણ્યા પછી તદર્થ પ્રયત્ન.. આ બધું જ બુદ્ધિને જ સંભવે છે, પુરુષને નહીં. અને બીજી બાજુ ઉપર જણાવ્યા મુજબ રાજમાર્તંડ ટીકામાં જડ એવી પ્રકૃતિને (બુદ્ધિને) અધ્યવસાય ન હોવાનું સૂચન મળે છે. એટલે બધું અસમંજસ છે.. (એકાન્તવાદમાં સામંજસ્યની કલ્પના પણ અસ્થાને જ છે ને !) તેમ છતાં પ્રસ્તુત અધિકાર પરથી 'પ્રકૃતિને અધ્યવસાય થાય છે' એવો અર્થ કાઢવો યોગ્ય નથી એ તો સ્પષ્ટ જ છે. ॥ ૧૧-૨૦ ॥ (પૂર્વપક્ષી પ્રસ્તુત વાતનો ઉપસંહાર કરે છે ને પછી ગ્રન્થકાર એનો જવાબ આપવાનો પ્રારંભ કરે છે-)

ગાથાર્થ : કૈવલ્યપાદમાં વ્યક્ત એવી આ બધી વાત નિર્દોષ છે. આવું જો કહેશો તો એ બરાબર નથી, કારણકે આ રીતે પ્રકૃતિનો મોક્ષ થશે, પુરુષનો નહીં. અને તો પછી આ વાત વૃથા થઈ જશે.

ટીકાર્થ : યોગાનુશાસનના ચોથા પાદમાં વ્યક્ત રીતે કહેવાયેલું આ બધું સાધુ=નિર્દોષ છે.. (પૂર્વપક્ષીનો જો આવો અભિપ્રાય છે, તો ગ્રન્થકાર કહે છે -) તેરમા શ્લોકથી અહીં સુધીમાં આ બધું જે કહ્યું, તે યોગ્ય નથી, કારણ કે આ રીતે તો પ્રકૃતિનો મોક્ષ થશે, કારણ કે તેનું જ કર્તૃત્વાભિમાન દૂર થયું હોવાથી દુઃખનિવૃત્તિ સંગત થાય છે. પુરુષનો મોક્ષ નહીં થાય, કારણકે એ તો બંધાયેલો જ ન હોવાથી મુક્ત પણ ન થઈ શકે, તે પણ એટલા માટે કે मुच् ધાતુ 'બંધનમાંથી છૂટકારો થવો' એ અર્થમાં છે. અને તો પછી તમારા ગ્રન્થમાં કહેલી જે વાત આગળ કહેવાશે તે વૃથા ઠરશે=એટલે કે (ગળું સૂકાવારૂપ) કંઠશોષ સિવાય એનું કોઈ ફળ નહીં મળે.

વિવેચન : પાતંજલમત પર ગ્રન્થકારે ત્રણ દોષ આપેલા.. (૧) પુરુષનો અસંસાર કે અમોક્ષની આપત્તિ હોવાથી આત્માને અપરિણામી ન માની શકાય.. (૨) પ્રકૃતિને એક માનવામાં કાં તો બધાનો મોક્ષ ને કાં તો

पञ्चविंशतितत्त्वज्ञो यत्र तत्राश्रमे रतः ।
जटी मुण्डी शिखी वाऽपि मुच्यते नात्र संशयः ।।२२।।

पञ्चविंशतीति । अत्र हि पञ्चविंशतितत्त्वज्ञानात् पुरुषस्यैव मुक्तिरुक्ता, सा च न सम्भवतीति । **न च** भोगव्यपदेशवन्मुक्तिव्यपदेशोऽप्युपचारादेव पुंसि सम्भवतीति **वाच्यम्**, एवं हि तत्र चैतन्यस्याप्युपचारेण सुवचत्वापत्तेः । 'बाधकाभावान्न तत्र तस्योपचार' इति चेत् ? तत्र कृत्यादिसामानाधिकरण्यस्याप्यनुभूयमानस्य किं बाधकम् ? येन तेषां भिन्नाश्रयत्वं कल्प्यते।

કોઈનો નહીં એવી આપત્તિ અને (૩) જડ એવી પ્રકૃતિને અધ્યવસાયરૂપ કર્તવ્યતા સંભવતી નથી. પાતંજલવિદ્વાનોએ ૧૩ થી ૨૦ સુધીની ગાથામાં આ દોષોનું વારણ કરવા આ પ્રમાણે કહ્યું : (૧) ચિત્તવૃત્તિઓનું હંમેશા જ્ઞાન થાય છે. એટલે એના કારણભૂત ચિત્છાયાસંક્રમથી આત્મામાં અપરિણામિતાનું અનુમાન થાય છે. (૨) પ્રકૃતિ એક હોવા છતાં એના વિકારરૂપ બુદ્ધિ પુરુષે-પુરુષે જુદી હોવાથી આ આપત્તિ નથી. અને (૩) પ્રકૃતિમાં જડતાના કારણે અધ્યવસાયરૂપ કર્તવ્યતા ન હોવા છતાં અનુલોમ-પ્રતિલોમપરિણામજનક સહજશક્તિદ્વયરૂપ કર્તવ્યતા હોવામાં કશો વાંધો નથી.

આના પર વળી પાતંજલવિદ્વાનો સામે પ્રશ્ન ખડો કરવામાં આવ્યો કે પ્રકૃતિની સહજ શક્તિથી જો પુરુષનો મોક્ષ થઈ જતો હોય તો મોક્ષ માટે પુરુષાર્થની અને શાસ્ત્રની કોઈ જરૂર નહીં રહે.. પાતંજલવિદ્વાનોએ આ પ્રશ્નનો ઉત્તર એ આપ્યો કે પ્રકૃતિના કર્તૃત્વાભિમાનના કારણે દુઃખ છે. તેથી દુઃખની આત્યંતિક નિવૃત્તિનો અધ્યવસાય થવાથી એ નિવૃત્તિના ઉપાયને જણાવતા શાસ્ત્રના ઉપદેશની જરૂર પડે છે.

૧૩ થી ૨૦ ગાથા સુધીમાં પાતંજલ વિદ્વાનોએ જણાવેલા સ્વમતનો હવે ગ્રન્થકાર જવાબ આપે છે કે મોક્ષ પ્રકૃતિનો જ થશે, કારણકે ઉપદેશ શ્રવણ દ્વારા પ્રકૃતિના અભિમાનની નિવૃત્તિ થવાથી દુઃખનિવૃત્તિ થાય છે. વળી પુરુષ તો બદ્ધ જ નથી, તો એનો મોક્ષ શું ? આના પર પાતંજલ વિદ્વાનો જો એમ કહે કે 'સારું, અમે પ્રકૃતિનો જ મોક્ષ માનીશું, પુરુષનો નહીં' તો ગ્રન્થકારે જવાબ આપ્યો કે જો આમ પ્રકૃતિનો મોક્ષ કહેશો તો તમારા જ ગ્રન્થમાં પુરુષનો મોક્ષ જણાવતા જે વચન છે, તે વ્યર્થ થઈ જશે. ॥ ૨૧ ॥ (હવે એ વચનને જ જણાવે છે.)

ગાથાર્થ : જે તે આશ્રમમાં રહેલો (પુરુષ) જટી, મુંડી કે શિખી હોય, તો પણ જો પચ્ચીશ તત્ત્વનો જાણકાર હોય, તો એ મુક્ત થાય છે, આમાં કોઈ સંશય નથી.

ટીકાર્થ : આમાં પચ્ચીશ તત્ત્વના જ્ઞાનથી પુરુષની જ મુક્તિ કહી છે, પણ એ સંભવતી નથી. 'ભોગના વ્યપદેશની જેમ મુક્તિનો પણ વ્યપદેશ ઉપચારથી પુરુષમાં સંભવે ને !' એવું નહીં કહેવું, કારણ કે એ રીતે તો 'પુરુષમાં ચૈતન્ય પણ ઉપચારથી જ છે' એવું પણ કહી શકાવાની આપત્તિ આવશે. 'કોઈ બાધક નહીં હોવાથી ત્યાં એનો ઉપચાર નથી' એમ જો કહેશો તો 'ચૈતન્યમાં અનુભવાતા કૃત્યાદિસામાનાધિકરણ્યમાં પણ શું બાધક છે ? કે જેથી એ બધાને ભિન્ન આશ્રયવાળા માનો છો.' 'આત્મા પરિણામી બની જવાની આપત્તિ જ એમાં બાધિકા છે' એવું નહીં કહેવું, કારણ કે એ પરિણામી હોય તો પણ અન્વયને કોઈ વાંધો નથી. નહીંતર તો ચિત્તનો પણ અન્વય માની શકાશે નહીં, કારણકે પ્રતિક્ષણ ચિત્તની નશ્વરતા જોવા મળે છે. અતીતાનાગતં

'आत्मनः परिणामित्वापत्तिर्बाधिके'ति चेत् ? न, तत्परिणामित्वेऽप्यन्वयानपायात्। अन्यथा चित्तस्यापि तदनापत्तेः, प्रतिक्षणं चित्तस्य नश्वरत्वोपलब्धेः । *'अतीतानागतं स्वरूपतोऽस्त्यध्वभेदो धर्माणाम्* (यो.सू. ४-१२) *ते व्यक्तसूक्ष्मा गुणात्मानः* (यो.सू. ४-१३) *परिणामैकत्वाद्वस्तुतत्त्वमि'*ति (यो.सू. ४-१४) सूत्रपर्यालोचनाद्

स्वरूपतोऽस्त्यध्वभेदो धर्माणाम् । ते व्यक्तसूक्ष्मा गुणात्मानः । परिणामैकत्वाद्वस्तुतत्त्वम् (यो. सू. ४-१२, १३, १४) આ સૂત્રોનો વિચાર કરવાથી જણાય છે કે 'ધર્મનો ભેદ થવા છતાં તેઓના અંગાંગિભાવપરિણામ એક હોવાથી ચિત્તનો અનન્વય થતો નથી' આવું કહેવું પણ ઉચિત નથી, કારણ કે આ વાત તો આત્મામાં વિચારવી જ શોભે છે. કૂટસ્થત્વશ્રુતિ શરીરાદિભેદપરક માનીને પણ સંગત ઠરી શકે છે. આ વાતને સારી રીતે વિચારવી.

વિવેચન : પાતંજલમતે પુરુષ બદ્ધ નહીં હોવાથી એનો મોક્ષ પણ સંભવતો નથી. એટલે પચ્ચીશતત્ત્વનો જાણકાર પુરુષ મુક્ત થાય છે.... વગેરે વચન વૃથા ઠરે છે.

પાતંજલ : જેમ સાક્ષાદ્ ભોગ પ્રકૃતિને (બુદ્ધિને) હોવા છતાં પુરુષમાં ભોગનો ઉપચાર થાય છે, એમ વાસ્તવિક મોક્ષ પ્રકૃતિનો હોવા છતાં પુરુષમાં એનો ઉપચાર સંભવે છે ને !

જૈન : આ રીતે તો સાક્ષાત્ ચૈતન્ય તો બુદ્ધિમાં છે ને પુરુષમાં એનો પણ ઉપચાર થાય છે એવું કહેવામાં પણ કોણ બાધક છે ?

પાતંજલ : જ્યાં મૌલિક માનવામાં કોઈ બાધક હોય, ત્યાં જ તે ઉપચરિત મનાય છે, પણ જો કોઈ બાધક ન હોય તો તો મૌલિક જ મનાય છે, ઉપચરિત નહીં. જેમકે માણવકમાં અગ્નિત્વ બાધિત હોવાથી ઉપચરિત મનાય છે, અગ્નિમાં નહીં. એમ પુરુષમાં કોઈ બાધક ન હોવાથી ચૈતન્ય બાધિત નથી.. પછી એનો ઉપચાર શી રીતે માની શકાય ?

જૈન : એમ તો ચેતનોऽહં કર્તા વગેરેરૂપે પુરુષમાં ચૈતન્યને સમાનાધિકરણરૂપે કૃતિ, ભોગ વગેરે અનુભવાય છે. એમાં કોણ બાધક છે ? કે જેથી પુરુષમાં એને ઉપચરિત માનીને વાસ્તવિક તો અન્ય આશ્રયરૂપ બુદ્ધિમાં માનવા જરૂરી બને ?

પાતંજલ : જો કૃતિ વગેરે આત્મામાં મૌલિક હોય તો આત્માને પરિણામી માનવો પડે એ જ એમાં બાધક છે.

જૈન : તો આત્માને પરિણામી માની લ્યો ને, શું વાંધો છે ?

પાતંજલ : આત્મા જો પરિણામી હોય તો તો તે તે પરિણામ નાશ પામવા પર પરિણામી એવો આત્મા પણ નાશ પામી જવાના કારણે પછી એનો અન્વય=અવિચ્છેદ ન ચાલે.

જૈન : આત્માને પરિણામી માનવા છતાં અન્વયને કોઈ વાંધો નથી આવવાનો. નહીંતર તો ચિત્તનો પણ અન્વય નહીં ચાલે, કારણકે તમે પરિણામી માનેલા ચિત્તનો પણ પ્રતિક્ષણ નાશ જોવા મળે જ છે.

પાતંજલ : યોગસૂત્ર ૪-૧૨, ૧૩, ૧૪ નો વિચાર કરવાથી જણાય છે કે ધર્મનો ભેદ થવા છતાં તેઓનો અંગ-અંગીભાવરૂપ પરિણામ એક હોવાથી ચિત્તનો અનન્વય=વિચ્છેદ થતો નથી. આ ૧૨, ૧૩, ૧૪ નંબરના સૂત્રોનો ભાવાર્થ આવો છે- પાતંજલદર્શનના મતે, અસત્ વસ્તુ ક્યારેય ઉત્પન્ન થતી નથી, નહીંતર તો ખપુષ્પ

धर्मभेदेऽपि तेषामङ्गाङ्गिभाव-परिणामैकत्वान्न चित्तानन्वय इति चेत् ? तदेतदात्मन्येव पर्यालोच्यमानं शोभते । कूटस्थत्वश्रुतेः शरीरादिभेदपरत्वेनाप्युपपत्तेरिति सम्यग्विभावनीयम् ।। २२ ।। किञ्च -

પણ ક્યારેક ઉત્પન્ન થઈ જાય. એમ સત્ વસ્તુ ક્યારેય સર્વથા નાશ પામીને સાવ તુચ્છ અભાવરૂપ બની જતી નથી. આનું નામ છે સત્કાર્યવાદ. એટલે તે તે ધર્મરૂપે વિપરિણમતો ધર્મી સદા એકરૂપે અવસ્થિત રહે છે. ધર્મો વર્તમાનકાળે વ્યક્ત હોય છે, ભોગ્ય હોય છે. અતીત-અનાગતકાળમાં સૂક્ષ્મ=અવ્યક્ત હોય છે. (સૂત્રમાં જે અધ્વભેદ શબ્દ છે, તે કાળભેદ અર્થમાં છે. વર્તમાનકાળ વગેરે કાળભેદ છે.) એટલે તે તે ધર્મો અતીત-અનાગતકાળમાં પણ સર્વથા નષ્ટ થઈ જતા નથી. સૂક્ષ્મરૂપે વિદ્યમાન રહે જ છે. તે તે ધર્મો ચિત્તના પરિણામરૂપ હોવાથી ધર્મી તરીકે સર્વદા ચિત્ત જ છે.. તે ધર્મીરૂપે મોક્ષ સુધી એક જ છે, અર્થાત્ જુદા જુદા ધર્મોમાં અન્વય પામતું રહે છે, વિચ્છેદ પામતું નથી.

આનો ભાવાર્થ આવો છે-ચિત્તમાં જે કોઈ ધર્મો ઉત્પન્ન થઈ ચૂક્યા છે કે થવાના છે તે ત્રણે કાળના સર્વ ધર્મો ચિત્તમાં હંમેશા વિદ્યમાન હોય છે. એમાંથી તે તે કાળે વર્તમાનધર્મ વ્યક્ત રૂપે હોય છે. શેષ ધર્મો સૂક્ષ્મરૂપે. આમાંનો એક પણ ધર્મ ક્યારેય ઓછો થતો નથી કે નવો પેદા થતો નથી. ચિત્ત હંમેશા આ બધા જ ધર્મોથી યુક્ત હોય છે ને યુક્ત રહે છે. એટલે પુરુષનો મોક્ષ નહીં થાય ત્યાં સુધી એનું એ ચિત્ત અવિચ્છિન્ન રહે છે. વળી આ ધર્મો અને ધર્મી (ચિત્ત) બન્ને વ્યક્ત-સૂક્ષ્મભેદે (=વ્યક્ત-અવ્યક્તરૂપે) રહેલા સત્ત્વ-રજસ્-તમસ્ગુણાત્મા=ગુણરૂપ છે, કારણ કે બાહ્ય કે આભ્યન્તર બધા ભાવોનો સુખ-દુઃખ-મોહરૂપ સત્ત્વ-રજસ્-તમસ વડે અન્વય ચાલતો જોવા મળે છે. (**શંકા :** જો આ સત્ત્વાદિ ત્રણ ગુણો સર્વત્ર મૂળકારણ તરીકે છે, તો ધર્મી એક છે એવો ઉલ્લેખ શા માટે કરો છો ? આવી શંકાના સમાધાન માટે ૧૪મું સૂત્ર છે. **સમાધાન** -) જો કે સત્ત્વાદિ ગુણો ત્રણ છે, તો પણ તેઓનો અંગ-અંગીભાવગમનરૂપ (એકભાવ પામવા રૂપ) જે પરિણામ, તેમાં ક્યારેક સત્ત્વ અંગી હોય છે, એમ ક્યારેક રજસ્ કે તમસ્ અંગી હોય છે. તે મૂળભૂત રીતે ચિત્ત જ હોવાથી એક જ હોય છે ને તેથી વસ્તુનું તત્ત્વ એકત્વ કહેવાય છે. જેમ કે 'આ પૃથિવી છે' 'આ વાયુ છે' વગેરે.

જૈન : (સત્ત્વ, રજસ્ કે તમસ્ની પ્રધાનતાવાળા પરિણામો બદલાયા કરતાં હોવા છતાં એ બધામાં પરિણામી ચિત્ત તો મોક્ષ સુધી એનું એ જ રહે છે, અર્થાત્ એનો અન્વય ચાલે છે, વિચ્છેદ થતો નથી.. આવો તમારા કહેવાનો ભાવ છે એ જણાય છે. પણ તો પછી ચિત્તના બદલે) આત્માને જ પરિણામી માની લ્યો ને! એમ માનવું જ ઉચિત છે. દેવ-મનુષ્યાદિગતિ વગેરે રૂપ પરિણામો બદલાયા કરતા હોવા છતાં પરિણામી આત્મા એક રહી શકે છે ને તેથી એનો અન્વય ચાલી શકે છે.

(**પાતંજલ :** પણ શ્રુતિમાં તો આત્માને કૂટસ્થનિત્ય કહ્યો છે.)

જૈન : શ્રુતિના એ કથનને અન્ય રીતે પણ સંગત કરી શકાય છે. 'આત્મા કૂટસ્થનિત્ય છે' એટલે સ્થિરએકસ્વભાવવાળો=અપરિણામી એવો અર્થ નથી, પણ શરીરાદિ ગમે એટલા બદલાય તો પણ એ બધાથી ભિન્ન રહેનાર.. એ બધાથી ભિન્ન રહેવાના સ્વભાવને ક્યારેય નહીં છોડનાર.. આવો અર્થ કરવાથી શ્રુતિ પણ સંગત થઈ જાય છે. પાતંજલ વિદ્વાનોએ આ વાતને સમ્યગ્ વિચારવી. એટલે કે મૌલિક વાતો મૌલિકતાને જાળવી રાખે.. એને ઉપચારથી સંગત કરવાનો અવસર ન આવે એવી રીતે વિચારવી જોઈએ. ।। ૧૧-૨૨ ।।

વળી -

बुद्ध्या सर्वोपपत्तौ च मानमात्मनि मृग्यते ।
संहत्यकारिता मानं पारार्थ्यनियता च न ।। २३ ।।

बुद्ध्येति । **बुद्ध्या**=महत्तत्त्वेन **सर्वोपपत्तौ**=सकललोकयात्रानिर्वाहे **च सत्यात्मनि मानं** =प्रमाणं **मृग्यते**। कृत्याद्याश्रयव्यतिरिक्त आत्मनि प्रमाणमन्वेषणीयमित्यर्थः । **न च पारार्थ्यनियता** =परार्थकत्वव्याप्या **संहत्यकारिता**=सम्भूयमिलितार्थक्रियाकारिता **मानं**=अतिरिक्तात्मनि प्रमाणम्। यत्संहत्याऽर्थक्रियाकारि तत्परार्थं दृष्टं, यथा शय्या शयनाऽऽसनाद्यर्थाः। सत्त्वरजस्तमांसि च चित्तलक्षणपरिणामभाञ्जि संहत्यकारीणि । अतः परार्थानि । यश्च परः स पुरुष इति । तदुक्तं-*"तदसङ्ख्येयवासनाभिश्चित्रमपि परार्थं संहत्यकारित्वादिति"* (यो.सू. ४-२४) ।। २३ ।।

गाथार्थ : બુદ્ધિથી જ બધાની સંગતિ થઈ જાય તો પુરુષને સ્વીકારવા માટે બીજું કોઈ પ્રમાણ શોધવું પડશે. પારાર્થ્યનિયતા એવી સંહત્યકારિતા એ માન=પ્રમાણ નથી.

ટીકાર્થ : બુદ્ધિથી=મહત્તત્ત્વથી સર્વ સંગતિ થયે છતે=સકળ લોકયાત્રાનો નિર્વાહ થયે છતે આત્મા અંગે પ્રમાણ શોધાય છે. એટલે કે કૃતિ વગેરેના આશ્રયથી વ્યતિરિક્ત આત્મા અંગે પ્રમાણ શોધવું જરૂરી બનશે.

पातंजल : પારાર્થ્યનિયતા=પરાર્થકત્વ વ્યાપ્ય એવી જે સંહત્યકારિતા=બધા ભેગા થઈને એક કાર્ય કરવું તે. આવી સંહત્યકારિતા એ સ્વતંત્ર આત્મામાં પ્રમાણ છે. જે સંહત્ય અર્થક્રિયાકારી હોય, તે પરાર્થક હોવું જોવા મળે છે, જેમ કે શય્યા-આસન વગેરે પદાર્થો. સત્ત્વ, રજસ્ અને તમસ્ ચિત્તના પરિણામોને ભજનારા છે અને સંહત્યકારી છે, માટે પરાર્થક છે. એમાં જે પર છે તે પુરુષ છે. યોગસૂત્ર (૪-૨૪)માં કહ્યું છે : तदसङ्ख्येयवासनाभिश्चित्रमपि परार्थं, संहत्यकारित्वादिति.

विवेचन : પાતંજલ યોગદર્શનમાં સંભવિત અન્ય એક દોષ ગ્રન્થકાર આ ગાથામાં દર્શાવે છે. આપણા અનુભવગમ્ય જે ઘટ-પટાદિ બાહ્ય ભાવો અને સુખ-દુઃખ-જ્ઞાન-ઇચ્છા-કૃતિ વગેરે કે રાગ-દ્વેષાદિ આંતરિક ભાવો.. આ બધાની સંગતિ બુદ્ધિતત્ત્વદ્વારા જ જો તમે કરો છો, તો પછી અનુભવગમ્ય એવી કઈ વસ્તુ બાકી રહે છે જેની સંગતિ બુદ્ધિથી ન થઈ શકવાથી એની સંગતિ માટે પુરુષને સ્વતંત્ર તત્ત્વ તરીકે માનવો આવશ્યક રહે ? અનુભવાતી આવી કોઈ વસ્તુ ન હોવાથી તમારે સ્વતંત્ર પુરુષની સિદ્ધિ માટે કોઈક નવું જ પ્રમાણ શોધવું પડશે.

पातंजल : સ્વતંત્ર પુરુષની સિદ્ધિ કરતું અનુમાન પ્રમાણ અમે શોધ્યું છે. તે આ-સત્ત્વ-રજસ્-તમસ્તત્ત્વો પરાર્થક છે (બીજા માટે છે), કારણ કે સંહત્યકારી છે (=ભેગા થઈને અર્થક્રિયા કરનારા છે) જેમ કે શય્યા-આસન વગેરે પદાર્થો. આમાં જે પર(=બીજો) સિદ્ધ થાય છે, તે સત્ત્વાદિથી ભિન્ન પુરુષ છે. યોગસૂત્ર (૪-૨૪) નો ભાવાર્થ આવો છે-*જો કે અનંત ક્લેશ-કર્મવિપાક-વાસનાઓના કારણે વિચિત્ર અને સુખાદિનો આશ્રય હોવાના કારણે ભોક્તા સમાન એવું પણ તે (ચિત્ત) પરાર્થ જ છે, બીજા માટે ભોગ્ય જ છે, કારણ કે દેહ-ઇન્દ્રિય વગેરે સહકારીઓ સાથે મળીને ભોગાદિ કાર્ય કરનારા છે.* (એટલે આ અનુમાનથી) ચિત્તથી પર=અન્ય ચિન્મય આત્મા ભોક્તા સિદ્ધ થાય છે.)

ગ્રન્થકાર : આ રીતે બુદ્ધિથી ભિન્ન આત્મા સિદ્ધ કરવો એ યોગ્ય નથી. ॥ ૧૧-૨૩ ॥ શા માટે યોગ્ય નથી ? એ હવે જણાવે છે-

कुत इत्याह -

सत्त्वादीनामपि स्वाङ्गिन्युपकारोपपत्तितः ।
बुद्धिर्नामैव पुंसस्तत् स्याच्च तत्त्वान्तरव्ययः ।। २४।।

सत्त्वादीनामिति । सत्त्वादीनां धर्माणां **स्वाङ्गिन्यपि**=स्वाश्रयेऽपि । **उपकारोपपत्तितः** =फलाधानसम्भवादुक्तनियमे मानाभावात्, सत्त्वादौ संहत्यकारित्वस्य विलक्षणत्वात् । अन्यथाऽसंहतरूपपरासिद्धेः, धर्माणां साश्रयत्वव्याप्तेश्च बुद्ध्यैव सफलत्वाद् नैवमात्मा कश्चिदतिरिक्तः सिध्येदिति भावः । **तत्**=तस्माद् **बुद्धिः पुंसः**=पुरुषस्यैव **नाम** स्यात् । **च**=पुनस्**तत्त्वान्तरव्ययः** = अहंकारादितत्त्वोच्छेदः **स्यात्** ।। २४।। तथाहि -

---

गाथार्थ : सत्त्व वगेरेनो स्वअंगी उपर पण उपकार संभवित होवाथी (तमे आपेली व्याप्ति बराबर नथी.) तेथी बुद्धि ए पुरुषनुं ज बीजुं नाम थई जशे अने अन्य तत्त्वनो व्यय=उच्छेद थई जशे.

टीकार्थ : सत्त्वादि धर्मनो स्वअंगी=स्वाश्रय उपर पण उपकार संगत होवाथी=फळाधान संभवित होवाथी तमे कहेलो नियम मानवा माटे कोई प्रमाण नहीं रहेवानां कारणे, तथा सत्त्वादिमां रहेलुं संहत्यकारित्व विलक्षण होवाना कारणे (आ रीते स्वतंत्र पुरुषनी सिद्धि थई शके नहीं.) नहींतर असंहतरूप 'पर'नी सिद्धि थई शके नहीं. वळी 'धर्मो साश्रय होय छे' आवी व्याप्ति बुद्धिथी ज सफळ थई जती होवाथी आ रीते कोई स्वतंत्र आत्मा सिद्ध थई शके नहीं-एवो अहीं भाव छे. तेथी बुद्धि ए पुरुषनुं ज नाम थई जशे. अने तत्त्वान्तरनो= अहंकारादि तत्त्वोनो व्यय=उच्छेद थई जशे.

विवेचन : पातंजल विद्वानोए सत्त्वादि त्रणनी प्रधानताथी क्रमशः राग, द्वेष अने मोह परिणति रूप फळ बुद्धिमां मान्युं छे. आम सत्त्वादि त्रण 'पर' माटे ज कार्य करे छे, एवुं नहीं रह्युं.. स्वाश्रय माटे पण कार्य करे ज छे. एटले संहत्यकारी होय ते परार्थ ज होय एवो नियम प्रामाणिक न रह्यो. वळी शय्या-आसनवगेरे संहत्यकारी पदार्थो जे 'पर' माटे होय छे, ते 'पर' तो देहधारी पुरुष होवाथी संहतरूपवाळो छे. एटले सत्त्वादि धर्मो पण जो शय्या वगेरे जेवा ज संहत्यकारी होय, तो एनाथी सिद्ध थनार 'पर' संहतरूपवाळो (=विविध अवयवोना समुदायथी बनेलो) मानवानो रहेवाथी असंहतरूपवाळो आत्मा 'पर' तरीके सिद्ध नहीं थाय. अने सत्त्वादि जो शय्या वगेरे करतां विलक्षण रीते संहत्यकारी छे, तो व्याप्ति धरावतुं (हेतुभूत) संहत्यकारित्व सत्त्वादिमां न रहेवाथी स्वरूपअसिद्धि हेत्वाभास थशे. ते पण एटला माटे के व्याप्तिनो जे निर्णय कर्यो छे, ते तो शय्यादिना संहत्यकारित्वमां कर्यो छे अने आवुं व्याप्य संहत्यकारित्व सत्त्वादिपक्षमां नथी. माटे स्वरूप असिद्धि छे. कृति-भोगवगेरे धर्मो साश्रय होय छे.. अने एना आश्रय तरीके बुद्धि ज पातंजलविद्वानोए मानेली छे. एटले कृति वगेरे धर्मोना आश्रय तरीके बुद्धि मळी जवाथी साश्रयताव्याप्ति सफल=चरितार्थ थई जाय छे, तेथी एना आश्रय तरीके पण कोई स्वतंत्र=बुद्धिथी भिन्न आत्मा सिद्ध थई शकतो नथी. एटले बुद्धि ए पुरुषनुं ज नाम थई जशे. अने तो पछी पातंजलोने मान्य जे अहंकारादि अन्य तत्त्वो छे एनो उच्छेद थई जशे. (अहीं आदि शब्दथी प्रकृतिनो समावेश जाणवो.) ॥ ११-२४ ॥ तत्त्वान्तरनो उच्छेद कई रीते थई जशे ? ए जणावे छे -

व्यापारभेदादेकस्य वायोः पञ्चविधत्ववत् ।
अहङ्कारादिसंज्ञानोपपत्तिसुकरत्वतः ।। २५।।

व्यापारेति । **एकस्य वायोर्व्यापारभेदाद्**=ऊर्ध्वगमनादिव्यापारभेदात् **पञ्चविधत्ववत्** = 'पञ्च वायवः प्राणापानादिभेदादि'ति व्यपदेशवत् (**अहङ्कारादिसंज्ञानोपपत्तिसुकरत्वतः**=) अहङ्कारादिसंज्ञानानामुपपत्तेः सुकरत्वतः=सौकर्यात् । तथाहि-बुद्धिरेवाहङ्कारव्यापारं जनयन्त्यहङ्कार इत्युच्यताम् । सैव च प्रसुप्तस्वभावा साधिकारा प्रकृतिरिति व्यपदिश्यताम् । किमन्तर्गडुतत्त्वान्तरपरिकल्पनयेति ।। २५।।

पुंसश्च व्यञ्जकत्वेऽपि कूटस्थत्वमयुक्तिमत् ।
अधिष्ठानत्वमेतच्चेत्तदेत्यादि निरर्थकम् ।। २६।।

'पुंसश्चे'ति । **पुंसः**=पुरुषस्य **च व्यञ्जकत्वेऽप्यभ्युपगम्यमाने कूटस्थत्वमयुक्तिमद्** =असङ्गतम् ।

गाथार्थ : એક વાયુ વ્યાપારના ભેદથી જેમ પંચવિધ કહેવાય છે એમ વ્યાપારભેદથી (એક જ બુદ્ધિની) અહંકાર વગેરે સંજ્ઞાઓની ઉપપત્તિ સુકર છે.

ટીકાર્થ : એક વાયુનો ઊર્ધ્વગમનાદિ વ્યાપારભેદે 'પ્રાણાપાનાદિ ભેદે વાયુ પાંચ પ્રકારનો છે' આવો ઉલ્લેખ જેમ થાય છે, એમ(વ્યાપારભેદે) એક જ બુદ્ધિની અહંકારાદિસંજ્ઞાની સંગતિ કરવી સુકર છે. તે આ રીતે- બુદ્ધિ જ જ્યારે અહંકાર વ્યાપારને પેદા કરે છે, ત્યારે અહંકાર કહેવાય. એ જ જ્યારે પ્રસુપ્તસ્વભાવા સાધિકારા હોય, ત્યારે પ્રકૃતિ કહેવાય. પછી વ્યર્થ અન્ય તત્ત્વની કલ્પનાથી સર્યું.

વિવેચન : એનો એ વાયુ મુખનાસિકાદિમાંથી નિષ્ક્રમણ પ્રવેશ કરે તો પ્રાણ, મળાદિનું અધોનયન કરે ત્યારે અપાન, અગ્નિઉદ્દીપન કરે તો સમાન, રસાદિનું ઊર્ધ્વગમન કરે તો ઉદાન અને નાડીમુખમાં વિસ્તરણ કરે તો વ્યાન કહેવાય છે. આમ વાયુ એક જ , પણ વ્યાપારભેદે એની સંજ્ઞાભેદ છે. એમ બુદ્ધિ નામના એક જ તત્ત્વનો વ્યાપારભેદે 'અહંકારાદિ' સંજ્ઞાભેદ છે એમ સહજતાથી કહી શકાય છે. બુદ્ધિ જ્યારે અહંકાર વ્યાપારને પેદા કરે છે ત્યારે અહંકાર કહેવાય. અને એ જ્યારે કોઈ જ વ્યાપાર કરતી નથી=પોતાના વ્યાપારજનનસ્વભાવને જાણે કે સુવાડી દીધો હોય.. ત્યારે એ પ્રકૃતિ કહેવાય છે, હા એ સાધિકાર હોવી જોઈએ. એનો અધિકાર નિવૃત્ત થયા પછી (એટલે કે પાતંજલદર્શનની પરિભાષામાં બુદ્ધિતત્ત્વ વિલીન થઈ ગયા પછી) માત્ર શુદ્ધ પુરુષ રહે છે ને એ પુરુષ આત્મા જ કહેવાય છે, બુદ્ધિ નહીં. આમ બુદ્ધિથી જ કામ સરી જાય છે, તો પ્રકૃતિ-અહંકાર વગેરે સ્વતંત્ર તત્ત્વો માનવાની જરૂર રહેતી નથી. ॥ ૧૧-૨૫ ॥ વળી પાતંજલ યોગદર્શનમાં આવતો અન્ય દોષ પણ જણાવે છે -

ગાથાર્થ : પુરુષને વ્યંજક માનવામાં પણ કૂટસ્થપણું અયોગ્ય ઠરે છે. એ તો 'અધિષ્ઠાનપણારૂપ જ છે' એમ જો કહેશો, તો 'તદા' ઇત્યાદિ જે કહ્યું છે તે નિરર્થક થઈ જશે.

ટીકાર્થ : પુરુષ વ્યંજક છે એમ માનવામાં પણ કૂટસ્થપણું અસંગત ઠરી જાય છે, કારણ કે અભિવ્યંજકત્વ એટલે અભિવ્યક્તિજનકત્વ. અને તો પછી 'પુરુષ અકારણ અને અકાર્ય છે' આવું તમારું વચન હણાઈ જશે.

अभिव्यञ्जकत्वं ह्यभिव्यक्तिजनकत्वम् । तथा च *"अकारणमकार्यं च पुरुष"* इति वचनं व्याहन्येतेति भावः । '**अधिष्ठानत्वं**=अभिव्यक्तिदेशाश्रयत्व**मेतद्**= व्यञ्जकत्वं, पुरुषस्तु सदैकरूप' इति **चेत्** ? तर्हि **तदेत्यादि** *"तदा द्रष्टुः स्वरूपावस्थान"मिति*(यो.सू.१-३) सूत्रं **निरर्थकं**, तदेत्यस्य व्यवच्छेद्याभावात् । काल्पनिकत्वे चैतद्विषयस्य

'આ વ્યંજકત્વ (જનકત્વરૂપ નથી, પણ) અધિષ્ઠાનત્વરૂપ = અભિવ્યક્તિદેશના આશ્રયરૂપ છે, પુરુષ તો હંમેશા એક રૂપ જ છે' આવું જો કહેશો, તો યોગસૂત્ર (૧-૩)માં 'તદેત્યાદિ=ત્યારે દ્રષ્ટાનું સ્વરૂપમાં અવસ્થાન થાય છે' આવું જે કહ્યું છે, તે નિરર્થક બની જશે, કારણ કે તદા=ત્યારે.. આનો કોઈ વ્યવચ્છેદ્ય છે નહીં. આના વિષયને કાલ્પનિક માનવામાં ઘટાદિવ્યવહારના વિષયને પણ તેવો માનવાની આપત્તિ આવવાથી શૂન્યવાદીમતમાં પ્રવેશ થઈ જશે.

વિવેચન : પૂર્વે 'બે પ્રકારની ચિત્શક્તિમાંથી બીજી સત્ત્વમાં રહેલ અભિવ્યંગ્ય ચિત્શક્તિ પુરુષના સન્નિધાનથી અભિવ્યક્ત થાય છે' એ વાત આવેલી છે. એટલે કે પુરુષ આ બીજી ચિત્શક્તિનો અભિવ્યંજક છે. આમાં અભિવ્યંજક એટલે અભિવ્યક્તિનો જનક. વળી પુરુષને કૂટસ્થનિત્ય માનવા માટે અકારણ (=કોઈનું પણ કારણ નહીં) અને અકાર્ય (=કોઈનું પણ કાર્ય નહીં) માન્યો છે. એટલે પુરુષને અભિવ્યંજક માનવામાં અકારણ માનવાની વાત ઊડી જ જાય એ સ્પષ્ટ છે.

પાતંજલ : અમે 'અભિવ્યંજક એટલે અભિવ્યક્તિજનક' એવો અર્થ નથી કરતાં, પણ 'અભિવ્યક્તિદેશનો આશ્રય' એવો કરીએ છીએ. આશય એ છે કે ચિત્શક્તિની અભિવ્યક્તિ બુદ્ધિમાં થાય છે. એટલે કે બુદ્ધિ અભિવ્યક્તિનો દેશ છે. વળી બુદ્ધિ તે-તે પુરુષને આશ્રીને રહી હોવાથી પુરુષ તેનો આશ્રય છે. પુરુષનું આમ અભિવ્યક્તિદેશઆશ્રય હોવું એ જ એનું અભિવ્યંજકત્વ છે. એટલે પુરુષની અકારણતા જળવાઈ રહે છે. ને એ સદા એકરૂપ હોવો પણ અબાધિત રહે છે.

ગ્રન્થકાર : તો પછી તદા.. ઇત્યાદિ જે યોગસૂત્ર (૧-૩) છે તે નિરર્થક બની જશે, કારણ કે તદા શબ્દથી જેની બાદબાકી કરવાની હોય એવો કોઈ વ્યવચ્છેદ્ય રહ્યો નથી. આશય એ છે કે યોગસૂત્ર (૧-૩) નો અર્થ છે- ત્યારે=ચિત્તવૃત્તિનિરોધકાળમાં દ્રષ્ટાનું=પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન થાય છે. હવે, અમારો તમને પ્રશ્ન છે કે, ચિત્તવૃત્તિનિરોધ થવા પૂર્વે પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન હતું કે નહોતું ? જો 'ન હોતું' એમ કહેશો, તો પુરુષ સદા એકરૂપ છે એ વાત ઊડી જશે, કારણકે એ પહેલાં સ્વરૂપમાં અવસ્થિત નહોતો ને પછી થયો. જો એમ કહેશો કે 'હતું' તો તદા=ત્યારે લખવું વ્યર્થ જ થઈ ગયું ને.. કારણ કે એ પૂર્વે પણ એ અવસ્થાન હતું જ. જો ચિત્તવૃત્તિના અનિરોધકાળમાં અવસ્થાન ન હોય તો જ એની બાદબાકી કરવા 'તદા= નિરોધકાળમાં' એમ લખવું જરૂરી બને..

પાતંજલ : આ સૂત્રનો વિષય કાલ્પનિક છે.. તેથી એનાથી 'પુરુષ સદા એકરૂપ છે' એ વાતનો છેદ ઊડી શકે નહીં.

ગ્રન્થકાર : વૃત્તિનિરોધકાળે યોગીઓને સ્વરૂપમાં અવસ્થાનનો અનુભવ હોય છે. એટલે, આવા અનુભવના વિષયને પણ જો કાલ્પનિક=તુચ્છ માની શકાતો હોય તો તો સામાન્ય લોકોને 'આ ઘટ છે' 'આ પટ છે' એવો

घटादिव्यवहारविषयस्यापि तथात्वापत्तौ शून्यवादिमतप्रवेश इति भावः ।। २६।।

निमित्तत्वेऽपि कौटस्थ्यमथास्यापरिणामतः ।
स्याद् भेदो धर्मभेदेन तथापि भवमोक्षयोः ।। २७।।

'निमित्तत्वेऽपी'ति । **अथास्य**=आत्मनो **निमित्तत्वेऽपि** सत्त्वनिष्ठामभिव्यङ्ग्यां चिच्छक्तिं प्रत्य**परिणामतः**=परिणामाभावात् **कौटस्थ्यम्** । 'अकारणमि'त्यस्यानुपादानकारणमित्यर्थादुपादानकारणस्यैव

જે અનુભવ થાય છે, એના વિષયને પણ કાલ્પનિક માની શકવાથી ઘટ-પટ કોઈ વાસ્તવિક પદાર્થ સિદ્ધ થશે જ નહીં.. અને તો પછી શૂન્યવાદી બૌદ્ધમતમાં પ્રવેશ થઈ જવાની તમને આપત્તિ આવશે. ॥ ૧૧-૨૬ ॥ ('અભિવ્યંજકત્વ એટલે અભિવ્યક્તિજનકપણું ખરું, પણ એ નિમિત્તકારણરૂપે, ઉપાદાનકારણરૂપે નહીં' એવી શંકા અને એનો જવાબ ગ્રન્થકાર રજુ કરે છે -)

ગાથાર્થ : આમાં=પુરુષમાં નિમિત્તત્વ હોવા છતાં પરિણામ ન હોવાથી કૌટસ્થ્ય છે. છતાં પણ મોક્ષમાં ધર્મભેદે પુરુષનો ભેદ થશે.

ટીકાર્થ : શંકા : આ=આત્મા સત્ત્વમાં રહેલી અભિવ્યંગ્ય ચિત્શક્તિ પ્રત્યે નિમિત્ત કારણ હોવા છતાં અપરિણામ=પરિણામનો અભાવ હોવાથી કૂટસ્થ છે. 'અકારણ' એવું જે કહ્યું છે એનો અર્થ 'અનુપાદાન કારણ' છે. ઉપાદાનકારણ જ પરિણામી હોય છે, જેમાં પરિણામ અવસ્થાન્તરની પ્રાપ્તિરૂપ છે. **સમાધાન**-તેમ છતાં ભવ-મોક્ષમાં=સંસાર અને અપવર્ગમાં ધર્મભેદે= ભોગનિમિત્તત્વ અને અનિમિત્તત્વ એવા ધર્મભેદે સ્યાત્=કથંચિદ્ ભેદ માનવો આવશ્યક છે. **શંકા :** મોક્ષમાં પણ પૂર્વસ્વભાવ છે જ, છતાં અન્ય કારણ નહીં હોવાથી ભોગો હોતા નથી.. પછી પુરુષનો શું ભેદ થયો ? **સમાધાન :** હે સૌમ્ય ! તો પુરુષનો ભવસ્વભાવ અને મોક્ષસ્વભાવ.. આ બેમાં વિરોધ કેમ નહીં આવે ? **શંકા :** પુરુષ પહેલેથી આ બન્ને સ્વભાવનો ભેગો એક સ્વભાવવાળો હોવાથી આ વિરોધ દોષ આવતો નથી. **સમાધાન :** આ તો બીજી રીતે સ્યાદ્વાદ જ છે, પછી સ્યાદ્વાદના નામથી ફોગટ ખેદ શા માટે પામે છે ?

વિવેચન : પાતંજલ : પુરુષને અકારણ જે કહ્યો છે, તે પરિણામીકારણ=ઉપાદાનકારણ તરીકે અકારણ કહ્યો છે. એટલે કે પુરુષ કોઈનું ઉપાદાનકારણ બનતો નથી, એ અનુપાદાનકારણ છે. એટલે સત્ત્વમાં રહેલી અભિવ્યંગ્ય ચિત્શક્તિનું એ નિમિત્ત કારણ બને તો એમાં વાંધો શું છે ? પરિણામકારણ એવું હોય છે કે એને કાર્યરૂપે પરિણમવું પડે છે ને કાર્યનાશે નાશ પામવું પડે છે, જેથી કૌટસ્થ્ય રહી શકે નહીં.. નિમિત્તકારણને આ પ્રશ્ન હોતો નથી. માટીએ ઘટરૂપે પરિણમવું પડે છે ને ઘટનાશે 'ઘટ' તરીકે નાશ પામવું પડે છે.. નિમિત્તકારણ દંડને, ઘડો ઉત્પન્ન થાય કે નાશ પામે, શું લાગે વળગે ? એ તો એવો ને એવો રહી જ શકે છે. એમ, પુરુષ અભિવ્યંગ્યચિત્શક્તિનું નિમિત્તકારણ બને એટલામાત્રથી એને બદલાઈ જવું પડતું નથી, ને તેથી કૂટસ્થનિત્યત્વ અકબંધ રહી શકે છે. જે ઉપાદાનકારણ હોય, એ જ પરિણામી હોય છે, જેના અન્ય અવસ્થા પામવારૂપ પરિણામ થાય છે. પુરુષ કોઈનું ઉપાદાન કારણ નથી. તેથી પરિણામી નથી ને તેથી એ અન્ય અવસ્થાને પામતો નથી. આમ સ્થિર એક અવસ્થા રહેવાથી એ કૂટસ્થનિત્ય તરીકે અબાધિત છે જ. એ જ રીતે ભોગનું પણ એ નિમિત્તકારણ છે, ઉપાદાનકારણ નહીં, માટે એનું કૂટસ્થપણું અખંડ રહે છે.

परिणामित्वात् परिणामस्य चावस्थान्तरगमनलक्षणत्वादिति भावः। **तथापि भवमोक्षयोः** = संसारापवर्गयो-**र्धर्मभेदेन**=भोगनिमित्तानिमित्तत्वधर्मभेदेन **स्यात्**=कथञ्चिद् **भेद** आवश्यकः।

मोक्षेऽपि पूर्वस्वभावसत्त्वे कारणान्तराभावान्न भोग इति को भेद इति चेत् ?

सौम्य ! कथं तर्हि न भवमोक्षोभयस्वभावे विरोधः ? उभयैकस्वभावत्वान्नायमिति चेद्? भङ्ग्यन्तरेणायमेव स्याद्वाद इति किं वृथा खिद्यसे ? ।। २७।।

प्रसङ्गतादवस्थ्यं च बुद्धेर्भेदेऽपि तत्त्वतः ।
प्रकृत्यन्ते लये मुक्तेर्न चेदव्याप्यवृत्तिता ।। २८।।

प्रसङ्गेति । **बुद्धेर्भेदेऽपि**=प्रत्यात्मनियतत्वेऽप्यभ्युपगम्यमाने **(च) तत्त्वतः**=परमार्थतः **प्रकृत्यन्ते**=प्रकृति-विश्रान्ते **लये**=दुःखध्वंसे सति **प्रसङ्गतादवस्थ्यं**=एकस्य मुक्तावन्यस्यापि तदापत्तिरित्यस्यापरिहार एव, प्रकृतेरेव मुक्तेरभ्युपगम्यमानत्वात्, तस्याश्च मुक्तत्वामुक्तत्वोभयविरोधात् ।

ગ્રન્થકાર : તેમ છતાં, સંસાર દરમ્યાન એ ભોગનિમિત્ત બને છે, મોક્ષમાં ભોગનું અનિમિત્ત બને છે. આમ ભોગનું નિમિત્તત્વ અને અનિમિત્તત્વ એવો ધર્મભેદ થવાથી ધર્મી એવા પુરુષનો પણ કથંચિદ્ ભેદ માનવો આવશ્યક બનવાથી કૂટસ્થત્વ નહીં રહે.

પાતંજલ : મોક્ષકાળમાં પણ પુરુષનો સ્વભાવ તો ભોગનિમિત્ત બનવાનો જ છે. માત્ર ભોગના અન્યકારણરૂપ ચિત્તનો અભાવ હોવાથી ભોગ હોતો નથી. એટલે પુરુષમાં કયો ભેદ છે જે એના કૂટસ્થત્વને હાનિ પહોંચાડે ?

ગ્રન્થકાર : સૌમ્ય ! સંસારમાં પુરુષનો ભવસ્વભાવ છે. મોક્ષમાં મોક્ષસ્વભાવ છે. આ બે સ્વભાવ વચ્ચે જ વિરોધ શી રીતે નથી ? અર્થાત્ એ બે વચ્ચે વિરોધ છે જ ને તેથી બન્ને એકીસાથે ન સંભવે. ભિન્ન ભિન્ન કાળે માનવામાં સ્વભાવાન્તર થશે જ ને !

પાતંજલ : આ બે સ્વભાવો કાંઈ અલગ-અલગ સ્વભાવો નથી કે જેથી સ્વભાવાન્તર થતા કૂટસ્થત્વ બાધિત થઈ જાય. આ બન્નેનો સંવલિત એક ભેગો સ્વભાવ અમે માનીએ છીએ. એટલે કે સંસાર અને મોક્ષ બન્નેનું સંપાદન કરી આપે એવો એક જ સ્વભાવ પુરુષમાં છે, જે સંસાર-મોક્ષ બન્ને કાળ દરમ્યાન અવ્યાહત રહે છે.

ગ્રન્થકાર : ધન્યવાદ ! આ તો તમે અલગ રીતે પણ સ્યાદ્વાદને જ જણાવ્યો. કારણ કે (નિત્યત્વ-અનિત્યત્વ વગેરે રૂપ) બે વિરુદ્ધ ભાસતા ધર્મોનો (નિત્યાનિત્યત્વ વગેરે રૂપ) એક સ્વભાવે સ્વીકાર એ જ તો સ્યાદ્વાદ છે. એટલે સ્યાદ્વાદના નામથી ખેદ પામવાની જરૂર નથી. ॥૧૧-૨૭॥ (પુરુષ તો એવો ને એવો જ રહે છે, બુદ્ધિના હોવા-ન હોવાથી જ સંસાર-મોક્ષ થાય છે.. આવી શંકા અંગે ગ્રન્થકાર કહે છે-)

ગાથાર્થ : પ્રકૃતિમાં વિશ્રાન્તિ પામતા લયરૂપ મોક્ષ માનવામાં, બુદ્ધિનો ભેદ હોય તો પણ તત્ત્વતઃ પ્રસંગ=આપેલો દોષ તદવસ્થ રહે છે. જો મુક્તિની અવ્યાપ્યવૃત્તિતા ન માનો તો.

ટીકાર્થ : બુદ્ધિને પ્રત્યાત્મનિયત માનવામાં આવે તો પણ પરમાર્થથી, પ્રકૃતિમાં વિશ્રાન્ત થતા દુઃખધ્વંસરૂપ લય (એ મોક્ષ હોવાથી) પ્રસંગ=દૂષણ તદવસ્થ જ રહેશે.. એટલે કે એકની મુક્તિમાં અન્યની મુક્તિ થઈ જવાના

एकत्र वृक्षे संयोग-तदभावयोरिव प्रकृतौ विभिन्नबुद्ध्यवच्छेदेन न मुक्तत्वामुक्तत्वयोर्विरोध इत्यत आह-**चेद्**=यदि **मुक्तेरव्याप्यवृत्तिता न** 'अभ्युपगम्यत' इति शेषः ।

દોષનો પરિહાર નહીં જ થાય, કારણ કે પ્રકૃતિનો જ મોક્ષ મનાઈ રહ્યો છે. પ્રકૃતિમાં મુક્તત્વ-અમુક્તત્વનો વિરોધ છે. **શંકા :** એક જ વૃક્ષમાં સંયોગ અને તેના અભાવની જેમ પ્રકૃતિમાં અલગ-અલગ બુદ્ધિઅવચ્છેદેન મુક્તત્વ-અમુક્તત્વનો વિરોધ નથી.. **સમાધાન :** જો મુક્તિને અવ્યાપ્યવૃત્તિ નહીં માનો તો (દોષ તદવસ્થ રહે છે). અહીં અભ્યુપગમ્યતે એટલું પદ શેષ છે=અધ્યાહારથી લેવાનું છે[13]. અને જો એને અવ્યાપ્યવૃત્તિ માનવામાં આવે તો મુક્તઆત્માનો પણ અમુક્ત તરીકે વ્યવહાર થવાની આપત્તિ એ જ દૂષણ છે. વળી આ રીતે તો મુક્ત આત્માને પણ ભવસ્થશરીરાવચ્છેદેન ભોગ માનવો પડશે. માટે તે પુરુષની પ્રકૃતિની નિવૃત્તિ અવશ્ય માનવી જોઈએ એમ જાણવું.

વિવેચન : પૂર્વે ૧૨મા શ્લોકમાં ગ્રન્થકારે દૂષણ દર્શાવેલ કે પ્રકૃતિને એક માનવામાં એકનો મોક્ષ થવામાં બધાની મુક્તિ થઈ જશે... એ દૂષણનું પાતંજલવિદ્વાનોએ ૧૮મા શ્લોકમાં પ્રકૃતિ એક હોવા છતાં આત્માએ આત્માએ બુદ્ધિતત્ત્વ અલગ અલગ છે.. ને તેથી જેની બુદ્ધિનો લય થયો તે મુક્ત, જેની બુદ્ધિનો લય નથી થયો તે અમુક્ત.. આ રીતે વારણ કર્યું હતું. હવે આ ૨૮મા શ્લોકમાં ગ્રન્થકાર કહે છે કે બુદ્ધિને આત્મા-આત્માએ ભિન્ન માનવા છતાં સર્વ આત્માઓની મુક્તિ થઈ જવાની આપત્તિરૂપ પ્રસંગ હજુ તેવો ને તેવો જ ઊભો છે. આશય એ છે કે પાતંજલ (અને સાંખ્ય) દર્શનના મતે જે કાર્ય જ્યાંથી ઉદય પામે છે, ત્યાં જ તે કાર્ય લય પામે છે. એટલે દુઃખ જો બુદ્ધિમાંથી પેદા થાય છે, તો એનો ધ્વંસ પણ બુદ્ધિમાં જ થાય છે. દુઃખનો સર્વથા ધ્વંસ એ મુક્તિ છે. પણ ચિત્તવૃત્તિનિરોધ થવા પર બુદ્ધિ પણ પ્રકૃતિમાં વિલીન થઈ જાય છે. એટલે છેવટે મુક્તિ પ્રકૃતિમાં રહે છે.. અર્થાત્ પ્રકૃતિ મુક્ત થાય છે. એનો ઉપચાર પુરુષમાં થાય છે. તેથી પુરુષ મુક્ત કહેવાય છે.

હવે પ્રકૃતિને એક માની છે, એટલે સર્વથા એક માની છે. (નહીંતર તો અનેકાન્તવાદ આવી જાય.) એટલે પ્રકૃતિ એ મુક્ત છે તો મુક્ત જ છે, અમુક્ત હોઈ ન શકે.. તેથી જે પુરુષની બુદ્ધિના વિલયથી પ્રકૃતિ મુક્ત થઈ છે, એ સિવાયના પુરુષો માટે પણ પ્રકૃતિ તો મુક્ત જ છે, એટલે સર્વ પુરુષની મુક્તિનો દોષ આવશે જ.

પાતંજલ : જેમ વૃક્ષમાં શાખાવચ્છેદેન કપિસંયોગ રહ્યો હોવા છતાં મૂળાવચ્છેદેન કપિસંયોગાભાવ પણ રહે જ છે. એમ પ્રકૃતિમાં પણ જુદા-જુદા અવચ્છેદકથી મુક્તત્વ અને અમુક્તત્વ રહી જ શકે છે ને ! (મુક્ત થયેલા) એકપુરુષીયબુદ્ધિઅવચ્છેદેન પ્રકૃતિ મુક્ત છે, તદન્યપુરુષીયબુદ્ધિઅવચ્છેદેન એ અમુક્ત છે. પછી વિરોધ ક્યાં રહ્યો ? ને બધાની મુક્તિનો દોષ પણ ક્યાં રહ્યો ?

ગ્રન્થકાર : આનો અર્થ થયો તમે મુક્તત્વને=મુક્તિને અવ્યાપ્યવૃત્તિ માનો છો. અમે જે દોષારોપણ કરેલ છે તે તો એને અવ્યાપ્યવૃત્તિ ન માનતા હો તો જ. (એક જ અધિકરણમાં અવચ્છેદકભેદે પ્રતિયોગી અને એનો અભાવ બંને રહેતા હોય એ અવ્યાપ્યવૃત્તિ કહેવાય છે.) આમ તમે જો એને અવ્યાપ્યવૃત્તિ માનો છો તો એ દોષ નહીં આવે, પણ બીજા દોષ આવશે. અને તે આ કે મુક્તપુરુષનો પણ અમુક્ત તરીકે વ્યવહાર કરવો પડશે. આશય એ છે કે પાતંજલોએ પુરુષભેદે બુદ્ધિભેદ માન્યો છે, પણ પ્રકૃતિભેદ માન્યો

---

13. *શ્લોકમાં अव्याप्यवृत्तिता પછી नाभ्युपगम्यते એ અધ્યાહાર છે...* શબ્દશઃ વિવેચનકારની આ વાત ગલત છે, કારણ કે અહીં, માત્ર अभ्युपगम्यते એટલો જ અધ્યાહાર છે. ન તો શ્લોકમાં છે જ.

तदभ्युपगमे च मुक्तेऽप्यमुक्तत्वव्यवहारापत्तिरेव दूषणम् । किञ्चैवं मुक्तस्याप्यात्मनो भवस्थशरीरावच्छेदेन भोगापत्तिरिति तत्प्रकृतिनिवृत्तिरवश्यमभ्युपेयेति द्रष्टव्यम् ।। २८।।

प्रधानभेदे चैतत्स्यात् कर्म बुद्धिगुणः पुमान् ।
स्याद् ध्रुवश्चाध्रुवश्चेति जयताज्जैनदर्शनम् ।। २९।।

નથી. એટલે, પ્રકૃતિને જો મુક્ત અને અમુક્ત માનશો, તો મુક્ત પુરુષ માટે પણ પ્રકૃતિ અમુક્ત પણ છે જ. અને એ જો અમુક્ત છે તો એ અમુક્તપ્રકૃતિનો પણ પુરુષમાં ઉપચાર થવાથી પુરુષને પણ અમુક્ત કહેવો જ પડશે. આને જ બીજી રીતે કહેવું હોય તો, મુક્તિ જો અવ્યાપ્યવૃત્તિ પદાર્થ છે તો એ પ્રકૃતિમાં જેમ અવ્યાપ્યવૃત્તિ છે એમ પુરુષમાં પણ અવ્યાપ્યવૃત્તિ જ રહેશે. (અવ્યાપ્યવૃત્તિજાતીય વસ્તુ વ્યાપ્યવૃત્તિજાતીય બની શકતી નથી એવું નૈયાયિકોને પણ માન્ય છે. એટલે મુક્તિ પુરુષમાં પણ વ્યાપ્યવૃત્તિ બની નહીં શકવાથી અવ્યાપ્યવૃત્તિ જ રહેશે.) અને તો પછી, કપિસંયોગી વૃક્ષ પણ જેમ અન્યદેશાવચ્છેદેન કપિસંયોગાભાવવાન્ પણ છે જ, એમ મુક્તપુરુષ પણ અમુક્ત પણ બનશે જ.

વળી આમ તો મુક્તપુરુષને પણ ભવસ્થશરીરાવચ્છેદેન ભોગ માનવો પડશે.

શંકા : પ્રતિલોમશક્તિથી પાંચભૂત વગેરે પોતપોતાના કારણમાં વિલીન થતા જાય છે. અને એ ક્રમે બુદ્ધિ પ્રકૃતિમાં વિલીન થવા પર પુરુષનો મોક્ષ થાય છે. એટલે મુક્તાવસ્થામાં પાંચ ભૂત-જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિય વગેરે કશું હોતું નથી.. એનો મતલબ શરીર હોતું નથી.. તેથી મુક્તશરીર જેવો કોઈ વ્યવચ્છેદ્ય જ નથી, તો ભવસ્થશરીર એમ શરીરનું ભવસ્થ એવું વ્યર્થવિશેષણ શા માટે લગાડ્યું ?

પ્રતિશંકા : અહીં 'ભવસ્થ એવું શરીર' એવો અર્થ નથી કે જેથી ભવસ્થ એ શરીરનું વિશેષણ બને.. અહીં તો 'જીવ જ્યારે ભવસ્થ હતો, ત્યારનું એનું શરીર' એવો અર્થ છે. અર્થાત્ ભવસ્થનું શરીર એ ભવસ્થશરીર એમ ષષ્ઠી તત્પુરુષ છે.

શંકા : પુરુષની મુક્તાવસ્થામાં તો એ શરીર ઉપર જણાવ્યા મુજબ વિદ્યમાન જ નથી. (પૂર્વ જ વિલીન થઈ ગયું છે). પછી તદવચ્છેદેન ભોગ શી રીતે સંભવે ?

સમાધાન : આવા પ્રશ્નો ન આવે એ માટે અહીં, ભવસ્થજીવનું શરીર એવો અર્થ લેવો જોઈએ. અર્થાત્ વિવક્ષિત મુક્તપુરુષ કરતાં અન્ય પુરુષ કે જે હજુ અમુક્ત છે=ભવસ્થ છે, એવા ભવસ્થજીવનું શરીર. જેમ આવા જીવની બુદ્ધિની અપેક્ષાએ પ્રકૃતિ, મુક્ત પુરુષ માટે પણ.. અમુક્ત રહી શકે છે (કારણ કે પ્રકૃતિ એક જ છે) એમ આવા જીવના (=ભવસ્થજીવના) શરીરની અપેક્ષાએ પ્રકૃતિ, મુક્તપુરુષ માટે પણ ભોગસંપાદન કરી શકે છે, કારણ કે પ્રકૃતિ એક જ છે. અર્થાત્ ભવસ્થશરીરાવચ્છેદેન પ્રકૃતિ પુરુષીયભોગસંપાદક છે... ને એ પ્રકૃતિ સર્વપુરુષો માટે એક જ છે.. એટલે એ મુક્તપુરુષ માટે પણ ભોગસંપાદક બનશે જ.

આવી બધી આપત્તિઓ ન આવે એ માટે તે તે પુરુષની પ્રકૃતિ અલગ માનવી જોઈએ. જે પુરુષની પ્રકૃતિ નિવૃત્ત થઈ ગઈ છે, એને ભોગસંપાદન થતું નથી, એ મુક્ત થઈ જાય છે. જેની પ્રકૃતિ હજુ નિવૃત્ત થઈ નથી એને ભોગસંપાદન કરે છે, એ જીવ મુક્ત નથી... આમ બધી વ્યવસ્થા સુચારુ થઈ જાય એ માટે તે-તે પુરુષની પ્રકૃતિ અલગ-અલગ માનવી જોઈએ. ॥ ૧૧-૨૮॥ (હવે દરેકની પ્રકૃતિ અલગ-અલગ માની લઈએ તો બીજું શું માનવું જરૂરી બને છે એ ગ્રન્થકાર જણાવે છે-)

'प्रधाने'ति । उक्तदोषभिया **प्रधानभेदे चाभ्युपगम्यमान** आत्मभोगापवर्गनिर्वाहक**मेतत् कर्म** स्यात् । **पुमान्**=पुरुषो **बुद्धिगुणः स्यात्**, बुद्ध्युपलब्धिज्ञानानामनर्थान्तरत्वात् ।

स्यात्=कथञ्चिद् **ध्रुवश्च** द्रव्यतोऽ**ध्रुवश्च** पर्यायत **इति**=एवं **जैनदर्शनं जयतात्**, दोषलवस्याप्यस्पर्शात् । **ननु** च पुंसो विषयग्रहणसमर्थत्वेनैव चिद्रूपत्वं व्यवतिष्ठत इति विकल्पात्मकबुद्धिगुणत्वं न युक्तं, अन्तर्बहिर्मुखव्यापार-द्वयविरोधादिति **चेत्** ?

गाथार्थ : જો પ્રધાનનો ભેદ માની લેશો, તો એ પ્રધાન કર્મરૂપ બની જશે અને પુરુષ બુદ્ધિગુણવાળો બનશે, અને તેથી એ સ્યાદ્ધ્રુવ-અધ્રુવ બનશે. એટલે જૈનશાસન જય પામો.

ટીકાર્થ : ઉપર કહેલા દોષના ભયથી પ્રધાનનો=પ્રકૃતિનો ભેદ જો માની લેવામાં આવે તો, આત્માના ભોગ અને અપવર્ગના નિર્વાહક (પોતપોતાના સ્વતંત્ર પ્રકૃતિતત્ત્વ એવું) આ કર્મરૂપ જ બની જશે. તથા પુરુષ બુદ્ધિગુણવાળો બનશે, કારણ કે [14]બુદ્ધિ-ઉપલબ્ધિ-જ્ઞાનવગેરે અર્થાન્તર=જુદા નથી. વળી એ પુરુષ કથંચિદ્ દ્રવ્યથી ધ્રુવ બનશે, પર્યાયથી અધ્રુવ... એટલે જૈનદર્શન જય પામશે.. કારણ કે એમાં દોષનો લવ પણ સ્પર્શતો નથી. **શંકા :** પુરુષ વિષયગ્રહણસમર્થ છે, માટે જ ચિદ્રૂપ તરીકે નિશ્ચિત થઈ જાય છે, (પછી એ ચિદ્રૂપત્વમાટે) એનો વિકલ્પાત્મક બુદ્ધિરૂપ ગુણ માનવો એ યોગ્ય નથી, કારણ કે અન્તર્મુખ અને બહિર્મુખ.. આ બન્ને વ્યાપારનો વિરોધ છે.

સમાધાન : પુરુષનો, અનુભવાતો ક્રમિક એક ઉપયોગ સ્વભાવ માનવાથી એ વિરોધ રહેતો નથી.

વિવેચન : મુક્તપુરુષનો પણ અમુક્ત તરીકે વ્યવહાર થવાનો તથા ભવસ્થશરીરાવચ્છેદેન ભોગસંપાદન થવાનો જે દોષ પૂર્વગાથામાં દર્શાવ્યો એના ડરથી પાતંજલવિદ્વાનો જો આત્માએ આત્માએ પ્રકૃતિને પણ અલગ અલગ માને, તો પછી એ પ્રકૃતિ, જૈનદર્શને કહેલ કર્મરૂપ જ બની જશે, કારણ કે એ જ જીવના ભોગ અને અપવર્ગનું નિર્વાહક છે. કર્મ જીવને શરીર-ઇન્દ્રિય-ભોગસામગ્રી અને ભોગની ઇચ્છા.. બધું જ પૂરું પાડવાદ્વારા ભોગનું સંપાદન કરે છે... તથા માનવભવ-જૈનધર્મ-સદ્ગુરુયોગ-સાધનાનુકૂળસામગ્રી વગેરે બધું જ પૂરું પાડવા દ્વારા સાધનાનું સંપાદન કરીને સ્વનાશની=મોક્ષપ્રાપ્તિની અનુકૂળતા કરી આપે છે. આમ એ મોક્ષનું સંપાદન કરી આપે છે. માટે 'પ્રકૃતિ એ જ કર્મ' એવું નિશ્ચિત કરી શકાય છે.

વળી પૂર્વે ૨૪મી ગાથામાં ગ્રન્થકારે 'બુદ્ધિ એ પુરુષનું જ નામ થશે' એમ કહીને આત્માને બુદ્ધિમય સાબિત કરેલો.. જૈનદર્શન આત્માને કથંચિત્ જ્ઞાનમય માને છે અને કથંચિત્ જ્ઞાનવાન્ માને છે. અર્થાત્ જ્ઞાનની સાથે જીવનો ભેદાભેદ સંબંધ માને છે. જો આત્માને જ્ઞાનસ્વરૂપ નહીં માનવામાં આવે તો આત્માનું પોતાનું કોઈ સ્વરૂપ નહીં રહેવાથી એ નિઃસ્વરૂપ બની જાય. વળી જ્યારે જ્ઞાન નહીં હોય ત્યારે આત્મામાં ને જડમાં ફેર શું? માટે આત્મા જ્ઞાનમય છે. વળી જ્ઞાનનાશે આત્માનો કાંઈ સર્વથા નાશ થઈ જતો નથી. માટે આત્મા જ્ઞાનથી

---

14. *વળી, જીવમાં વર્તતું જ્ઞાન...* વગેરે ફકરામાં શબ્દશઃ વિવેચનકારે લબ્ધિને ક્ષયોપશમભાવરૂપે કહી, બુદ્ધિને બોધ કરવાની શક્તિરૂપે કહી અને જ્ઞાનને ઉપયોગરૂપે કહ્યું.. અને છતાં પાછું લખે છે કે *આ ત્રણે એકાર્થવાચી છે...* (ગ્રન્થકારે અનર્થાન્તરમ્ કહીને એકાર્થવાચિતા જણાવેલી છે.. તેથી એ પંડિતે કરેલી આ વ્યાખ્યાઓ અહીં અપ્રસ્તુત છે એમ સમજવું, કારણ કે એ વ્યાખ્યાઓ તો આ ત્રણને અર્થાન્તરરૂપે જણાવે છે.)

न, अनुभूयमानक्रमिकैकोपयोगस्वभावत्वेन तदविरोधादिति ।। २९ ।।

કથંચિદ્ ભિન્ન પણ છે ને તેથી જ્ઞાનગુણવાળો છે. બુદ્ધિ-ઉપલબ્ધિ અને જ્ઞાન.. આ બધા એકાર્થક શબ્દો છે. એટલે આત્મા જો જ્ઞાનગુણવાળો છે તો બુદ્ધિગુણવાળો પણ છે જ. (સાંખ્યદર્શનકારો બુદ્ધિ-ઉપલબ્ધિ-જ્ઞાનને અલગ-અલગ માને છે, માટે એના ખંડન માટે આ ત્રણે એકાર્થક છે એમ અહીં જણાવ્યું છે बुद्धिरुपलब्धिर्ज्ञानमित्यनर्थान्तरम् (૧-૧-૧૫) આ ન્યાયસૂત્ર પણ ત્રણેને અનર્થાન્તર=એકાર્થક જણાવે છે. ન્યાયદર્શનવાળા આત્માને એકાન્તે જ્ઞાનવાન્ માને છે, સાંખ્યદર્શનવાળા એકાંતે જ્ઞાનમય માને છે. જૈનદર્શન ઉપર જણાવ્યા મુજબ બંને કથંચિદ્ માને છે. એટલે બુદ્ધિ એ આત્માનો ગુણ છે અને આત્મા બુદ્ધિગુણવાન છે.

વળી આત્મા કથંચિદ્ જ્ઞાનમય છે.. એટલે જ્ઞાનનાશે આત્માનો પણ કથંચિદ્ નાશ થાય છે, માટે એ અધ્રુવ છે.... તથા આત્મા કથંચિદ્ જ્ઞાનગુણવાન્ છે, એટલે જ્ઞાનનાશ થવા છતાં આત્મા ઊભો રહે છે. માટે એ કથંચિદ્ ધ્રુવ છે. આમાં આત્માને જ્ઞાનગુણવાન માન્યો એટલે દ્રવ્યરૂપ માન્યો. તેથી જણાય છે કે દ્રવ્યરૂપે આત્મા ધ્રુવ છે તથા આત્માને જ્ઞાનમય માન્યો એટલે પર્યાયરૂપ માન્યો.. કારણ કે જ્ઞાન એ ગુણ હોવાથી પર્યાય છે. તેથી પર્યાયરૂપ આત્મા અધ્રુવ છે. આમ જૈનદર્શનઅનુસાર આત્મા ધ્રુવાધ્રુવ છે. (પાતંજલ વિદ્વાનોએ પણ બુદ્ધિને.. ચિત્તને પરિણામી તરીકે જણાવીને તે તે પરિણામનાશે નાશ પામનારી અને છતાં આગળ-આગળનાં પરિણામોમાં એનો અન્વય કહેવા દ્વારા નાશ ન પામનારી પણ કહી જ છે ને !)

આત્માને આમ પરિણામી કહેવા દ્વારા ધ્રુવાધ્રુવ કહેતા જૈન દર્શનનો જય થાય છે, કારણ કે આત્માને કૂટસ્થનિત્યમાનવાવાળાં પાતંજલવિદ્વાનોને જે દોષો આવવા ઉપર દર્શાવ્યા છે, આમાંનો અંશમાત્ર પણ દોષ જૈનદર્શનમાં આવતો નથી. તે પણ એટલા માટે કે જીવના જ્ઞાન-સુખ-દુઃખ-કર્તૃત્વ-ભોક્તૃત્વ-સંસાર અને મોક્ષ.. બધા જ પરિણામો નિરુપચરિત રીતે સંગત થઈ જાય છે. અનુભવાતી વસ્તુને પણ ઉપચરિત માનવાની કોઈ ઝંઝટ નહીં. નિરુપચરિત સંસાર, નિરુપચરિત મોક્ષ, સાધકનો મોક્ષ.. . અસાધકનો સંસાર.. બધું જ વિના કોઈ આપત્તિ ઘટી જાય છે. માટે જૈનદર્શનનો જય થાય છે.

पातंजल : પુરુષ વિષયનું ગ્રહણ કરવામાં સમર્થ છે, માટે જ ચિદ્રૂપ હોવો સિદ્ધ થઈ જાય છે.. પછી એને વિકલ્પાત્મકબુદ્ધિગુણવાળો માનવો યુક્ત નથી. કારણ કે પૂર્વે ૧૪મી ગાથાની વૃત્તિમાં જણાવ્યા મુજબ બુદ્ધિમાં અન્તર્મુખ અને બહિર્મુખ એવા બે વ્યાપારનો વિરોધ છે.

ग्रन्थकार : યુગપદ્ એક જ ઉપયોગ અનુભવાય છે.. પણ આ ઉપયોગ ક્રમિક હોય છે, ને ક્રમશઃ બદલાતો પણ હોય જ છે.. એટલે 'હું ચેતન છું..' 'હું જ્ઞાની છું..' 'હું સુખી-દુઃખી' વગેરે અન્તર્મુખ ઉપયોગ છે.. 'આ ઘડો છે' વગેરે બહિર્મુખ ઉપયોગ છે. એક સાથે આ બન્ને ઉપયોગ માનવાના હોય તો વિરોધ આવે.. પણ આ તો ક્રમિક માનેલા છે, પછી વિરોધ શું[15]? ॥ ૧૧-૨૯ ॥ (દસમી બત્રીશીમાં ગ્રન્થકારે યોગલક્ષણ આપેલું.. એ

15. શબ્દશઃ વિવેચનકાર સારાંશમાં લખે છે કે *साधनानी प्रारंभिक भूमिकावाळा योगीओ क्यारेक अंतर्मुखव्यापारवाळा थाय छे. तो क्यारेक प्रमादने वश बहिर्मुखव्यापारवाळा पण थाय छे. सुअभ्यस्त योगमार्गवाळा योगीओ बहिर्मुखव्यापारने तिरोधान करीने अंतर्मुखव्यापारवाळा थाय छे..* એ જ અધિકારમાં બહિર્મુખવ્યાપારની પોતે શું વ્યાખ્યા કરી છે? એટલું પણ ધ્યાનમાં રાખે તો આવા છબરડા થાય નહીં. તેઓએ જ *જ્યારે પોતે બાહ્ય પદાર્થને આશ્રયીને 'આ ઘટ છે' 'આ પટ છે' ઇત્યાદિ વિકલ્પો (જ્ઞાન) કરે છે ત્યારે તેઓ બહિર્મુખવ્યાપારવાળા છે..* આ પ્રમાણે જણાવ્યું છે, શું સુઅભ્યસ્ત યોગીઓ બાહ્ય પદાર્થો અંગે 'આ ગોચરી નિર્દોષ છે કે નહીં ?' વગેરે રૂપે બહિર્મુખ ઉપયોગ મૂકે જ નહીં ?

तथा च कायरोधादावव्याप्तं प्रोक्तलक्षणम् ।
एकाग्रतावधौ रोधे वाच्ये च प्राचि चेतसि ।।३०।।

तथा चेति । तथा च=જૈનદર્શનજયસિદ્ધૌ च **प्रोक्तलक्षणं**=पतञ्जल्युक्तयोगलक्षणं **कायरोधादावव्याप्तं**, आदिना वाग्निरोधादिग्रहः । **एकाग्रतावधौ**=एकाग्रतानिरोधमात्रसाधारणे **च रोधे वाच्ये प्राचि**=एकाग्रतायाः पृष्ठभाविनि **चेतसि**=अध्यात्मादिशुद्धेऽव्याप्तम् ।। ३०।।

યોગલક્ષણને સ્થિર કરવા માટે અન્યદર્શનીય યોગલક્ષણની વિચારણા કરવી જોઈએ. એટલે એ માટે અગ્યારમી બત્રીશીમાં પતંજલિઋષિકૃત ચિત્તવૃત્તિનિરોધો યોગઃ એવા લક્ષણની વિચારણા ચાલી રહી છે. આ વિચારણામાં અત્યાર સુધીમાં એ યોગલક્ષણમાં કોઈ દૂષણ ગ્રન્થકારે બતાવ્યું નથી.. માત્ર આત્માને અપરિણામી માનો તો એ લક્ષણ ઘટી શકે નહીં... વગેરે વિચારણા કરી.. અને છેવટે આત્માને પરિણામી માનવામાં=ધ્રુવાધ્રુવ માનવામાં કોઈ દોષ નથી એ જણાવ્યું ને તેથી જૈનદર્શનનો જય થાય છે. એમ ઉપસંહાર કર્યો. પણ પતંજલિ ઋષિએ કરેલા લક્ષણમાં કોઈ દૂષણ તો બતાવ્યું નથી. તો શું એ 'સર્વથા નિર્દોષ' તરીકે ગ્રન્થકારને માન્ય છે ? એવી શંકાના સમાધાન માટે, એ લક્ષણમાં રહેલો અવ્યાપ્તિદોષ હવે ગ્રન્થકાર જણાવે છે -)

ગાથાર્થ : અને તો (તમે) કહેલું લક્ષણ કાયરોધ વગેરેમાં અવ્યાપ્ત છે. એકાગ્રતા સુધી રોધનો વાચ્યાર્થ માનવામાં પણ પૂર્વના ચિત્તમાં (કહેલું લક્ષણ અવ્યાપ્ત છે.)

ટીકાર્થ : તથા ચ=અને જૈનદર્શનનો જય સિદ્ધ થયે છતે પતંજલિએ કહેલું લક્ષણ કાયરોધ 'વગેરે'માં અવ્યાપ્ત છે. 'વગેરે'થી વાગ્નિરોધાદિનું ગ્રહણ છે. એકાગ્રતા અને નિરોધ આ બેમાં જ રોધ માનવાનો હોય તો એકાગ્રતાની પૂર્વકાળમાં રહેલ અધ્યાત્માદિ શુદ્ધ ચિત્તમાં યોગનું લક્ષણ અવ્યાપ્ત છે.

વિવેચન : શ્રી પતંજલિઋષિએ 'ચિત્તવૃત્તિનિરોધ એ યોગ' આ લક્ષણ કહેલું છે. આમાં ચિત્તવૃત્તિનો જ નિરોધ કહ્યો છે એટલે એ સ્પષ્ટ છે કે આ લક્ષણ કાયનિરોધ અને વચનનિરોધમાં જતું નથી. અને તેથી અવ્યાપ્તિ દોષ છે.

(પાતંજલ : કોઈક લક્ષ્યમાં લક્ષણ ન જતું હોય તો અવ્યાપ્તિ કહેવાતી હોય છે. પણ અમારી માન્યતા મુજબ કાયનિરોધ-વચનનિરોધ વગેરે લક્ષ્યભૂત જ નથી, અર્થાત્ એ અમને યોગતરીકે માન્ય જ નથી. પછી એમાં લક્ષણ ન જવું એ તો ગુણરૂપ છે, અવ્યાપ્તિ દોષરૂપ નહીં.)

ગ્રન્થકાર : જૈનદર્શનનો જય સિદ્ધ થયો એટલે જૈનદર્શનને યોગ તરીકે જે જે માન્ય છે, એ તમારે પણ માન્ય કરવા જ પડે. અને જૈનદર્શનને, પાપમાં પ્રવર્તતી કાયાને રુંધવી એ કાઉસ્સગ્ગ અને શૈલેશી અવસ્થા અંગેનો કાયનિરોધ... આ બધું જ યોગ તરીકે માન્ય છે.. એ જ રીતે વાગ્નિરોધ અંગે જાણવું.. એટલે આ બધું જ યોગના લક્ષ્ય છે જ. ને તેથી એમાં લક્ષણ ન જતું હોવાથી અવ્યાપ્તિ દોષ છે જ.

પાતંજલ : ચિત્તના પાંચ પ્રકાર છે (ચિત્તની પાંચ અવસ્થાઓ છે.) ક્ષિપ્ત, વિક્ષિપ્ત, મૂઢ, એકાગ્ર અને નિરુદ્ધ. 'ચિત્તવૃત્તિનિરોધો યોગઃ' યોગના આવા લક્ષણમાં જે નિરોધ શબ્દ રહ્યો છે, તેનો પશ્ચાનુપૂર્વીક્રમે એકાગ્રતા સુધીનો અર્થ લેવાનો છે. અર્થાત્ એકાગ્રતા અને નિરોધ આ બે જ પકડાય એ રીતે નિરોધ શબ્દનો વાચ્યાર્થ લેવાનો છે. એકાગ્રતા માટે પણ વિવક્ષિત વિષય કરતાં અન્ય વિષયમાં જતો ચિત્તનો નિરોધ કરવાનો

योगारम्भोऽथ विक्षिप्ते व्युत्थानं क्षिप्त-मूढयोः ।
एकाग्रे च निरुद्धे च समाधिरिति चेन्न तत् ।। ३१ ।।

'**योगे**'ति । **अथ विक्षिप्ते** चित्ते **योगारम्भः, क्षिप्तमूढयोश्चित्तयोर्व्युत्थानम् । एकाग्रे च निरुद्धे च** चित्ते **समाधिरित्ये**काग्रतापृष्ठभाविनश्चित्तस्यालक्ष्यत्वादेव न तत्राऽव्याप्तिः । क्षिप्तं हि रजस उद्रेकादस्थिरं बहिर्मुखतया सुख-दुःखादिविषयेषु कल्पितेषु सन्निहितेषु वा रजसा प्रेरितम् । तच्च सदैव दैत्य-दानवादीनाम् ।

मूढं=तमस उद्रेकात् कृत्याकृत्यविभागासङ्गतं क्रोधादिभिर्विरुद्धकृत्येष्वेव नियमितम् । तच्च सदैव रक्षःपिशाचादीनाम् । विक्षिप्तं तु सत्त्वोद्रेकात् परिहृतदुःखसाधनेष्वेव शब्दादिषु प्रवृत्तम् । तच्च सदैव देवानाम् ।

एतास्तिस्रश्चित्तावस्था न समाधावुपयोगिन्यः । एकाग्रता-निरुद्धरूपे द्वे एव सत्त्वोत्कर्षाद्य-थोत्तरम-वस्थितत्वाच्च समाधावुपयोगं भजेते इति **चेत् ? न तत्** ।। ३१ ।।

હોય જ છે. ચિત્તને એકાગ્ર કર્યા વગર કાયનિરોધ કે વાગ્નિરોધ શક્ય બનતા નથી જ. એટલે આ રીતે વાચ્યાર્થ માનવાથી અવ્યાપ્તિ દોષ રહેશે નહીં.

ગ્રન્થકાર : વ્રતયુક્ત જીવ શાસ્ત્રવચનાનુસારે જીવાદિતત્ત્વોનું જે ચિંતન કરે છે, એ પણ જૈનગ્રન્થોમાં અધ્યાત્મનામના યોગ તરીકે કહેવાયું છે, પછી ભલે હજુ એમાં એકાગ્રતા કેળવાયેલી ન હોય. એટલે એ પણ લક્ષ્યભૂત છે જ. એ વિશુદ્ધ ચિત્તમાં એકાગ્રતાસાધારણ એવો પણ રોધ નહીં હોવાથી લક્ષણ ન જવાના કારણે અવ્યાપ્તિ આવશે જ. ॥ ૩૦ ॥ (ગ્રન્થકારે આપેલા અવ્યાપ્તિદોષ અંગે પૂર્વપક્ષી પાતંજલ વિદ્વાનો પોતાની માન્યતા રજુ કરે છે -)

ગાથાર્થ : શંકા : વિક્ષિપ્તચિત્તમાં યોગનો આરંભ હોય છે (પણ યોગ હોતો નથી), ક્ષિપ્ત અને મૂઢચિત્તમાં વ્યુત્થાન હોય છે. એકાગ્ર અને નિરુદ્ધચિત્તમાં સમાધિ હોય છે.

સમાધાન : આ વાત બરાબર નથી.

ટીકાર્થ : શંકા : વિક્ષિપ્તચિત્તમાં યોગનો આરંભ હોય છે. ક્ષિપ્ત અને મૂઢ ચિત્તમાં વ્યુત્થાન હોય છે. એકાગ્ર અને નિરુદ્ધ ચિત્તમાં સમાધિ હોય છે. એટલે એકાગ્રતાની પૂર્વભૂમિકામાં રહેલું ચિત્ત લક્ષ્ય જ ન હોવાથી એમાં અવ્યાપ્તિ નથી. ક્ષિપ્ત ચિત્ત રજોગુણના ઉદ્રેકથી અસ્થિર હોય છે અને બહિર્મુખ હોવાના કારણે કલ્પિત કે સંનિહિત=પ્રાપ્ત સુખ-દુઃખાદિ વિષયોમાં રજોગુણથી પ્રેરાયેલું હોય છે. તે દૈત્ય-દાનવાદિને હંમેશા હોય છે. મૂઢ ચિત્તમાં તમોગુણનો ઉદ્રેક હોવાના કારણે કર્તવ્ય-અકર્તવ્યનો વિભાગ કરવામાં સમર્થ ન હોવાથી ક્રોધાદિના કારણે વિરુદ્ધ કૃત્યોમાં જ નિયમા જોડાયેલું રહે છે. એ રાક્ષસ-પિશાચ વગેરેને હંમેશા હોય છે. વિક્ષિપ્તચિત્ત સત્ત્વનો ઉદ્રેક હોવાથી દુઃખસાધનોનો પરિહાર કરીને જ શબ્દાદિમાં પ્રવૃત્ત થાય છે. તે દેવોને હંમેશા હોય છે. આ ત્રણ ચિત્તાવસ્થાઓ સમાધિમાં ઉપયોગી નથી. એકાગ્રતા અને નિરુદ્ધ.. આ બે અવસ્થાઓ જ સત્ત્વનો ઉદ્રેક હોવાથી અને ઉત્તરોત્તર અવસ્થિત હોવાથી સમાધિમાં ઉપયોગી બને છે. **સમાધાન :** આ વાત બરાબર નથી.

વિવેચન : તમોગુણના ઉદ્રેકથી ચિત્ત મૂઢ બને છે. એમાં કાર્ય-અકાર્યનો વિવેક હોતો નથી. માટે જીવ

योगारम्भेऽपि योगस्य निश्चयेनोपपादनात् ।
मदुक्तं लक्षणं तस्मात्परमानन्दकृत् सताम् ।।३२।।

'योगे'ति । **योगारम्भेऽपि**=योगप्रारम्भकालेऽपि **निश्चयेन**=निश्चयनयेन **योगस्योपपादनाद्** =व्यवस्थापनात्, 'क्रियमाणं कृतमि'ति तदभ्युपगमात् । आद्यसमये तदनुत्पत्तावग्रिमसमयेष्वपि तदनुत्पत्त्यापत्तेः । वस्तुतो योगविशेषप्रारम्भकालेऽपि कर्मक्षयरूपफलान्यथाऽनुपपत्त्या व्यवहारेणापि योगसामान्यसद्भावोऽवश्यमभ्युपेय इति प्रागुक्ताव्याप्तिर्वज्रलेपायितैव ।

क्रोधादिथी प्रेराईने विरुद्ध कार्योमां-अकार्योमां ज प्रवर्ते छे. राक्षस-पिशाचवगेरेने कायम आ ज चित्त होय छे. रजोगुणना अतिरेकथी चित्त क्षिप्त बने छे. रजोगुणथी प्रेरायेलुं होवाथी ए अस्थिर-चंचळ होय छे ने तेथी सारा-नरसा.. अनुकूळ-प्रतिकूळ जे विषयो मळे एमां रम्या करे छे, कदाच विषयो न मळ्या होय तो काल्पनिक विषयोमां राच्या करे छे. दैत्य-दानव वगेरेने कायम आ चित्त होय छे. रजोगुण अने तमोगुण बन्ने समप्रमाणमां होय.. सत्त्वगुण अल्पांशे आ बे करतां अधिक होय.. चित्तनी आवी अवस्था ए विक्षिप्तचित्त छे. सत्त्वनी कंईक अधिकताना कारणे ए तुच्छ-प्रतिकूळविषयोनो परिहार करे छे ने अनुकूळ विषयोमां प्रवृत्त थाय छे. देवोने सदा आ चित्त होय छे. आ चित्तमां सत्त्व अधिक होवा छतां उदारशब्दादि विषयोनी प्रवृत्ति होवाथी स्थिरता होती नथी.. ने तेथी ए समाधिमां उपयोगी बनी शकतुं नथी. माटे चित्तनी आ त्रण अवस्थाओ दरम्यान योग होतो नथी.

ध्येय सिवायनी वृत्तिओनो निरोध ए एकाग्रता छे. एना प्रभावे कूटस्थनित्यचित्स्वरूप पुरुषनो साक्षात्कार थाय छे. आ साक्षात्कार थवा पर अविद्यानो उच्छेद थवाना कारणे अविद्यामूलक क्लेशनो क्षय थाय छे. आ अवस्थामां सम्प्रज्ञातयोग होय छे. अहीं रजोमय अने तमोमय वृत्तिओनो सर्वथा निरोध होय छे. आत्मविषयक सात्त्विक वृत्ति होय छे. आ एकाग्रचित्त ध्येयवस्तुभूतपुरुषतत्त्वना साक्षात्कारद्वारा क्लेशादिनुं उच्छेदक होवाना कारणे मोक्षहेतु छे. माटे 'योग' तरीके संमत छे. सकलवृत्तिओनो निरोध थवा पर निरुद्धचित्त थाय छे. ए थवा पर असम्प्रज्ञातयोग होय छे. सकलवृत्ति अने संस्कारनो दाह करवा द्वारा ए मोक्षहेतु छे. आम एकाग्रता अने निरुद्ध आ बे चित्त ज समाधिमां उपयोगी होवाथी ए अवस्थामां ज योग होय छे. अने रोध शब्दनो वाच्यार्थ एकाग्रता-निरोधसाधारण लेवाथी बन्नेमां लक्षण जाय ज छे, पछी अव्याप्ति दोष शी रीते ?

ग्रन्थकार : आ वात बराबर नथी. ॥ ११-३१ ॥ (ए केम बराबर नथी ? ए जणावीने बत्रीशीनो उपसंहार करतां अंतिमगाथा कहे छे -)

गाथार्थ : योगारंभमां पण योगनी संगति होवाथी (ए वात बराबर नथी.) एटले मारुं कहेलुं लक्षण सज्जनोने परमानंद करनारुं छे.

टीकार्थ : योगना प्रारंभकाळमां पण निश्चयनये योगनी संगति=व्यवस्था थाय छे, कारणके निश्चयनये क्रियमाणं कृतं मानेलुं छे. ते पण एटला माटे के प्रथमसमये जो ते उत्पन्न न थाय तो अग्रिमसमयोमां पण ते उत्पन्न थाय नहीं. वस्तुतः तो योगविशेषना प्रारंभकाळे पण कर्मक्षयरूप फळ अन्यथा अनुपपन्न रहेतुं होवाथी

तस्मान्मदुक्तं लक्षणं 'मोक्षमुख्यहेतुव्यापार' इत्येवं रूपं **सतां** = व्युत्पन्नानामदुष्टत्वप्रतिपत्तिद्वारा **परमानन्दकृत्** ।।३२।।

।। इति पातञ्जलयोगलक्षणविचारद्वात्रिंशिका ।।११।।

વ્યવહારનયે પણ યોગસામાન્યની વિદ્યમાનતા અવશ્ય માનવી જોઈએ. એટલે પૂર્વે કહેલી અવ્યાપ્તિ વ્રજલેપ જેવી બની જાય છે. તેથી 'મોક્ષનો મુખ્ય હેતુભૂત વ્યાપાર એ યોગ' આવું મેં કહેલું લક્ષણ જ સજ્જનોને=બુદ્ધિમાન્ જીવોને અદુષ્ટતાની પ્રતિપત્તિ દ્વારા પરમાનન્દ કરનારું છે.

વિવેચન : 'ચિત્તની વિક્ષિપ્ત અવસ્થામાં યોગનો આરંભ હોય છે, પણ યોગ હોતો નથી, એટલે યોગનું લક્ષણ નહીં જાય તો પણ અવ્યાપ્તિદોષ નથી' આવું પાતંજલ વિદ્વાનોએ જે કહ્યું હતું, એનો ગ્રન્થકારે જવાબ આપ્યો કે એ વાત બરાબર નથી. 'એ કેમ બરાબર નથી ?' એનો હેતુ ગ્રન્થકાર આપે છે કે ક્રિયમાણં કૃતં ન્યાયે નિશ્ચયનય યોગના પ્રારંભકાળમાં પણ યોગ માને છે. અર્થાત્ જેમ કરાઈ રહ્યું હોય તે કરાઈ ગયું કહેવાય છે, એમ યોગ જો કરાઈ રહ્યો છે, તો કરાઈ ગયો એમ કહી શકાય છે. યોગપ્રક્રિયાના આદ્યસમયે જો યોગ ઉત્પન્ન થયેલો માનવામાં ન આવે, તો પછીના બીજા-ત્રીજા વગેરે સમયે પણ એની ઉત્પત્તિ માની શકાય નહીં. કારણકે જે પ્રક્રિયા પોતાની વિદ્યમાનતામાં યોગને ઉત્પન્ન ન કરી શકે, એ પછી પોતાની અવિદ્યમાનતાના કાળમાં યોગને શી રીતે ઉત્પન્ન કરી શકે ? (આના પર પાતંજલ વિદ્વાન કદાચ એમ કહે કે એક સમય તો છદ્મસ્થનો અવિષય છે. એટલે ગ્રન્થકાર અન્તર્મુહૂર્તને વિષય બનાવતા વ્યવહારનયનો આશ્રય લઈને કહે છે-)

વ્યવહારનયે પણ યોગવિશેષના પ્રારંભકાળે યોગ માનવો જરૂરી છે, કારણકે યોગનું કાર્ય જે કર્મનિર્જરા છે તે તો પ્રારંભકાળે પણ યથાયોગ્ય થાય જ છે. એટલે એ નિર્જરાના કારણભૂત યોગની હાજરી માનવી જરૂરી છે જ. વળી એ વખતે એકાગ્રતા કે નિરોધ તો છે નહીં. માટે તમે કહેલું યોગલક્ષણ એમાં જતું ન હોવાથી અવ્યાપ્તિદોષ વજ્રલેપ જેવો જડબેસલાક છે જ.

વળી એ પ્રારંભકાલીન પ્રક્રિયા (અધ્યાત્મયોગ) પણ મોક્ષના હેતુભૂત મુખ્ય વ્યાપારરૂપ તો છે જ. એટલે મેં (=ગ્રન્થકારે) કહેલું યોગનું 'મોક્ષનો હેતુભૂત મુખ્ય વ્યાપાર એ યોગ' એવું લક્ષણ જાણકાર સજ્જનોને નિર્દોષ પ્રતીત થવાથી પરમાનન્દને કરનારું છે. [ક્રિયમાણં કૃતં.. આ ન્યાય જ્યારે (બંધ-નિર્જરા વગેરેરૂપ) એક સમયની ક્રિયા હોય ત્યારે નિશ્ચયનયને માન્ય છે અને દીર્ઘકાલીન ક્રિયા (સંથારો પાથરવો વગેરે રૂપ) હોય ત્યારે એ વ્યવહારનયને માન્ય છે એ જાણવું. આની વિસ્તૃત સમજણ માટે મારો નયવિંશિકાગ્રન્થ જોવો.] ॥ ૧૧-૩૨ ॥

આ બત્રીશી અંગે કંઈક વિચારણા...

આપણે આત્માનું શુદ્ધ સ્વરૂપ અને અશુદ્ધસ્વરૂપ.. આ બન્ને વચ્ચે કેટલો મોટો તફાવત છે એ પૂર્વે વિચારી ગયા છીએ.

જે વસ્તુને નિત્ય કહી એને જ અનિત્ય પણ કહેવી...

જે વસ્તુને એક કહી એને જ અનેક પણ કહેવી....

જે વસ્તુને ભિન્ન કહી એને જ અભિન્ન પણ કહેવી..

જે વસ્તુને દ્રવ્યાત્મક કહી.. એને જ પર્યાયાત્મક પણ કહેવી...

પ્રથમનજરે સાવ વિરુદ્ધ લાગતી આવી વાતોને જગત્‌ના ચોગાનમાં કોઈ પણ જાતના હિચકિચાટ વિના બેધડકપણે કહેવી... પ્રથમનજરે વિરુદ્ધ જણાતી હોવાથી આ વાતોની અન્યદર્શનકારો બધા ભેગા થઈને મશ્કરી કરી રહ્યા હોય.. ત્યારે પણ પોતાની વાતમાં અડગ રહેવું... આ સર્વજ્ઞતા વિના શક્ય જ નથી. બીજાઓને હાંસીપાત્ર બનતી વાતોને અંશમાત્ર પણ વિચલિત થયા વિના વળગી રહેવાનું ક્યારે બને ? અસંદિગ્ધપણે સાક્ષાત્ દેખાતી હોય તો જ ને ? એટલે પ્રભુને તો કેવળજ્ઞાનથી બધું સાક્ષાત્ હોવાથી, વસ્તુમાત્રમાં વ્યાપ્ત સ્યાદ્‌વાદ પણ સાક્ષાત જ હતો.. ને તેથી પ્રભુએ એનું નિરૂપણ કર્યું.

પણ અન્યદર્શનના પ્રણેતાઓને કેવલજ્ઞાન તો હતું નહીં. એટલે વસ્તુ સર્વાંશે સાક્ષાત્ તો છે નહીં.. એટલે જે-જે રીતે એનું અસ્તિત્વ અનુભવમાં આવે.. એના પરથી જ એ કેવી હશે? એની કલ્પના કરવાની રહી.. ને એ કલ્પનાને અનુસરીને જ નિશ્ચય કરવાનો રહ્યો.. હવે, કલ્પના જ કરવાની હોય તો, અમુક બાબતો પરથી જેની નિત્ય તરીકે કલ્પના થઈ ગઈ.. વળી એ નિત્ય હોવાનું સમર્થન કરનારા કેટલાક તર્કો પણ મળી ગયા.. એટલે 'એ નિત્ય જ છે' આ વાત મગજમાં જડબેસલાક થઈ ગઈ. એમ તો કેટલીક બાબતો એ વસ્તુને અનિત્ય હોવી પણ ચીંધતી હોય છે.. પણ નિત્ય તરીકે અનેક રીતે નિશ્ચિત થઈ ગયેલી વસ્તુને, અનિત્ય તરીકે પણ સ્વીકારવી.. અને તે પણ સર્વજ્ઞતાના કે સર્વજ્ઞવચન રૂપ આગમના પીઠબળ વિના માત્ર કલ્પનાના આધાર પર.. આ માનવમન માટે શક્ય નથી... માટે એ નિશ્ચિત થઈ ગયેલી નિત્યતાને જ વળગી રહે છે, અને અનિત્યતાની સૂચક બાબતોની પછી ગમે તે રીતે સંગતિ કરવા મથે છે.. આ સંગતિ નિર્દોષ હોવી શક્ય જ હોતી નથી.. એટલે પોતાને જ પૂર્વાપરવિરોધ થાય.. વ્યવહારથી સાવ વિપરીત હોય.. પોતે નિષેધેલી વાતને ક્યાંક પાછી પોતે જ બીજા શબ્દોમાં સ્વીકારી લેવી પડતી હોય.. આવું બધું કંઈક અસમંજસ તેઓએ કરવું જ પડે છે. કાંઈ ન સૂઝે.. તો છેવટે, અનિત્યતા વ્યવહારથી છે.. પરમાર્થથી તો એ વસ્તુ નિત્ય જ છે.. આવું કંઈક પણ સમાધાન વિચારી લઈ 'પોતાની એકાંતનિત્યતાની માન્યતાને સાચી ઠેરવી દીધી'-એવા મિથ્યાસંતોષમાં રાચવું પડતું હોય છે.

બીજા કોઈક વિદ્વાનને પહેલાં એવી બાબતો પર ધ્યાન ગયું કે જે વસ્તુને અનિત્ય હોવી સૂચવતી હતી. વળી એના સમર્થક અન્ય તર્કો પણ મળી ગયા.. એટલે 'વસ્તુ અનિત્ય જ હોય...' આ વાત જડબેસલાક ફીટ થઈ ગઈ... પછી વસ્તુની નિત્યતાને સૂચવનાર બાબતો અંગે એ વિદ્વાનો પણ ઉપર કહ્યા મુજબના કંઈક અનુચિત પ્રયાસ કર્યા કરે છે. છેવટે કાંઈ ન સૂઝે તો 'વસ્તુ પરમાર્થથી તો અનિત્ય જ છે.. નિત્યતા તો માત્ર વ્યાવહારિક છે...' એવા મિથ્યા આત્મસંતોષથી ચલાવી લે છે.

આવું જ દ્રવ્ય-ગુણ કે દ્રવ્ય-પર્યાય કે સ્વરૂપ-સ્વરૂપવાન્ કે અવસ્થા-અવસ્થાવાન્ વચ્ચેના ભેદ -અભેદ અંગે છે.. જેમની દૃષ્ટિ ભેદ પર ગઈ એમણે એકાન્તભેદ માની લીધો, અભેદને નકાર્યો. જેમની દૃષ્ટિ અભેદ પર ગઈ, એમણે એકાન્તઅભેદ સ્વીકારી લીધો અને ભેદને નિષેધ્યો. 'જે બે અભિન્ન છે, એ જ બે ભિન્ન પણ છે જ' આવી તો કલ્પના પણ ક્યાંથી આવે ?

આવું જ એકત્વ-અનેકત્વ.. સામાન્ય-વિશેષાત્મકત્વ.. વગેરે જોડકાંઓ માટે જાણવું.

બૌદ્ધોની નજર સ્વરૂપ-સ્વરૂપવાન વચ્ચેના અભેદ પર ગઈ.. એકાન્તે અભેદ માની લીધો.. વળી સ્વરૂપ તો પ્રતિક્ષણ બદલાયા કરે છે.. માટે સ્વરૂપવાન એવી વસ્તુ પણ પ્રતિક્ષણ બદલાયા કરે છે. આમ એકાન્તે

અનિત્યત્વ સ્વીકારી લીધું.. ને સર્વં ક્ષણિકં સૂત્રને પ્રાણ બનાવી દીધું.. (સ્વરૂપ બદલાય એટલે સ્વરૂપવાન એવી વસ્તુ બદલાય.. આ નિયમ બધાને માન્ય છે. આને ટૂંકમાં સ્વરૂપભેદે વસ્તુભેદ કહેવાય છે. વસ્તુતઃ આ વસ્તુભેદ પણ એકાન્તે નથી.. સર્વથા નથી.. પણ કથંચિદ્ છે. પણ અનેકાન્તવાદની સમજણ વિના એની કલ્પના સ્વપ્નમાં પણ શક્ય નથી. એટલે બધા એકાન્તે વસ્તુભેદ સ્વીકારી લે છે. અને જેઓ સ્વરૂપ-સ્વરૂપવાન્ વચ્ચે સર્વથા ભેદ માને છે તેઓ સ્વરૂપભેદે પણ વસ્તુભેદ માનતા નથી.)

હવે વસ્તુ બિલકુલ ક્ષણિક હોય.. બીજી ક્ષણે એક અંશરૂપે પણ એ વિદ્યમાન હોય જ નહીં.. બીજી ક્ષણે અસ્તિત્વમાં આવનારી વસ્તુ સર્વથા ભિન્ન જ હોય, તો પૂર્વાનુભૂતનું સ્મરણ શી રીતે થાય ? કોને થાય ? પુણ્ય-પાપનું ફળ કોને મળે ? સાધના કોણ કરે અને એના ફળરૂપે મોક્ષ કોનો થાય ? આવા બધા ઢગલાબંધ પ્રશ્નો નિર્માણ થાય જ. એની સંગતિ માટે દીર્ઘકાળ ટકનારું કંઈક માનવું જ પડે. એટલે તેઓ પણ સંતાન-વાસના વગેરેની કલ્પના કરી આ સ્મરણ વગેરેની સંગતિ કરવા મથે છે. વળી આ સંતાન વગેરેને ક્ષણિક માનવાનો તો કોઈ મતલબ જ નથી, કારણ કે તો તો એ પણ ક્ષણિક વસ્તુ જેવા જ થઈ જવાથી સ્મરણ વગેરેની સંગતિનો પ્રશ્ન ઊભો જ રહે. અને જો એને અક્ષણિક માનવામાં આવે તો તો પોતાનો પ્રાણભૂત 'સર્વં ક્ષણિકં' સિદ્ધાન્ત જ ઊડી જાય. એટલે સંતાનને કાલ્પનિક માને છે, અને એ સંતાનમાં (=પ્રવાહમાં=ધારામાં) આવનારી તે તે ક્ષણીય વસ્તુઓને (સંતાનીઓને) પારમાર્થિક માને છે. ક્ષણિક માને છે. સ્મરણ વગેરેની સંગતિ સંતાનદ્વારા કરે છે. પણ જેમ કાલ્પનિક ગાય વાસ્તવિક દૂધ આપી શકતી નથી એમ કાલ્પનિક સંતાન વાસ્તવિક એવા સ્મરણ વગેરેની સંગતિ શી રીતે કરી શકે ? આવો બે ને બે ચાર જેવો વિચાર તેઓને ખુદને તો આવતો નથી, પણ બીજાઓ સમજાવવા માગે તો પણ સમજવા-સ્વીકારવા તેઓ તૈયાર હોતા નથી. આ બધો મિથ્યાત્વમોહનીયનો પ્રભાવ જાણવો.

આશ્ચર્ય તો એ છે કે, જેઓ એકાન્ત નિત્યવાદી છે, તેઓને પણ કેટલાય પ્રશ્નો નિર્માણ થાય છે, ને એની સંગતિ કરવા તેઓ પણ કંઈક કાલ્પનિક વાતો રજુ કરે છે.. એ વખતે આવી 'કાલ્પનિક વાતોથી કાંઈ આ રીતે સંગતિ ન કરી શકાય' એવું તેઓને કહેનારા ક્ષણિકવાદી પોતાની કલ્પના અંગે આ તર્કને વિચારી શકતો નથી. આ દર્શન મોહનીયના ઉદયનો પ્રભાવ છે.

વસ્તુતઃ કેટલીય એવી બાબતો છે જે, વસ્તુને ક્ષણિક ન માનો તો કોઈ રીતે સંગત થઈ જ શકે નહીં. એમ કેટલીય એવી પણ બાબતો છે જે વસ્તુને નિત્ય ન માનો તો કોઈ રીતે સંગત થઈ શકે નહીં. માટે વસ્તુ પરમાર્થથી નિત્ય પણ છે ને પરમાર્થથી જ અનિત્ય પણ છે. એટલે કે નિત્યાનિત્ય છે. આ જ અનેકાન્તવાદ છે.

સાંખ્યદર્શને અને પાતંજલયોગદર્શને આત્માને નિત્ય માન્યો છે. એમ તો નૈયાયિકોએ પણ આત્માને નિત્ય માન્યો છે. પણ નૈયાયિકોએ આત્માના જ્ઞાનાદિ ગુણોને સર્વથા ભિન્ન માનેલા છે. એટલે એમાં ફેરફાર થાય તો પણ આત્મા વગર ફેરફારે નિત્ય રહી શકે છે. પણ સાંખ્યદર્શન માટે એવું માનવું શક્ય નથી. એણે તો પરિણામનાશે પરિણામીનો પણ નાશ માન્યો છે. એટલે આપણને જે કાંઈ સંવેદનો થાય છે-જેવા કે 'આ ઘડો છે', 'આ કપડું છે'.. વગેરે જ્ઞાન, વિવિધ ઇચ્છાઓ, વિષયપ્રવૃત્તિઓ, એનાથી થનાર સુખ-દુઃખના અનુભવો.. ક્રોધ-માનાદિ કષાયો, રાગ-દ્વેષ-હાસ્ય-ભય વગેરે લાગણીઓ.. વિવિધ ક્રિયાઓનું કર્તૃત્વ.. આ બધા જ

પરિણામો નાશ પામે છે. માટે આ બધાને જો આત્માના પરિણામ તરીકે સ્વીકારવામાં આવે તો તો આમાંના તે તે પરિણામનાશે આત્માનો પણ નાશ થઈ જવો માનવો પડે. જે માનવો એમના માટે શક્ય નથી, કારણકે અનેકાન્તવાદની એમને એલર્જી છે. એટલે 'તે પરિણામરૂપે નાશ.. અને અન્ય પરિણામરૂપે અનાશ..' આવું તો તેઓ કહી શકતા નથી. જો નાશ કહેવો હોય તો સર્વથા નાશ જ કહેવો પડે ને જો નાશ ન કહેવો હોય તો સર્વથા નાશનો અભાવ=સર્વથા અનાશ જ કહેવો પડે. એટલે કે અંશમાત્ર પણ નાશ નહીં- ફેરફાર નહીં-સ્થિર એકસ્વભાવ-કૂટસ્થનિત્યત્વ કહેવું પડે.

સર્વથા નાશ-અનાશના આ બે વિકલ્પોમાંથી તેઓ નાશનો વિકલ્પ સ્વીકારી શકતા નથી. કારણકે એનો અર્થ થાય પુરુષનો સર્વથા નાશ-ચૈતન્યનો સર્વથા નાશ. હવે ચૈતન્યનો જો સર્વથા નાશ માની લેવામાં આવે તો, ફરીથી ચૈતન્યને પેદા કરી શકે એવી કોઈ વસ્તુ દુનિયામાં નહીં હોવાથી, ભવિષ્યમાં એ ક્યારેય પેદા જ થઈ ન શકે. ને એમ એક એક કરતાં દરેક પુરુષનો નાશ થઈ ગયા બાદ વિશ્વમાં એક પણ પુરુષ જોવા જ ન મળે. પણ આવું બનતું નથી, કે ક્યારેય બન્યું નથી. માટે પુરુષનો ક્યારેય નાશ થતો નથી. એટલે કે એનો હંમેશા સર્વથા અનાશ જ હોય છે, અર્થાત્ એ કૂટસ્થનિત્ય છે. તેથી, જ્ઞાન-સુખ-દુઃખાદિ પરિણામો કે જે વિનશ્વરશીલ છે, એ પુરુષના તો માની શકાતા નથી, તો કોના માનવા ? એ જેના પણ માનવાના હોય એને ચેતન તો માની શકાય નહીં, કારણ કે તો તો પાછો ચૈતન્યનો નાશ વગેરે પ્રશ્નો આવી પડે. એટલે, આપણી સંવેદનાના જ્ઞાન-સુખાદિ પરિણામો જડ એવી પ્રકૃતિના પરિણામ તરીકે ઉત્પન્ન થયેલી જડ એવી બુદ્ધિના છે, એમ તેઓ કહે છે.

(ફરીથી, મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયનો પ્રભાવ કેવો છે ! બુદ્ધિ કહેવી અને છતાં જડ કહેવી. આ વાત સ્ત્રીને માતા કહેવી ને છતાં વાંઝણી કહેવી.. ડિટ્ટો આવી હોવા છતાં પકડી શકતા નથી. વળી બીજી વાત, આ જ્ઞાન-સુખાદિને તેઓએ બુદ્ધિના પરિણામ=ચિત્તની વૃત્તિઓ માની છે. એનો નાશ થવા છતાં બુદ્ધિનો (ચિત્તનો) નાશ તેઓ માનતા નથી. ને તેમ છતાં, એ જ્ઞાનાદિને પુરુષના પરિણામ માનીને 'જ્ઞાનાદિનાશ થવા છતાં પુરુષ નાશ ન થાય' એવું તેઓ સ્વીકારી શકતા નથી. ખરેખર, મોહનો વિલાસ વિચિત્ર હોય છે !)

બુદ્ધિ જડ છે.. ઘડો જડ છે.. છતાં, જ્ઞાનાદિને બુદ્ધિના જ પરિણામ તરીકે માનવા છે, ઘડાના નહીં.. એટલે જડ તરીકે સમાન એવા પણ બુદ્ધિ-ઘટ વચ્ચે કંઈક મુખ્ય તફાવત માનવો જ પડે. એ આ રીતે માન્યો- બુદ્ધિ ચૈતન્યથી ધબકતા પુરુષને સન્નિહિત હોવાથી બુદ્ધિમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે. ને તેથી એના જ્ઞાનાદિ પરિણામો થાય છે. ઘડામાં એ પ્રતિબિંબ પડતું ન હોવાથી એના એવા પરિણામો થતા નથી.

વસ્તુતઃ ક્ષાયોપશમિક જ્ઞાન, સુખ-દુઃખાદિ લાગણીઓ, કામક્રોધાદિ ભાવો.. આવી બધી આપણી જે કાંઈ સંવેદનાઓ છે એ, નથી સંપૂર્ણ શુદ્ધ એવા મુક્તાત્મામાં હોતી કે નથી માત્ર જડ એવા કેવલ પુદ્ગલાત્મક ઘટ વગેરેમાં હોતી. એ તો કર્મ કે ઔદારિક શરીર વગેરે પુદ્ગલની સાથે ક્ષીરનીરવત્ એકમેક થયેલ આત્મદ્રવ્યમાં જ હોય છે. એટલે કે જડ પુદ્ગલ અને ચેતન આત્મા.. આ બંનેના સંમિશ્રણમાં જ હોય છે. જ્યાં જ્યાં આ સંમિશ્રણ છે, ત્યાં ત્યાં (=સંસારી જીવોમાં) એ જોવા મળે છે.. ને જ્યાં જ્યાં એ નથી, ત્યાં ત્યાં (=મુક્તાત્મામાં કે ઘટાદિમાં) એ જોવા મળતા નથી. તો જ્ઞાનાદિને આ સંમિશ્રણમાંથી મૂળભૂત રીતે કોના પરિણામરૂપ માનવા? જડના કે ચેતનના ?

આપણે કહીએ છીએ કે એ મૂળભૂત રીતે ચેતનના છે, માત્ર જડ એવા પુદ્ગલનું મિશ્રિતત્વ જોઈએ. સાંખ્યદર્શનવાળા કહે છે કે એ મૂળભૂત રીતે જડ એવી બુદ્ધિના છે, માત્ર પુરુષનું પ્રતિબિંબ જોઈએ.

પ્રશ્ન : આમાં સાચું કોણ ?

ઉત્તર : એનો માધ્યસ્થ્યપૂર્વક વિચારણા કરીને નિશ્ચય કરવો જોઈએ. 'આપણે આપણે છીએ માટે સાચા..' આવો વિચાર આત્મઘાતક છે. માધ્યસ્થ્યપૂર્વક વિચારણા આવી થઈ શકે-

(૧) જ્ઞાન, સુખ-દુઃખાદિ, કામ-ક્રોધાદિભાવો, હાસ્યાદિ લાગણીઓ.. આ બધું જ જો બાદ કરી નાખીએ.. તો પછી ચૈતન્ય છે શું ? આત્માને જ્ઞાનાદિ સિવાયનું એવું શું સંવેદન છે ? એવો કયો અનુભવ છે? જેને ચૈતન્ય કહી શકાય ? વસ્તુતઃ આ જ્ઞાનાદિ જ ચૈતન્યના વિવિધ સ્વરૂપ છે.. આ જ્ઞાનાદિનો અનુભવ એ જ ચૈતન્યનો અનુભવ છે. એટલે ચૈતન્ય જો આત્માનું છે, તો જ્ઞાનાદિ મૂળભૂત રીતે આત્માના છે.

(૨) 'ચેતન એવો હું જાણું છું (જ્ઞાન કરું છું)' 'ચેતન એવો હું સુખી છું' વગેરે અનુભવ થાય છે, પણ ક્યારેય 'જડ એવો હું જાણું છું' 'જડ એવો હું સુખી છું' આવી લાગણી થતી નથી. માટે પણ જણાય છે કે જ્ઞાન વગેરે ચેતન એવા આત્માના પરિણામો છે, પણ જડના નહીં.

(૩) જ્યારે જડ અને ચેતન અલગ પડી જાય છે, પછી આ જ્ઞાન-સુખાદિને અનુરૂપ ગુણો શુદ્ધ ચેતનમાં મળે છે કે શુદ્ધ જડમાં એ વિચારવું જોઈએ : શુદ્ધ જડમાં તો આપણે કે સાંખ્યદર્શનવાળા.. બંને માનતા જ નથી. શુદ્ધ ચેતનમાં (=મુક્તાત્મામાં) આપણે કેવળજ્ઞાન, અનંતસુખ વગેરે માનીએ છીએ.. તેઓ માનતા નથી.. તો આ બેમાં સાચું શું ? સાંખ્યમતવાળા તો અલગ પડી ગયેલા ચેતન કે જડ.. એકેમાં જ્ઞાનાદિ કશું માનતા નથી.. તેથી એના આધારે નિર્ણય ન થઈ શકે. પણ આપણે કેવલજ્ઞાન-અનંતસુખ વગેરે મુક્તાત્મામાં માનેલા છે. એ જો સત્ય સાબિત થઈ શકે તો 'સંસાર અવસ્થાના જ્ઞાન-સુખાદિ પણ મૂળભૂત રીતે ચેતનના પરિણામો છે' એ અનાયાસે જ સિદ્ધ થઈ જાય.

સાંખ્યમતે જ્ઞાન-સુખાદિ બુદ્ધિના પરિણામો છે. વળી બુદ્ધિ પોતે જ યોગ વગેરેનો પુરુષાર્થ કરે છે. ને એ દ્વારા સંપૂર્ણ રીતે જ્ઞાન-સુખાદિથી શૂન્ય થઈ જાય છે. તો શું આ શક્ય છે? ભલે અલ્પજ્ઞાન હોય.. દુઃખમિશ્રિત સુખ હોય.. છતાં સાવ જ્ઞાન ન હોવું.. સુખનું સંવેદન ન હોવું.. એના કરતાં તો બેશક અલ્પજ્ઞાન-દુઃખમિશ્રિત સુખનું સંવેદનપણ ગૌરવાસ્પદ છે. ને તેથી, બુદ્ધિ સ્વયં પોતાના ગૌરવાસ્પદ સ્વરૂપને છોડી દેવા માટે અત્યંત કષ્ટપ્રદ દીર્ઘકાળ સુધી નિરંતર સાધના કરે એ વાત શું દિમાગમાં જચે એવી છે ? વળી દીર્ઘકાળ અને નિરંતર.. આ બેની સાથે 'આદરપૂર્વક' પણ જણાવ્યું છે. પોતાના વર્તમાનસ્વરૂપ કરતાં હીનસ્વરૂપ માટે બુદ્ધિ આદરપૂર્વક પ્રવર્તે આવું માનવામાં શું ઔચિત્ય છે ? હકીકત એ છે કે સામા પ્રવાહે તરવા જેવી અત્યંત કષ્ટસાધ્ય સતત સંઘર્ષસાધ્ય નિરંતર દીર્ઘકાલીન આદરસહિતની સાધના શક્ય તો જ બને જો એના ફળસ્વરૂપે કોઈ અતિ અતિ અતિવિશિષ્ટકક્ષાની ચીજ પ્રાપ્ત થવાની હોય.. નજર સામે આવું કોઈ ફળ રમતું ન હોય તો અતિકષ્ટસાધ્ય સાધના કરવાનો ઉલ્લાસ જાગે જ શી રીતે ? એમ એ સાધનાને ટકાવી રાખવાનો ને ટકાવ્યા બાદ વધાર્યે રાખવાનો ઉલ્લાસ પણ બને શી રીતે ?

શંકા : પણ પુરુષનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવું એ જ એનું અત્યંત વિશિષ્ટ ફળ છે ને!

સમાધાન : પુરુષ તો સદા નિર્લેપ હોવાથી એનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ જ છે ને ! એ ક્યાં નવું પ્રગટ કરવાનું

છે કે જેથી એ ફળ તરીકે નજર સામે રમ્યા કરે ? વળી, બુદ્ધિની વૃત્તિઓ અતિવિશિષ્ટ છે કે આ શુદ્ધસ્વરૂપ? જો શુદ્ધસ્વરૂપ અતિવિશિષ્ટ હોય તો તો બુદ્ધિમાં પ્રતિબિંબિત થવાની સાથે એ જ છવાઈ જવું જોઈએ અને તેથી સરવાળે ભાસ શુદ્ધ ચૈતન્યનો જ થવો જોઈએ, બુદ્ધિની વૃત્તિઓનો નહીં. દર્પણ પર એક અત્યંત આછું ભૂરું કિરણ પડી રહ્યું છે ને બીજો અતિ તેજસ્વી લાલ પ્રકાશ પ્રતિબિંબિત થઈ રહ્યો છે, તો સરવાળે લાલ પ્રકાશ જ ભાસે એ નિઃશંક છે.

એટલે આત્માના શુદ્ધસ્વરૂપને કેવલજ્ઞાન-અનંતસુખ વગેરેમય માનવામાં આવે તો જ એ અતિવિશિષ્ટફળરૂપ બનવાથી નજર સામે રમ્યા કરે ને યોગાભ્યાસના ઉલ્લાસને વધાર્યા કરે. અને આમ કેવલજ્ઞાનાદિ જો આત્મપરિણામરૂપ છે, તો 'આ ઘડો છે' વગેરે જ્ઞાનાદિ પરિણામોને પણ મૂળભૂત રીતે ચેતન એવા આત્માના જ માનવા યોગ્ય રહે છે, જડ એવી પ્રકૃતિના નહીં. એટલે સંસારીઅવસ્થામાં (જડ-ચેતનની સંમિશ્રણ અવસ્થામાં) સંવેદાતી જ્ઞાનાદિ સર્વે સંવેદનાઓ આત્માની જ છે. પ્રકૃતિની નહીં. વસ્તુતઃ બુદ્ધિ પણ આત્માનો જ પરિણામ છે, ને તેથી બુદ્ધિની વૃત્તિઓ પણ આત્મપરિણામ જ છે. આત્મા જ કર્તા છે, ભોક્તા છે, પુણ્ય-પાપનો જનક છે.. આત્મા જ યોગની સાધના કરે છે, ને આત્માનો જ મોક્ષ થાય છે.

પ્રકૃષ્ટમાં પ્રકૃષ્ટકક્ષાના મતિજ્ઞાનાદિ ચારે છાદ્મસ્થિક જ્ઞાનો ભેગા થાય, તો પણ કેવલજ્ઞાનનો અનંતમો ભાગ રહે છે. એટલે કે આ ચારે ભેગા થઈને પણ કેવલજ્ઞાનને પેદા કરી શકતા નથી. એનો જ અર્થ એ થાય છે કે કેવલજ્ઞાનને પેદા કરી શકે એવી કોઈ ચીજ આ વિશ્વમાં નથી. એ જ રીતે સંસારનું સર્વસુખ ભેગું કરવામાં આવે તો પણ મુક્તાત્માના સુખનો અનંતમો ભાગ જ રહે છે. એટલે કે સિદ્ધનું સુખ પણ પેદા કરી શકાય એવી ચીજ નથી. આ જ રીતે અનંતવીર્ય વગેરે માટે જાણવું. આમ આત્માનું શુદ્ધસ્વરૂપ એ પેદા થઈ શકે એવી વસ્તુ ન હોવાથી સંસારી અવસ્થામાં પણ એ વિદ્યમાન જ હોય છે. સિદ્ધાવસ્થામાં નવું ઉત્પન્ન થયું એવું હોતું નથી. વળી અનેકાંતવાદ તરફ દૃષ્ટિ નથી. એટલે પાતંજલ વિદ્વાનોએ આત્માને=પુરુષને સદાકાળ માટે શુદ્ધ-બુદ્ધ-નિર્લેપ-સ્થિરૈકસ્વભાવ માની લીધો... હવે, એ જો શુદ્ધ સ્વરૂપવાળો જ છે.. ને 'શુદ્ધ સ્વરૂપની સાથે અશુદ્ધ સ્વરૂપ તો રહી જ ન શકે' એવી એકાન્ત માન્યતા છે.. વળી અલ્પજ્ઞાન-સુખ-કામ-ક્રોધાદિ પણ અનુભવાય તો છે જ. એટલે એ અશુદ્ધ સ્વરૂપના આધાર તરીકે પુરુષભિન્ન કાંઈક માનવું પડે. તેથી એ આધાર તરીકે બુદ્ધિ માની... ને આખી પ્રક્રિયા એ આધારે દર્શાવી.

પણ આપણે તો અનેકાન્તવાદને વરેલા છીએ, કારણ કે વિશ્વની તમામ વસ્તુઓ એને વરેલી હોવાથી સર્વજ્ઞ પ્રભુએ એ ભાખેલો છે. એટલે 'શુદ્ધ અને અશુદ્ધ બંને સ્વરૂપ એક સાથે રહી શકે છે' એમ કહીએ છીએ. સંસારીજીવમાં શુદ્ધ સ્વરૂપ યોગ્યતા રૂપે રહેલું છે.. ને અશુદ્ધ સ્વરૂપ અભિવ્યક્તિ રૂપે રહેલું છે, પણ છે બંને આત્માના સ્વરૂપો જ.

યોગની સાધના દ્વારા આત્મા પોતે જ સ્વરૂપમાંથી અશુદ્ધિને ઘટાડતો જાય છે, શુદ્ધિને વધારતો જાય છે.. ને છેવટે શુદ્ધ સ્વરૂપ પામી જાય છે જે એનો મોક્ષ થયો કહેવાય છે.

એટલે અનેકાન્તવાદમય જૈનશાસનની વાતો જ સર્વયુક્તિસંગત છે એ નિઃશંક પ્રતીત થાય છે.

।। अथ पूर्वसेवाद्वात्रिंशिका ।। १२ ।।

इत्थं विचारितलक्षणस्य योगस्य प्रथमोपायभूतां पूर्वसेवामाह -

पूर्वसेवा तु योगस्य गुरुदेवादिपूजनम् ।
सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेति प्रकीर्तिता ।। १ ।।

पूर्वसेवा त्विति । स्पष्टः ।। १ ।।

अवतरणिकार्थ : આમ યોગનું લક્ષણ વિચાર્યું. હવે યોગના પ્રથમ ઉપાયભૂત પૂર્વસેવાને આ બત્રીશીમાં કહે છે -

વિવેચન : ગ્રન્થકારે દસમી બત્રીશીમાં 'મોક્ષનો મુખ્ય હેતુ બનતો વ્યાપાર એ યોગ' એવું પોતાને માન્ય યોગનું લક્ષણ દર્શાવ્યું. અગ્યારમી બત્રીશીમાં પતંજલિઋષિએ દર્શાવેલ 'ચિત્તવૃત્તિઓનો નિરોધ એ યોગ છે' એ લક્ષણની વિચારણા કરી અને એમાં રહેલા દૂષણો દર્શાવી પોતે કહેલ યોગલક્ષણ જ નિર્દોષ છે એ વાત જણાવી. એટલે હવે યોગના લક્ષણ અંગે કોઈ દ્વિધા રહી નથી. તેથી મોક્ષેચ્છુ આત્મા માટે મોક્ષના મુખ્ય હેતુ બનતા વ્યાપારમાં પ્રવૃત્ત થવું જરૂરી બની રહે છે. પણ જેમ ઘડો બનાવવા માટે માટીને સીધી જ ચાકડા પર ચઢાવી યોગ્ય પ્રક્રિયા ચાલુ કરી દેવાની હોતી નથી. પણ માટીને ખૂંદવી-પોચી કરવી-પિંડરૂપે બનાવવી.. આ બધું સૌ પ્રથમ કરવામાં આવે છે. માટી એ ઘટનું ઉપાદાનકારણ છે. એને આવી યોગ્યભૂમિકા પમાડવા માટે આ જે કાંઈ કરવામાં આવે છે, એ પૂર્વસેવા કહેવાય છે. એમ આત્મા એ મોક્ષનું ઉપાદાનકારણ છે. એ યોગ્ય ભૂમિકા પામે એ પછી જ યોગ=મોક્ષના ઉપાયો અજમાવવા પર સફળતા મળી શકે છે, એ પૂર્વે નહીં. યોગ માટેની આ યોગ્યભૂમિકા જેનાથી નિર્માણ થાય છે, એ યોગની પૂર્વસેવા કહેવાય છે. આ યોગપૂર્વસેવા કિંસ્વરૂપ છે ? એનું ગ્રન્થકાર આ બત્રીશીમાં વર્ણન કરે છે.

ગાથાર્થ : ગુરુપૂજન, દેવાદિપૂજન, સદાચાર, તપ અને મુક્તિઅદ્વેષ... આ પાંચ યોગની પૂર્વસેવારૂપે કહેવાયેલા છે.

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ છે.

વિવેચન : ઉપાદાનકારણ એવું યોગ્ય બનવું જોઈએ કે જેથી એ સહકારી કારણોની (ઉપાયોની) યોગ્ય અસર ઝીલીને ધારેલું પરિણામ પામી શકે. ઉપાદાનકારણની આવી યોગ્યતા એ પ્રધાનયોગ્યતા છે. આવી પ્રધાનયોગ્યતાનું જે કારણ બને તે પૂર્વસેવા છે એ વાત આપણે ઉપર જોઈ ગયા છીએ. આ પ્રધાનયોગ્યતા નિર્માણ કરવાની છે એનો અર્થ જ કે આત્મા પહેલાં અયોગ્ય હતો. આ અયોગ્યતા (=પ્રધાનયોગ્યતાનો અભાવ) અનાદિકાળથી હોય છે... નિર્માણ થયેલી હોતી નથી. પણ વિપરીત આચાર અને વિપરીત ભાવો=પરિણામો એને સદા ફાલી-ફુલી રાખે છે. એટલે એ અયોગ્યતાને ખસેડીને યોગ્યતા નિર્માણ કરવા માટે યોગ્ય આચાર અને યોગ્ય ભાવ જરૂરી બને છે.. માટે ગુરુપૂજન વગેરે ચાર આચાર અને મુક્તિઅદ્વેષ રૂપ ભાવ.. આ પાંચ પૂર્વસેવારૂપે કહેવાયા છે. સામાન્યથી સર્વત્ર आचारः प्रथमो धर्मः સૂત્ર લાગુ પડતું હોય છે. તેથી અહીં પહેલાં આચારરૂપ પૂર્વસેવા જણાવી છે ને પછી ભાવરૂપ પૂર્વસેવા.

माता पिता कलाचार्य एतेषां ज्ञातयस्तथा ।
वृद्धा धर्मोपदेष्टारो गुरुवर्गः सतां मतः ।। २ ।।

'माते'ति । वृद्धाः श्रुत-वयोवृद्धलक्षणाः । गुरुवर्गः = गौरव्यलोकसमुदायः ।। २ ।।

હવે આ આચારરૂપ પૂર્વસેવામાં પણ સૌ પ્રથમ ગુરુપૂજા-દેવપૂજા કહી છે. કારણકે સર્વત્ર પૂજ્યની પૂજા મુખ્ય હોય છે. ધનના ક્ષેત્રમાં વેપારીની મોટા વેપારીની સેવા-વિનય વગેરે રૂપ પૂજા... વિદ્યાના ક્ષેત્રમાં શિક્ષક-પંડિતની સેવા-વિનયવગેરેરૂપ પૂજા... આમ તે તે ક્ષેત્રવિષયક પૂજ્યની પૂજા તે તે ક્ષેત્રમાં સૌ પ્રથમ જરૂરી હોય છે.. પ્રસ્તુતમાં દેવ-ગુરુની ધર્મરૂપે પૂજા છે અને માતા-પિતા વગેરેની ઔચિત્યરૂપે પૂજા છે. પૂજ્યની પૂજા આત્મામાં નમ્રતા લાવે છે જે દરેક ગુણની યોગ્યતા ઊભી કરે છે. માટે એ સૌ પ્રથમ કહ્યા પછી શિષ્ટાચારરૂપ સદાચાર કહ્યો.. અને ત્યારબાદ તપ.. કારણ કે શરીર પ્રત્યેની આસક્તિ એ મોટામાં મોટો બાધક છે, જે તપ દ્વારા તૂટે છે. વળી કોઈ વિઘ્નભૂત અશુભકર્મો હોય તો એ તપદ્વારા તૂટે છે. તથા સહનશીલતા કેળવાયેલી હોય તો જ નાની-મોટી પ્રતિકૂળતામાં પણ જીવ યોગમાર્ગ પર ટકી શકે છે. નહીંતર માર્ગભ્રષ્ટ થયા વગર રહેતો નથી. એટલે સહનશીલતા કેળવવા માટે પણ તપ અહીં પૂર્વસેવામાં કહ્યો છે.

આ સર્વમાં અન્વયમુખે ઉચિતપ્રવૃત્તિ એ જેમ પૂર્વસેવારૂપ છે, એમ નિષેધમુખે અનુચિતપ્રવૃત્તિનો ત્યાગ= નિવૃત્તિ એ પણ પૂર્વસેવારૂપે ઉપલક્ષણથી જાણી લેવી જોઈએ. ॥૧॥ હવે પૂર્વસેવામાં સૌ પ્રથમ કહેલા ગુરુપૂજનનું ગ્રન્થકાર નિરૂપણ કરે છે. એમાં પણ ગુરુ તરીકે કોણ કોણ અભિપ્રેત છે ? એ આ બીજા શ્લોકમાં જણાવે છે-

ગાથાર્થ : માતા, પિતા, કલાચાર્ય, એ બધાના ભાઈ-બહેન વગેરે સ્વજનો, વૃદ્ધો તથા [1]ધર્મોપદેશકો... આ બધા, સજ્જનોને ગુરુવર્ગરૂપે માન્ય છે.

ટીકાર્થ : અહીં વૃદ્ધ તરીકે શ્રુતવૃદ્ધ અને વયોવૃદ્ધ લેવાના છે. જેઓનું ગૌરવ કરવું જોઈએ એવો લોકસમુદાય એ ગુરુવર્ગ તરીકે અભિપ્રેત છે.

વિવેચન : શાસ્ત્રોમાં સાધુઓને નજરમાં રાખીને શ્રુતસ્થવિર, પર્યાયસ્થવિર અને વયસ્થવિર એમ સ્થવિર (=વૃદ્ધ)ના ત્રણ પ્રકાર બતાવ્યા છે. અહીં સાધુઓની વાત નથી. માટે પર્યાયસ્થવિર સંભવતા ન હોવાથી બે વૃદ્ધની જ વાત કરી છે. શાસ્ત્રોનો વિશિષ્ટ પ્રકારે બોધ ધરાવનારા મહાનુભાવો શ્રુતસ્થવિર કહેવાય અને ૬૦ વર્ષ કે તેથી ઉપરની ઉંમરવાળાઓ વયોવૃદ્ધ કહેવાય. માતા વગેરે સ્થાન ગૌરવને યોગ્ય છે. અર્થાત્ આ માતાવગેરેમાં વિશેષ ગુણ ન હોય તો પણ એમના સ્થાનને નજરમાં રાખીને એમને ગૌરવ આપવું જોઈએ. હા, કોઈ અક્ષન્તવ્ય દોષ તો ન જ હોવો જોઈએ. આ ગુરુવર્ગ સિવાયની વ્યક્તિઓમાં ગૌરવાર્હતા ભજનાએ છે. અર્થાત્ વિશેષગુણ હોય તો ગુણગૌરવ કરવું.. ન હોય તો નહીં. ॥૨॥ આ ગુરુવર્ગનું પૂજન કઈ રીતે કરવું ? એ હવે ક્રમશઃ ત્રણ શ્લોક દ્વારા દર્શાવે છે-

---

1. અહીં ધર્મોપદેશક પણ સ્વતંત્ર ગુરુવર્ગ તરીકે અભિપ્રેત છે. એટલે શબ્દશઃ વિવેચનમાં 'વૃદ્ધ એવા ધર્મના ઉપદેશ દેનારા' એવો જે અર્થ કર્યો છે અને નયલતામાં તે कीदृशाः ? इत्याह धर्मोपदेष्टारः આવી જે ટીકા કરી છે તે ગલત જાણવી. કારણ કે પોતાને ધર્મનો ઉપદેશ આપનાર વૃદ્ધ ન હોય તો પણ ગૌરવાર્હ છે જ. એમ શ્રુતવૃદ્ધ અને વયોવૃદ્ધ જન, ધર્મોપદેશક ન હોય તો પણ ગૌરવ કરવા યોગ્ય છે જ.

पूजनं चास्य नमनं त्रिसन्ध्यं पर्युपासनम् ।
अवर्णाश्रवणं नामश्लाघोत्थानासनार्पणे ।। ३ ।।

पूजनमिति । **नमनं**, कदाचिद् द्रव्यतस्तदभावेऽपि भावतो मनस्यारोपणेन । नाम्नः श्लाघा स्थानास्थानग्रहणाग्रहणाभ्याम् । **उत्थानासनार्पणे** = अभ्युत्थानासनप्रदाने आगतस्येति गम्यम् ।। ३ ।।

गाथार्थ : આ ગુરુવર્ગને ત્રિકાળ નમસ્કાર કરવા, એમની પર્યુપાસના કરવી, એમની નિંદા નહીં સાંભળવી, નામની શ્લાઘા કરવી, તેઓ આવે ત્યારે ઊભા થવું, એમને બેસવા માટે આસન આપવું.. આ બધું આ ગુરુવર્ગનું પૂજન છે.

ટીકાર્થ : [2]ક્યારેક દ્રવ્યથી નમસ્કારનો અભાવ હોય તો પણ ભાવથી મનમાં આરોપણ કરીને નમસ્કાર કરવો. સ્થાનમાં ગ્રહણ અને અસ્થાનમાં અગ્રહણ કરવાદ્વારા નામની પ્રશંસા થાય છે. અભ્યુત્થાન અને આસન પ્રદાન તેઓ આવે ત્યારે કરવાના હોય છે એ સમજાય છે.

વિવેચન : નમસ્કાર એ મુખ્ય પૂજા છે. માટે એ ત્રિસંધ્યાએ કરવાનું કહ્યું છે. બીજી પૂજાઓ અનુકૂળતા મુજબ થાય. માત-પિતા હાજર હોય તો અવશ્ય ત્રિકાળ નમસ્કાર દ્રવ્ય-ભાવ ઉભયથી કરવો જોઈએ. મૃત્યુ વગેરે કારણે હાજર ન હોય ને તેથી દ્રવ્યથી નમસ્કાર સંભવિત ન હોય તો મનમાં એમને યાદ કરીને પણ ત્રિકાળ ભાવથી નમસ્કાર કરવા જોઈએ. આ ત્રિકાળ નમસ્કાર અને અનુપસ્થિતિમાં માનસિક નમસ્કાર ... આ બંને વાતો મુખ્યતયા માતાપિતા અને કોઈ અતિવિશિષ્ટ ઉપકારી અંગે સમજવી જોઈએ. કાકા-મામા વગેરેરૂપ એમના સ્વજનાદિ અંગે આવો શિષ્ટ વ્યવહાર જોવા મળતો નથી. તેઓ આવ્યા હોય ત્યારે કે એવા કોઈ વિશિષ્ટ અવસરે છેવટે માનસિક નમસ્કાર પણ હોય. પણ એ સિવાય એમને ત્રિકાળ નમસ્કાર-માનસિક નમસ્કાર આવશ્યક નથી એમ સમજાય છે.

પ્રશ્ન : આવો અર્થ શાના પરથી કાઢો છો ?

ઉત્તર : અહીં દ્રવ્યનમસ્કારનો ક્યારેક અભાવ કહ્યો છે, એટલે કે સામાન્યથી તો દ્રવ્ય નમસ્કાર હંમેશા હોય જ. એ તો એવી વ્યક્તિને જ સંભવિત છે જે હંમેશા સાથે રહેનારી હોય. હંમેશા સાથે રહેનારા તો માતા વગેરે છે, કલાચાર્ય કે મામા વગેરે નહીં.

જ્યાં માતા વગેરેનું નામ લેવાથી એમની પ્રશંસા વગેરે થવાના હોય તે સ્થાન કહેવાય. પણ જેઓ એમના દ્વેષી-નિંદક હોય એમની સમક્ષ એમનું નામ લેવાથી કદાચ તેઓ એમની નિંદા પણ કરે. માટે એવી વ્યક્તિ વગેરે અસ્થાન કહેવાય. એમની સમક્ષ એમનો નામોચ્ચાર ટાળવો જોઈએ. એમની નિંદાનું શ્રવણ કરે તો પોતાના દિલમાં એમના પ્રત્યે રહેલા આદર-બહુમાન વગેરે પર ધીરે ધીરે ઘા પડતો જાય છે, કારણ કે પોતાને પણ 'શું આવું હશે ?' એવી શંકા પડવાનો સંભવ છે. માટે અવર્ણનું અશ્રવણ કહ્યું.

---

2. અહીં ટીકામાં कदाचिद् द्रव्यतस्तदभावेऽपि... વગેરે આખું એક અખંડ વાક્ય છે, જે સૂચવે છે કે સામાન્યથી માતા વગેરે સાથે જ હોય. ને તેથી એમને દ્રવ્યથી નમસ્કાર પણ હોય જ.. ક્યારેક જ એનો અભાવ હોય ત્યારે માનસિક નમસ્કાર... એટલે શબ્દશઃ વિવેચનમાં આ વાક્યને તોડીને *ક્યારેક દ્રવ્યથી નમસ્કાર..* આવો જે અર્થ કર્યો છે તે ગલત જાણવો.

सर्वदा तदनिष्टेष्टत्यागोपादाननिष्ठता ।
स्वपुमर्थमनाबाध्य साराणां च निवेदनम् ।। ४।।

सर्वदेति । **स्वपुमर्थं** = धर्मादिक**मनाबाध्य** = अनतिक्रम्य । यदि च तदनिष्टेभ्यो निवृत्तौ तदिष्टेषु च प्रवृत्तौ धर्मादयः पुरुषार्था बाध्यन्ते, तदा न तदनुवृत्तिपरेण भाव्यम् । किन्तु पुरुषार्थाराधनपरेण, अतिदुर्लभत्वात् पुरुषार्थाराधनकालस्येत्यर्थः । **साराणां** = उत्कृष्टानामलङ्कारादीनां **निवेदनं** = समर्पणम् ।। ४।।

गाथार्थ : પોતાના પુરુષાર્થને બાધા ન પહોંચે એ રીતે, ગુરુવર્ગને જે અનિષ્ટ હોય તેનો ત્યાગ અને જે ઇષ્ટ હોય તેનું આચરણ.. તથા સારભૂત વસ્તુઓનું તેમને સમર્પણ આ બધું પણ ગુરુપૂજન છે.

ટીકાર્થ : પોતાના ધર્મપુરુષાર્થ વગેરે પુરુષાર્થનું ઉલ્લંઘન નહીં કરીને.. એટલે કે એમને અનિષ્ટનો ત્યાગ કરવામાં કે એમને જે ઇષ્ટ હોય એ મુજબ વર્તવામાં ધર્મ વગેરે પુરુષાર્થમાં વિઘ્ન પેદા થતું હોય તો એમની ઇચ્છા મુજબ વર્તવાનું ન રાખવું, પણ પુરુષાર્થને આરાધવામાં તત્પર બનવું, કારણ કે પુરુષાર્થની આરાધના કરવાનો અવસર અતિદુર્લભ હોય છે. એ સિવાય એમની ઇચ્છાને અનુસરવું. તથા ઉત્કૃષ્ટ અલંકાર વગેરેનું એમને અર્પણ કરવું.

વિવેચન : જેમ પ્રભુને વંદન-પૂજા વગેરે કરતાં પ્રભુની આજ્ઞાનું પાલન એ પ્રભુની મોટી પૂજા છે, એમ માતાપિતાને નમસ્કાર કરતાં પણ એમની ઇચ્છાને અનુસરવું એ એમની મહત્ત્વની પૂજા છે. એટલે જ નમસ્કાર ત્રિસન્ધ્ય કહ્યો છે, જ્યારે ઇચ્છાનું અનુસરણ સર્વદા કહ્યું છે. પણ પ્રભુની આજ્ઞા આત્મા માટે હંમેશા એકાંતે હિતકર જ હોય છે. માતાપિતાની ઇચ્છા એવી જ હોય એવો નિયમ નથી. કારણ કે માતપિતા કાંઈ સર્વજ્ઞ કે વીતરાગ નથી. એટલે એમની ઇચ્છાઓ અજ્ઞાન-મોહને આધીન હોવી પણ સંભવિત છે, જે ક્યારેક પરલોકને ને ક્યારેક આલોકને પણ પ્રતિકૂળ હોય. આવી પ્રતિકૂળ ઇચ્છાઓને અનુસરવાનું હોતું નથી. ધર્મ આલોક-પરલોક ઉભયને અસર કરનારો છે.. અર્થ-કામ માત્ર આલોકને અસર કરનાર છે. એટલે કે અર્થ-કામને પ્રતિકૂળ ઇચ્છા આલોકની સમસ્યા નિર્માણ કરશે. છતાં એ સમસ્યા છેવટે તો ધર્મને પણ અસર કરશે જ. કારણ કે સમસ્યાથી અસ્વસ્થ થયેલું મન ધર્મને પ્રતિકૂળ છે. માટે જ માર્ગાનુસારીના ગુણોમાં ત્રિવર્ગઅબાધાનો પણ સમાવેશ કર્યો છે. તેથી ધર્માદિકં માં જે આદિપદ છે એનાથી અર્થ-કામ પુરુષાર્થ પણ પકડવાના છે. એટલે જ સામાન્યથી માતપિતાને અત્યંત આજ્ઞાંકિત એવા પણ પૂર્વના મહાપુરુષોના ચરિત્રોમાં, માત-પિતાની અનિચ્છાએ પણ પરદેશગમન વગેરે જાણવા મળે છે.

શંકા : અહીં માતપિતાની ઇચ્છાને અનનુસરણમાં હેતુ આપ્યો છે 'પુરુષાર્થની આરાધનાનો કાળ અતિદુર્લભ છે' એ, અર્થ-કામપુરુષાર્થ ક્યાં અતિદુર્લભ છે ? માટે અહીં 'આદિ' પદથી માત્ર મોક્ષપુરુષાર્થ પકડવો જોઈએ.

સમાધાન : માર્ગાનુસારીના ગુણોમાં ત્રિવર્ગઅબાધા કહી છે. એટલે કે અર્થને કે કામને બાધા નહીં પહોંચાડવી એને પણ ગુણરૂપે કહ્યો છે. ને તેથી એ પણ આત્માને એ ભૂમિકામાં લાભકર્તા બને છે.. આત્માના ઘડતરમાં ઉપયોગી બને છે એમ માનવું જ પડે. જરાક અનીતિ કરવાથી.. જૂઠ બોલવાથી ઘણા વધારે પૈસા મળતા હોય ને છતાં એ અધિક પૈસાનો લોભ છોડી નીતિ જાળવી રાખે તો નીતિ ગુણ કેળવાય જ ને ! ધંધો

જ ન કરતો હોય એ આ ઘડતર કઈ રીતે કરી શકે ? ક્રિયાને ભાવની જનક કહી જ છે ને ! નોકરી કરનારો નોકરીનો સમય સાચવે.. કામચોરી ન કરે.. ધનચોરી ન કરે.. ગાળિયું ન ખાય.. હિસાબમાં ગોટાળા ન કરે.. શું આ બધાથી આત્માનું ઘડતર ન થાય ? એમ, વાસના પર સંપૂર્ણ વિજય ન મળ્યો હોય એ ભૂમિકામાં સ્વદારાસંતોષ પણ આત્માને લાભકર્તા શા માટે ન બની શકે ?

વળી મોક્ષપુરુષાર્થમાટે જે આરાધના હોય છે એ બધીનો ધર્મઆરાધનામાં જ સમાવેશ હોવાથી धर्मादिकं માં ધર્મ રહેલા પદથી જ ગ્રહણ થઈ જાય છે.. એટલે 'આદિ' પદથી એ પકડી ન શકાવાથી પણ અર્થ-કામપુરુષાર્થ જ પકડવા પડે છે. વળી ટીકામાં धर्मादयः पुरुषार्था એમ બહુવચનાન્તપ્રયોગ તમામ પુરુષાર્થના ગ્રહણને સૂચવે છે.

શંકા : જો અર્થ-કામ પુરુષાર્થ પણ લાભકર્તા છે તો એ બેને અન્યત્ર અનર્થ રૂપે કેમ કહ્યા છે ?

સમાધાન : આમાં વિષયવિભાગ કરવો જોઈએ. નીતિ-પ્રામાણિકતાને નેવે મૂકીને પણ, કોઈ પણ રીતે પૈસો મેળવવો.. આવો કહેવાતો અર્થપુરુષાર્થ અનર્થરૂપ છે. એમ, ત્રિવર્ગ અબાધાને ગુણરૂપ કહ્યો હોવાથી, નીતિ-પ્રામાણિકતા વગેરેને જાળવીને કરાતો પણ જે અર્થપુરુષાર્થ ધર્મ-કામપુરુષાર્થને બાધા પહોંચાડતો હોય તે અનર્થરૂપ છે. એમ, સંતાનોએ કારભાર સંભાળી લીધો હોય.. આજીવિકા વગેરેનો કોઈ જ પ્રશ્ન ન હોય, નિવૃત્તિની ઉંમર આવી ગઈ હોય.. ને છતાં ધંધાનું વળગણ છૂટે જ નહીં અને તેથી અવસરોચિત વિશેષ આરાધના કે સંઘનાં કાર્યો પણ કરી શકે નહીં-એનો રસ પેદા ન થાય.. તો આવો ધંધાના રસરૂપ અર્થપુરુષાર્થ અનર્થરૂપ જાણવો. પણ ઉપર જણાવ્યા મુજબ જે અર્થપુરુષાર્થ આત્મામાં નીતિ-સંતોષ વગેરે ગુણો પ્રગટાવનારા બને એ અનર્થરૂપ નથી, લાભકર્તા છે, એમ સમજવું જોઈએ.

આવું જ કામપુરુષાર્થ અંગે જાણવું જોઈએ. સદાચારને સાવ કોરાણે મૂકીને, બેફામ ભોગ વિલાસ.. એ અનર્થ છે. એમ ધર્મ-અર્થ પુરુષાર્થને બાધારૂપ બની જાય એવો ભોગવિલાસ.. પછી ભલે સ્વપત્ની સાથેનો જ હોય.. તો પણ એ અનર્થ છે. ઉંમર વીતી ગઈ હોય.. શરીર પણ પૂર્વવત્ સાથ આપતું ન હોય.. અથવા એ સિવાય પણ થોડીક ભાવના.. ને થોડુંક સત્ત્વ ફોરવે તો સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકાય એવા સંયોગ-સામગ્રી હોય.. એવે વખતે પણ ભોગવિલાસને તિલાંજલિ ન આપવી.. આ બધું અનર્થરૂપ છે. પણ વાસનાના જોરના કાળમાં ભૂતને બલિ-બાકળાં નાખવા દ્વારા, એના પર નિયંત્રણ મેળવવાની અશુચિ વગેરે ભાવનાઓથી ભાવિત થવું.. તો એ કામપુરુષાર્થ આત્માને સ્વદારાસંતોષ દ્વારા ક્રમશઃ સંપૂર્ણ બ્રહ્મચર્યની ભૂમિકામાં લઈ જનારો બની શકે છે એમ સમજવું જોઈએ.

આ કે આવો કોઈ અન્ય વિષયવિભાગ જો ન કરવામાં આવે, તો શાસ્ત્રોમાં એક બાજુ ત્રિવર્ગઅબાધાનું ગુણરૂપે કથન.. અન્યત્ર અર્થ-કામનું અનર્થરૂપે કથન.. આ બધાની સંગતિ કઈ રીતે કરવી ? એ એક યક્ષપ્રશ્ન બની રહેશે.

હા, અર્થ-કામ અને ધર્મ વચ્ચે આ એક ફરક જરૂર સમજી શકાય છે કે અર્થ-કામ સ્વરૂપે=અર્થત્વેન-કામત્વેન=અર્થ-કામરૂપે તો અનર્થ જ છે, પણ ઉપર કહ્યા મુજબ જો નીતિ-સંતોષ વગેરે ગુણોના જનક બનતા હોય તો એ ગુણજનકત્વેન ગુણજનક બનવારૂપે અર્થરૂપ છે. જ્યારે ધર્મ તો સ્વરૂપે પણ=ધર્મત્વેન પણ=ધર્મ તરીકે પણ અર્થરૂપ છે. ગુણજનકત્વેન તો અર્થરૂપ છે જ.

तद्वित्तयोजनं तीर्थे तन्मृत्यनुमतेर्भिया ।
तदासनाद्यभोगश्च तद्बिम्बस्थापनार्चने ।। ५ ।।

तद्वित्तेति । तद्वित्तस्य गुरुवर्गालङ्कारादिद्रव्यस्य योजनं = नियोगः (=**तद्वित्तयोजनं**) **तीर्थे** देवताऽऽयतनादौ, तन्मृत्यनुमतेः=तन्मरणानुमोदनाद् भिया=भयेन (=**तन्मृत्यनुमतिभिया**) । तत्सङ्ग्रहे तन्मरणानुमतिप्रसङ्गात् । तस्यासनादीनां = आसन-शयन-भोजन-पात्रादीनामभोगः = अपरिभोगः (=**तदासनाद्यभोगः**) । (**तद्बिम्ब-स्थापनार्चने**=) तद्बिम्बस्य स्थापनाऽर्चने = विन्यासपूजे ।। ५ ।।

આવા અર્થરૂપ બનનાર અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થનો અવસર પણ દુર્લભ છે એમ સમજી શકાય છે. એવા અર્થ-કામ પુરુષાર્થમાં બાધક બનતી માતપિતાની ઇચ્છાને અનુસરવાનું હોતું નથી.

સારાણાં च निवेदनम्-પત્ની-પુત્રાદિને જે આપે એના કરતાં માતપિતાને ઊતરતી કક્ષાનું નહીં આપવું.. ઉત્કૃષ્ટ વસ્તુ એક જ આવી હોય તો માતા-પિતાને આપે પણ પત્ની વગેરેને ન આપે. ॥ ૪ ॥ ગુરુવર્ગસંબંધી અન્ય પૂજન પણ જણાવે છે -

ગાથાર્થ : તેમના મૃત્યુની અનુમોદના થઈ જવાનો ભય હોવાના કારણે એમના વિત્તને તીર્થમાં વાપરવું. તેમના આસન વગેરે સ્વયં નહીં વાપરવા. તેમના બિંબની સ્થાપના કરવી અને એની પૂજા કરવી... આ બધું પણ ગુરુપૂજન છે.

ટીકાર્થ : અહીં વિત્ત તરીકે ગુરુવર્ગના અલંકારાદિ લેવાના છે. તીર્થમાં દેવમંદિરાદિમાં એ સમર્પિત કરી દેવા, કારણ કે તે અલંકારાદિને પોતે રાખે તો એમના મૃત્યુની અનુમોદના આવી જવાનો ભય છે. તેમના આસનાદિ=આસન, શયન, ભોજન, ભાજન વગેરેનો સ્વયં ઉપયોગ ન કરવો. તેમના બિંબની સ્થાપના અને પૂજા કરવી.

વિવેચન : (૧) શંકા : વિત્ત એટલે ધન.. આ અર્થ પ્રસિદ્ધ છે, તો અહીં 'અલંકારાદિ દ્રવ્ય' અર્થ કેમ કર્યો ? અને જો વિત્ત શબ્દ અહીં, બધા પ્રકારની સંપત્તિને જણાવવાના અર્થમાં હોય, તો ધન, ઘર (મકાન), દુકાન, પશુ વગેરે રૂપ સંપત્તિ છોડીને સીધો અલંકારાદિ દ્રવ્ય અર્થ કેમ કર્યો ?

સમાધાન : લોકવ્યવહારથી ધન વગેરેનો પુત્ર અધિકારી ગણાય છે, માટે અહીં ધન વગેરેની વાત નથી.[3] અલંકારાદિ માટે આવો વ્યવહાર નથી, એટલે જ માતાપિતા પોતાના અલંકારાદિ દીકરી-બહેનો વગેરેને પણ બોલાવી- બોલાવી આપવાનો રિવાજ છે.

શંકા : આવો તફાવત શા માટે છે ?

સમાધાન : એ માટે આવું કારણ વિચારી શકાય છે કે પિતાના ધન-મકાનને તો પુત્ર પિતાની હાજરીમાં પોતાના જન્મથી જ ભોગવતો આવ્યો છે.... દુકાનને પણ ધંધો શરૂ કર્યો ત્યારથી પિતાની હાજરીમાં જ પુત્ર

---

3. તેથી પ્રસ્તુતગ્રન્થની નયલતા ટીકામાં અને શબ્દશઃ વિવેચનમાં ધન વગેરેના ઉપભોગમાં પણ દોષ હોવો જે કહ્યો છે, તે ગલત જાણવો, કારણ કે ગ્રન્થકારને જો ધન વગેરે પણ અભિપ્રેત હોત તો મૂળમાં રહેલ વિત્ત શબ્દના અર્થ તરીકે ટીકામાં પણ धनादिद्रव्यस्य કહેત, અલંકારાદિ સુધી જવાની તેઓશ્રીને જરૂર ન પડત.

देवानां पूजनं ज्ञेयं शौच-श्रद्धादिपूर्वकम् ।
पुष्पैर्विलेपनैर्धूपैर्नैवेद्यैः शोभनैः स्तवैः ।। ६ ।।

'देवानामि'ति-व्यक्तः ।। ६ ।।

વાપરતો હોય છે. એટલે એ વાપરવામાં મૃત્યુની અનુમોદનાનો પ્રશ્ન આવતો નથી. એટલે જ પિતાજીએ પોતાની વિદ્યમાનતામાં જે અલંકારાદિ સ્વયં પુત્રાદિને આપી દીધા હોય એ અલંકારાદિ વાપરવામાં પુત્રાદિને આ દોષ લાગતો નથી.

तदासनाद्य .. જે આસનાદિને પિતા વગેરે જ વાપરતા હોય (બધા માટે સાધારણ ન હોય) તે આસનાદિને એમની વિદ્યમાનતામાં વાપરવામાં અવજ્ઞા-આશાતનાદિ લાગે.. ને પછી તો આમે ઘસાઈને કાઢી જ નાખવાનું હોય છે. માટે એને તીર્થમાં જોડવાની વાત કરી નથી.

तद्बिम्बस्य... માતા વગેરેની અવિદ્યમાનતામાં તેમના બિંબની=પ્રતિબિંબની=છબીની સ્થાપના કરવી. એની ફુલહાર-ધૂપ વગેરે દ્વારા પૂજા કરવી. ॥ ૫ ॥ આમ ગુરુપૂજારૂપ પૂર્વસેવાની વાત પૂરી થઈ. હવે દેવપૂજાની વાત કરે છે-

ગાથાર્થ : શૌચ-શ્રદ્ધા વગેરે પૂર્વક સુંદર પુષ્પ-વિલેપન-ધૂપ-નૈવેદ્ય અને સ્તવ દ્વારા દેવોનું પૂજન જાણવું.

ટીકાર્થ : દેવાનાં... શ્લોકનો અર્થ સ્પષ્ટ છે.

વિવેચન : ગુરુ સાક્ષાત્ ઉપકારી છે, વળી બધી રોકટોક ગુરુ તરફથી સંભવિત છે, દેવ તરફથી નહીં. એટલે ગુરુની પૂજાથી વિશેષ પ્રકારે ઘડતર થાય છે. તથા ગુરુ જીવંત દેવ છે, જ્યારે દેવ તો સ્થાપના નિક્ષેપે છે. માટે પૂર્વસેવામાં પ્રથમ ગુરુપૂજા કહી. હવે દેવપૂજા કહે છે. વળી ગુરુપૂજામાં પહેલાં ગુરુ તરીકે કોણ અભિપ્રેત છે એ જણાવ્યું ને પછી પૂજા જણાવી. જ્યારે દેવપૂજામાં પ્રથમ પૂજા કહી અને પછી દેવ કોણ એ કહેશે. આવું કરવામાં કારણ એ જ જણાય છે કે ગુરુપૂજામાં પૂજાનું વર્ણન ચાલે છે એટલે પ્રકરણસામ્યવશાત્ અહીં પણ પ્રથમ પૂજા કહી.

'આ ઉત્તમ-પરમોત્તમ જીવ છે, અચિંત્યશક્તિસંપન્ન છે, કરુણાસાગર છે, મારું જે કાંઈ સારું થાય છે એ એમની કૃપાથી થાય છે, એમના પૂજનથી દોષનાશ થશે, ગુણવિકાસ થશે.. પાપ નાશ થશે, પુણ્યની પ્રાપ્તિ થશે.' આવા બધા ભાવો જીવને અહંકાર વગેરેથી બચાવતા હોવાથી ઉચિત ઘડતર કરે છે. આવી બધી શ્રદ્ધાપૂર્વક અને શરીર, વસ્ત્ર, પ્રતિમા તથા મનની પવિત્રતાપૂર્વક દેવની પૂજા કરવાની હોય છે. દેવપૂજાથી થતા પાપનાશના પ્રભાવે મોટી કોઈ આપત્તિ આવતી નથી, પુણ્યવૃદ્ધિના કારણે કાર્ય સફળ થાય છે એટલે શ્રદ્ધા વધતી જાય છે.

પ્રથમ વિલેપનપૂજા (ચંદનપૂજા) પછી પુષ્પપૂજા, પછી ધૂપપૂજા (ઉપલક્ષણથી દીપપૂજા), પછી નૈવેદ્યપૂજા. પ્રતિમાના શૌચમાં જળપૂજા આવી ગઈ છે. જૈનેતરોમાં અક્ષતપૂજા ને ફળપૂજા કદાચ નહીં હોય. અથવા ફળપૂજા-શ્રીફળ વગેરેનો નૈવેદ્યમાં સમાવેશ કરી દેતા હોય. એટલે નૈવૈદ્યના ઉપલક્ષણથી અક્ષત અને ફળ લઈ લઈએ તો અષ્ટપ્રકારી પૂજા આવી ગઈ. અને સ્તોત્ર કહ્યા એનાથી ભાવપૂજા આવી ગઈ. ॥ ૬ ॥ (દેવપૂજા કહી. પણ કયા દેવની આ પૂજા કરવી? આ શંકાના સમાધાન માટે કહે છે -)

अधिमुक्तिवशान्मान्या अविशेषेण वा सदा ।
अनिर्णीतविशेषाणां सर्वे देवा महात्मनाम् ।। ७।।

अधिमुक्तीति । अनिर्णीतः कुतोऽपि मतिमोहादनिश्चितो विशेषः = इतरदेवताऽपेक्षोऽतिशयो यैस्तेषां **(=अनिर्णीतविशेषाणां) महात्मनां**=परलोकसाधनप्रधानतया प्रशस्तात्मनां गृहिणां **सर्वे देवाः सदाऽविशेषेण** पारगत-हरि-हर-हिरण्यगर्भादिसाधारणवृत्त्या **मान्या वा** = अथवाऽ**धिमुक्तिवशात्** = अतिशयितश्रद्धाऽनुसारेण ।। ७।।

सर्वान् देवान्नमस्यन्ति नैकं देवं समाश्रिताः ।
जितेन्द्रिया जितक्रोधा दुर्गाण्यतितरन्ति ते ।। ८।।

गाथार्थ : દેવોમાં રહેલી વિશેષતાઓના અજાણ મહાત્માઓએ સર્વ દેવોને પૂજવા જોઈએ અથવા પોતાની વિશેષ શ્રદ્ધા મુજબ પૂજવા જોઈએ.

टीकार्थ : મતિમોહ વગેરે કોઈપણ કારણે, વિવક્ષિત દેવમાં, અન્ય દેવોની અપેક્ષાએ રહેલી વિશેષતાને જેઓએ જાણી નથી એવા મહાત્માઓએ હંમેશાં પારગત, હરિ, હર, હિરણ્યગર્ભ વગેરે દેવોને સમાન રીતે પૂજવા જોઈએ. અથવા અધિમુક્તિવશાત્=પોતાની વિશેષ શ્રદ્ધાનુસારે દેવને પૂજવા જોઈએ, સ્વયં ગૃહસ્થ હોવા છતાં પરલોકપ્રધાન જીવન જીવવાથી આત્મા પ્રશસ્ત બને છે. માટે એવા આત્માઓનો અહીં 'મહાત્મા' તરીકે ઉલ્લેખ છે.

विवेचन : દેવતત્ત્વ ઘણું ખરું અપ્રત્યક્ષ હોય છે. અપ્રત્યક્ષ બાબતમાં કાં તો જ્ઞાનથી નિર્ણય થાય ને કાં તો લોકવ્યવહારથી. વિશેષ જ્ઞાન પોતાને નથી. અને લોકોમાં તો બધા દેવો પૂજાય છે. માટે સર્વ દેવોને નમસ્કરણીય કહ્યા છે.

અથવા દેવવિશેષનો નિર્ણય તો નથી. તેમ છતાં, પોતાની કુલપરંપરામાં જે દેવ પૂજાતા આવ્યા હોય, એ કારણે કે એવા કોઈ અન્ય કારણે પોતાને વિશેષ શ્રદ્ધા જે દેવ પ્રત્યે હોય, તો એ દેવને પૂજવા જોઈએ[4], એવું ન હોય તો સર્વ દેવને પૂજે.

અહીં દેવવિશેષનો અનિર્ણય હોવામાં કારણ તરીકે મતિમોહ કહ્યો છે. આ મતિમોહ અનેક પ્રકારે સંભવે છે.. જેમ બાળ જીવને ત્યાગીનો વેશમાત્ર જોવાથી ગુરુ ભાસે છે, એમ મુગ્ધતાના કારણે બધા જ દેવ ભાસતા હોય.. આમાં વિશેષતા હોય એવી કલ્પના સુધ્ધાં ન હોય. અથવા, દેવનું વાસ્તવિક સ્વરૂપ કેવું હોય ? દેવે નિરૂપેલાં તત્ત્વની પરીક્ષા શું ? આવી કશી ગતાગમ ન હોય.. અથવા આ બધાનો નિર્ણય કરવાના સંયોગ - સામગ્રી ન હોય.. ॥ ૭ ॥ (વિશેષગુણ વગેરે કશાની જાણકારી નથી. તો બધા દેવોને નમવાથી પણ શું લાભ ?

---

4. शब्दशः વિવેચનમાં આવા જીવે પણ સર્વે દેવોને ઉપાસ્ય તરીકે માન્ય કરવા જોઈએ એમ જે જણાવ્યું છે તે ગલત જાણવું, કારણ કે તો પછી (૧) ગ્રન્થકારે વા - અથવા કહીને એનો બીજા વિકલ્પ તરીકે જે ઉલ્લેખ કર્યો છે તે ગલત ઠરે. તથા (૨) પોતાની દેવવિશેષ પ્રત્યે શ્રદ્ધા જ્યારે બંધાઈ જ ગયેલી છે, એ બીજા દેવની પણ સમાન રીતે ઉપાસના કરે તો તો દેવવિશેષની શ્રદ્ધા શું કહેવાય ?

'सर्वानि'ति । **सर्वान् देवान् नमस्यन्ति**=नमस्कुर्वते । **नैकं** कञ्चन **देवं समाश्रिताः**= स्वमत्यभिनिवेशेन प्रतिपन्नवन्तः । **जितेन्द्रियाः**=निगृहीतहृषीकाः, **जितक्रोधाः**=अभिभूतकोपाः **दुर्गाणि**=नरकपातादीनि

આવી જિજ્ઞાસાને ગ્રન્થકાર સંતોષે છે -)

ગાથાર્થ : દેવવિશેષના નિર્ણય વગરના તેઓ સર્વ દેવોને નમે છે, કોઈ એક દેવનો આશ્રય કરનારા હોતા નથી. જિતેન્દ્રિય અને જિતક્રોધ તેઓ દુર્ગને=નરકગમનાદિને તરી જાય છે.

ટીકાર્થ : સર્વ દેવોને નમે છે, સ્વમતિના અભિનિવેશથી કોઈ એક દેવને સ્વીકાર્યા નથી. [1]જિતેન્દ્રિય અને જિતક્રોધ (=ક્રોધનો પરાભવ કરનારા) તેઓ (=તે સર્વ દેવોને નમનારાઓ) નરકગમન વગેરે આપત્તિઓરૂપ દુર્ગને તરી જાય છે=ઉલ્લંઘી જાય છે=તેઓને હવે નરકગમનાદિ કષ્ટોનો સંભવ રહેતો નથી.

વિવેચન : (૧) જિતેન્દ્રિય.. **શંકા :** યોગની પૂર્વભૂમિકાની વાત ચાલી રહી છે. એ અવસરે પણ જો જીવે ઇન્દ્રિયો પર અને ક્રોધાદિ કષાયો પર વિજય મેળવી લીધો છે, તો પછી યોગની એને જરૂર જ શી રહેશે ?

સમાધાન : અહીં જિતેન્દ્રિય - જિતક્રોધનો અર્થ આવો નથી કરવાનો. પણ ઇન્દ્રિયો અને ક્રોધ જીવને નુકશાનકર્તા છે, આવું માત્ર સાંભળ્યું કે જાણ્યું છે એમ નહીં, ખુદ એવું સંવેદી રહ્યો છે. આવું સંવેદન જેને હોય એવાને અતિતીવ્ર ક્રોધ કે ઇન્દ્રિયોની ઉલ્લંઠતા ન આવે. અને એ નથી આવતા માટે જ તેઓ નરકગમનાદિ દુર્ગને ઉલ્લંઘી જાય છે. વળી આવા જિતેન્દ્રિય અને જિતક્રોધ જીવને જ દેવવિશેષની વિશેષતા જાણી નહીં હોવા છતાં દેવમાં ઉત્તમતા-ગુણસંપન્નતા વગેરે પ્રતીત થાય છે. અને આમ 'ઉત્તમ-ગુણવાન્' તરીકેના ભાવથી પૂજે, છે માટે જ એ પૂજા ફળપ્રદ બને છે. આ સિવાયના જીવોને દેવમાં ઉત્તમતા હોવી સંવેદાતી નથી, તેમજ ગુણની અર્થિતા પણ હોતી નથી. એટલે ચમત્કારાદિ જોઈને કે લોકપંક્તિથી ક્યારેક દેવપૂજા હોય તો પણ એ સ્વાર્થ માટે હોવાથી પૂર્વસેવારૂપ બનતી નથી.

શંકા : પણ અધિમુક્તિવાળો જીવ તો એક જ દેવને પૂજે છે. તો એના માટે તો 'સર્વદેવનમસ્કાર, કોઈ એક જ દેવનો આશ્રય ન કરવો' વગેરે ન જ રહ્યું ને ?

સમાધાન : યોગની પૂર્વભૂમિકામાં રહેલો જીવ ભલે મિથ્યાત્વે છે.. છતાં એ આભિગ્રહિક મિથ્યાત્વવાળો હોતો નથી, અનાભિગ્રહિક મિથ્યાત્વવાળો હોય છે. એટલે અધિમુક્તિવશાત્= પોતાની એવી વિશેષ શ્રદ્ધાના કારણે એક દેવને પૂજવા છતાં એ પૂજામાં સ્વમતિનો અભિનિવેશ= કદાગ્રહ હોતો નથી. એટલે કે, 'બીજા દેવો પણ સારા છે, પણ મારા પૂર્વજો પણ આ દેવને પૂજતા હતા, મારા ઉપકારી આ દેવ છે.. માટે હું એમની પૂજા કરું છું. મારી એમના પ્રત્યે વિશેષ ભક્તિ છે..' આવા બધા પરિણામો હોય. આવા પરિણામવાળાને તીવ્ર સંક્લેશ નહીં હોવાથી નરકાદિના આયુષ્યનો બંધ હોતો નથી. આવા અર્થનું સૂચન કરવા જ નૈકં દેવં समाश्रिताः આ પદનું વિવેચન કરતી વેળા ટીકાકારે स्वमत्यभिनिवेशेन શબ્દ જોડ્યો છે. એટલે કે કદાગ્રહથી એક દેવનો આશ્રય કરનારા નથી. પણ કદાગ્રહશૂન્ય રીતે તો એક દેવને વરેલા હોય ને એક દેવની જ પૂજા કરનારા હોય એ પણ માન્ય છે.

શંકા : પણ આ કદાગ્રહ હોવા ન હોવાથી શું ફેર પડે ?

સમાધાન : કદાગ્રહ હોય એને અન્યદેવો પ્રત્યે દ્વેષ જાગે. અકદાગ્રહીને દ્વેષ જાગતો નથી. આ દ્વેષ નહીં જાગવો એ પણ એ અન્ય દેવોની ઔચિત્યરૂપ પૂજા છે. તેથી, એક જ દેવની પૂજા કરતો હોવા છતાં અર્થથી

व्यसनान्**यतितरन्ति**=अतिक्रामन्ति **ते**=सर्वदेवनमस्कर्तारः ।। ८।।

ननु सर्वेऽपि न मुक्तिप्रदायिन इति कथमविशेषेण नमस्करणीयाः ? इत्यत आह-

चारिसञ्जीविनीचारन्यायादेवं फलोदयः ।
मार्गप्रवेशरूपः स्याद्विशेषेणादिकर्मणाम् ।। ९।।

'चारी'ति । **चारिसञ्जीविनीचारन्यायात्** = प्रागुपदर्शितादेवं = सर्वदेवनमस्कारेऽनुषङ्गत इष्टप्राप्तौ, तत एव शुभाध्यवसायविशेषाद् **मार्गप्रवेशरूपः** शुद्धदेवभक्त्यादिलक्षणः **फलोदयः स्यात्** । **विशेषेण**=अनुषङ्ग-प्राप्तवीतरागगुणाधिक्यपरिज्ञाने**नादिकर्मणां**=प्रथममेवारब्धस्थूलधर्माचाराणाम् ।

ते ह्यत्यन्तमुग्धतया कञ्चन देवताविशेषमजानाना विशेषवृत्तेरद्यापि न योग्याः, किं तु सामान्यरूपाया एवेति ।। ९।।

એ સર્વદેવોની પૂજા કરનારો છે. અને એનો એક જ દેવનો આશ્રય પણ અર્થથી સર્વદેવોના આશ્રયરૂપ છે. ॥ ૮ ॥ બધા જ દેવો કાંઈ મુક્તિ આપનારા નથી, તો બધા જ સમાન રીતે નમસ્કરણીય શા માટે ? આવી શંકાનું સમાધાન આપવા કહે છે-

ગાથાર્થ : આદિધાર્મિક જીવોને ચારિસંજીવિનીચાર ન્યાય મુજબ આ રીતે અને પછી શુદ્ધદેવના પરિજ્ઞાનરૂપ વિશેષથી ફળોદય થાય છે. માર્ગપ્રવેશરૂપ ફળોદય થાય છે.

ટીકાર્થ : પહેલાં બીજી બત્રીશીના પંદરમા શ્લોકમાં ચારિસંજીવિનીચાર દૃષ્ટાન્ત બતાવ્યું છે. આમ સર્વ દેવોને નમવામાં, આ દૃષ્ટાન્ત મુજબ આનુષંગિક રીતે ઇષ્ટની પ્રાપ્તિ થયે, એ સર્વદેવનમસ્કારના પ્રભાવે જ વિશેષ પ્રકારનો શુભ અધ્યવસાય થવાના કારણે શુદ્ધદેવની ભક્તિ વગેરે સ્વરૂપ માર્ગપ્રવેશાત્મક ફળોદય થાય છે. વિશેષથી=અનુષંગપ્રાપ્ત વીતરાગના ગુણાધિક્યનું જ્ઞાન થવાથી. આદિકર્મ=સ્થૂલધર્મનું આચરણ જેઓએ નવું નવું જ શરૂ કર્યું છે, તેવા આદિધાર્મિકજીવો. આ જીવો અત્યંત મુગ્ધ હોવાથી કોઈ દેવવિશેષને જાણતા નહીં હોવાના કારણે વિશેષવૃત્તિને હજુ પણ યોગ્ય હોતા નથી, સામાન્યરૂપ વૃત્તિને જ યોગ્ય હોય છે.

વિવેચન : ચારિસંજીવિનીચાર દૃષ્ટાન્તમાં, સ્ત્રીએ બળદ બની ગયેલા પતિને વૃક્ષની નીચે રહેલો દરેક ચારો ચરાવ્યો... બધો ચારો ચરવામાં યોગાનુયોગ સંજીવિની ઔષધિનો ચાર પણ ચરવામાં આવી ગયો, જેના પ્રભાવે એ બળદ પાછો પુરુષ થઈ ગયો.. એમ ધર્મના પ્રારંભિક કાળમાં રહેલા આદિધાર્મિક જીવો બધા દેવોને પૂજે છે. બધા દેવોમાં વીતરાગ સર્વજ્ઞ શ્રીઅરિહંત પ્રભુનો પણ સમાવેશ છે જ. એટલે એમનો પણ યોગ થઈ જાય છે. આ કહેવાય ચારિસંજીવિનીચાર દૃષ્ટાન્ત મુજબ અનુષંગથી = યોગાનુયોગ થયેલી ઇષ્ટની પ્રાપ્તિ. અલબત્ આદિધાર્મિક જીવ કાંઈ 'આ શુદ્ધદેવ છે' એવી એમની વિશેષતા જાણતો નથી. પણ તેમ છતાં અનભિનિવેશપણે સર્વદેવને નમસ્કારનો પ્રભાવ જ એવો હોય છે કે એના કારણે એ જીવને એક વિશેષ પ્રકારનો શુભ અધ્યવસાય જાગે છે, જેથી એ શુદ્ધ દેવની ભક્તિ વગેરે કરે છે. આ ભક્તિ વગેરે જ એના મોક્ષમાર્ગમાં પ્રવેશરૂપ બની જાય છે. અર્થાત્ આ ભક્તિ વગેરે દ્વારા એ મોક્ષમાર્ગમાં પ્રવેશ પામે છે. આ સામાન્યરૂપે થાય છે, માટે સામાન્ય ફળોદય છે. અને જો યોગાનુયોગ પ્રાપ્ત થયેલા આ વીતરાગપ્રભુમાં અન્ય દેવોની અપેક્ષાએ

રહેલાં ગુણાધિક્યનું પરિજ્ઞાન થાય, તો એનાથી વિશેષ ભક્તિ વગેરે રૂપ વિશેષ ફળોદય થાય, પણ એ ન થયું હોય ત્યાં સુધી તો સામાન્ય ભક્તિરૂપ સામાન્ય ફળોદય જ થાય છે. કારણ કે તે આદિધાર્મિક જીવો અત્યંત મુગ્ધ હોવાના કારણે દેવતાની કોઈ વિશેષતાને=યોગાનુયોગ પ્રાપ્ત થયેલાં શુદ્ધ દેવમાં અન્ય દેવોની અપેક્ષાએ રહેલી વીતરાગતા, સર્વદોષશૂન્યતા, યથાર્થ પ્રરૂપકતા વગેરે રૂપ વિશેષતાઓમાંથી કોઈ વિશેષતાને જાણતા હોતા નથી. તેથી, એમની વિશિષ્ટ પ્રકારની ભક્તિ વગેરેરૂપ વિશેષ વૃત્તિને હજુ યોગ્ય હોતા નથી, પરંતુ સામાન્ય ભક્તિરૂપ સામાન્ય વૃત્તિને જ યોગ્ય હોય છે.

આશય એ છે કે યોગાનુયોગ શુદ્ધ દેવની પ્રાપ્તિ થઈ ગઈ છે. પણ આદિધાર્મિક જીવ મુગ્ધતાના કારણે 'બીજા દેવોની અપેક્ષાએ આ વીતરાગ એ શુદ્ધ દેવ છે' એમ જાણતો નથી. એ તો હજુ બધા દેવોની જેમ આને પણ એક સમાન દેવ જ માને છે, ને તેથી જ બધા દેવોની કરે એમ સામાન્ય ભક્તિ જ કરે છે. એટલે કે એ હજુ આવી સામાન્ય ભક્તિને જ યોગ્ય છે. વસ્તુતઃ 'આ ગુણિયલ ઉત્તમ પુરુષ છે' એવી એક સમાન ભક્તિ-શ્રદ્ધા બધા દેવો પ્રત્યે છે. એટલે એને મન દેવત્વેન બધા દેવ એક જ છે, ને તેથી બધાની એક સમાન ભક્તિ છે. તથા આવી ભક્તિથી દેવભક્તિ કરે છે, તેથી પુણ્ય બંધાય છે. મતિઅભિનિવેશ નહીં હોવાથી અશુભ અનુબંધ પડતા નથી. તેથી આ પુણ્યના પ્રભાવે પ્રભુની પ્રાપ્તિ થઈ જાય છે. આ ફળોદય છે. પણ અવિશેષ બુદ્ધિ = અન્યદેવોને સમાનપણાની બુદ્ધિ હોવાથી આ ફળોદય આનુષંગિક સામાન્ય ફળોદયરૂપ બની રહે છે.

પ્રશ્ન : અધિમુક્તિવશાત્ એક જ દેવની ભક્તિ કરનારાને ચારિસંજીવિનીચારન્યાય કેવી રીતે લાગુ પડશે ?

ઉત્તર : નહીં જ પડે. તેમ છતાં, સ્વઇષ્ટદેવની 'આ ગુણિયલ-ઉત્તમ પુરુષ છે' એવી ભક્તિથી પૂજા કરતો હોવાથી પુણ્ય બંધાય છે અને અભિનિવેશ નહીં હોવાથી અશુભ અનુબંધ પડતા નથી. તેથી આ પુણ્યના પ્રભાવે છેવટે ભવાંતરમાં પણ શુદ્ધ દેવની પ્રાપ્તિ થાય છે. જેવું દેવ માટે છે, એવું જ ધર્મ માટે છે. શિષ્ટલોકમાં જે જે ધર્મ તરીકે પ્રસિદ્ધ છે, 'ઘણા લોકો કરે છે, એ બધું મારે પણ કરવાનું' આવા અભિપ્રાયથી બધી ધર્મક્રિયા કરે છે.. અથવા કુલપરંપરા પ્રાપ્ત કોઈ એક ધર્મની ધર્મક્રિયા કરે છે. કોઈ મતિઅભિનિવેશ નથી. એટલે પુણ્યપ્રભાવે સાચા=શુદ્ધ ધર્માનુષ્ઠાનની પ્રાપ્તિ થઈ જાય છે. આમ સામાન્ય કક્ષાના ઉપર જણાવ્યા મુજબના ઇન્દ્રિય-કષાયનિગ્રહ યુક્ત અને મતિઅભિનિવેશથી રહિતપણે જે અનુષ્ઠાનો થાય એ શુદ્ધમાર્ગના પ્રાપક બને છે. છતાં એમાં વિશેષ બુદ્ધિ નહીં હોવાથી આ આનુષંગિક ફળોદયરૂપ જ બની રહે છે.

પ્રશ્ન : લોકોમાં તો યજ્ઞાદિમાં પશુબલિ, બકરીઈદમાં બકરીને હલાલ કરવી.. આ બધું પણ ધર્મ લેખાય છે. તો આદિધાર્મિક શું એ પણ કરશે ? ને એનાથી પણ શુદ્ધ ધર્મક્રિયા પ્રાપ્ત થશે ?

ઉત્તર : અનાભિગ્રહિક મિથ્યાત્વ, જિતેન્દ્રિય-જિતક્રોધ વગેરે પરથી જણાય છે કે આદિધાર્મિકનું મોહનીયકર્મ મોળું પડ્યું હોય છે. એટલે આવી ક્રિયા ઉપસ્થિત થવા પર, મોહનીયની આ મંદતાના પ્રભાવે એનું અંતઃકરણ જ પોકારવા માંડે છે કે આવો તે કાંઈ ધર્મ હોતો હશે ? हिंसा नाम भवेद् धर्मो न भूतो न भविष्यति... અને તેથી એ એવી ક્રિયા કરશે જ નહીં.

શંકા : જેવું દેવ અને ધર્મ માટે છે, એવું જ ગુરુ માટે પણ ખરું ને ?

સમાધાન : હા, સામાન્યથી એવું જરૂર કહી શકાય. ત્યાગીનો વેશ જુએ ને 'મારા કરતાં ઘણા ઊંચા-મહાન, સંસારત્યાગી, સાધના કરનારા..' આવી બુદ્ધિ થાય.. ને મતિઅભિનિવેશ હોય નહીં તો બધા ત્યાગીની

अधिज्ञातविशेषाणां विशेषेऽप्येतदिष्यते ।
स्वस्य वृत्तविशेषेऽपि परेषु द्वेषवर्जनात् ।। १०।।

'अधी'ति । अधिज्ञातो विशेषो=गुणाधिक्यं यैस्तेषां **(=अधिज्ञातविशेषाणां) विशेषेऽप्य**र्हदादा **एतत्**=पूजनं **इष्यते** । **परेषु**=पूज्यमानव्यतिरिक्तेषु । **द्वेषस्य**=मत्सरस्य वर्जनात् **(=द्वेषवर्जनात्)**, **स्वस्य**=आत्मनो **वृत्तविशेषेऽपि**=आचाराधिक्येऽपि सति देवतान्तराणि प्रतीत्य ।। १०।।

ભક્તિ કરતાં કરતાં સાચા સાધુની પ્રાપ્તિ થાય. છતાં એમની વિશેષતાઓની જાણકારી નહીં હોવાથી સમાન રીતે ભક્તિ થાય.. એટલે આ આનુષંગિક સામાન્ય ફળોદય કહેવાય. પણ, ગુરુ એ બોલકું તત્ત્વ છે.. પોતાની પાસે આવેલા આદિધાર્મિક મુગ્ધ જીવને 'અમે જ સુગુરુ.. બાકીના બધા કુ...' આવો કદાગ્રહ પકડાવી દે તો એ અભિનિવેશના કારણે અશુભ અનુબંધ ઊભા થાય છે, જે સાચા ગુરુની પ્રાપ્તિ થવા દેતા નથી.

આ બધામાં સર્વત્ર ગુણાધિક્યનું જ્ઞાન નહીં હોય ત્યાં સુધી સામાન્ય ભક્તિ, અને એ જ્ઞાન થવા પર વિશેષ ભક્તિ થાય એ જાણવું. ॥૯॥ એ જ વાત આગળના શ્લોકમાં કરે છે-

ગાથાર્થ : જેમણે દેવની વિશેષતા જાણી છે, એવા જીવોની દેવવિશષ પર=શ્રી અરિહંત વગેરે પર ભક્તિ ઇષ્ટ છે. હા, પોતાનું ચરિત્ર ઊંચું હોવા છતાં બીજા દેવો પર દ્વેષ વર્જવો જોઈએ.

ટીકાર્થ : અહીં વિશેષ=ગુણાધિક્ય. પારમાર્થિક દેવમાં ગુણાધિક્ય હોવું જેમણે જાણી લીધું છે (અને તેથી હવે આદિધાર્મિકમાં જેવી અતિમુગ્ધતા હતી તે રહી નથી) તેઓ વિશેષ એવા અર્હદાદિનું પૂજન કરે તો એ પણ ઇષ્ટ=લાભકર્તા છે જ. હા, અન્ય દેવોની અપેક્ષાએ પોતાનું (કે પોતાને માન્ય દેવનું) ચરિત્ર ઊંચું હોય તો પણ એ અન્ય દેવો પર દ્વેષને ટાળવાથી આ પૂજાદિ લાભકર્તા બને છે.

વિવેચન : જ્યાં સુધી વિશેષતાઓ જાણી નથી, ત્યાં સુધી સર્વ દેવોને નમસ્કાર હતો. અધિમુક્તિવશાત્ એક દેવને જે નમસ્કારાદિ હતા, તે એ દેવમાં ગુણાધિક્ય જાણ્યું હતું, માટે, એમ નહીં, પણ કુલપરંપરા વગેરે કારણે એમના પર વિશેષ શ્રધ્ધા હતી, માટે. એટલે જ એ વખતે બીજા દેવોને પણ પૂજનીય તો માને જ છે. (પોતે પૂજતો નથી એ અલગ વાત છે.) પણ હવે તો પોતે જ ગુણાધિક્ય જાણી લીધું છે. પારમાર્થિક દેવપણું કેવું હોય ? એમનું નિરૂપણ યથાર્થ છે કે નહીં ? વગેરે દ્વારા પારમાર્થિકદેવનો નિશ્ચય કરી લીધો છે, એટલે પારમાર્થિક તરીકે પ્રતીત થયેલા શ્રી અરિહંત પ્રભુની જ પૂજા વગેરે કરે તો એ પણ એ જીવને લાભકર્તા જ છે. બીજા દેવોમાં આ ગુણાધિક્ય જોવા મળતું નથી, માટે એમને હવે પૂજનીય પણ માનતો નથી. હા, છતાં એમના પ્રત્યે દ્વેષ તો ન જ જોઈએ. આશય એ છે કે મહાદેવ અષ્ટક વગેરે પરથી અન્ય દેવોના અત્યંત વિચિત્ર કહી શકાય એવાં વૃત્તો = ચરિત્રો જાણવા મળે છે. પોતે તો સદાચારમય પવિત્ર જીવન જીવનારો છે. એટલે પોતાનામાં ઊંચો સદાચાર છે, અન્ય દેવમાં, લોકમાં દેવ તરીકે પૂજાતા હોવા છતાં કલંકરૂપ દુરાચાર છે.. છતાં એના પર દ્વેષ ન થાય એની કાળજી રાખવી જરૂરી બની રહે છે. તો જ પોતે શ્રીઅરિહંતની જ જે પૂજાદિ

नातुरापथ्यतुल्यं यद्दानं तदपि चेष्यते ।
पात्रे दीनादिवर्गे च पोष्यवर्गाविरोधतः ।। ११।।

'ने'ति । **यदातुरापथ्यतुल्यं**=ज्वरादिरोगविधुरस्य घृतादिदानसदृशं मुशलादिदानं दायक-ग्राहकयोरपकारि **न** भवति **तद्दानमपि चेष्यते पात्रे दीनादिवर्गे च**=पोष्यवर्गस्य मातापित्रादि-पोषणीयलोकस्याविरोधतो=वृत्तेरनुच्छेदात् (=**पोष्यवर्गाविरोधतः**) ।। ११।।

लिङ्गिनः पात्रमपचा विशिष्य स्वक्रियाकृतः ।
दीनान्ध-कृपणादीनां वर्गः कार्यान्तराक्षमः ।। १२।।

કરે છે તે પૂર્વસેવામાં પ્રવિષ્ટ થઈ શકે. સર્વ દેવની પૂજનીયતાકાળે મતિઅભિનિવેશ જે નહોતો, એ આ દ્વેષાભાવમાં પ્રયોજક બને છે. ॥૧૦॥ ગુરુપૂજા-દેવપૂજાનું નિરૂપણ કર્યું. હવે દાનની વાત કરવાની છે. આમ તો દાન એ પણ સદાચાર જ છે. એટલે સદાચાર પૂર્વસેવામાં એનો સમાવેશ થઈ શકે, પણ યોગબિન્દુમાં ગુરુદેવાદિપૂજન શબ્દમાં રહેલ આદિ પદથી આનું ગ્રહણ કરવાનું જણાવ્યું છે. તો આનો સમાવેશ પણ પૂજા પૂર્વસેવામાં કરવો. આ દાનને જણાવે છે -

ગાથાર્થ : જે દાન રોગીને અપથ્યતુલ્ય ન હોય તે, સ્વપોષ્યવર્ગને અવિરોધપણે પાત્રને કે દીનાદિવર્ગને થતું હોય તો પૂર્વસેવા તરીકે ઇષ્ટ છે.

ટીકાર્થ : જ્વરાદિ રોગથી પીડિતને ઘી વગેરે આપવા તુલ્ય મુશલ વગેરેનું દાન છે. જે દાન દાતા અને લેનાર આ બન્નેને આવું અપકાર કરનારું ન હોય, તે દાન પણ પૂર્વસેવા તરીકે ઇષ્ટ છે, જો એ પોતાના પોષ્ય = પોષણ કરવા યોગ્ય માતાપિતા વગેરે પોષણીય લોકોને અવિરોધપણે = એમનો નિર્વાહ ઝૂંટવાઈ ન જાય, એ રીતે થતું હોય તો.

વિવેચન : તાવ આવ્યો હોય ને ઘી આપવામાં આવે તો એનો તાવ વધવાનો જ છે. માટે ઘી આપવું ઇચ્છનીય નથી. એમ કોઈને મુશલ વગેરેનું દાન કરવામાં એ અધિકરણ હોવાથી ભારે વિરાધનાઓ જ થવાની છે જેથી દાતા અને લેનાર એ બંનેના આત્માને અશુભકર્મનો બંધ થવાનું નુક્સાન થાય છે. માટે એનું દાન પણ ઇષ્ટ નથી. જે દાન આવું આતુરાપથ્યતુલ્ય નથી, એવું દાન પાત્રને સુપાત્રદાન તરીકે અને દીનાદિને અનુકંપાદાન તરીકે ઇષ્ટ છે. હા, જેને પોતે પોષવાના છે, એવા માતા-પિતા વગેરેને ભૂખે મરવાના દા'ડા આવે એ રીતે દાન આપવું ઇષ્ટ નથી. સીધી વાત છે, પાત્રને કે દીનાદિને પોતે ન આપે તો એટલા માત્રથી કાંઈ ભૂખે મરવાના નથી, કારણ કે એમને આપનારા અન્યપણ સંભવે છે. જ્યારે માતા વગેરે સ્વપોષ્યને પોતે ન આપે તો તો એમને તો ભૂખે જ મરવું પડે, જે લોકદૃષ્ટિએ નિન્દ્ય બને. માટે સ્વપોષ્યને તકલીફ ન પડે એ રીતે દાન આપવું. ॥૧૧॥ સુપાત્રદાન અને અનુકંપાદાન કોને આપવું ? એ હવે જણાવે છે -

ગાથાર્થ : સ્વક્રિયાઓને કરતા લિંગીઓ પાત્ર છે. સ્વયં નહીં રાંધનારા વિશેષરીતે પાત્ર છે. દીન-અંધ-કૃપણ વગેરેનો સમુદાય કે જે અન્ય કાર્યમાં અસમર્થ છે, તે દીનાદિવર્ગ છે.

लिङ्गिन इति । **लिङ्गिनः**=व्रतसूचकतथाविधनेपथ्यवन्तः सामान्यतः **पात्र**मादिधार्मिकस्य। **विशिष्य**=विशेषतोऽ**पचाः**=स्वयमपाचकाः, उपलक्षणात् परैरपाचयितारः पच्यमाननननुमन्तारश्च। **स्वक्रियाकृतः**=स्वशास्त्रोक्तानुष्ठानाप्रमत्ताः । तदुक्तं-*"व्रतस्था लिङ्गिनः पात्रमपचास्तु विशेषतः । स्वसिद्धान्ताविरोधेन वर्तन्ते ये सदैव हि ।।"* (यो.बि.१२२)

दीनाऽन्ध-कृपणादीनां वर्गः = समुदायः **कार्यान्तराक्षमो** = भिक्षाऽतिरिक्तनिर्वाहहेतुव्यापारासमर्थः । यत उक्तं-*"दीनान्धकृपणा ये तु व्याधिग्रस्ता विशेषतः । निःस्वाः क्रियान्तराशक्ता एतद्वर्गो हि मीलकः ।।"*

टीकार्थ : लिंगी=व्रतने सूचवतो तेवो वेश धरावनारा, आदिधार्मिकने सामान्यथी पात्र छे. अपचा=स्वयं नहीं रांधनारा, उपलक्षणथी बीजा पासे नहीं रंधावनारा अने रांधनारानी अनुमोदना नहीं करनारा लिंगीओ विशेषरूपे पात्र छे. (हा, अपचा के पचा बधा ज लिंगीओ) स्वशास्त्रमां कहेला अनुष्ठानोमां अप्रमत्त होवा जोईए. योगबिन्दुमां कह्युं छे के - *व्रतमां रहेला लिंगीओ पात्र छे, नहीं रांधनारा विशेषथी पात्र छे. जेओ स्वसिद्धान्तने अविरोधपणे हंमेशां वर्ती रह्या होय, ते.'* दीन, अंध, कृपण वगेरेनो वर्ग = समुदाय. कार्यान्तराक्षम = जीवननिर्वाहना भिक्षा सिवायना अन्य हेतुभूत वेपार वगेरेमां असमर्थ. कारण के योगबिन्दुमां कह्युं छे के- *दीन, अंध अने कृपणो, तथा जेओ विशेष करीने व्याधिग्रस्त छे, निर्धन छे, जेओ अन्य क्रियामां असमर्थ छे एमनो समुदाय ए मीलक- दीनादिनो वर्ग छे.* योगबिन्दुनी आ गाथामां रहेला शब्दोनो अर्थ : दीन = जेमनी बधी पुरुषार्थ करवानी शक्तिओ क्षीण थई गई छे, ते. अंध = आंख विनाना. कृपण = स्वभावे ज सज्जनोनी दयाने पात्र. व्याधिग्रस्त = कोढ वगेरे रोगथी अभिभूत. निःस्व = निर्धन.

विवेचन : जेम दान-शीलादि धर्ममां दान प्रथम छे, एम सर्वत्र सदाचारमां पण दान प्रथम छे. एटले दानना निरूपणथी सदाचारना निरूपणनो प्रारंभ गणीए तो आ सदाचार नामनी पूर्वसेवा समजवी. योगबिन्दुनी अवतरणिका मुजब आनो 'आदि' शब्दसूचित अन्य पूजामां ज समावेश करीए तो पूजा, सदाचार, तप, मुक्तिअद्वेष एम पूर्वसेवाना चार विभाग करी प्रथम विभाग पूजामां ज गुरुपूजा, देवपूजा अने अन्य पूजा आ त्रणनो अन्तर्भाव करवो.

आदिधार्मिक जीवो पारमार्थिक - अपारमार्थिक देवना तफावतने जेम समजी शकता नथी, एम मतिमुग्धताना कारणे पारमार्थिक पात्र-अपात्रने पण समजी शकता नथी. अहीं पात्रमां पारमार्थिकत्व- अपारमार्थिकत्व होय आवा विचार सुध्धांनो अभाव, अथवा एनी परीक्षा शुं होय ? ए जाणकारीनो अभाव, अथवा ए परीक्षा करी शकाय एवा संयोग-सामग्रीनो अभाव.. आ बधुं ज मतिमुग्धता तरीके जाणवुं. एटले आ जीवो मुख्यतया लोकने अनुसरनारा होय छे. अने लोकमां तो केटलाक अमुक त्यागीनी, बीजा अन्य त्यागीनी, तो वळी त्रीजा ओर कोई अन्य त्यागीनी भक्ति करता जोवा मळे छे. एटले के लोकमां तो बधा ज त्यागीनी भक्ति जोवा मळे छे.. माटे आ जीवो जेम सर्व देवोनी पूजा करे छे, एम सर्व त्यागीवर्गने पात्र समजीने दानद्वारा भक्ति करे छे. वळी देवपूजामां जे अधिमुक्तिवशात् एक देवनी भक्ति कही छे, एम अहीं पण, पोतानी कुलपरंपरा वगेरे कारणे अमुक त्यागी समूह पर विशेष श्रद्धा होय तो एमनी भक्ति दान द्वारा करे. हा, मतिअभिनिवेश तो न ज जोईए. 'हुं भले आ त्यागीने दानादि करुं छुं.. बाकी तो बधा ज त्यागी दानादिना पात्र छे' आवी

(यो.बि.१२३) इति । दीनाः = क्षीणसकलपुरुषार्थशक्तयः । अन्धाः = नयनरहिताः कृपणाः = स्वभावत एव सतां कृपास्थानम् । व्याधिग्रस्ताः = कुष्ठ्याद्यभिभूताः। निःस्वाः = निर्धनाः ।।१२।।

લાગણી દિલમાં હોય જ. પોતે એકને જે દાનાદિ કરે છે, તે પણ તેઓમાં ગુણાધિક્ય જોયું છે, માટે નહીં, પણ કુલપરંપરા વગેરે કારણે પહેલેથી ત્યાં વિશેષ શ્રદ્ધા છે, માટે.

શંકા : ગ્રન્થમાં તો અધિમુક્તિવશાત્‌ની કોઈ વાત કરી નથી.

સમાધાન : દેવમાં તો, દેવ કાંઈ સામેથી સાધકના ઘરે આવતા નથી. પોતે સ્વયં જવું પડે છે. એટલે જે આદિધાર્મિકની વિશેષ શ્રદ્ધા અમુક દેવ પર બંધાયેલી હોય એ તો દરેક વખતે એ જ દેવના મંદિરમાં જશે.. ને તેથી બીજા દેવની પૂજા કરવાનો પ્રસંગ આવવાનો નથી. પણ ત્યાગી ગુરુ માટે આવું નથી. પોતે સામેથી બોલાવવા જવું - ઘરે તેડાવવા ને દાનાદિ કરવા.. આવું તો જેમના પર વિશેષ શ્રદ્ધા હોય એ ત્યાગી પ્રત્યે હોય. છતાં, બીજા ત્યાગીઓ પણ ભિક્ષા વગેરે માટે ઘરે સામેથી આવે એ લગભગ સંભવિત છે જ. ત્યારે, અભિનિવેશ ન હોવાથી આ આદિધાર્મિક એમને પણ પાત્ર સમજીને ભક્તિથી દાન આપે જ છે, નથી આપતો એવું નથી, એટલે 'માત્ર એક ત્યાગીને જ દાન' આવું પ્રાયઃ કરીને શક્ય બનતું નથી. માટે એનો ઉલ્લેખ નથી એમ સમજવું જોઈએ.

अपचा विशिष्य.. જે ત્યાગીઓ સ્વયં રાંધતા નથી, બીજા પાસે રંધાવતા નથી કે ગૃહસ્થો પોતા માટે જે રાંધે, એની અનુમોદના પણ કરતા નથી આવા ત્યાગીઓ અહીં अपचा શબ્દથી લેવાના છે. આવા ત્યાગીઓને વિશેષ કરીને આપે.

શંકા : 'માત્ર એક ત્યાગીને જ દાન' આવો વિકલ્પ આ રીતે જ મળી જશે ને ?

સમાધાન : ના, કારણ કે આ સિવાયના ત્યાગીઓને પણ એ ભૂમિકામાં આદિધાર્મિક પાત્ર સમજીને ભક્તિથી જ આપે છે.

શંકા : તો પછી विशिष्यનો અર્થ શું કરવાનો ?

સમાધાન : એટલો જ કે પહેલાં આવા અપચાત્યાગીઓને આપે.. પછી બીજાઓને હોય એ પ્રમાણે આપે, ક્યારેક ન હોય તો ન પણ આપે, છતાં એમને પણ પાત્ર તો માને જ છે, કારણ કે અપચાપણાને ગુણાધિક્ય તરીકે જોતા નથી. તે પણ એટલા માટે કે ગુણાધિક્ય જોવા તરફ લક્ષ્ય જ નથી. અથવા દરેક પોતપોતાના શાસ્ત્રમાં કહ્યા હોય એ મુજબ રહે છે, તેથી એના આધારે ઉચ્ચપણું-નીચપણું નક્કી કરી શકાય નહીં. કોઈકમાં અમુક આચાર કડક, તો બીજામાં બીજો કોઈ આચાર કડક... પણ પછી ક્રમશઃ ભૂમિકા આગળ વધતાં જ્યારે ગુણાધિક્યનો નિશ્ચય થઈ જાય, ત્યારે તો પછી શેષ ત્યાગીવર્ગ એના માટે પાત્ર જ રહેતો નથી. અલબત્ તેઓ પ્રત્યે દ્વેષ ન હોય.. એટલે સામેથી આવે તો ઔચિત્યથી આપે, પણ ભક્તિથી નહીં.

પ્રશ્ન : આગળ ગુરુપૂજા કહી એમાં ગુરુ તરીકે ધર્મોપદેશકનો પણ સમાવેશ હતો.. તો એની પૂજા તરીકે જ આ ભક્તિથી કરાતું દાન પણ આવી જવાથી અહીં એનો સ્વતંત્ર ઉલ્લેખ કરવાની જરૂર શી ?

ઉત્તર : એ ધર્મોપદેશક તરીકે તો, જે પોતાને ખુદને ધર્મનો ઉપદેશ આપનારા ધર્મોપદેશક હોય એની જ વાત હતી, બધા ત્યાગીઓની નહીં. વળી એ ધર્મોપદેશક તો ગૃહસ્થ પણ હોઈ શકે, અહીં તો માત્ર ત્યાગીની જ વાત છે.

અહીં અપચાને જેમ વિશેષ પ્રકારે ભિક્ષાદાન કહ્યું, એમ એના ઉપલક્ષણથી જે ત્યાગીઓ પૈસા રાખતા ન હોય એમને વસ્ત્રાદિનું દાન વિશેષ પ્રકારે જાણવું. જેઓ પોતાનો આશ્રમ ન રાખતા હોય, એમને વસતિદાન વિશેષ પ્રકારે જાણવું. એમ પહેલાંના કાળમાં પગપાળા યાત્રાએ યાત્રાળુ જતા. સ્વગામમાં આવેલા આવા યાત્રાળુને પણ આદિધાર્મિક પાત્ર માની યથાયોગ્ય દાનાદિભક્તિ કરે. પણ આવું ક્વચિત્ બનતું હોવાથી એનો ઉલ્લેખ નથી.

स्वक्रियाकृतः... પોતપોતાનાં શાસ્ત્રોમાં ત્યાગીઓ માટે જે આચારસંહિતા બતાવી હોય એનું અપ્રમત્તપણે પાલન કરનારા. [5]આ માત્ર અપચા નું વિશેષણ નથી, પણ લિંગીમાત્રનું વિશેષણ છે. એટલે કે બધા જ ત્યાગીઓ પાત્ર છે, પણ એ ત્યાગીઓ પોતપોતાના શાસ્ત્રોમાં કહેલા આચારોનું સુંદર રીતે પાલન કરનારા હોવા જોઈએ.

कार्यान्तराक्षमः ... વેપાર, ફેરી, નોકરી, ભિક્ષા, ભીખ... આ બધા જીવનનિર્વાહના હેતુઓ છે. આમાંથી ભીખ સિવાયના હેતુ એ કાર્યાન્તર.. એને અજમાવવામાં જેઓ અસમર્થ છે, તે કાર્યાન્તરઅક્ષમ. (સ્વયં ત્યાગી નહીં હોવાથી ભિક્ષા ન કહેવાય, માટે ભીખ અર્થ કરવો.) દીન વગેરેનો આવો કાર્યાન્તરમાં અસમર્થ વર્ગ એ દીનાદિવર્ગ તરીકે અહીં અભિપ્રેત છે.

અગિયારમી ગાથામાં દાન કોને આપવું ? એના જવાબ તરીકે પાત્રને અને દીનાદિવર્ગને આપવું એમ જણાવ્યું છે. એટલે સ્પષ્ટ છે કે દીનાદિવર્ગ પાત્ર તરીકે અભિપ્રેત નથી[6].

પ્રશ્ન : જે ફેરી-નોકરી-મજૂરી વગેરેમાં સમર્થ હોવા છતાં ભીખ માગતા હોય તો એનો દીનાદિવર્ગમાં સમાવેશ નહીં કરવાનો ? ને એને દાન નહીં આપવાનું ?

ઉત્તર : યોગબિન્દુમાં क्रियान्तराशक्ता શબ્દ છે, એ દીનાદિનું વિશેષણ નથી, પણ દીનાદિની જેમ વર્ગનો જ એક સ્વતંત્ર અંશ છે. એટલે દીનાદિ તરીકે જે લેવાના છે તે ક્રિયાન્તરમાં અસમર્થ હોવા જ જોઈએ એવો નિયમ રહેતો નથી, તેથી ક્રિયાન્તરમાં સમર્થ હોવા છતાં જેઓ ભીખ માગતા હોય તેઓનો કાં તો દીનમાં અને કાં તો નિર્ધનમાં સમાવેશ કરીને અનુકંપાથી દાન આપવું.

પ્રસ્તુત બત્રીશી ગ્રન્થમાં તો કાર્યાન્તરઅસમર્થને દીનાદિના વર્ગનું વિશેષણ બનાવ્યું છે. એટલે જે કાર્યાન્તરમાં સમર્થ હોય એવા દીનાદિનો વર્ગમાં સમાવેશ થઈ શકે નહીં. પણ ભીખ માગવા આવેલા એને દાન ન આપવું એ ઉચિત તો નથી જ. એટલે, શરીરથી સમર્થ હોવા છતાં આળસ વગેરેના કારણે મનથી અસમર્થ છે એમ સમજી એને પણ કાર્યાન્તર અસમર્થ ગણવો.. અને તેથી વર્ગમાં સમાવેશ કરી દાન આપવું.. આમ યોગ્ય લાગે છે. ॥૧૨॥

---

5. શબ્દશઃ વિવેચનમાં, સંસ્કૃત ટીકામાં તથા ગુજરાતી વિવેચનમાં... આ બધામાં તે તે વિવેચનકારોએ આને માત્રઅપચાનું વિશેષણ માની, જેઓ સ્વયં અપાચક હોય અને સ્વશાસ્ત્રોક્ત આચારોમાં અપ્રમત્ત હોય તેઓ વિશેષથી પાત્ર છે. આવો અર્થ ઉપસાવી શેષ ત્યાગી માટે માત્ર વેશધારીપણું જ જે કહ્યું છે તે ગલત જાણવું. કેમ કે એવું માનવામાં તો ત્યાગીનો વેશ ધાર્યા પછી પણ જેઓ સ્વશાસ્ત્રોક્ત આચારો તો પાળતા નથી, અને ઉપરથી કામલીલાઓ સેવે છે - પરિગ્રહના ઢેર ખડકે છે - એ માટે અન્યની હત્યા સુધીના પ્રપંચો ખેલે છે એ બધા પણ પાત્ર બની જાય...

6. શબ્દશઃ વિવેચનકારે બારમી ગાથાના અન્વયાર્થમાં દીનવગેરેને પણ પાત્ર તરીકે જે જણાવ્યા છે તે ગલત છે.

सुदाक्षिण्यं दयालुत्वं दीनोद्धारः कृतज्ञता ।
जनापवादभीरुत्वं सदाचाराः प्रकीर्तिताः ।। १३ ।।

'सुदाक्षिण्यमि'ति । **सुदाक्षिण्यं** = गम्भीर-धीरचेतसः प्रकृत्यैव परकृत्याभियोगपरता । **दयालुत्वं** = निरुपधिपरदुःखप्रहाणेच्छा । **दीनोद्धारः** = दीनोपकारयत्नः । **कृतज्ञता** = परकृतोपकारपरिज्ञानम् । **(जनापवादभीरुत्वं=)** जनापवादान्मरणान्निर्विशिष्यमाणाद् भीरुत्वं=भीतभावः **(= सदाचाराः प्रकीर्तिताः)** ।।१३।।

હવે, ક્રમપ્રાપ્ત સદાચાર પૂર્વસેવાને જણાવે છે-

ગાથાર્થ : સુદાક્ષિણ્ય, દયાળુતા, દીનોદ્ધાર, કૃતજ્ઞતા, લોકનિંદાભય.. આ સદાચાર કહેવાયેલ છે.

ટીકાર્થ : ગંભીર-ધીર ચિત્તવાળા જીવની સ્વભાવથી જ અન્યનાં કાર્ય કરી આપવાની તત્પરતા એ સુદાક્ષિણ્ય. પોતાના કોઈપણ સ્વાર્થ વગર બીજાનાં દુઃખ દૂર કરવાની ઇચ્છા એ દયાળુત્વ છે. દીનલોકો પર ઉપકાર કરવાનો પ્રયત્ન એ દીનોદ્ધાર છે. બીજાએ કરેલા ઉપકારને યાદ રાખવો એ કૃતજ્ઞતા છે. લોકમાં થતી પોતાની નિંદા એ મરણતુલ્ય છે એમ સમજી મરણનો જેવો ભય હોય એ રીતે લોકનિંદાથી ભયભીત રહેવું, એ જનાપવાદભીરુત્વ છે. આ પ્રમાણે સદાચારો કહેવાયેલા છે.

વિવેચન : (૧) સુદાક્ષિણ્ય-दक्षिणस्य भावः दाक्षिण्यम्.. આ 'વામપ્રકૃતિ છે' એટલે કે વક્રપ્રકૃતિ છે. આવો વાક્યપ્રયોગ જણાવે છે કે વામ એટલે પ્રતિકૂળ.. અને એ જ સૂચવે છે કે દક્ષિણ એટલે અનુકૂળ રહેવું=અનુકૂળ બનવું.

પોતાની ઇચ્છા-અનુકૂળતા વગેરે ન હોય તો પણ પ્રાર્થના કરી રહેલી સામી વ્યક્તિને અનુકૂળ બની એનું કાર્ય કરી આપવાની તત્પરતા જગાડે આવો પરિણામ એ દાક્ષિણ્ય છે. પણ સામાની પ્રાર્થના કોઈ અતિનિન્દ્ય-અનુચિત કાર્યની હોય તો કાંઈ એને અનુકૂળ થવાનું હોતું નથી. એટલે અહીં માત્ર દાક્ષિણ્ય ન કહેતાં સુદાક્ષિણ્ય કહ્યું છે. આનાથી સામી વ્યક્તિના મનની પ્રસન્નતા પેદા થાય છે, જળવાય છે. આ પ્રસન્નતા પેદા થવી=જળવાવી એ દાક્ષિણ્યનું ફળ છે. ભગવાન રમવા જાય એ સામાની પ્રસન્નતા માટે. તેથી પ્રભુનું આ સુદાક્ષિણ્ય છે.

આમ સામાનું કાર્ય કરી આપવાની તત્પરતા (પરકૃત્યપરતા) કે બીજાની અનિન્દ્ય પ્રાર્થનાને સફળ કરવાની તત્પરતા (પરાભિયોગપરતા) એ સુદાક્ષિણ્ય છે. પણ આ પ્રકૃત્યા પરકૃત્યપરતા જોઈએ.. એટલે કે સ્વભાવથી જોઈએ. કોઈક સ્વાર્થથી હોય તો એ સુદાક્ષિણ્ય નથી.

એ પ્રકૃતિથી કોને આવે ? તો કે જેનું ચિત્ત ગંભીર અને ધીર હોય તેને. સામી વ્યક્તિની બાહ્ય- આભ્યન્તર પરિસ્થિતિને ગળી શકનારો હોય તે ગંભીર કહેવાય. એ સામાની ભૂતકાલીન કે વર્તમાનકાલીન બાહ્ય કે આભ્યન્તર નબળી કડીઓ બીજા આગળ ઓકી ન નાખે. કોઈને ઘરમાં ઝગડો થવાથી મન ઉદાસીન થઈ ગયું, માણસ ગંભીર વ્યક્તિ પાસે આવીને કહે 'આપણે બહાર ક્યાંય ફરી આવીએ' તો એને પ્રસન્ન કરવા જાય અને એ વખતે એ વ્યક્તિ મન હળવું કરવા બધી વાત કરે, આ ગંભીર આદમી સાંભળી લે.. પણ પછી કોઈને જણાવે નહીં.. અગંભીર હોય તો ઉપરથી ટોણો મારે જે સામાની મૂંઝવણને ઓર વધારે.

रागो गुणिनि सर्वत्र, निन्दात्यागस्तथाऽऽपदि ।
अदैन्यं, सत्प्रतिज्ञत्वं सम्पत्तावपि नम्रता ।। १४।।

राग इति । **गुणिनि**=गुणवति पुंसि **रागः** । **सर्वत्र** जघन्यमध्यमोत्तमेषु **निन्दात्यागः**= परिवादापनोदः । **तथाऽऽपदि**=विपत्तावदैन्यं=अदीनभावः । **सत्प्रतिज्ञत्वं**= प्रतिपन्नक्रियानिर्वाहणम् । **सम्पत्तावपि**=विभवसमागमेऽपि **नम्रता**=औचित्येन नमनशीलता ।। १४।।

એમ ગંભીર હોય એ સ્વઉત્કર્ષમાં લીન ન બને, સ્વઅપકર્ષમાં દીન ન બને, એટલે કે બંને પરિસ્થિતિને ગળી જાય.

પ્રતિકૂળ અવસ્થામાં સત્ત્વસંપન્નતા એ ધીરતા છે, પછી ભલે એ પ્રતિકૂળ અવસ્થા કર્મકૃત હોય, સંયોગકૃત હોય કે પરકૃત હોય. બીજાનાં કાર્ય કરી આપવામાં પોતાને જે આપત્તિ આવે, નુકસાન આવે એમાં, ધૈર્ય ન હોય તો ફરી જાય.. ને તેથી દાક્ષિણ્ય જાળવી ન શકે. એમ પરની પ્રસન્નતા માટે વારંવાર પણ ભોગ આપવો પડે ત્યારે ધીરતા હોય તો અકળાઈ ન જાય.

(૨) દયાલુત્વ : બીજાનું દુઃખ દૂર કરવાની ઇચ્છા એ દયા છે. દયા જ્યારે સ્વભાવમાં વણાઈ ગઈ હોય ત્યારે નિરુપધિ બને છે. અર્થાત્ જે પર છે એ પોતાનો કોઈ સ્નેહી-સ્વજન- મિત્રાદિ થતો નથી, તથા એનું દુઃખ દૂર કરવામાં પોતાનો કશો જ સ્વાર્થ નથી.. પણ બીજાનું દુઃખ જોઈ જ ન શકે, દિલ દ્રવી જ જાય.. ને તેથી એનું દુઃખ દૂર કરવાની ઇચ્છા સાહજિક બની રહે એ દયાળુત્વ છે. આનાથી અંતરાયો તૂટે છે ને પુણ્ય બંધાય છે. તોતડાની મશ્કરીથી જ્ઞાનના અંતરાય બંધાય ને એની દયાથી એ અંતરાય તૂટે. રોગીના તિરસ્કારથી આરોગ્યના અંતરાય બંધાય ને દયાથી આરોગ્યનું પુણ્ય પ્રાપ્ત થાય. આવું આધિ, વ્યાધિ, ઉપાધિ.. દરેક દુઃખ અંગે જાણવું.

(૩) દીનોદ્ધાર : પરનું દુઃખ દૂર કરવાની ઇચ્છા સક્રિય બની પ્રયત્ન કરાવે એ દીનોદ્ધાર છે.

(૪) કૃતજ્ઞતા : બીજાઓએ પોતાના પર કરેલા ઉપકારને હંમેશાં યાદ રાખવો, અવસરે એને જીભ પર લાવવો.. અને ઉપકારીની એવી કોઈ પરિસ્થિતિ નિર્માણ થાય તો પોતે ભોગ આપીને પણ પ્રત્યુપકારની તૈયારી હોવી.. આ બધું જ કૃતજ્ઞતા છે.

(૫) જનાપવાદભીરુત્વ : લોકમાં નિન્દા થાય એ મોત કરતાં પણ આકરી લાગે. એટલે લોકનિન્દાથી સદા ભયભીતતા લોકનિન્દ્ય કાર્યોથી દૂર રખાવે. ઘણી ઘણી ધર્મક્રિયા કે તપશ્ચર્યા કરનારો જો વેપાર વગેરેમાં કે પોતાના જીવનવ્યવહારમાં લોકનિન્દ્ય કાર્ય કરતો હોય તો યોગની પૂર્વસેવામાં ટકી શકે નહીં. ॥૧૩॥ પૂર્વસેવારૂપ અન્ય સદાચારો જણાવે છે-

ગાથાર્થ : ગુણવાન્ પર રાગ, સર્વત્ર નિંદાત્યાગ, આપત્તિમાં અદીનતા, સત્પ્રતિજ્ઞત્વ અને સંપત્તિમાં પણ નમ્રતા..

ટીકાર્થ : ગુણવાન પુરુષ પર રાગ, સર્વત્ર=જઘન્ય, મધ્યમ, ઉત્તમ પુરુષોની નિંદાનો ત્યાગ, આપત્તિમાં અદીનભાવ, સત્પ્રતિજ્ઞત્વ=સ્વીકારેલી ક્રિયાનો નિર્વાહ કરવો, સંપત્તિ-વૈભવ મળવા પર પણ ઔચિત્યથી નમ્રતા...

अविरुद्धकुलाचारपालनं मितभाषिता ।
अपि कण्ठगतैः प्राणैरप्रवृत्तिश्च गर्हिते ।। १५।।

अविरुद्धेति । अविरुद्धस्य=धर्माद्यप्रतिपन्थिनः कुलाचारस्य पालनं=अनुवर्तनं (=**अविरुद्धकुलाचार-पालनम्**) । **मितभाषिता**=प्रस्तावे स्तोक-हितजल्पनशीलता । **कण्ठगतैरपि प्राणैर्गर्हिते**=लोकनिन्दिते कर्मण्यप्रवृत्तिश्च ।।१५।।

प्रधानकार्यनिर्बन्धः सद्व्ययोऽसद्व्ययोज्झनम् ।
लोकानुवृत्तिरुचिता प्रमादस्य च वर्जनम् ।। १६।।

विवेचन : (७) **गुणीपर रागः** ગુણોને ઓળખવાની ભૂમિકા ઊભી થઈ છે ને એની દુષ્કરતાની પિછાણ છે. એટલે ગુણવાન કોણ છે ? એ ગૌણ બની જાય છે, ગુણ જોવા પર બહુમાન જાગે છે. આદિધાર્મિકની પણ પૂર્વભૂમિકામાં ગુણોની વાસ્તવિક ઓળખ હોતી નથી.

(૭) **निन्दात्याग** ... નિન્દા ખુદ લોકનિન્દ્ય છે.. એટલે એનાથી ડરતો હોવાના કારણે કોઈની નિંદા ન કરે.

(૮) **आपत्तिमां अदीनता :** ગંભીરતા અને ધીરતાના કારણે દીનતાથી બચી શકે છે.

(૯) **सत्प्रतिज्ञत्व :** કોઈપણ પ્રતિજ્ઞા કે કાર્ય પોતાની શક્તિ- ભૂમિકા વગેરેનો વિચાર કરીને સ્વીકારે. પણ સ્વીકાર્યા પછી ઘણી મુશ્કેલીઓ આવે તો પણ ડગે નહીં.. આનાથી સત્ત્વનો વિકાસ થાય છે.

(૧૦) **નમ્રતા :** સંપત્તિના ઉપલક્ષણથી કોઈપણ ક્ષેત્રમાં આગળ વધતો જાય એમ નમ્ર બનતો જાય.. છતાં નમ્રતા ઔચિત્યપૂર્વક હોય. જેને તેને નમતો જાય તો તો લઘુતા થાય. નમ્રતાના કારણે જીવ વધુ ને વધુ આગળ વધતો જાય છે. ॥૧૪॥ બીજા પણ સદાચારોને આગળ જણાવે છે -

ગાથાર્થ : અવિરુદ્ધ કુલાચારપાલન, મિતભાષિતા, પ્રાણ કંઠગત થાય તો પણ ગર્હિતમાં અપ્રવૃત્તિ.

ટીકાર્થ : ધર્માદિને પ્રતિકૂળ ન હોય તે અવિરુદ્ધ, એવા કુલાચારનું પાલન કરે. મિતભાષિતા=પ્રસ્તાવ હોય ત્યારે અલ્પ-હિતકર બોલવાનો સ્વભાવ. પ્રાણો કંઠ સુધી આવી જાય તો પણ લોકનિન્દ્ય કાર્યમાં અપ્રવૃત્તિ.

વિવેચન : (૧૧) **અવિરુદ્ધકુલાચારપાલન** .. જેમ માતપિતાની ધર્માદિની બાધક ઇચ્છાને અનુસરવાનું હોતું નથી, એમ ધર્માદિના બાધક કુલાચાર પાળવાના હોતા નથી, કારણ કે ધર્માદિ આરાધવાનો કાળ દુર્લભ છે. પણ એ સિવાયના કુલાચાર પાળવા જ જોઈએ, એનાથી સ્વચ્છંદતા અટકે છે. આ માટે સમાન કુલ વચ્ચે રહેવું- ઉચિત વિવાહ વગેરે સહાયક બની શકે છે. અંબડ પરિવ્રાજકને પહેલાં વ્રત હતું કે નહીં આપેલું પાણી પીવું નહીં. એટલે પછી પણ એ જાળવી રાખ્યું. નદી પાસે પાણી આપનારું કોઈ હતું નહીં, તો અનશન કરી પાંચમા દેવલોકે ગયો. કસાઈનો ધંધો ધર્મ વિરુદ્ધ હોવાથી સુલસ પાસે અભયકુમારે છોડાવ્યો.

(૧૨) **मितभाषिता :** વગર પ્રસ્તાવે તો બોલવું જ નહીં, પ્રસ્તાવ હોય ત્યારે પણ જે હિતકર હોય એવું પરિમિત બોલવું.

(૧૩) **लोकनिंदितमां अप्रवृत्ति :** મરવું પડે તો મરવા તૈયાર, પણ લોકનિન્દ્યકાર્ય કરે નહીં, કારણ કે લોકનિંદાને મોતથી પણ વધારે માનનારો છે. ॥૧૫॥ વળી અન્ય સદાચારો જણાવે છે-

'प्रधाने'ति । प्रधानकार्ये=विशिष्टफलदायिनि प्रयोजने निर्बन्धः=आग्रहः **(=प्रधानकार्य-निर्बन्धः)** । **सद्व्ययः** पुरुषार्थोपयोगी वित्तविनियोगः । **(असद्व्ययोज्झनं=)** असद्व्ययस्य= तद्विपरीतस्योज्झनं=त्यागः । **लोकानुवृत्तिः**=लोकचित्ताराधनो**चिता**=धर्माविरुद्धा । **प्रमादस्य**= मद्यपानादिरूपस्य **च वर्जनम्** ।।१६।।

तपश्चान्द्रायणं कृच्छ्रं मृत्युघ्नं पापसूदनम् ।
आदिधार्मिकयोग्यं स्यादपि लौकिकमुत्तमम् ।।१७।।

तप इति । **लौकिकमपि**=लोकसिद्धमपि, अपिर्लोकोत्तरं समुच्चिनोति, **उत्तमं**= स्वभूमिकोचित-शुभाध्यवसायपोषकम् ।।१७।।

ગાથાર્થ : પ્રધાનકાર્યનિર્બંધ, સદ્વ્યય, અસદ્વ્યયનો ત્યાગ, ઉચિત એવી લોકાનુવૃત્તિ, પ્રમાદનું વર્જન...

ટીકાર્થ : વિશિષ્ટફળદાયી કાર્ય એ પ્રધાન કાર્ય.. એનો નિર્બંધ=આગ્રહ.. સદ્વ્યય= ધનનો પુરુષાર્થને ઉપયોગી બને એવો વ્યય. અસદ્વ્યયનો ત્યાગ=એનાથી વિપરીત હોય એવો દુર્વ્યય ન કરે. લોકાનુવૃત્તિ=લોકના ચિત્તની આરાધના, જે ધર્મને અવિરુદ્ધ હોય. મદ્યપાન વગેરે પ્રમાદનું વર્જન=ત્યાગ.

વિવેચન : **(૧૪) પ્રધાનકાર્યનિર્બંધ**-આદિધાર્મિક જીવ પણ માનવભવની દુર્લભતા અને આયુષ્યની ક્ષણભંગુરતા પિછાણે છે માટે મામૂલી કાર્યમાં સમય બગાડતો નથી.

(૧૫) સદ્વ્યય : (૧૬) અસદ્વ્યયત્યાગ... ચૌદમો સદાચાર આ બંને સદાચારને ખેંચી લાવે છે. જે કંજુસાઈથી અને ઉડાઉપણાથી જીવને બચાવે છે.

(૧૭) લોકાનુવૃત્તિ: સામાન્ય પરિસ્થિતિમાં જનમાનસથી વિરુદ્ધ બોલે કે કરે નહીં. જનમાનસનું અનુસરણ પણ જો ધર્માદિપુરુષાર્થને વિરોધી હોય તો ન કરે.

(૧૮) પ્રમાદત્યાગ : ... આદિધાર્મિકને મદ્યપાનાદિ કોઈપણ વ્યસન વગેરે પ્રમાદ હોય નહીં.

યોગબિન્દુ ગ્રન્થમાં આમાંથી દયાલુત્વ અને ગુણીપર રાગ... આ બે સદાચારોનો ઉલ્લેખ નથી, અને સજ્જન પ્રશંસા, વિસંવાદી વચનો ન બોલવાં તથા સર્વત્ર ઔચિત્યનું પાલન... એમ ત્રણ વધારાના સદાચારોનો ઉલ્લેખ છે. એટલે કુલ ઓગણીશ સદાચાર ત્યાં દર્શાવ્યા છે.

આ બધા સદાચારોનું પાલન જીવમાં યોગની ભૂમિકા ઊભી કરે છે. ॥ ૧૬॥

(હવે ક્રમપ્રાપ્ત તપરૂપ પૂર્વસેવાનું નિરૂપણ કરે છે -)

ગાથાર્થ : તપ ચાન્દ્રાયણ, કૃચ્છ્ર, મૃત્યુઘ્ન અને પાપસૂદન આ પ્રમાણે કહેવાયેલો છે. આદિધાર્મિકને યોગ્ય લૌકિક તપ પણ ઉત્તમ ઠરે છે.

ટીકાર્થ : લૌકિક=લોકમાં પ્રસિદ્ધ. અપિ શબ્દ લોકોત્તર તપનો સમુચ્ચય કરે છે. ઉત્તમ એટલે જે સ્વભૂમિકાને ઉચિત શુભ અધ્યવસાયનો પોષક હોય.

વિવેચન : આદિધાર્મિક જીવો જૈનશાસનને પામેલા હોય ને પામેલા ન પણ હોય. પામેલા જીવો માટે જૈનશાસનમાં કહેલો લોકોત્તર તપ શુભ અધ્યવસાયનો પોષક બને છે, નહીં પામેલા જીવોને લોકોત્તર તપ તો મળ્યો નથી. છતાં લોક પ્રસિદ્ધ તપ તેઓને મળ્યો છે. એમની ભૂમિકામાં એ તપ પણ એમને શુભ અધ્યવસાયનો

एकैकं वर्धयेद् ग्रासं शुक्ले कृष्णे च हापयेत् ।
भुञ्जीत नामावास्यायामेष चान्द्रायणो विधिः ।।१८।।

'एकैकमि'ति । **एकैकं वर्धयेद् ग्रासं**=कवलं **शुक्ले** पक्षे प्रतिपत्तिथेरारभ्य यावत् पौर्णमास्यां पञ्चदश कवलाः । **कृष्णे च** पक्षे **हापयेत्**=हीनं कुर्यादेकैकं कवलम् । ततो **भुञ्जीत न अमावास्यायां**, तस्यां सकलकवलक्षयात् । **एष चान्द्रायणश्चन्द्रेण** वृद्धिभाजा क्षयभाजा च सहेयते=गम्यते यत्तच्चन्द्रायणं, तस्यायं (=**चान्द्रायणः**) **विधिः**=करणप्रकार इति ।। १८।।

सन्तापनादिभेदेन कृच्छ्रमुक्तमनेकधा ।
अकृच्छ्रादतिकृच्छ्रेषु हन्त सन्तारणं परम् ।। १९।।

सन्तापनादीति । **सन्तापनादिभेदेन कृच्छ्रं** कृच्छ्रनामकं तपोऽ**नेकधोक्तम्** । आदिना पादसम्पूर्णकृच्छ्रग्रहः । तत्र सन्तापनकृच्छ्रं यथा-*"त्र्यहमुष्णं पिबेदम्बु त्र्यहमुष्णं घृतं पिबेत् । त्र्यहमुष्णं पिबेन्मूत्रं त्र्यहमुष्णं पिबेत्पयः।।"* ( ) इति । पादकृच्छ्रं त्वेतत्-*"एकभक्तेन नक्तेन तथैवाऽयाचितेन च । उपवासेन चैकेन पादकृच्छ्रं विधीयते।।"* ( ) इति । सम्पूर्णकृच्छ्रं पुनरेतदेव चतुर्गुणितमिति । **अकृच्छ्राद्**=अकष्टा**दतिकृच्छ्रेषु**=नरकादिपातफलेष्वपराधेषु,

---

પોષક બનતો હોય છે. માટે ઉત્તમ છે. પોતપોતાની ભૂમિકાને ઉચિત શુભઅધ્યવસાયનું પોષક જે કાંઈ હોય એ બધું જ પૂર્વસેવામાં આવે એ જાણવું. ॥૧૭॥ લૌકિક એવા ચાન્દ્રાયણ તપનું નિરૂપણ કરે છે-

ગાથાર્થ : શુક્લપક્ષમાં એક એક કોળિયો વધારવો, કૃષ્ણપક્ષમાં ઘટાડવો, અમાસે ભોજન કરવું નહીં. આ ચાન્દ્રાયણ તપનો વિધિ છે.

ટીકાર્થ : શુક્લપક્ષમાં પ્રતિપદા તિથિથી શરૂ કરીને એક-એક કોળિયો વધારતા જવું. એટલે પૂનમે પંદર કોળિયા હોય. પછી કૃષ્ણપક્ષમાં એક-એક કોળિયો ઘટાડતા જવું. એટલે અમાસના દિવસે ભોજન કરવાનું રહે નહીં. કારણ કે બધા કોળિયા પૂર્ણ થઈ ગયા. આ ચાન્દ્રાયણ તપનો વિધિ છે. 'વૃદ્ધિ અને ક્ષયને ભજનારા ચન્દ્રની સાથે જે ચાલે છે તેનો સંબંધી તે ચાન્દ્રાયણ' આવી ચાન્દ્રાયણ શબ્દની વ્યુત્પત્તિ છે.

વિવેચન : પૂનમે પંદર કવલ હતા. વદ એકમે એક કવલ ઘટાડવાથી ચૌદ થયા.. એટલે ક્રમશઃ ચૌદસે એક કવલ રહેશે. અને અમાસે એક પણ કવલ ન રહેવાથી ઉપવાસ કરવાનો હોય. ॥૧૮॥ હવે ક્રમપ્રાપ્ત કૃચ્છ્ર તપનો વિધિ કહે છે.

ગાથાર્થ : કૃચ્છ્ર તપ સન્તાપનાદિ પ્રકારે અનેકવિધ છે. આ કૃચ્છ્ર તપ એ અતિતીવ્ર પાપમાંથી સરળ રીતે પાર પામવાનો પ્રકૃષ્ટ હેતુ છે.

ટીકાર્થ : સન્તાપનાદિભેદે કૃચ્છ્ર નામનો તપ અનેક પ્રકારનો કહેવાયો છે. આદિ શબ્દથી પાદકૃચ્છ્ર અને સંપૂર્ણ કૃચ્છ્ર તપ લેવાના છે. તેમાં સંતાપનકૃચ્છ્રતપ આ રીતે હોય છે - ત્રણ દિવસ ગરમ પાણી પીવું, ત્રણ દિવસ ગરમ ઘી પીવું, ત્રણ દિવસ ગરમ મૂત્ર પીવું અને ત્રણ દિવસ ગરમ દૂધ પીવું. પાદકૃચ્છ્ર તપ આ પ્રમાણે છે- એકભક્ત=દિવસે એકાસણું, નક્ત=બીજા દિવસે રાત્રે એક વાર ભોજન, ત્રીજા દિવસે માગ્યા વિનાનું એક

हन्त इति प्रत्यवधारणे, **सन्तारणं** सन्तरणहेतुः **परं**=प्रकृष्टं प्राणिनाम् ।। १९।।

मासोपवासमित्याहुर्मृत्युघ्नं तु तपोधनाः ।
मृत्युञ्जयजपोपेतं परिशुद्धं विधानतः ।। २०।।

मासेति । मासं यावदुपवासो यत्र तत्तथा **(=मासोपवासं) इति** = एतदाहुः **मृत्युघ्नं तु** = मृत्युघ्ननामकं तु **तपोधनाः** तपःप्रधाना मुनयः । **(मृत्युञ्जयजपोपेतं=)** मृत्युञ्जयजपेन परमेष्ठिनमस्कारेणो**पेतं** = सहितं

वारनुं भोजन अने चोथे दिवसे उपवास. आने ज चार गणो करवामां आवे तो ए संपूर्णकृच्छ्र छे. अकृच्छ्रथी= अकष्टथी=सरळताथी अतिकृच्छ्रमांथी=नरकादिपातफलक अपराधोमांथी जीवोने पार पामवानो प्रकृष्ट हेतु छे. हन्त शब्द प्रत्यवधारणमां छे.

विवेचन : कृच्छ्र शब्दनो अर्थ छे अघरुं-कठिन.. एटले कृच्छ्रतप तरीके जे तप छे, ते कठिन तप छे. एटले जे गरम पाणी- घी वगेरे पीवानी वात छे ते सामान्यगरम नहीं जाणवाना.. पण जीभ- मुख वगेरेमां ल्हाय बळे एवा गरम जाणवा. पादकृच्छ्र तपना विधिमां जे नक्तेन शब्द छे एना स्थाने योगबिन्दुमां भुक्तेन शब्द छे अने तो पछी ए तप, एक दिवस एकासणुं, बीजा दिवसे याचना विनानुं एकासणुं, त्रीजा दिवसे उपवास.. एम त्रण दिवसनो जाणवो. तेम छतां लौकिक ग्रन्थोमां रात्रिभोजनने जणावनार नक्त शब्द ज होवाथी अहीं ए रीते अर्थ लीधो छे.

नरकगमनादि करावे एवा तीव्र पापमांथी बहार नीकळवा माटे आ कृच्छ्र तप वगेरे कारण छे. नरकगमननां जे कष्टो छे, एनी अपेक्षाए आ कृच्छ्र तप वगेरे करवामां बहु ज अल्प कष्ट पडतुं होवाथी सरळता छे. माटे, लोकदृष्टिए कठिन होवा छतां, ए जीवने आवा पापमांथी अकृच्छ्रात्=सरळताथी बहार काढनार छे. (अहीं अकृच्छ्रात् एवो पंचम्यन्त शब्द तपनुं विशेषण नथी. कारण के तपनो तो परं सन्तारणं एवा प्रथमाना शब्दथी उल्लेख छे). ॥१९॥ हवे क्रमप्राप्त मृत्युंजय तप जणावे छे-

गाथार्थ : मृत्युंजय जपथी युक्त, परिशुद्धपणे विधिथी करायेला महिनाना उपवासने तपोधन मुनिओ मृत्युंजय तप कहे छे.

टीकार्थ : एक महिना सुधीना उपवास छे जेमां ए प्रमाणेना तपने मृत्युघ्न नामनो तप, जेमना जीवनमां तप मुख्य छे एवा तपोधन मुनिओ कहे छे. आ तप मृत्युंजय जपथी= परमेष्ठी नमस्कारना जपथी सहित, [7]परिशुद्ध=ईहलोकनी आशंसा वगेरेना परिहारपूर्वकनो विधिथी=कषायोनो निरोध, ब्रह्मचर्यपालन, देवपूजा वगेरे३प विधिपूर्वक करायेलो होवो जोईए.

---

7. **प्रश्न :** आ श्लोकना श्लोकार्थमां शब्दशः विवेचनमां 'विधिथी परिशुद्ध' एम कह्युं छे अने अन्य विवेचनकारे गाथार्थमां 'विधिपूर्वक मृत्युंजय जपथी एने परिशुद्ध कह्यो' छे. तो साचुं शुं ?

उत्तर : टीकाकारे आ बेमांथी एके द्वारा एने परिशुद्ध नथी कह्यो. किन्तु आलोकनी आशंसा वगेरेना परिहारथी विशुद्ध कह्यो छे. अलबत्त बन्ने विवेचनकारोए विवेचनमां तो आ रीते ज एने परिशुद्ध कह्यो छे. पछी श्लोकार्थ-गाथार्थमां केम आवुं कह्युं छे ए भगवान जाणे.

परिशुद्धमिहलोकाशंसादिपरिहारेण **विधानतः** = कषायनिरोध-ब्रह्मचर्य-देवपूजादिरूपाद्विधानात् ।। २०।।

पापसूदनमप्येवं तत्तत्पापाद्यपेक्षया ।
चित्रमन्त्रजपप्रायं प्रत्यापत्तिविशोधितम् ।।२१।।

'पापे' ति । **पापसूदनमप्येवं** परिशुद्धं विधानतश्च ज्ञेयम् । तत्तच्चित्ररूपं यत्पापादि = साधुद्रोहादि तदपेक्षया **(=तत्तत्पापाद्यपेक्षया)** । यमुनमुनिराजस्याङ्गीकृतप्रव्रज्यस्य साधुवधस्मरणे तद्दिनप्रतिपन्नाभोजनाभिग्रहस्य षण्मासान् यावज्जातव्रतपर्यायस्य सम्यक्सम्पन्नाराधनस्य किल न क्वचिद्दिने भोजनमजनीति । चित्रो=नानाविधः "ॐ ह्रीं असिआउसा नम" इत्यादिमन्त्रस्मरणरूपो मन्त्रजपः प्रायो = बहुलो यत्र तत् **(=चित्रमन्त्रजपप्रायं)** प्रत्यापत्तिः=तत्तदपराधस्थानान्महता संवेगेन प्रतिक्रान्तिस्तया विशोधितं=विशुद्धिमानीतम् **(=प्रत्यापत्तिविशोधितम्)** ।।२१।।

विवेचन : मृत्युघ्न- आ तप मृत्युनो नाश करे छे, माटे मृत्युघ्न कहेवाय छे. मृत्युंजयजप.. पांच परमेष्ठीमां श्री अरिहंत अने सिद्ध भगवंतोओ मृत्यु पर जय मेळव्यो छे, अने आचार्यादि त्रण परमेष्ठीओ एनो जय मेळववानी दिशामां छे, तथा घणो खरो जय मेळवी लीधो छे. माटे एमने करातो नमस्कारनो जाप जापकने मत्यु पर जय अपावनारो बनतो होवाथी मृत्युंजय जप कहेवाय छे.

परिशुद्ध- आमां आदि शब्दथी परलोकआशंसा लेवी. एनो पण परिहार जोईए...

विधानत : आ तप दरमियान स्वभूमिकोचित कषायनो निरोध करवो, ब्रह्मचर्यनुं पालन करवुं, जिनपूजा करवी, आदि शब्दथी सानुबंध जिनाज्ञा पाळवी... आ बधो आ तपनो विधि छे. ॥२०॥

सत्तरमा श्लोकमां बतावेला चार तपमांना चोथा पापसूदन तपने जणावे छे-

गाथार्थ : आ ज प्रमाणे ते ते पाप वगेरेनी अपेक्षाए करातो, विविध मन्त्रजाप प्रचुर अने प्रत्यापत्तिथी विशोधित तप ए पापसूदन तप छे.

टीकार्थ : पापसूदन तप पण आ ज प्रमाणे परिशुद्ध अने विधिथी जाणवो. ए साधुद्रोहादि ते ते विचित्रस्वरूपवाळा जे पापादि होय तेनी अपेक्षाए कराय छे. दीक्षित थयेल यमुन नामना मुनिराजे 'साधुनी हत्या याद आवे ए दिवसे भोजन करवुं नहीं' आवो अभिग्रह लीधो ने छ महिनानो व्रत पर्याय थयो त्यां सुधी नियमने सम्यक् पाल्यो. तेथी कोई पण दिवस भोजन थयुं नहीं. चित्र=ॐ ह्रीं असिआउसा नमः वगेरेरूप अनेकविध मन्त्रजाप जेमां प्रायः=बहुल=प्रचुर रीते होय छे, ते चित्रमन्त्रजपप्राय कहेवाय. प्रत्यापत्ति=ते ते अपराधस्थानथी मोटा संवेगपूर्वक प्रतिक्रान्ति=पाछा फरवुं. आवी प्रत्यापत्तिथी तप विशोधित होवो जोईए.

विवेचन : एवं - मृत्यघ्नतपमां जे रीते परिशुद्धत्व अने विधि कही छे ए ज रीते आ पापसूदन तप पण आशंसादिना परिहारथी परिशुद्ध अने कषायनिरोधादि विधिपूर्वक जाणवो. **तत्तत्पापादि** ... ते ते पापनो नाश करवाना उद्देशथी कराय छे, माटे ज आनुं नाम पापसूदन तप कहेवाय छे. आमां यमुन मुनिनुं दृष्टान्त छे, ते आ रीते छे- मथुरानगरीमां यमुन नामे राजा हतो. त्यांनुं उद्यान यमुना नदीना कारणे वांकुं थई गयुं होवाथी यमुनावक्र कहेवातुं हतुं. आ यमुनावक्र उद्यानमां साधना करी रहेला दंड नामे मुनिने राजाओ तलवारथी हणी नाख्या. मुनि सिद्ध थया. देवो आव्या. इन्द्र पण आव्यो. एणे वजथी राजाने डराव्यो अने कह्युं के 'जो

मोक्षः कर्मक्षयो नाम भोगसंक्लेशवर्जितः ।
तत्र द्वेषो दृढाज्ञानादनिष्टप्रतिपत्तितः ।। २२ ।।

'मोक्ष' इति । **दृढाज्ञानात्** = अबाध्यमिथ्याज्ञानाद् भवाभिष्वङ्गभावेनानिष्टाननुबन्धिन्यपि

तुं दीक्षा લે તો જ છોડું...' ડરના માર્યા એણે દીક્ષા લીધી. પણ પછી સંવેગપૂર્વક દીક્ષાદિવસે જ અભિગ્રહ લીધો કે 'જે દિવસે આ હત્યા મને યાદ આવશે, એ દિવસે હું ઉપવાસ કરીશ...' અભિગ્રહને બરાબર પાળ્યો. છ મહિના થયા. એક પણ દિવસ ખાધું નહીં. આમ આ પાપવિશેષને ઉદ્દેશીને કરાયેલો આ તપ પાપસૂદન તપ કહેવાયો.

ચિત્રો.. યોગબિન્દુમાં ॐ ह्रीं असिआउसा नमः આવો મંત્ર આપ્યો છે એ જ અહીં પણ ગ્રન્થકારે દર્શાવ્યો છે. આ મંત્રમાં असिआउसा છે, असिआउसाय નથી, એટલે કેટલાક મહાત્માઓ જ્યાં જ્યાં આ મંત્ર આવે, ત્યાં ત્યાં ચતુર્થીવિભક્તિનો આભાસ કરાવવા असिआउसाय કરતા હોય છે તે ગલત જાણવું.

प्रत्यापत्ति : તે તે અપરાધ આચર્યા પછી ભારે સંવેગપૂર્વક એનાથી પાછા ફરવું=એનું પ્રતિક્રમણ કરવું-ભારોભાર પશ્ચાત્તાપ કરવો આ પ્રત્યાપત્તિ છે. એ હોય તો જ આ તપ વિશોધિત થાય છે.[8] ॥૨૧॥ પૂર્વસેવાના ક્રમપ્રાપ્ત અંતિમ ઘટક મુક્તિઅદ્વેષને વર્ણવે છે-

गाथार्थ : કર્મક્ષય એ મોક્ષ છે. એ ભોગના સંક્લેશથી રહિત છે. દૃઢ અજ્ઞાનતાના પ્રભાવે અનિષ્ટની બુદ્ધિ થવાથી એના પર દ્વેષ જાગે છે.

टीकार्थ : અબાધ્યમિથ્યાજ્ઞાન એ દૃઢ અજ્ઞાન છે. એના કારણે ભવાભિષ્વંગ વર્તતો હોવાથી, અનિષ્ટના અનનુબંધી (=અકારણ) એવા પણ મોક્ષમાં અનિષ્ટના અનુબંધી (=કારણ) તરીકે અનિષ્ટતાની પ્રતિપત્તિ થવાથી (દ્વેષ જાગે છે.)

विवेचन : भवाभिष्वङ्गभावेन.. પૂર્વ મુદ્રણોમાં બધે અહીં भवाभिष्वङ्गाऽभावेन છપાયેલું છે. અને તેથી 'ભવાભિષ્વંગ ન હોવાથી મોક્ષ કોઈપણ અનિષ્ટને લાવનાર નથી. તેમ છતાં અબાધ્ય મિથ્યાજ્ઞાનના કારણે એમાં અનિષ્ટના અનુબંધી તરીકે અનિષ્ટતાની બુદ્ધિ થાય છે' આવો અર્થ તે તે વિવેચનકારોએ કર્યો છે.

---

8. **પ્રશ્ન :** મૃત્યુંજય તપ અને પાપસૂદન તપ.. આ બે તો શ્રીજિનશાસનમાં કહેલા તપ છે. એમાં જપ પણ પંચપરમેષ્ઠીને નમસ્કાર વગેરે રૂપ જણાવ્યો છે. આ બાબતો સ્પષ્ટ કરે છે કે આ લોકોત્તર તપ છે. યમુન રાજર્ષિનું દૃષ્ટાન્ત પણ આ જ વાતને સૂચવે છે. તો ચાન્દ્રાયણ વગેરે આ ચારે તપને લૌકિકતપ કેમ કહ્યા છે ?

ઉત્તર : ક્યાં કહ્યા છે ? ગ્રન્થકારે તો ક્યાંય એવો ઉલ્લેખ કર્યો નથી. સત્તરમી ગાથામાં લૌકિક પણ ઉત્તમ છે એમ કહ્યું છે. અને ટીકામાં 'પણ' શબ્દ લોકોત્તર તપનો સમુચ્ચય કરે છે, એમ જણાવ્યું છે. 'આ ચાર તો લૌકિક છે, ને એ સિવાયના લોકોત્તર પણ ઉત્તમ છે.' એવું કશું જણાવ્યું નથી. જ્યારે આદિધાર્મિકને યોગ્ય લૌકિક અને લોકોત્તર બન્ને ઉત્તમ છે, ત્યારે માત્ર લૌકિકનો ઉલ્લેખ કરે અને લોકોત્તરનો ન કરે એવું માનવાને કોઈ કારણ નથી. ઊલટું શ્રીજૈનશાસનમાં જે આદિધાર્મિક જીવો હોય એમના માટે લોકોત્તર તપનો પણ ઉલ્લેખ કર્યો જ હોય એ નિઃશંક છે. એટલે, ચાન્દ્રાયણ અને કૃચ્છ્ર આ બે લૌકિક તપનો તથા મૃત્યુઘ્ન અને પાપસૂદન આ બે લોકોત્તર તપનો અહીં ઉલ્લેખ છે એમ માનવું યોગ્ય છે. તથા, આ બબ્બે પરથી અન્ય પણ લૌકિક-લોકોત્તર તપ ઉપલક્ષણથી જાણી લેવા. એટલે શબ્દશઃ વિવેચનકાર વગેરે બધાએ આ ચારેયને લૌકિક તરીકે જે ગણ્યા છે તે એમની ભ્રમણા જાણવી.

मोक्षेऽनिष्टानुबन्धित्वेनानिष्टप्रतिपत्तेः ।।२२।।

भवाभिनन्दिनां सा च भवशर्मोत्कटेच्छया ।
श्रूयन्ते चैतदालापा लोके शास्त्रेऽप्यसुन्दराः ।। २३।।

भवेति । **सा च** = मोक्षेऽनिष्टप्रतिपत्तिश्च **भवाभिनन्दि**नामुक्तलक्षणानां भवशर्मणो विषयसुखस्योत्कटेच्छया **(=भवशर्मोत्कटेच्छया)** भवति, द्वयोरेकदोषजन्यत्वात् ।।२३।।

ભવાભિષ્વંગ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય વગેરે અનિષ્ટનાં કારણો છે. આમાં પૂર્વ-પૂર્વનું કારણ ઉત્તર-ઉત્તરના કારણ કરતાં વધારે પ્રબળ-અતિપ્રબળ છે. તથા પૂર્વ-પૂર્વકારણકાળે ઉત્તર-ઉત્તરનું કારણ અવશ્ય હાજર હોય છે. ભવાભિનંદી જીવોને ભવાભિષ્વંગના કારણે મોક્ષ પર દ્વેષ હોવાથી અતિભયંકર અનિષ્ટ થતું હોય છે. અપુનર્બંધકને એ ન હોવાથી એટલું ભયંકર અનિષ્ટ થતું નથી. એટલે અપુનર્બંધક અવસ્થા માટે કહેવું હોય કે 'ભવાભિષ્વંગ ન હોવાના કારણે અપુનર્બંધક અવસ્થા (તેવા) અનિષ્ટનું કારણ બનતી નથી' તો તો બરાબર છે. પણ મોક્ષ માટે આવું કથન ઉચિત નથી. શું ભવાભિષ્વંગ નથી એટલા માત્રથી મોક્ષ અનિષ્ટનું અકારણ છે ? કે મિથ્યાત્વ વગેરે કશું જ નથી એના કારણે એ અનિષ્ટનું અકારણ છે ? નહીંતર તો ભવાભિષ્વંગજન્ય અનિષ્ટ મોક્ષમાં ભલે નહીં હોય, મિથ્યાત્વાદિજન્ય અનિષ્ટ તો હશે ને ? આવી શંકા ઊભી જ રહે. એટલે મોક્ષમાં કશું જ અનિષ્ટ નથી. એ જણાવવા માટે તો **આધિ-વ્યાધિ તન-મનથી હોવે તસઅભાવે સુખ ખાસો રે** આવું જ કહેવું ઉચિત ઠરે. અનિષ્ટનું કારણ બનનાર એક પાવરનો દોષ પણ જ્યાં નથી, ત્યાં 'એક કરોડ પાવરનો દોષ ન હોવાથી અનિષ્ટ હોતું નથી' આવું કહેવું શું ઉચિત છે ? કારણ કે બાકીના એકથી લઈને ૯૯૯૯૯૯૯૯ પાવર સુધીના દોષજન્ય અનિષ્ટની સંભાવના ઊભી જ રહે છે. એને માટે તો 'એક પાવરનો પણ દોષ છે નહીં, માટે કશું અનિષ્ટ નથી' એમ જ કહેવું ઉચિત રહે છે.

વસ્તુતઃ અહીં મોક્ષ અનિષ્ટનો અનનુબન્ધી=અનિષ્ટનું અકારણ કેમ છે ? એ જણાવવાનો અભિપ્રાય નથી. અહીં તો, મોક્ષને અનિષ્ટ કેમ માને છે ? તો કે, અનિષ્ટના અકારણ એવા પણ મોક્ષને અનિષ્ટનું કારણ માને છે, માટે. મોક્ષને અનિષ્ટનું કારણ કેમ માને છે ? તો કે ભવાભિષ્વંગ છે માટે. ભવાભિષ્વંગ કેમ છે ? તો કે દૃઢઅજ્ઞાન છે, માટે. આવું જણાવવાનો અભિપ્રાય છે.

આશય એ છે કે સુખ તો વિષયનું જ હોય, વિષય સિવાયનું સુખ એ ઝાંઝવાનાં નીરની જેમ માત્ર કલ્પના જ છે. આવું, જેને કોઈપણ રીતે દૂર ન કરી શકાય એવું ગાઢ અજ્ઞાન એ દૃઢ અજ્ઞાન છે. એના કારણે વિષયોની ભૂતાવળ જેવો ભવાભિષ્વંગ જીવને અનાદિકાળથી વળગેલો છે. એટલે વિષયસુખનો સદંતર અભાવ એ આવા જીવને ભારે અનિષ્ટરૂપ બની રહે છે. તેથી આવા અનિષ્ટના કારણભૂત મોક્ષ પણ ભવાભિનંદી જીવને અનિષ્ટ ભાસે છે. ને તેથી એના પર દ્વેષ પ્રવર્તે છે. ॥૨૨॥ આ જ વાત આગળની ગાથા દ્વારા જણાવે છે -

ગાથાર્થ : ભવાભિનંદી જીવોને તે = (મોક્ષમાં અનિષ્ટપણાની બુદ્ધિ) ભવસુખની ઉત્કટ ઇચ્છાથી થાય છે. અને લોકમાં તથા શાસ્ત્રમાં પણ આ અસુંદર વાતો સંભળાય છે.

ટીકાર્થ : જેમનું સ્વરૂપ પૂર્વે કહેવાઈ ગયું છે તે ભવાભિનંદી જીવોને सा=મોક્ષમાં અનિષ્ટની પ્રતિપત્તિ = અનિષ્ટપણાની બુદ્ધિ ભવશર્મ=વિષયસુખની ઉત્કટ ઇચ્છાથી થાય છે કારણ કે બન્ને એક દોષજન્ય છે.

मदिराक्षी न यत्रास्ति तारुण्यमदविह्वला ।

जडस्तं मोक्षमाचष्टे प्रिया स इति नो मतम् ।। २४।।

'**मदिराक्षी**'ति । लोकालापोऽयम् ।। २४।।

वरं वृन्दावने रम्ये क्रोष्ट्रुत्वमभिवाञ्छितम् ।

न त्वेवाविषयो मोक्षः कदाचिदपि गौतम ! ।। २५।।

'**वरमि**'ति । 'गौतम !' इति गालवस्य शिष्यामन्त्रणम् । ऋषिवचनमिदमिति शास्त्रालापोऽयम् ।।२५।।

द्वेषोऽयमत्यनर्थाय तदभावस्तु देहिनाम् ।

भवानुत्कटरागेण सहजाल्पमलत्वतः ।। २६।।

'**द्वेष**' इति । **अयं** = मुक्तिविषयो **द्वेषोऽत्यनर्थाय** = बहुलसंसारवृद्धये । **तदभावस्तु** = मुक्तिद्वेषाभावः

विवेचन : ભવાભિનંદી જીવનાં લક્ષણો દસમી બત્રીશીની પાંચમી ગાથામાં પૂર્વે કહેવાઈ ગયા છે. વિષયસુખની તીવ્ર ઇચ્છાથી મોક્ષ અનિષ્ટ ભાસે છે વગેરે વાત આગળ વિચારી ગયા છીએ.

ગ્રન્થકારે મોક્ષ અંગે બાવીશમી -ત્રેવીશમી ગાથામાં પ્રથમાન્ત પદથી ક્રમશઃ બે વિધાનો કર્યા છે. દ્વેષ અને સા= અનિષ્ટપ્રતિપત્તિ. તેથી ટીકામાં द्वयोः પદ જે છે તે દ્વેષ અને અનિષ્ટપ્રતિપત્તિ એ બેને જણાવે છે. એટલે કે 'મોક્ષ અંગે દ્વેષ અને અનિષ્ટપ્રતિપત્તિ આ બંને એક દોષજન્ય છે' એવો અર્થ જાણવો. આ સિવાયનો અર્થ ગલત જાણવો. ॥૨૩॥ ભવાભિનંદી જીવોના એ અસુંદર બકવાસને જણાવે છે -

ગાથાર્થ : યૌવનના ઉન્માદથી વિહ્વળ થયેલી મદિરાક્ષી સ્ત્રી જ્યાં નથી, એને મોક્ષ તો જે જડ હોય તે જ કહે છે. અમારે મન તો પ્રિયતમા એ જ મોક્ષ છે.

ટીકાર્થ : આ લૌકિક પ્રલાપ છે. ॥૨૪॥ હવે (કુ)શાસ્ત્રનો પ્રલાપ જણાવે છે-

ગાથાર્થ : હે ગૌતમ ! રમણીય વૃંદાવનમાં શિયાળપણું ઇચ્છવું સારું, પણ વિષય વિનાનો મોક્ષ ઇચ્છવો તો ક્યારેય સારો નહીં.

ટીકાર્થ : ગૌતમ એ ગાલવઋષિએ પોતાના શિષ્યને કરેલું સંબોધન છે. આ ઋષિનું વચન છે, માટે એ શાસ્ત્રનો આલાપ કહેવાય.

વિવેચન : મોક્ષમાં વિષયસુખ હોવું તો કોઈ દર્શન માનતું નથી. જંગલમાં ભલે ગમે એટલી તકલીફો હોય, પણ જંગલપ્રાયોગ્ય વિષયસુખ તો મળે છે, મોક્ષમાં તો એ પણ નથી. માટે મોક્ષ કરતાં જંગલમાં પશુ થવું લાખ ટકા બહેતર છે. આવો આ કુશાસ્ત્રાલાપનો ભાવાર્થ છે. ॥૨૫॥ મુક્તિદ્વેષનું ફળ અને તેના અભાવનું કારણ દર્શાવે છે-

ગાથાર્થ : આ દ્વેષ અતિઅનર્થ માટે થાય છે. જીવોને તેનો અભાવ સહજ અલ્પમલત્વથી થયેલ ભવઅનુત્કટ રાગથી થાય છે.

ટીકાર્થ : अयं= મુક્તિવિષયક દ્વેષ અતિઅનર્થ માટે=બહુલ સંસારની વૃદ્ધિ માટે થાય છે. વળી, તેનો અભાવ=મુક્તિદ્વેષનો અભાવ ભવાનુત્કટ રાગથી = ભવની ઉત્કટ ઇચ્છાના અભાવથી થાય છે. (આ ઇચ્છાનો

पुनर्देहिनां = પ્રાણિનાં **भवानुत्कटरागेण** = ભવોત્કટેચ્છાऽભાવેન સહજં = સ્વાભાવિકં યદલ્પમલત્વં તતઃ **(=सहजाल्पमलत्वतः)** । મોક્ષરાગજનકગુણાભાવેન તદભાવેऽપિ ગાઢતરમિથ્યાત્વદોષાભાવેન તદ્દ્વેષાભાવો ભવતીત્યર્થઃ ।। ૨૬।।

मलस्तु योग्यता योग-कषायाख्याऽऽत्मनो मता ।
अन्यथाऽतिप्रसङ्गः स्याज्जीवत्वस्याविशेषतः ।। २७।।

'मलस्त्वि'ति । **मलस्तु योगकषायाख्याऽऽत्मनो योग्यता मता** । તસ્યા એવ બહુત્વાલ્પત્વાભ્યાં દોષોત્કર્ષાપકર્ષોપપત્તેઃ । **अन्यथा जीवत्वस्याविशेषतः** = સર્વત્ર સાધારણત્વા**दतिप्रसङ्गः** મુક્તેષ્વપિ બન્ધાપત્તિલક્ષણઃ **स्यात्** ।। ૨૭।।

અભાવ) સહજ = સ્વાભાવિક જે અલ્પમલત્વ, તેનાથી થાય છે. મોક્ષરાગના જનક ગુણનો અભાવ હોવાથી તેનો = મોક્ષરાગનો અભાવ હોવા છતાં પણ ગાઢતર મિથ્યાત્વ દોષનો અભાવ થવાથી તેના=મોક્ષના દ્વેષનો અભાવ થાય છે એમ અર્થ છે.

વિવેચન : ભવની=વિષયસુખની ઉત્કટ ઇચ્છાથી મોક્ષમાં અનિષ્ટબુદ્ધિ અને દ્વેષ બંને થયેલા. એટલે એ ઉત્કટ ઇચ્છા રવાના થતાં મોક્ષનો દ્વેષ પણ રવાના થાય છે. આમ તો વિરોધી આવવાથી મૂળ વસ્તુ દૂર થાય છે. જેમ કે સૂર્ય આવવાથી અંધકાર રવાના થઈ જાય છે. પ્રસ્તુતમાં, દ્વેષનો વિરોધી છે રાગ. એટલે મોક્ષનો રાગ આવે તો મોક્ષનો દ્વેષ ભાગી જાય એ સ્પષ્ટ છે. પણ મોક્ષનો રાગ પેદા કરી શકે એવા ગુણ હજુ પ્રગટ્યા નથી. એટલે મોક્ષરાગ પણ પ્રગટી શકતો નથી. તો પછી મોક્ષદ્વેષ રવાના શી રીતે થાય ? તો કે એના કારણોની હકાલપટ્ટી દ્વારા. ભવની=વિષયવસ્તુની અબાધ્ય ઉત્કટ ઇચ્છા એ ગાઢતર મિથ્યાત્વનું જ એક સ્વરૂપ છે. એટલે એ ઉત્કટ ઇચ્છાનો અભાવ એ જ ગાઢતર મિથ્યાત્વનો અભાવ છે. એ થવાથી, એ ઇચ્છાજન્ય મોક્ષદ્વેષનો અભાવ થઈ જાય છે.

આ ગાઢતર મિથ્યાત્વનો અભાવ કઈ રીતે થાય ? તો કે અલ્પમલત્વથી થાય. આ અલ્પમલત્વ શાનાથી થાય ? એ વિચારીએ તો પુરુષાર્થથી થાય એમ તો કહી શકાતું નથી, કારણ કે અલ્પમલત્વ થવા પૂર્વે ભવાભિનંદીપણું હોય છે. ને ભવાભિનંદીપણામાં કરેલો કોઈ પુરુષાર્થ આત્માની દૃષ્ટિએ સફળ થઈ શકતો નથી, કારણ કે એ પુરુષાર્થને અયોગ્યકાળ છે. આમ અલ્પમલત્વ પુરુષાર્થથી થતું નથી. માટે એને સહજ=સ્વાભાવિક કહ્યું છે. ॥૨૬॥ અલ્પમલત્વમાં મલ શું છે ? એ જણાવે છે -

ગાથાર્થ : મલ એટલે આત્માની યોગ અને કષાય નામની યોગ્યતા. જો એ માનવામાં ન આવે, તો જીવત્વ બધામાં સમાન હોવાથી અતિપ્રસંગ થાય.

ટીકાર્થ : મલ તરીકે આત્માની યોગ અને કષાયનામની યોગ્યતા મનાયેલી છે. તેની જ વધ-ઘટ થવાથી દોષનો ઉત્કર્ષ અને અપકર્ષ સંગત થાય છે. નહીંતર જીવત્વ બધામાં એકસમાન હોવાથી મુક્તજીવોને પણ કર્મબંધની આપત્તિરૂપ અતિપ્રસંગ થાય.

વિવેચન : જીવમાં અનાદિકાળથી સહજમળ=કર્મબંધની યોગ્યતા મનાયેલી છે. રંગને વસ્ત્ર પકડે છે,

આકાશ નથી પકડતું... વસ્ત્ર રંગને પકડે છે, હવાને નથી પકડતું.. આ વાતો જણાવે છે કે જે ચોંટે છે એમાં ચોંટવાની યોગ્યતા જોઈએ અને જેને ચોંટે છે એમાં ચોંટાવાની યોગ્યતા જોઈએ. રંગમાં યોગ્યતા છે, માટે રંગ ચોંટે છે, હવામાં નથી, માટે હવા નથી ચોંટતી. વસ્ત્રમાં ચોંટાવાની યોગ્યતા છે માટે રંગથી ચોંટાય છે, આકાશમાં નથી, માટે રંગથી પણ નથી ચોંટાતું. દીવાલ-કાચ વગેરે પર જડબેસલાક ચોંટી જતું સ્ટીકર, એની નીચે જે જીલેટીન પેપરની શીટ હોય છે એના પર એવું ચોંટતું નથી, તેથી ફટ દઈને ઉખેડી શકાય છે. આનું કારણ એ પેપરશીટની ચોંટાવાની અયોગ્યતા સિવાય બીજું શું છે ? આવું જ આત્મા અને કર્મ અંગે છે. કર્મો આત્માને ચોંટે છે (=કર્મનો બંધ થાય છે.) કર્મ પુદ્ગલોની એવી યોગ્યતામાત્રથી જ જો એ ચોંટી જતા હોય.. (એટલે કે આત્મામાં એવી કોઈ વિશેષ યોગ્યતા માન્યા વિના જ કર્મબંધ થઈ શકતો હોય) તો તો કર્મો આકાશ વગેરેને પણ ચોંટી જવાં જોઈએ, કારણ કે કર્મપુદ્ગલોની યોગ્યતા તો અક્ષત જ છે. પણ, એ ચોંટતા નથી, એટલે માનવું પડે છે કે આકાશાદિમાં ન હોય એવી કોઈક યોગ્યતા આત્મામાં છે જેના કારણે કર્મો આત્માને ચોંટે છે. એ જ રીતે, યોગ્ય એવા પણ આત્માને કર્મપુદ્ગલો જ ચોંટે છે, ધર્માસ્તિકાયાદિ નહીં. એટલે કર્મપુદ્ગલોમાં પણ એવી કોઈક યોગ્યતા માનવી પડે છે જે ધર્માસ્તિકાયાદિમાં નથી. આમ, આત્માને કર્મનો બંધ થવામાં આત્મા અને કર્મ એ બંનેની તેવી તેવી યોગ્યતા ભાગ ભજવે છે એ નિશ્ચિત થયું. એમાં આત્મામાં જે યોગ્યતા પડી છે, એ કર્મબંધ કરાવવા દ્વારા આત્માના શુદ્ધસ્વરૂપને મલિન કરે છે, માટે મલ કહેવાય છે. વળી, આત્મા અનાદિકાળથી છે અને કર્મબંધ અનાદિકાળથી છે. માટે આ મલને પણ આત્માની સાથે સાથે અનાદિકાળથી માનવો જરૂરી છે. માટે એ સહજમલ કહેવાય છે.

કર્મબંધની આ યોગ્યતા=સહજમળ કિંસ્વરૂપ છે ? એ વિચારણામાં કોઈક કહે છે કે આકાશાદિમાં ન હોય ને આત્મામાં હોય એવું તો જીવત્વ છે. માટે એને જીવત્વસ્વરૂપ જ માની લ્યો ને ! ગ્રન્થકાર આ વિચારણાને નકારે છે, કારણ કે આવું માનવામાં અતિપ્રસંગ થાય છે. તે આ કે જીવત્વ તો મુક્ત જીવોમાં પણ સમાન રીતે રહ્યું હોવાથી તેઓને પણ કર્મબંધ માનવો પડે.

આમ, કર્મબંધની યોગ્યતાને જીવત્વસ્વરૂપ માની શકાતી નથી, તો કેવી માનવી ? એવી માનવી જોઈએ કે જે સિદ્ધાત્મામાં ન હોય ને સંસારી આત્મામાં હોય, એટલે ગ્રન્થકાર કહે છે કે એ યોગ અને કષાયસ્વરૂપ છે. આશય એ છે કે કર્મબંધ પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ.. આમ ચાર પ્રકારે થાય છે. એમાંથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી થાય છે, સ્થિતિબંધ અને રસબંધ કષાયથી થાય છે. એટલે પરિપૂર્ણ બંધ માટે યોગ્યતાને યોગ અને કષાય ઉભયસ્વરૂપ માનવી પડે છે. યોગ્યતા પ્રબળ હોય ત્યારે દોષો તીવ્ર હોય છે અને આ યોગ્યતા નબળી હોય ત્યારે દોષો મંદ થાય છે. એટલે સહજમળરૂપ યોગ્યતા અલ્પ થવા પર ગાઢતર મિથ્યાત્વ રૂપ પ્રબળ દોષ દૂર થઈ મંદમિથ્યાત્વરૂપ બને છે. ગાઢતર મિથ્યાત્વ (=ઉત્કટ વિષયેચ્છા) રવાના થવાથી મુક્તિદ્વેષ રવાના થવાના કારણે મુક્તિઅદ્વેષ આવે છે.

શંકા : કર્મબંધની યોગ્યતા જો યોગ અને કષાયરૂપ છે, અને એની અલ્પતા થવા પર જો મુક્તિઅદ્વેષ આવે છે, તો તો દરેક એકેન્દ્રિય જીવમાં મુક્તિઅદ્વેષ માનવો પડશે, પછી ભલે ને એ જીવ અચરમાવર્તમાં રહ્યો હોય, કારણ કે પંચેન્દ્રિય જીવની અપેક્ષાએ એકેન્દ્રિય જીવના યોગ અને કષાયો અતિઅતિ અલ્પ હોય છે.

સમાધાન : અન્ય વિવેચનકારે આ વાત સ્વીકારી છે કે એકેન્દ્રિયમાં કર્મબંધની યોગ્યતા અલ્પ હોય છે, પણ એ વિચારણીય છે, કારણ કે તો શું બધા એકેન્દ્રિયોમાં મુક્તિઅદ્વેષને તેઓ સ્વીકારશે ?

વસ્તુતઃ, આત્માની યોગ-કષાય નામની યોગ્યતા એમ જે કહ્યું છે એમાં યોગ-કષાય એટલે યોગ અને કષાય જ નથી લેવાના, પણ આત્માની યોગરૂપે પરિણમવાની યોગ્યતા અને કષાયરૂપે પરિણમવાની યોગ્યતા લેવાની છે. આશય એ છે કે, અત્યંત મદહોશ, ભયંકર કામાતુર યુવતી કોઈક થાંભલાને કામાવેગથી આલિંગન કરે તો પણ એ થાંભલામાં કામવાસનાની એક આછી પાતળી રેખા પણ અંકિત થતી નથી. એમ કોઈ ભારે ક્રૂરતાપૂર્વક કરવત વડે થાંભલાને કાપે ત્યારે થાંભલામાં ઊંડે ઊંડે પણ ક્રોધનો કોઈ જ સળવળાટ થતો નથી. કેમ ? કારણ કે થાંભલામાં વેદ કે કષાયની યોગ્યતા જ નથી. ક્ષીણમોહજીવની પણ આવી જ અવસ્થા હોય છે. વેદ કે કષાયના ગમે એટલા પ્રબળ નિમિત્ત મળે, એક સૂક્ષ્માતિસૂક્ષ્મ કહી શકાય એટલો પણ વેદ-કષાય પરિણામ ઊઠતો નથી, કારણ કે એમના આત્મામાં હવે એની યોગ્યતા જ નથી. આ બાબતમાં તેઓ ડિટ્ટો જડ-થાંભલા જેવા જ બની ગયા હોય છે.

પ્રશ્ન : પહેલાં એની જે યોગ્યતા હતી તે સંપૂર્ણ નષ્ટ શાનાથી થઈ ગઈ ?

ઉત્તર : પહેલાં સહજ રીતે, પછી યોગથી અને છેલ્લે મુખ્ય સંપૂર્ણ નાશ ક્ષપકશ્રેણિથી થાય છે. વસ્તુતઃ ક્ષપકશ્રેણિનો આ જ મુખ્ય લાભ છે, આ જ એનું મુખ્ય કાર્ય છે. તે તે કર્મો ક્ષય પામવા એ તો સાથે સાથે થનારું આનુષંગિક કાર્ય છે. પણ, કર્મો અંગેની પ્રક્રિયાને આપણે છદ્મસ્થો સમજી શકીએ છીએ. કર્મની પ્રકૃતિઓ, એના બંધ - ઉદય વગેરે, સ્થિતિઘાત - રસઘાત - ગુણશ્રેણિ- ગુણસંક્રમ વગેરે દ્વારા ઘણું વિશદ વર્ણન શક્ય બને છે. કર્મબંધની યોગ્યતામાત્ર દ્વારા એટલું વિશદવર્ણન આપણે સમજી શકીએ એવું શક્ય નહીં હોય, માટે યોગ્યતાના આધારે ક્ષપકશ્રેણિના વર્ણનના સ્થાને કર્મોના આધારે એ શાસ્ત્રોમાં કરાયેલું મળે છે. હા, જે પ્રકૃતિનો જ્યાં ક્ષય કહ્યો હોય ત્યાં એ પ્રકૃતિની યોગ્યતાનો ક્ષય જરૂર આપણે સમજી શકીએ છીએ.

પ્રશ્ન : તમે આ બધું શાના આધારે કહો છો ?

ઉત્તર : શાસ્ત્રવચનોના.. કારણ કે એ સિવાય તો અતીન્દ્રિય બાબતોમાં ગોથાં જ ખાવાનાં રહે. આત્મા પરથી વિવક્ષિત કર્મપ્રકૃતિનું દલિક સર્વાંશે દૂર કરી દેવામાં આવે- સમ ખાવા પૂરતું એક દલિક પણ આત્મા પર રહે નહીં એ રીતે એને હટાવવામાં આવે, આવી પ્રક્રિયાના આપણા શાસ્ત્રોમાં વિસંયોજના, ઉદ્વેલના અને ક્ષય... આવાં અલગ-અલગ નામો આવે છે. જેમ કે અનંતાનુબંધીની વિસંયોજના. ચારે ગતિના સંજ્ઞીપંચેન્દ્રિય સમ્યક્ત્વી જીવો આ પ્રક્રિયા કરી શકે છે અને અનંતાનુબંધી ચારે કષાયોની પ્રકૃતિઓને આત્મા પરથી નિર્મૂળ કરે છે. અલબત્ ક્ષાયિક સમ્યક્ત્વ પામતી વખતે પણ જીવ આ જ પ્રક્રિયા કરે છે, અને અનંતાનુબંધી ચારને આત્મા પરથી સર્વથા દૂર કરે છે. તેમ છતાં આ બંને પ્રક્રિયાઓ એક જ છે એવું નથી. ક્ષાયિકસમ્યક્ત્વ પામતી વખતની પ્રક્રિયા માત્ર મનુષ્યો જ કરી શકે છે, કદાચ તત્કાળ આગળ ક્ષપકશ્રેણિ ન માંડે તો પણ એને ખંડ ક્ષપકશ્રેણિ કહે છે, તથા હવે ભવિષ્યમાં ક્યારેય અનંતાનુબંધી પ્રકૃતિઓ બંધાદિ પામી શકતી નથી. જ્યારે વિસંયોજના ચારે ગતિના જીવો કરે છે, એ ખંડ ક્ષપકશ્રેણિ નથી કહેવાતી. ને ભવિષ્યમાં ફરીથી અનંતાનુબંધી પ્રકૃતિઓના બંધાદિ અસ્તિત્વમાં આવી શકે છે. તેથી વિસંયોજનાને ક્ષય નથી કહેવાતો.

જીવ એકેન્દ્રિયમાં જાય ત્યારે વૈક્રિય શરીરનામકર્મ વગેરે સાત પ્રકૃતિઓને આત્માપરથી સર્વથા દૂર કરે છે. એ ઉદ્વેલના કહેવાય છે, પણ ક્ષય નથી કહેવાતો.

ચરમશરીરી જીવને માત્ર વર્તમાન મનુષ્યઆયુષ્યના ઉદય-સત્તા હોય છે. એ સિવાયની કોઈ આયુષ્ય પ્રકૃતિના હવે બંધાદિ ક્યારેય થવાના નથી. છતાં એનો ક્ષય તો ક્ષપકશ્રેણિ માંડે ત્યારે જ કહેવાય છે, એ પૂર્વે નહીં. ચરમવાર આવેલા સાતમા ગુણઠાણાના ચરમસમય સુધી આ ત્રણ આયુષ્ય પ્રકૃતિઓ સત્તામાં હતી અને આઠમાના પ્રથમ સમયે એનો ક્ષય થઈ ગયો એવું તો છે નહીં. તો એ વખતે એનો ક્ષય શું થયો ? ઉપશમશ્રેણિમાં તિર્યંચાયુ- નરકાયુ આ બેની નિયમા સત્તાપણ હોતી નથી જ, છતાં એની સંભવસત્તા કહેવાય છે.. એ શા માટે ?

આ બધા પ્રશ્નોનું સમાધાન તો મળી જાય, જો ક્ષયનો અર્થ 'તે તે કર્મપ્રકૃતિસંબંધી આત્મામાં રહેલી યોગ્યતાનો ક્ષય' એવો અર્થ કરવામાં આવે. વિસંયોજના અને ઉદ્વેલનામાં યોગ્યતા તો ઊભી જ રહે છે. માટે જ તો ભવિષ્યમાં ફરીથી બંધાદિ પ્રવર્તી શકે છે, માટે એ ક્ષય નથી. વળી યોગ્યતાનો ક્ષય જ અતિવિશિષ્ટ ભૂમિકાની અપેક્ષા રાખે છે, માટે માનવભવમાં જ અતિવિશિષ્ટ અધ્યવસાયથી એ થાય છે. વિસંયોજના-ઉદ્વેલના માટે એ આવશ્યક નથી. ચરમશરીરીને ભલે દેવાયુ વગેરે ત્રણની હવે સંભાવના નથી, છતાં એની યોગ્યતા તો ક્ષપકશ્રેણિમાં જ ક્ષીણ થાય છે ને તેથી ત્યારે જ એનો ક્ષય=સત્તાવિચ્છેદ કહેવાય છે. ઉપશમશ્રેણિમાં તિર્યંચાયુ-નરકાયુ સત્તામાં ભલે નિયમા નથી, છતાં યોગ્યતા ઊભી જ હોવાથી ક્ષય ન કહેવાતા સંભવસત્તા કહેવાય છે.

આ બધી વાતો પરથી નિશ્ચિત થાય છે કે ક્ષપકશ્રેણિ એ આત્મામાં રહેલી કર્મયોગ્યતાઓનો ક્ષય કરવાની પ્રક્રિયા છે. વળી ઉદય અને સત્તા આ બંને બંધને આધીન હોવાથી બંધને જ મુખ્ય કરવામાં આવે તો આ યોગ્યતા કર્મબંધની યોગ્યતા કહી શકાય છે. આત્મા અને કર્મ અનાદિ હોવાથી આ યોગ્યતા પણ અનાદિની માનવી પડે છે. માટે એને સહજમળ કહે છે.

ગ્રન્થકારે આ યોગ્યતાને યોગ-કષાયરૂપે કહેલ છે. પણ એનો અર્થ આત્માની યોગ અને કષાયરૂપે પરિણમવાની યોગ્યતા આવો કરવો ઉચિત બની રહે છે. બાકી યોગ-કષાયને જ જો યોગ્યતારૂપે=મળરૂપે લેવાના હોય તો (૧) દરેક એકેન્દ્રિયને મુક્તિઅદ્વેષ હોવો કહેવો પડે અને (૨) અલ્પમલત્વને સ્વાભાવિક કહેવાના બદલે કર્મના ઉદયથી થતું ઔદયિક કહેવું પડે, તથા (૩) મોક્ષપ્રાપ્તિથી ઘણા ઘણા દૂરના પુદ્ગલાવર્તમાં પણ એકેન્દ્રિય ભવોમાં અલ્પમલત્વ અને તેના કારણે મુક્તિઅદ્વેષ માનવા પડે, કારણ કે એકેન્દ્રિયજાતિનામકર્મના ઉદયથી ચૈતન્ય ઘણું આવરાઈ જવાના કારણે યોગ-કષાયરૂપ મલ અતિઅતિ અલ્પ થઈ જ જાય છે. વળી (૪) સહજ અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી ગયેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવને ઉત્કૃષ્ટ યોગ- ઉત્કૃષ્ટ કષાય માની શકાશે નહીં, કારણ કે એનો યોગ-કષાયરૂપ મલ તો નોંધપાત્ર રીતે અલ્પ થયો છે. પણ હકીકત એ છે કે ચરમભવમાં પણ આ બંને ઉત્કૃષ્ટ હોવા સંભવે છે. ઉત્કૃષ્ટ યોગ તો ક્ષપકશ્રેણિમાં પણ સંભવે છે. તથા આના પરથી એ પણ નિશ્ચિત થાય છે કે ક્ષપકશ્રેણિ એ મુખ્યતયા યોગ અને કષાયરૂપે પરિણમવાની આત્માની યોગ્યતાનો ક્ષય કરવાની પ્રક્રિયા છે.

વળી, 'અલ્પમલત્વ થાય' એનો અર્થ એવો ન કરવો કે 'હવે ઉત્કૃષ્ટયોગ અને ઉત્કૃષ્ટ કષાયરૂપે આત્મા પરિણમી ન જ શકે' કારણ કે ચરમાવર્તમાં શું ? ચરમભવમાં પણ આ બંને સંભવી શકે છે.

પ્રશ્ન : તો પછી યોગ્યતારૂપ મલ ઓછો થવાનો લાભ શું ?

ઉત્તર : અલ્પસાધના પણ જીવને મોક્ષમાર્ગ પર ઘણી હરણફાળ ભરાવી શકે, આવો.. અથવા બંધ ભલે તીવ્ર થાય પણ અશુભ અનુબંધ એવા તીવ્ર તથા દીર્ઘકાલીન ન જ પડી શકે... આવો તથા સિદ્ધાન્તમતે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હવે ક્યારેય ન થઈ શકે.. આવો કોઈ લાભ થતો હોવો જોઈએ એમ મને લાગે છે. તથા

प्रागबन्धान्न बन्धश्चेत् किं तत्रैव नियामकम् ।
योग्यतां तु फलोन्नेयां बाधते दूषणं न तत् ।।२८।।

'प्रागि'ति । **प्राक्** = पूर्वम**बन्धाद्** = बन्धाभावाद् जीवत्वरूपाविशेषेऽपि **न बन्धो** मुक्तस्य **चेत्** ? **किं तत्रैव** = प्रागबन्ध एव **नियामकं** योग्यताक्षयं विना । **योग्यतां तु फलोन्नेयां** = फलबलकल्पनीयां **तद्दूषणं न**

योगपूर्वसेवाना आवश्यक अंगरूप मुक्तिअद्वेषनी प्राप्ति वगेरे तो એનો लाभ छे ज.

संसारी आत्माओमां आ योग्यता होवाथी कर्मबंध थाय छे, मुक्तात्मामां એ न होवाथी कर्मबंध थतो नथी. आम जीवत्व समान होवा छतां अतिप्रसंग थतो नथी. ॥२७॥ योग्यता अंगे शंका ઊठावीने એनुं समाधान आपे छे-

गाथार्थ : 'पूर्वे बंध न होवाथी मुक्तात्माने बंध नथी थतो' आवी शंका न करवी, केम के तेमां ज शुं नियामक छे ? फळ परथी अनुमान कराती योग्यताने तो એ दूषण बाधित करतुं नथी.

टीकार्थ : शंका-मुक्तात्माने जीवत्वस्वरूप समान होवा छतां पूर्वे बंध न होवाथी बंध थतो नथी. **समाधान :** पूर्वे बंध न होवामां योग्यताक्षय विना कोण नियामक छे? फळबळथी कल्पनीय योग्यताने એ दूषण बाधित करतुं नथी, कारण के त्यां केम योग्यता नथी ? એवा प्रश्ननो फळाभाव એ ज उत्तर छे.

विवेचन : जो योग्यता न मानवामां आवे तो जीवत्व समान होवाथी मुक्तात्माने पण कर्मबंध थवानो अतिप्रसंग आवे. ग्रन्थकारे आम कहीने योग्यतानी सिद्धि करी. એटले शंकाकार योग्यता मान्या विना पण એ अतिप्रसंग दूर करवानो प्रयास करे छे. **शंका :** मुक्तात्माने कर्मबंध जे नथी थतो, એ એनामां योग्यता नथी એ कारणे नहीं, पण पूर्वसमये पण એने कर्मबंध हतो नहीं એ कारणे. अहीं मुक्त तरीके अन्यदर्शन कल्पित अनादिमुक्त सदाशिव लईએ, तो એने पूर्व-पूर्व क्षणे कर्मबंध नहोतो, माटे वर्तमान क्षणे पण नथी. आपणा मत मुजब लईએ तो मुक्तावस्थानी पूर्वे चौदमा अयोगी गुणठाणे कर्मबंध हतो नहीं, माटे मुक्तावस्थामां पण होतो नथी. टूंकमां जीवत्व होवामात्रथी कर्मबंध थतो नथी. पण पूर्वकालीन कर्मबंध, उत्तरकालीन कर्मबंधनुं कारण छे. मुक्तावस्थामां आ कारणनो अभाव होवाथी कर्मबंध होतो नथी, એटले वधारामां योग्यता मानवानुं गौरव करवानी जरूर नथी.

ग्रन्थकार : पूर्वक्षणमां कर्मबंध जे नथी ते शा कारणे ? आनो विचार करवामां आवशे तो योग्यताना क्षय विना अन्य कोई कारण जडशे नहीं. आशय એ छे के चौदमा गुणठाणानी पूर्वकाळमां=तेरमा गुणठाणे तो कर्मबंध हतो. तेथी चौदमे केम बंधाभाव छे ? એ प्रश्नना जवाबमां पूर्वकाळमां बंधाभाव कही शकातो नथी, એटले त्यां तो, तेरमे योग्यता हती, चौदमे नथी.. એम ज संगति करवानी रहे छे. तो मुक्तात्मा माटे पण आ ज संगति योग्य छे. नित्यमुक्तात्मा माटे, એनामां हंमेशा योग्यता नथी, माटे हंमेशा कर्मबंध नथी, संसारी आत्मामां योग्यता छे, माटे बंध छे, એ ज रीते संगति करवानी रहे छे.

प्रश्न : पूर्वकाळमां बंधाभाव होवाथी मुक्तने बंध होतो नथी आवुं अमे कह्युं तो तमे पूर्वकाळमां केम बंधाभाव छे ? आवो प्रश्न पूछीने अमने चूप करी दीधा.. तो अमे पण, 'योग्यता न होवाथी मुक्तने बंध होतो नथी' એवुं कहेतां तमने 'मुक्तजीवमां योग्यता केम होती नथी ?' आवो प्रश्न पूछीने शुं तमने चूप नहीं

बाधते 'तत्र कुतो न योग्यता?' इत्यत्र फलाभावस्यैवोत्तरत्वात् । युक्तं चैतत्, बन्धस्य बध्यमानयोग्यतापेक्षत्वनियमाद्, वस्त्रादीनां मञ्जिष्ठादिरागरूपबन्धने तथादर्शनात्, तद्वैचित्र्येण फलभेदोपपत्तेः, तस्या अन्तरङ्गत्वात् ।

કરી શકીએ ?

ઉત્તર : ના, નહીં કરી શકો, કારણ કે અમારી પાસે એવા પ્રશ્નનો જવાબ છે. ને એ છે સંસારીજીવમાં કર્મબંધાત્મક ફળ છે,માટે એની યોગ્યતા કલ્પવામાં આવે છે. મુક્તાત્મામાં કર્મબંધાત્મક ફળનો અભાવ છે, તો એની યોગ્યતા માનવાને કોઈ કારણ ન રહેવાથી એનો અભાવ સિદ્ધ થઈ જ જાય છે.

ટીકાર્થ : આ વાત યોગ્ય પણ છે, કારણ કે 'બંધ, બધ્યમાનની યોગ્યતાને અપેક્ષે છે' એવો નિયમ છે. વળી આ નિયમ પણ એટલા માટે છે કે વસ્ત્રાદિમાં મંજિષ્ઠાદિના રંગ લાગવારૂપ બંધમાં તેવું જોવા મળે છે. તેના=યોગ્યતાના વૈચિત્ર્યથી ફળભેદની સંગતિ થઈ શકે છે. કારણ કે તે (=યોગ્યતા) અંતરંગ છે, તેના પરિપાક માટે જ બીજા હેતુઓની અપેક્ષા હોય છે એમ આચાર્ય = શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે.

વિવેચન : युक्तं चैतत्.. યોગ્યતા હોવા-ન હોવાના આધારે કર્મબંધ થવો ન થવો એ માનવું યોગ્ય પણ છે. કારણ કે 'બંધ, જે બધ્યમાન હોય તેની યોગ્યતાની અપેક્ષા રાખે' એવો નિયમ છે. વસ્ત્રાદિને મંજિષ્ઠાદિનો રંગ લાગવારૂપ બંધમાં આવો નિયમ જોવા મળે છે. આ વાત પૂર્વે વિચારેલી છે.

વળી આગળ સ્ટીકરની વાત કરેલી. અમુક સપાટી પર એ ગાઢ રીતે જડબેસલાક ચોંટી જાય છે. અન્ય સપાટી પર જડબેસલાક ચોંટે છે પણ એટલી ગાઢ રીતે નહીં. તો ચૂનો કરેલી દીવાલ વગેરે પર ચોંટે છે, પણ જલદીથી (અલ્પકાળમાં) ખરી પણ પડે છે. આવું જ આ કર્મબંધયોગ્યતારૂપ મલ માટે છે. એનું મુખ્ય કાર્ય આત્માની મલિનતા કરવાનું છે. જ્યારે આ મલ પ્રચુર હોય છે ત્યારે આત્માની ભાવશુદ્ધિ અલ્પ પણ હોતી નથી ને તેથી મુક્તિદ્વેષ પ્રવર્તે છે. મલ જ્યારે અલ્પ થાય છે ત્યારે કંઈક પણ ભાવશુદ્ધિ થાય છે, મુક્તિઅદ્વેષ પ્રગટે છે. અને જ્યારે એ અલ્પતર વગેરે થાય છે, ત્યારે ભાવશુદ્ધિ વધારે વધવાથી મુક્તિ અનુરાગ પેદા થાય છે. આમ તેની=યોગ્યતાની=મલની વિચિત્રતાથી મુક્તિદ્વેષ વગેરેરૂપ ફળમાં ભેદ થવો સંગત ઠરે છે. કારણ કે તે=યોગ્યતા એ આત્માની શુદ્ધિ-અશુદ્ધિનું અંતરંગ કારણ છે=મુખ્ય કારણ છે=ઉપાદાનકારણ છે. તેના = યોગ્યતાના પરિપાક માટે જ બીજા હેતુઓ (=સહકારી કારણો) અપેક્ષિત હોય છે. આમ તો પરિપાકનો અર્થ સક્રિયતા કરી શકાય, તેથી 'યોગ્યતાને સક્રિય કરવા માટે બીજા હેતુઓની અપેક્ષા છે' આવો અર્થ મળે છે. આ અર્થની સંગતિ આમ થઈ શકે છે-હિંસા વગેરે આશ્રવો અહીં હેત્વન્તર તરીકે અભિપ્રેત છે. એ જેવા તીવ્ર-મન્દાદિ હોય એ પ્રમાણે યોગ્યતા વધારે- ઓછી સક્રિય થાય છે. અને જે પ્રમાણે યોગ્યતા ઓછી-વત્તી સક્રિય થાય છે, એ પ્રમાણે ઓછો-વત્તો કર્મબંધ થાય છે.

આત્માની ભાવશુદ્ધિના પરિપ્રેક્ષ્યમાં અર્થ કરવો હોય તો, યોગ્યતા ઘટતી જવી એ એનો પરિપાક છે એવો અર્થ લેવો. એમાં મુક્તિ અદ્વેષ પ્રગટાવતી ભાવશુદ્ધિનો જનક જે યોગ્યતાહ્રાસ (=અલ્પમલત્વ) એ પુરુષાર્થજન્ય હોતો નથી, પણ સહજ હોય છે. એ પછી જે ઉત્તરોત્તર ભાવશુદ્ધિ થાય છે, એનું અંતરંગ કારણ ઉત્તરોત્તર ઘટતી જતી યોગ્યતા છે. અને યોગ્યતાના આ ઘટાડારૂપ પરિપાક માટે ચાર શરણગ્રહણ વગેરે રૂપ અન્ય હેતુઓની અપેક્ષા હોય છે એમ સંગતિ વિચારી શકાય છે. આને જ મોક્ષગમનયોગ્યતાને ફળરૂપ બનાવવારૂપ પરિપાક તરીકે લઈ શકાય છે. અથવા, અંતરંગ યોગ્યતા કર્મહ્રાસનું નિમિત્ત બને અને પુરુષાર્થની ઉત્તેજના કરે એ એનો

तत्परिपाकार्थमेव हेत्वन्तरापेक्षणादित्याचार्याः ।। २८।।

दिदृक्षा भवबीजं चाविद्या चानादिवासना ।
भङ्ग्येषैवाश्रिता सांख्य-शैव-वेदान्ति-सौगतैः ।। २९।।

'**दिदृक्षे**'ति । पुरुषस्य प्रकृतिविकारान् द्रष्टुमिच्छा **दिदृक्षा**, सैवेयमिति साङ्ख्याः । **भवबीजमिति** शैवाः । **अविद्येति** वेदान्तिकाः । **अनादिवासनेति** सौगताः ।।२९।।

प्रत्यावर्तं व्ययोऽप्यस्यास्तदल्पत्वेऽस्य सम्भवः ।
अतोऽपि श्रेयसां श्रेणी किं पुनर्मुक्तिरागतः ।। ३०।।

प्रत्यावर्तमिति । **प्रत्यावर्तं** = प्रतिपुद्गलावर्तं **व्ययोऽपि** = अपगमोऽप्यस्याः = योग्यतायाः, दोषाणां

परिपाक. આમાં કર્મહ્રાસમાં કર્મ તરીકે સોપક્રમકર્મ અથવા નિકાચિતકર્મને ભોગવતાં ભોગવતાં છેડે રહેલો અંશ લઈ શકાય. ॥ ૨૮ ॥ આત્મામાં અનાદિકાળથી રહેલી આ યોગ્યતારૂપ ભાવમલ અન્ય દર્શનકારોને પણ અન્ય અન્ય નામે માન્ય છે તે જણાવે છે -

ગાથાર્થ : સાંખ્ય, શૈવ, વેદાંતી અને સૌગતદર્શનકારો વડે દિદૃક્ષા, ભવબીજ, અવિદ્યા અને અનાદિવાસના જે મનાયેલી છે, તે આ જ ભંગી આશ્રિત કરાયેલી છે.

ટીકાર્થ : પુરુષને પ્રકૃતિના વિકારો જોવાની ઇચ્છા એ દિદૃક્ષા. સાંખ્યોએ આ દિદૃક્ષા જે કહી છે તે જ આ યોગ્યતા છે. શૈવોએ ભવબીજ, વેદાન્તિકોએ અવિદ્યા અને સૌગતોએ = બૌદ્ધોએ અનાદિવાસના એમ જે કહ્યું છે, તે આ જ ભંગીનો=રીતનો આશ્રય કરે છે.

વિવેચન : भङ्ग्येषैव... સાંખ્ય વગેરે દર્શનકારોએ સંસારી જીવમાં દિદૃક્ષા, ભવબીજ વગેરે માન્યા છે, અને મુક્તાત્મામાં તે દિદૃક્ષા વગેરે માન્યા નથી. અર્થાત્ દિદૃક્ષા વગેરે જ આત્માના શુદ્ધ સ્વરૂપને મલિન કરનારો મલ છે, આ મલના કારણે કર્મબંધ છે. મોક્ષમાં આ મલ નથી, તેથી કર્મબંધ નથી, અશુદ્ધિ નથી. આમ જીવત્વના કારણે કે પૂર્વકર્મબંધના કારણે કર્મબંધ નથી માન્યો, પણ જીવની જ દિદૃક્ષા વગેરે કારણે માન્યા છે. એટલે કર્મબંધ હોવા ન હોવામાં આ જ ભંગીનો= આ જ રીતનો આશ્રય કર્યો છે[9]. ॥ ૨૯ ॥ યોગ્યતારૂપ મલ ઓછો કઈ રીતે થાય ? એ દર્શાવે છે -

ગાથાર્થ : પ્રતિપુદ્ગલાવર્ત આ યોગ્યતાનો વ્યય પણ થતો આવે છે. એ અમુક માત્રામાં અલ્પ થયો હોય ત્યારે આ = મુક્તિઅદ્વેષ પેદા થાય છે.

ટીકાર્થ : આ યોગ્યતાનો પ્રતિપુદ્ગલાવર્ત વ્યય=અપગમ=હ્રાસ પણ (માનવો જરૂરી છે), કારણ કે દોષોનો ક્રમિક હ્રાસ ન થાય તો ભવ્યજીવનું મુક્તિગમન અસંગત રહે છે. તેની અલ્પતામાં = યોગ્યતાની અલ્પતા થયે આ = મુક્તિઅદ્વેષ સંભવિત બને છે. યોગબિંદુમાં કહ્યું છે : *વળી આ રીતે આનો=યોગ્યતાનો પ્રતિઆવર્ત અપગમ પણ સુનીતિથી નિશ્ચિત થાય છે, અને તે અલ્પ થયે ભાવશુદ્ધિ પણ ચોક્કસ થાય છે.* આ

---

9. અહીં भङ्ग्येषैव આમ પાઠ છે. આમાંથી, शब्दशः विवेचनમાં भङ्ग्या एषा एव... આવી સંધિ કરી તૃતીયા વિભક્તિ જે લીધી છે તે કેવી પંડિતાઈ ? કારણ કે भङ्गी एषैव આવી સંધિ છૂટી પડે છે.

क्रमह्रासं विना भव्यस्य मुक्तिगमनाद्यनुपपत्तेः । **तदल्पत्वे**=योग्यताऽल्पत्वेऽस्य=मुक्त्यद्वेषस्य **सम्भवः**=उपपत्तिः । तदुक्तं-*"एवं चाऽपगमोऽप्यस्याः प्रत्यावर्तं सुनीतितः । स्थित एव तदल्पत्वे भावशुद्धिरपि ध्रुवा ।।"*(यो.बिं.१७०) **अतोऽपि**=मुक्त्यद्वेषादपि **श्रेयसां श्रेणी**=कुशलानुबन्धसन्ततिः । **किं पुनः** वाच्यं **मुक्तिरागतस्**तदुपपत्तौ ।।३०।।

મુક્તિઅદ્વેષથી પણ કલ્યાણપરંપરાનો પ્રવાહ ચાલે છે, તો મુક્તિરાગથી તે=પ્રવાહ ચાલવામાં કહેવાનું શું ?

વિવેચન : મોક્ષ માટે યોગ જરૂરી છે. યોગ માટે યોગની પૂર્વસેવા જોઈએ. એ પૂર્વસેવાનું મહત્ત્વનું અંગ છે મુક્તિઅદ્વેષ. આ મુક્તિઅદ્વેષ માટે આત્મામાં રહેલી કર્મબંધયોગ્યતા સ્વરૂપ ભાવમલ અલ્પ થવો જોઈએ. આ ભાવમળ અનાદિકાળથી આત્મામાં પ્રચુરમાત્રામાં રહ્યો છે. એની પ્રચુરતા, આત્મામાં મુક્તિદ્વેષને અકબંધ રાખે છે. જ્યાં સુધી મુક્તિદ્વેષ વર્તે છે ત્યાં સુધી ઉપદેશ કે પુરુષાર્થ .. કશું સફળ થઈ શકતું નથી. એટલે પુરુષાર્થથી તો સહજમળનો હ્રાસ શક્ય જ નથી. તો એ અલ્પ શી રીતે થાય ?

આવશ્યક એવી પણ જે બાબત પુરુષાર્થનો વિષય ન હોય, એ કુદરતી રીતે જ થતી હોય છે. આવા નિયમનું જ જાણે સૂચન ન હોય, એમ ગ્રન્થકાર કહે છે કે જેમ જેમ કાળ વીતે છે તેમ તેમ આ સહજમળ સહજરીતે=પોતાની મેળે જ ઘટતો આવે છે. અલબત્ કુદરતી કાળક્રમે થતો આ ઘટાડો ખૂબ ખૂબ ખૂબ ધીમી ગતિએ થતો હોય છે. એટલે કે ખૂબ ખૂબ ખૂબ વિરાટ કાળ પસાર થાય, ત્યારે પણ આ ઘટાડો તો અતિ અતિ અતિ અલ્પ જ થયો હોય છે. શ્રીજૈનશાસનમાં વિરાટ કાળનું મોટામાં મોટું માપ પુદ્ગલપરાવર્ત છે, જે અનંત કાળચક્રોનો બન્યો હોય છે. કુદરતી ઘટાડાની આ ધીમી ગતિનો અણસાર આપવા ગ્રન્થકાર કહે છે - પ્રતિપુદ્ગલપરાવર્ત આ સહજ મળમાં હ્રાસ થતો આવે છે. કેટલાય પુદ્ગલાવર્ત પસાર થઈ જાય, હ્રાસ થતો આવે છે, પણ એ નોંધપાત્ર હોતો નથી. તેમ છતાં ઉત્તરોત્તર હ્રાસ થતાં થતાં જ્યારે નોંધપાત્ર હ્રાસ થાય છે, ત્યારે ભાવમળની અભિપ્રેત અલ્પતા થાય છે. આ એવી અલ્પતા છે કે જેથી અત્યાર સુધી જે તીવ્ર ભવાભિષ્વંગ- પુદ્ગલાનંદિતા- ભવાભિનંદીપણું- મુક્તિદ્વેષ આત્મામાં પડ્યા હતા, તે ખસે છે, અને મુક્તિઅદ્વેષ પ્રગટ થાય છે. ઉત્કટ ભોગેચ્છા- સંસારનું અભિનંદનશીલપણું દૂર થવાથી ઉપદેશ અને પુરુષાર્થની યોગ્યતા આવિર્ભૂત થાય છે. આને જ 'પ્રકૃતિનો અધિકાર દૂર થયો, પુરુષનો (પુરુષાર્થનો) અધિકાર શરૂ થયો' એમ કહી શકાય. વળી, બધા દોષો આ ભાવમળ પર તાગડધિન્ના કરતા હોય છે. એટલે જેમ જેમ ભાવમળનો હ્રાસ થાય છે, એમ એમ દોષોનું આંતરિક જોર ઘટતું જાય છે. એટલે દોષોનો ક્રમિક હ્રાસ થતો આવે છે. એ થાય છે તો જ ભવ્યજીવનું મોક્ષગમન સંભવિત બને છે.

પ્રશ્ન : ભાવમળની, મુક્તિનો અદ્વેષ પ્રગટાવતી અલ્પતા સુધી તો કુદરતી પ્રક્રિયા દ્વારા હ્રાસ થતાં થતાં પહોંચી જવાયું... ને તેથી પુરુષાર્થની યોગ્યતા પણ આવી ગઈ. તેમ છતાં, જો જીવ પુરુષાર્થ ન કરે તો અત્યાર સુધીની જેમ જ હજુ પણ ઉત્તરોત્તર હ્રાસ થતાં એક કાળ એવો આવે કે બધો જ મળ દૂર થઈ જવાથી જીવનો વિના પુરુષાર્થ મોક્ષ થઈ જાય. પછી પુરુષાર્થની શી જરૂર છે ?

ઉત્તર : ભાવમળના હ્રાસની આ કુદરતી પ્રક્રિયા તો એટલી બધી ધીમી છે કે જીવ જો સ્વયં પુરુષાર્થ ન કરે તો, આ મળને સંપૂર્ણ દૂર થતાં માત્ર એક ચરમ પુદ્ગલાવર્ત જ નહીં કેટલા પુદ્ગલાવર્ત લાગી જાય, કહી શકાય નહીં, અને આનાથી પણ વધારે મહત્ત્વની વાત એ છે કે જે વસ્તુ સ્વશુદ્ધિની પ્રક્રિયા સ્વયં નથી કરતી, એ સોએ સો ટકા સંપૂર્ણ શુદ્ધ ક્યારેય બની શક્તી નથી. જેમ કે સોનુ... માણસ એના શુદ્ધીકરણની પ્રક્રિયા ગમે

એટલી ચોકસાઈભરી રીતે કરે અને અસરકારક રીતે કરે, એ ૯૯.૯૯ ટકા શુદ્ધ થશે, સોએ સો ટકા થઈ જ નહીં શકે. એટલે જીવના પોતાના પુરુષાર્થ વિના સંપૂર્ણ શુદ્ધિ શક્ય જ નથી. સીધી વાત છે. જીવના શુદ્ધીકરણના કાળ-સ્વભાવ વગેરે પાંચ કરણોમાં જે ભાગ પુરુષાર્થસાધ્ય છે, એ પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે, કાળ વગેરેથી નહીં અને જીવ જો પુરુષાર્થ આદરે છે તો વધુમાં વધુ એક પુદ્ગલાવર્ત કાળમાં તો શુદ્ધ થઈ જ જાય છે.

પ્રશ્ન : ભાવમળની મુક્તિઅદ્વેષ પ્રગટાવી શકે એવી અલ્પતા જો કુદરતી જ થાય છે, તો તો અભવ્ય જીવને પણ થાય જ. અને તો પછી એને પણ એ અલ્પમલત્વ, મુક્તિઅદ્વેષ, ઉપદેશ અને પુરુષાર્થની યોગ્યતા, પૂર્વસેવા.. આ બધું માનવું જ પડશે ને ?

ઉત્તર : ભાવમળનો કુદરતી થતો હ્રાસ ભવ્ય જીવોને જ થાય છે, અભવ્ય જીવોને નહીં. આ વાતનું સૂચન કરવા જ ગ્રન્થકારે ટીકામાં दोषाणां क्रमह्रासं विना भव्यस्य मुक्ति गमनाद्यनुपपत्तेः આવા કથનમાં भव्यस्य એવો ઉલ્લેખ કર્યો છે. એ સૂચવે છે કે ભવ્ય જીવને જ દોષોનો ક્રમહ્રાસ થાય છે. ને એ ક્રમહ્રાસ જ સૂચવે છે કે ભવ્યને જ સહજ મળનો ક્રમહ્રાસ થાય છે. અભવ્ય જીવને એનો અભવ્યત્વ સ્વભાવ જ આ કુદરતી પ્રક્રિયાથી વંચિત રાખે છે.

પ્રશ્ન : અભવ્યને એનો અભવ્યત્વ સ્વભાવ પ્રતિબંધક બને છે એ સમજ્યા. પણ જાતિભવ્યને તો એ પ્રતિબંધક નથી. એટલે એને તો ભાવમળની અલ્પતા અને મુક્તિઅદ્વેષ માનવા જ પડશે. અને મુક્તિઅદ્વેષ જો માનશો, તો આ જ ગાથામાં કહ્યા મુજબ આ મુક્તિ અદ્વેષથી એને પણ કલ્યાણની પરંપરા પ્રાપ્ત થશે જ ને ? એમ જે ભવ્યાત્માઓ હજુ સુધી અનાદિ નિગોદમાંથી બહાર નીકળ્યા જ નથી, હજુ પણ અનંતાનંત કાળ બાદ નીકળવાના છે, એમને પણ કલ્યાણ પરંપરા પ્રાપ્ત થઈ ગઈ છે એવું તો માનવું જ પડશે ને ? કારણ કે ભલે અતિ અતિ અતિ ધીમી ગતિએ ભાવમળનો હ્રાસ થઈ રહ્યો છે, એનો નોંધપાત્ર હ્રાસ થવામાં જેટલો પણ કાળ લાગે, એના કરતાં પણ અનંતાનંતગણા પુદ્ગલાવર્તો પસાર થઈ ગયા છે. કારણ કે સંસાર, જીવ અને સહજમળ... બધું જ અનાદિકાળથી છે. તો જેમનો અનેક પુદ્ગલ પરાવર્ત સંસારકાળ બાકી છે એવા પણ બધા જ ભવ્યાત્માઓને અલ્પમલત્વ, મુક્તિઅદ્વેષ વગેરે માનવું જ પડે. શું આ યોગ્ય છે ?

ઉત્તર : તમારો પ્રશ્ન ઉચિત જણાય છે. નિગોદ- ભવ્યાત્માઓનો રાશિ એવો છે કે ક્રમશઃ ઘટતો હોવા છતાં ક્યારેય ખાલી થવાનો નથી ને તેથી જ્યારે પણ કેવલી ભગવંતને પૂછવામાં આવે ત્યારે इक्कस्स निगोयस्स अणंतभागो य सिद्धिगओ આ જ જવાબ મળવાનો છે. પણ સહજ મળને આવી માત્રાવાળો માની શકાતો નથી, કેમ કે તો તો પછી એક પણ જીવનો મોક્ષ થઈ જ ના શકે. એમ મલ ઘટતો હોવા છતાં ક્યારેય નોંધપાત્ર ઘટાડો અનુભવી અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચે જ નહીં, એવો પણ એને માની શકાતો નથી, કેમકે તો તો એકપણ જીવ એ ભૂમિકાએ પહોંચી જ ન શકે. એટલે સહજમળ ઘટવાનો શરૂ થાય, પછી તો અમુક કાળે એ અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી જ જાય એમ માનવું જ પડે. એટલે અનાદિકાળથી બધા જ ભવ્યાત્માઓનો એ ઘટવાનો ચાલુ થઇ ગયો હોય તો તો બધાનો સહજમળ અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી જ ગયો હોય, કારણ કે એ અમુકકાળ કરતાં પણ અનંતાનંત ગુણો કાળ પસાર થઈ ગયો છે. એટલે એવું ઉચિત લાગે છે કે અનાદિકાળથી આ સહજમળનો ઘટાડો ચાલુ થયો નથી. પહેલાં એમાં ઘટાડો થતો જ નહોતો. જેવો હતો એવો ને એવો, એક અનંતાનંતમા ભાગ જેટલો પણ ઓછો નહીં- એ રીતે તદવસ્થ જ રહે છે, ભલે ને અનંતાનંત

પુદ્ગલાવર્તો પસાર થઈ જાય. પછી એક કાળ એવો આવે છે જ્યારથી સહજ મળનો ઘટાડો ચાલુ થાય છે ને એ ચાલુ થયા પછી અમુક કાળમાં અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચી જાય છે. આ ઘટાડો ચાલુ થવાનો કાળ તે તે જીવોના તથાભવ્યત્વને અનુસારે વહેલો મોડો આવે છે. અને એ આવ્યા પછી=ઘટાડો શરુ થયા પછી, અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચવા માટે લાગતો અમુક કાળ પણ જુદા જુદા જીવોનો તરતમતાવાળો હોઈ શકે છે, છતાં એ અમુક પુદ્ગલાવર્તથી વધુ તો હોતો નથી જ એમ માનવું ઉચિત ઠરે છે. આ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું.

પ્રશ્ન : તો પછી સહજમળમાં ઘટાડો ક્યારથી શરૂ થાય ?

ઉત્તર : મને એવું લાગે છે કે જીવ વ્યવહારરાશિમાં આવે ત્યારથી જ એ શરૂ થાય. અર્થાત્ અવ્યવહારરાશિમાં અનંતાનંત પુદ્ગલાવર્ત પસાર થવા છતાં, સહજમળમાં અંશમાત્ર પણ ઘટાડો થતો નથી. અને જેવો એનો વ્યવહાર રાશિમાં પ્રવેશ થાય, ત્યારથી જ આ સહજમળ ઘટવાનો ચાલુ થઈ જાય. એટલે આપણે વ્યવહારરાશિની આવી વ્યાખ્યા પણ વિચારી શકીએ કે-જેમનો સહજમળનો ઘટાડો શરુ થઈ ગયો હોય તે વ્યવહારરાશિના જીવો, અને એ શરુ ન થયો હોય, તે અવ્યવહારરાશિના જીવો. એટલે જ ફરીથી સૂક્ષ્મ નિગોદમાં ગયેલો જીવ લોકવ્યવહારથી પર થઈ ગયો હોવા છતાં એનો સહજમળનો હ્રાસ ચાલુ થઇ ગયો હોવાથી એ વ્યવહારરાશિ વાળો જ કહેવાય છે. વળી આ રીતે વિચારવાથી અભવ્યજીવ વ્યવહાર રાશિમાં ગણાય કે નહીં? આ અંગેના મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ. અને મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ.. આ બંનેના નિરૂપણનો સમન્વય પણ થઈ શકે છે કે- 'લોકવ્યવહારને પામેલા જીવો એ વ્યવહારરાશિ..' આ વ્યાખ્યાને અનુસરીને શ્રીયશોવિજયજી મહારાજે અભવ્યોને પણ વ્યવહારરાશિવાળા ગણ્યા છે. 'સહજમળમાં ઘટાડો શરૂ થયો હોય એવા જીવો એ વ્યવહારરાશિ' આ વ્યાખ્યાને અનુસરીને શ્રી ધર્મસાગરજી મહારાજે અભવ્યોને વ્યવહારરાશિમાં ગણ્યા નથી.

પ્રશ્ન : પણ ગ્રન્થમાં તો 'પ્રતિપુદ્ગલાવર્ત મલનો અપગમ થાય છે' એટલો જ ઉલ્લેખ છે. વ્યવહારરાશિનો તો કોઈ ઉલ્લેખ જ નથી, પછી, વ્યવહારરાશિમાં આવેલા જીવો માટે જ આ મલઅપગમની વાત જાણવી એવું શી રીતે કહી શકાય ?

ઉત્તર : ભાષ્યસુધામ્ભોનિધિ શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષણવતિ ગ્રન્થમાં અમુક બાબતો માટે આવું સમાધાન સૂચવ્યું છે. જેમ કે વનસ્પતિની કાયસ્થિતિ માટે શાસ્ત્રમાં વ્યવહારરાશિ શબ્દનો કશો ઉલ્લેખ ન હોવા છતાં તેઓ શ્રીમદે જણાવ્યું છે કે આ કાયસ્થિતિ વ્યવહારરાશિની અપેક્ષાએ સમજવી.

શાસ્ત્રવચનો પરથી આ મેં કરેલું તારણ છે. સંવિગ્ન ગીતાર્થ બહુશ્રુત મહાત્માઓએ સૂક્ષ્મતાથી આ વાત પર વિચારણા કરવા વિનંતી છે અને કાંઈ પણ જણાવવા યોગ્ય લાગે તો મને જણાવવાની કૃપા કરવા વિનંતી છે.

મુક્તિદ્વેષ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી તો ઉપદેશ કે ધર્મઆચરણની યોગ્યતા જ જીવમાં હોતી નથી. એ મુક્તિદ્વેષ ખસીને અદ્વેષ ઊભો થયો, એટલે આ યોગ્યતા આવે છે. ને એ આવે છે એટલે ઉત્તરોત્તર કલ્યાણની પરંપરા ઊભી થાય જ. વળી મુક્તિના અદ્વેષથી પણ જો કલ્યાણપરંપરા ઊભી થાય છે, તો મુક્તિરાગથી તો શું ન થાય ? અર્થાત્ એનાથી તો વધારે પ્રબળ કલ્યાણ પરંપરા ઊભી થાય એમાં કોઈ શંકા જ રહેતી નથી.

મુક્તિ એ ઉપેય છે, જ્ઞાનયોગ- ક્રિયાયોગ એ ઉપાય છે. એટલે અહીં મુક્તિનો=ઉપેયનો અદ્વેષ કહ્યો એના

न चायमेव रागः स्यान्मृदुमध्याधिकत्वतः ।
तत्रोपाये च नवधा योगिभेदप्रदर्शनात् ।।३१।।

न चेति । न चायमेव = मुक्त्यद्वेष एव **रागः स्यात्** = मुक्तिरागो भवेदिति वाच्यम्। मृदुमध्याधिकत्वतः=जघन्यमध्यमोत्कृष्टभावात् । **तत्र**=मुक्तिरागे **उपाये च**=मुक्त्युपाये च **नवधा**= नवभिः

ઉપલક્ષણથી ઉપાયનો=જ્ઞાન-ક્રિયા યોગનો અદ્વેષ પણ સમજી લેવાનો. એ અદ્વેષથી પણ કલ્યાણ પરંપરા છે અને એ પછી જ્ઞાનયોગ - ક્રિયાયોગની રુચિ પ્રગટે તો તો વિશેષરૂપે કલ્યાણપરંપરા થાય છે એમ સમજવું. ॥૩૦॥ મુક્તિઅદ્વેષનું ફળ કલ્યાણપરંપરા છે.. મુક્તિરાગનું પણ એ જ ફળ છે. તો બંનેને અલગ માનવા કરતાં મુક્તિરાગને જ મુક્તિઅદ્વેષરૂપ માનો ને.. અર્થાત્ મુક્તિદ્વેષ, મુક્તિઅદ્વેષ અને મુક્તિરાગ.. આવી ત્રણ અવસ્થાઓ માનવા કરતાં પહેલાં મુક્તિદ્વેષ અને એ ખસવાપર પછી મુક્તિરાગ... આમ બે જ અવસ્થા માનો ને.. આવી શંકાનું સમાધાન આપતાં કહે છે -

ગાથાર્થ : 'આ=મુક્તિઅદ્વેષ જ મુક્તિરાગ છે' એમ ન કહેવું. કારણ કે તેમાં અને ઉપાયમાં રહેલાં મૃદુત્વ, મધ્યત્વ અને અધિકત્વને આશ્રીને યોગીઓના નવ પ્રકારે ભેદ દર્શાવાયા છે.

ટીકાર્થ : 'આ મુક્તિઅદ્વેષ જ મુક્તિરાગ હશે' એમ ન કહેવું, કારણ કે [10]તેમાં = મુક્તિરાગમાં અને (મુક્તિના) ઉપાયમાં મૃદુ-મધ્ય- અધિકત્વને=જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટપણાને આશ્રીને યોગીઓના નવ પ્રકારે ભેદનું વર્ણન મળે છે. તે આ પ્રમાણે... મૃદુઉપાય- મૃદુસંવેગ, મધ્યઉપાય - મૃદુસંવેગ, અધ્યુપાય- મૃદુસંવેગ, મૃદુઉપાય- મધ્યસંવેગ, મધ્યઉપાય-મધ્યસંવેગ, અધ્યુપાય- મધ્યસંવેગ, મૃદુઉપાય- અધિસંવેગ, મધ્યઉપાય - અધિસંવેગ, અધિઉપાય- અધિસંવેગ.. આમ નવ પ્રકારે યોગીઓ હોય છે, એમ યોગાચાર્યો કહે છે.

વિવેચન : મુક્તિરાગ=મુક્તિની અભિલાષા=સંવેગ. કેટલાક યોગીઓને આ સંવેગ મૃદુ= મંદ હોય છે, કેટલાકને મધ્ય=મધ્યમ હોય છે, તો કેટલાકને અધિ=અધિક=ઉત્કૃષ્ટ હોય છે. મુક્તિનો ઉપાય એટલે સાધના.

---

10. અહીં ગાથામાં न चायमेव रागः स्यात् तत्रोपाये च मृदुमध्याधिकत्वतो नवधा योगिभेदप्रदर्शनात्.. આમ અન્વય છે. એટલે કે કારણ કે તેમાં (=મુક્તિરાગમાં) અને... વગેરે આખું એક જ વાક્ય છે. તેમ છતાં શબ્દશઃ વિવેચન વગેરે બંનેમાં વિવેચનકારોએ અહીં બે વાક્યો કરી નાખ્યાં છે. તે આ રીતે-મુક્તિરાગમાં મૃદુ- મધ્ય-અધિકપણું હોય છે. તેમાં અને મુક્તિઉપાયમાં નવપ્રકારે યોગીભેદનું પ્રદર્શન છે. ધન્ય છે એમની અન્વય કરવાની પંડિતાઈને ! આમાં કેટલી બધી અસંગતિઓ છે ! (૧) જેમ निश्चयतः નો અર્થ નિશ્ચયનયને આશ્રીને... એમ થાય છે. એમ પ્રસ્તુતમાં मृदुमध्याधिकत्वतः નો અર્થ 'મૃદુ-મધ્ય-અધિકપણાને આશ્રીને' એમ છે. જે આ પંડિતોના વિવેચનમાં આવ્યો જ નથી. એટલે કે तसू એવી પંચમીવિભક્તિનો અર્થ ઊડી ગયો છે. (૨) 'तत्र = મુક્તિરાગમાં મૃદુ-મધ્ય- અધિકપણું છે' આવું જણાવવા પ્રથમા વિભક્તિ જોઈએ, જે છે જ નહીં. (तसन्त पंचमी विभक्ति छे) (૩) વળી એકવાર तत्र નો આ રીતે અન્વય કરી દીધો પછી બીજા વાક્યમાં પાછો એનો અર્થ શી રીતે લેવાય ? सकृदुच्चरितः शब्दः सकृदेवार्थं गमयति.. જો એનો ફરીથી અર્થ લેવાનો હોય તો ટીકાકાર એનો ઉલ્લેખ કરે જ. તથા (૪) ઉપાયમાં પણ મૃદુત્વ વગેરે જે અભિપ્રેત છે એ અર્થ તો આ રીતે ગાથાર્થ કરવાથી મળતો જ નથી. વળી (૫) મુક્તિરાગમાં અને ઉપાયમાં મૃદુત્વાદિ છે, યોગીઓના નવ પ્રકાર નથી.. પણ આ પંડિતોએ મુક્તિરાગમાં અને ઉપાયમાં નવ પ્રકારના યોગીભેદ કહ્યા છે. (૬) શબ્દશઃ વિવેચનકારે શ્લોકાર્થમાં મુક્તિના ઉપાયમાં જણાવ્યું છે ને ટીકાર્થમાં મુક્તિરાગના ઉપાયમાં... એમ જણાવ્યું છે (!)

प्रकारैर्योगिभेदस्य प्रदर्शनाद्=उपवर्णनात् **(=योगिभेदप्रदर्शनात्)** । तथाहि-(१) मृदूपायो मृदुसंवेगः, (२) मध्योपायो मृदुसंवेगः, (३) अध्युपायो मृदुसंवेगः, (४) मृदूपायो मध्यसंवेगः, (५) मध्योपायो मध्यसंवेगः, (६) अध्युपायो मध्यसंवेगः, (७) मृदूपायो अधिसंवेगः, (८) मध्योपायोऽधिसंवेगः, (९) अध्युपायोऽधिसंवेगश्चेति नवधा योगिन इति योगाचार्याः ।। ३१ ।।

द्वेषस्याभावरूपत्वादद्वेषश्चैक एव हि ।
ततः क्षिप्रं क्रमाच्चातः परमानन्दसम्भवः ।। ३२ ।।

'द्वेषस्ये'ति । **अद्वेषश्च द्वेषस्याऽभावरूपत्वादेक एव हि** । अतो न तेन योगिभेदोपपत्तिरित्यर्थः ।

એમાં પણ મૃદુપણું, મધ્યપણું અને અધિપણું હોય છે. એટલે કે સાધના મંદ હોય, મધ્યમ હોય કે કઠોર હોય. આમ સંવેગ અને સાધનાના ત્રણ ત્રણ પ્રકાર હોવાથી કુલ નવ પ્રકાર મળે છે. જેમકે મૃદૂપાય- મૃદુસંવેગ.. આ નવે નવ યોગીઓના ભેદ કહેવાયા છે. તેથી અહીં સર્વત્ર બહુવ્રીહિ સમાસ કરવો. એટલે કે મૃદુ (=મંદ) છે ઉપાય (=સાધના) જેની એ મૃદૂપાય. એમ મૃદુ છે સંવેગ જેનો તે મૃદુસંવેગ. પછી કર્મધારય સમાસ કરવો. એટલે અર્થ મળશે... મંદ સાધનાવાળા ને મંદ સંવેગવાળા યોગી. એમ મધ્યમ સાધનાવાળા ને મંદ સંવેગવાળા યોગી, તથા કઠોર સાધનાવાળા ને મંદ સંવેગવાળા યોગી. આમ મંદ સંવેગવાળા યોગીના સાધનાના આધારે ત્રણ ભેદ મળ્યા. એ જ રીતે મધ્યમ સંવેગવાળા યોગીઓના અને ઉત્કૃષ્ટ સંવેગવાળા યોગીઓના સાધનાના આધારે ત્રણ-ત્રણ ભેદ મળવાથી કુલ નવ ભેદ મળે છે.

પ્રશ્ન : સંવેગ ઝળહળતો હોય તો સાધના પણ ઝળહળતી જ હોય ને, મંદ-મધ્યમ શી રીતે હોય ?

ઉત્તર : સામાન્યથી તો સાધના સંવેગને જ અનુસરે છે. તેથી જેવો સંવેગ એવી સાધના. તેમ છતાં સાધના પર સાધન અને સત્ત્વની પણ અસર હોય છે. એટલે સંવેગ ઝળહળતો હોવા છતાં, સંઘયણ છેલ્લું હોય- અથવા સત્ત્વ અલ્પ હોય તો સાધના મંદ પણ થાય. આ જ રીતે અન્ય ભેદો માટે યથાયોગ્ય વિચારી લેવું.

આમ મુક્તિરાગના તો મૃદુ વગેરે ત્રણ પ્રકાર હોવાથી મુક્તિઅદ્વેષ એ જ મુક્તિરાગ નથી. ॥૩૧॥

તો મુક્તિ અદ્વેષના પણ ત્રણ પ્રકાર માનીશું. તેથી મુક્તિઅદ્વેષ અને રાગ એક જ થઈ શકશે આવી શંકાના નિવારણાર્થે કહે છે -

ગાથાર્થ : દ્વેષના અભાવરૂપ હોવાથી મુક્તિઅદ્વેષ એક જ છે. વળી રાગથી પરમાનંદ શીઘ્ર સંભવે છે, અને આનાથી=મુક્તિઅદ્વેષથી એ ક્રમશઃ સંભવે છે.

ટીકાર્થ : અને અદ્વેષ દ્વેષના અભાવરૂપ હોવાથી એક જ છે. તેથી એના કારણે યોગીઓના ભેદની સંગતિ થઈ શકે નહીં. વળી, ફળભેદે પણ (મુક્તિઅદ્વેષ અને રાગના) ભેદને સંગત કરી દેખાડે છે - તેનાથી = મુક્તિરાગથી ક્ષિપ્ર = બહુ વ્યવધાન ન થાય એ રીતે પરમાનંદનો=નિર્વાણસુખનો સંભવ થાય છે. જ્યારે અતો= મુક્તિઅદ્વેષથી ક્રમથી = મુક્તિરાગની અપેક્ષાએ બહુદ્વારની પરંપરાથી એનો સંભવ થાય છે.

વિવેચન : પ્રતિયોગી ઘટ નાનો મોટો સંભવી શકે છે, ઘટાભાવ કાંઈ નાનો મોટો હોતો નથી... નાના ઘડાનો અભાવ.. મોટા ઘડાનો અભાવ.. વગેરેમાં નાના-મોટાપણું પ્રતિયોગી ઘટમાં સંભવે છે, પણ અભાવમાં

फलभेदेनाऽपि भेदमुपपादयति-**ततो** = मुक्तिरागात् **क्षिप्रं** = अनतिव्यवधानेन, **अतो** =मुक्त्यद्वेषात् (=**क्रमात् च**) क्रमेण=मुक्तिरागाऽपेक्षया बहुद्वारपरम्परालक्षणेन परमानन्दस्य= निर्वाणसुखस्य सम्भवः (=**परमानन्दसम्भवः**) ।।३२।।

।। इति पूर्वसेवाद्वात्रिंशिका ।।१२।।

નહીં.. એટલે કે ઘડાનો નાનો અભાવ... મોટો અભાવ.. વગેરે સંભવતું નથી. આના પરથી સમજાય છે કે અભાવ એક જ હોય છે, એમાં તરતમતા હોતી નથી. એ જ રીતે અદ્વેષ એ દ્વેષના અભાવરૂપ હોવાથી એમાં તરતમતા ન હોવાના કારણે એ એક જ પ્રકારનો છે. આમ એ એક જ પ્રકારનો હોવાથી યોગીઓના ભેદનો પ્રયોજક બની ન જ શકે એ સ્પષ્ટ છે. જ્યારે મુક્તિરાગના કારણે તો એ ભેદ પડે છે. માટે 'મુક્તિઅદ્વેષ એ જ મુક્તિરાગ' એમ કહી શકાતું નથી.

આમ મુક્તિઅદ્વેષ અને મુક્તિરાગનો સ્વરૂપભેદે (= સ્વરૂપમાં તરતમતા હોવા-ન હોવાના ભેદે ભેદ દર્શાવ્યો.. હવે બંનેના ફળમાં પણ ભેદ હોવાથી ફળભેદે ભેદ દર્શાવે છે -) મુક્તિરાગ અલ્પ વ્યવધાનથી મોક્ષપ્રાપ્તિ કરાવે છે, જ્યારે મુક્તિઅદ્વેષ અધિક વ્યવધાનથી એ કરાવે છે. પછી એ બંને એક શી રીતે હોઈ શકે ? અલબત્ત મુક્તિ અદ્વેષ અને મુક્તિરાગ... બંનેનું છેવટનું ફળ મોક્ષ જ છે. અને તેથી એ રીતે ફળભેદ ન કહી શકાય. તેમ છતાં, અતિવ્યવધાને મોક્ષપ્રાપ્તિ અને અલ્પવ્યવધાને મોક્ષપ્રાપ્તિ થતી હોવાથી એ રીતે ફળભેદ કહી શકાય છે.

જે વાત ઉપેયભૂત મોક્ષ માટે કહી, એ જ વાત એના ઉપાય અંગે પણ ઉપલક્ષણથી સમજવી જોઈએ. બીજી કોઈ અપેક્ષા ન હોય તો ઉપેય મોક્ષના અદ્વેષથી ઉપાયભૂત દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અદ્વેષ પ્રગટે છે. અને ઉપેય મોક્ષના રાગથી ઉપાયભૂત દેવાદિ પ્રત્યે રાગ પ્રગટે છે. અહીં પણ ઉપાય અદ્વેષમાં તરતમતા હોતી નથી, પણ ઉપાયરાગમાં તરતમતા હોય છે. તથા ઉપાય અદ્વેષથી અતિવ્યવધાને અને ઉપાયરાગથી અલ્પવ્યવધાને ફળભૂત મોક્ષની પ્રાપ્તિ થાય છે. ॥ ૩૨ ॥

ભવાભિનંદીજીવોને વિષયસુખની ઇચ્છા ઉત્કટ હોવાથી મોક્ષ અનિષ્ટ ભાસે છે.

મુક્તિદ્વેષ અતિઅનર્થ માટે થાય છે. સહજઅલ્પમલત્વથી ભવરાગ અનુત્કટ થાય છે અને એ અનુત્કટ થવાથી મુક્તિદ્વેષ રવાના થાય છે.

મુક્તિઅદ્વેષથી પણ કલ્યાણની પરંપરા ચાલે છે, તો મુક્તિરાગથી એ ચાલવામાં પૂછવાનું જ શું ?

।। अथ मुक्त्यद्वेषप्राधान्यद्वात्रिंशिका ।।१३।।

उक्तेषु पूर्वसेवाभेदेषु मुक्त्यद्वेषं प्राधान्येन पुरस्कुर्वन्नाह-

उक्तभेदेषु योगीन्द्रैर्मुक्त्यद्वेषः प्रशस्यते ।
मुक्त्युपायेषु नो चेष्टा मलनायैव यत्ततः ।।१।।

अवतरणिकार्थ : બારમી બત્રીશીમાં પૂર્વસેવાના અનેક પ્રકારો કહ્યા. એ બધામાં મુક્તિઅદ્વેષ મુખ્ય હોવાથી ગ્રન્થકાર હવે આ તેરમી બત્રીશીમાં એને પુરસ્કૃત કરે છે.

गाथार्थ : યોગીશ્વરો ઉક્ત પ્રકારોમાં મુક્તિઅદ્વેષને પ્રશંસે છે, કારણ કે તેના પ્રભાવે [1]મુક્તિના ઉપાયો અંગેની ચેષ્ટા મલન માટે થતી નથી.

---

1. અહીં, ભવાભિનંદી માટે 'મુક્તિઉપાયો અંગે ચેષ્ટા=પ્રવૃત્તિ મલન માટે થાય છે' એવો અન્વય છે. અને આ મલન કોનું ? તો કે મુક્તિઉપાયોનું.. એ વાત અર્થથી સમજવાની છે. પણ શબ્દશઃ વિવેચનકાર પંડિતે શ્લોકાર્થ વગેરેમાં, मुक्त्युपायेषु આમાં રહેલી સપ્તમી વિભક્તિનો અર્થ ષષ્ઠી તરીકે કરી એનો અન્વય મલનમાં કરી દીધો છે. એટલે કેટલી બધી ગરબડ કરી દેવી પડી, તે જોઈએ..

મુક્તિઉપાયનો અન્વય મલનમાં કરી દીધો, એટલે ચેષ્ટામાં એનો અન્વય ન કરવાથી ચેષ્ટા કઈ? તો કે મન-વચન-કાયાની કોઈપણ પ્રવૃત્તિ.. એવો અર્થ લેવો પડ્યો. પછી ટીકાર્થમાં લખે છે-*તેથી તેઓની (મુક્તિદ્વેષવાળા જીવોની) ભોગની કે ધર્મની સર્વપ્રવૃત્તિ મુક્તિના ઉપાયનો વિનાશ જ કરે છે.*

प्रश्न : આ અર્થ બરાબર છે ને ? આમાં ખોટું શું છે ?

उत्तर : પ્રસ્તુતમાં મુક્તિઅદ્વેષનું પ્રાધાન્ય જણાવવાનો અધિકાર છે. અને એ આ રીતે જણાવવું છે કે મુક્તિદ્વેષની હાજરીમાં જે બાબત મુક્તિઉપાયનો વિનાશ કરે છે, એ જ બાબત મુક્તિઅદ્વેષની હાજરીમાં એનો વિનાશ કરતી નથી. એટલે આ બાબત તરીકે જો ભોગપ્રવૃત્તિ (પાપપ્રવૃત્તિ) પણ લેવાની હોય, તો એવો અર્થ મળે કે મુક્તિઅદ્વેષવાળા જીવોની પાપપ્રવૃત્તિ પણ મોક્ષ ઉપાયનો વિનાશ કરતી નથી. આ શું બરાબર છે ?

વળી શાસ્ત્રબોધ વગેરેરૂપ જ્ઞાન અને ચારિત્રક્રિયા વગેરે રૂપ સત્ક્રિયા એ મુક્તિના ઉપાય છે. ભોગપ્રવૃત્ત મુક્તિદ્વેષવાળા જીવને આ ઉપાય જ વિદ્યમાન નથી તો એનો વિનાશ શું ? માટે અહીં ભોગપ્રવૃત્તિની વાત નથી. હા, એ જ્ઞાન-ક્રિયાત્મક જે કાંઇ ધર્મપ્રવૃત્તિ કરશે, એ સ્વરૂપે મુક્તિઉપાયભૂત છે. પણ કારમી ભોગેચ્છા એની આ પ્રવૃત્તિને અવિલંબે, વિલંબે કે દીર્ઘવિલંબે પણ મુક્તિના ઉપાયરૂપ રહેવા દેતી નથી. એટલે સ્વરૂપે જે મુક્તિ ઉપાય છે, એ વસ્તુતઃ (=પરિણામે) મુક્તિઉપાય રૂપ રહેતો નથી. આ એનો પરિણામતઃ મુક્તિઉપાય તરીકે તત્કાળ વિનાશ થયો. અને પછી કાળાન્તરે પ્રાપ્ત ભોગસામગ્રીમાં ગળાડૂબ બનવાથી એ જ્ઞાન-ક્રિયા સ્વરૂપે પણ હાજર રહેતો નથી. આ મુક્તિઉપાયનો સ્વરૂપતઃ વિનાશ થયો. માટે અહીં સંયમપાલનાદિ પ્રવૃત્તિની જ વાત છે એ નિઃશંક જાણવું.

વળી એટલે જ આ મલનને જણાવવા બીજી ગાથામાં વ્રતગ્રહણની જ વાત કરી છે, ભોગપ્રવૃત્તિની નહીં. વળી એ ગાથામાં વિષાન્નતૃપ્તિતુલ્યતા જે કહી છે તે પણ આ જ વાતનું સૂચન કરે છે. ભોજનદ્વારા તૃપ્તિ ઇષ્ટ છે, પણ એમાં રહેલું વિષ પરિણામે અનિષ્ટ કરે છે એવું આ દૃષ્ટાન્ત સૂચવે છે. એટલે દાર્ષ્ટાન્તિકમાં પાપપ્રવૃત્તિ લઈ શકાય જ નહીં, કારણ કે એના દ્વારા મળનાર દુઃખ સ્વયં અનિષ્ટ છે, 'સ્વયં ઇષ્ટ છે, પણ કારમી ભોગેચ્છાના કારણે પરિણામે અનિષ્ટ છે'

उक्तभेदेष्विति । **मलनायैव** = विनाशनिमित्तमेव । तद्धि भवोपायोत्कटेच्छया स्यात् । सा च न **मुक्त्यद्वेष** इति मुक्त्युपायमलनाभावप्रयोजकोऽयम् ।। १ ।।

विषान्नतृप्तिसदृशं तद्यतो व्रतदुर्ग्रहः ।
उक्तः शास्त्रेषु शस्त्राग्नि-व्यालदुर्ग्रहसन्निभः ।। २ ।।

विषेति । **तद्** = मुक्त्युपायमलनं **विषान्नतृप्तिसदृशं**, आपाततः सुखाभासहेतुत्वेऽपि बहुतरदुःखानुबन्धित्वात् ।

टीकार्थ : मलन=विनाशनું કારણ. આ મલન ભવના ઉપાયોની ઉત્કટ ઇચ્છાથી થાય છે. મુક્તિઅદ્વેષ આવવાપર એ ઉત્કટ ઇચ્છા ટકી શકતી નથી. તેથી મુક્તિઅદ્વેષ એ મુક્તિઉપાયના મલનના અભાવનો પ્રયોજક છે.

विवेचन : પૂર્વબત્રીશીમાં ગુરુદેવાદિપૂજન, સદાચાર, તપ અને મુક્તિઅદ્વેષ... આમ ચાર પ્રકાર યોગપૂર્વસેવાના જણાવ્યા. આમાંના પ્રથમ ત્રણ આચાર ક્રિયા રૂપ છે, જ્યારે ચોથો ભાવરૂપ છે. માટે ચોથો વધારે મહત્ત્વનો છે. એ કઈ રીતે મહત્ત્વનો છે ? એ આ બત્રીશીમાં દર્શાવવાનું છે.

જે સાધના મોક્ષના ઉપાયભૂત છે એને જ, દિલમાં રમી રહેલી કારમી વિષયેચ્છાના કારણે, વિષયસુખના ઉપાય તરીકે તીવ્ર ઇચ્છાપૂર્વક સેવવામાં આવે તો એ મોક્ષના ઉપાયોનું મલન થાય છે. આ મલન એટલે વિનાશનું કારણ.. એમાં મોક્ષના ઉપાયોનો વિનાશ બે રીતે સમજવો જોઈએ. (૧) બાહ્યદૃષ્ટિએ એ ઉપાયો અસ્તિત્વમાં હોવા છતાં, મોક્ષના સાક્ષાત્ કે પરંપરાએ અંશમાત્ર પણ સાધક ન રહેવા એ એનો મોક્ષના ઉપાય તરીકે વિનાશ.. અને પછી તો (૨) એ બાહ્યદૃષ્ટિએ પણ અસ્તિત્વમાં ન રહેવા એ સ્વરૂપે જ વિનાશ. ભવોપાયની ઉત્કટ ઇચ્છાથી જ = તીવ્ર ભવાભિષ્વંગથી જ આ વિનાશ થાય છે. પણ મુક્તિઅદ્વેષ પ્રગટવા પર આ ઉત્કટ ઇચ્છા રહેતી નથી.. અને તેથી મુક્તિના ઉપાયનું મલન થતું નથી. એટલે આ મલન ન થવામાં મુક્તિઅદ્વેષ એ પ્રયોજક છે= પરંપરાએ કારણ છે. ॥ ૧ ॥

ગાથાર્થ : તે (=મલન) વિષભોજનથી થતી તૃપ્તિ જેવું છે, કારણ કે વ્રતનો દુર્ગ્રહ શાસ્ત્રોમાં શસ્ત્ર, અગ્નિ અને સાપના દુર્ગ્રહ જેવો કહેવાયો છે.

टीकार्थ : તે = મુક્તિઉપાયનું મલન વિષાન્નતૃપ્તિસદૃશ છે, કારણ કે તત્કાળ સુખાભાસનું કારણ હોવા છતાં પછી ઘણા દુઃખને લાવે છે. (આવું કેમ કહો છો ? એટલા માટે કે) [1]યોગના સ્વરૂપનું નિરૂપણ કરનારા

આવું સાદૃશ્ય એમાં ઘટી શકતું જ નથી.

તથા ત્રીજી ગાથામાં વિપાકવિરસ એવી ગ્રૈવેયકપ્રાપ્તિની વાત કરી છે. એ પણ આ જ સૂચવે છે કે અહીં એવી પ્રવૃત્તિની વાત છે જે સ્વરૂપે અવિરસ એવી દેવલોક પ્રાપ્તિ કરાવે ને કારમીભોગેચ્છા (મુક્તિદ્વેષ) એને વિપાકે વિરસ બનાવે. શું ભોગપ્રવૃત્તિ દેવલોકપ્રાપ્તિ કરાવે ? માટે અહીં ભોગપ્રવૃત્તિની વાત નથી, સંયમપાલનાદિની જ વાત છે એ અસંદિગ્ધપણે સ્વીકારવું. અને તેથી જ શબ્દશઃ વિવેચનકારે ભાવાર્થમાં તેથી *જેઓને ભવના ઉપાયમાં ગાઢ રાગ છે, તે જીવો ભવથી વિરુદ્ધ એવા મોક્ષના ઉપાયને અભિમુખ પણ થતા નથી. તેનાથી દૂર દૂર રહે છે.* વગેરે જે લખ્યું છે તે પણ ગાઢ અજ્ઞાનને જ સૂચવે છે ને ? ગ્રૈવેયકપ્રાપ્તિ જેનાથી થાય એવા સંયમપાલનાદિની વાત ખુદ ગ્રન્થકાર જણાવે છે ત્યારે તેનાથી દૂર દૂર રહેવાની વાતનો તુક્કો મનમાં ઊઠે જ શી રીતે ?

यद् (?यतः) = यस्माद् व्रतानां दुर्ग्रहोऽसम्यगङ्गीकारः **(=व्रतदुर्ग्रहः) उक्तः शास्त्रेषु** = योगस्वरूपनिरूपकग्रन्थेषु **(शस्त्राग्नि-व्यालदुर्ग्रहसन्निभः=)** शस्त्राग्नि-व्यालानां यो दुर्ग्रहः = दुर्गृहीतत्वं तेन सन्निभः = सदृशः,

---

શાસ્ત્રોમાં વ્રતોના દુર્ગ્રહને= અસમ્યગ્ અંગીકારને [૨]શસ્ત્ર, અગ્નિ અને સાપનો જે દુર્ગ્રહ તેને સદૃશ કહ્યો છે, કારણ કે એ પરિણામે અસુંદર હોય છે.

વિવેચન : વિષમિશ્રિત ભોજનથી તત્કાળ ભૂખશમન-તૃપ્તિ અનુભવાય છે, પણ પરિણામે મોત આવે છે, માટે એ તૃપ્તિ સુખ નહીં, પણ સુખાભાસ છે.. ને એ ભોજન બહુતરદુઃખને લાવનારું છે. અહીં મુખ્ય બે વાતો નોંધપાત્ર છે. (૧) મૂળમાં રહેલા શાસ્ત્રેષુ શબ્દથી ટીકાકારે સામાન્યથી ધર્મશાસ્ત્રો એવો નિર્દેશ ન કરતાં યોગનિરૂપક શાસ્ત્રો એવો આદેશ કર્યો છે, અને એ યોગ્ય પણ છે, કારણ કે શસ્ત્રાદિ ઉપમા યોગગ્રન્થોમાં મળે છે, બીજા ગ્રન્થોમાં નહીં. એટલે જણાય છે કે આ બધી જે વાતો કરવાની છે, તે યોગગ્રન્થોના અધિકારી જીવો માટે છે, સામાન્યથી ધર્મોપદેશકગ્રન્થોના અધિકારી જીવોમાટે નથી.

પ્રશ્ન : આ અધિકારી જીવો જુદા જુદા હોય ?

ઉત્તર : હા. સામાન્યથી ધર્મગ્રન્થોમાં बालानामुपकाराय બાળજીવોના ઉપકાર માટે આ ગ્રન્થ છે.. આવું આવતું હોય છે. જ્યારે યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રન્થની બીજી ગાથામાં योगिनामुपकाराय એમ જણાવ્યું છે. આગળ ૨૦૯મી ગાથામાં પણ कुलप्रवृत्तचक्रा ये ते एवास्याधिकारिणः એમ જણાવ્યું છે. ૨૨૨મા શ્લોકમાં પણ આવી જ વાત કરી છે. એ જ રીતે યોગબિન્દુગ્રન્થના બીજા શ્લોકમાં યોગશાસ્ત્રના મધ્યસ્થ જાણકારો માટે આ ગ્રન્થરચના છે એમ જણાવ્યું છે. આ બધા પરથી સૂચિત થાય છે કે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી જીવો આ ગ્રન્થોના અધિકારી છે. એટલે હવે આવનારી વાતો આ સિવાયના જીવો સમક્ષ કરવી એ અસ્થાનદેશના છે.

(૨) અહીં વ્રતના દુર્ગ્રહને શસ્ત્ર, અગ્નિ અને સાપના દુર્ગ્રહ જેવો કહ્યો છે. આમાં શસ્ત્ર (ઘાતક), અગ્નિ (દાહક) અને સાપ (મારક) સ્વરૂપતઃ નુકશાનકર્તા છે. એવો કલાવિશેષ હોય તો જ એ લાભકર્તા બને છે. જ્યારે વ્રતો સ્વરૂપતઃ લાભકર્તા છે. માત્ર એનો દુર્ગ્રહ નુકશાનકર્તા છે. તો પછી વ્રતોની શસ્ત્ર વગેરે સાથે સરખામણી કેમ કરી ? ખરેખર તો ઘી-દૂધ વગેરે સાથે કરવી જોઇએ.. કારણ કે ઘી-દૂધ વગેરે સ્વરૂપે લાભકર્તા છે, માત્ર એનો દુરુપયોગ નુકશાનકર્તા છે. એટલે શસ્ત્રાદિ સાથે એની સરખામણી અનુચિત લાગે એવી છે. તેમ છતાં આ સરખામણીનો મહાતાર્કિક એવા શ્રીહરિભદ્રસૂરિમહારાજે અને શ્રીયશોવિજયજી મહારાજે સ્વ-સ્વગ્રન્થોમાં ઉલ્લેખ કર્યો છે. એટલે એની પાછળ કોઇ ગંભીર રહસ્ય હોવું જોઈએ. આ રહસ્ય આગળ યોગ્ય અવસરે વિચારવામાં આવશે, અહીં સાપનો પણ કરેલો સમાવેશ સૂચવે છે કે શસ્ત્ર અને અગ્નિ પણ સ્વરૂપતઃ હાનિકર્તા તરીકે અભિપ્રેત છે. રક્ષક-પાચકરૂપે લાભકર્તા તરીકે નહીં. બાકી સ્વરૂપે લાભકર્તા ચીજ જણાવવાનો જ અભિપ્રાય જો હોત, તો નિર્વિવાદ પ્રસિદ્ધ ઘી વગેરેની જ વાત કરી હોત.

શંકા : અહીં વ્રતનો દુર્ગ્રહ એટલે શું ? વ્રત લીધા પછી પાળવા નહીં.. ખૂબ ખૂબ શિથિલતાઓ સેવવી એ ?

સમાધાન : ના, કારણ કે એવું કરનારને કાંઈ ગ્રૈવેયક દેવલોક મળે નહીં, જે આગળના શ્લોકમાં જણાવવાનો છે. વળી, યોગ્ય ઉપદેશદ્વારા પણ જેમાં ખસવાની યોગ્યતા નથી એવી ઉત્કટ વિષયેચ્છાથી થતા મલનની વાત ચાલે છે. માટે, એવી તીવ્ર વિષયેચ્છાથી વ્રતનો સ્વીકાર એ અહીં વ્રતનો દુર્ગ્રહ છે એમ જાણવું.

असुन्दरपरिणामत्वात् ।।२।। ननु दुर्गृहीतादपि श्रामण्यात्सुरलोकलाभः केषाञ्चिद् भवतीति कथमत्रासुन्दरतेत्यत्राह-

ग्रैवेयकाप्तिरप्यस्माद्विपाकविरसाऽहिता ।
मुक्त्यद्वेषश्च तत्रापि कारणं न क्रियैव हि ।।३।।

ग्रैवेयकाप्तिरिति । **अस्माद्** = व्रतदुर्ग्रहात् **ग्रैवेयकाप्तिरपि** = शुद्धसमाचारवत्सु साधुषु चक्रवर्त्त्यादिभिः पूज्यमानेषु दृष्टेषु सम्पन्नतत्पूजास्पृहाणां तथाविधान्यकारणवतां च केषाञ्चिद् व्यापन्नदर्शनानामपि प्राणिनां नवमग्रैवेयकप्राप्तिरपि **विपाकविरसा** = बहुतरदुःखानुबन्धबीजत्वेन परिणतिविरसाऽहिता = अनिष्टा तत्त्वतः, चौर्यार्जितबहुविभूतिवदिति द्रष्टव्यम् । **तत्राऽपि** = नवमग्रैवेयकप्राप्तावपि **च मुक्त्यद्वेषः कारणं, न** केवला **क्रियैव हि** = अखण्डद्रव्यश्रामण्यपरिपालनलक्षणा । तदुक्तं-*"अनेनापि प्रकारेण द्वेषाभावोऽत्र तत्त्वतः । हितस्तु यत्तदेतेऽपि तथाकल्याणभागिनः ।।"* (यो.बिं.१४६) इति ।। ३ ।।

॥ २ ॥ **शंका :** दुर्गृहीत એવા પણ શ્રામણ્યથી કેટલાક જીવોને દેવલોક મળે છે, પછી એમાં પરિણામે અસુંદરતા શી રીતે કહેવાય ? આવી શંકાના સમાધાન માટે કહે છે-

गाथार्थ : આનાથી થતી ગ્રૈવેયકદેવલોકની પ્રાપ્તિ પણ વિપાકવિરસ હોવાથી અહિતકર છે. વળી એ પ્રાપ્તિ થવામાં પણ મુક્તિઅદ્વેષ કારણ છે, નહીં કે માત્ર ક્રિયા.

टीकार्थ : આ વ્રતના દુર્ગ્રહથી કેટલાક જીવોને ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ થાય છે. સામાચારીના શુદ્ધ પાલનવાળા સાધુઓની ચક્રવર્તી વગેરે દ્વારા થતી પૂજા જોઈને જેમને એવી પૂજા મેળવવાની સ્પૃહા જાગી છે તેવા કેટલાક જીવો અથવા તેવું જ કોઈ અન્ય કારણ જેમને છે એવા કેટલાક જીવો... સમ્યગ્દર્શન રહિત એવા પણ આ જીવોને નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ વિપાકવિરસ હોવાથી=બહુતર દુઃખના અનુબંધનું બીજ હોવાના કારણે પરિણામે વિરસ હોવાથી અહિત= અનિષ્ટ છે. ચોરીથી મેળવેલો પુષ્કળ વૈભવ પરિણામે વધ-બંધન વગેરે મોટા દુઃખને લાવનાર હોવાથી તાત્ત્વિક દૃષ્ટિએ જેમ અનિષ્ટ છે, તેમ આ વાત જાણવી. વળી આ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિમાં પણ મુક્તિઅદ્વેષ કારણ છે, માત્ર દ્રવ્યસાધુપણાના અખંડ પરિપાલનરૂપ ક્રિયા જ નહીં. યોગબિંદુ ગ્રન્થમાં કહ્યું છે કે-*આ રીતે લબ્ધિ વગેરે માટે ગ્રહણ કરેલા આ દ્રવ્ય સાધુપણામાં પણ તાત્ત્વિક રીતે, મુક્તિ પ્રત્યેના દ્વેષનો અભાવ હિતકર છે, તેથી આ દ્રવ્ય સાધુઓ પણ તેવા કલ્યાણવાળા=ગ્રૈવેયકપ્રાપ્તિ વગેરે રૂપ કલ્યાણવાળા બને છે.*

विवेचन : વ્રતદુર્ગ્રહથી થતા મલનની વાત ચાલે છે. અને તીવ્રકામેચ્છાથી થતું વ્રતગ્રહણ= વ્રતપાલન એ અહીં વ્રતદુર્ગ્રહ છે. વળી સંયમજીવનમાં તો કામ ભોગનો ત્યાગ હોય છે. તો તીવ્રકામેચ્છુક ભવાભિનંદી જીવને સંયમ લેવા-પાળવાનું મન થાય જ કેમ ? આવા સંભવિત પ્રશ્નના ઉત્તર માટે ચક્રવર્તીની પૂજાનું દર્શન વગેરે વાત કરી. કેટલાક ભવાભિનંદી જીવો પરલોકને માનનારા હોય ને કેટલાક ન માનનારા હોય. ન માનનારા જીવો આ લોકમાં મળનારા માન-સન્માન- પૂજા વગેરેની ઇચ્છા તીવ્ર થઈ જાય તો ત્યાગપ્રધાન સંયમ લેવા તૈયાર થઈ જાય છે. પરલોકને માનનારા જીવો ભવાંતરમાં ઉપર-ઉપરના દેવલોકના વૈભવ મળે એ માટે સંયમજીવન સ્વીકારવા તૈયાર થઈ જાય છે. અથવા કહીને જે વાત કરી છે તે આ જીવોની જાણવી. व्यापन्नदर्शनानां....

સામાન્યથી આ શબ્દ સમ્યક્ત્વ પામ્યા પછી એને ગુમાવી દેનાર જીવોને (સમ્યક્ત્વભ્રષ્ટ જીવોને) જણાવવા માટે વપરાય છે. પણ અહીં આ શબ્દ સમ્યક્ત્વરહિત જીવોને જણાવવા માટે છે. એટલે કે અનાદિકાળથી જેઓ સમ્યક્ત્વરહિત જ છે, ક્યારેય સમ્યક્ત્વ પામ્યા જ નથી, એવા જીવોને જણાવવા માટે છે. કારણકે જે જીવ એક વાર પણ સમ્યક્ત્વને સ્પર્શી ગયો હોય, એ ભવાભિનંદી ન જ હોય... તે ભવાભિનંદી નથી તો એને તીવ્ર=કારમી ભોગેચ્છા કે જે મુક્તિદ્વેષસ્વરૂપ છે, તે ન જ હોય. જ્યારે અહીં તો 'મુક્તિદ્વેષવાળા જીવોને સંયમપાલનાદિ મલન માટે થાય છે, એનાથી થતી ગ્રૈવેયકપ્રાપ્તિ પણ વિપાક વિરસ હોય છે' વગેરે જણાવવાનો પ્રસ્તાવ છે.

શંકા : પણ આ જ ગાથામાં જણાવ્યું છે કે આ ગ્રૈવેયકપ્રાપ્તિમાં પણ કેવલ ક્રિયા જ નહીં, મુક્તિઅદ્વેષ પણ કારણ છે. એટલે કે આ જીવોને મુક્તિઅદ્વેષ હોય જ છે, અને મુક્તિઅદ્વેષ હોય, તો મુક્તિદ્વેષ તો ન જ હોય ને !

સમાધાન : યોગની પૂર્વસેવાનાં ચાર અંગોમાં મુક્તિઅદ્વેષની પ્રધાનતા છે એ જણાવવાનો અધિકાર ચાલી રહ્યો છે. એ પ્રધાનતા આ રીતે જણાવવી છે કે - પૂર્વસેવાના ગુરુ-દેવાદિપૂજન, સદાચાર અને તપ આ ત્રણે અંગ કે ત્રણમાંના કોઈપણ એક કે બે અંગ હોવા-ન હોવાના કારણે, સંયમપાલનાદિથી મુક્તિઉપાયનું અમલન-મલન થતા નથી. પણ મુક્તિઅદ્વેષ એ જ એક એવું અંગ છે જે હોવા-ન હોવા સાથે મુક્તિ ઉપાયનું અમલન-મલન થાય છે. માટે શેષ ત્રણ કરતાં મુક્તિઅદ્વેષ એ પ્રધાન પૂર્વસેવા છે.

કાળક્રમે સહજમલનો હ્રાસ થતાં થતાં જીવ જ્યારે અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચે છે ત્યારે આ મુક્તિઅદ્વેષ પ્રગટે છે. એ પહેલાં મુક્તિદ્વેષ જ પ્રવર્તમાન હતો. એ મુક્તિદ્વેષના કારણે જ સંયમપાલનાદિથી મલન થાય છે અને એ જ સંયમપાલનાદિથી થતી વિપાકવિરસ ગ્રૈવેયકપ્રાપ્તિની અહીં વાત ચાલી રહી છે. માટે મુક્તિદ્વેષ તો છે જ. ને તેથી પ્રધાનપૂર્વસેવારૂપ મુક્તિઅદ્વેષ નથી જ.

વળી બારમી બત્રીશીમાં પૂર્વસેવાત્મક મુક્તિઅદ્વેષથી કલ્યાણની પરંપરા અને પરંપરાએ મોક્ષપ્રાપ્તિ કહેલી છે. એટલે એ મુક્તિઅદ્વેષ સહિતના સંયમપાલનથી થયેલ ગ્રૈવેયકપ્રાપ્તિને વિપાકવિરસ = અનિષ્ટ કહી શકાય જ નહીં. જ્યારે અહીં કહેલ છે. માટે એ મુક્તિઅદ્વેષ નથી.

તથા મુક્તિઅદ્વેષનું પ્રાધાન્ય જણાવવાનું છે. એટલે, અન્ય પૂર્વસેવાની જેમ મુક્તિઅદ્વેષની હાજરીમાં પણ જો મલન-વિપાક વિરસત્વ સંભવિત હોય, તો તો એનું પ્રાધાન્ય શું રહ્યું ? માટે જે જીવો માટે અહીં વિપાકવિરસત્વ કહ્યું છે, તેઓને મુક્તિઅદ્વેષ હોતો નથી, પણ મુક્તિદ્વેષ જ હોય છે એ નિઃશંક છે.

શંકા : પણ તો પછી ગ્રૈવેયકપ્રાપ્તિના કારણ તરીકે મુક્તિઅદ્વેષ હાજર હોવો કહ્યો છે તેનું શું ?

સમાધાન : એની સંગતિ કરવા માટે મુક્તિઅદ્વેષને બે પ્રકારનો માનવો જોઈએ. યોગ્યતારૂપે અને વ્યક્તરૂપે. વળી મુક્તિઅદ્વેષને આમ બે પ્રકારનો માન્યો એટલે મુક્તિદ્વેષને પણ એવા જ બે પ્રકારનો માનવો જોઈએ. સહજઅલ્પમલત્વની ભૂમિકા સુધી નહીં પહોંચેલા બધા જીવોને યોગ્યતારૂપે મુક્તિદ્વેષ જ હોય છે, મુક્તિઅદ્વેષ નહીં. આ જ તીવ્ર ભવાભિષ્વંગરૂપ છે, મુક્તિઉપાયોનું મલન કરનાર છે, અને યોગની પૂર્વસેવારૂપે અભિપ્રેત મુક્તિઅદ્વેષનો વિરોધી છે. મુક્તિદ્વેષવાળા આવા જીવોને એકેન્દ્રિયાદિ ભવોમાં કે સંજ્ઞીપંચેન્દ્રિયના ભવોમાં પણ મુક્તિ અંગે કશી ગતાગમ જ્યારે હોતી નથી, ત્યારે સ્વર્ગભિન્ન મુક્તિને જાણતા જ ન હોવાથી વ્યક્તરૂપે મુક્તિદ્વેષ હોતો નથી, એટલે કે વ્યક્તરૂપે મુક્તિઅદ્વેષ હોય છે. (આની જ વાત ગ્રન્થકાર આગળ

ચોથી ગાથામાં કરવાના છે.) વિપાકવિરસ ગ્રૈવેયકપ્રાપ્તિના કારણ તરીકે જે મુક્તિઅદ્વેષ કહ્યો છે તે આ જાણવો. પણ આ મુક્તિઅદ્વેષ પૂર્વસેવારૂપ નથી, કારણ કે જીવમાં યોગ્યતારૂપે તો મુક્તિદ્વેષ જ બેસેલો છે. સહજ અલ્પમલત્વની ભૂમિકાથી જે મુક્તિઅદ્વેષ પ્રગટે છે, તે જીવની તેવી યોગ્યતા થઈ હોવાથી પ્રગટેલ હોવાના કારણે યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ છે, એ જ પ્રસ્તુતમાં પ્રધાનપૂર્વસેવારૂપે અભિપ્રેત છે. એની જ હાજરીમાં મુક્તિઉપાયોનું અમલન કહેલ છે. આ જીવોને યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ બેસેલો હોવા છતાં ક્યારેક તેવા વિચિત્રકર્મોદયવશાત્ દુર્બુદ્ધિ થવાના કારણે જ્યાં કશું ખાવા-પીવાનું નહી, કશું કરવાનું નહીં... આવા મોક્ષનો મતલબ શું? એમાં સુખ શું ? વગેરે રૂપે કામચલાઉ મુક્તિદ્વેષ અભિવ્યક્ત થતો હોય તો એ વ્યક્તરૂપે મુક્તિદ્વેષ છે. છતાં અંદર યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ જ હોય છે, કારણ કે સહજ અલ્પમલત્વની ભૂમિકા જીવ પામી ગયો છે. એ યોગપૂર્વસેવારૂપ છે જ ને તેથી મુક્તિઉપાયોનું મલન હોતું નથી.

એટલે નિશ્ચિત થાય છે કે મલનની જે વાત છે એ મુક્તિદ્વેષ ધરાવનારા જીવોની છે.. ને તેથી એ જીવો સહજ અલ્પમલત્વની ભૂમિકાએ પણ પહોંચ્યા ન હોવાથી સમ્યક્ત્વ ભ્રષ્ટ તો હોય જ શી રીતે શકે ?

વળી આગળ ચોથી ગાથામાં વ્યાપન્નદર્શનવાળા દ્રવ્યલિંગી જીવોને મોક્ષની અજાણકારી કહેવાના છે. સમ્યક્ત્વભ્રષ્ટ નિહ્નવાદિ મોક્ષથી અજાણ હોય એ સંભવતું નથી. એટલે અહીં વ્યાપન્નદર્શનવાળા જીવો તરીકે સમ્યક્ત્વરહિત જીવો=ક્યારેય સમ્યક્ત્વ નહીં પામેલા એવા ભવાભિનંદી જીવો લેવાના છે એ સ્પષ્ટ છે.

પ્રશ્ન : આ ગાથાના ઉત્તરાર્ધમાં આવું જે જણાવ્યું છે કે 'આ ગ્રૈવેયકની પ્રાપ્તિમાં પણ માત્ર અખંડસંયમપાલનરૂપ ક્રિયા જ કારણ નથી, પણ મુક્તિઅદ્વેષ પણ કારણ છે' તે મુક્તિઅદ્વેષની પ્રશંસા માટે જણાવ્યું છે કે નિંદા માટે ?

ઉત્તર : કેમ આવો પ્રશ્ન કરો છો ? મુક્તિઅદ્વેષની પ્રધાનતા જણાવવાનો અધિકાર છે.. તેથી એની પ્રશંસા માટે જ પ્રસ્તુત વાત કરી છે.

પ્રશ્ન : તમારી વાત બરાબર છે. વાક્યપ્રયોગ પણ એ જ ભાવને ધ્વનિત કરે છે. પણ એને જો પ્રશંસવો જ છે તો પૂર્વાર્ધમાં વિપાકવિરસત્વની વાત કેમ કરી ? કારણ કે એ તો એની નિંદારૂપ છે. 'આ ભોજન પરિણામે મોત લાવનાર હોવાથી અનિષ્ટ એવી તૃપ્તિનું જનક છે' આવી વાત એ ભોજનની નિંદારૂપ છે એ સ્પષ્ટ છે.

ઉત્તર : તમારી વાત બરાબર નથી. મુક્તિઅદ્વેષ એ સ્વરૂપે સુંદર વસ્તુ છે.. ને એટલે જ એના પ્રભાવે નવમા ગ્રૈવેયક સુધીની પ્રાપ્તિ થાય છે. આ પ્રાપ્તિ પણ સ્વરૂપે સુંદર વસ્તુ જ છે. એટલે જ તો યોગબિન્દુની ૧૪૬ મી ગાથામાં આ મુક્તિઅદ્વેષને હિતરૂપ કહ્યો છે અને એના પ્રભાવે જીવો तथाकल्याणभागिनः તેવા કલ્યાણને ભજનારા બને છે એમ જણાવ્યું છે. આ બધું જ મુક્તિઅદ્વેષની પ્રશંસા રૂપે જ છે. તેમ છતાં, આ જીવોમાં અંદર યોગ્યતારૂપે તો મુક્તિદ્વેષ જ પડેલો હોય છે, મુક્તિઅદ્વેષ નહીં. અને તેથી વિપાકવિરસતા=પરિણામે અસુંદરતા આવે છે. એટલે કે બહાર વ્યક્તરૂપે રહેલા મુક્તિઅદ્વેષના પ્રભાવે નવમો ગ્રૈવેયક મળે છે અને અંદર યોગ્યતારૂપે રહેલા મુક્તિદ્વેષના કારણે વિપાકવિરસતા સર્જાય છે. આમાં મુક્તિઅદ્વેષની નિંદા ક્યાં આવી ? પણ જો અંદર યોગ્યતારૂપે પણ મુક્તિઅદ્વેષ હોત તો એ કલ્યાણની પરંપરાદ્વારા છેવટે થોડા વિલંબે પણ જીવને મુક્તિ સુધી પહોંચાડત.. એટલે કે પરિણામે પણ સુંદરતા આવત.

પ્રશ્ન : મુક્તિદ્વેષવાળા જીવોને વિપાકવિરસતા જે કહી છે તે શું છે ?

ઉત્તર : 'ઊંચામાં ઊંચો દેવલોક પામવો હોય તો નિરતિચાર અખંડ સંયમ પાલન જોઇએ અને મુક્તિ પ્રત્યે

દ્વેષ ન જોઇએ' આવું શાસ્ત્રવચનોથી જાણવા પર એ દેવલોકનો ઇચ્છુક જીવ અંદર યોગ્યતારૂપે મુક્તિદ્વેષ પડેલો હોવા છતાં બહાર એ ક્યાંય વ્યક્ત ન થઇ જાય.. મનથી વિચારરૂપે પણ વિચારાઇ ન જાય એની ભારે તકેદારી રાખે છે. અને આમ બહારથી કૃત્રિમ રીતે (બનાવટી) મુક્તિઅદ્વેષ કેળવે છે. વળી સંયમપાલનમાં નાના નાના અતિચાર પણ ન લાગી જાય એ તો જ શક્ય બને છે જો વિષય-કષાયને અતિ અતિ મંદ બનાવ્યા હોય, કારણ કે અતિચાર સેવનમાં વિષય-કષાયનો જ મુખ્ય ફાળો હોય છે. એટલે આ જીવ સતત જાગૃતિ સાથે વિષય-કષાયને અતિ અતિ મંદ કરે છે - રાખે છે અને નિરતિચાર સંયમપાલન દ્વારા એને ઉત્તરોત્તર વધુ મંદ કરતો જાય છે. આ મંદતાના પ્રભાવે ગ્રૈવેયકમાં માનસિક પ્રવિચારણાથી = માનસિક વિષયસેવનથી પણ મુક્ત રહે છે. એ પછીના બે ચાર ભવમાં પણ આ વિષય-કષાયની મંદતા ચાલે છે. તેમ છતાં, દંડ કાઢી લીધા પછી પણ સંસ્કારવશાત્ ચક્રભ્રમણ કેટલોક કાળ ચાલુ રહેતું હોવા છતાં એ ક્રમશઃ શિથિલ બનતું જ જાય છે ને છેવટે અટકી જાય છે. એમ આ વિષય-કષાયાદિની મંદતા ક્રમશઃ ઘટતી જાય છે અને છેવટે નાશ પામી જાય છે. (ક્યારેક વિપરીત નિમિત્ત મળે તો આ મંદતા શીઘ્ર પણ નાશ પામી જાય છે.) અને જેવી આ મંદતા નાશ પામે છે કે તરત વિષય-કષાયોની તીવ્રતા જોર પકડે જ છે. એમ, બહાર પુરુષાર્થથી ઘડેલો મુક્તિઅદ્વેષ પણ ક્રમશઃ ખસતો જાય છે, ને છેવટે અંદર પડેલો મુક્તિદ્વેષ પાછું માથું ઉંચકે છે. આ વિષય-કષાયોની તીવ્રતા અને વ્યક્ત થયેલો મુક્તિદ્વેષ... જીવ પાસે પાછા તીવ્રભાવે પાપ કરાવે છે જેના કારણે દુર્ગતિમય સંસારપરિભ્રમણ ચાલુ જ રહે છે.

જો અંદર મુક્તિઅદ્વેષ પ્રગટેલો હોત, તો જ્ઞાન-ક્રિયાત્મક મુક્તિ ઉપાયોનું મલન ન થાત, એટલે કે એ મુક્તિ ઉપાય તરીકે અક્ષત જ રહેત, ને તેથી પરંપરાએ પણ મોક્ષાત્મક સર્વાંગ સુંદર પરિણામ પ્રાપ્ત થાત. આ વિપાક સુંદરતા છે. એના બદલે સંસાર પરિભ્રમણ ચાલુ રહ્યું એ વિપાકવિરસતા છે.

શંકા : જેને અંદરમાં મુક્તિદ્વેષ ખદબદે છે, એ જીવ સંયમપાલનાદિ ન કરે તો પાપ જ કરવાનો છે ને એના કારણે પણ દુર્ગતિમય સંસાર પરિભ્રમણ એના લલાટે લખાયેલું જ છે. પછી અલગ વિપાકવિરસત્વ શું? ઊલટું ગ્રૈવેયકમાં ગયા પછી પણ બેચાર ભવ વિષયકષાયની મંદતા ચાલવાની પરિણામસુંદરતા ન કહેવાય ?

સમાધાન : પરિણામે દુઃખદ એવી પાપપ્રવૃત્તિઓની અપેક્ષાએ આ વિપાકવિરસત્વની વાત નથી. પણ એ મુક્તિઅદ્વેષ બેઠો હોત તો સંયમપાલનાદિ અંતિમ ફળ તરીકે જે મોક્ષાત્મક સર્વસુંદર પરિણામમાં પરિણમવાના હતા, એની અપેક્ષાએ, એ અદ્વેષ ન બેઠો હોવાના કારણે એ સંયમપાલનાદિ છેવટે સંસારપરિભ્રમણમાં પરિણમતા હોવાથી વિપાકવિરસ છે.

શંકા : બારમી બત્રીશીમાં તો એમ જણાવેલું છે કે મુક્તિઅદ્વેષ એ દ્વેષના અભાવ રૂપ હોવાથી એક જ પ્રકારનો હોય છે. તો તમે એના બે પ્રકાર કેમ કહ્યા ?

સમાધાન : ઓછો દ્વેષ, વધારે દ્વેષ.. એમ પ્રતિયોગીમાં તરતમતાના આધારે જેમ પ્રકાર પડે છે એમ અદ્વેષમાં પડી શકતા નથી. માટે એ એક પ્રકારનો કહેવાયેલો છે. ઘટાભાવમાં તરતમતા ન હોય, પણ ઘટનો પ્રાગભાવ, ધ્વંસાભાવ, અત્યંતાભાવ વગેરે રૂપ પ્રકાર તો હોય જ છે ને, એમ પ્રસ્તુતમાં જાણવું. વસ્તુતઃ અહીં એક જ અભાવના અલગ-અલગ બે પ્રકાર છે એવું નથી, પણ બે પ્રતિયોગી અલગ-અલગ છે ને એના બે અભાવ અલગ-અલગ છે. વ્યક્ત મુક્તિદ્વેષ અને યોગ્યતારૂપ મુક્તિદ્વેષ અલગ-અલગ હોવાથી પ્રતિયોગી અલગ અલગ

છે ને તેથી તે તેના અભાવરૂપ મુક્તિઅદ્વેષ પણ અલગ અલગ બે પ્રકારનો છે. આમાંથી યોગ્યતારૂપ મુક્તિદ્વેષના અભાવાત્મક જે યોગ્યતા રૂપે મુક્તિઅદ્વેષ છે એ પૂર્વસેવારૂપ છે. એ એક જ પ્રકારનો છે, ને તેથી એ યોગીઓના ભેદમાં પ્રયોજક બની શકતો નથી.

પ્રશ્ન : મુક્તિઅદ્વેષ હજુ પ્રગટ્યો ન હોય તો સંયમપાલનાદિથી મુક્તિઉપાયોનું મલન થાય છે ને એ પ્રગટી ગયો હોય તો એ મલન થતું નથી, આ રીતે તમે મુક્તિઅદ્વેષનું પ્રાધાન્ય દેખાડ્યું. આમાં મુક્તિઅદ્વેષરહિત (=મુક્તિદ્વેષસહિત) જીવો વ્રતગ્રહણ- સંયમપાલનાદિ પૂજા- દેવલોક વગેરેની સ્પૃહાથી કરે છે એ તમે કહ્યું.. પણ એ રીતે મુક્તિઅદ્વેષવાળા જીવોના એ સંયમપાલનાદિ કઈ સ્પૃહાથી કરાયેલા અહીં પ્રસ્તુત છે ?

ઉત્તર : તેઓની પણ આવી પૂજા-દેવલોકાદિની ભૌતિક ઇચ્છાથી કરાયેલી સંયમપાલનાદિ ધર્મપ્રવૃત્તિ અહીં પ્રસ્તુત છે. આવું માનવું જરૂરી છે, કારણ કે (૧) હજુ મુક્તિરાગ પ્રગટેલો નથી, એટલે મોક્ષની ઇચ્છાથી કરે છે એવું તો કહી શકાતું નથી. (૨) ભૌતિકસ્પૃહાથી કરાતું અનુષ્ઠાન સાભિષ્વંગ અનુષ્ઠાન કહેવાય છે. એવી સ્પૃહાથી પર થઈને કરાતું અનુષ્ઠાન નિરભિષ્વંગ અનુષ્ઠાન કહેવાય છે. નિરભિષ્વંગ અનુષ્ઠાન તો મુક્તિઉપાયોનું પ્રબળ પોષક છે. એટલે એમાં મલન-અમલનનો પ્રશ્ન જ ઊભો થઈ શકતો નથી.પ્રસ્તુતમાં એ પ્રશ્ન ઊભો થયેલો હોવાથી સાભિષ્વંગ અનુષ્ઠાન જ લેવું પડે છે. (૩) મુક્તિઅદ્વેષની પ્રધાનતા દર્શાવવાનો અધિકાર છે. બાકીનું બધું સરખું હોય ને મુક્તિઅદ્વેષ ન હોવા- હોવાના કારણે મહત્ત્વનો ફેર પડતો હોય.. તો એની પ્રધાનતા જણાવેલી કહેવાય. એટલે મુક્તિઅદ્વેષ પ્રગટેલો નથી એવા જીવો માટે સાભિષ્વંગ અનુષ્ઠાનથી મલન જણાવ્યું છે, તો મુક્તિઅદ્વેષ પ્રગટી ચૂકેલો હોય એવા જીવો માટે એવું જ કહેવું જરૂરી બની રહે કે, તેઓએ સાભિષ્વંગ અનુષ્ઠાન કર્યું, અને છતાં મલન થયું નહીં, કારણ કે મુક્તિઅદ્વેષ પ્રગટેલો છે. જો તેઓનું અનુષ્ઠાન નિરભિષ્વંગ લેવામાં આવે, તો તો એ નિરભિષ્વંગ હતું માટે જ મલન થયું નહીં, એમાં મુક્તિઅદ્વેષે તો કાંઈ કરવાનું રહ્યું નહીં. અને તો પછી મુક્તિઅદ્વેષની પ્રધાનતા ખ્યાપિત થયેલી કઈ રીતે કહેવાય ? (૪) મુક્તિઅદ્વેષવાળા જીવોને પ્રાયઃ ચોથું તદ્ધેતુ અનુષ્ઠાન હોય છે એ વાત આગળ નિશ્ચિત થશે. તદ્ધેતુ અનુષ્ઠાન બાધ્ય એવી ભૌતિક ફળાપેક્ષાથી થતું હોય છે. આ હકીકત પણ એ જ સૂચવે છે કે મુક્તિઅદ્વેષવાળા જીવો પ્રાયઃ કરીને ભૌતિક ફળની ઇચ્છાથી જ ધર્મઅનુષ્ઠાન કરતા હોય છે, ને એ જ અહીં પ્રસ્તુત છે.

આમ, મુક્તિદ્વેષવાળા જીવો અને મુક્તિઅદ્વેષવાળા જીવો.. બન્નેના ભૌતિક અપેક્ષાથી થતા ધર્માનુષ્ઠાનની પ્રસ્તુતમાં વિચારણા ચાલી રહી છે એ નિશ્ચિત થયું. અલબત્ત દ્વેષવાળા અને અદ્વેષવાળા આ જીવોની ભૌતિક અપેક્ષા ક્રમશઃ અબાધ્ય અને બાધ્ય હોય છે. પણ આ ભેદ આપણા છદ્મસ્થોનો વિષય ન હોવાથી આપણને તો બન્નેની અપેક્ષા એક સમાન જ ભાસે છે. અને છતાં મુક્તિઅદ્વેષનો પ્રભાવ જુઓ-મુક્તિદ્વેષવાળા જીવોનું એ ધર્માનુષ્ઠાન મુક્તિ ઉપાયોનું મલન કરનાર હોય છે, વિષાન્નતૃપ્તિસદૃશ હોવાથી વિપાકવિરસ હોવાના કારણે અહિત હોય છે. મુક્તિઅદ્વેષવાળા જીવોનું એ ધર્માનુષ્ઠાન મુક્તિઉપાયોનું મલન કરતું નથી. અને તેથી જ એ પથ્યભોજનસદૃશ હોવાથી પરિણામ સુંદર હોવાના કારણે હિતકર હોય છે.

શંકા : 'મુક્તિઅદ્વેષ હોય તો મલન થતું નથી' એ વાત તો ગ્રન્થકારે કહેલી જ છે. પણ પથ્યભોજન સદૃશ વગેરે વાતો તમે ક્યાંથી લઈ આવ્યા ?

સમાધાન : 'મલન થતું નથી' નો અર્થ છે એ ધર્માનુષ્ઠાન મુક્તિઉપાય તરીકે વિનાશ પામતું નથી. એટલે એ ધર્માનુષ્ઠાન મુક્તિના ઉપાયભૂત જ રહે છે. અર્થાત્ એ પરંપરાએ પણ મુક્તિનું કારણ બને જ છે. પછી એને પથ્યભોજનસદૃશ, પરિણામસુંદર અને હિતકર કેમ ન કહેવાય ?

આ બધી વિચારણાઓમાં નોંધવા જેવી બાબત એ છે કે - સાભિષ્વંગ અનુષ્ઠાન હિતકર બને કે અહિતકર એનો આધાર માત્ર ને માત્ર મુક્તિઅદ્વેષ હોવા-ન હોવા પર જ છે. વળી મુક્તિઅદ્વેષ હોવાનો આધાર કાળ પર જ છે, કાળક્રમે સહજઅલ્પમલત્વની ભૂમિકા આવે એટલે મુક્તિઅદ્વેષ પ્રગટે જ છે. આમાં જીવના પુરુષાર્થનો કશો ઉપયોગ હોતો નથી. જીવ પુરુષાર્થથી, મુક્તિ પ્રત્યે દ્વેષ ન પ્રગટી જાય એવી તકેદારી રાખીને જે મુક્તિઅદ્વેષ કેળવે છે એ જીવને સંયમપાલનાદિ અનુષ્ઠાન દ્વારા નવમા ગ્રૈવેયક સુધી પહોંચાડી શકે છે, પણ મુક્તિ ઉપાયના મલનને અટકાવી શકતો નથી, ને તેથી વિપાકવિરસત્વ વગેરે ઊભા જ રહે છે.

આના પરથી એ નિશ્ચિત થાય છે કે સાભિષ્વંગ અનુષ્ઠાન અહિતકર મટીને હિતકર બનવામાં જીવનો પુરુષાર્થ કોઈ ભાગ ભજવતો નથી, અને તેથી કાળક્રમે મુક્તિઅદ્વેષ જે જીવો પામેલા હોય તે બધા જીવોના બધા જ સાભિષ્વંગ અનુષ્ઠાનો હિતકર જ નીવડે છે, અહિતકર નહીં.

તથા, મુક્તિદ્વેષવાળા જીવોનું ધર્માનુષ્ઠાન વિપાકવિરસ જે બને છે, તે ભૌતિક ઇચ્છાના કારણે નહીં, કારણ કે ભૌતિક ઇચ્છા તો મુક્તિઅદ્વેષવાળા જીવના ધર્માનુષ્ઠાનમાં પણ રહી છે, ને છતાં એ વિપાકવિરસ બનતું નથી. પણ ભૌતિક ઇચ્છામાં જે તીવ્રતા=અબાધ્યતા રહી હોય છે, એના કારણે એનું અનુષ્ઠાન વિપાકવિરસ બને છે. હવે, ભૌતિક ઇચ્છામાં આ તીવ્રતા ભળવામાં જીવનો પુરુષાર્થ કારણ હોતો નથી, કારણ કે મુક્તિઅદ્વેષ નહીં પામેલા બધા જ જીવોની ભૌતિક ઇચ્છામાં એ અનાદિકાલથી ભળેલી જ હોય છે. એમ, એમાંથી આ તીવ્રતા હટી જવામાં પણ જીવનો પુરુષાર્થ કોઈ ભાગ ભજવતો નથી, કારણકે કાળક્રમે મુક્તિઅદ્વેષ પ્રગટવાની સાથે જ એ તીવ્રતા-અબાધ્યતા ખસી જાય છે, અને અતીવ્રતા-અબાધ્યતા ભળી જાય છે. આ વાત યોગ્ય પણ છે જ, કારણકે આ તીવ્રતા જો જીવના પુરુષાર્થથી ખસતી હોય તો કયા પુરુષાર્થથી ? 'પાપપુરુષાર્થથી ખસે' એવું માની શકાતું નથી, કારણ કે એ તો સાવ વિપરીત જ છે. 'ધર્મ પુરુષાર્થથી એ ખસે' એવું પણ માની શકાતું નથી, કારણ કે તો તો એનો એ ધર્મપુરુષાર્થ વિપાક સુંદર બનવાથી વિપાકવિરસત્વ જે કહ્યું છે તેનો વિરોધ થાય. માટે નક્કી થાય છે કે ભૌતિક અપેક્ષામાં ભળેલી અબાધ્યતા જીવના પુરુષાર્થથી ખસતી નથી.

હવે, જે બાબત જીવના પુરુષાર્થને આધીન હોય એ બાબત તો, જે જીવ ઉચિત પુરુષાર્થ કરે એને જ સિદ્ધ થાય, અન્યને નહીં. પણ જે બાબત જીવના પુરુષાર્થને આધીન નથી, પણ માત્ર કાળક્રમે થાય છે, એ તો તે તે કાળે તે તે સર્વ જીવોને સિદ્ધ થઈ જ જાય, અમુકને થાય ને અમુકને ન થાય.. આવું બની શકે નહીં, કારણકે એમાં કોઈ વિનિગમક નથી. અર્થાત્ અમુક જીવોને સિદ્ધ થઈ તો શા કારણે ? અમુકને ન થઈ તો શા કારણે ? આ પ્રશ્નોનો ઉત્તર બની શકે એવું કોઈ કારણ નથી.

પ્રશ્ન : આમાં 'તે તે કાળે' એમ જે જણાવ્યું છે એમાં 'તે તે કાળ' એટલે કયો કાળ?

ઉત્તર : એ કાળ એટલે ચરમાવર્ત પ્રવેશકાળ સમજાય છે. આશય એ છે કે કાળક્રમે સહજ અલ્પમલત્વ થાય એટલે તીવ્રભવાભિષ્વંગ=તીવ્રભોગેચ્છા=મુક્તિદ્વેષ ખસે છે ને મુક્તિઅદ્વેષ પ્રગટે છે. લાભાદિનો અર્થી બનેલો જીવ હવે જે ધર્માનુષ્ઠાન કરે છે તે હિતકર હોય છે, અહિતકર નહીં, એ વાત આપણે નિશ્ચિત કરી ગયા છીએ. લાભાદિની અર્થિતા તો ઊભી જ છે, અત્યાર સુધી થતું ધર્માનુષ્ઠાન અહિતકર બનતું હતું અને હવે

लाभाद्यर्थितयोपाये फले चाप्रतिपत्तितः ।
व्यापन्नदर्शनानां हि न द्वेषो द्रव्यलिङ्गिनाम् ।। ४।।

लाभेति । व्यापन्नदर्शनानां हि द्रव्यलिङ्गिनामुपाये = चारित्रक्रियादौ **लाभाद्यर्थितयैव न द्वेषो**, रागसामग्र्यां

હિતકર બને છે. આ ભેદ શા માટે ? એ જણાવવા આગળ આઠમી ગાથામાં 'કર્તાભેદે અનુષ્ઠાનભેદ થાય છે' એમ જણાવવાના છે. અને આ કર્તાભેદ કયો ? એનો ખુલાસો ગ્રન્થકાર ટીકામાં 'અચરમાવર્તમાં રહેલો જીવ અને ચરમાવર્તમાં રહેલો જીવ' એવો બતાવવાના છે. મુક્તિઅદ્વેષ-દ્વેષ.. અચરમાવર્ત - ચરમાવર્તકાળ.. આ બે વાતોનું અનુસન્ધાન કરતાં એ નિઃશંક પ્રતીત થાય છે કે મુક્તિઅદ્વેષ અને ચરમાવર્તકાળનો પ્રારંભ.. આ બન્ને એક સાથે થાય છે.

પ્રશ્ન : આઠમી ગાથામાં કર્તાભેદે અનુષ્ઠાનભેદ જે કહેવાના છે તે તો વિષાનુષ્ઠાન વગેરે પાંચ અનુષ્ઠાનભેદોની અપેક્ષાએ છે ને ?

ઉત્તર : હા, પણ એમાં અનનુષ્ઠાન અને અમૃત અનુષ્ઠાન તો અલગ પડી જાય છે. બાકીના ત્રણે ભૌતિક અપેક્ષાથી થાય છે. આ ભૌતિક અપેક્ષા આલોક સંબંધી હોય છે કે પરલોક સંબંધી હોય છે. આ બેના ભેદને લઈને વિષ અને ગર... એમ બે ભેદ અનુષ્ઠાનના બતાવ્યા છે. તદ્ધેતુઅનુષ્ઠાન સંબંધી જે ભૌતિક અપેક્ષા છે તે પણ આ રીતે બન્ને પ્રકારની સંભવતી હોવા છતાં એ ભેદની વિવક્ષા ન કરીને અનુષ્ઠાનનો એક જ ભેદ તદ્ધેતુ કહ્યો છે. એ જ રીતે વિષ-ગરમાં પણ એ ભેદની વિવક્ષા ન કરીએ તો બંનેને સામાન્ય રીતે વિષઅનુષ્ઠાન તરીકે કહી શકાય છે. મુક્તિઅદ્વેષ પ્રગટ્યા પૂર્વે કરેલા અનુષ્ઠાનને વિષાન્નતૃપ્તિસદૃશ કહેલ છે એનો અર્થ જ એ વિષઅનુષ્ઠાન છે. મુક્તિઅદ્વેષ પ્રગટ્યા પછી કરેલ અનુષ્ઠાન પરંપરાએ મોક્ષનું કારણ છે, એટલે કે સાક્ષાત્ કારણ જે અમૃતઅનુષ્ઠાન, એનું એ કારણ છે. એનો અર્થ જ એ તદ્ધેતુ અનુષ્ઠાન છે. એટલે મુક્તિઅદ્વેષ પૂર્વેના અને પછીના અનુષ્ઠાનભેદમાં પણ કર્તાભેદની આ વાત લાગુ પડે જ છે અને તેથી ઉપર કહ્યું એમ મુક્તિઅદ્વેષ અને ચરમાવર્ત બંનેનો પ્રારંભ યુગપદ્ થાય છે એવું આ બાબતો પરથી સ્પષ્ટ રીતે નિશ્ચિત થાય છે.

આ બધી વિચારણા પરથી આ સમજાય છે કે ભવાભિનંદીપણું, તીવ્રભવાભિષ્વંગ (=તીવ્રભોગેચ્છા=અબાધ્યભૌતિકઅપેક્ષા) અને મુક્તિદ્વેષ... આ બધું અચરમાવર્તમાં હોય છે અને જેવો ચરમાવર્ત શરૂ થાય છે એ જ ક્ષણથી આ બધું સ્વયં ખસી જાય છે, એમાં જીવના પુરુષાર્થની કે કોઈ પુણ્યવિશેષની અપેક્ષા હોતી નથી. વળી 'મુક્તિઅદ્વેષની હાજરીમાં મલન કે વિષાન્નતૃપ્તિસાદૃશ્ય હોતું નથી' એવું જે કહ્યું છે તેના પરથી એ પણ નિશ્ચિત થાય છે કે ચરમાવર્તમાં વિષાનુષ્ઠાન (ગરાનુષ્ઠાન) હોતું નથી. આ અંગેની વિશેષ વાતો આગળ જોઈશું. ॥૩॥ દિલમાં ધરાર મુક્તિદ્વેષ હોય એ જીવોને મુક્તિ કે મુક્તિના ઉપાયો પ્રત્યે અદ્વેષ કેવી રીતે થાય કે જે એને નવમા ગ્રૈવેયક સુધી પહોંચાડી શકે ? આવી સંભવિત શંકાનું સમાધાન આપવા માટે કહે છે-

ગાથાર્થ : વ્યાપન્નદર્શનવાળા દ્રવ્યલિંગીઓને લાભાદિના અર્થી હોવાથી ઉપાય અંગે અને અપ્રતિપત્તિ હોવાથી ફળ અંગે દ્વેષ જાગતો નથી.

ટીકાર્થ : [1]વ્યાપન્નદર્શનવાળા [2]દ્રવ્યલિંગીઓને ચારિત્રક્રિયાદિ [3]ઉપાયમાં લાભાદિની અર્થિતા હોવાથી જ દ્વેષ જાગતો નથી, કારણ કે રાગની સામગ્રીમાં દ્વેષને અવકાશ હોતો નથી. અને [4]મોક્ષરૂપ ફળમાં અપ્રતિપત્તિ=

द्वेषानवकाशात् । **फले च** मोक्षरूपेऽ**प्रतिपत्तित** एव **न द्वेषः** । न हि ते मोक्षं स्वर्गादिसुखाद् भिन्नं प्रतियन्ति

અજ્ઞાન હોવાથી જ દ્વેષ હોતો નથી. [૫]તે જીવો મોક્ષને સ્વર્ગાદિસુખ કરતાં ભિન્ન હોવો માનતા નથી કે જેમાં દ્વેષને અવકાશ રહે. અને સ્વર્ગાદિ સુખથી અભિન્ન તરીકે પ્રતીત થતા મોક્ષમાં તો તેઓને રાગ જ થાય છે. [૬]વસ્તુતઃ ભિન્ન તેની = મોક્ષની પ્રતીતિ હોય તો પણ પોતાના ઇષ્ટનો વિઘાત થવાની શંકાથી તેમાં=મોક્ષમાં દ્વેષ થતો નથી એ જાણવું.

વિવેચન : (૧) પૂર્વે વિચારી ગયા છીએ એમ વ્યાપન્નદર્શનવાળા જીવો તરીકે અહીં સમ્યક્ત્વભ્રષ્ટ જીવો લેવાના નથી, પણ અનાદિમિથ્યાત્વી જીવો લેવાના છે. (૨) સંયમવેશ- પાલન બધું હોવા છતાં આંતરિક પરિણતિમાં સંયમ નથી, અરે ! સમ્યક્ત્વ પણ નથી, માટે એ જીવો દ્રવ્યલિંગી છે. એના ઉપલક્ષણથી સંયમ ન પાળનારા, છતાં ભૌતિક અપેક્ષાથી નાની-મોટી કોઈપણ ધર્મક્રિયા કરનારા અહીં લેવાના છે.

(૩) ચારિત્ર ક્રિયા વગેરે મુક્તિના ઉપાયભૂત છે. મુક્તિના દ્વેષવાળો અચરમાવર્તવર્તી જીવ દેવલોકાદિનો પોતાને લાભ થાય એવો લાભાદિનો અર્થી બનેલો છે. વળી, 'આ દેવલોકાદિની પ્રાપ્તિ સંયમપાલનાદિથી થશે' એવી શ્રદ્ધા થયેલી છે. એટલે દેવલોકાદિ ઇષ્ટ છે ને ચારિત્રપાલનાદિ એની સામગ્રી છે. ઇષ્ટદેવલોકાદિ પ્રત્યે રાગ છે, તેથી એની સામગ્રી પણ પોતાને ઇષ્ટ જ બને છે. પછી એમાં દ્વેષ સંભવે નહીં, એ સ્પષ્ટ છે.

(૪) સંયમપાલનાદિનું મુખ્ય ફળ મોક્ષ છે. જેની જાણકારી ન હોય એ વસ્તુ પ્રત્યે રાગ કે દ્વેષ કશું જ થતું નથી. અચરમાવર્તમાં રહેલો જીવ મોક્ષને જ [૭]પિછાણતો નથી, પછી એનાપર દ્વેષ થવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

શંકા : વ્રતગ્રહણ-પાલન સુધી પહોંચેલાને શાસ્ત્રાદિ દ્વારા મોક્ષ અનુપમ સુખમય હોય છે. આવું શું જાણવા ન મળ્યું હોય ?

(૫) સમાધાન : મળ્યું હોય, પણ એ એવા મોક્ષને સ્વર્ગાદિમય જ માનતો હોય છે, અર્થાત્ વિષયસુખમય જ માનતો હોય છે. અને એ તો તેઓને અત્યંત ઇષ્ટ હોવાથી એમાં રાગ જ થાય છે, પછી દ્વેષને અવકાશ ક્યાં ?

શંકા : 'મોક્ષમાં શરીર, ઇન્દ્રિયો, વિષય કશું જ હોતું નથી' આવું પણ શાસ્ત્રાદિથી જાણ્યું જ હોય ને !

(૬) સમાધાન : હા, જાણ્યું પણ હોય. ને તેથી પોતાને જે વિષયસુખો જોઇએ છે એના કરતાં મોક્ષ જુદો છે એવી જાણકારી પણ છે જ. છતાં 'જો હું મોક્ષ પ્રત્યે દ્વેષ કરીશ તો નવમો ગ્રૈવેયક વગેરે જે મારું ઇષ્ટ છે તેનાથી હું વંચિત થઇ જઇશ' એવી શંકા પડવાથી એ ભારે તકેદારીપૂર્વક દ્વેષને ટાળે છે, ને તેથી મુક્તિઅદ્વેષ જળવાઇ રહે છે.

---

2. અહીં મોક્ષના જ્ઞાનનો=બોધનો જ અભાવ છે, માટે દ્વેષ નથી આવો પદાર્થ છે. એટલે શબ્દશઃ વિવેચનકાર પંડિતે પદાર્થોની સંકલનામાં *પ્રથમ પ્રકારના જીવોને 'મોક્ષ નથી' તેવો બોધ હોવાને કારણે મોક્ષ પ્રત્યે દ્વેષ થતો નથી* એમ જે જણાવ્યું છે તે ગલત જાણવું. 'મોક્ષ નથી' આવો બોધ એ મિથ્યાજ્ઞાન કહેવાય, જ્ઞાનનો અભાવ નહીં.. આટલો ભેદ પણ પકડી ન શકાય ? વળી, અભાવના બોધ માટે પ્રતિયોગીનું જ્ઞાન જોઈએ જ. મોક્ષને જે જાણતો જ નથી એ 'મોક્ષ નથી' એવો બોધ પણ શી રીતે કરી શકે ? અને મોક્ષને જો એ જાણે જ છે, તો એને દ્વેષ પણ સંભવશે જ.

यत्र द्वेषावकाशः स्यात् । स्वर्गादिसुखाभिन्नत्वेन प्रतीयमाने तु तत्र तेषां राग एव । वस्तुतो भिन्नस्य तस्य प्रतीतावपि स्वेष्टविघातशङ्कया तत्र द्वेषो न स्यादिति द्रष्टव्यम् ।। ४।।

मुक्तौ च मुक्त्युपाये च मुक्त्यर्थं प्रस्थिते पुनः ।
यस्य द्वेषो न तस्यैव न्याय्यं गुर्वादिपूजनम् ।। ५।।

मुक्तौ चेति । स्पष्टः ।। ५।।

शंका : કાળક્રમે સહજ અલ્પમલત્વ થવાના કારણે પ્રગટેલો મુક્તિઅદ્વેષ પ્રધાનપૂર્વસેવારૂપ છે, એના કરતાં પુરુષાર્થથી વિકસાવેલા આ મુક્તિઅદ્વેષમાં એવો શું ફરક છે કે એ પૂર્વસેવારૂપ બનતો નથી ?

સમાધાન : મોક્ષ અંગેના પાંચ સમવાયીકારણમાં જે ભાગ જે કારણે ભજવવાનો હોય, એ ભાગ એ કારણથી ભજવાયેલો હોય તો જ મોક્ષને અનુકૂળ બને છે, અન્યથા નહીં. જેમ કે વિષય-કષાયોની મંદતા પુરુષાર્થથી સાધવાની હોય છે. તો જ એ મોક્ષમાર્ગ પર જીવને આગળ વધારી શકે છે. એમ તો એકેન્દ્રિય જીવોને વિષય-કષાય ખૂબ જ મંદ-અવ્યક્ત થઇ ગયેલા હોય છે. પણ એ મંદતા, એકેન્દ્રિય જાતિનામકર્મના ઉદયથી ચૈતન્ય અતિઅતિ આવરાઈ ગયું હોવાના કારણે થયેલી હોવાથી કર્મકૃત હોય છે, જીવના પુરુષાર્થકૃત નહીં. માટે મોક્ષના પરિપ્રેક્ષ્યમાં એનું કશું મહત્ત્વ રહેતું નથી. એમ યુગલિયાઓને પણ વિષય-કષાયની ઘણી મંદતા હોય છે, પણ એ ક્ષેત્રકૃત કે કાળકૃત હોવાથી મોક્ષને અનુકૂળ હોતી નથી.

શંકા : અચરમાવર્તવર્તી જીવ નવમા ગ્રૈવેયકમાં જવા માટે વિષય-કષાયની જે મંદતા કરે છે, એ તો પુરુષાર્થકૃત જ હોય છે ને !

સમાધાન : પુરુષાર્થ પણ ક્રમશઃ યથોચિત જોઈએ. એટલે સમ્યક્ત્વોચિત પુરુષાર્થથી સમ્યક્ત્વ પામ્યા પછી ચારિત્રોચિત વિષય-કષાયની મંદતા પુરુષાર્થકૃત હોય તો મોક્ષને અનુકૂળ બને છે, એ પૂર્વે નહીં. અથવા પાંચ સમવાયિકારણોમાં કાળ પછી કર્મ ને કર્મ પછી પુરુષાર્થ આ ક્રમ છે. એટલે કાળ જીવને ચરમાવર્તમાં પ્રવેશાવે (એનો જ અર્થ કે સહજઅલ્પમલત્વ કરીને મુક્તિઅદ્વેષ પ્રગટાવે) એ પછીનો પુરુષાર્થ જ મોક્ષને અનુકૂળ બને છે, એ પૂર્વેનો નહીં. અચરમાવર્તવર્તી જીવનો વિષય-કષાયને મોળા પાડવાનો પુરુષાર્થ એ પૂર્વેનો છે, માટે એ પુરુષાર્થજન્ય મંદતા મોક્ષને અનુકૂળ બનતી નથી.

એટલે નક્કી થયું કે વિષય-કષાયની મંદતા ઉચિત પુરુષાર્થજન્ય હોય તો જ મોક્ષને અનુકૂળ, એ સિવાય કર્મ-ક્ષેત્રાદિજન્ય હોય તો નહીં. એમ મુક્તિઅદ્વેષ કાળજન્ય હોય તો જ મોક્ષને અનુકૂળ છે, એ સિવાય નહીં. એટલે, અચરમાવર્તવર્તી જીવોએ પુરુષાર્થથી સાધેલો મુક્તિઅદ્વેષ મોક્ષને અનુકૂળ બનતો નથી, અર્થાત્ યોગની પૂર્વસેવારૂપ બનતો નથી, ને તેથી જ એ મુક્તિના ઉપાયોનું મલન અટકાવી શકતો નથી. ॥૪॥ ('મુક્તિઅદ્વેષ ન હોય તો સંયમપાલનાદિથી મુક્તિઉપાયનું મલન થાય છે' વગેરેરૂપે નિષેધમુખે મુક્તિઅદ્વેષનું પ્રાધાન્ય જણાવ્યું, હવે વિધિમુખે એ પ્રાધાન્ય જણાવવા કહે છે -)

ગાથાર્થ : જે જીવને મુક્તિ પર, મુક્તિના ઉપાય પર અને મુક્તિમાર્ગ પર પ્રસ્થિત થયેલા યોગીઓ ઉપર દ્વેષ નથી, તે જીવોનું ગુર્વાદિપૂજન જ [1]ન્યાય્ય હોય છે.

ટીકાર્થ : ગાથાનો અર્થ સ્પષ્ટ છે.

गुरुदोषवतः स्वल्पा सत्क्रियापि गुणाय न ।
भौतहन्तुर्यथा तस्य पादस्पर्शनिषेधनम् ।। ६ ।।

गुर्विति । **गुरुदोषवतः** = अधिकदोषवतः **स्वल्पा** = स्तोका **सत्क्रियाऽपि** = सच्चेष्टाऽपि **गुणाय न** भवति । **यथा भौतहन्तुः** = भस्मव्रतिघातकस्य **तस्य** = भौतस्य पादस्पर्शनस्य = चरणसङ्घट्टनस्य निषेधनं **(=पादस्पर्शनिषेधनम्)** । कस्यचित् खलु शबरस्य कुतोऽपि प्रस्तावात् 'तपोधनानां पादेन स्पर्शनं महतेऽनर्थाय सम्पद्यत' इति श्रुतधर्मशास्त्रस्य कदाचिन्मयूरपिच्छैः प्रयोजनमजायत । यदाऽसौ निपुणमन्वेषमाणो न लेभे, तदा श्रुतमनेन त(?य)था भौतसाधुसमीपे तानि सन्ति, ययाचिरे च तानि तेन तेभ्यः, परं न किञ्चिल्लेभे । ततोऽसौ शस्त्रव्यापारपूर्वकं तान्निगृह्य जग्राह तानि, पादेन स्पर्शं च परिहृतवान् । यथाऽस्य पादस्पर्शपरिहारो गुणोऽपि शस्त्रव्यापारेणोपहतत्वान्न गुणः, किन्तु दोष एव । एवं मुक्तिद्वेषिणां गुरुदेवादिपूजनं योजनीयम् ।। ६ ।।

विवेचन : જ્યારે મુક્તિઅદ્વેષને પ્રધાન પૂર્વસેવા રૂપે જણાવાઇ રહ્યો હોય ત્યારે એ કાળકૃત મુક્તિઅદ્વેષ જ જાણવો, અચરમાવર્તવર્તી જીવોએ પુરુષાર્થથી સાધેલો મુક્તિઅદ્વેષ નહીં.

(૧) ન્યાય્ય છે=ઉચિત છે=પૂર્વસેવારૂપ બને છે એવો અર્થ જાણવો. એટલે કે મુક્તિઅદ્વેષ હોય તો ગુર્વાદિપૂજન પૂર્વસેવારૂપ બને છે, એ વિના નહીં, આવો નિયમ છે. પણ, ગુર્વાદિપૂજન હોય તો મુક્તિઅદ્વેષ પૂર્વસેવારૂપ બને, એ વિના નહીં, આવો નિયમ નથી. માટે મુક્તિઅદ્વેષ પ્રધાન છે. **॥૫॥ (शंका :** પૂર્વસેવાના અંગોમાંથી જે જીવ તપ નથી કરતો, એને તપનો ભલે લાભ ન મળે, એ ગુર્વાદિપૂજન કરતો હોય તો એનો તો એને લાભ મળે જ છે. એમ, મુક્તિદ્વેષવાળા જીવને મુક્તિઅદ્વેષ અંગનો લાભ ભલે ન મળે, ગુર્વાદિપૂજન અંગનો લાભ તો મળવો જ જોઇએ ને ? આવી શંકાના સમાધાન માટે કહે છે -)

गाथार्थ : ગુરુદોષવાળા જીવની સત્ક્રિયા પણ લાભ માટે થતી નથી, કારણ કે સ્વલ્પ હોય છે. જેમ કે ભૌતસાધુને હણનારાનો તેને ચરણસ્પર્શનો નિષેધ.

टीकार्थ : ગુરુદોષવાળા=અધિકદોષવાળા જીવની સત્ક્રિયા=સચ્ચેષ્ટા પણ સ્વલ્પ=ઓછી હોવાથી લાભ માટે થતી નથી. જેમકે ભૌત=ભસ્મવ્રતવાળા સાધુના ઘાતકનો તે ભૌતસાધુને ચરણનો સ્પર્શ=સંઘટ્ટો કરવાનો નિષેધ. આશય એ છે કે કોઈક ભીલે કોઈક પ્રસંગે ધર્મશાસ્ત્રમાં સાંભળ્યું કે તપોધન સાધુઓને આપણો પગ લાગી જાય તો મોટો અનર્થ થાય છે. એ ભીલને ક્યારેક મોરપીંછની જરૂર પડી. ઘણી શોધ કરવા છતાં જ્યારે ન મળ્યા ત્યારે એના સાંભળવામાં આવ્યું કે ભૌતસાધુ પાસે મોરપીંછ હોય છે. એટલે તેણે ભૌતસાધુઓ પાસે એ માગ્યા. પણ તેઓએ ન આપવાથી કાંઈ મળ્યા નહીં. પછી એણે શસ્ત્રનો ઉપયોગ કરીને સાધુઓનો નિગ્રહ કરીને મોરપીંછ લઈ લીધા. પણ એ શસ્ત્રપ્રહાર કરવામાં મારો પગ ક્યાંય એમને લાગી ન જાય એવી કાળજી લીધી. આ કાળજી આમ તો ગુણરૂપ છે, પણ શસ્ત્રપ્રહારરૂપ મોટા દોષથી હણાયેલી હોવાથી ગુણરૂપ ન રહેતાં દોષરૂપ જ બને છે, એમ મુક્તિનો દ્વેષ ધરાવનાર જીવોને ગુરુદેવાદિ પૂજન માટે જાણવું.

मुक्त्यद्वेषान्महापापनिवृत्त्या यादृशो गुणः ।
गुर्वादिपूजनात्तादृक् केवलान्न भवेत्क्वचित् ।।७।।

मुक्त्यद्वेषादिति । स्पष्टः ।। ७।।

विवेचन : (१) અહીં સ્વલ્પત્વ જે કહ્યું છે, તે માત્રાની અપેક્ષાએ નહીં, નહીંતર તો નિરતિચાર સંયમપાલન તો ઘણી જ વિશિષ્ટ સચ્ચેષ્ટારૂપ હોવાથી મુક્તિદ્વેષવાળા જીવને પણ ગુણકર બનતું માનવું પડે. વળી એવો અર્થ લેવામાં 'પણ' શબ્દ જે વાપર્યો છે, તે અસંગત ઠરી જાય છે. 'ઘણી સક્રિયા શું ? અલ્પ સક્રિયા પણ લાભકર્તા બનતી નથી' આવું કહેવું શું સંગત છે ? આવો મતલબ હોય ત્યારે તો 'અલ્પ સક્રિયા શું ? ઘણી સક્રિયા પણ લાભકર્તા બનતી નથી' એવું કહેવું ઉચિત ઠરે.

પણ, એ સ્વલ્પત્વ પ્રકારની અપેક્ષાએ છે. આશય એ છે કે શસ્ત્રપ્રહારથી હણી નાખવા એ એટલી બધી ભયંકર આશાતના છે કે જેની આગળ પગ લાગી ન જાય એવો આશાતના પરિહાર ભલે ને એકવાર નહીં, એકસો એક વાર કર્યો હોય, તો પણ કાંઇ વિસાતમાં નથી. અથવા, કુલટા સ્ત્રી પરપુરુષ ગમન કરે એ એનો એવો દોષ છે કે પછી એ સ્વપતિની ગમે એટલી ભક્તિ કરે તો પણ એની કશી કિંમત નહીં, એ અકિંચિત્કર બની રહે છે. એમ મુક્તિદ્વેષ એ એવો દોષ છે કે પછી એ જીવ ગુર્વાદિપૂજન કરે કે નિરતિચાર સંયમ પાળે, એની કશી કિંમત રહેતી નથી. આમ, સ્વલ્પા એવું સક્રિયાનું જે વિશેષણ છે, એ સ્વરૂપદર્શક અને હેતુદર્શક સમજવાનું છે, વ્યવચ્છેદક નહીં. મુક્તિદ્વેષ દોષની તુલનામાં બધી જ સક્રિયાઓ સ્વલ્પ જ છે. ગુરુપૂજનાદિ અમુક સ્વલ્પ છે ને નિરતિચાર સંયમપાલનાદિ અમુક સ્વલ્પ નથી-એવું નથી, કારણ કે બધાની અપેક્ષાએ મુક્તિદ્વેષ એ અતિતીવ્ર ગુરુદોષ છે. આમ સ્વલ્પત્વ એ સક્રિયાનું વ્યવચ્છેદક નહીં, પણ સ્વરૂપદર્શક વિશેષણ બન્યું. વળી, સક્રિયા પણ કેમ લાભકર્તા બનતી નથી ? એમાં આ સ્વલ્પત્વ હેતુ પણ જણાવે છે. તે આ રીતે- અતિ ગુરુદોષરૂપ મુક્તિદ્વેષની આગળ ઠેઠ નિરતિચાર સંયમપાલનાદિ સુધીની કોઈપણ સક્રિયા સુઅલ્પ=અતિઅલ્પ=નહીવત્ છે, માટે લાભકર્તા બનતી નથી. આમ સ્વલ્પત્વ એ હેતુદર્શક વિશેષણ પણ છે. અને 'પણ' શબ્દ જે છે, એ એવું સૂચવશે કે 'અસક્રિયા તો નહીં જ, સક્રિયા પણ લાભકર્તા નીવડતી નથી.'

તથા, એક વિશેષનો નિષેધ બીજા વિશેષના વિધાનમાં ફલિત થાય છે, એ ન્યાયે, જીવના બે વિશેષ (=પ્રકાર)માંથી મુક્તિદ્વેષરૂપ ગુરુદોષવાળા જીવાત્મક એક વિશેષ (પ્રકાર) માટે એની સક્રિયા પણ લાભકર્તા બનતી નથી આવો જે નિષેધ કર્યો છે, તે બીજા મુક્તિદ્વેષ વિનાના જીવાત્મક વિશેષ માટે વિધાનને જણાવે છે- એટલે કે મુક્તિદ્વેષ વિનાના જીવની બધી સક્રિયા લાભકર્તા નીવડે છે. ॥૬॥ (હવે ફળની અપેક્ષાએ મુક્તિઅદ્વેષની પ્રધાનતા સ્થાપે છે-)

ગાથાર્થ : મુક્તિઅદ્વેષથી મુક્તિદ્વેષરૂપ મહાપાપની નિવૃત્તિ થવાના કારણે જીવને [1]જેવો લાભ થાય છે તેવો લાભ કેવલ ગુરુપૂજનાદિથી ક્યારેય થતો નથી.

ટીકાર્થ : ગાથાનો અર્થ સ્પષ્ટ છે.

વિવેચન : (૧) મુક્તિઉપાયોનું મલન ન થવું, સક્રિયાઓમાં વિષાન્નતૃપ્તિસાદૃશ્ય, વિપાકવિરસત્વ, અહિતકરત્વ વગેરે ન આવવા અને તેથી સક્રિયાઓ યોગની પૂર્વસેવારૂપ બનવી... આ બધું અહીં લાભ તરીકે અભિપ્રેત છે. ॥૭॥

एकमेव ह्यनुष्ठानं कर्तृभेदेन भिद्यते ।
सरुजेतरभेदेन भोजनादिगतं यथा ।।८।।

एकमेवेति । **एकमेव ह्यनुष्ठानं** देवतापूजनादि **कर्तृभेदेन** = चरमाचरमावर्तगतजन्तुकर्तृकतया **भिद्यते** = विशिष्यते । सरुजेतरयोः सरोग-नीरोगयोः भोक्त्रोर्भेदेन (=**सरुतेजरभेदेन**) । **भोजनादिगतं** = भोजन-पान-

---

(**शंका** : मुक्तिअद्वेषवाळो जीव जे रीते गुरुपूजनादि करे छे, ठिट्टो એ જ રીતે સંપૂર્ણ વિધિ વગેરે જાળવીને મુક્તિદ્વેષવાળો જીવ કરે છે. તો બંનેનું અનુષ્ઠાન એક સરખું જ છે, પછી પ્રથમ માટે યોગની પૂર્વસેવારૂપ અને બીજા માટે નહીં, આવો ભેદ શા માટે ? આવી શંકાનું સમાધાન આપે છે-)

ગાથાર્થ : એક જ અનુષ્ઠાન કર્તાના ભેદે બદલાઇ જાય છે. જેમ કે રોગી-નીરોગીએ કરેલ ભોજનસંબંધી અનુષ્ઠાન=ક્રિયા.

ટીકાર્થ : દેવતાપૂજનાદિરૂપ એકનું એક અનુષ્ઠાન, કર્તાના ભેદે=ચરમાવર્તવર્તી કર્તા અને અચરમાવર્તવર્તી કર્તા.. જીવરૂપ કર્તાના આવા ફરકથી બદલાઈ જાય છે. જેમ કે ભોક્તાના ભેદથી ભોજનાદિસંબંધી=ભોજન-પાન-શયનાદિ અંગેની ક્રિયા. (આ ક્રિયા કઈ રીતે બદલાઈ જાય છે ?) કારણ કે (એની એ જ ભાસતી પણ આ ભોજનાદિગત ક્રિયા) એકને રોગ વધારનાર બને છે જ્યારે બીજાને બળ વધારનાર બને છે. **શંકા** : આ તો સહકારીભેદ જ છે, વસ્તુભેદ નહીં. **સમાધાન** : ના, ઇતરસહકારીથી સમવહિતત્વેન ફળવ્યાપ્યતા માનવાની અપેક્ષાએ તદવચ્છેદક કારણભેદની કલ્પના કરવી જ ઉચિત છે, કારણ કે તેવો જ અનુભવ થાય છે. આ વાતનો સ્યાદ્વાદકલ્પલતામાં વિસ્તાર કરેલો છે.

વિવેચન : કર્તાભેદે અનુષ્ઠાનભેદ કહેવો છે. અને કર્તાભેદ આશય વગેરેના ભેદે ન કહેતાં કાળભેદે કહ્યો છે. એનો અર્થ સ્પષ્ટ છે કે અચરમાવર્ત અને ચરમાવર્ત... આ કાળભેદ થાય એટલે કર્તાભેદ થઈ જ જાય.. અને કર્તાભેદ થાય એટલે અનુષ્ઠાનભેદ પણ થઈ જ જાય. અર્થાત્ જીવ ચરમાવર્તમાં આવે એટલે એનું અનુષ્ઠાન બદલાઈ જ જાય, અને તેથી અત્યારસુધી એ પૂર્વસેવારૂપ બનતું નહોતું, હવે વિના કોઈ વિશેષ અપેક્ષા, પૂર્વસેવારૂપ બનવા જ માંડ્યું. [3]એટલે કે ચરમાવર્તમાં જીવનું દરેક ધર્માનુષ્ઠાન (પછી ભલે ને એમાં ભૌતિક અપેક્ષા કે અવિધિ વગેરે ભળેલા હોય) પૂર્વસેવારૂપ બને જ છે.

---

3. શબ્દશઃ વિવેચનકારે ભાવાર્થમાં- *ચરમાવર્તવાળા પણ બધા જીવો મુક્તિના અદ્વેષવાળા નથી.. અચરમાવર્તવાળા જીવો પ્રાયઃ મુક્તિઅદ્વેષવાળા નથી.. ચરમાવર્તવાળા જીવો પ્રાયઃ મુક્તિઅદ્વેષવાળા છે..* આવું બધું જે લખ્યું છે તે ગલત જાણવું. જે પ્રધાનપૂર્વસેવારૂપ છે તે મુક્તિઅદ્વેષ પ્રસ્તુત છે. અને એ મુક્તિઅદ્વેષ ચરમાવર્તવર્તી બધા જ જીવોને નિયમા હોય જ અને અચરમાવર્તવર્તી જીવો ને નિયમા ન જ હોય. આવું માનીએ તો જ ચરમાવર્ત-અચરમાવર્તભેદે કર્તાભેદ જે કહ્યો તે સંગત ઠરે. નહીંતર તો એ પંડિતે પ્રાયઃ શબ્દથી અચરમાવર્તવાળા જે જીવોની બાદબાકી ચાહી છે એ જીવોને ચરમાવર્તવાળા જીવો જેવા કર્તા છે એમાં સમાવિષ્ટ કરવા પડવાથી એમના અનુષ્ઠાનને લાભકર્તા માનવા પડશે, શું આ માન્ય છે ? એમ એ પંડિતે પ્રાયઃ શબ્દથી ચરમાવર્તવાળા જે જીવોની બાદબાકી ચાહી છે એ જીવોને અચરમાવર્તવર્તી જીવો જેવા માનવા પડવાથી એમના અનુષ્ઠાનને અહિતકર માનવા પડશે, જે ઉચિત નથી. કારણ કે તો પછી ચરમાવર્તમાં આવવા છતાં કર્તાભેદ અને અનુષ્ઠાનભેદ ન થવાથી ચરમ-અચરમઆવર્તકૃત ભેદ અહીં ગ્રન્થકારે જે કહ્યો છે તે અસંગત થઈ જાય છે.

शयनादिगतं **यथा**ऽनुष्ठानं, एकस्य रोगवृद्धिहेतुत्वात्, अन्यस्य बलोपचायकत्वादिति । 'सहकारिभेद एवायं

शंका : અહીં ભલે ચરમ-અચરમઆવર્તના ભેદે કર્તાભેદ કહ્યો છે. પણ આગળની ગાથાઓમાં ભવાભિષ્વંગ વગેરેરૂપ આશયભેદે કર્તાભેદ કહીને અનુષ્ઠાનભેદ કહેવાના જ છે. એટલે ચરમાવર્તવર્તી પણ જે જીવ વિષયાભિલાષાથી અનુષ્ઠાન કરે એ વિષ-ગરરૂપ બનવાથી પૂર્વસેવારૂપ નહીં જ બને...

સમાધાન : એ આશયભેદમાં પણ મુખ્યતયા કાળભેદ જ પ્રયોજક છે એ આગળ વિચારીશું. નહીંતર તો અહીં જ ગ્રન્થકાર આશયભેદે જ કર્તાભેદ કહી અનુષ્ઠાનભેદ કહેત, વચ્ચે કાળભેદ લાવત જ નહીં. અને ચરમાવર્તમાં વિષ-ગર સંભવિત નથી એ વાત આપણે પૂર્વે જોઇ ગયા છીએ અને આગળ પણ જોઇશું.

શંકા : રોગીને પણ પથ્યભોજન તો લાભકર્તા નીવડે છે. એમ અચરમાવર્તવર્તી જીવને પણ કોઈક અનુષ્ઠાન તો લાભકર્તા નીવડે ને ?

સમાધાન : દૃષ્ટાન્ત જેટલા અંશે અભિપ્રેત હોય એટલા અંશે જ લેવાનું હોય છે, સર્વાંશે નહીં, નહીંતર આલ્લાદકતા વગેરે માટે આપેલું ચન્દ્રમાનું દૃષ્ટાન્ત પ્રીતિના બદલે ઝગડાનું કારણ બની જાય, કારણ કે મને કલંકિત કહો છો એવો પણ પછી અર્થ થઈ શકશે. પ્રસ્તુતમાં રોગીને રોગવર્ધક હોય ને નીરોગીને બળવર્ધક હોય એવા જ ભોજનને દૃષ્ટાન્ત તરીકે લેવાનું છે. માટે તમારી શંકા બરાબર નથી.

શંકા : એકનું એક કારણ અનેક કાર્ય કરી શકે છે. જેવો સહકારી એવું કાર્ય. જેમ કે દંડ. કુંભારનો સહકાર મળે તો ઘટોત્પત્તિ કરે અને તોફાની છોકરાનો સહકાર મળે તો ઘટનાશ કરે. પણ એટલા માત્રથી દંડ કાંઈ બદલાઈ જતો નથી, એ તો એનો એ જ છે. એમ, અચરમાવર્તવર્તી જીવ કર્તા તરીકે હોય તો ધર્માનુષ્ઠાન અહિતકર ઠરે છે, ને ચરમાવર્તવર્તી જીવ કર્તા તરીકે હોય તો એ હિતકર ઠરે છે. આમાં અનુષ્ઠાન બદલાઈ ગયું એવું માનવાની કાંઈ જરૂર નથી. અનુષ્ઠાન તો એ જ, માત્ર સહકારીભેદે ફળભેદ થાય છે. તેથી કર્તાભેદે અનુષ્ઠાનભેદ કહેવો યોગ્ય નથી, એટલે કે કર્તા અચરમાવર્તવર્તી કે ચરમાવર્તવર્તી હોય, ફળ ભલે બદલાઈ જાય, અનુષ્ઠાન બદલાતું નથી.

સમાધાન : ઇતરસહકારીથી સમવહિત હોવારૂપે કારણને ફળ(કાર્ય)વ્યાપ્ય માનવું એની અપેક્ષાએ તેના=વ્યાપ્યતાના અવચ્છેદકભેદે કારણભેદ માનવો એ ઉચિત છે. આશય એ છે કે જ્યાં જ્યાં દંડ (કારણ) ત્યાં ત્યાં ઘટ (=કાર્ય=ઘટોત્પત્તિ) આવી વ્યાપ્તિ બનાવવી છે. પણ જ્યારે કુંભાર-ચાકડો વગેરે ઇતરસહકારી કારણો હાજર હોતાં નથી, ત્યારે માત્ર દંડથી કાંઈ ઘટોત્પત્તિ થતી નથી, એટલે વ્યભિચાર સ્પષ્ટ છે. એનું વારણ કરવા માટે પૂર્વપક્ષી એમ કહી રહ્યો છે કે જ્યાં જ્યાં ચક્રાદિઇતરસહકારી સમવહિતદંડ (એટલે કે ચક્રાદિ અન્ય સર્વસામગ્રીથી યુક્ત દંડ) ત્યાં ત્યાં ઘટોત્પત્તિ આમ વ્યાપ્ય- વ્યાપકભાવ માનવાનો છે. આમાં દંડ વ્યાપ્ય બને છે, એમાં વ્યાપ્યતા આવે છે. આ વ્યાપ્યતા માત્ર દંડરૂપે (માત્ર દંડત્વેન) માનવામાં પૂર્વે કહેલો વ્યભિચાર આવે છે. એટલે દંડમાં રહેલા બીજા ઇતરસહકારી સમવહિતત્વ નામના ધર્મને પણ ભેગો લેવો પડે છે. અર્થાત્ દંડ, ઇતરસહકારીસમવહિત હોવા રૂપે વ્યાપ્ય છે (=સમવહિતત્વેન વ્યાપ્ય છે.) ગ્રન્થકારનું કહેવું એવું છે કે દંડની બે પેટા જાતિઓ માનવી જોઈએ. ઇતર સહકારી સમવહિત દંડમાં 'અ' જાતિ માનીએ અને એ સિવાયના દંડમાં બ જાતિ માનીએ. તો જ્યાં જ્યાં અ જાતિવાળો દંડ, ત્યાં ત્યાં ઘટોત્પત્તિ.. આમ વ્યાપ્ય-વ્યાપકભાવ કહી શકાય છે. આમાં કોઈ વ્યભિચાર રહેતો નથી.

न तु वस्तुभेद' इति चेत् ? न, इतरसहकारिसमवहितत्वेन फलव्याप्यताऽपेक्षया तदवच्छेदककारणभेदस्यैव कल्पनौचित्यात्, तथैवानुभवादिति **कल्पलतायां** विपञ्चितत्वात् ।। ८।।

भवाभिष्वङ्गतस्तेनानाभोगाच्च विषादिषु ।
अनुष्ठानत्रयं मिथ्या द्वयं सत्यं विपर्ययात् ।। ९।।

भवेति । **तेन** कर्तृभेदादनुष्ठानभेदेन भेदनं **भवाभिष्वङ्गतः** = संसारसुखाभिलाषात् (**अनाभोगात्**=) अनाभोगतः सम्मूर्छनजप्रवृत्तितुल्यतया **च विषादिष्वनुष्ठानेषु** मध्येऽ**नुष्ठानत्रय**मादिमं **मिथ्या**=निष्फलम् । द्वयमुत्तरं च **सत्यं** = सफलं, **विपर्ययात्** = भवाभिष्वङ्गानाभोगाभावात् ।। ९।।

વળી, ઇતરસામગ્રીમાં ચક્ર, ચીવર, કુંભાર, પિંડ.... વગેરે ઢગલાબંધ વસ્તુઓ છે. આ બધાનું જે સમવહિતત્વ.. એ ધર્મની અપેક્ષાએ 'અ' નામની એક સ્વતંત્રજાતિ એ ઘણો જ લાઘવયુક્ત ધર્મ છે. (એમાં શરીરકૃત લાઘવ છે.). માટે એની કલ્પના કરવામાં ઔચિત્ય છે.

શંકા : પણ નવી પેટાજાતિ માનવાનું ગૌરવ હોવાથી આ કલ્પના ઉચિત નથી.

સમાધાન : ફળોપધાયક કારણ ફળ-અનુપધાયક કારણ કરતાં અલગ તરી આવતું હોય એવો અનુભવ હોવાથી આ કલ્પના ઉચિત છે જ.

પ્રસ્તુતમાં, અનુષ્ઠાન તો એનું એ જ, એમાં કોઈ ભેદ નહીં, પણ ચરમાવર્તવર્તી કર્તાનું સમવધાન હોય તો પથ્યાન્નતૃપ્તિસદૃશફળ મળે છે અને એના બદલે અચરમાવર્તવર્તી કર્તાનું સમવધાન હોય તો વિષાન્નતૃપ્તિસદૃશ ફળ મળે છે. અર્થાત્ યોગની પૂર્વસેવા બનવા- ન બનવારૂપ ફળભેદ થાય છે' આવું માનવા કરતાં ગ્રન્થકાર કહે છે કે અચરમાવર્તવર્તી જીવરૂપ કર્તા જે ધર્માનુષ્ઠાન કરે છે એના કરતાં ચરમાવર્તવર્તી જીવરૂપ કર્તા જે ધર્માનુષ્ઠાન કરે છે, તે બાહ્યદૃષ્ટિએ બિલકુલ એકસમાન દેખાતું હોવા છતાં આંતરિક દૃષ્ટિએ સર્વથા ભિન્ન પ્રકારનું જ હોય છે. પ્રથમનું એ વિષ-ગર અનુષ્ઠાન બને છે, જ્યારે બીજાનું એ તદ્ધેતુ અનુષ્ઠાન બને છે. આમ અનુષ્ઠાન જ અલગ-અલગ પ્રકારનું માનવાની કલ્પના ઉચિત છે, કારણકે એવો જ અનુભવ થાય છે. આ વાતનો વધુ વિસ્તાર ગ્રન્થકારે કલ્પલતામાં કર્યો છે. ॥૮॥ કર્તાભેદે અનુષ્ઠાનભેદ કહ્યો. એમાં અનુષ્ઠાનના પાંચ ભેદ કહેવાના છે. એમાંથી કયા મિથ્યા છે અને કયા સત્ય ? એ સૌ પ્રથમ જણાવે છે-

ગાથાર્થ : તેથી વિષાદિ પાંચ અનુષ્ઠાનોમાં ભવાભિષ્વંગના કારણે અને અનાભોગના કારણે પ્રથમ ત્રણ અનુષ્ઠાન મિથ્યા છે, અને છેલ્લા બે વિપર્યયના કારણે સત્ય છે.

ટીકાર્થ : [1]તેથી=કર્તાભેદે અનુષ્ઠાનભેદ હોવાથી [2]ભવાભિષ્વંગના કારણે=સંસારસુખની અભિલાષાના કારણે અને અનાભોગના કારણે = સંમૂર્ચ્છિમની પ્રવૃત્તિની તુલ્યતા હોવાના કારણે વિષાદિ પાંચ અનુષ્ઠાનમાં પ્રથમ ત્રણ મિથ્યા છે = નિષ્ફળ છે. અને છેલ્લા બે સત્ય છે = સફળ છે, કારણ કે એમાં વિપર્યય છે = ભવાભિષ્વંગ અને અનાભોગનો અભાવ છે.

વિવેચન : (૧) તેન માં રહેલા તદ્ સર્વનામથી ગ્રન્થકારે પૂર્વગાથામાં કાળભેદપ્રયુક્ત કર્તાભેદે થતા અનુષ્ઠાનભેદનો પરામર્શ કર્યો છે એ સૂચવે છે કે અનુષ્ઠાનના વિષાદિ ભેદોમાં પણ એ હકીકતને અનુસરવાની છે.

(૨) ચોથા તદ્ધેતુઅનુષ્ઠાનમાં ભવાભિષ્વંગનો અભાવ કહ્યો છે. વળી એમાં પણ ભૌતિક અપેક્ષા=સંસારસુખની અભિલાષા તો હોય જ છે. પણ એ બાધ્ય હોવાથી અનુષ્ઠાન વિષ-ગર ન બનતાં તદ્ધેતુ બને છે. એટલે સમજાય છે કે અબાધ્ય ફળાપેક્ષા જ ભવાભિષ્વંગ તરીકે અભિપ્રેત છે. ચરમાવર્તમાં પ્રાયઃ તદ્ધેતુ અનુષ્ઠાન જ હોય છે. પ્રાયઃ શબ્દ ક્યારેક અનનુષ્ઠાનની ને ક્યારેક અમૃતઅનુષ્ઠાનની સંભાવના દર્શાવે છે, પણ વિષ-ગરની નહીં, આ વાત પૂર્વે જોઈ ગયા છીએ અને આગળ પણ જોઈશું. એટલે એ પણ નિશ્ચિત થાય છે કે ચરમાવર્તમાં ગમે તેવી તીવ્ર ભોગેચ્છા હોય તો પણ એ બાધ્ય જ હોય છે, અબાધ્ય નહીં.. આ જ કારણ છે કે સંભૂતિમુનિને ઘણું સમજાવવા છતાં ચક્રવર્તી બનવાની ઇચ્છા છોડતા નથી, તો પણ ચિત્રમુનિએ એમની આ ભૌતિક ઇચ્છાને બાધ્યકક્ષાની જ માની છે, અબાધ્ય કક્ષાની નહીં, એટલે કે ભવાભિષ્વંગરૂપ માની નથી.

પ્રશ્ન : તમે આવું શાના આધારે કહો છો ?

ઉત્તર : ચિત્રમુનિ અગિયાર અંગના ધારક ગીતાર્થ મહાત્મા છે. તેઓ અનુષ્ઠાનના ત્યાજ્ય અત્યાજ્ય ભેદો ન જાણતા હોય આવું માનવું એ તો જાતના અભિમાન સિવાય બીજું કશું નથી. જો સંભૂતિમુનિની ઇચ્છાને એમણે અબાધ્યકક્ષાની = ભવાભિષ્વંગરૂપ જાણી હોત, તો તો તેઓએ એમના અનશનરૂપ અનુષ્ઠાનને વિષ-ગરરૂપે ત્યાજ્ય જાણ્યું જ હોત, ને તો તો તેઓએ છેવટે એમને આ અનશનરૂપ અનુષ્ઠાન છોડી દેવા પણ કહ્યું જ હોત. પણ એ કહ્યું નથી. માત્ર ઇચ્છા જ છોડવાની વાત અનેક રીતે સમજાવી છે.

પ્રશ્ન : પણ, સંભૂતિમુનિ પછીથી ચક્રવર્તી થઈને છેવટે સાતમી નરકમાં ગયા છે. શું એ જ ન સૂચવે કે વિષાન્નતૃપ્તિસાદૃશ્ય હતું જ, ને તેથી એમનું અનુષ્ઠાન ગરઅનુષ્ઠાન હોવાથી ભવાભિષ્વંગ હતો જ ?

ઉત્તર : વિષમિશ્રિતભોજનમાંથી વિષ ટાળી ન શકાય તો છેવટે ભોજન પણ છોડવાનું જ હોય. કરુણાશીલ વ્યક્તિ એ છોડવાની વાત ન કરે એ સંભવે જ નહીં. ચિત્રમુનિએ અનુષ્ઠાન છોડવાની વાત નથી કરી એ જ જણાવે છે કે એ વિષમિશ્રિત ભોજન તરીકે એમને માન્ય નહોતું.

પ્રશ્ન : પણ તો પછી સાતમી નરક કેમ થઈ ?

ઉત્તર : તીવ્રઇચ્છાપૂર્વક ચક્રવર્તીપણાના ભોગોમાં લંપટ બન્યા એના કારણે એ થઈ, આ અનુષ્ઠાનના કારણે નહીં, એવો વિવેક કરવો જોઈએ.

પ્રશ્ન : તો તો અચરમાવર્તવર્તી જીવ માટે પણ આવું જ કહેવાનું રહેશે. એ જીવ વિષયેચ્છાથી ધર્મ કરે, એના પ્રભાવે વિષયો પામે, ને પછી એમાં ગળાડૂબ બની દુર્ગતિમાં જાય.. આમાં પણ, દુર્ગતિ વિષયોમાં ગળાડૂબ બનવાથી થઈ, અનુષ્ઠાનના કારણે નહીં, એવો વિવેક કરી જ શકાય છે.. ને પછી એના અનુષ્ઠાનને પણ વિષ-ગર કહી નહીં શકાય.

ઉત્તર : सुखं धर्माद् दुःखं पापात् सर्वशास्त्रेषु संस्थितिः ... આવા શ્રી હરિભદ્રસૂરિ મહારાજના વચનને અનુસરીને તો ધર્મથી દુર્ગતિ નહીં જ કહી શકાય ને ? વળી 'દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખી (બચાવે) તે ધર્મ' આ વાત પણ ધર્મથી દુર્ગતિવારણ જણાવે છે, દુર્ગતિગમન નહીં. તેમ છતાં વિષાનુષ્ઠાન વગેરે નિરૂપણના પરિપ્રેક્ષ્યમાં કહેવું હોય, તો અચરમાવર્તવર્તી જીવના અનુષ્ઠાનથી એ દુર્ગતિગમન કહેવું, પણ ચરમાવર્તવર્તીના અનુષ્ઠાનથી નહીં, એનું તો માત્ર ભોગવિલાસથી જ દુર્ગતિગમન કહેવું.

પ્રશ્ન : બન્નેમાં સમાનતા હોવા છતાં આવો ભેદ કરવો ઉચિત છે ?

ઉત્તર : એક વાસ્તવિક મહાત્મા છે, એક દ્રવ્યલિંગી અભવ્ય છે.. બંને એક સમાન ઉપદેશ આપે છે. બંનેનો ઉપદેશ સાંભળીને જીવો સમ્યક્ત્વાદિ પામે છે. મહાત્માના ઉપદેશથી સમ્યક્ત્વાદિ પામનારા જીવો માટે 'મહાત્માના ઉપદેશથી પામ્યા' એમ કહેવાતું હોવા છતાં અભવ્યના કિસ્સામાં એમ નથી કહેવાતું, પણ એમ કહેવાય છે કે 'એ જીવો પોતાની યોગ્યતાથી પામ્યા.' સિદ્ધિવગર વિનિયોગ નથી. અભવ્યને પોતાને જ સમ્યક્ત્વાદિની સિદ્ધિ નથી, તો એનાથી વિનિયોગ શી રીતે થાય ? આવું જ પ્રસ્તુતમાં જાણવું. મુક્તિદ્વેષના કારણે મલન હોય તો જ વિષાન્નતૃપ્તિસાદૃશ્ય કહેવાય, એ વિના નહીં.

પ્રશ્ન : બ્રહ્મદત્તને પણ મલન થયું જ છે ને.. ચક્રવર્તીના ભવ દરમ્યાન, સાધુ બનેલા ચિત્રમુનિએ મુક્તિના ઉપાયભૂત સંયમ માટે ઘણી પ્રેરણા કરી હોવા છતાં સંયમ લેવાનું મન ક્યાં થયું ?

ઉત્તર : બ્રહ્મદત્તને સંયમનો પ્રતિબંધ થયો છે, મલન નહીં. એ પ્રતિબંધ પણ એ નિયાણાનો = તીવ્ર ઇચ્છાનો પ્રભાવ હતો. અનશનાત્મક અનુષ્ઠાનનો નહીં. અનુષ્ઠાનથી મલન થવા માટે તો મુક્તિદ્વેષ જોઈએ, જે સંભૂતિમુનિને હતો નહીં.

પ્રશ્ન : 'મારે મોક્ષ નહીં, ચક્રવર્તીપણું જોઈએ' આવી ઇચ્છા જ મુક્તિદ્વેષરૂપ ન કહેવાય ?

ઉત્તર : સ્ત્રીરત્નની કામચલાઉ ઇચ્છા થઈ ગઈ છે ને તેથી હાલ તો એ જ જોઈએ છે. પણ એટલામાત્રથી સંભૂતિમુનિ વિષયાતીત સુખમય મોક્ષને અનિષ્ટ માનવા માંડી ગયા નથી કે જેથી એમને મુક્તિદ્વેષ હોવો કહી શકાય. ને તેમ છતાં તમારે એમને મુક્તિદ્વેષ માનવો હોય તો પણ એ પૂર્વે મુક્તિદ્વેષના બે પ્રકાર જે કહેલા એમાંનો વ્યક્ત રૂપે મુક્તિદ્વેષ જાણવો, યોગ્યતારૂપે નહીં. કારણ કે યોગ્યતારૂપે તો મુક્તિઅદ્વેષ પડેલો જ છે, તે પણ એટલા માટે કે એ જીવ સમ્યક્ત્વ- સંયમાદિ પામી ચૂકેલો છે. અને યોગ્યતારૂપે મુક્તિદ્વેષ નથી, તો માત્ર વ્યક્તમુક્તિદ્વેષ કાંઈ મલન કરી શકતો નથી.

પ્રશ્ન : યોગ્યતારૂપે મુક્તિદ્વેષ પણ માની લઈએ તો ?

ઉત્તર : ન માની શકાય, કારણ કે તો પછી યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ હવે રહ્યો નથી, એમ માનવું પડે.

પ્રશ્ન : એ પણ માની લ્યો ને !

ઉત્તર : ન માની શકાય, કારણકે એ ન રહ્યો હોય તો હવે ક્યારેય પછી પેદા જ થઈ ન શકવાથી ભવિષ્યમાં ક્યારેય મોક્ષ નહીં થાય.

પ્રશ્ન : ભવિષ્યમાં કેમ ક્યારેય પેદા નહીં થાય ? શાસ્ત્રશ્રવણાદિ દ્વારા યોગ્ય સમજણ મળવાથી મુક્તિદ્વેષ ખસી જાય, અને મુક્તિઅદ્વેષ પાછો પ્રગટી જાય.

ઉત્તર : આ શક્ય નથી. કારણ કે શાસ્ત્રશ્રવણ વગેરે પણ ધર્માનુષ્ઠાન જ છે ને મુક્તિદ્વેષની હાજરીમાં ધર્માનુષ્ઠાન મલન જ કરે, વિષાન્નતૃપ્તિસદૃશ જ બને. એનાથી મુક્તિદ્વેષ ખસવારૂપ શુભપરિણામ મળી શકે નહીં. એટલે જ મુક્તિઅદ્વેષને જીવના પુરુષાર્થથી નહીં, પણ સહજઅલ્પમલત્વથી પ્રગટ થવો જણાવ્યો છે. ને સહજઅલ્પમલત્વ પણ, જીવના પુરુષાર્થથી નહીં, પણ કાળક્રમે થવું જણાવ્યું છે. વળી આમાં કાળ તરીકે ચરમાવર્તપ્રવેશકાળ છે એ આપણે પૂર્વે જોઈ ગયા છીએ. ચરમાવર્તમાં રહેલા જીવને હવે ચરમાવર્તપ્રવેશકાળ ફરીથી ક્યારેય આવવાનો નથી, તો પછી સહજઅલ્પમલત્વ-મુક્તિઅદ્વેષ અશક્ય જ બની જશે. એટલે કાળક્રમે એકવાર મુક્તિઅદ્વેષ પ્રગટી ગયો. એટલે એ મુક્તિઅદ્વેષ પછીથી ક્યારેય ખસતો નથી એમ માનવું જ પડે છે.

માટે 'સંભૂતિમુનિને એ અનશનકાળે પણ મુક્તિઅદ્વેષ વિદ્યમાન હતો જ', ને તેથી 'એ અનશનથી મલન થયું નથી જ', ને તેથી 'એ અનશન વિષાન્નતૃપ્તિસદૃશ ન હોવાના કારણે અહિતકર નહોતું જ' વગેરે માનવું જ પડે છે. ને તેથી જ ચિત્રમુનિએ એને છોડવાનું જણાવ્યું નથી.

પ્રશ્ન : સંભૂતિમુનિનું એ અનશન વિષાદિ પાંચમાંથી કયું અનુષ્ઠાન છે ?

ઉત્તર : તદ્હેતુ અનુષ્ઠાન.

પ્રશ્ન : હેં ! તદ્હેતુ ?

ઉત્તર : હેં.. શું કરો છો ? હા કરો... મુક્તિઅદ્વેષની હાજરી છે. તેથી મલન-વિષાન્નતૃપ્તિસાદૃશ્ય વગેરે ન હોવાથી વિષ-ગર તો છે નહીં. વળી અનાભોગ કે અત્યંત સંવેગ ન હોવાથી અનનુષ્ઠાન કે અમૃતઅનુષ્ઠાન પણ નથી. એટલે પારિશેષ ન્યાયે તદ્હેતુ અનુષ્ઠાન જ છે. હા, કદાચ એમ કહી શકાય કે પહેલાં ચિત્રમુનિની જેમ અમૃતઅનુષ્ઠાન હતું, નિયાણું કરવા પર એ તદ્હેતુ બન્યું.

પ્રશ્ન : જો આનો પણ વિષ-ગરમાં સમાવેશ નહીં કરો તો કોનો કરશો ?

ઉત્તર : કોઈનો નહીં. ચરમાવર્તમાં વિષ-ગર સંભવતા જ નથી. માટે ચરમાવર્તવર્તી જીવના કોઈપણ ધર્માનુષ્ઠાન વિષ-ગરરૂપ ન જ હોય. ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા સૂરિપુરંદરશ્રી હરિભદ્રસૂરિ મહારાજ કે લઘુહરિભદ્રબિરુદધારી શ્રી યશોવિજયજી મહારાજ.. આ બંને શ્રુતધરોએ વિષ-ગર વગેરે અનુષ્ઠાનોનું નિરૂપણ સ્વ-સ્વગ્રન્થોમાં કર્યું છે, પણ ક્યાંય એનું દૃષ્ટાન્ત આપ્યું નથી. સંભૂતિમુનિના અનશન જેવા અનુષ્ઠાનને પણ ગરના દૃષ્ટાન્ત તરીકે જણાવ્યું નથી. આ વાત શું એ ન સૂચવે કે સંભૂતિમુનિનું એ અનુષ્ઠાન પણ તેઓને વિષ-ગર તરીકે માન્ય નથી.

પ્રશ્ન : તમે ગમે તે કહો, અમારા મગજમાં આ વાત બેસતી નથી કે સાંસારિક સુખની ઇચ્છા હોય ને છતાં વિષ-ગર ન થાય...

ઉત્તર : આનું કારણ એટલું જ ભાસે છે કે 'શાસ્ત્રવચનોને અનુસરીને - એના ઐદંપર્યાર્થ સુધી પહોંચીને તત્ત્વની વિચારણા કરવી...' આ આત્મહિતકર વલણને બદલે 'અમારી બુદ્ધિમાં જે બેસેલું છે એને અનુસરીને શાસ્ત્રવચનોની વિચારણા કરવી..' એવા વલણને અપનાવવામાં આવ્યું છે. જ્યાં યુક્તિ જતી હોય ત્યાં બુદ્ધિને લઈ જવાના બદલે બુદ્ધિમાં જે બેસેલું હોય ત્યાં યુક્તિને તાણી જવા જેઓ મથતા હોય એમના માટે એક સ્થળે લખ્યું છે કે 'બ્રહ્મા પણ તે માણસને સાચી વાત સમજાવી શકતા નથી.' બાકી અચરમાવર્તમાં ઇચ્છા ભલે માત્ર એક રૂપિયાની હોય, તો પણ મુક્તિદ્વેષ-ભવાભિષ્વંગના કારણે અનુષ્ઠાન વિષ-ગર બને છે, જ્યારે ચરમાવર્તમાં ઇચ્છા ભલે ને એક કરોડ રૂપિયાની હોય, મુક્તિદ્વેષ-ભવાભિષ્વંગ નથી, માટે અનુષ્ઠાન વિષ-ગર ન બનતા તદ્હેતુ બને છે.

ચરમાવર્તમાં ભૌતિક ઇચ્છાથી થતું કોઈપણ અનુષ્ઠાન વિષ-ગર ન હોય, ને તેથી તદ્હેતુ જ હોય આ સાબિત કરનારાં કેટલા શાસ્ત્રવચનો આપું ?

પ્રતિઆવર્ત મલહ્રાસ કહ્યો છે. ને એ ઘટતાં ઘટતાં સહજ અલ્પમલત્વની ભૂમિકાએ આવે એટલે મુક્તિઅદ્વેષ પ્રગટવો કહ્યો છે. તેથી મુક્તિઅદ્વેષ કાળસાધ્ય છે.

ભૌતિક અપેક્ષા હોવા-ન હોવા સાથે મલન-અમલન, વિષાન્નતૃપ્તિસાદૃશ્ય-પથ્યાન્નતૃપ્તિસાદૃશ્ય વગેરે નથી કહ્યું, પણ મુક્તિદ્વેષ હોવા-ન હોવા સાથે કહેલ છે. અમલનનો અર્થ છે મુક્તિઉપાયનો અનાશ..

ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ છે. તેથી વ્રતપાલનાદિ મુક્તિઉપાય તરીકે અક્ષત રહે છે. એનો અર્થ વ્રતપાલનાદિ હિતકર બની રહે છે, માટે તદ્ધેતુ છે.

'મુક્તિવગેરે અંગે જેને દ્વેષ નથી એનું જ ગુરુપૂજન વગેરે ન્યાયિક છે' આવું જણાવ્યું એનો અર્થ જ કે 'મુક્તિવગેરે અંગે દ્વેષ હોય એનું જ અન્યાય્ય=ત્યાજ્ય છે.' ચરમાવર્તમાં દ્વેષ નથી તેથી અનુષ્ઠાન અન્યાય્ય=વિષ-ગરરૂપ નથી.

'મુક્તિદ્વેષરૂપ ગુરુદોષવાળાની સત્ક્રિયા ગુણ માટે થતી નથી' આમ કહ્યું છે. એટલે એક વિશેષનો નિષેધ અન્યવિશેષના વિધાનમાં પરિણમે ન્યાયે મુક્તિદ્વેષરૂપ ગુરુદોષ જેને નથી (અર્થાત્ મુક્તિઅદ્વેષ છે) તેઓની સત્ક્રિયા ગુણ માટે થાય છે, એનો અર્થ એ તદ્ધેતુ અનુષ્ઠાન છે.

મુક્તિઅદ્વેષ હોવા છતાં અન્ય કાંઈક હોવા-ન હોવા પર અનુષ્ઠાન હિતકર-અહિતકર બનતું હોય તો તો એ અન્યનું પ્રાધાન્ય ખ્યાપિત થાય, મુક્તિઅદ્વેષનું નહીં. માટે મુક્તિઅદ્વેષ જો પ્રધાન છે, તો એની હાજરીમાં વિષ-ગર ન જ થાય, તદ્ધેતુ જ થાય, ભલે ને ભૌતિક ઇચ્છા બેસેલી હોય.

મુક્તિદ્વેષ મહાપાપ છે. મુક્તિઅદ્વેષથી એની નિવૃત્તિ થવાથી મહાન લાભ કહ્યો છે. બારમી બત્રીશીમાં પણ મુક્તિઅદ્વેષથી કલ્યાણની પરંપરા કહેલી છે. એટલે એની હાજરીમાં પણ જો વિષ-ગર થાય તો એની મહત્તા-પ્રધાનતા જ શું રહે ?

કર્તાભેદે અનુષ્ઠાનભેદ જે કહ્યો છે, એમાં કર્તાભેદના પ્રયોજક તરીકે ગ્રન્થકારે ટીકામાં ચરમ-અચરમ આવર્તરૂપ કાળભેદને જ જણાવ્યો છે. આનો સ્પષ્ટ અર્થ છે કે અચરમાવર્તમાં જેવું (વિષ-ગર) અનુષ્ઠાન હોય એવું ચરમાવર્તમાં ન હોય, એનાથી ભિન્ન જ હોય, અર્થાત્ મુખ્યતયા તદ્ધેતુ જ હોય. વળી ૧૪મી ગાથામાં નિગમન કરતાં પણ ચરમાવર્તમાં ગુરુદેવાદિ પૂજન કર્તાભેદના કારણે અલગ પ્રકારનું (=તદ્ધેતુ) હોય છે એમ જણાવ્યું છે.

ચોથા તદ્ધેતુ અનુષ્ઠાનમાં ભૌતિક અપેક્ષા હોવા છતાં ભવાભિષ્વંગનો અભાવ કહ્યો છે. ભવાભિષ્વંગ તરીકે કારમી ભોગેચ્છા=ભવાભિનંદીપણું અભિપ્રેત છે જે સ્વયં મુક્તિદ્વેષરૂપે કહેવાયેલ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે મુક્તિઅદ્વેષ હોય તો ભવાભિષ્વંગ હોય જ નહીં. ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ તો હોય જ છે, તેથી ભવાભિષ્વંગ ન હોવાથી વિષ-ગર ન જ હોય.

[શંકા - પૂર્વે (પૃ. ૪૦૪) ત્રીજી ગાથાના વિવેચનમાં સાભિષ્વંગ= અભિષ્વંગ સહિત અનુષ્ઠાનને તમે હિતકર કહ્યું છે, અહીં ભવાભિષ્વંગ ન હોય તો જ એ વિષ-ગર ન હોય એમ કહો છો, તો પૂર્વાપર વિરોધ નહીં થાય ?

સમાધાન : ના, નહીં થાય, કારણ કે અહીં અભિષ્વંગ શબ્દ છે જેનો અર્થ બાધ્યકક્ષાની ભૌતિક ઇચ્છા કરવાનો છે. એ ભવાભિષ્વંગ નથી, કારણ કે ભવાભિષ્વંગ તો તીવ્ર=અબાધ્ય ભૌતિક ઇચ્છાને જણાવે છે.]

વળી, આગળ (પંદરમી ગાથામાં) પણ ચરમ-અચરમઆવર્તમાં કર્તાભેદ જે દર્શાવ્યો છે તે ભૌતિક અપેક્ષા હોવા - ન હોવાની અપેક્ષાએ નહીં, પણ અચરમાવર્તમાં યોગની એકાન્તે અયોગ્યતા હતી, ને ચરમાવર્તમાં યોગ્યતા વિકસેલી હતી.. આ ભેદની અપેક્ષાએ દર્શાવ્યો છે. ને તેથી ગુરુપૂજનાદિ અલગ પ્રકારનું કહ્યું છે. તેથી પણ જણાય છે કે ચરમાવર્તમાં તદ્ધેતુ જ હોય.

તથા, આગળ ૧૬મી ગાથામાં ચરમાવર્તમાં પ્રાયઃ ચોથું જ (=તદ્ધેતુ જ) હોય એમ સ્પષ્ટ જણાવ્યું છે. પ્રાયઃ શબ્દથી વિષ-ગરનું ગ્રહણ નથી એ આગળ જોઈશું. એટલે ચરમાવર્તમાં વિષ-ગર તો સંભવતા જ નથી.

બાવીશમી ગાથામાં 'મુક્તિઅદ્વેષ હોય તો ફળાપેક્ષા બાધ્ય હોય છે, અને તેથી બુદ્ધિ માર્ગાનુસારી હોય છે' એમ કહેવાના છે. તથા બાધ્યફલાપેક્ષા સદનુષ્ઠાનનો રાગ કરાવે છે જે તદ્ધેતુઅનુષ્ઠાનનું કારણ છે. ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ તો છે જ. માટે પણ વિષ-ગર ન જ હોય.

રોહિણી તપ વગેરેમાં સૌભાગ્યાદિની ફળાકાંક્ષા હોવા છતાં વિષ-ગરનો નિષેધ કર્યો છે. મુક્તિઅદ્વેષને ધર્માનુષ્ઠાનનો પ્રાણ કહેલ છે. ચરમાવર્તમાં આ પ્રાણ વિદ્યમાન જ હોવાથી અનુષ્ઠાન મિથ્યા થઈ જ ન શકે, પછી વિષ-ગરની સંભાવના જ ક્યાં ?

ચરમાવર્ત પ્રવેશમાત્રથી સિદ્ધિની આસન્નતા કહી છે. ને તેથી ધારાલગ્ન શુભભાવ-પ્રમોદ વગેરે કહ્યા છે, પછી વિષ-ગર પ્રાયોગ્ય અશુભભાવની તો ગંધ માત્ર પણ ક્યાં ?

એ જ રીતે ચરમાવર્તમાં પ્રસન્નચિત્તતા- ક્રિયાનુરાગ વગેરે જણાવેલા છે એ પણ તદ્ધેતુ અનુષ્ઠાનને જ જણાવે છે.

વળી કર્તાભેદે અનુષ્ઠાનભેદના સંદર્ભમાં યોગબિન્દુ (૧૬૨)માં જણાવ્યું છે કે અચરમાવર્ત કરતાં ચરમાવર્તમાં કર્તા જીવ નિયમા= અવશ્ય જુદો જ હોય છે. એટલે અનુષ્ઠાન પણ અચરમાવર્ત કરતાં અવશ્ય ભિન્ન હોવાથી વિષ-ગર ન જ હોય. વળી ત્યાં ૧૬૩ મી ગાથામાં જણાવ્યું છે કે ચરમાવર્તમાં સહજ અલ્પમલત્વના કારણે પ્રાયઃ ચતુર્થ અનુષ્ઠાન હોય છે. સહજ- અલ્પમલત્વ તો કાળબળે થતું હોવાથી ચરમાવર્તમાં બધાને હોય જ. ને તેથી વિષ-ગર ન જ હોય. એમ ૧૫૨મી ગાથામાં અનુષ્ઠાન અન્યથા= વિષ-ગર રૂપ ન હોવામાં કારણ સહજ અલ્પમલત્વ કહ્યું છે. આ કારણ તો ચરમાવર્ત પ્રવેશથી જ હાજર હોવાથી ચરમાવર્તમાં ક્યારેય વિષ-ગર ન થાય એમ જણાય જ છે.

શંકા : આ બધી વાત સાચી.. છતાં, વિષયાભિલાષા - અનુષ્ઠાન - ઇષ્ટપ્રાપ્તિ - દુર્ગતિગમન.. આ બધું સરખું હોવા છતાં, અચરમાવર્તવર્તીના અનુષ્ઠાનથી મલન થાય અને ચરમાવર્તવર્તી એવા બ્રહ્મદત્તચક્રવર્તી વગેરેના એવા અનુષ્ઠાનથી મલન ન થાય ને તેથી વિષાન્નતૃપ્તિસાદૃશ્ય વગેરે ન હોવાના કારણે વિષ-ગર રૂપ ન હોય.. આ બધું કેવી રીતે માનવું?

સમાધાન : આ જ તો કર્તાની વિશિષ્ટતા છે. આશય એ છે કે પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ માનસિક તુમુલ યુદ્ધ માંડ્યું ને ઠેઠ સાતમી નરક પ્રાયોગ્ય કર્મો બાંધ્યા. પણ જો કોઈ ક્ષાયિક સમ્યક્ત્વી વાસ્તવિક યુદ્ધ ખેલે.. જનસંહાર કરે.. તો પણ એ વખતે દેવપ્રાયોગ્ય જ કર્મબંધ કરે.. ભલે ને કષાયપરિણતિ અને હિંસક પ્રવૃત્તિ હોય, શ્રેણિક મહારાજા સિત્તેર વર્ષની ઉંમરે પરણ્યા... એ માટે કેવો પ્રપંચ કર્યો ! આ કામવાસનાની કેવી માત્રા કહેવાય ? અને છતાં કર્મબંધ દેવપ્રાયોગ્ય.. અરે ? અંતિમ સમયે નરકગમન પ્રાયોગ્ય ક્રૂર લેશ્યા આવી.. બીજા જીવો તો આવા વખતે નરકપ્રાયોગ્ય જ કર્મબંધ કરે.. પણ શ્રેણિકરાજાને તો દેવપ્રાયોગ્ય જ.. આ બધો કર્તાના વૈશિષ્ટ્યનો પ્રભાવ છે ! અંદર ક્ષાયિકસમ્યક્ત્વ ઝળહળે છે ને ! પછી અન્યને જે નરકપ્રાયોગ્ય કર્મબંધ કરાવે એવા પ્રવૃત્તિ અને પરિણામ હોવા છતાં બંધ દેવપ્રાયોગ્ય જ. એમ, ચરમાવર્તવર્તીજીવને અંદર મુક્તિઅદ્વેષ ઝળહળે છે ને ! પછી વિષયાભિલાષા, અનુષ્ઠાન વગેરે સમાન હોવા છતાં મલન ન જ થાય ને તેથી વિષ-ગર ન જ થાય. જો આવો કોઈ ફેર ન માનવાનો હોય તો કર્તાનું વૈશિષ્ટ્ય શું ? અંદર એક વિશેષ યોગ્યતા નિર્માણ થઈ છે એનો પ્રભાવ શું ?

ગ્રન્થોના વિવિધ અધિકારોનું અનુસંધાન કરતાં જાણવા મળતાં કેટલાંક વૈશિષ્ટ્ય..

(१) એક જ નિગોદમાં એક જ શરીરમાં ઉત્પન્ન થયેલા બે સમઆયુષ્ક નિગોદજીવો કે જે બેના જ્ઞાનાવરણીય વગેરે કર્મો પણ લગભગ સમાન જેવા છે, છતાં, જો એક વ્યવહાર રાશિવાળો છે ને બીજો અવ્યવહારરાશિવાળો છે.. તો પ્રથમને પ્રતિઆવર્ત મળહ્રાસ ચાલુ હશે, બીજાને નહીં..

(૨) જેવી પ્રવૃત્તિ-પરિણતિ હોવાથી અચરમાવર્તવર્તી જીવને ૭૦ કો.કો. સાગરોપમ મોહનીયનો સ્થિતિબંધ થાય છે, બરાબર બહારથી એવી જ પ્રવૃત્તિ-પરિણતિ જણાતી હોવા છતાં અપુનર્બન્ધકને એ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થતો નથી. એમ અચરમાવર્તવર્તીને વિષ-ગર થાય છે, અપુનર્બન્ધકને નહીં, પ્રાયઃ તદ્ધેતુ થાય છે.

(૩) ગ્રન્થિભેદ પૂર્વે જ્યાં અધિકસ્થિતિબંધ થતો હતો એવી પ્રવૃત્તિ-પરિણતિ થવા છતાં ભિન્ન ગ્રન્થિક જીવને મિથ્યાત્વે પણ એવો અધિક સ્થિતિબંધ થતો નથી. ગ્રન્થિભેદકાલીન અંતઃકો.કો.થી વધારે થતો નથી. (बंधेण ण वोलइ कयाचिद्)

(૪) યુદ્ધાદિ પ્રવૃત્તિકાળે અન્ય જીવ નરકપ્રાયોગ્ય બાંધે ત્યારે પણ ક્ષાયિકસમ્યક્ત્વી દેવપ્રાયોગ્ય જ બાંધે.

પૂર્વપક્ષ : (૧) ચરમાવર્ત પ્રવેશની સાથે જ અલ્પમલત્વ અને મુક્તિઅદ્વેષ પ્રગટી જાય છે. તથા (૨) પ્રગટેલો મુક્તિઅદ્વેષ પછી ખસી જાય ને પાછો મુક્તિદ્વેષ આવી જાય.. આવું બનતું નથી. આ બે કલ્પનાના આધારે તમે આ બધી વાતો જણાવો છો. પણ મૂળમાં આ બે કલ્પના જ યોગ્ય જણાતી નથી. તે આ રીતે - તમારી કલ્પના પ્રમાણે વ્યવહારરાશિ પ્રવેશથી સહજ મળનો હ્રાસ શરૂ થાય છે. એ શરૂ થયા પછી અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચવાનો કાળ જુદા જુદા જીવો માટે અલગ અલગ જે હોય છે એ સૂચવે છે કે તે તે જીવનું તથાભવ્યત્વ આમાં ભાગ ભજવે છે. એટલે કોઈક જીવનું તથાભવ્યત્વ એવું હોય કે ચરમાવર્ત શરૂ થઈ જવા છતાં હજુ અલ્પમલત્વ થયું ન હોવાથી મુક્તિઅદ્વેષ પ્રગટ્યો ન પણ હોય... ને તેથી મુક્તિદ્વેષ વર્તતો હોવાથી અનુષ્ઠાન વિષ-ગર પણ સંભવે...

ઉત્તર પક્ષ : જો આવું હોય તો ચરમાવર્ત કાળનો ઉલ્લેખ કેમ કર્યો ?

પૂર્વપક્ષ : એ તો મુક્તિઅદ્વેષ વહેલામાં વહેલો ચરમાવર્તપ્રવેશે થાય એટલું જ જણાવવા માટે. જેમ સમ્યક્ત્વ માટે દેશોનઅર્ધપુદ્ગલપરાવર્ત કહેવાય છે એમ.

ઉત્તર પક્ષ : સમ્યક્ત્વપ્રાપ્તિ જુદા જુદા જીવોને ભિન્નભિન્ન કાળે જે થાય છે એમાં તો તેઓએ ભિન્ન-ભિન્ન કાળે કરેલો પુરુષાર્થ કારણ છે. પણ અલ્પમલત્વ ભૂમિકા કાળસાધ્ય છે ને કાળસાધ્ય હોવાથી તે તે કાળે સર્વજીવોને પ્રાપ્ત થઇ જ જાય એમ માનવું જ પડે છે. અર્થાત્ ચરમાવર્ત પ્રવેશે અલ્પમલત્વ ને મુક્તિઅદ્વેષ પ્રગટી જ જાય. આ વાત સૂક્ષ્મતાથી વિચારવી, કારણ કે એ કાળે જો એ ન પ્રગટે, તો પછી શાનાથી પ્રગટે ? આશય એ છે કે આ ભૂમિકાની પૂર્વકાળમાં મુક્તિદ્વેષ વિદ્યમાન હોવાથી પુરુષાર્થનું તો કોઈ શુભ પરિણામ શક્ય જ ન હોવાના કારણે પુરુષાર્થથી એ પ્રગટી શકતી નથી. તે તે જીવની ભવિતવ્યતા જ તે તે કાળે જીવની અલ્પમલત્વ ભૂમિકા પ્રગટાવી દે એમ પણ કહી શકાતું નથી, કારણ કે તો તો, જેમ ભવિતવ્યતા તે તે કાળે તે તે જીવને વ્યવહારરાશિમાં જે લાવી દે છે, એ માટે એ પૂર્વે (અવ્યવહારરાશિકાળ દરમ્યાન) કાળક્રમે થતી કોઈ પ્રક્રિયા દર્શાવી નથી. એમ પ્રસ્તુતમાં પણ જો ભવિતવ્યતા જ અલ્પમલત્વ લાવતી હોત તો કાળક્રમે ક્રમિક મળહ્રાસ જે કહ્યો છે તે ન જ કહ્યો હોત. એટલે ચરમાવર્ત પ્રવેશ થવા છતાં અલ્પમલત્વભૂમિકા જો ન આવે, તો પછી એ શાનાથી આવશે ? એ પ્રશ્ન ઊભો જ રહે છે.

પૂર્વપક્ષ : તેમ છતાં, અલ્પમલત્વ થયા પછી ફરીથી મલ વધી જાય, પાછો મુક્તિદ્વેષ પ્રગટે ને તેથી પછી ચરમાવર્તમાં પણ અનુષ્ઠાન વિષ-ગર થઈ શકે ને !

ઉત્તરપક્ષ : મળહ્રાસની વાતો શાસ્ત્રોમાં જોવા મળે છે. વૃદ્ધિની વાત ક્યાંય જોવા-જાણવા મળતી નથી. વળી અલ્પમલત્વ કાળમાં મુક્તિઅદ્વેષ હોય છે. એની હાજરીમાં પણ જો અમુક પ્રવૃત્તિવિશેષથી મળવૃદ્ધિ થતી હોય તો તો એવી પ્રવૃત્તિવિશેષ અચરમાવર્તમાં=મુક્તિદ્વેષકાળમાં તો વધુ જોરશોરથી હોય, તેથી કાળક્રમે પ્રતિઆવર્ત જે મળહ્રાસ થાય એના કરતાં પ્રતિઆવર્ત અનેકવાર થયેલી આવી પ્રવૃત્તિવિશેષથી મળવૃદ્ધિ વધારે થયા કરવાના કારણે સરવાળે મળવૃદ્ધિ જ થવાથી સહજઅલ્પમલત્વની ભૂમિકા ક્યારેય આવી જ શી રીતે શકે? તથા, અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચાડનાર મળહ્રાસ તો પ્રતિઆવર્ત કાળક્રમે થતો જણાવ્યો છે. એટલે મળવૃદ્ધિ બાદ ફરીથી અલ્પમલત્વની ભૂમિકાએ પહોંચવા મળહ્રાસ કાળક્રમે જે થાય એ જ અપેક્ષિત રહે. (આમે મુક્તિદ્વેષની હાજરીમાં ધર્મપુરુષાર્થ પણ શુભફળક ન હોવાથી મળહ્રાસ કરી શકતો નથી.) અને કાળક્રમે જે મળહ્રાસ થાય તે તો અતિ અલ્પ હોવાથી ચરમાવર્તમાં જેટલો સંસારકાળ બાકી રહ્યો છે એટલામાં અલ્પમલત્વની ભૂમિકા ફરીથી આવી જ શી રીતે શકશે ? એટલે આ બધાં કારણોએ તથા પૂર્વે જણાવેલાં કારણોએ અલ્પમલત્વ થયા પછી ફરીથી મળવૃદ્ધિ થાય - યોગ્યતારૂપે મુક્તિદ્વેષ ઊભો થાય.. આ બધું માની શકાતું નથી. એટલે ચરમાવર્તપ્રવેશે એકવાર અલ્પમલત્વ-મુક્તિઅદ્વેષ થયા પછી એ ખસતા ન હોવાથી મુક્તિઉપાયોનું મલન શક્ય ન રહેવાના કારણે વિષ-ગર અનુષ્ઠાન સંભવતા નથી. ભૌતિક અપેક્ષા હોય તો પણ તદ્હેતુ જ થાય છે.

શંકા : આ રીતે સંભૂતિમુનિના અનશનને તદ્હેતુ સિદ્ધ કરશો તો એને નિયાણું નહીં કહી શકાય, કારણ કે નિયાણું તો ત્યાજ્ય છે, જ્યારે તદ્હેતુ ઉપાદેય છે.

સમાધાન : શ્રી મુનિસુંદરસૂરિવિરચિત ઉપદેશરત્નાકરના ચોથા અંશમાં ત્રીજા તરંગમાં (પૃ. ૧૩૦) નિયાણા માટે આ પ્રમાણે કહ્યું છે-

अथौषधचतुर्भङ्गीदृष्टान्तेन विध्यविधिधर्मविचारमाह -

दोस-गुणो-भय-णुभयं जह कुज्जा ओसहं तहा धम्मो ।

मिच्छत्तं अनिआणो सनिआणो भावसुन्नो अ ।।

सनिआणोत्ति- निदानं तपःफलप्रार्थनं, तेन सहितः सनिदानोऽधिकारात् सर्वज्ञप्रणीत एव धर्मो दोषं गुणं चेत्युभयं करोति ।।

અર્થ : હવે ઔષધના ચાર ભાંગાના દૃષ્ટાંતે વિધિ-અવિધિ ધર્મનો વિચાર કરે છે-જેમ ઔષધ દોષ કરે છે, ગુણ કરે છે, ઉભય=દોષ અને ગુણ ઉભય કરે છે અને અનુભય=દોષ કે ગુણ કશું કરતું નથી. આમ ઔષધ ચાર પ્રકારે હોય છે. એમ ધર્મ પણ ચાર પ્રકારે છે. એમાં મિથ્યાધર્મ દોષકર છે, નિયાણાં રહિતનો અનિદાનધર્મ ગુણકર છે. સનિદાનધર્મ ઉભય= ગુણ+દોષ ઉભયકર છે અને ભાવશૂન્યધર્મ અનુભયકર છે=દોષ કે ગુણ કશું કરતો નથી.

આમાં નિદાન=તપના ફળની પ્રાર્થના-માગણી કરવી (=તપના બદલામાં કોઈ ભૌતિક ચીજ માગી લેવી એ નિયાણું છે). આવા નિદાનથી સહિત ધર્મ એ સનિદાનધર્મ. અહીં ધર્મ તરીકે સર્વજ્ઞે કહેલો જૈનધર્મ લેવાનો છે. આવો સનિદાનધર્મ દોષ અને ગુણ બન્ને કરે છે.

આમાં જ આગળ જણાવ્યું છે કે सनिदानजिनमतीयतपःफलराज्यादि पुनः स्वप्राप्तिमतां नृपादीनां सर्वविरत्यादिविशेषधर्मानुपलम्भकत्वेऽपि जिनधर्मानुरागादेर्धर्मस्य यथार्हं प्रापकत्वेन भवान्तरे सुलभबोधिताकरणाद् गुणत्वमिति। **અર્થ :** જૈનધર્મમાં કહેલ તપને સનિદાન કરવાથી મળેલ રાજ્યાદિ ફળ, એ ફળ પામેલા રાજા વગેરેને સર્વવિરતિ વગેરેરૂપ વિશેષ ધર્મના પ્રાપક ન બનતા હોવા છતાં જૈનધર્મ પ્રત્યે અનુરાગ વગેરે રૂપ ધર્મના યથાયોગ્ય પ્રાપક હોવાથી ભવાંતરમાં સુલભબોધિતા કરે છે, માટે એ રીતે ગુણકર છે.

આ અધિકાર અને આપણા ચાલુ અધિકારનો વિચાર કરીએ તો જણાય છે કે મુક્તિદ્વેષ હાજર નથી, એટલે અનુષ્ઠાન તો કશું નુકશાન કરતું નથી, બલ્કે ધર્માનુષ્ઠાન હોવાથી લાભ જ કરે છે, માટે એ અપેક્ષાએ એ ગુણકર છે. તેમ છતાં એમાં ભૌતિક અપેક્ષા જે ભળે છે તે પ્રતિબંધક બનતી હોવાથી એ અપેક્ષાએ દોષકર છે. ટૂંકમાં નિયાણું દોષકર.. ધર્માનુષ્ઠાન ગુણકર. એટલે સનિદાનધર્મ ઉભયકર છે.

વળી યોગબિન્દુ (૧૫૪)માં આવી વાત છે કે-'પતંજલિ વગેરે યોગીઓએ યોગમતમાં અનુષ્ઠાનના વિષ-ગર વગેરે આ પાંચ પ્રકાર સામાન્ય રીતે જ કહ્યા છે, નહીં કે ચરમ-અચરમઆવર્તના ભેદની અપેક્ષાએ.' આના પર વિચાર કરીએ -

'જ્ઞાનીઓએ જૈનમતમાં ગુણઠાણાના મિથ્યાત્વ વગેરે ચૌદ પ્રકાર સામાન્ય રીતે જ કહ્યા છે, નહીં કે વિરત-અવિરત જીવભેદની અપેક્ષાએ...' આવા વાક્ય પરથી સૂચિતાર્થ એ મળે છે કે જ્યારે વિરત- અવિરત આવા જીવભેદની વિવક્ષા કરવામાં આવે ત્યારે ચૌદે ચૌદ ગુણઠાણા મળતા નથી, પણ વિરતને પાંચથી ચૌદ અને અવિરતને એકથી ચાર... એમ વિભાગપૂર્વક મળે છે. (અથવા પાંચમું વિરતાવિરત હોવાથી બંનેમાં પણ ગણી શકાવાથી અવિરતને એકથી પાંચ). એમ પ્રસ્તુત વાક્ય પરથી એવો સૂચિતાર્થ મળે છે કે જ્યારે ચરમ-અચરમઆવર્તભેદની વિવક્ષા કરવામાં આવે ત્યારે પાંચે અનુષ્ઠાનો મળી ન શકે, પણ એમાં વિભાગ કરવો પડે. એ વિભાગ આ રીતે કરવો પડે કે-અચરમાવર્તમાં વિષ, ગર અને અનનુષ્ઠાન, ચરમાવર્તમાં-અનનુષ્ઠાન, તદ્ધેતુ અને અમૃત. અનાભોગ બંનેમાં સંભવિત હોવાથી અનનુષ્ઠાન બંનેમાં મળે. વિષ-ગર ચરમાવર્તમાં પણ જો મળે તો ચરમાવર્તની અપેક્ષાએ પણ પાંચે ભેદ મળવાથી એનો નિષેધ જે કર્યો છે, તે અસંગત ઠરી જાય. ચરમાવર્તમાં પાંચે અભિપ્રેત હોય તો તો વાક્યપ્રયોગ આવો હોવો જોઈએ કે-વિષ-ગર વગેરે આ પાંચ પ્રકાર ચરમાવર્તની અપેક્ષાએ છે, નહીં કે અચરમાવર્તની અપેક્ષાએ. (જેમ કે - ગુણઠાણાના ૧૪ ભેદ ત્રસજીવની અપેક્ષાએ છે, નહીં કે સ્થાવર જીવની અપેક્ષાએ.) એટલે, યોગબિંદુ ગ્રન્થની ઉપરોક્ત વાતને અસંગત ન ઠેરવવી હોય તો માનવું જ પડે કે ચરમાવર્તમાં વિષ-ગર હોતાં નથી.

તથા યોગબિન્દુની ૯૮ થી ૧૦૫મી ગાથાનો અધિકાર વિચારતાં આવો સાર મળે છે- ભવસમુદ્રમાં વિચલિત થયો છે આત્મા જેમનો એવા અપુનર્બન્ધકાદિને અચરમાવર્ત કરતાં અન્ય પ્રકારે પૂર્વસેવા હોય છે, કારણ કે મુક્તિમાર્ગમાં તત્પર નિર્મળ મન તેઓને હોવું ઘટે છે. તે પણ એટલા માટે કે સમ્યક્ત્વાદિનું સામીપ્ય છે, કુશળબુદ્ધિના પ્રાપ્તિકાળમાં કલ્યાણ થાય છે, ને પછી ઉત્તરકાળમાં તો વિશેષ પ્રકારે કલ્યાણ થાય છે. આ કુશળ બુદ્ધિની પ્રાપ્તિ- કલ્યાણ વગેરેમાં ચરમાવર્તનું સામર્થ્ય છે.

આ સાર પર વિચાર કરીએ - પૂર્વસેવા - ગુરુપૂજનાદિ અચરમાવર્ત કરતાં અપુનર્બન્ધકાદિને અન્ય પ્રકારે કહી એટલે જ વિષ-ગર કરતાં અન્ય પ્રકારે હોવી સિદ્ધ થઈ જ ગઈ. ચરમાવર્ત પ્રવેશકાળથી જ જીવ અપુનર્બન્ધક બની જાય છે એ આપણે અપુનર્બન્ધક બત્રીશીમાં જોઈશું. તથા કુશળબુદ્ધિની પ્રાપ્તિમાં ચરમાવર્તનું સામર્થ્ય કહ્યું... એનો અર્થ જ ચરમાવર્ત પ્રવેશમાત્રથી જ એ પ્રાપ્ત થઈ જ જાય. વળી એ પ્રાપ્તિકાળથી જ કલ્યાણ કહ્યું છે. જો વિષ-ગર સંભવતા હોય તો કલ્યાણ શી રીતે ? માટે ચરમાવર્તમાં વિષ-ગર ન સંભવે..

યોગબિંદુ-૧૭૯ માં કહ્યું છે કે અપુનર્બન્ધકની પૂર્વ અવસ્થાવાળા જીવો સંસારઅભિનંદનશીલ હોય છે... અર્થાત્ અપુનર્બન્ધક જીવો એવા હોતા નથી, તેથી અપુનર્બંધકને વિષ-ગર ન હોવાથી ચરમાવર્તમાં વિષ-ગર ન હોય. વળી ચૌદમી બત્રીશીમાં ગ્રન્થકાર જણાવવાના છે કે અપુનર્બન્ધકનું કોઈપણ અવસ્થામાં કરેલું કોઈપણ

અનુષ્ઠાન પ્રશાંતવાહિતાને ઉત્પન્ન કરે છે. જો અપુનર્બંધકને (=ચરમાવર્તમાં જીવને) વિષ-ગર સંભવતા હોય તો પ્રશાંતવાહિતા શી રીતે ?

આ બધી વાતોનો સૂર એક જ છે કે, ચરમાવર્તમાં વિષ-ગર સંભવતા નથી, ઉપર દર્શાવેલાં વિવિધ શાસ્ત્રવચનો પરથી મેં આ તારણ કાઢ્યું છે. મધ્યસ્થ ગીતાર્થો આ વાંચે-વિચારે... પછી કાંઈપણ જણાવવા જેવું લાગે તો નિઃસંકોચ જણાવે.

શંકા : ચરમાવર્તમાં પણ વિષ-ગર સંભવે છે, એ વાત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના આરાધકવિરાધકચતુર્ભંગીગ્રન્થની નીચેની પંક્તિઓ પરથી જણાય છે - न चैवं निह्नवादेर्भग्नश्रुतशीलस्य नवमग्रैवेयकानुत्पत्तिप्रसङ्गः ।. गरानुष्ठानात्तदुत्पत्तावपि तत्र तद्धेत्वमृतानुष्ठानेन सर्वोपपत्तेः, तयोरेव शीलरूपदेशत्वादिति विभावनीयम् । અર્થ : આ રીતે તો જેમના શ્રુત-શીલ ભાંગી ગયા છે એવા નિહ્નવાદિ નવમી ગ્રૈવેયકમાં ઉત્પન્ન નહીં થઈ શકે.. આવી આપત્તિ નહીં આપવી, કારણ કે ગરાનુષ્ઠાનથી ત્યાં ઉત્પત્તિ થઈ શકે છે. જ્યારે દેશ-સર્વ આરાધનામાં તો તદ્ધેતુ કે અમૃતઅનુષ્ઠાન જ નિયામક છે, કેમકે એ બે જ શીલાત્મક દેશ છે. આ વાત વિચારવી.

નિહ્નવો સમ્યક્ત્વભ્રષ્ટ હોવાથી દેશોન અર્ધ પુદ્ગલપરાવર્તકાળભાવી હોવાના કારણે ચરમાવર્તવર્તી જ હોય છે ને એમને ગરાનુષ્ઠાન કહેલ જ છે. માટે ચરમાવર્તમાં વિષ-ગર ન હોય એ વાત ઊભી રહી શકતી નથી.

સમાધાન : એ જ આરાધક-વિરાધકચતુર્ભંગીગ્રન્થની બીજી ગાથાની વૃત્તિમાં આવો અધિકાર છે. भवाभिनन्दिनां ख्यातिलाभाद्यर्थिनां गृहीतद्रव्यलिङ्गानां सकृदावर्तनादिदूरतरभूमिभाजां... **અર્થ :** ખ્યાતિ-લાભાદિના અર્થી હોવાના કારણે જેમણે દ્રવ્યલિંગનું ગ્રહણ કર્યું છે એવા એક પુદ્ગલાવર્ત વગેરેથી દૂરતર ભૂમિકામાં રહેલા ભવાભિનંદી જીવો... આ અધિકાર સ્પષ્ટ સૂચવે છે કે ભવાભિનંદી જીવનો સંસાર એક પુદ્ગલાવર્ત કરતાં અધિક જ હોય. એનો અર્થ કે ચરમાવર્તમાં જીવ ભવાભિનંદી ન જ હોય.. ને ભવાભિનંદી નથી, તો અપુનર્બન્ધક છે જ. કારણ કે ભવાભિનંદીના દોષો દૂર થવાથી જ જીવ અપુનર્બન્ધક બને છે. વળી, ભવાભિનંદિતા, તીવ્રભવાભિષ્વંગ, મુક્તિદ્વેષ.. આ બધું સમાનાર્થક જેવું જ છે એ આપણે જોઈ ગયા છીએ. એટલે ચરમાવર્તમાં મુક્તિદ્વેષ ન જ હોવાથી વિષ-ગર શી રીતે હોય ?

શંકા : પણ અહીં નિહ્નવને ગરાનુષ્ઠાન કહ્યું છે ને !

સમાધાન : એ કહેવા પાછળ કોઈ વિશેષ અભિપ્રાય હોવો જોઈએ જે શોધી કાઢવાનો પ્રયાસ જરૂરી છે.

શંકા : એના કરતાં જે શાસ્ત્રવચન પરથી તમે 'ચરમવર્તમાં વિષ-ગર ન હોય' એવું જણાવો છો, એનો કોઈ વિશેષ અભિપ્રાય હોવો જોઈએ... એમ કહીને આરાધક-વિરાધકચતુર્ભંગીના પ્રસ્તુત પાઠ પરથી 'ચરમાવર્તમાં પણ વિષ-ગર હોય..' આવું માનીએ તો ?

સમાધાન : એવું માનવું ઉચિત નથી, કારણ કે ચરમાવર્તમાં વિષ-ગર ન હોય એવું સૂચવનારા ઢગલાબંધ પાઠો છે.. જ્યારે એની સંભાવના સૂચવનાર આ એક જ પાઠ છે, માટે એમાં જ કોઈક વિશેષ અભિપ્રાય હોવાની સંભાવના કરવી ઉચિત છે.

શંકા : એ વિશેષ અભિપ્રાય શું હોઈ શકે ?

સમાધાન : જેમ વ્યાપન્નદર્શન શબ્દ સમ્યક્ત્વભ્રષ્ટ જીવને જણાવવાના અર્થમાં પ્રચલિત હોવા છતાં, પ્રસ્તુતઅધિકારમાં એ અનાદિમિથ્યાત્વી ભવાભિનંદીજીવને જણાવનાર છે, એવો અર્થ આપણે પૂર્વે જોઈ ગયા

છીએ, એ જ રીતે પ્રસ્તુતમાં પણ એવા ભવાભિનંદીજીવને પકડવાનો છે. માત્ર સાધુપણું લીધું છે ને એકાદ વાતમાં પ્રભુવચન કરતાં અલગ નિરૂપણ કરે છે. તેથી બાહ્યદૃષ્ટિએ નિહ્નવ છે ને ભગ્નશ્રુતશીલ છે. આવા જીવને ગરાનુષ્ઠાન ને એના દ્વારા નવમો ગ્રૈવેયેક.. આવું માનવામાં કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. અથવા,

નિહ્નવ શબ્દનો યથાશ્રુત અર્થ તરીકે સમ્યક્ત્વભ્રષ્ટજીવ જ લેવો હોય તો ગરાનુષ્ઠાન શબ્દનો પ્રસ્તુતમાં વિશેષ અર્થ લેવો. આશય એ છે કે ભવાભિનંદીને અનુષ્ઠાનના કારણે કાળાન્તરે નુકશાન થતું હોવાથી એ અનુષ્ઠાન હકીકતમાં ગરાનુષ્ઠાન છે. નિહ્નવને એના અનુષ્ઠાનના કારણે નહીં, પણ તીવ્રઅભિનિવેશના કારણે કાળાન્તરે નુકશાન થાય છે. છતાં, એ અભિનિવેશથી સંકળાયેલું હોવાથી જાણે કે અનુષ્ઠાનથી નુકશાન થયું એમ ઉપચાર લઈ એ અનુષ્ઠાનને ઉપચારથી ગરાનુષ્ઠાન કહ્યું છે એમ માનવું.

વળી, ગરાનુષ્ઠાન માટે તો દિવ્યભોગાભિલાષ વગેરે જોઈએ... જે નિહ્નવને છે નહીં, એને તો માત્ર કોઈક કદગ્રહ પકડાઈ ગયો છે. એટલે સીધેસીધું ગરાનુષ્ઠાન તો કહી શકાતું ન હોવાથી ક્યાંક ઉપચાર જરૂરી શું ન બને ?

આ કે આવો અન્ય કોઈ અભિપ્રાય લઈને સંગતિ કરવી, પણ ઢગલાબંધ શાસ્ત્રવિધાનો એકસૂરે જે સૂચિત કરે છે કે 'ચરમાવર્તમાં વિષ-ગર ન હોય' તેનો વિરોધ થાય એવો અર્થ કરવો નહીં.

શંકા : નિહ્નવના આ અનુષ્ઠાનને ઉપચારથી ભલે ગરાનુષ્ઠાન કહ્યું.. વાસ્તવિક એ કયું હોય ?

સમાધાન : આ નિર્ણય કઠિન છે. અમૃતઅનુષ્ઠાન નથી એ સ્પષ્ટ જ છે. તીવ્રભવાભિષ્વંગ-મુક્તિદ્વેષ ન હોવાના કારણે વિપરીતફલક ન હોવાથી વિષ-ગર નથી એ પણ નિઃશંક છે. હવે રહ્યા અનનુષ્ઠાન અને તદ્ધેતુ... જેમ ભવાભિનંદીજીવને ઈહ-પરલોક ઉભયની સ્પૃહા હોય ત્યારે બળાબળને અનુસરીને વિષ અથવા ગર થાય છે. જેમ શ્રીપાળકુંવર વગેરે જેવા ઉત્તમ પુરુષમાં પ્રબળ સંવેગની સામે ભૌતિકસ્પૃહા કામચલાઉ હોવાથી નિર્બળ હોવાના કારણે સરવાળે અનુષ્ઠાન અમૃત જ બને છે. એમ નિહ્નવને એકબાજુ ભૌતિકસ્પૃહાથી રહિત અનુષ્ઠાનતત્પરતા છે, બીજી બાજુ અભિનિવેશ છે. આમાં પ્રથમનું જોર વધારે હોય તો કદાચ તદ્ધેતુ બની શકતું હોય. બીજાનું જોર વધારે હોય તો બન્ને સામસામા ન્યુટ્રલ થઈને અનનુષ્ઠાન બનતું હોય.

શંકા : બીજાનું જોર ઓર વધારે તીવ્ર હોય તો ન્યુટ્રલ પણ ન બનતાં અશુભ જ બની શકે ને ?

સમાધાન : ના, અશુભ બનવા માટે = વિપરીત ફલક બનવા માટે તો તીવ્રભવાભિષ્વંગ જોઈએ જે સમ્યક્ત્વભ્રષ્ટજીવને સંભવતો નથી. એટલે તો મિથ્યાત્વે ગયા પછી પણ ક્યારેય એને અંતઃકો.કો. સાગરોપમથી અધિક બંધ કહ્યો નથી.

શંકા : આ રીતે સંભૂતિમુનિના અનુષ્ઠાનને પણ અનનુષ્ઠાન જ કહીએ તો ?

સમાધાન : એટલે એ વિષ-ગર તો નથી જ ને ? મારો મુખ્ય પ્રયાસ એ જ સાબિત કરવાનો છે કે એને વિષ-ગર ન કહી શકાય.. તદ્ધેતુ કહેવું કે ન કહેવું એ વાત બીજા નંબરે છે. તેમ છતાં, પૂર્વે બતાવી ગયો છું એ ઉપદેશરત્નાકરના અધિકાર મુજબ સનિદાનધર્મ પણ કથંચિદ્ગુણકર કહેવાયેલો છે. તેથી સંભૂતિમુનિના અનુષ્ઠાનને તદ્ધેતુઅનુષ્ઠાન કહેવામાં કશું વાંધા જેવું જણાતું નથી.

સંવિગ્નગીતાર્થ મહાત્માઓને આના પર સૂક્ષ્મ વિચારણા કરવા વિનંતી. જેનો કોઈ વિશેષ અભિપ્રાય ખોળી કાઢવો જરૂરી છે એવું એક અન્ય વિધાન પંચાશકજીનું આ પ્રમાણે છે - તન્ત્રનીતિ મુજબ ભાવિત કરાતું આ દીક્ષાવિધાન સકૃદ્બંધક અને અપુનર્બન્ધકજીવોના કુગ્રહનો શીઘ્ર વિરહ કરે છે. આમાં ટીકાકારે

कुग्रहविरहं=असदभिनिवेशविशेषवियोगं.. એમ વિવરણ કર્યું છે. એટલે કે અમુક ચોક્કસ પ્રકારના અસદ્આગ્રહનો વિયોગ કરે છે.

વિચારણા : આમાં અપુનર્બન્ધક માટે તો કોઈ પ્રશ્ન નથી. પણ સકૃદ્બંધકની જે વાત કરી છે.. એમાં કુગ્રહવિરહ જે થાય છે એ આત્માની દૃષ્ટિએ જો લાભકર્તા લેવાનો હોય તો અનેક પ્રશ્નો નિર્માણ થાય છે.

(૧) 'તમારે દીક્ષાવિધાન ભાવિત કરવું જોઈએ' આવા ઉપદેશના સકૃદ્બંધકને પણ અધિકારી માનવા પડે.. પણ શાસ્ત્રોમાં અપુનર્બન્ધકથી જ અધિકારી માનેલા છે. વળી અચરમાવર્તમાં તો જીવને અનધિકારી માનેલા છે. એટલે સકૃદ્બંધકને ચરમાવર્તમાં માનવા પડે, જે ઉચિત નથી, કારણ કે ચરમાવર્તપ્રવેશથી જીવ અપુનર્બન્ધક બની જાય છે.

(૨) સકૃદ્બંધક જીવ હજુ અપુનર્બન્ધક બન્યો ન હોવાથી ભવાભિનંદી છે. ભવાભિનંદીને તો નિરતિચાર સંયમ પણ વિપાકે વિરસ જ કહેવાયેલ છે, તો આનાથી શુભપરિણામ શી રીતે માની શકાય ?

(૩) અન્યત્ર સર્વત્ર સુકૃદ્બંધકને દ્વિર્બંધક વગેરે સાથે લીધા છે. અપુનર્બન્ધક સાથે નહીં. એટલે જ તો સકૃદ્બંધકની પૂર્વસેવા ઉપચારથી મનાયેલી છે.

(૪) યોગલક્ષણદ્વાત્રિંશિકાની ૧૯મી ગાથાની વૃત્તિમાં જણાવ્યું છે કે - અપુનર્બન્ધક સ્થાન પ્રાપ્ત ન થયું હોય ત્યારે (= સકૃદ્બંધકાદિને) તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પણ સંભવતી નથી, તો અભ્યાસ તો શી રીતે હોય ? (એટલે જ દીક્ષાવિધાનની વાસ્તવિક ભાવિતતા પણ શી રીતે હોય ?)

(૫) વળી એ પછીની ગાથામાં આમ જણાવ્યું છે કે પ્રકૃતિ જ્યારે અધિકારવાળી છે એ આવર્તમાં (= અચરમાવર્તમાં) તત્ત્વમાર્ગની જિજ્ઞાસા નિયમા હોતી નથી. આ બે ગાથાનું અનુસંધાન કરીએ તો જણાય છે કે સકૃદ્બંધકાદિ અચરમાવર્તમાં જ હોય છે, ચરમાવર્તપ્રવેશથી અપુનર્બન્ધક જ હોય. અચરમાવર્તમાં તો કશું જ આત્માની દૃષ્ટિએ લાભકર્તા બનતું નથી, તો દીક્ષાવિધાનની ભાવના પણ તેવી શી રીતે બની શકે ?

આવા અન્ય પણ ઢગલાબંધ પ્રશ્નો ઊભા થાય છે. એટલે અહીં કોઈ વિશેષ અભિપ્રાય હોવો જોઈએ. એ આવો જણાય છે કે - જીવ અનાદિકાળથી પાપના તીવ્ર આકર્ષણવાળો-તીવ્ર કદાગ્રહવાળો છે. દીક્ષાજીવન તો નિષ્પાપજીવન છે. એની ભાવનાથી આ કદાગ્રહ પર કંઈક ઘા પડે છે. આ ઘા પણ માત્ર તત્કાલીન જાણવો. દીર્ઘકાળે આત્માને લાભકર્તા કશું નહીં. પણ તત્કાળ અચરમાવર્તભાવી શ્રુતસામાયિકની પ્રાપ્તિ જેવો વિષય-કષાય-પાપપરિહાર જીવનમાં આવે.

એક મહત્ત્વની વાત - યોગવિંશિકાગ્રન્થમાં એમ જણાવ્યું છે કે-સર્વવિરત અને દેશવિરતજીવો ચૈત્યવંદનસૂત્રના તત્ત્વતઃ અધિકારી છે. અવિરતસમ્યક્ત્વી અને અપુનર્બન્ધકજીવો વ્યવહારથી અધિકારી છે... આમાં અપુનર્બન્ધકજીવો માટે વૃત્તિમાં ઉપાધ્યાયજી મહારાજે એમ જણાવ્યું છે કે-*ચૈત્યવંદનનું અનુષ્ઠાન કુગ્રહવિરહનું સંપાદન કરવાદ્વારા અપુનર્બન્ધકજીવોને પણ ફળસંપાદક બને છે એ વાત પંચાશકાદિગ્રન્થમાં પ્રસિદ્ધ છે.*

પંચાશકજીમાં અનુષ્ઠાન કુગ્રહવિરહ કરે એવી વાત આ દીક્ષાવિધાન માટે જે કરી છે એ જ છે, એ સિવાય ચૈત્યવંદન માટે અલગથી કશું કહ્યું નથી. એટલે જણાય છે કે ઉપાધ્યાયજી મહારાજ બીજા પંચાશકની આ ૪૪મી ગાથાનો જ નિર્દેશ કરી રહ્યા છે. અને આ ગાથાદ્વારા અપુનર્બન્ધકનો કુગ્રહવિરહ જ તેઓશ્રીને સંમત છે, સકૃદ્બંધકનો કુગ્રહવિરહ નહીં, કારણ કે તેઓશ્રીએ માત્ર અપુનર્બન્ધકનો જ ઉલ્લેખ કર્યો છે.

શંકા : અપુનર્બન્ધકના ઉપલક્ષણથી સકૃદ્બંધકને પણ લઈ શકાય ને ?

इहामुत्र फलापेक्षा भवाभिष्वङ्ग उच्यते ।
क्रियोचितस्य भावस्यानाभोगस्त्वतिलङ्घनम् ।। १०।।

इहेति । प्रागेव शब्दार्थकथनाद् गतार्थोऽयम् ।। १०।।

समाधान : ना. કારણકે જો એને પણ લઈએ તો એને પણ વ્યવહારથી અધિકારી માનવા પડે અને તો પછી એને પણ અપુનર્બન્ધકની જેમ વ્યવહારથી યોગ માનવો પડે. પણ યોગવિંશિકાની ત્રીજી ગાથાની વૃત્તિમાં ખુદ ઉપાધ્યાયજી મહારાજે જ એનો નિષેધ કર્યો છે. सकृद्बन्धकादीनां तु स्थानादिकमशुद्धपरिणामत्वाद् निश्चयतो व्यवहारतश्च न योगः, किन्तु योगाभास इत्यवधेयम् । **અર્થ :** *सकृद्बंधक વગેરેને તો અશુદ્ધપરિણામ હોવાના કારણે સ્થાનાદિ નિશ્ચયથી કે વ્યવહારથી યોગરૂપ નથી, પણ યોગાભાસ છે એમ જાણવું.*

વળી તેઓશ્રીએ આ વાતમાં યોગ બિન્દુગ્રન્થની નીચેની ગાથા સાક્ષી તરીકે આપી છે. सकृदावर्तनादीनामतात्त्विक उदाहृतः । प्रत्यपायफलप्रायस्तथावेषादि मात्रतः ।।३७०।। (યોગબિન્દુવૃત્તિને અનુસરીને અર્થ :) *सकृद्बंधकादिने (આદિ શબ્દથી દ્વિર્બંધક વગેરેને) યોગ અતાત્ત્વિક=નિશ્ચયથી અને વ્યવહારથી અતત્ત્વરૂપ હોય છે, કારણ કે હજુ તેઓ અશુદ્ધપરિણામવાળા હોય છે. વળી એ પ્રાયઃ પ્રત્યપાયફલક હોય છે, કારણ કે શ્રદ્ધાળુતા વગરના માત્ર તેવા સાધુપણાનાં વેષાદિ હોય છે.*

આ યોગબિંદુગ્રન્થ પણ શ્રીહરિભદ્રસૂરિમહારાજનો છે ને પંચાશકગ્રન્થ પણ એમનો જ છે. એટલે એ બેનો વિરોધ ન થાય એ રીતે જ અર્થ કરવો યોગ્ય ગણાય. એટલે પંચાશકજીમાં કહેલા કુગ્રહવિરહને વ્યવહારથી પણ અતાત્ત્વિક=પરંપરાએ પણ કે ઉપચારથી પણ તાત્ત્વિક ન બની શકનાર માનવો ઉચિત છે. અર્થાત્ ભાવિત કરાતું દીક્ષાવિધાન કે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન સુકૃદ્બંધકને ઉપર જણાવ્યા મુજબ પાપકરણના આગ્રહનો કામચલાઉ વિરહ કરે છે જે વિરહ તત્કાળ, અલ્પકાળે કે દીર્ઘકાળે પણ આત્મહિતની દૃષ્ટિએ કશો લાભકર્તા થવાનો નથી.

આના પર પણ સંવિગ્નગીતાર્થ બહુશ્રુતોને સૂક્ષ્મવિચારણા કરવા વિનંતી છે.

અહીં સપ્રસંગ એક અન્ય વાત-અનેક શાસ્ત્રાધિકારોના ચિંતન-અનુસંધાનથી મળતો નિષ્કર્ષ-ભૌતિક અપેક્ષાવાળા અનુષ્ઠાનો બે પ્રકારે-(૧) ભૌતિક અપેક્ષા તો હતી જ. એની સફળતા માટે અનુષ્ઠાન કરવામાં આવે. જેમ કે રોહિણીતપ વગેરે. સામાન્યથી આવા અનુષ્ઠાનમાં નિયાણું કહેવાતું નથી. એટલે એ પ્રતિબંધક પણ બનતું નથી. ઉપરથી એ જીવને આગળ વધારી નિરભિષ્વંગ અનુષ્ઠાન સુધી પહોંચાડે છે. તેથી આ તો ગુણકર જ છે. (૨) ભૌતિક અપેક્ષા વગર શુદ્ધ ભાવથી નિરભિષ્વંગ અનુષ્ઠાન કરે.. પણ પાછળથી એમાં ભૌતિક અપેક્ષા ભેળવીને એના બદલામાં એ ચીજ માગી લે.. આ નિયાણું કહેવાય છે. એ પ્રતિબંધક હોવાથી કથંચિદ્ દોષકર છે. અલબત્ત મુક્તિદ્વેષ ન હોવાના કારણે અનુષ્ઠાન વિષ-ગર ન બની શકવાથી તદ્ધેતુ બને છે. પણ એમાં નિયાણું જે છે માત્ર તે જ ત્યાજ્ય છે, અનુષ્ઠાન નહીં. એટલે જ ચિત્રમુનિએ સંભૂતિમુનિને અનશન છોડી દેવા જણાવ્યું નથી. અસ્તુ ॥ ૯ ॥

(अवतरणिका : પાંચ અનુષ્ઠાનમાંના પ્રથમ ત્રણને મિથ્યા બનાવનાર ભવાભિષ્વંગ અને અનાભોગ શું છે ? એ જણાવે છે -)

गाथार्थ : [1]આલોક- પરલોક સંબંધી ફળની અપેક્ષા ભવાભિષ્વંગ કહેવાય છે. [2]ક્રિયાને ઉચિતભાવનું ઉલ્લંઘન અનાભોગ કહેવાય છે.

विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम् ।
गुर्वादिपूजाऽनुष्ठानमिति पञ्चविधं जगुः ।। ११ ।।

विषमिति । पञ्चानामनुष्ठानानामयमुद्देशः ।।११।।

विषं लब्ध्याद्यपेक्षातः क्षणात्सच्चित्तनाशनात् ।
दिव्यभोगाभिलाषेण गरः कालान्तरे क्षयात् ।। १२ ।।

विषमिति । **लब्ध्याद्यपेक्षातः** = लब्धि-कीर्त्यादिस्पृहातो यदनुष्ठानं तद् **विषमुच्यते** । **क्षणात्** तत्कालं सच्चित्तस्य = शुभान्तःकरणपरिणामस्य नाशनात् (=**सच्चित्तनाशनात्**), तदाभोगेनैव तदुपक्षयात् । अन्यदपि हि स्थावर-जङ्गमभेदभिन्नं विषं तदानीमेव नाशयति।

टीकार्थ : (ભવાભિષ્વંગ અને અનાભોગ આ બન્ને) શબ્દોના અર્થ પૂર્વગાથાની ટીકામાં કહેવાઈ ગયેલા હોવાથી ગતાર્થ છે.

विवेचन : (૧) અહીં ભૌતિક શબ્દનો ઉલ્લેખ ન હોવા છતાં, આલોક-પરલોક સંબંધી ફળ તરીકે ભૌતિક ફળ જ સમજાય છે. એટલે જણાય છે કે જ્યારે અન્ય કોઈ વિશેષ ઉલ્લેખ ન હોય ત્યારે આલોક-પરલોકનું ફળ.. આલોક-પરલોકનું સુખ.. આલોક-પરલોકમાં વાંછિત આવા બધા શબ્દો ભૌતિક ફળ-સુખ- ઇચ્છિતને જ જણાવતા હોય છે. ભૌતિક અપેક્ષા અબાધ્યકક્ષાની હોય તો જ ભવાભિષ્વંગ છે. બાધ્યકક્ષાની હોય તો નહીં, આ વાત પૂર્વે વિચારી ગયા છીએ.

(૨) ગુરુપૂજન વગેરે અનુષ્ઠાન યોગની પૂર્વસેવારૂપ ક્રિયા છે. તેમ છતાં, એમાં મુક્તિદ્વેષ સાથે ભૌતિક અપેક્ષા ભળેલી હોય તો એ સંસારફળક બનતા હોવાથી વિપરીતપ્રણિધાનરૂપ છે. મુક્તિઅદ્વેષ કે મુક્તિના ઈષદ્રાગ સાથે ભૌતિક અપેક્ષા હોય તો એ અનુષ્ઠાન પરંપરાએ પણ મુક્તિનું કારણ બનતા હોવાથી એ અનુકૂળ પ્રણિધાન છે. તીવ્ર સંવેગ તો અત્યંત અનુકૂળ પ્રણિધાન છે. આમાંનું કોઈ જ પ્રણિધાન ન હોવું એ ક્રિયોચિત ભાવના ઉલ્લંઘનરૂપ છે ને તેથી અનાભોગ છે. ॥૧૦॥ (પાંચ અનુષ્ઠાનના નામ જણાવે છે-)

गाथार्थ : ગુર્વાદિપૂજા વગેરે અનુષ્ઠાન વિષ, ગર, અનનુષ્ઠાન, તદ્ધેતુ અને અમૃત.. આમ પાંચ પ્રકારે કહેવાયેલું છે.

टीकार्थ : પાંચ અનુષ્ઠાનોનો આ ઉદ્દેશ (=સામાન્ય ઉલ્લેખ) કર્યો. ॥૧૧॥ (હવે, યથોદ્દેશં નિર્દેશઃ ન્યાયે પ્રથમ વિષ-ગરનું સ્વરૂપ જણાવે છે-)

गाथार्थ : લબ્ધિ વગેરેની અપેક્ષાથી અનુષ્ઠાન વિષ બને છે, કારણ કે એ ક્ષણાત્=તત્કાળ સચ્ચિત્તનું મારણ કરે છે. દિવ્યભોગના અભિલાષથી અનુષ્ઠાન ગર બને છે, કારણ કે એ કાળાન્તરે સચ્ચિત્તનું મારણ કરે છે.

टीकार्थ : લબ્ધિ[૧]વગેરેની અપેક્ષાથી=લબ્ધિ, કીર્તિવગેરેની સ્પૃહાથી જે અનુષ્ઠાન થાય છે તે વિષઅનુષ્ઠાન કહેવાય છે, કારણ કે ક્ષણમાં જ = તત્કાળ જ ચિત્તનો=[૨]શુભઅંતઃકરણ પરિણામનો નાશ થાય છે. એટલે કે અનુષ્ઠાનથી મેળવેલા ભોગસુખથી જ એ શુભ પરિણામનો ક્ષય થઈ જાય છે. બીજું પણ સ્થાવર- જંગમ પ્રકારવાળું જે વિષ હોય છે, એ ત્યારે જ (પ્રાણોનો) નાશ કરી નાખે છે. ઐહિક ભોગથી નિરપેક્ષપણે સ્વર્ગસુખની વાંછા એ અહીં દિવ્યભોગાભિલાષ તરીકે અભિપ્રેત છે. તેના કારણે અનુષ્ઠાન ગર કહેવાય છે, કારણ કે એનાથી કાળાન્તરે=ભવાંતરમાં ક્ષય થાય છે. એટલે કે ભવાંતરમાં ભોગથી પુણ્યનો નાશ થઈ જવા

દ્વારા અનર્થનું સંપાદન થાય છે. કુદ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થયેલો વિષવિશેષ= એક ચોક્કસ પ્રકારનું ઝેર એ ગર છે. એનો કાળાન્તરમાં વિષમવિકાર પ્રગટ થાય છે. **(શંકા-)** ³આલોક-પરલોક બંનેની અપેક્ષાથી કરેલું અનુષ્ઠાન અલગ પડી જશે. **(સમાધાન-)** ના, નહીં પડે, બંને અપેક્ષામાં જે અધિક હશે તે બળવાન હોય છે એમ અમે સંભાવના કરીએ છીએ.

વિવેચન : (૧) વગેરે શબ્દથી આલોક સંબંધી સ્પૃહણીય બધી ભૌતિક ચીજો લેવાની છે. (૨) વિષ-ગર અચરમાવર્તમાં જ હોય છે. અચરમાવર્તમાં શુભ પરિણામ શું ? તો કે ધર્મકરણબુદ્ધિ. ભૌતિક ચીજની પ્રાપ્તિના સાધન તરીકે ધર્મને જોઈને ધર્મ કરવાની ઇચ્છા જાગે છે. આ એનું સચ્ચિત્ત છે. ધર્મના પ્રભાવે જેવી એ ચીજ મળી જાય છે એટલે તરત એ 'ગરજ સરી વૈદ વેરી' ન્યાયે ધર્મને છોડી દે છે. કારણ કે કોઈપણ ધર્મ કરવા માટે કંઈકને કંઈક અંશે પણ સંજ્ઞાઓની અટકાયત-વિષયકષાયનો ત્યાગ જરૂરી હોય છે. જે એને કોઈપણ હિસાબે માન્ય હોતા નથી. આમ ધર્મકરણબુદ્ધિનો નાશ એ સચ્ચિત્તનું મારણ છે. (૩) કાળાન્તરે બીજી કોઈ ઇચ્છા જાગે ને એના ઉપાય તરીકે અન્ય ધર્મ કરે એ વાત જુદી.

ચરમાવર્તવર્તી જીવ ભૌતિક ઇચ્છાથી ધર્મ કરે છે. પણ એની ઇચ્છા બાધ્ય હોવાથી એને પરિણામે ધર્મપ્રત્યે (=સદનુષ્ઠાનપ્રત્યે) રાગ-શ્રદ્ધા-આદર-કૃતજ્ઞભાવ પેદા થાય છે. એટલે કામ સરી ગયું હોવા છતાં ધર્મ કરવાની ઇચ્છા સરી જતી નથી. આમ ધર્મકરણ ઇચ્છા ઊભી રહેતી હોવાથી સચ્ચિત્તનું મારણ કહી શકાતું ન હોવાના કારણે એનું અનુષ્ઠાન વિષ-ગર ન બનતાં તદ્ધેતુ બને છે. વળી કાળાન્તરે બીજી કોઈ ભૌતિક ઇચ્છા પેદા થાય એટલે એના ઉપાય તરીકે એ અન્ય ધર્મ કરે છે. એમાં પણ ભૌતિક અપેક્ષા તો બાધ્ય જ હોય છે, કારણ કે ચરમાવર્તવર્તી હોવાથી મુક્તિદ્વેષ હોતો નથી. એટલે ફરીથી સદનુષ્ઠાનરાગ વગેરે થાય છે. આવું વારંવાર થવાથી વધતો જતો સદનુષ્ઠાનરાગ ભૌતિક રાગને=ભૌતિક ઇચ્છાને મોળી પાડતો જાય છે ને છેવટે ભૌતિક ઇચ્છા ખસી જાય છે, આત્મહિતની ઇચ્છા પ્રબળ બનતી જાય છે. એટલે નિરભિષ્વંગ અનુષ્ઠાન થવાથી ઉલ્લાસ ઊછળતાં અમૃતઅનુષ્ઠાન આવે છે.

અચરમાવર્તવર્તી જીવને આ સંભવતું નથી. કારણ કે મુક્તિદ્વેષના પ્રભાવે એની ઇચ્છા અબાધ્ય હોય છે. અબાધ્ય એટલે ? ગમે એટલીવાર - વારંવાર ધર્માનુષ્ઠાન કરે તો પણ એ અનુષ્ઠાન એની ભૌતિક ઇચ્છાને અંશમાત્ર પણ બાધા પહોંચાડી શકતું નથી... અંશમાત્ર પણ મોળી પાડી શકતું નથી. એટલે અનંતકાળમાં અનંતીવાર ધર્મ કરવા છતાં એને ભૌતિક અપેક્ષા એવી ને એવી અકબંધ-ગાઢ બની રહેલી હોય છે. તેથી નિરભિષ્વંગ અનુષ્ઠાન માટેની અંશમાત્ર પણ ભૂમિકા સર્જાતી ન હોવાથી એનું અનુષ્ઠાન તદ્ધેતુ બની શકતું નથી. વળી એનો જેમ મુક્તિ પ્રત્યે દ્વેષ છે એમ અંદરખાને તો મુક્તિના ઉપાયભૂત આ અનુષ્ઠાન પ્રત્યે પણ દ્વેષ જ હોય છે. સપનામાં પણ એનું નામ પડે ને ભડકી ઊઠે એવી એલર્જી હોય છે. કારણ કે અનુષ્ઠાન કરવામાં તો પોતે સુખના આધાર તરીકે સર્વે સર્વા રૂપે માની લીધેલા વિષયાદિને છોડવા પડતા હોય છે.

પ્રશ્ન : તો પછી એ અનુષ્ઠાન શા માટે કરે ?

ઉત્તર : આ કડવી દવા જેવું છે. દર્દીને એ દીઠી રુચતી નથી.. છતાં, બાહ્ય દૃષ્ટિએ જુઓ તો-સમય થાય એટલે એ જ સામેથી દવા માગશે. ભારે કાળજીપૂર્વક લેશે.. એના માટે હજારો રૂપિયા ખર્ચશે. કોઈક આઘુપાછું કરે તો એના પર ગુસ્સે થઈ જશે.. આ બધું હોવા છતાં અંદર ? અંદર એ જ ભારે અણગમો.. એટલે જેવી પ્રતીતિ થાય કે રોગ મટી ગયો, હવે દવા જરૂરી નથી, એટલે તરત જ છોડી દેશે. બસ આવું જ અચરમાવર્તવર્તી જીવને ધર્માનુષ્ઠાન માટે છે. સ્વઇચ્છિત ભૌતિક ચીજનો આ જ સરળ-સબળ ઉપાય છે એવી પ્રતીતિ થવા પર કડવી દવાની જેમ એ ધર્મનું સેવન કરે છે. એનાથી ઇચ્છિતની પ્રાપ્તિ પણ થાય છે. છતાં,

दिव्यभोगस्याभिलाषः = ऐहिकभोगनिरपेक्षस्य सतः स्वर्गसुखवाञ्छालक्षणस्तेन **(=दिव्यभोगाभिलाषेण)** अनुष्ठानं गर उच्यते । **कालान्तरे** = भवान्तरलक्षणे **क्षयाद्** भोगात्पुण्यनाशेनानर्थसम्पादनात् । गरो हि कुद्रव्यसंयोगजो विषविशेषः, तस्य च कालान्तरे विषमविकारः प्रादुर्भवतीति । 'उभयापेक्षाजनितमतिरिच्यते?' न, उभयापेक्षायामप्यधिकस्य बलवत्त्वादिति सम्भावयामः ।। १२ ।।

सम्मोहादननुष्ठानं सदनुष्ठानरागतः ।
तद्धेतुरमृतं तु स्याच्छ्रद्धया जैनवर्त्मनः ।। १३ ।।

सम्मोहादिति । **संमोहात्**=सन्निपातोपहतस्येव सर्वतोऽनध्यवसायाद**ननुष्ठान**मुच्यते, अनुष्ठानमेव न

અચરમાવર્તકાળનો પ્રભાવ જુઓ- એને ક્યારેય આ દવા બતાવનાર (શ્રી અરિહંત ભગવાન) પર , કે આ દવા પોતાને આપનાર (ગુરુ ભગવંત) પર અકૃત્રિમ ભક્તિ અંશમાત્ર ઊછળતી નથી. એમ એ દવામાં એને ક્યારેય મધુરતા ભાસતી નથી.. એમાં સતત કડવાશ.. કડવાશ.. ને કડવાશ જોયા કરનારા એને, ધર્મ પર અંદરખાને દ્વેષ જ ઊભરાયા કરે છે જે એના અનુષ્ઠાનને વિષ-ગર બનાવ્યા કરે છે.

અલબત્ ચરમાવર્તવર્તી જીવને પણ પ્રારંભે ધર્મ કાંઈ ગમતો નથી, કારણ કે અનંતકાળથી અભ્યસ્ત થયેલ વિષય-કષાય અને સંજ્ઞાઓની સામે પડવું એ અતિ અતિ કઠિન છે. એટલે ચરમાવર્તના પ્રભાવે અંદરખાને મુક્તિ પ્રત્યે- મુક્તિના ઉપાયભૂત ધર્મ પ્રત્યે અદ્વેષ હોવા છતાં બહારથી અણગમો પ્રવર્તે છે ને તેથી કડવાશનાં દર્શન હોય છે. તેમ છતાં કડવી દવાની જેમ ઇચ્છિતની પ્રાપ્તિ માટે એ પણ ધર્મને સેવે છે. પણ અંદર રહેલા અદ્વેષનો પ્રભાવ જુઓ... ધર્મના આ સેવનથી તથા એનાથી થયેલ ઇચ્છિતની પ્રાપ્તિથી ધર્મમાં ભલે અતિ અલ્પ.. છતાં કંઈક પણ મધુરતાનાં એને દર્શન થાય છે ને તેથી એટલે અંશે ધર્મ પ્રત્યે અણગમો ખસી ગમો ઊભો થાય છે.. પુનઃ પુનઃ ધર્મ સેવવા પર આ ગમાનું પ્રમાણ વધતું જાય છે. અને પછી પૂર્વે જણાવ્યું એમ, ક્રમશઃ નિરભિષ્વંગ-અમૃત અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. માટે ચરમાવર્તમાં અનુષ્ઠાન તદ્ધેતુ બને છે.

(૩) જે અચરમાવર્તવર્તી જીવને આલોકમાં વૈભવાદિ જોઈએ છે ને પરલોકમાં દેવલોક જોઈએ છે.. આવી બંને ઇચ્છાથી એ જે ધર્માનુષ્ઠાન કરશે એનો વિષમાં સમાવેશ નહીં થાય, કારણ કે પરલોકની ઇચ્છા પડેલી છે, એમ ગરમાં પણ નહીં થાય, કારણ કે આલોકસંબંધી ઇચ્છા રહેલી છે. એટલે એને પાંચ કરતાં ભિન્ન છઠ્ઠા અનુષ્ઠાન તરીકે ગણવું પડશે. આવી શંકાનું ગ્રન્થકારે સમાધાન આપ્યું છે કે, 'ના અલગ અનુષ્ઠાન ગણવાની જરૂર નથી, પણ આલોકની ઇચ્છા બળવાન હોય તો વિષ ગણવું, અને પરલોકની બળવાન હોય તો ગર ગણવું' એમ અમને સમજાય છે.

શંકા : ચરમાવર્તવર્તી જીવને આવી ઇચ્છા હોય તો કયું અનુષ્ઠાન ગણવું ?

સમાધાન : એના માટે આલોક-પરલોક ભેદની વિવક્ષા ન હોવાથી બધું જ તદ્ધેતુ ગણવાનું છે. ॥૧૨॥

(હવે અનનુષ્ઠાન વગેરે ત્રણને જણાવે છે-)

ગાથાર્થ : સમ્મોહથી થતી ધર્મક્રિયા એ અનનુષ્ઠાન છે, સદનુષ્ઠાનના રાગથી થતી ધર્મક્રિયા એ તદ્ધેતુ છે. જ્યારે જૈનમાર્ગની શ્રદ્ધાથી થતી ધર્મક્રિયા એ અમૃતઅનુષ્ઠાન છે.

ટીકાર્થ : [1]સંનિપાતગ્રસ્ત પુરુષને જેમ બધી રીતે અનધ્યવસાય (=બેખબરદારી) હોય છે, એમ અનુષ્ઠાન અંગે સર્વથા બેખબરદારી એ સમ્મોહ છે. આવા સમ્મોહથી થતું અનુષ્ઠાન અનનુષ્ઠાન કહેવાય છે, કારણ કે એ અનુષ્ઠાન જ નથી. [2]તાત્ત્વિકદેવપૂજાદિ આચાર પ્રત્યે ભાવબહુમાનરૂપ સદનુષ્ઠાનના રાગના કારણે આદિધાર્મિક

भवतीति कृत्वा ।

सदनुष्ठानरागतः = तात्त्विकदेवपूजाद्याचारभावबहुमानादादिधार्मिककालभाविदेवपूजाद्यनुष्ठानं **तद्धेतु**रुच्यते, मुक्त्यद्वेषेण मनाग् मुक्त्यनुरागेण वा शुभभावलेशसङ्गमादस्य सदनुष्ठानहेतुत्वात् ।

કાળભાવી દેવપૂજાદિ અનુષ્ઠાન તદ્ધેતુ કહેવાય છે. કારણ કે મુક્તિઅદ્વેષના કે કંઈક મુક્તિઅનુરાગના પ્રભાવે આમાં શુભભાવનો અંશ ભળેલો હોવાથી સદનુષ્ઠાનની હેતુતા=કારણતા રહી હોય છે. [૩]શ્રી જિનેશ્વરદેવે કહેલા માર્ગની 'આ જ તત્ત્વ છે' એવા અધ્યવસાયરૂપ શ્રદ્ધાથી અનુષ્ઠાન અમૃત બને છે, કારણ કે એ અમરણનો હેતુ છે. યોગબિંદુ (૧૬૦)માં કહ્યું છે-*'જિનેશ્વરદેવે કહેલું આ અનુષ્ઠાન છે' આવા ભાવની પ્રધાનતાવાળું તથા અત્યંત સંવેગગર્ભિત એવા આને=ધર્માનુષ્ઠાનને મુનિપુંગવો અમૃત કહે છે.*

વિવેચન : (૧) જેમ સંનિપાતનો રોગી પોતે જે કાંઈ બોલે કે કરે છે એની પાછળ એનું કોઈ સારું કે નરસું પ્રયોજન હોતું નથી, વગર પ્રયોજને જ બકવાસ કે ચાળા કરતો હોય છે. એમ જીવ ક્યારેક સંમોહના પ્રભાવે ભૌતિક કે આધ્યાત્મિક કોઈપણ પ્રયોજન વિના ધર્માનુષ્ઠાન કરતો હોય છે. વળી સંનિપાતનો રોગી જેવા શબ્દો કે ક્રિયા કરતો હોય એવા ભાવ અંદર હોતા નથી. જેમ કે ગાળ બોલતો હોય પણ અંદર કોઈ તિરસ્કાર હોતો નથી. ક્રોધીની જેમ આંખ કાઢતો હોય પણ અંદર ગુસ્સો હોતો નથી. એ રીતે સંમોહના પ્રભાવે જીવ બોલાતાં સૂત્રો કે કરાતી ક્રિયાને અનુરૂપ ભાવ ધરાવતો હોતો નથી. પડિલેહણ કરે પણ અંદર દયા-જયણાનો કોઈ ભાવ નહીં. ઇરિયાવહિયા સૂત્ર બોલે-મિચ્છામિ દુક્કડં કહે, પણ એના શબ્દોમાં અર્થનું કોઈ સંવેદન નહીં.. ચૈત્યવંદન-ગુરુવંદન કરી લે પણ ભક્તિનો અંશ પણ અંદર સ્પર્શ્યો ન હોય.

આમ, પ્રયોજન-આંતરિક પરિણામ વગેરેરૂપ ક્રિયોચિતભાવાત્મક જે કોઈ અધ્યવસાય, એ બધાનો અભાવ હોવો એ સર્વતોઅનધ્યવસાય છે. આવા બધા જ પ્રકારના ભાવનો અભાવ જણાવવા માટે અહીં સર્વતઃ શબ્દ વાપરેલો છે. કોઈપણ ક્રિયામાં છેવટે એનો ભાવ એ જ પ્રાણ હોય છે. અનેક ભાવરૂપ અનેક પ્રાણમાંનો એક પણ પ્રાણ ન હોય તો પછી એ ક્રિયા ક્રિયા રહેતી જ નથી, કારણ કે એ રીતે ક્રિયા કરો કે ન કરો.. કશો ફરક પડતો નથી. ક્રિયા કરવા છતાં ન કરવા તુલ્ય જ હોય છે. માટે અહીં જણાવ્યું કે અનુષ્ઠાન=ક્રિયા જ થતી નથી. ને તેથી એ અનનુષ્ઠાન છે.

(૨) તાત્ત્વિકદેવપૂજા વગેરે આચારરૂપ સદનુષ્ઠાન પ્રત્યેની આંતરિક પ્રીતિસ્વરૂપ ભાવબહુમાન એ સદનુષ્ઠાનરાગ છે. આવા સદનુષ્ઠાનરાગથી આદિધાર્મિક અવસ્થામાં જે દેવપૂજા વગેરે અનુષ્ઠાન થાય છે તે તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે. આ તદ્ધેતુ શબ્દ સાન્વર્થ છે. તદ્ધેતુ=તેનો હેતુ=સદનુષ્ઠાનનો હેતુ. આ અનુષ્ઠાન મુક્તિઅદ્વેષના કારણે કે કંઈક મુક્તિરાગના કારણે શુભભાવનો અંશ ભળેલો હોવાથી સદનુષ્ઠાનનો હેતુ બને છે, માટે તદ્ધેતુ છે.

શંકા : તમે તો પૂર્વે જણાવેલું કે બાધ્ય ભૌતિક ફળાપેક્ષા હોય તો તદ્ધેતુ અનુષ્ઠાન થાય છે. અહીં તો એની કોઈ વાત કરી નથી.

સમાધાન : બાધ્ય ભૌતિકફળાપેક્ષા સદનુષ્ઠાનના રાગને કરનારી છે. એ વાત આગળ આવશે. એટલે એનાથી સદનુષ્ઠાનરાગ પેદા થાય છે જે અનુષ્ઠાનને તદ્ધેતુ બનાવે છે. પણ જો ફળાપેક્ષાનો જ ઉલ્લેખ કરવામાં આવે તો એનાથી તો વિષ-ગર પણ થતા હોવાથી સંદેહ પડે. સદનુષ્ઠાનનો રાગ કહેવાથી કોઈ પ્રશ્ન જ ન રહે. એટલે જ વિષ-ગર માટે પણ ફળાપેક્ષા ન કહેતાં ભવાભિષ્વંગ કહ્યો. મુક્તિદ્વેષ સહકૃત ભૌતિક અપેક્ષા જ ભવાભિષ્વંગ છે, એ સિવાયની અપેક્ષા અભિષ્વંગ છે, પણ ભવાવિષ્વંગ નથી. અલબત્ ભવાભિષ્વંગની

जैनवर्त्मनो जिनोदितमार्गस्य **श्रद्धया** = 'इदमेव तत्त्वमि'त्यध्यवसायलक्षणया **त्वनुष्ठानममृतं स्याद्**, अमरणहेतुत्वात् । तदुक्तं-*"जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः । संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ।।"* (यो.बिं.१६०) ।।१३।।

चरमे पुद्गलावर्ते तदेवं कर्तृभेदतः ।
सिद्धमन्यादृशं सर्वं गुरुदेवादिपूजनम् ।। १४।।

चरम इति । निगमनं स्पष्टम् ।। १४।।

व्याख्यामां फळापेक्षा कही. ने એના आलोक-परलोकभेदे बे भेद होवाथी विष-गर बे भेद बताव्या. तद्धेतु माटे तो सदनुष्ठान रागने ज प्रयोजक कह्यो. એटले એना बे भेद बताववानी જરૂર न रही. बाध्य भौतिकअपेक्षा आलोकनी, परलोकनी के उभयलोकनी होय.. એ બधी सदनुष्ठान रागने पेदा करे छे ने એ सदनुष्ठानराग अनुष्ठानने तद्धेतु बनावे छे.

अनुष्ठानमां शुभ भावांशनो योग होवा छतां विधि वगेरेनुं शक्यपालन-परिपूर्णपालन, अत्यंत संवेग वगेरे न होवाथी आ अनुष्ठान अमृतअनुष्ठान बनतुं नथी. तेम छतां એ अमृतअनुष्ठाननो श्रेष्ठ=अवंध्य हेतु तो बने ज छे. तेथी એ तद्धेतु अनुष्ठान कहेवाय छे.

(૩) अमृतअनुष्ठान-*'अहो ! आ अनुष्ठान (मारा) भगवाने कह्युं छे' 'आ ज तत्त्व छे' आवी ज्वलंत श्रद्धानी प्रधानतावाळुं अने अत्यंत संवेग गर्भितं=अत्यंत मोक्षाभिलाषायुक्त એवा आने=अनुष्ठानने श्री गौतम वगेरे मुनिपुंगवो अमृत कहे छे, कारणके એ ज्यां मरण नथी એवा अमरणनुं=मोक्षनुं कारण छे.* आवो अहीं योगबिंदुना श्लोकनो अर्थ जाणवो.

'मारा भगवाने कह्युं छे' आ ज वातनी महत्ता ने प्रबळ श्रद्धा छे. એटले भगवाने विवक्षित अनुष्ठान जे रीते करवानुं कह्युं होय ते बधी विधिनुं सूक्ष्मताथी पालन करवानो स्वारसिक आग्रह ऊभो थाय ज. वळी पौद्गलिक सुखोनी क्षणभंगुरता, अविश्वसनीयता, दुःख प्रतिकाररूपता, विपाकदारुणता, पराधीनता वगेरेनी प्रतीति थयेली छे ने એनी सामे अपौद्गलिक सुखनी कंईक पण अनुभूति साथे मोक्षनी सुंदरतानी पिछाण थयेली छे. એटले मोक्षनी तीव्र ઝंખना पेदा थयेली छे. जे पण એना उपायभूत देवपूजनादि अनुष्ठाननी तीव्ररुचि पेदा करावे छे ने એना कारणे पण એना वेळा-विधि वगेरे जाळववानो स्वारसिक आग्रह ऊभो थाय छे. એटले એक बाजु मोक्षनी तीव्र अभिलाषारूप अत्यंत संवेग छे अने बीजी बाजु विधिनुं परिपूर्ण पालन छे એटले अनुष्ठान अमृत अनुष्ठानरूप बने छे. ॥१३॥ (कर्ताना भेदे अनुष्ठाननो भेद थाय छे એ समजाववा माटे पांच अनुष्ठानो जणाव्या बाद हवे तेनुं निगमन करे छे-)

गाथार्थ : तेथी आ रीते, चरम पुद्गलपरावर्तमां कर्तानो भेद थतो होवाना कारणे गुरुदेवादिपूजन रूप બधुं अनुष्ठान अलग प्रकारनुं होय छे એ वात सिद्ध थई.

टीकार्थ : निगमन स्पष्ट छे.

विवेचन : योगबिंदुग्रन्थनी वृत्तिमां अन्यादृशं=मुक्त्यद्वेषादेः पूर्वपरावर्तकालभाविनो देवादिपूजनाद्विलक्षणं... आवी व्याख्या करी छे. अर्थात् अचरमावर्तनो उल्लेख मुक्तिअद्वेष वगेरेथी पूर्वना परावर्त तरीके कर्यो छे. आ जणावे छे के चरमावर्तमां प्रवेशमात्रथी मुक्तिअद्वेष प्रगटी ज जाय. अने એमां आदि शब्द जे पडेलो छे ते अपुनर्बन्धकत्वनो समावेश करी शके छे.

वळी आ निगमनमां आशयभेद न कहेतां मात्र काळकृत कर्ताभेद ज कह्यो छे. એ सूचवे छे के जीव

सामान्ययोग्यतैव प्राक् पुंसः प्रववृते किल ।
तदा समुचिता सा तु सम्पन्नेति विभाव्यताम् ।। १५।।

सामान्येति । **सामान्ययोग्यता** = मुक्त्युपायस्वरूपयोग्यता । समुचितयोग्यता तु तत्सहकारियोग्यतेति विशेषः । *पूर्वं ह्येकान्तेन योगायोग्यस्यैव देवादिपूजनमासीत्, चरमावर्ते तु समुचितयोग्यभावस्येति चरमावर्तदेवादिपूजनस्यान्यावर्तदेवादिपूजनादन्यादृशत्व*मिति **योगबिन्दुवृत्तिकारः** (गा.१६२) ।।१५।।

ચરમાવર્તમાં આવવા માત્રથી હવે એનું અનુષ્ઠાન અચરમાવર્તભાવી એના અનુષ્ઠાનથી અલગ પ્રકારનું થઈ જાય છે. એટલે કે અચરમાવર્તમાં વિષ-ગર હતું તો ચરમાવર્તમાં એનાથી અલગ પ્રકારનું તદ્ધેતુ વગેરે જ હોય.

શંકા : ચરમાવર્તમાં આવવા માત્રથી અનુષ્ઠાન બદલાઈ જાય આ વાત બરાબર નથી, કારણ કે અનાભોગથી તો ચરમાવર્તમાં પણ અનનુષ્ઠાન જ થાય છે. એટલે કાળભેદ સાથે આશયભેદ પણ કહેવો જોઈએ.

સમાધાન : કાળભેદે કર્તાભેદે અનુષ્ઠાનભેદની જે પ્રસ્તુત વાત છે, તે ધર્માનુષ્ઠાન માટે છે. અનાભોગથી થતું અનુષ્ઠાન વસ્તુતઃ ધર્માનુષ્ઠાન છે જ નહીં. એટલે જ એનું નામ અનનુષ્ઠાન છે. અને એટલે જ તેરમી ગાથાની ટીકામાં એના માટે અનુષ્ઠાનમેવ ન ભવતિ એ ધર્માનુષ્ઠાન જ નથી એમ જણાવ્યું છે. એટલે ભોજન-શયનાદિ અંગે જેમ વિલક્ષણતાનો કોઈ વિચાર નથી એમ અનનુષ્ઠાનઅંગે પણ એ છે જ નહીં, પછી 'ચરમાવર્તમાં અનુષ્ઠાન વિલક્ષણ જ હોય= વિષ-ગર ન જ હોય..' આ નિયમમાં પ્રશ્ન જ ક્યાં છે ? ॥૧૪॥ (ચરમાવર્તમાં અનુષ્ઠાન વિલક્ષણ જ કેમ હોય છે ? તે હવે જણાવે છે-)

ગાથાર્થ : જીવની પહેલાં સામાન્ય યોગ્યતા જ પ્રવર્તમાન હતી. ત્યારે (=ચરમાવર્તમાં) એ સમુચિત બને છે, એમ વિચારવું.

ટીકાર્થ : 'મુક્તિઉપાયોની સ્વરૂપયોગ્યતા એ સામાન્ય યોગ્યતા છે. એના સહકારીની યોગ્યતા એ સમુચિત યોગ્યતા છે. આ તફાવત જાણવો. પૂર્વે (=અચરમાવર્તમાં) જીવ યોગ માટે એકાન્તે અયોગ્ય હતો. ચરમાવર્તમાં એ સમુચિતયોગ્યતાવાળો બન્યો હોય છે. માટે ચરમાવર્તમાં જીવે કરેલ દેવાદિપૂજન, અન્ય આવર્તમાં કરેલ દેવાદિપૂજન કરતાં અલગ પ્રકારનું થાય છે એમ યોગબિન્દુના વૃત્તિકારે કહ્યું છે.

વિવેચન : રેતી, પથ્થર જેવી થઈ ગયેલી અત્યંત ખડકાળ માટી, ચાલુ માટી અને પિંડ... આ ચાર વસ્તુથી પ્રસ્તુત વાત સમજીએ. અભવ્ય જીવ રેતી જેવો છે. ઘડો બનવાની એમાં મૂળથી જ કોઈ યોગ્યતા નથી. અચરમાવર્તવર્તી જીવ ખડકાળ માટી જેવો છે. એમાં ઘડો બનવાની યોગ્યતા છે ખરી. પણ એને અનુરૂપ હાલ એની અવસ્થા નથી. કુંભાર એને ચાકડા પર મૂકી ગમે એટલો પ્રયત્ન કરે તો પણ કશું જ પરિણામ નીપજતું નથી. એમ અચરમાવર્તમાં રહેલો જીવ ઠેઠ નિરતિચાર સંયમ પાલન સુધીનો પુરુષાર્થ કરે, છતાં મુક્તિ કે મુક્તિના ઉપાયને અનુકૂળ કોઈ જ પરિણામ ઊભો થઈ શકતો નથી. ચરમાવર્ત પ્રવેશથી જીવ ચાલુ માટી જેવો બને છે. એટલે યોગની પૂર્વસેવારૂપ દેવાદિપૂજન એને પિંડ જેવો બનાવે છે, અર્થાત્ હવે જીવ સહકારી કારણોની યોગ્ય અસરો ઝીલવા યોગ્ય બની ગયો. આમ અચરમાવર્તમાં ખડકાળમાટીની જેમ માત્ર સ્વરૂપયોગ્યતા છે અને ચરમાવર્તમાં ચાલુ માટીની જેમ સમુચિતયોગ્યતા છે. એટલે અચરમાવર્તના દેવાદિપૂજન કરતાં ચરમાવર્તના દેવાદિપૂજન વિલક્ષણ હોય છે.

આમાં સમુચિતયોગ્યતા શાનાથી પ્રગટ થાય છે ? એ માટે વિશેષ કશો ઉલ્લેખ નથી. એ જણાવે છે કે ચરમાવર્તમાં પ્રવેશ કરવા માત્રથી એ સમુલ્લસિત થઈ જાય છે. ॥૧૫॥ (ચરમાવર્તમાં અનુષ્ઠાન વિલક્ષણ પ્રકારનું હોય છે એ જણાવ્યું. તો એ કયા પ્રકારનું હોય ? એ હવે જણાવે છે-)

ગાથાર્થ : ચરમાવર્તમાં પ્રાયઃ કરીને ચોથું અનુષ્ઠાન હોય છે. અનાભોગાદિ આવે તો અન્યથા પણ સંભવે.

ટીકાર્થ : ચરમાવર્તમાં પ્રાયઃ=ઘણું કરીને ચોથું તદ્ધેતુ નામનું અનુષ્ઠાન હોવું માન્ય છે. ક્યારેક અનાભોગ વગેરે ભાવ હોય તો અન્યથાં=તદ્ધેતુ સિવાયનું પણ અનુષ્ઠાન સંભવે છે. (ગાથાના પૂર્વાર્ધમાં રહેલા) પ્રાયઃ શબ્દથી આ અર્થ મળે છે.

વિવેચન : ચરમાવર્તમાં ઘણુંખરું તદ્ધેતુ અનુષ્ઠાન હોય છે. ક્યારેક એ સિવાયનું અનુષ્ઠાન પણ હોય છે. આમાં એ સિવાયના અનુષ્ઠાન તરીકે અનનુષ્ઠાન અને અમૃતઅનુષ્ઠાન આ બે જ લેવાના છે કે વિષ-ગર પણ લેવાના છે ? આ સૂક્ષ્મતાથી વિચારીએ તો જણાય છે કે વિષ-ગર લેવાના નથી. તે આ રીતે-

વિષ-ગર, અનનુષ્ઠાન, તદ્ધેતુ અને અમૃત.. આ ક્રમમાં અનુષ્ઠાનો કહ્યાં છે અને એના કારણ તરીકે ક્રમશઃ ભવાભિષ્વંગ, અનાભોગ, સદનુષ્ઠાનરાગ અને જૈનમાર્ગની શ્રદ્ધા કહ્યા છે. ગાથાના ઉત્તરાર્ધમાં अनाभोगादिभावे શબ્દ રહેલો છે, જેનો સમાસવિગ્રહ अनाभोग आदौ येषां ... એવો થઈ શકે. અનાભોગ કાંઈ ભવાભિષ્વંગની આદિમાં નથી. એ તો સદનુષ્ઠાનરાગ અને જૈનમાર્ગશ્રદ્ધાની આદિમાં જ છે. એટલે અનાભોગાદિ ભાવ તરીકે ભવાભિષ્વંગ પકડી ન શકાવાથી વિષ-ગર લઈ ન શકાય.

'શ્રીअજિતાદિતીર્થંકર દેવો...' આ રીતે ઉલ્લેખ હોય ત્યારે શ્રીઋષભદેવનો સમાવેશ ન જ થાય. એમનો સમાવેશ પણ અભિપ્રેત હોય તો 'શ્રીઋષભાદિતીર્થંકર દેવો' એવો જ ઉલ્લેખ જોઈએ. એમ પ્રસ્તુતમાં જાણવું.

શંકા : એ તો છંદોભંગ ન થાય એ માટે ભવાભિષ્વંગનો ઉલ્લેખ ન કરતાં અનાભોગનો કર્યો હોય...

સમાધાન : ના, अभिष्वंगादिभावे तु... આ રીતે કહેવામાં કોઈ છંદોભંગ થતો નથી. અને 'અભિષ્વંગ' શબ્દ પરથી પ્રકરણવશાત્ તથા भीमो भीमसेनः ન્યાયે ભવાભિષ્વંગ મળી જ જાય છે. અથવા भवाष्वंगादि ભાવે તુ આ રીતે લેવામાં પણ અર્થ મળી જાય છે ને છંદોભંગ થતો નથી.

શંકા : અનાભોગના ઉપલક્ષણથી ભવાભિષ્વંગ લઈ લઈએ તો ?

સમાધાન : તો આદિ શબ્દ અસંગત બની જાય. કારણ કે એ રીતે શ્રદ્ધા પણ ઉપલક્ષણથી જ લઈ શકાય છે, પછી આદિ કોના માટે ? ઉપલક્ષણથી લેવાનો અભિપ્રાય હોય ત્યારે આદિ શબ્દ હોય નહીં.

વળી, ચરમાવર્તમાં વિષ-ગર પણ લેવાનો તમારો આગ્રહ કેમ છે ?

શંકા : એટલા માટે કે ભૌતિક આશંસાથી અનુષ્ઠાન કરે તો એનો વિષ-ગરમાં સમાવેશ થઈ શકે.

સમાધાન : તો પછી ગાથામાં બાહુલ્યેન-ઘણુંખરું આવો અર્થ જણાવનાર પ્રાયઃ શબ્દ જે રહ્યો છે, તે અસંગત બની જશે. આશય એ છે કે વિરાટ ચરમાવર્તકાળમાં જીવ ભૌતિક આશંસાથી મુક્ત બન્યો રહે એવો કાળ તો બહુ જ ઓછો હોય છે. દેશોનપુદ્ગલપરાવર્ત જેટલા બહુ મોટા ભાગના કાળમાં ભૌતિક આશંસા બેઠી જ હોય છે. એટલે ભૌતિક આશંસાવાળા અનુષ્ઠાનને જો વિષ-ગરનું લેબલ મારવાનું હોય તો 'ચરમાવર્તમાં પ્રાયઃ વિષ-ગર હોય છે' એવું કહેવું પડે. તેથી તદ્ધેતુની સંભાવના બહુ જ અલ્પ રહેવાથી 'ચરમાવર્તમાં પ્રાયઃ તદ્ધેતુ હોય છે' આ વાત અસંગત ઠરી જ જાય.

શંકા : મોટે ભાગે અપેક્ષા હોય છે એ વાત તો સાચી છે. પણ એમાં જે અબાધ્ય હોય તે જ વિષ-ગરનું કારણ બને છે.... ને એવી અપેક્ષા બહુ જ અલ્પ હોય છે. મોટે ભાગે બાધ્ય જ હોવાથી અનુષ્ઠાન તદ્ધેતુ બને છે. આમ વિભાગ કરીએ તો ?

પ્રશ્ન : મોટાભાગની અપેક્ષાને બાધ્ય કોણ બનાવે ?

ઉત્તર : (શંકા) - બીજું તો કશું સંભવતું ન હોવાથી મુક્તિઅદ્વેષ જ માનવાનો.

સમાધાન : ચરમાવર્ત પ્રવેશથી જ મુક્તિઅદ્વેષ હોય જ છે એ પૂર્વે વિચારી ગયા છીએ. એટલે અપેક્ષા બાધ્ય જ રહેવાથી વિષ-ગર સંભવશે જ નહીં.

આમ આ ગાથામાં કહેલી વાત અને પૂર્વે જણાવેલી ઢગલાબંધ વાતો.. આ બધાનો એક જ સૂર નિઃશંક પ્રતીત થાય છે કે ચરમાવર્તમાં વિષ-ગર સંભવતા નથી. એટલે જ શાસ્ત્રોમાં ઠેર ઠેર 'અર્થ-કામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ.' 'ધર્મ તો સાંભળ્યો હોય, જોયો હોય કે પ્રશંસ્યો-અનુમોદ્યો હોય તો પણ સાત પેઢીને તારી દે છે' વગેરે રીતે ધર્મનો મહિમા જ ગાયેલો જોવા મળે છે. એને વિષ-ગર રૂપે વખોડેલો તો લગભગ જોવા મળતો નથી. આનું કારણ સ્પષ્ટ છે કે શાસ્ત્રોના ઉપદેશના અધિકારી માત્ર ચરમાવર્તવર્તી જીવો જ છે ને એમને તો તદ્ધેતુ અનુષ્ઠાન થવાથી લાભ જ લાભ છે.

પ્રશ્ન : ચરમાવર્તવર્તી જીવો જ ઉપદેશના અધિકારી છે. ને એમને તો વિષ-ગર સંભવતા નથી. તો પછી 'વિષ-ગર અનુષ્ઠાન ત્યાજ્ય છે' વગેરે વાતો કોના માટે છે ?

ઉત્તર : અચરમાવર્તવર્તી જીવ માટે તો કશું નિરૂપણ છે જ નહીં, એ વાત સ્પષ્ટ છે. એટલે આ બધી વાતો ચરમાવર્તવર્તી જીવને જ કરવાની છે. અલબત્ ભૌતિક અપેક્ષાવાળું પણ એમનું અનુષ્ઠાન વિષ-ગર ન હોવાથી વિષાન્નતૃપ્તિસદૃશ કે વિપાકવિરસ નથી જ. છતાં આ જીવોને 'ભૌતિકઅપેક્ષાથી અનુષ્ઠાન વિષ-ગર બનતું હોવાથી વિપરીતફલક હોય છે' વગેરે જણાવવાની પાછળ, તેઓના દિલના કોઈ ખૂણે પણ ભૌતિક અપેક્ષા પ્રત્યે કૂણી લાગણી ન રહી જાય.. ને તેઓને ભૌતિક અપેક્ષા ટાળવાની ચાનક લાગે.. એ માટે સતત પ્રયાસ થયા કરે... આવો જ્ઞાનીઓનો અભિપ્રાય પ્રતીત થાય છે, નહીંતર, 'તમારું ભૌતિક અપેક્ષાવાળું અનુષ્ઠાન પણ તદ્ધેતુ હોવાથી લાભકર્તા જ છે' વગેરે વાતો જ જો તેઓને કરવામાં આવે તો ભૌતિક અપેક્ષા ટાળવા અંગે તેઓ બેદરકાર જ બની જાય.

પ્રશ્ન : પણ જો અનુષ્ઠાન વિષ-ગર બનતું ન હોય તો એ બનવાની વાત કરી શકાય ?

ઉત્તર : ભૌતિક અપેક્ષા ટાળવાની ચાનક જગાડવાના અભિપ્રાયથી કરી શકાય. જેમ કે જે દોષ એવો અક્ષન્તવ્ય ન હોય કે જેથી એ દોષને ન છોડી શકનાર માટે સાધુપણું છોડી ગૃહસ્થવાસ સારો થઈ જાય, એવા (જેમ કે બપોરે બે-અઢી કલાક નિદ્રા) દોષને પણ ટાળવાની ચાનક લાગે એ માટે ગુરુ નિદ્રાળુ શિષ્યને 'અલ્યા ! તારે ઉંઘ્યા જ કરવું છે, તો એના કરતાં તું ઘરે શું ખોટો હતો ?' આવું જરૂર કહી શકે છે.

પ્રશ્ન : ગુરુ ભલે શ્રોતાને ચાનક લગાડવા આવી વાતો કરે. પણ શ્રોતાને 'ભૌતિક અપેક્ષાથી અનુષ્ઠાન વિષ-ગર થાય.. ને ભૌતિક અપેક્ષા હું છોડી શકતો નથી. તો અનુષ્ઠાન જ છોડી દઉં' આવી પ્રતીતિ થાય ને અનુષ્ઠાન છોડી દે તો તો તદ્ધેતુથી વંચિત રહેવાનું નુકશાન જ થાય ને ?

ઉત્તર : એટલે જ વિષ-ગર વગેરે વાતો જેમાં આવે છે તે યોગગ્રન્થો, ધર્મશ્રવણના અધિકારી એવા બધા જ જીવોને આપવાના હોતા નથી, પણ વિષ-ગરની વાતો સાંભળ્યા પછી પણ જેને અનુષ્ઠાન છોડવાનું મન ન થાય, પણ ભૌતિક અપેક્ષા ટાળવાની જ ઓછેવત્તે અંશે પણ પ્રેરણા મળે એવા જીવોને જ આ વાતો કરવાની હોય છે. કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી જીવો આવા હોય છે. માટે એ જીવોને જ આ ગ્રન્થોના અધિકારી કહ્યા

चतुर्थं चरमावर्ते प्रायोऽनुष्ठानमिष्यते ।
अनाभोगादिभावे तु जातु स्यादन्यथापि हि ।।१६।।

चतुर्थमिति । चरमावर्ते प्रायः = बाहुल्येन **चतुर्थं** तद्धेतुनामक**मनुष्ठानमिष्यते । अनाभोगादिभावे तु जातु** = कदाचि**दन्यथाऽपि स्यादिति** प्रायोग्रहणफलम् ।।१६।। शङ्कते-

नन्वद्वेषोऽथवा रागो मोक्षे तद्धेतुतोचितः ।
आद्ये तत् स्यादभव्यानामन्त्ये न स्यात्तदद्विषाम् ।।१७।।

છે. આ અંગેની વિશેષ વાતો યોગવિંશિકા ગ્રન્થના મેં કરેલા ગુજરાતી વિવેચનમાંથી જાણી લેવી. એ વિવેચનમાં મેં સંભાવના વ્યક્ત કરી હતી કે ચરમાવર્તમાં વિષ-ગર ન હોય, પણ આ બત્રીશીના વિવેચનવેળા એનાં વચનો પર વધારે ઊંડાણથી વિચાર કરવા પર હવે હું આ નિશ્ચય પર આવ્યો છું કે ચરમાવર્તમાં વિષ-ગર હોય [4]નહીં. અસ્તુ.

પ્રશ્ન : ચરમાવર્તવર્તી જીવને વિષ-ગરની વાતો, 'એ ભૌતિક અપેક્ષા છોડવાની તાલાવેલીવાળો થાય એ માટે છે' આવી તમારી કલ્પનાનું સૂચક હોય એવું કાંઈ દર્શાવી શકો ?

ઉત્તર : હા, ચોક્કસ. પૂર્વે બીજી ગાથામાં વ્રતદુર્ગ્રહને શસ્ત્ર-અગ્નિ-સાપના દુર્ગ્રહસદૃશ કહ્યો છે. એના વિવેચનમાં મેં જણાવેલું છે કે શસ્ત્રાદિ તો સ્વરૂપે નુકશાનકર્તા છે. પછી, સ્વરૂપે લાભકર્તા એવા વ્રતના દુર્ગ્રહ માટે એના દુર્ગ્રહની વાત કેમ કરી ? પ્રથમ નજરે અનુચિત લાગે એવી પણ આ સરખામણીનો મહાતાર્કિક એવા શ્રીહરિભદ્રસૂરિમહારાજે તથા મહોપાધ્યાયશ્રીયશોવિજયજી મહારાજે સ્વ-સ્વગ્રન્થોમાં ઉલ્લેખ કર્યો છે તો એની પાછળ જરૂર કોઈ ગંભીર રહસ્ય હશે. એ રહસ્ય આ છે - એક તો શસ્ત્રાદિ સ્વરૂપે જ નુકશાનકર્તા અને વળી એનો દુર્ગ્રહ એટલે કેટલું વધારે નુકશાનકારક.. ભૌતિક અપેક્ષાવાળા અનુષ્ઠાનની આની સાથે સરખામણી કરવાથી ભૌતિક અપેક્ષાની દુષ્ટતા ઓર વધારે પ્રતીત થાય જ. ને તેથી એને ટાળવાની ચાનક પણ વધારે તીવ્ર બને જ. આમ, આ વિપરીત સરખામણીથી આ સૂચન મળે છે કે આ વાતો ભૌતિક અપેક્ષાને ટાળવાની તીવ્ર ચાનક લગાડવા માટે છે. ॥૧૬॥ ૧૭, ૧૮ અને ૧૯ મી ગાથા દ્વારા ગ્રન્થકાર એક શંકાને જણાવે છે -

ગાથાર્થ : તદ્ધેતુને ઉચિત ભાવ કયો છે ? મોક્ષ પ્રત્યે અદ્વેષ કે રાગ ? પ્રથમવિકલ્પમાં અભવ્યોને તે=તદ્ધેતુ અનુષ્ઠાન માનવું પડશે. અંત્યવિકલ્પમાં મુક્તિઅદ્વેષવાળાને તદ્ધેતુ માની શકાશે નહીં.

---

4. એટલે શબ્દશઃ વિવેચનકારે ચરમાવર્તવર્તી જીવ માટે ભાવાર્થમાં-*ક્યારેક ઐહિકભોગની આશંસાથી વિષાનુષ્ઠાન કરે છે તો ક્યારેક પરલોકના ભોગની આશંસાથી ગરાનુષ્ઠાન પણ કરે છે. આમ છતાં પ્રાયઃ ચરમાવર્તમાં આવેલા જીવો સમુચિત યોગ્યતાવાળા હોવાને કારણે તદ્ધેતુ અનુષ્ઠાન કરનારા હોય છે*-આવું જે કહ્યું છે, તથા આગળ પાછળ પણ આવા મતલબનું જે વિવેચન કરેલ છે તે વિચારણીય જાણવું. કારણ કે એ અનુષ્ઠાનકાળે પણ સમુચિતયોગ્યતા તો ઊભી જ છે, પછી તદ્ધેતુ કેમ ન થાય ? વળી ઉપર જણાવ્યું એમ ભૌતિકઅપેક્ષાની અપેક્ષાએ નિરાશંસભાવ તો બહુ જ બહુ અલ્પવાર હોય છે. તેથી ભૌતિક અપેક્ષાના કારણે એનું અનુષ્ઠાન જો વિષ-ગર બની જતું હોય તો 'પ્રાયઃ તદ્ધેતુ હોય છે.' આ વાતની સંગતિ શી રીતે કરશો ?

नन्विति । मुक्त्यद्वेषप्रयुक्तानुष्ठानस्य तद्धेतुत्वेऽभव्यानुष्ठानविशेषेऽतिव्याप्तिः, नवमग्रैवेयकप्राप्तेर्मुक्त्यद्वेषप्रयुक्तत्वप्रदर्शनात् । मुक्तिरागप्रयुक्तानुष्ठानस्य तत्त्वे तु मनाग्राग-प्राक्कालीनमुक्त्यद्वेषप्रयुक्तानुष्ठानेऽव्याप्तिरित्यर्थः ।।१७।।

न चाद्वेषे विशेषस्तु कोऽपीति प्राग् निदर्शितम् ।
ईषद्रागाद्विशेषश्चेदद्वेषोपक्षयस्ततः ।।१८।।

न चेति । **अद्वेषे विशेषस्तु न च कोऽप्यस्ति**, अभावत्वादिति **प्राक्** = पूर्वद्वात्रिंशिकायां **निदर्शितम्** । **ईषद्रागाच्चेद्विशेषः** ? तर्हि **तत** एवाद्वेषस्योपक्षयः **(=अद्वेषोपक्षयः)**, विशेषणेनैव कार्यसिद्धौ विशेष्यवैयर्थ्यात् ।

टीकार्थ : पूर्वपक्ष : જો મુક્તિઅદ્વેષ પ્રયુક્ત અનુષ્ઠાન તદ્ધેતુ બનતું હોય તો અભવ્યના અનુષ્ઠાનમાં અતિવ્યાપ્તિ થશે, કારણ કે એમને થતી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ મુક્તિઅદ્વેષ પ્રયુક્ત હોવી કહી છે. મુક્તિરાગપ્રયુક્ત અનુષ્ઠાન જો તેવું હોય તો મનાક્‌રાગની પૂર્વકાળના મુક્તિઅદ્વેષપ્રયુક્ત અનુષ્ઠાનમાં અવ્યાપ્તિ થશે.

विवेचन : तद्धेतु अनुष्ठानનું લક્ષણ શું માનવું ? એના વિકલ્પ બતાવી પૂર્વપક્ષ ઊભો થયો છે. **પૂર્વપક્ષ :** 'મુક્તિઅદ્વેષપ્રયુક્ત અનુષ્ઠાન હોય તે તદ્‌હેતુ અનુષ્ઠાન' આવું લક્ષણ અતિવ્યાપ્તિદોષ ગ્રસ્ત છે, કારણ કે અભવ્યના વિષ-ગરાત્મક અનુષ્ઠાનવિશેષમાં એ લક્ષણ જાય છે. તે પણ એટલા માટે કે મુક્તિઅદ્વેષ વગર માત્ર અનુષ્ઠાન નવમો ગ્રૈવેયક વગેરે આપી શકતું ન હોવાથી એ મુક્તિઅદ્વેષપ્રયુક્ત હોય છે જ. આ અતિવ્યાપ્તિને વારવા જો એમ કહો કે 'મનાગ્ (=અલ્પ) રાગપ્રયુક્ત અનુષ્ઠાન જે હોય તે તદ્‌હેતુ' તો આ લક્ષણમાં અવ્યાપ્તિ દોષ છે. કારણ કે ચરમાવર્તપ્રવિષ્ટ જે જીવને હજુ મુક્તિનો અલ્પરાગ પણ પ્રગટ્યો નથી, તેને પણ મુક્તિઅદ્વેષ તો પ્રગટી જ ગયો છે. એનું અનુષ્ઠાન તદ્‌હેતુ હોવા છતાં મનાગ્ રાગપ્રયુક્ત ન હોવાથી એમાં લક્ષણ જતું ન હોવાના કારણે અવ્યાપ્તિ. ।।૧૭।। (પૂર્વપક્ષી પોતાના પૂર્વપક્ષને આગળ ચલાવે છે-)

गाथार्थ : અદ્વેષમાં કોઈ વિશેષ હોતો નથી એ પૂર્વે જણાવેલું છે. ઈષદ્‌રાગથી જો વિશેષ કહેશો તો અદ્વેષ ઉપક્ષીણ થઈ જશે.

टीकार्थ : 'અદ્વેષમાં વિશેષ=ભેદ કોઈ હોતો નથી, કારણ કે એ અભાવરૂપ છે' આ વાત પૂર્વની બત્રીશીની ૩૨મી ગાથામાં બતાવેલી છે. ઈષદ્રાગના કારણે વિશેષ જો કહેશો તો એનાથી જ અદ્વેષનો ઉપક્ષય થઈ જશે, કારણ કે વિશેષણથી જ કાર્ય થઈ જવાથી વિશેષ્ય વ્યર્થ બની જાય છે. આમ, 'મુક્તિઅદ્વેષથી કે ઈષદ્ મુક્તિ અનુરાગથી તદ્‌હેતુ અનુષ્ઠાન થાય.' આવા વચનનો વ્યાઘાત થાય છે.

विवेचन : પ્રતિયોગી ઘટ નાનો મોટો વગેરે અનેકરૂપે સંભવે, ઘટાભાવ તો એકસરખો જ હોય છે. એમ મુક્તિદ્વેષાભાવ પણ એક જ પ્રકારનો હોવાથી ચરમાવર્તવર્તી જીવ અને તદ્‌ભિન્ન જીવના મુક્તિઅદ્વેષમાં ફરક પાડી શકાતો નથી.

(शंका : મુક્તિઅદ્વેષમાં ભેદ ન હોવા છતાં, મુક્તિના મનાગ્ રાગથી વિશિષ્ટ મુક્તિઅદ્વેષ, અને એ વગરનો મુક્તિઅદ્વેષ.. આવો ભેદ તો પાડી શકાય ને !)

समाधान : તો પછી મુક્તિઅદ્વેષ ઉપક્ષીણ=વ્યર્થ થઈ જશે. આશય એ છે કે પછી, 'મોક્ષના મનાગ્‌રાગ

इत्थं च *"मुक्त्यद्वेषेण मनाग् मुक्त्यनुरागेण वा तद्धेतुत्वम्"* (**योगबिन्दुवृत्ति**-१५९) इति वचनव्याघात इति भावः ।।१८।।

उत्कटानुत्कटत्वाभ्यां प्रतियोगिकृतोऽस्त्वयम् ।
नैवं सत्यामुपेक्षायां द्वेषमात्रवियोगतः ।।१९।।

उत्कटेति । अभव्यानां मुक्तावुत्कटद्वेषाभावेऽप्यनुत्कटद्वेषो भविष्यति । अन्येषां तु द्वेषमात्राभावादेवानुष्ठानं तद्धेतुः स्यादिति पूर्वार्धार्थः । **नैवं, उपेक्षायां सत्यां** द्वेषमात्रस्य वियोगतः (=**द्वेषमात्रवियोगतः**), अन्यथा

વિશિષ્ટ મુક્તિઅદ્વેષ પ્રયુક્ત અનુષ્ઠાન એ તદ્હેતુ આવું લક્ષણ બનશે. અને તો તો 'મોક્ષના મનાગ્રાગપ્રયુક્ત અનુષ્ઠાન એ તદ્હેતુ' આટલું જ કહેવાથી અચરમાવર્તવર્તીના અનુષ્ઠાનની બાદબાકી થઈ જતી હોવાથી મુક્તિઅદ્વેષ કહેવાની જરૂર જ ન રહે.

(**શંકા** : તો નહીં કહેવાનો...)

સમાધાન : જો નહીં કહો તો 'મુક્તિના અદ્વેષથી કે મનાગ્ મુક્તિરાગથી તદ્હેતુ થાય છે' આવું વચન ભાંગી પડશે.

(**શંકા** : ભલે ભાંગી પડતું.. હવે પરિષ્કાર કરી એ કાઢી નાખીશું.

સમાધાન : તો પછી ઉપર જણાવ્યા મુજબ થોડો પણ મુક્તિરાગ હજુ જેને પ્રગટ્યો નથી એવા ચરમાવર્તવર્તી જીવે કરેલા અનુષ્ઠાનમાં અવ્યાપ્તિ થશે.) ।।૧૮।। (પૂર્વપક્ષ હજુ ચાલુ છે-)

ગાથાર્થ : 'ઉત્કટત્વ - અનુત્કટત્વના કારણે પ્રતિયોગી દ્વારા કરાયેલો આ=વિશેષ હો.' આવું ન કહી શકાય, કારણ કે ઉપેક્ષા હોય ત્યારે દ્વેષમાત્રનો વિયોગ હોય છે.

ટીકાર્થ : અભવ્યજીવોને મોક્ષ પર ઉત્કટ દ્વેષનો અભાવ હોવા છતાં અનુત્કટ દ્વેષ હોય શકે છે. બીજાઓને તો દ્વેષમાત્રનો અભાવ હોવાથી અનુષ્ઠાન તદ્હેતુ થાય.. આવો પૂર્વાર્ધાર્થ છે. આ વાત બરાબર નથી. કારણ કે ઉપેક્ષા હોય ત્યારે દ્વેષમાત્રનો વિયોગ થઈ જાય છે. નહીંતર તો સ્વઇષ્ટ સાંસારિકસુખની વિરોધી હોવાથી તેઓને મુક્તિ પ્રત્યે ઉત્કટ દ્વેષ પણ સંભવશે - એવો ઉત્તરાર્ધનો અર્થ છે.

વિવેચન : 'મોક્ષ કરતાં તો જંગલમાં પશુ બનવું સારું' વગેરે પ્રલાપ કરાવનાર ઉત્કટ દ્વેષ હોય તો તો નવમો ગ્રૈવેયક ન મળે. એટલે એવે અવસરે અભવ્યને આવો ઉત્કટદ્વેષ ભલે ન હો.. પણ અનુત્કટદ્વેષ હોય શકે છે. ચરમાવર્તવર્તી જીવને તો એ પણ હોતો નથી. એટલે 'દ્વેષમાત્રના અભાવ પ્રયુક્ત અનુષ્ઠાન એ તદ્હેતુ' એમ કહેવાથી અભવ્યના અનુષ્ઠાનમાં અતિવ્યાપ્તિ નહીં થાય. પૂર્વાર્ધમાં કરેલી આવી શંકાનો પૂર્વપક્ષી ઉત્તરાર્ધથી જવાબ આપે છે- આવું કહેવું નહીં, કારણ કે જ્યારે મોક્ષ પ્રત્યે ઉપેક્ષા હોય છે ત્યારે અંશમાત્ર પણ દ્વેષ સંભવતો નથી. ઉપેક્ષાકાળે પણ દ્વેષ સંભવતો હોય તો તો અભવ્યોને મોક્ષ પર ઉત્કટ દ્વેષ પણ સંભવશે, કારણ કે એમને જે અત્યંત ઇષ્ટ છે તે સાંસારિક સુખનો મોક્ષ એ વિરોધી છે. ।।૧૯।। ત્રણ ગાથાથી દર્શાવેલા પૂર્વપક્ષનું સમાધાન આપે છે-

ગાથાર્થ : તમારી વાત સાચી છે. આ બેમાંથી એક દ્વારા સંપન્ન થયેલો ક્રિયારાગ જ તદ્હેતુનું બીજ છે. તેથી કોઈ અતિપ્રસંગ જણાતો નથી.

स्वेष्टसांसारिकसुखविरोधित्वेनोत्कटोऽपि द्वेषस्तेषां मुक्तौ स्यादित्युत्तरार्धार्थः ।।१९।। समाधत्ते-

सत्यं बीजं हि तद्धेतोरेतदन्यतरार्जितः ।
मुक्त्यद्वेषो (क्रियारागो) न तेनातिप्रसङ्गः कोऽपि दृश्यते ।।२०।।

सत्यमिति । **(सत्यम्,) तद्धेतो**रनुष्ठानस्य **हि बीजं (एतदन्यतरार्जितः=)** एतयोः = मुक्त्यद्वेष-रागयोरन्यतरेणार्जितः = जनितः **क्रियारागः** = सदनुष्ठानरागः । **तेनातिप्रसङ्गः कोऽपि न दृश्यते** । अभव्यानामपि

टीकार्थ : [1]तमारी वात साची छे. [5]मुक्ति प्रत्ये अद्वेष के राग.... आ बेमांथी एक वडे उत्पन्न थयेलो क्रियाराग=सदनुष्ठाननो राग ज तद्हेतु अनुष्ठाननुं बीज छे. तेथी कोई अतिप्रसंग जोवा मळतो नथी. [2]अभव्यादिने स्वर्गप्राप्तिना कारणभूत मुक्तिअद्वेष होवा छतां पण ए सदनुष्ठानरागनो प्रयोजक होतो नथी. बाध्यफळापेक्षाथी सहकृत एवो ते=मुक्तिअद्वेष सदनुष्ठानरागनो अनुबंधी छे=कारण छे.

विवेचन : गाथामां जे मुक्त्यद्वेषो शब्द छे त्यां टीका वगेरेने अनुसरीने क्रियारागो शब्द जोईए.

(१) तमारी वात=मुक्तिअद्वेषने तद्हेतुनुं कारण मानवामां आवे तो अभव्यना अनुष्ठानमां तद्हेतु अनुष्ठानना लक्षणनी अतिव्याप्ति थाय आवी तमारी वात साची छे. पण अमे एना कारण तरीके सदनुष्ठाननो राग मानीए छीए जे अभव्यना अनुष्ठानमां न होवाथी हवे अतिव्याप्ति थशे नहीं. आ सदनुष्ठाननो राग मुक्तिअद्वेष के मुक्तिना रागथी उत्पन्न थाय छे.

(शंका : मुक्तिअद्वेष तो अभव्यने पण संभवित छे ज. एटले एने पण सदनुष्ठान राग थवाथी अतिव्याप्ति ऊभी ज रहेशे.)

(२) अभव्यादिने जे मुक्तिअद्वेष होय छे ते स्वर्गप्राप्तिनो प्रयोजक बनी शके छे, पण सदनुष्ठानरागनो प्रयोजक बनी शकतो नथी. ते पण एटला माटे के जे बाध्यफळापेक्षाथी सहकृत होय एवो ज मुक्तिअद्वेष एनो प्रयोजक मनायेलो छे. अभव्यनी फळापेक्षा तो अबाध्य होय छे.

शंका : चोथी गाथानी टीकामां चारित्रक्रियादौ लाभाद्यर्थितयैव न द्वेषो, रागसामग्र्यां द्वेषानवकाशात् (चारित्रक्रिया वगेरेमां लाभादि अर्थिताना कारणे ज द्वेष होतो नथी, कारण के रागनी सामग्रीमां द्वेषने अवकाश होतो नथी.) आम जणावेलुं छे. ए ज जणावे छे के अनुष्ठान प्रत्ये अभव्यादिने पण राग थाय ज छे. कारण के नहींतर

---

5. शब्दशः विवेचनकारे टीकार्थमां अहीं टीकामां एतयोर्मुक्त्यद्वेषरागयोः ना स्थाने आ पाठ एतयोर्मुक्त्यद्वेषमनाग्मुक्तिरागयोः जोईए. आम पाठ फेरववानुं जे सूचन कर्युं छे ते बिनजरूरी जाणवुं. टीकाना पाठमां इतरेतरद्वन्द्व समास होवाथी मुक्तिपदनो अन्वय रागमां पण थाय ज छे. तेथी मुक्तिराग अर्थ मळी जाय छे. अने आगळ-पाछळना अनुसंधानथी आ मुक्तिराग मनाग् (=अल्प) होवो जोईए ए पण समजाइ जाय छे. तेथी ए फेरफारसूचन उचित जणातुं नथी.

> मुक्तिअद्वेष के मनाग् मुक्तिरागद्वारा संपन्न थयेलो सदनुष्ठानराग ज तद्धेतुअनुष्ठाननुं बीज छे.

स्वर्गप्राप्तिहेतुमुक्त्यद्वेषसत्त्वेऽपि तस्य सदनुष्ठानरागाप्रयोजकत्वाद् बाध्यफलापेक्षासहकृतस्य तस्य मोक्षार्थ-सदनुष्ठानरागानुबन्धित्वात् ।। २०।।

अपि बाध्या फलापेक्षा सदनुष्ठानरागकृत् ।
सा च प्रज्ञापनाऽधीना मुक्त्यद्वेषमपेक्षते ।। २१।।

अपीति । **बाध्या** = बाधनीयस्वभावा **फलापेक्षाऽपि** = सौभाग्यादिफलवाञ्छाऽपि (**सदनुष्ठानरागकृत्**=)

એનો રાગની સામગ્રી તરીકે ઉલ્લેખ ન હોય.

સમાધાન : અભવ્યના અને ચરમાવર્તવર્તી જીવના સદનુષ્ઠાનરાગમાં પણ ફરક હોય છે. અભવ્યને માત્ર સ્વર્ગાદિના સાધન તરીકે જ અનુષ્ઠાન પ્રત્યે રાગ(ઇચ્છા) થયેલ છે. વિષયસુખના ગાઢ કામી એને સ્વરૂપે તો આ અનુષ્ઠાન પ્રત્યે રાગ નહીં, ભારોભાર દ્વેષ જ હોય છે, કારણ કે અનુષ્ઠાન માટે વિષયસુખને ઓછેવત્તે અંશે પણ છોડવા પડતા હોય છે. જ્યારે ચરમાવર્તવર્તી જીવને અનુષ્ઠાન પ્રત્યે સ્વરૂપે પણ રાગ પ્રગટવા માંડે છે. 'મારા ભગવાને કહેલું અનુષ્ઠાન!' 'કેવું સુંદર નિર્દોષ અનુષ્ઠાન !' 'ફરી ફરી કરવામાં આનંદ આવે એવું અનુષ્ઠાન' આવી બધી પ્રીતિ એ સ્વરૂપે રાગ તરીકે અહીં અભિપ્રેત છે. આવો સદનુષ્ઠાનરાગ જ તદ્હેતુનું બીજ છે, જે અભવ્યાદિને ન હોવાથી અતિવ્યાપ્તિનો પ્રશ્ન રહેતો નથી. ॥૨૦॥ (અભવ્યાદિને સદનુષ્ઠાનરાગ કેમ થતો નથી ? એ જણાવે છે -)

ગાથાર્થ : બાધ્યફલાપેક્ષા પણ સદનુષ્ઠાનનો રાગ કરનારી હોય છે. તે (બાધ્યફળાપેક્ષા) પ્રજ્ઞાપનાને આધીન હોય છે અને મુકિતઅદ્વેષની અપેક્ષા રાખે છે.

ટીકાર્થ : બાધ્યા=બાધા પામવાના સ્વભાવવાળી ફળાપેક્ષા પણ=સૌભાગ્ય વગેરે ફળની વાંછા પણ સદનુષ્ઠાન પર રાગ કરાવનારી બને છે. અને તે [1]બાધ્યફળાપેક્ષા પ્રજ્ઞાપનાને આધીન=ઉપદેશને આધીન હોય છે, [2]કારણ તરીકે મુક્તિઅદ્વેષની અપેક્ષા રાખે છે.

વિવેચન : (૧) અચરમાવર્તમાં જે ભૌતિક ફળાપેક્ષા હોય છે તે મુક્તિદ્વેષના કારણે અબાધ્ય હોય છે, અને એ જ કારણે ઉપદેશની યોગ્યતા હોતી નથી. બાધ્યફળાપેક્ષા ચરમાવર્તમાં હોય છે અને ચરમાવર્તમાં જીવ ઉપદેશને યોગ્ય બનેલો હોય છે. માટે એની અપેક્ષાને અહીં ઉપદેશને આધીન કહી છે. એટલે કે ઉપદેશની અસર ઝીલી શકે એવી કહી છે.

(૨) આનો અર્થ એ છે કે મુક્તિઅદ્વેષ બાધ્યફળાપેક્ષાનું કારણ છે. બાધ્યફળાપેક્ષા એટલે બાધ્યત્વ વિશિષ્ટફળાપેક્ષા. આમાં ફળાપેક્ષા તો જીવને જે અનંતાનુબંધી કક્ષાનો રાગ ઉદયમાં છે, એના કારણે હોવાથી મુક્તિઅદ્વેષ ફળાપેક્ષાનું કારણ નથી. તેથી એને સવિશેષણ ન્યાયે ફળાપેક્ષામાં રહેલ બાધ્યત્વનું કારણ માનવાનું છે. એટલે કે મુક્તિઅદ્વેષ ફળાપેક્ષાને બાધ્ય બનાવે છે. અને આ બાધ્યફળાપેક્ષા સદનુષ્ઠાનરાગને પેદા કરે છે.

શંકા : તો તો પછી કોઈ ચરમાવર્તવર્તી જીવ કશો ધર્મ કરતો ન હોય તો પણ એને સદનુષ્ઠાનરાગ પેદા થવો જોઈએ, કારણ કે એને રહેલી ભૌતિકઅપેક્ષાઓ બાધ્ય જ હોય છે.

સમાધાન : અહીં પ્રકરણ પરથી સમજી લેવાનું છે કે ધર્માનુષ્ઠાનમાં રહેલી બાધ્યફળાપેક્ષા સદનુષ્ઠાન રાગને પેદા કરે છે. એટલે કે બાધ્યફળાપેક્ષાપૂર્વક કરાતું ધર્માનુષ્ઠાન રાગને પેદા કરે છે.

सदनुष्ठाने रागकृत् = रागकारिणी । **सा च** = बाध्यफलापेक्षा च **प्रज्ञापनाधीना** = उपदेशायत्ता **मुक्त्यद्वेषमपेक्षते** कारणत्वेन ।।२१।। यतः -

अबाध्या सा हि मोक्षार्थशास्त्रश्रवणघातिनी ।
मुक्त्यद्वेषे तदन्यस्यां बुद्धिर्मार्गानुसारिणी ।।२२।।

अबाध्येति । **अबाध्या हि सा** फलापेक्षा **मोक्षार्थशास्त्रश्रवणघातिनी** तत्र विरुद्धत्वबुद्ध्याधानाद्

शंका : હજુ પણ અભવ્ય જીવને તદ્હેતુઅનુષ્ઠાન માનવાની અતિવ્યાપ્તિ ઊભી જ છે. તે આ રીતે - અભવ્યજીવને પણ મુક્તિઅદ્વેષ તો છે જ. એ એની ફળાપેક્ષાને બાધ્ય બનાવશે. એ બાધ્યફળાપેક્ષા સદનુષ્ઠાનરાગ પ્રગટાવશે જે અનુષ્ઠાનને તદ્ધેતુ બનાવશે.

समाधान : આ આપત્તિ ન આવે એ માટે જ મેં પૂર્વે મુક્તિઅદ્વેષના બે પ્રકાર જે કહેલા તે માનવા જરૂરી છે. યોગ્યતારૂપે થયેલ કાળસાધ્ય મુક્તિઅદ્વેષ જે બધા ચરમાવર્તવર્તી જીવોને હોય છે. અને એ વિના જ, પુરુષાર્થથી કરેલો વ્યક્તરૂપનો મુક્તિઅદ્વેષ. અભવ્યાદિને હોય ત્યારે આ મુક્તિઅદ્વેષ હોય. આમાંથી પ્રથમ મુક્તિઅદ્વેષ બાધ્ય ફળાપેક્ષા-સદનુષ્ઠાનરાગ દ્વારા તદ્હેતુનું કારણ બને છે. બીજો મુક્તિઅદ્વેષ નહીં, માટે તમે કહેલી અતિવ્યાપ્તિ રહેતી નથી. મુક્તિઅદ્વેષ એક જ પ્રકારનો હોય વગેરે વાતની સંગતિ પણ પૂર્વે દેખાડેલી જ છે. ।।૨૧।। બાધ્યફળાપેક્ષા પોતાના કારણ તરીકે મુક્તિઅદ્વેષની અપેક્ષા કેમ રાખે છે ? એ હવે જણાવે છે-

गाथार्थ : (કારણ કે) અબાધ્ય એવી જ તે મોક્ષાર્થશાસ્ત્રશ્રવણનો ઘાત કરનારી છે. તેથી મુક્તિઅદ્વેષ આવવા પર ભિન્ન=બાધ્ય ફળાપેક્ષા હોતે છતે બુદ્ધિ માર્ગાનુસારિણી બને છે.

टीकार्थ : [1]અબાધ્ય એવી જ તે=ફળાપેક્ષા મોક્ષાર્થશાસ્ત્રશ્રવણનો ઘાત કરનારી છે, કારણ કે તેમાં વિરુદ્ધત્વ બુદ્ધિને સ્થાપે છે. '[6]વ્યાપન્નદર્શનજીવોને તેનું શ્રવણ [2]સ્વારસિક હોતું નથી, એવો ભાવ જાણવો. તેથી, મુક્તિઅદ્વેષ પ્રગટ્યે છતે અન્ય-બાધ્યફળાપેક્ષા હોતે છતે, સમુચિત યોગ્યતાના કારણે [3]મોક્ષાર્થશાસ્ત્રશ્રવણનો સ્વરસ ઉત્પન્ન થાય છે. આ સ્વરસતાના કારણે બુદ્ધિ માર્ગાનુસારિણી=મોક્ષમાર્ગને અભિમુખ થવાના સ્વભાવવાળી બને છે. તેથી તેવા જીવોને તીવ્ર પાપક્ષય થવાથી સદનુષ્ઠાનરાગ પ્રગટે છે.

विवेचन : शंका-ભૌતિક અપેક્ષા બેઠી છે એ જ સૂચવે છે કે વિષયાદિના આકર્ષણ બેઠા છે. મોક્ષ માટે કે એના ઉપાયભૂત ચારિત્રાદિ માટે તો એ આકર્ષણ તોડવાના છે. એટલે એનું શ્રવણ જીવને જામે જ શી રીતે ? અને એ શ્રવણ જ જો નથી તો સદનુષ્ઠાન કે એનો રાગ વગેરે સંભવે જ શી રીતે ?

(१) समाधान : જે ફળાપેક્ષા અબાધ્ય હોય તેની સાથે જ મોક્ષાર્થશાસ્ત્રશ્રવણ=મોક્ષ માટેના શાસ્ત્રોનું શ્રવણ જામતું નથી, કારણ કે એ ફળાપેક્ષા 'આ શ્રવણ મારા ઇચ્છિતથી વિરુદ્ધ છે' એવી બુદ્ધિ કરાવે છે.

शंका : અભવ્યાદિ પણ શાસ્ત્રશ્રવણાદિ કરે તો છે !

(२) समाधान : એમનું એ શ્રવણ અંદરની રુચિથી થયેલું હોતું નથી. પૂર્વે જણાવ્યું એમ કડવી દવા રુચતી

---

6. શબ્દશઃ વિવેચનકારે *અહીં વ્યાપન્નદર્શનવાળા શબ્દથી અતત્ત્વ પ્રત્યેના આગ્રહવાળા સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલા એવા નિહ્નવાદિનું ગ્રહણ છે.* એવું જે જણાવ્યું છે તે ગલત જાણવું. કારણ કે પૂર્વે (પૃ. ૪૦૦) જણાવ્યા મુજબ વ્યાપન્નદર્શનવાળા તરીકે અચરમાવર્તવર્તી-અનાદિ મિથ્યાત્વી લેવાના છે.

व्यापन्नदर्शनानां च तच्छ्रवणं न स्वारसिकमिति भावः । **तत्** = तस्माद् **मुक्त्यद्वेषे** सत्यन्यस्यां = बाध्यायां फलापेक्षायां समुचितयोग्यतावशेन मोक्षार्थशास्त्रश्रवणस्वारस्योत्पन्नायां **बुद्धिर्मार्गानुसारिणी** मोक्षपथाभिमुख्यशालिनी भवतीति भवति तेषां तीव्रपापक्षयात् सदनुष्ठानरागः ।। २२।।

तत्तत्फलार्थिनां तत्तत्तपस्तन्त्रे प्रदर्शितम् ।
मुग्धमार्गप्रवेशाय दीयतेऽप्यत एव च ।। २३।।

तत्तदिति । **तत्तत्फलार्थिनां** = सौभाग्यादिफलकाङ्क्षिणां **तत्तत्तपो** रोहिण्यादितपोरूपमत एव **तन्त्रे प्रदर्शितम् । अत एव च** मुग्धानां मार्गप्रवेशाय **(=मुग्धमार्गप्रवेशाय) दीयतेऽपि** गीतार्थैः । यदाह-*"मुद्धाण*

નથી, પણ લીધા વિના છૂટકો નથી.. એવું આ શ્રવણ હોય છે. ને તેથી જ સદનુષ્ઠાન કરવા છતાં એના પ્રત્યે આંતરિકપ્રીતિ ક્યારેય નિર્માણ થતી નથી.

(૩) અહીં મોક્ષાર્થશાસ્ત્રશ્રવણસ્વારસ્યોત્પન્નાયાં આવું પદ છે. સ્ત્રીલિંગ સપ્તમી એકવચનાન્ત હોવાથી એને બાધ્યાયાં ફલાપેક્ષાયાં નું વિશેષણ માનવું પડે છે જે સંગત થઈ શકતું નથી. કારણ કે વિશેષણપદનો અર્થ થાય છે-મોક્ષ માટેના શાસ્ત્રશ્રવણના સ્વારસ્યથી=સ્વરુચિથી ઉત્પન્ન થયેલ... હવે ફળાપેક્ષા તો અનંતાનુબંધી રાગના ઉદયથી થઇ છે અને એમાં બાધ્યત્વ મુક્તિઅદ્વેષથી થયું છે. એટલે બાધ્યફળાપેક્ષા આ સ્વારસ્યથી ઉત્પન્ન થઇ છે એવી વાત યોગ્ય નથી. તેથી આ વિશેષણપદમાં કંઈક અશુદ્ધિ હોવી જોઈએ. મને એમ લાગે છે કે આ વિશેષણપદમાં છેલ્લે જે યાં છે તે અક્ષર વધારાનો આવી ગયો છે. અર્થાત્ અહીં મોક્ષાર્થશાસ્ત્રશ્રવણસ્વારસ્યોત્પન્ના આટલું જ પદ જોઈએ અને એ બુદ્ધિનું વિશેષણ છે. એટલે આવો અર્થ મળે છે-મુક્તિઅદ્વેષ પ્રગટવા પર ફળાપેક્ષા બાધ્ય થાય છે. વળી સમુચિતયોગ્યતાના કારણે મોક્ષાર્થશાસ્ત્રશ્રવણ પ્રત્યે અંદરથી રુચિ જાગ્રત થાય છે. આ રુચિથી ઉત્પન્ન થઈ હોવાના કારણે બુદ્ધિ માર્ગાનુસારિણી બને છે. બુદ્ધિ મોક્ષમાર્ગને અભિમુખ થવી એ પણ પ્રચંડ શુભભાવરૂપ હોવાથી એનાથી તીવ્ર પાપોનો ક્ષય થાય છે. અને એ થાય છે એટલે સદનુષ્ઠાનરાગ પ્રગટે છે. અને તેથી અનુષ્ઠાન તદ્હેતુ બનવાથી લાભકર્તા ઠરે છે. ॥૨૨॥ (આ જ વાતનું સમર્થન કરે છે-)

ગાથાર્થ : આથી જ શાસ્ત્રમાં તે તે ફળના અર્થીઓને તે તે તપ દેખાડ્યો છે. વળી એટલે જ મુગ્ધજીવને માર્ગપ્રવેશ માટે એ અપાય પણ છે.

ટીકાર્થ : તે તે ફળના અર્થીઓને=સૌભાગ્ય વગેરે ફળના ઇચ્છુકોને રોહિણી વગેરે તે તે તપ [૧]આ કારણે જ શાસ્ત્રમાં દેખાડેલો છે. અને એટલે જ ગીતાર્થો વડે મુગ્ધજીવોને માર્ગપ્રવેશ માટે એ અપાય પણ[7] છે. કહ્યું છે : *મુગ્ધજીવોના સમ્યક્ હિત માટે.* [૨]આ રીતે કરવામાં અહીં વિષ વગેરે અનુષ્ઠાન થવાની આપત્તિ નથી કે તદ્હેતુઅનુષ્ઠાનનો ભંગ થઈ જવાની આપત્તિ નથી, કારણ કે ફળાપેક્ષા બાધ્ય છે. [૩]આ રીતે જ માર્ગનું અનુસરણ સંગત થાય છે.

---

7. શબ્દશઃ વિવેચનકારે ભાવાર્થમાં-*दीयतेऽपि गीतार्थैः શબ્દમાં રહેલા अपि શબ્દથી એ પ્રાપ્ત થાય કે ગીતાર્થો જીવોની એવી યોગ્યતા ન દેખાય તો રોહિણી આદિ તપ ન પણ આપે..* આવું જે કહ્યું છે તે ગલત જાણવું, કારણ કે अपि શબ્દ 'શાસ્ત્રમાં રોહિણી વગેરે તપ માત્ર દેખાડેલા છે એટલું જ નહીં, ગીતાર્થો વડે મુગ્ધજીવોને અપાય પણ છે..' આવો અર્થ ધ્વનિત કરે છે.

हियट्ठया सम्मं" (**पंचाशक**-४/९) । न ह्येवमत्र विषादित्वप्रसङ्गो, न वा तद्धेतुत्वभङ्गः, फलापेक्षाया बाध्यत्वात् । इत्थमेव मार्गानुसरणोपपत्तेः ।।२३।।

इत्थं च वसुपालस्य भवभ्रान्तौ न बाधकः ।
गुणाद्वेषो न यत्तस्य क्रियारागप्रयोजकः ।। २४।।

इत्थं चेति । **इत्थं च** = मुक्त्यद्वेषविशेषोक्तौ च **वसुपालस्य** पूर्वभवे साधुदर्शनेऽप्युपेक्षयाऽजाततद्गुणरागस्य

विवेचन : (१) આ કારણે જ=ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષ, સમુચિતયોગ્યતા, ફળાપેક્ષાની બાધ્યતા, મોક્ષાર્થશાસ્ત્રશ્રવણસ્વારસ્ય, માર્ગાનુસારિણી બુદ્ધિના ક્રમે માર્ગાનુસરણ થતું હોવાના કારણે જ... સૌભાગ્યાદિ ભૌતિક ફલાપેક્ષા હોવા છતાં રોહિણી તપ વગેરે તપો પંચાશકજી વગેરે શાસ્ત્રમાં બતાવ્યા છે. તેમજ મુગ્ધ જીવોને માર્ગપ્રવેશ થાય એ માટે ગીતાર્થો વડે અપાય પણ છે. (આનો અર્થ જ એ કે એના વડે નુકસાન નહીં, લાભ જ થાય છે.) શ્રીહરિભદ્રસૂરિમહારાજે પંચાશકજી (૩-૪૯) માં કહ્યું છે કે-*મુગ્ધજીવોના સમ્યક્ હિત માટે રોહિણી વગેરે તપ બતાવ્યા છે.*

(૨) 'મોક્ષની ઇચ્છાથી જ ધર્મ કરાય.. ભૌતિક ઇચ્છાથી ધર્મ ન જ કરાય.. ભૌતિક ઇચ્છાથી કરેલો ધર્મ વિષાનુષ્ઠાન બનવાથી ભૂંડો... સંસાર વધારનારો.. રિબાવી રિબાવીને મારનારો...' આવી વિપરીત વાતો કરનારાઓને ગ્રન્થકાર જવાબ આપે છે કે-'આ રીતે સૌભાગ્ય વગેરેની ઇચ્છાથી ધર્મ કરવામાં, એ અનુષ્ઠાન તદ્હેતુ ન બનતાં વિષ-ગર બની જશે' આવો કોઈ જ પ્રશ્ન નથી. કારણ કે ફળાપેક્ષા બાધ્ય છે.

અહીં સમજવા જેવું એ છે કે-ગ્રન્થકારે 'કારણ કે ફળાપેક્ષા બાધ્ય છે' એમ બેધડક વિધાન કરી દીધું છે. 'ફળાપેક્ષા બાધ્ય હોય તો વિષ-ગર નથી, બાધ્ય ન હોય તો વિષ-ગર થાય' આવો કોઈ વિકલ્પ દર્શાવ્યો નથી. તેમજ આ સૌભાગ્યાદિની ઇચ્છા બાધ્ય કેમ છે ? એમાં મુક્તિઅદ્વેષ સિવાય કોઈ જ કારણ આખા ગ્રન્થમાં દર્શાવ્યું નથી. અર્થાત્ ઇચ્છાનો આકાર-પ્રકાર વગેરેનો આમાં કશો ભાગ નથી. આના ઉપરથી પણ નિર્ણય થાય છે કે ચરમાવર્તમાં મુક્તિ અદ્વેષ હોવાથી વિષ-ગર ન જ થાય.

(**શંકા :** જો ફળાપેક્ષા બાધ્ય જ છે, તો ગુરુ ઉપદેશદ્વારા એને જ દૂર કરીને નિરભિષ્વંગ અનુષ્ઠાન કરવાની જ પ્રેરણા શા માટે ન કરે ?)

(૩) **સમાધાન :** આ રીતે જ=સૌભાગ્યાદિની ઇચ્છાથી રોહિણીતપ વગેરે કરે.. એ રીતે જ માર્ગનું અનુસરણ થવું સંગત ઠરે છે. અહીં ઇત્થમેવ-આ રીતે જ... આમાં રહેલો 'જ' કાર ઉપદેશદ્વારા ફળાપેક્ષાને દૂર કરી સીધા નિરભિષ્વંગ અનુષ્ઠાનરૂપ માર્ગ પર જીવને ચઢાવી દેવાની રીતનો વ્યવચ્છેદ કરે છે. આનો સૂચિતાર્થ સ્પષ્ટ છે કે 'એ રીતે માર્ગાનુસરણની શક્યતા લગભગ નથી.' જ્યારે અપેક્ષાવાળા અનુષ્ઠાનદ્વારા માર્ગાનુસરણ સહજ શક્ય છે. એટલે 'આશય સુધારો, રાગ-દ્વેષ ઘટાડવાનો આશય ન હોય એ અનુષ્ઠાન જૈનશાસનને માન્ય નથી... અમે આશય સુધારવાની ઊંચી વાતો કરનારા..' વગેરે ફાંકો રાખવો એ ગાઢ અજ્ઞાન અને મિથ્યા અભિમાન સિવાય બીજું શું છે ? ॥૨૩॥ (સદનુષ્ઠાનરાગના પ્રયોજક બનતા અદ્વેષનું પ્રાધાન્ય ગાયું. હવે એનો પ્રયોજક નહીં બનતો અદ્વેષ જીવને લાભકર્તા બની શકતો નથી એ જણાવે છે-)

ગાથાર્થ : અને આવું હોવાથી વસુપાલનો ગુણઅદ્વેષ ભવભ્રમણમાં બાધક ન બન્યો. કારણ કે એ અદ્વેષ ક્રિયારાગનો પ્રયોજક નહોતો.

चौरस्य **भवभ्रान्तौ** = दीर्घसंसारभ्रमणे **न बाधकः, यद्** = यस्मात् **तस्य गुणाद्वेषः क्रियारागप्रयोजको नाभूत्** । इष्यते च तादृश एवाऽयं तद्धेत्वनुष्ठानोचितत्वेन संसारह्रासकारणमिति ।। २४।।

जीवातुः कर्मणां मुक्त्यद्वेषस्तदयमीदृशः ।
गुणरागस्य बीजत्वमस्यैवाव्यवधानतः ।। २५।।
धारालग्नः शुभो भाव एतस्मादेव जायते ।
अन्तस्तत्त्वविशुद्ध्या च विनिवृत्ताग्रहत्वतः ।। २६।।

टीकार्थ : આમ, મુક્તિઅદ્વેષમાં વિશેષતા દર્શાવી એટલે વસુપાલને પૂર્વભવમાં સાધુનું દર્શન થવા પર ઉપેક્ષા થવાથી, સાધુ પ્રતિ ગુણરાગ ન જાગ્યો.. અને તેથી એ ચોરના ભવભ્રમણમાં=દીર્ઘ સંસારભ્રમણમાં બાધક ન બન્યો, કારણ કે તેનો ગુણઅદ્વેષ ક્રિયારાગનો પ્રયોજક નહોતો બન્યો.

વિવેચન : દ્વેષાભાવરૂપ હોવાથી મુક્તિઅદ્વેષ એક જ હોવા છતાં, એમાં યોગ્યતારૂપે થયેલો મુક્તિઅદ્વેષ (=સદનુષ્ઠાન રાગનો પ્રયોજક મુક્તિઅદ્વેષ) અને પ્રયત્નથી સાધેલો મુક્તિઅદ્વેષ (=એ રાગનો અપ્રયોજક મુક્તિઅદ્વેષ) આમ બે વિશેષ (-પ્રકાર) કહ્યા.. એટલે બીજા પ્રકારનો અદ્વેષ વસુપાલને હોવાથી ભવભ્રમણ અટકાવનાર ન બની શક્યો, કારણકે એ સદનુષ્ઠાનરાગનો પ્રયોજક બન્યો નહીં. વસુપાલનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે-

કૌશામ્બીનગરીમાં ધન શ્રેષ્ઠી અને યક્ષ શ્રેષ્ઠી નામે બે શ્રેષ્ઠીના પુત્રો ક્રમશઃ ધનપાલ અને વસુપાલ હતા. પરસ્પર અત્યંત સ્નેહભીના આ બન્નેનાં મન, સ્વભાવ, ઇચ્છા વગેરે બધું એકસરખું હતું. એટલે દેહ જુદા હોવા છતાં બંનેના જીવ-મન એક જ છે એવી લોકવાયકા થઈ. એકદા શ્રીવીરપ્રભુ ત્યાં સમવસર્યા. બંને મિત્રો પ્રભુની દેશનાનું પાન કરવા ગયા. જિનવાણીના શ્રવણથી ધનપાલને સમ્યક્ત્વ પ્રગટ થયું, વસુપાલને ન થયું. એટલે બધાને આશ્ચર્ય થયું. ઇચ્છા વગેરે બાબતમાં એક મનવાળા તેઓ આમાં કેમ જુદા પડ્યા ? આવો પ્રશ્ન પુછાવા પર પ્રભુએ કહ્યું : પૂર્વભવમાં આ બંને ગ્રામમુખીના પુત્રો હતા. વ્યસનના પનારે પડવાથી ચોરી કરવાના માર્ગે વળ્યા. એક વખત ચોરી કરીને પાછા ફરી રહેલા તેઓનો રાજપુરુષોએ પીછો પકડ્યો. તેથી એ બંને પર્વતની એક ગુફામાં ઘૂસ્યા. ત્યાં સાધુ ભગવંત આતાપના લઈ રહ્યા હતા. એમને જોઈને ધનપાલને અહોભાવ-આદરભાવ જાગ્યો. પણ વસુપાલને ન અહોભાવ થયો, ન દ્વેષ થયો. પણ ઉપેક્ષાભાવ થયો. એટલે એને સાધુની પ્રશંસા દ્વારા બોધિબીજ નાખ્યું નહીં. માટે, અત્યારે જિનવાણીની વૃષ્ટિ થવા છતાં એને સમ્યક્ત્વનો અંકુરો ફૂટ્યો નહીં. ને તેથી સંસારભ્રમણ સીમિત થયું નહીં.

આમ, મુક્તિઅદ્વેષ, ઉપાયભૂત ગુણો પ્રતિ અદ્વેષ કે એ ગુણના ગુણીઓ પ્રતિ અદ્વેષ.. આ બધું જ સદનુષ્ઠાનરાગના પ્રયોજક બને તો જ તદ્હેતુઅનુષ્ઠાન કરાવનાર હોવાથી જીવને હિતકર નીવડે છે, એ સિવાય નહીં... એ નિશ્ચિત થયું. ॥ ૨૪ ॥ હવેના આઠ શ્લોક દ્વારા મુક્તિઅદ્વેષપ્રાધાન્યબત્રીશીનો ઉપસંહાર કરે છે-

ગાથાર્થ : તેથી આવા પ્રકારનો (=સદનુષ્ઠાન રાગનો પ્રયોજક બનનારો) મુક્તિઅદ્વેષ કર્મોનો=સદનુષ્ઠાનોનો જીવાતુ=પ્રાણ છે અને એ જ અવ્યવધાનપણે ગુણરાગનું બીજ બને છે.

ટીકાર્થ : જીવાતુ.. આ શ્લોકથી માંડીને આઠે શ્લોક સુગમ છે. (તેથી ગ્રન્થકારે એના પર ટીકાની રચના કરી નથી.) ॥૨૫॥

अस्मिन् सत्साधकस्येव नास्ति काचिद् बिभीषिका ।
सिद्धेरासन्नभावेन प्रमोदस्यान्तरोदयात् ।। २७।।
चरमावर्तिनो जन्तोः सिद्धेरासन्नता ध्रुवम् ।
भूयांसोऽमी व्यतिक्रान्तास्तेष्वेको बिन्दुरम्बुधौ ।। २८।।
मानोरथिकमित्थं च सुखमास्वादयन् भृशम् ।
पीड्यते क्रियया नैव बाढं तत्रानुरज्यते ।। २९।।

गाथार्थ : अंतस्तत्त्वनी विशुद्धिथी अने आग्रह विनिवृत्त थयो होवाथी आ मुक्तिअद्वेषथी ज धारालग्न शुभभाव प्रवर्ते छे.

विवेचन : चरमावर्तमां योगनी समुचितयोग्यता उल्लसवी ए अंतस्तत्त्वनी विशुद्धि छे.

'सुख तो पौद्गलिक ज होय' तीव्र भवाभिष्वंगरूप बननारो आवो दृढ आग्रह अचरमावर्तमां होय छे. चरमावर्तमां ए रहेतो नथी. माटे विनिवृत्ताग्रहत्व कह्युं छे. ॥२६॥

गाथार्थ : आ मुक्तिअद्वेष होते छते विद्याना सत्साधकनी जेम कोई भय रहेतो नथी. ते पण एटला माटे के सिद्धि नजदीक होवाथी अंदर एक अपूर्व प्रमोद उदय पामेलो छे.

विवेचन : विद्यानो जे सारो साधक होय तेने विद्यासिद्धि ज्यारे नजीक थाय छे त्यारे अंदरथी कोई अपूर्व आनंद अनुभवावानो चालु थवाथी गमे तेवी भयंकर कसोटी वगेरेनो पण भय रहेतो नथी. एवी ज रीते मुक्तिअद्वेष होते छते सिद्धि नजदीक थई होवाथी अंतःकरणमां कोईक अवर्णनीय प्रमोद अनुभवावाथी बहार कोई भय सतावतो नथी. ॥२७॥ (चरमावर्तकाळ पण अनंतकाळचक्र जेटलो सुदीर्घ छे. पछी सिद्धि नजदीक शी रीते कहेवाय? आवा प्रश्ननो जवाब आपे छे-)

गाथार्थ : चरमावर्तमां रहेला जीवने सिद्धि निश्चे नजदीक होय छे. कारण के घणा=अनंता पुद्गलपरावर्तो पसार थई गया छे, तो तेनी अपेक्षाए आ एक पुद्गलपरावर्त ए समुद्रमां बिंदु तुल्य छे. (अर्थात् कशुं ज नथी.) ॥२८॥

गाथार्थ : 'मारी सिद्धि नजीक छे' आ विचार ज जीवने जातजातनी सुखद कल्पनाओमां राचतो करी दे छे. आ मानोरथिक (=मनोरथजन्य) सुखने वारंवार अनुभवतो जीव, मुक्तिउपायभूत क्रियाथी पीडा पामतो नथी, पण उपरथी एमां खूब अनुराग धरावनारो बने छे.

विवेचन : साधनामां कष्ट जोनारने पीडा थाय, कमाणी जोनारने खुशी थाय अने साधना कमाणीनुं साधन लागवाथी, साधना पर अनुराग थाय. चरमावर्तवर्ती जीवने साधनामां मुक्तिनी नजदीकता रूप कमाणी भासवाथी अनुराग पेदा थाय छे. ॥२९॥

गाथार्थ : मानोरथिक सुख अने सदनुष्ठानरागथी श्रद्धा उत्पन्न थाय छे. आ श्रद्धाथी, जेम फटकडीना चूर्णथी मळरहित बनेलुं पाणी प्रसन्न (=निर्मळ) थाय छे एम चित्त प्रसन्न (=निर्मळ) थाय छे. ॥३०॥

प्रसन्नं क्रियते चेतः श्रद्धयोत्पन्नया ततः ।
मलोज्झितं हि कतकक्षोदेन सलिलं यथा ।। ३०।।
वीर्योल्लासस्ततश्च स्यात्ततः स्मृतिरनुत्तरा ।
ततः समाहितं चेतः स्थैर्यमप्यवलम्बते ।। ३१।।
अधिकारित्वमित्थं चापुनर्बन्धकतादिना ।
मुक्त्यद्वेषक्रमेण स्यात् परमानन्दकारणम् ।। ३२।।

जीवातुरित्याद्यारभ्याष्टश्लोकी सुगमा ।। ३२।।

।। इति मुक्त्यद्वेषप्राधान्यद्वात्रिंशिका ।। १३।।

गाथार्थ : प्रसन्न थयेला चित्तथी वीर्योल्लास स्फुरे छे. એ वीर्योल्लासथी (=वीर्योल्लासपूर्वक सदनुष्ठान કરવાથી એના દૃઢ સંસ્કાર પડવાના કારણે) પટુસ્મૃતિ થાય છે. આ પટુસ્મૃતિથી સમાધિને અનુભવતું ચિત્ત સાધનામાં સ્થિરતાનું અવલંબન કરે છે. ॥૩૧॥

गाथार्थ : આ પ્રમાણે અપુનર્બન્ધકતા છે આદિમાં જેને એવું મુક્તિઅદ્વેષક્રમે થયેલું અધિકારીપણું પરમાનન્દનું કારણ બને છે.

અહીં આ બત્રીશીનું વિવેચન પૂર્ણ થાય છે.

આ બત્રીશીમાં આવેલા વિષાદિઅનુષ્ઠાન અંગે કંઈક વિચારણા-

યોગબિન્દુગ્રન્થમાં વિષાનુષ્ઠાન માટે આવું નિરૂપણ છે-

विषं लब्ध्याद्यपेक्षात इदं सच्चित्तमारणात् ।
महतोऽल्पार्थनाज्ज्ञेयं लघुत्वापदनात्तथा ।।

अर्थ : લબ્ધિવગેરેની સ્પૃહાથી અનુષ્ઠાન વિષ બને છે. સચ્ચિત્તનું મારણ થતું હોવાના કારણે તેમજ મોટા અનુષ્ઠાનના અલ્પફળની યાચના હોવાથી લઘુતાનું આપાદન થતું હોવાના કારણે આ અનુષ્ઠાન વિષરૂપ બને છે.

આમાં સ્પષ્ટ છે કે લબ્ધિ વગેરેની સ્પૃહા હોવામાત્રથી અનુષ્ઠાન વિષ બની જતું નથી, પણ જો એનાથી સચ્ચિત્તનું મારણ થતું હોય અને લઘુત્વનું આપાદન થતું હોય, તો જ અનુષ્ઠાન વિષ બને છે.

આનો ફલિતાર્થ એ પણ મળે છે કે તદ્ધેતુ અનુષ્ઠાનમાં ભૌતિક અપેક્ષા હોવા છતાં સચ્ચિત્તનું મારણ હોતું નથી કે લઘુતાનું આપાદન હોતું નથી.

એટલે જ 'ભૌતિક અપેક્ષા વિનાનું અંતઃકરણ એ સચ્ચિત્ત' એવી વ્યાખ્યા લઈ ન શકાય, કારણ કે તો તો તદ્ધેતુમાં પણ સચ્ચિત્તનું મારણ કહેવું પડે. એટલે 'ધર્મકરણબુદ્ધિથી પ્લાવિત અને ધર્મકરણકાળે તે તે અનુષ્ઠાનને ઉચિત શુભભાવથી પ્લાવિત અંતઃકરણ એ સચ્ચિત્ત' એવી વ્યાખ્યા જાણવી.

જો કે જિનોક્ત કોઈપણ અનુષ્ઠાન વીતરાગતા-કેવલજ્ઞાન-મોક્ષ અપાવી શકે છે. એટલે સૌભાગ્ય વગેરેની ઇચ્છા રાખવી એ અનુષ્ઠાનની લઘુતા કરવારૂપ છે જ. તેમ છતાં એવું લઘુત્વઆપાદન જો અહીં વિવક્ષિત હોય તો તો તદ્ધેતુ અનુષ્ઠાન પણ વિષ બની જાય. એટલે, જે અનુષ્ઠાન પરંપરાએ પણ અંશમાત્ર પણ મોક્ષનું કારણ ન બને.. તો જ લઘુત્વનું આપાદાન કહેવાય એમ માનવું જરૂરી બને છે.

ચરમાવર્તમાં થતા કોઈપણ ધર્માનુષ્ઠાનથી સચ્ચિત્તનું મારણ કે લઘુત્વનું આપાદન થતું નથી, માટે વિષ-ગર થતા નથી. તેમ છતાં, જેમાં ભૌતિક અપેક્ષાનો સંબંધ છે એવા ચરમાવર્તમાં થતા અનુષ્ઠાનોના આપણે ત્રણ વિભાગ કરી શકીએ..

(૧) ભૌતિક ઇચ્છા પહેલાં પેદા થયેલી છે.. ને પછી એની સફળતા માટે ગુરુઉપદેશથી કે સ્વયં ધર્મ કરે.. જેમ કે ધમ્મિલ વગેરે. अर्थकामाभिलाषिणाऽपि धर्म एव यतितव्यम् વગેરે શાસ્ત્રવચનો (અર્થ-કામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ) દ્વારા આ વિહિત હોવાથી આ નિષિદ્ધ નથી. અને એટલે જ એ જીવને ઉત્તરોત્તર આગળ વધારનાર જ બને છે.

(૨) પહેલાં નિરાશંસભાવે ધર્મ કર્યો... પણ પછી નિયાણું કર્યું. જેમ કે સંભૂતિમુનિ. આમાં અનુષ્ઠાન ત્યાજ્ય નથી, પણ નિયાણું ત્યાજ્ય છે, કારણ કે એ ભવિષ્યમાં સંયમાદિરૂપ ધર્મવિશેષની પ્રાપ્તિમાં પ્રતિબંધક બને છે. તેથી અનુષ્ઠાન નિષિદ્ધ નથી, પણ નિયાણું નિષિદ્ધ છે.

(૩) પહેલાં નિરાશંસભાવે પ્રભુભક્તિ કરી. પછી જયવીયરાયસૂત્રગત इट्ठफलसिद्धि પદથી, ચિંતાનો વિષય બનેલી આવશ્યક આજીવિકા વગેરેની પ્રાર્થના કરી. આ પણ સૂત્રવિહિત છે, નિષિદ્ધ નથી, અને જીવને લાભકર્તા જ નીવડે છે.

આ ત્રણમાં પ્રથમમાં ભૌતિક ઇચ્છા આવશ્યકતાજન્ય કે લોભજન્ય છે, બીજામાં લોભજન્ય છે જ્યારે ત્રીજામાં આવશ્યકતાજન્ય છે. ત્રીજામાં પણ લોભજન્ય ઇચ્છાનો વિષય માગવામાં આવે તો એ નિયાણું જ બની જવાથી બીજા પ્રકારમાં જાય. પહેલો-છેલ્લો પ્રકાર વિહિત છે, લાભકર્તા જ છે. બીજો પ્રકાર નિયાણા અંશમાં નિષિદ્ધ છે, અનુષ્ઠાન અંશમાં નિષિદ્ધ નથી.

'તને અર્થ-કામની ઇચ્છા છે ? તો એ ઇચ્છાથી ધર્મ તો ન જ કરાય' આવું એક પણ શાસ્ત્રવચન આખા જૈનવાઙ્મયમાં ક્યાંય જોવા મળ્યું નથી કે કોઈ ગીતાર્થ ગુરુભગવંતે પૂછવા આવેલા જિજ્ઞાસુને આવો નિષેધ કર્યો હોય એવું કોઈ શાસ્ત્રીય દૃષ્ટાંતમાં જોવા મળતું નથી. ઉપરથી આવી ઇચ્છાથી પણ ધર્મ જ કરવો જોઈએ એવાં ઢગલાબંધ શાસ્ત્ર વચનો જુદાં જુદાં શાસ્ત્રોમાં દૃષ્ટિગોચર થાય છે ને એવાં ઢગલાબંધ શાસ્ત્રીયદૃષ્ટાંતો પણ જોવા મળે છે.

જે વાતો વિષઅનુષ્ઠાન માટે કહી છે એ જ બધી ગરઅનુષ્ઠાન માટે પણ સમાન છે. માત્ર ભૌતિક ઇચ્છા પરલોક સંબંધી છે.

અમૃતાનુષ્ઠાન માટે શ્રી અધ્યાત્મસારના ૧૦મા અધિકારના ૨૭મા શ્લોકમાં કહ્યું છે કે-

शास्त्रार्थालोचनं सम्यक् प्रणिधानं च कर्मणि ।
कालाद्यङ्गाविपर्यासोऽमृतानुष्ठानलक्षणम् ।। २७ ।।

શાસ્ત્રાર્થનું સમ્યક્‌નું આલોચન હોય, અનુષ્ઠાનમાં દૃઢ પ્રણિધાન હોય અને કાળ વગેરે અંગેનો વિપર્યાસ ન હોય.. આ અમૃતાનુષ્ઠાનનું લક્ષણ છે.

અમૃતાનુષ્ઠાનની અધ્યાત્મસારમાં આપેલી આ વ્યાખ્યા ઉત્કૃષ્ટ વર્ણનરૂપ જાણવી. કારણ કે શાસ્ત્રાભ્યાસ ન કર્યો હોય એવા સાધકને શાસ્ત્રાર્થનું આલોચન નથી. એમ વિષમ સંયોગોમાં કાલાદિ અંગેનો વિપર્યાસ પણ સંભવિત છે. અને તેમ છતાં, અમૃતાનુષ્ઠાન તો માન્યું જ છે.

હા, લબ્ધિરૂપે તો વિષમસંયોગોમાં પણ અંગવિપર્યાસ ન જ હોય એ જાણવું. અર્થાત્ વિધિ કરતાં જે અન્યથા પ્રવૃત્તિ હોય છે, તે તેવી ઇચ્છાવશાત્ કે પ્રમાદાદિવશાત્ નથી હોતી, પણ પરિસ્થિતિવશાત્ જ હોય છે. જેટલી વિધિ શક્ય હોય એટલો પ્રયત્ન તો અવશ્ય હોય જ છે. એટલે જ આગળ વિરતિધરને અમૃતાનુષ્ઠાનની જે સિદ્ધિ કરી દેખાડી છે, તેમાં વિધિપાલનસમ્ભવેન ન કહેતાં વિધિયત્નસમ્ભવેન કહ્યું છે. યોગબિંદુમાં અમૃતાનુષ્ઠાનની જે વ્યાખ્યા આપી છે તે સર્વવ્યાપી છે એમ જાણવું.

શ્રીપાળકુંવર જેવા વિશિષ્ટ ભૂમિકા પામેલા જીવોને ક્યારેક વ્યક્તરૂપે ભૌતિક ફળાશંસા દેખાતી હોય, તો પણ એમનો સંવેગ ઝળહળતો હોવાના કારણે એમનો મોક્ષાભિલાષ અક્ષત રહ્યો હોય છે. તીવ્રતામાં ભૌતિક ફળાપેક્ષા કરતાં મોક્ષાભિલાષા જ ચઢિયાતી હોય છે. વળી, ભૌતિકફળાપેક્ષા કામચલાઉ=પ્રાસંગિક હોય છે, જ્યારે મોક્ષાભિલાષા સતત બેઠી હોય છે. તેથી એમનું અનુષ્ઠાન (બાહ્ય રીતે ભૌતિક ફળાશંસા દેખાતી હોવા છતાં) અમૃતાનુષ્ઠાન જ બને છે, તદ્‌હેતુ અનુષ્ઠાન નહીં, એ જાણવું. જેમ આલોક-પરલોક ઉભય સંબંધી ફળાપેક્ષા હોય તો જેની તીવ્રતા હોય તે મુજબ અનુષ્ઠાનનો વિષ કે ગરમાં સમાવેશ કરવો એમ પૂર્વે જણાવ્યું છે. એમ પ્રસ્તુતમાં ભૌતિકફળાભિલાષા અને મોક્ષાભિલાષા અંગે જાણવું. અર્થાત્ ભૌતિક ફળાભિલાષા તીવ્ર હોય તો તદ્‌હેતુ અને મોક્ષાભિલાષા તીવ્ર હોય તો અમૃત. એટલે જ તદ્‌હેતુ અનુષ્ઠાન માટે મુક્તિઅદ્વેષ કે મુક્તિનો ઈષદ્રાગ કહ્યો છે. પણ મુક્તિનો તીવ્રરાગ(તીવ્ર અભિલાષા=ઝળહળતો સંવેગ) નથી કહ્યો. કારણ કે એ જો હોય તો એની જ પ્રબળતા રહેવાથી ભૌતિક અપેક્ષા હોવા છતાં અનુષ્ઠાન તદ્‌હેતુ રહેતું નથી, પણ અમૃત બની જાય છે. પણ જેને બાધ્યકક્ષાની એવી પણ ભૌતિક ફળાપેક્ષા, મોક્ષાભિલાષાની અપેક્ષાએ પ્રબળ હોય છે એનું અનુષ્ઠાન તદ્‌હેતુ બને છે એ જાણવું. ટૂંકમાં-

માત્ર મોક્ષાભિલાષા કે નિર્બળભૌતિક

ફલાભિલાષાથી મિશ્રિત પ્રબળ મોક્ષાભિલાષા	- અમૃતાનુષ્ઠાન
બાધ્ય એવી પ્રબળ ભૌતિક અપેક્ષા	- તદ્‌હેતુઅનુષ્ઠાન
અબાધ્ય એવી પારલૌકિક ભૌતિક અપેક્ષા	- ગરાનુષ્ઠાન
અબાધ્ય એવી ઇહલૌકિક ભૌતિક અપેક્ષા	- વિષાનુષ્ઠાન
ફળાદિ અંગે પ્રણિધાનશૂન્યતા	- અનનુષ્ઠાન

પાંચ અનુષ્ઠાન અંગેની વિશેષ વાતો જાણવા માટે યોગવિંશિકા ગ્રન્થના મેં કરેલા ભાવાનુવાદનું તેમજ મારા તત્ત્વનિર્ણય પુસ્તકનું અવગાહન કરવા વિનંતી છે.

આ અંગે ઇષ્ટફળસિદ્ધિ વગેરે અંગેનું શાસ્ત્રીયમાર્ગ દર્શન પણ જોઈ લઈએ-

ઇષ્ટફલસિદ્ધિ તથા દેશના પદ્ધતિ વિષે ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન :

અનંતજ્ઞાની ત્રિલોકનાથ શ્રી તીર્થંકર ભગવંતો ફરમાવે છે કે-જીવ અનાદિકાળથી આ સંસારમાં જન્મ-

મરણાદિ દુઃખોથી રિબાય છે. એનો અંત તો જ આવે કે જીવ જો સંસારબંધનથી છૂટી મોક્ષ પામે. સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે શ્રી જિનેશ્વરદેવોએ શુદ્ધ ધર્મતીર્થની સ્થાપના કરી છે. [૧]આલોક-પરલોકના સુખ માટે પણ ઉપાયભૂત આ શુદ્ધધર્મ છે. શાસ્ત્રકારો વાસ્તવમાં આ સુખોને આનુષંગિક ગણે છે, મુખ્ય નહિ, કારણ કે ધર્મનું મુખ્ય ફળ તો મોક્ષ છે. માટે તે પ્રાર્થનીય છે અને તેની પ્રાર્થના મોક્ષાંગ છે. તેવી રીતે જયવીયરાય સૂત્ર વગેરેમાં પ્રાર્થિત ભવનિર્વેદ=સંસારનો વિરાગ, માર્ગાનુસારિતા=મોક્ષમાર્ગનું અનુસરણ, ઇષ્ટફલસિદ્ધિ=આલોક સંબંધી અભિમત અર્થની નિષ્પત્તિ-જેના દ્વારા ઉપકૃત બનેલા આત્માને ચિત્તની સ્વસ્થતા થાય છે. અને એ થવાથી ધર્મમાં પ્રવૃત્તિ થાય છે, તથા લોકવિરુદ્ધ ત્યાગ=સર્વજન નિંદા વગેરે લોકમાં વિરુદ્ધ ગણાતાં કાર્યોનો ત્યાગ, ગુરુજનપૂજા=માતા-પિતા-ધર્માચાર્યાદિની પૂજા, પરાર્થકરણ= બીજાનાં કાર્યોનું કરવું, શુભગુરુયોગ=ઉત્તમ ધર્માચાર્યનો સંબંધ, તદ્વચન સેવા=આ સંસારમાં જ્યાં સુધી રહેવાનું થાય ત્યાં સુધી તેવા શુભગુરુના વચનની અખંડ સેવા=સંપૂર્ણ સેવા થાઓ, વગેરે તથા તેની પ્રાર્થનાઓ પણ મોક્ષાંગ છે.

રાજમાર્ગ તો એકમાત્ર સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે આરાધના કરવાનો છે.

[૨]તે છતાં પણ જૈન શાસ્ત્રકારો મુગ્ધ તથા બાળકક્ષાના (બાધ્યફલાપેક્ષાવાળા) જીવોને નીચેનાં કારણોસર ઐહિક સુખ માટે પણ આ જિનોક્ત ધર્મ કરવાનો નિષેધ કરતા નથી.

[૨]એ જીવો એ રીતે ધર્મપ્રવૃત્તિ કરવાથી પાપ પ્રવૃત્તિથી હઠે છે. અને જીવનમાં શ્રી અરિહંતને મુખ્ય કરે છે. તેમજ સાંસારિક પ્રયોજનના લૌકિક આશયવાળું પણ તે જીવોનું એ ધર્મઅનુષ્ઠાન મુક્તિઅદ્વેષજન્ય સદનુષ્ઠાનના રાગવાળું હોવાથી ક્રમશઃ સમજણ મળતાં એ જીવોનો સાંસારિક આશય બાધિત થઈ જઈ શુદ્ધ મોક્ષના આશયને પમાડનારું બને છે.

આ પ્રયોજન જીવનનિર્વાહ વગેરે ઇહલૌકિક આશયવાળું હોય તોય એના માટે ધર્મ જ ઉપાદેય છે, આમ કહેવામાં જ્ઞાનીઓનો આશય તે જીવોને પાપમાંથી છોડાવી શુદ્ધ ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાનો છે. એમાં ઐહિક પ્રયોજન સિદ્ધ થવાથી તે જીવ આર્ત્તધ્યાન- અસમાધિના પાપથી બચે અને સ્વસ્થ ચિત્તે ધર્મપ્રવૃત્તિ કરી શકે જેથી આગળ વધતાં એ શુદ્ધ મોક્ષના આશયવાળો ધર્મ આરાધી અંતે મુક્તિસુખ પામી શકે.

[૩]સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારસુખને સર્વથા હેય માનનારા હોવાથી ચિત્તની અસમાધિ દૂર કરવા પ્રસંગવશ સાંસારિક પ્રયોજનની સિદ્ધિ માટે પણ ધર્મ કરે તો તે અહિતકર બનતો નથી. કારણ કે તેનો અંતિમ આશય તો મોક્ષ પામવાનો જ છે.

ઉપરોક્ત કારણના અભાવે, [૪]અબાધ્યફલાપેક્ષાવાળા, મુક્તિપ્રત્યે દ્વેષવાળા કે કદાગ્રહી જીવો દ્વારા ભૌતિક સુખો માટે કરાતાં ધર્માનુષ્ઠાન વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન કોટિનાં હોઈ જૈનશાસ્ત્રકારો તેને હેય તરીકે ગણાવે છે.

ચરમાવર્તમાં અપુનર્બંધક વગેરે જીવોનું યત્કિંચિત્ મુક્તિના અનુરાગજન્ય અથવા મુક્તિના અદ્વેષજન્ય શુભભાવલેશથી થતું અનુષ્ઠાન તે તદ્હેતુ નામનું સદનુષ્ઠાન બને છે.

આ રીતે મુક્તિસુખ પમાડવાનો પવિત્ર આશય હૈયામાં રાખીને ધર્મોપદેશકોએ જીવોના હૃદયમાં સંસારસુખનો રાગ સર્વથા નષ્ટ થઈ મુક્તિનો ઉત્કૃષ્ટ રાગ પ્રગટે તે રીતે કેવલિભાષિત ધર્મની પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ કરવાનો છે.

૨૦૪૩ ના આસો વદ ૨૨ ના ચુકાદા
વિજય ભુવનભાનુસૂરિ
શ્રીપાલનગર-મુંબઈ

વિજય ભુવનભાનુસૂરિ
પાલનપુર, તિલકનગર
આસો વદ ૧૨, તા. ૧૦-૧૧

જિનવાણી અને દિવ્યદર્શનમાં મૂકવાની નોંધ :

ઇષ્ટફલસિદ્ધિ તથા દેશનાપદ્ધતિ વિષે ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન :

(શ્રી જિનશાસનની દેશનાપદ્ધિતિ અંગે તથા શ્રી પ્રાર્થના(જયવીયરાય)સૂત્રમાંના ઇષ્ટફલસિદ્ધિ પદના પરમાર્થ સંબંધમાં, ઉપદેશક મહાત્માઓને તથા તત્ત્વજિજ્ઞાસુ શ્રદ્ધાળુઓને શાસ્ત્રીય માર્ગદર્શન આપતો એક નિર્ણય, નિર્ણયની નીચે સહી કરનાર બંને પૂજ્યવરોની સૂચનાનુસાર પ્રગટ કરીએ છીએ. સં.)

પર્યુષણા બાદ
તા.૨૦-૯-૮૭-રવિવાર
જિનવાણી અંક પ્રગટ થશે.
તે પૂર્વેના શનિવારમાં (દિવ્યદર્શનમાં).
પ્રગટ થાય તો સારું.

શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય,
૧૨, જમનાદાસ મહેતા માર્ગ,
વાલકેશ્વર
મુંબઈ-૪૦૦૦૦૬

૨૦૪૩ના શ્રાવણ સુદ ૧૫ ને રવિવાર

પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પરમારાધ્યપાદ પરમપૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તરફથી :

વિનયાદિ ગુણગણાલંકૃત આચાર્ય શ્રીવિજય ભુવનભાનુસૂરિજી આદિ યોગ અનુવન્દના સુખશાતા સાથે જણાવવાનું કે આપણા સમુદાયમાં છેલ્લા કેટલાક વખતથી, દેશનાપદ્ધતિ તથા ઇષ્ટફલસિદ્ધિ પદના પરમાર્થ સંબંધમાં પ્રવર્તતા મતભેદોનું નિરાકરણ લાવવાના પ્રયત્નોના અંતે નિર્ણયરૂપે થયેલા લખાણની નકલ આ સાથે તમારી જાણ માટે મોકલેલ છે. તે મળ્યેથી પહોંચ જણાવવા ભલામણ છે. રત્નત્રયીની ઉજ્જવળ આરાધનામાં અવિરત ઉજમાળ બની અને નિશ્રાવર્તી સૌને બનાવી સ્વ-પરની મુક્તિને ખૂબ નજીક બનાવો એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા.

ઇ. મહોદયસૂરિની
વંદના/અનુવંદના

નિર્ણયરૂપે થયેલા આ લખાણના સૂચિતાર્થો સમજવા સરળ બને એ માટે મેં એમાં તે તે સ્થાને ૧, ૨.. વગેરે નંબરો આપેલા છે. તે તે નંબરવાળા લખાણથી શું સૂચિતાર્થ નીકળે છે ? તે હવે જોઈએ.

(૧) જો શુદ્ધધર્મ ઉપાયભૂત છે, તો આલોક-પરલોકના સુખનો અર્થી એ ઉપાયમાં શા માટે ન પ્રવર્તે ? કે હિતસ્વી આપ્તપુરુષ એને વારે પણ શા માટે ?

શંકા : જેમ, વિષમિશ્રિતભોજન ભૂખશમનનો ઉપાય તો છે જ, છતાં ભૂખશમનનો અર્થી એમાં પ્રવર્તતો નથી, અથવા કોઈ પ્રવર્તતો હોય, તો હિતસ્વી પુરુષ એને વારે જ છે. એમ પ્રસ્તુતમાં પણ સંભવે ને ?

સમાધાન : જેમ, 'ભૂખના શમન માટે ઉપાયભૂત આ વિષમિશ્રિત ભોજન છે' એવું કોઈ આપ્તપુરુષ કહેતો નથી, કારણ કે એનું પરિણામ ભૂખશમનરૂપ ઇષ્ટ કરતાં અતિ અનિષ્ટ એવું મોત છે. એમ જો પ્રસ્તુતમાં પણ ઇષ્ટ કરતાં અનિષ્ટ જોરમાં થવાનું હોય, તો આપ્ત પુરુષ આ પ્રમાણે કહે જ નહીં. પણ એમણે જો કહ્યું છે, તો એમના પ્રત્યેની શ્રદ્ધાવાળા શ્રદ્ધાળુએ અનિષ્ટની શંકા પણ કરવાની જરૂર હોતી નથી.

(૨)-(૨).... આ બન્ને ફકરા સ્પષ્ટ કરે છે કે આ અનુષ્ઠાન લાભકર્તા જ ઠરે છે. પછી, એને વિષાનુષ્ઠાન.. સંસારવર્ધક.. ભૂંડું.. રિબાવી રિબાવીને મારનાર.. વગેરે શી રીતે કહી શકાય ?

શંકા : પણ આ તો અબાધ્યફળાપેક્ષાવાળા જીવો માટે કહેવાય છે.

સમાધાન : આપણે જોઈ ગયા છીએ કે મુક્તિદ્વેષ હોય તો જ અબાધ્યફળાપેક્ષા હોય.. પણ તો તો એ જીવો ઉપદેશને જ અયોગ્ય હોવાથી એમને કશું જ કહેવાનું રહે નહીં.

(૩) ઉપર બે નંબરમાં બાળ-મુગ્ધકક્ષાના જીવો માટે ઐહિકસુખ માટે પણ જિનોક્ત ધર્મ કરવાની વાત આવી અને અહીં સમ્યગ્દૃષ્ટિ જીવો માટે એ વાત આવી. વળી બંને માટે એ અહિતકર નથી એ પણ જણાવ્યું. તો હવે કોના માટે એ નિષિદ્ધ રહી ?

(૪) ચરમાવર્તમાં અબાધ્યફળાપેક્ષા વગેરે કશું હોતું નથી... એટલે વિષ-ગર પણ ન જ હોય એ સ્પષ્ટ થઈ જાય છે ને !

(૫) હોઠ પર લાવવો જરૂરી નથી.. એટલે સંવિગ્નગીતાર્થ ગુરુ ભગવંત કદાચ, ભૌતિક આશયથી ધર્મ કરી રહેલા જીવને મુખથી મોક્ષની વાત ન પણ કરે.. પણ હૈયામાં તો આ બેઠું જ હોય છે, કારણ કે સંવિગ્ન ગીતાર્થ છે.

(૬) **પ્રશ્ન :** આ સૂચવે છે કે આ નિર્ણય થવા પૂર્વે બંને આચાર્ય ભગવંતોના મત ભિન્ન ભિન્ન હતા.. તો આ નિર્ણયમાં કોના મતનો સ્વીકાર થયો અને કોના મતનો ત્યાગ થયો ?

ઉત્તર : આપણને શાસ્ત્રાનુસારી ઉભયસંમત નિર્ણય મળી ગયો એટલે ભયો ભયો.. પછી કોનો મત સ્વીકારાયો વગેરે ઝંઝટમાં પડવાની શી જરૂર છે ?

પ્રશ્ન : કોની પ્રજ્ઞા પહેલેથી માર્ગાનુસારી હતી એ જાણવા માટે એની જરૂર છે.

ઉત્તર : તો, આ નિર્ણયાત્મક લખાણ પૂર્વેનું બંને મહાત્માઓનું આ અંગેનું ઘણું સાહિત્ય જે પ્રકાશિત થયું છે એને આ નિર્ણયના લખાણ સાથે સરખાવીને તમે સ્વયં એનો નિર્ણય કરી શકો છો.

પ્રશ્ન : એના કરતાં આની કોઈ સરળ રીત બતાવો ને ?

ઉત્તર : નિર્ણયરૂપે થયેલા આ લખાણને જિનવાણી અને દિવ્યદર્શન.. આ બંનેમાં પ્રગટ કરવાનો નિર્ણય થયેલો. એમાંથી, દિવ્યદર્શનમાં અને અમારા અન્ય સાહિત્યમાં આ લખાણ અનેકશઃ પ્રગટ થઈ ચૂક્યું છે, જ્યારે જિનવાણીમાં એ પ્રકાશિત થયું નથી. તમે આના પરથી નિર્ણય કરી શકતા હો તો ખુશીથી કરી શકો છો.

પ્રશ્ન : જ્યારે તમારી આ બધી વાતો વાંચી-સાંભળીને સમજીએ છીએ ત્યારે તમારી વાત સાચી લાગે છે

ને જ્યારે સામા પક્ષની વાતો સાંભળીએ છીએ ત્યારે એમની વાતો સાચી લાગે છે. તો અમારે નિર્ણય કઈ રીતે કરવો ?

ઉત્તર : બંને પક્ષની માન્યતાઓનું ઘણું સાહિત્ય પ્રકાશિત થયેલું છે.. એ બધું સામ સામે રાખીને વિચારવાથી આ નિર્ણય થઈ શકે.

પ્રશ્ન : આ બધી વાતો સૂક્ષ્મતાથી વિચારવાની અમારી શક્તિ ન હોય તો ?

ઉત્તર : છતાં, આ બધી વિચારણામાં જે પક્ષ જાતજાતની ગરબડ કરે એ સાચો ન હોઈ શકે.. આટલો નિશ્ચય તો કરવો જ જોઈએ, કારણ કે સાચી વાતને સાબિત કરવા માટે માયા સેવવાની ક્યારેય જરૂર હોતી નથી. વળી એકાદ ગરબડ હોય તો તો અનાભોગથી ભૂલ થયેલી માની શકાય.. પણ વારંવાર હોય તો એ અનાભોગ ન હોઈ શકે.

પ્રશ્ન : શું આવી ગરબડો જોવા મળે છે ?

ઉત્તર : ઢગલાબંધ... કેટલાક નમૂના બતાડું. દ્વારિકાના દાહનિવારણ માટે શ્રી નેમિનાથ ભગવાને આયંબિલ વગેરે ધર્મ કરવાનો ઉપદેશ આપેલો. આ વાત શ્રી પાંડવચરિત્રમાં આવે છે તથા સકલ શ્રીસંઘમાં અત્યંત પ્રસિદ્ધ છે. છતાં ધર્મસ્વરૂપદર્શન પુસ્તકની તત્ત્વાવલોકન નામની વિસ્તૃત પ્રસ્તાવનામાં શ્રી કીર્તિયશ વિ.મ. (હાલ સૂરિ) એ આ વાત જુઠ્ઠી છે એવું જણાવ્યું છે.

★ જસ્સ મણે નવકારો સંસારો તસ્સ કિં કુણઈ ? આ શાસ્ત્રવચનનું ગુજરાતી રૂપાંતર આ પ્રમાણે પ્રસિદ્ધ છે કે જેના હૈયે શ્રી નવકાર તેને શું કરશે સંસાર ? આમાં, 'નવકારનું સામર્થ્ય સંસારના સામર્થ્ય કરતાં ઘણું વધારે છે, ને તેથી શ્રી નવકારને હૈયે ધરનારને સંસાર કશું કરી શકતો નથી' આવું જણાવવાનો શાસ્ત્રકારનો અભિપ્રાય સ્પષ્ટ છે. સામા પક્ષે આ શાસ્ત્રવચન સાથે પણ ચેડાં કર્યાં ને એને સાવ વિપરીત કરી નાખી આ રીતે છપાવ્યું કે 'જેના હૈયે છે સંસાર, તેને શું કરશે નવકાર ?' એટલે કે નવકાર કરતાં સંસારનું સામર્થ્ય ઘણું વધારે છે વગેરે રૂપે સંસારને વધારે સામર્થ્યવાળો જણાવ્યો. શંકા તો એ પડે છે કે શાસ્ત્રવચન સાથે આવી રમત કરનારાઓ નવકારના સેવક છે કે સંસારના ? જેથી નવકાર કરતાં સંસારનો મહિમા વધુ ગાય છે.

★ નવાંગી ગુરુપૂજનનું સમર્થન કરવા બહાર પાડેલી 'શાસ્ત્રદૃષ્ટિના દર્પણમાં ગુરુપૂજન' નામની પુસ્તિકામાં આચારાંગનિર્યુક્તિનો જે પાઠ આપ્યો છે તેમાંથી યુગપ્રધાનાનાં શબ્દને ઊડાડી દેવામાં આવ્યો છે. આ પ્રિન્ટિંગ મિસ્ટેક નથી, કારણકે (૧) એ પાઠનો અર્થ કરવામાં પણ એટલો અંશ છોડી દીધો છે. (૨) 'સામાન્યથી કોઈપણ મહાત્માનું પ્રતિદિન પૈસા વગેરેથી ગુરુપૂજન કરવું એ શ્રાવકનું શાસ્ત્રવિહિત કર્તવ્ય છે.' આવું જે સિદ્ધ કરવા માટે તેઓએ આ પાઠ આપ્યો છે, એ આ યુગપ્રધાનાનાં શબ્દસહિતના પાઠથી તો સાબિત થઈ શકતું જ નથી, કારણ કે એ પાઠ તો યુગપ્રધાનોને લાગુ પડે છે. ને છતાં એ પાઠથી સ્વમાન્યતાનું સમર્થન તો કરવું જ છે.માટે શાસ્ત્રપાઠ પર કાતર ચલાવીને યુગપ્રધાનાનાં શબ્દ જાણી બુઝીને ઊડાડી દીધો એવી વિદ્વાનોને શું કલ્પના ન આવી શકે ?

★ મારા 'તત્ત્વનિર્ણય' પુસ્તક સામે પં. શ્રી યોગતિલકવિ. ગણી(હાલ આ.વિ.યોગતિલકસૂરિ) એ 'તત્ત્વનિર્ણયના નામે તત્ત્વભ્રાંતિ' પુસ્તિકા પ્રકાશિત કરેલી. એમની ચેષ્ટાઓ જુઓ-લેખક (યોગતિલક વિજયજી)

પોતાની પુસ્તિકાના પૃ. ૨ પર લખે છે કે અર્થ-કામ માટે ઉપદેશની જરૂર જ નહિ એમ નિશ્ચિત કર્યા પછી **અર્થ-કામ માટે ધર્મ કરવો** આવો ઉપદેશ કઈ રીતે આપી શકાય ? ન જ આપી શકાય... વગેરે.

ખુલાસો : મેં તત્ત્વનિર્ણયમાં ત્રીજા પ્રશ્ન-ઉત્તરમાં 'અર્થ-કામ માટે **પણ** ધર્મ **જ** કરવો જોઈએ' આવું 'પણ' શબ્દ અને 'જ' કારવાળું જ અમારું નિરૂપણ છે. બીજા કોઈ પણ પ્રકારનું નહીં, એ વાત સવિસ્તર બહુ ભારપૂર્વક જણાવેલી છે. તથા અન્યત્ર, આ 'પણ' અને 'જ' શા માટે આવશ્યક છે ? એ પણ સવિસ્તર જણાવેલું છે. છતાં લેખકે અમારા નિરૂપણ તરીકે 'અર્થ-કામ માટે ધર્મ કરવો' આવો 'પણ' અને 'જ' કાર વગરનો ઉલ્લેખ કર્યો છે. માટે એ એમની મનની સશલ્યતાને-મેલી મુરાદને શું ન જણાવે ?

મેં તત્ત્વનિર્ણયના પૃ. ૪૪ પર 'જીવનનિર્વાહાદિની આવશ્યક જે ચીજ ન મળવાથી મન અસ્વસ્થ રહેતું હોય ને તેથી ધર્માનુષ્ઠાનમાં અંતરાયો ઊભા થતા હોય.. ને એ ચીજની પ્રાપ્તિ થઈ જવાથી મન સ્વસ્થ બનવાના કારણે ધર્માનુષ્ઠાન નિર્વિઘ્નતયા થવા શક્ય બને એવી ચીજ માગવાની વાત છે' આવું ઇષ્ટફલસિદ્ધિ અંગે સ્પષ્ટ જણાવ્યું છે, ને છતાં લેખકે સ્વપુસ્તિકાના પૃ. ૧૨ પર *મોક્ષસાધક ધર્મ નિર્વિઘ્નપણે સાધવા આવશ્યક એવી સામગ્રી આવી સ્પષ્ટતા કર્યા સિવાય માત્ર અર્થ-કામ માગી શકાય.. વગેરે નિરૂપણ કઈ રીતે કરી શકાય ?....* આવું જણાવ્યું છે. આ પણ જુદી રજુઆત છે એ સ્પષ્ટ છે.

લેખકે સ્વપુસ્તિકાના પૃ. ૪ અને પાંચ પર *ગણિશ્રી (એટલે કે હું) બેહોશીને રોગ તરીકે વર્ણવે છે* વગેરે વાક્યો દ્વારા 'બેહોશી એ રોગ નથી' એવું સાબિત કર્યું છે ને તેથી મેં તત્ત્વનિર્ણયના ચાર અને પાંચ નંબરના પ્રશ્નોત્તરમાં ડૉ., દવા વગેરેનું જે દૃષ્ટાંત આપ્યું છે તે બરાબર નથી એવું જણાવી આ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક કેવા હોવા જોઈએ એ એમણે સ્વપુસ્તિકાના છઠ્ઠા પાના પર જણાવ્યું છે. એમાં એમણે મોક્ષસાધક સાધુપણું-શ્રાવકપણું વગેરે ધર્મ એ ઓપરેશન છે અને એ માટે જરૂરી મનુષ્યભવ.. પંચેન્દ્રિયપણું વગેરે બેહોશી છે... એ રીતે દૃષ્ટાંતની ઘટના કરી છે.

ખુલાસો : (૧) જ્ઞાનીઓએ મનુષ્યભવના ઘણા ગુણો ગાયા છે, કોઈ ડૉ. બેહોશીના ગુણ ગાય છે ? કે જેથી મનુષ્યભવ અને બેહોશી એ બેને સરખાવી શકાય ? એમણે કરેલી ઘટનામાં દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં આવી તો ઘણી ઘણી વિષમતાઓ છે. (૨) દર્દી, હાથ-પગ હલાવી ન નાખે ને એના દ્વારા મોટું નુકસાન ન થઈ જાય એ માટે બેહોશી હોય છે, અર્થાત્ બેહોશીની નિષેધાત્મક ભૂમિકા છે, જ્યારે મનુષ્યભવની જીવ પાપ ન કરી બેસે એવી નિષેધાત્મક ભૂમિકા નથી, પણ મનુષ્યભવ હોય તો ધર્મ આરાધના કરી શકે એવી વિધેયાત્મક ભૂમિકા છે (૩) વગર ઓપરેશને ને વગર બેહોશીએ લાખો રોગીઓ આરોગ્ય પામી શકે છે, જ્યારે સાધુપણું વગેરે ધર્મ વગર કે મનુષ્યભવ વગર કોઈ જ મોક્ષ પામી શકતું નથી. (૪) ઓપરેશન કરવાનું હોય તો પણ કોઈક અત્યંત સત્ત્વશાલી જીવ વગર બેહોશીએ પણ કરાવે છે. પણ ધર્મ આરાધના મનુષ્યભવ-પંચેન્દ્રિયપણાં વગર એક પણ જીવને શક્ય નથી. (૫) ઓપરેશન અને બેહોશી તો જેટલા ટાળી શકાય એટલા ટાળવા યોગ્ય હોય છે. જ્યારે ધર્મસાધના વગેરે તો આરોગ્ય પ્રાપ્તિ સુધી વધુ ને વધુ ઇચ્છનીય હોય છે. (૬) બેહોશી તો જરૂર પૂરતી બે-ત્રણ કલાક માટે જ હોય છે, જ્યાં સુધી આરોગ્ય ન મળે ત્યાં સુધી બેહોશી કાંઈ હોતી નથી. મનુષ્યભવ વગેરે તો મોક્ષપ્રાપ્તિની પૂર્વક્ષણ સુધી ટકવા જ જોઈએ. (૭) મનુષ્યભવ અને પંચેન્દ્રિયપણું એ જ જો બેહોશી છે. તો હોશવાળી અવસ્થા કઈ ? એકેન્દ્રિયપણું વગેરે ? (૮) વળી બેહોશી માટેની દવા તરીકે ક્લોરોફોર્મ, દર્દી જ્યારે હોશમાં હોય ત્યારે અપાય છે.. એમ, પંચેન્દ્રિયપણારૂપ બેહોશી માટેના ધર્મરૂપ દવા

એકેન્દ્રિયપણું વગેરે (હોશવાળી !) અવસ્થામાં કરવાની ? ધન્ય છે લેખકની બુદ્ધિને ! વળી આ લેખક બેહોશીને રોગ તો માનતા નથી. અને એને અરોગ (=આરોગ્ય) તો કહી શકાય નહીં એ આબાળગોપાળ પ્રસિદ્ધ છે, એટલે જીવ, અજીવ અને નોજીવ માનનારા નિહ્નવની જેમ લેખક પણ શું રોગ, અરોગ ને નોરોગ એમ ત્રિરાશિ માનનારા છે ? મૂર્ખાઈની પણ કોઈ હદ હોય ! વસ્તુતઃ આ મૂર્ખતા નહીં, પણ કદાગ્રહ હોવાની પૂરેપૂરી શક્યતા છે, કારણ કે લેખકે સ્વપુસ્તિકાના પૃ. ૫ પર *દૃષ્ટાન્તમાં ઓપરેશનની વાત વગર જ બેહોશીની વાત લખી છે તે પણ અનુચિત છે* આવું મારા નિરૂપણ અંગે જણાવ્યું છે. હકીકતમાં મેં પ્રશ્ન નંબર પાંચમાં ઓપરેશનની વાત જણાવી જ છે. તે છતાં લેખકે આવી જુઠ્ઠી રજૂઆત શા માટે કરવી પડે ? એ બધાએ વિચારી લેવું જોઈએ.

આ તો થોડા નમૂના બતાવ્યા. આના કરતાં પણ અન્ય અનેકગણી ગરબડો તેઓએ કરેલી છે. એ જાણવા માટે મારાં તત્ત્વાલોકનસમીક્ષા અને તત્ત્વનિર્ણય આ બે પુસ્તકો જોઈ લેવાની બધાને ભલામણ છે.

આની સામે, મારા આ અંગેનાં નિરૂપણોમાં ક્યાંય પણ શાસ્ત્રપાઠમાં કાપકૂપ વગેરે ગરબડ કરી છે ? સામા પક્ષના નિરૂપણને વિકૃતરૂપે રજૂ કરી પછી એનું ખંડન કર્યું છે? વગેરે પણ તપાસવાની દરેક આત્મહિતેચ્છુને ભલામણ છે અને જો આવું કાંઈ પણ જોવા ન મળે તો કયા પક્ષે સત્ય છે એનો નિર્ણય શું મુશ્કેલ રહે ?

પ્રશ્ન : આવી વિચારણા કરવામાં જે પક્ષ ખોટો ભાસે એના પર દ્વેષ થાય.. એટલે એના કરતાં એ કરીએ જ નહીં તો ? આપણે જે માનતા હોઈએ તે માનતા રહેવાનું ?

ઉત્તર : અલબત્ કોઈના પર રાગ-દ્વેષ થાય એ આપણને માન્ય નથી જ, ને એ સર્વથા ન જ થાય એવી કદાચ ભૂમિકા ન હોય તો સજાગ રહીને જેટલા ટાળી શકાય એટલા ટાળવાના... અને ન ટળે એનાં આલોચના-પ્રાયશ્ચિત્ત કરી લેવાના. પણ આ વિચારણા જ ન કરવી એ તો આત્મઘાતક માર્ગ છે, કારણ કે નહીં ટળેલા દ્વેષ કરતાં મિથ્યાત્વ એ બહુ જ મોટો પાયાનો દોષ છે. ને આ વિચારણાથી ભાગવું એ મિથ્યાત્વનો જ નાચ છે, કારણ કે સમ્યક્ત્વ તો શક્યપરીક્ષા કરાવવાના સ્વભાવવાળું હોય છે. એટલે જ સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિ મહારાજ લોકતત્ત્વનિર્ણય ગ્રન્થમાં જણાવે છે કે - *અમે શ્રી વીરપ્રભુ પર પક્ષપાત=શ્રદ્ધા છે માટે એમનાં વચનો સ્વીકારીએ છીએ, અને કપિલ વગેરે અન્ય દર્શનકારો પ્રત્યે દ્વેષ છે, માટે એમનાં વચનો સ્વીકારતા નથી, એવું નથી, પણ અમે યોગ્ય વિચારણાઓ કરી, અને એમાં શ્રી વીરપ્રભુના વચનો યુક્તિસંગત લાગવાથી એનો સ્વીકાર કર્યો છે.*

એટલે રાગ-દ્વેષના ભયથી આ વિચારણાને ટાળવામાં મિથ્યાત્વનો મોટો દોષ આવી પડે છે એ સ્પષ્ટ છે. અને મિથ્યાત્વ આવ્યું, એટલે અનંતાનુબંધી કક્ષાના રાગ-દ્વેષ આવે જ. આ તો બકરું કાઢતાં ઊંટ પેઠું એવો ઘાટ થયો. માટે આ વિચારણાને ટાળવી એ ઇચ્છનીય નથી.

મેં પણ સપ્રસંગ આ બધી વાતો જે કરી છે તે આત્મહિતેચ્છુઓ મધ્યસ્થપણે તત્ત્વનિર્ણયપર પહોંચી સમ્યક્ત્વને પામી શકે-જાળવી શકે એ માટે જ જાણવી.

।। अपुनर्बन्धकद्वात्रिंशिका ।। १४।।

मुक्त्यद्वेषक्रमेणाधिकारित्वप्राप्तिर्भवतीति प्रागुक्तं, तत्र पूर्वमपुनर्बन्धकमेव धर्माधिकारिणमाह-

शुक्लपक्षेन्दुवत्प्रायो वर्धमानगुणः स्मृतः ।
भवाभिनन्दिदोषाणामपुनर्बन्धको व्यये ।। १।।

शुक्लेति । **शुक्लपक्षेन्दुवद्** = उज्ज्वलपक्षचन्द्रवत् **प्रायः** = बाहुल्येन वर्धमानाः = प्रतिकलमुल्लसन्तो गुणा औदार्य-दाक्षिण्यादयो यस्य (स = **वर्धमानगुणः**) **भवाभिनन्दिदोषाणां** प्रागुक्तानां क्षुद्रत्वादीनां **व्यये** = अपगमे सत्य**पुनर्बन्धकः स्मृतः** ।।१ ।।

विवेचन : [1]मुक्तिअद्वेषक्रमे, अधिकारित्वनी=अधिकारनी प्राप्ति थाय छे. એમ तेरमी બત્રીशीમાં કહ્યું. એમાં સૌ પ્રથમ અપુનર્બન્ધકરૂપ ધર્મ અધિકારીને જ જણાવે છે.

विवेचन : (१) મુક્તિઅદ્વેષ, બાધ્યફળાપેક્ષા, સમુચિતયોગ્યતા, મોક્ષાર્થશાસ્ત્રશ્રવણ સ્વારસ્ય, બુદ્ધિમાર્ગાનુસારી, તીવ્રપાપક્ષય, સદનુષ્ઠાનરાગ... આ ક્રમ અહીં જાણવો. આમાં સદનુષ્ઠાનરાગ પોતે કલ્યાણઆશયરૂપ હોવાથી એના યોગે પૂર્વસેવા મુખ્ય બને છે. આમ મુક્તિઅદ્વેષક્રમે પૂર્વસેવા મુખ્ય=અનુપચરિત બનતી હોવાથી એ ક્રમે જીવને અધિકારની પ્રાપ્તિ થાય છે. આ રીતે અધિકાર પામતા જીવોમાં અપુનર્બન્ધક સૌથી પ્રથમ હોય છે. માટે આ બત્રીશીમાં એનું નિરૂપણ કરવામાં આવશે.

गाथार्थ : ભવાભિનંદી દોષોનો વ્યય થયે શુક્લપક્ષના ચન્દ્રની જેમ પ્રાયઃ વધતા ગુણવાળો બનેલો જીવ અપુનર્બન્ધક કહેવાયો છે.

टीकार्थ : ભવાભિનંદીજીવના પૂર્વે (૧૦-૫) કહેલા ક્ષુદ્રતાદિ દોષો દૂર થયે શુક્લપક્ષના=અજવાળિયા પક્ષના ચન્દ્રની જેમ પ્રાયઃ=બહુલતાએ પ્રતિકલં=કલાએ કલાએ=પ્રતિક્ષણ જેના ઔદાર્ય-દાક્ષિણ્ય વગેરે ગુણો વધતા હોય છે એ જીવ અપુનર્બન્ધક કહેવાયો છે.

विवेचन : પૌદ્ગલિક સુખનું કારણ મનાયેલી એકાદ ચીજનો પણ, સાક્ષાત્ કે પરંપરાએ પણ કોઈપણ સ્વાર્થ વિના ત્યાગ કરવો ભવાભિનંદી જીવ માટે ત્રણે કાળમાં ક્યારેય શક્ય હોતો નથી, કારણ કે એના ક્ષુદ્રતાદિ દોષો એમાં પ્રતિબંધક છે. એટલે એ દોષો દૂર થવાપર જીવ અપુનર્બન્ધક બને છે. જે જીવ હવે પછી આખા ભવચક્રમાં મોહનીયકર્મની ઉત્કૃષ્ટ ૭૦ કો.કો. સાગરોપમસ્થિતિનો બંધ ક્યારેય કરવાનો નથી, તે અપુનર્બન્ધક કહેવાય છે. જે એકવાર કરવાનો હોય તે સકૃદ્બંધક અને બેવાર કરવાનો હોય તે દ્વિર્બન્ધક કહેવાય છે.

અપુનર્બન્ધક વગેરે પરિભાષા સિદ્ધાન્તમતે જાણવી. કારણ કે કાર્મગ્રન્થિકો તો સમ્યક્ત્વભ્રષ્ટ થઈને મિથ્યાત્વે ગયેલા જીવને પણ ૭૦કોડા કોડી સાગરોપમ બંધ સ્વીકારે છે. ગ્રન્થકાર શ્રી ઉપાધ્યાયજી મહારાજે અન્યત્ર ગ્રન્થમાં ખુલાસો કર્યો છે કે ભવાભિનંદીજીવ જેવા તીવ્રસંક્લેશપ્રયુક્ત જેવા ઉત્કૃષ્ટરસ સાથે ૭૦ કોડાકોડિ બાંધે છે, એવા ઉત્કૃષ્ટ સંક્લેશપ્રયુક્ત એવા ઉત્કૃષ્ટરસ સાથેનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સમ્યક્ત્વ ભ્રષ્ટ જીવને સંભવતો નથી. એટલે એવા બંધનો તો એ પણ અપુનર્બન્ધક હોય જ છે.

'ભવાભિનંદીના દોષો દૂર થયે જીવ અપુનર્બન્ધક થાય છે' એમ અહીં જણાવ્યું, પણ એ દોષો દૂર

अस्यैव पूर्वसेवोक्ता मुख्याऽन्यस्योपचारतः ।
अस्यावस्थान्तरं मार्गपतिताभिमुखौ पुनः ।।२।।

अस्यैवेति । **अस्यैव** = अपुनर्बन्धकस्यैवो**क्ता** गुर्वादिपूजालक्षणा **पूर्वसेवा मुख्या** = कल्याणाशययोगेन

કરવાના કોઈ ઉપાયો અહીં દર્શાવ્યા નથી એ સૂચવે છે કે અપુનર્બન્ધકપણું કોઈ ઉપાયો દ્વારા પુરુષાર્થથી સાધવાનું હોતું નથી, પણ જીવ કાળક્રમે સહજ રીતે એ ભૂમિકા પ્રાપ્ત કરી લે છે. આ વાત યુક્તિસંગત પણ છે જ, કારણ કે અપુનર્બન્ધકપણાની પૂર્વઅવસ્થામાં તો ગુરુદેવાદિપૂજનરૂપ કોઈપણ પુરુષાર્થ તાત્ત્વિક બનતો જ નથી. અને અતાત્ત્વિક પુરુષાર્થ તો સાધ્યની સિદ્ધિ ન જ કરી આપે એ સ્પષ્ટ છે. એટલે કોઈ ઉપાય દર્શાવ્યા હોત તો પણ એની તાત્ત્વિક અજમાયશ અશક્ય જ રહેવાથી ઉપાયસાધ્યતા પણ અશક્ય જ છે.

શંકા : પંચસૂત્રમાં બતાવેલ ચાર શરણ, દુષ્કૃતગર્હા, સુકૃતઅનુમોદના.. આ ઉપાયરૂપ ન બની શકે ?

સમાધાન : એ ઉપાય પણ અપુનર્બન્ધક બની ગયેલા જીવો માટે છે, કારણ કે 'ચાર શરણનો સ્વીકાર કરવો' વગેરે ઉપદેશ છે અને ઉપદેશની યોગ્યતા અપુનર્બન્ધકથી જ આવે છે, એ પૂર્વે નહીં. એટલે, અપુનર્બન્ધકપણું પુરુષાર્થસાધ્ય ન હોવાથી સહજ અલ્પમલત્વની જેમ કાળસાધ્ય જ માનવાનું રહે છે. ને તેથી એ, એની જેમ જ ચરમાવર્તપ્રવેશમાત્રથી આવી જાય છે એમ પણ માનવું યોગ્ય ઠરે છે. આ જ વાતની સૂચના અન્ય પણ અનેક વચનો પરથી મળે છે તે અવસરે અવસરે જોઈશું.

જેમ સુદબીજનો ચન્દ્રમા પ્રતિદિન એક-એક કલા વધતો જાય છે. પણ એમાં વૃદ્ધિ એકી ધડાકે થઈ જાય એવું હોતું નથી, પ્રતિક્ષણ થયા કરતી હોય છે જે એક દિવસ વીતે એક કલા જેટલી થઈ જાય છે. એમ ચરમાવર્તપ્રવેશથી જીવમાં ઔદાર્ય-દાક્ષિણ્ય વગેરે ગુણો પ્રતિક્ષણ વર્ધમાન હોય છે. જેમ ચરમાવર્તવર્તી જીવને આંતરિક યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ જ હોય છે, છતાં બહાર ઉપયોગરૂપે ક્યારેક તેવા વિચિત્ર કર્મોદયના કારણે મુક્તિદ્વેષ પણ જોવા મળે છે. એમ અપુનર્બન્ધક જીવને (=ચરમાવર્તવર્તી જીવને) આંતરિક યોગ્યતારૂપે તો ઔદાર્ય વગેરેની વર્ધમાનતા જ હોય છે. તેમ છતાં બાહ્ય ઉપયોગરૂપે ક્યારેક તેવા વિચિત્રકર્મોદયવશાત્ એમાં હાનિ કે વિપરીત દોષાત્મક વૈપરીત્ય પણ જોવા મળી શકે છે. 'પ્રાયઃ' શબ્દ આનું સૂચન કરવા માટે છે એમ સમજાય છે. તેરમી બત્રીશીમાં કહેલો ધારાલગ્ન શુભભાવ એ આ પ્રતિક્ષણ વર્ધમાનગુણતાનો સૂચક જાણવો.

સુદપક્ષમાં બીજના ચન્દ્ર કરતાં ત્રીજનો ચન્દ્ર વધારે કલાએ ખીલેલો હોય છે. એમ ત્રીજ કરતાં ચોથનો, ચોથ કરતાં પાંચમનો.. એ રીતે ઉત્તરોત્તર પુનમ સુધી વધુ ને વધુ કલાએ ખીલતો જાય છે. તેમ છતાં, ક્યારેક આકાશમાં વાદળ હોય તો પૂર્વની તિથિ કરતાં પછીની તિથિએ ઓછી કલાએ ખીલેલો દેખાય અથવા સંપૂર્ણ આવરાઈ ગયેલો દેખાય એવું પણ બને છે. આમાં બહાર દેખાતી જ કલાઓ ઓછી હોય છે, વાસ્તવિક તો વધેલી જ હોય છે. જે વાદળ ખસતાં જ વ્યક્ત થાય છે. એવું જ પ્રસ્તુતમાં જાણવું. ॥૧॥

ગાથાર્થ : આને જ મુખ્ય પૂર્વસેવા કહી છે. અન્યને ઉપચારથી કહી છે. વળી માર્ગપતિત અને માર્ગાભિમુખ આની જ અન્ય અવસ્થાઓ છે.

ટીકાર્થ : આ અપુનર્બન્ધકને જ ગુર્વાદિ પૂજારૂપ પૂર્વસેવા મુખ્ય કહી છે='કલ્યાણ આશયનો યોગ હોવાથી નિરુપચરિત કહી છે. વળી, અપુનર્બન્ધક સિવાયના સકૃદ્બંધકાદિ જીવને તે ઉપચારથી હોય છે, કારણ

निरुपचरिता । **अन्यस्य** = अपुनर्बन्धकातिरिक्तस्य सकृद्बन्धकादेः **पुनरुपचारतः** सा, तथाविधभववैराग्याभावात् । मार्गपतितमार्गाभिमुखौ (=**मार्गपतिताभिमुखौ**) **पुनरस्या**पुनर्बन्धकस्या**वस्थान्तरं** दशाविशेषरूपौ । मार्गो हि चेतसोऽवक्रगमनं भुजङ्गमनलिकायानतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रगुणः स्वरसवाही क्षयोपशमविशेषः । तत्र प्रविष्टः = मार्गपतितः । मार्गप्रवेशयोग्यभावापन्नश्च मार्गाभिमुख इति । न ह्येतावपुनर्बन्धकावस्थायाः परतरावस्थाभाजौ, भगवदाज्ञाऽवगमयोग्यतया **पञ्चसूत्रकवृत्ता**वनयोरुक्तत्वात् ।। २ ।।

કે [२]તેવા પ્રકારનો ભવવૈરાગ્ય એને હોતો નથી. તથા [३]માર્ગપતિત અને માર્ગાભિમુખ એ આ અપુનર્બન્ધકની જ વિશેષ અવસ્થારૂપ છે. સાપનું નલિકામાં થતા ગમન જેવું ચિત્તનું અવક્ર ગમન એ [४]માર્ગ છે. એ (માર્ગ) વિશિષ્ટ ગુણસ્થાનની પ્રાપ્તિ કરાવી આપવામાં કુશળ એવો સ્વરસવાહી ચોક્કસ પ્રકારના ક્ષયોપશમરૂપ છે. આવા માર્ગમાં પ્રવિષ્ટ થઈ ચૂકેલો જીવ એ માર્ગપતિત છે, અને એમાં પ્રવેશને યોગ્ય ભાવ પામેલો જીવ એ માર્ગાભિમુખ છે, [५]આ બન્ને અપુનર્બન્ધક અવસ્થા કરતાં દૂરની અવસ્થાવાળા નથી, કારણ કે આ બન્નેને પંચસૂત્રની વૃત્તિમાં ભગવાનની આજ્ઞાના બોધને યોગ્ય કહ્યા છે.

વિવેચન : (૧) ઉપર કહી ગયા મુજબ અપુનર્બન્ધક જીવને મુક્તિઅદ્વેષકમે પ્રગટેલો સદનુષ્ઠાનરાગ એ જ કલ્યાણઆશય છે. એનો સંબંધ હોવાથી એણે કરેલી ગુર્વાદિપૂજા એને યોગમાર્ગમાં પ્રવેશ કરાવવાનું કારણ બની શકે છે. આમ એ સ્વકાર્ય કરનારી હોવાથી મુખ્ય છે.

(૨) તથાવિધભવવૈરાગ્યાભાવાત્: અહીં એવા ભવવૈરાગ્યની વાત છે જે અપુનર્બન્ધકને હોય અને સકૃદ્બંધકાદિને ન હોય. એટલે એ વૈરાગ્ય તરીકે ભવાભિષ્વંગનો અભાવ=કારમી ભોગેચ્છાનો અભાવ લેવાનો છે એ સૂચિત થાય છે, કારણ કે એ અભાવાત્મક વૈરાગ્ય જ આવો હોય છે.

(૩) માર્ગપતિત અને માર્ગાભિમુખ... આ બન્ને અપુનર્બન્ધકની જ વિશેષ અવસ્થારૂપ હોવાથી એ બન્નેની પૂર્વસેવા પણ મુખ્ય જાણવી.

(૪) માર્ગ... સાપ બહાર ભલે વાંકો સળવળાટ કરતો ચાલતો હોય, પણ જેવો બિલમાં પેસે કે એવી કોઈ નલિકામાં પેસે તો સીધો ચાલે છે ને સ્વગન્તવ્ય સ્થળને પ્રાપ્ત કરી લે છે. એ રીતે ચિત્તનું અવક્રગમન એ માર્ગ છે. આશય એ છે કે એક સદન્ધન્યાય આવે છે. શાતાવેદનીયના ઉદયવાળા અંધપુરુષને રસ્તે જતાં વચ્ચે કોઈ ખાડો વગેરે વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે એનો શાતાવેદનીયનો ઉદય એને એ ખાડો વગેરે આવે એ પૂર્વે જ રસ્તો બદલી નાખવાની એક સહજ પ્રેરણા કરે છે. (અર્થાત્, 'અહીં ખાડો છે' એવું એને કાંઈ ખબર નથી, પણ જેવો નજીક આવે કે એના મનમાં થાય કે ડાબે ઘણું ચાલ્યો, લાવ હવે થોડું જમણે ચાલુ... ને એ રસ્તો બદલી નાખે, ખાડામાંથી પડતાં બચી જાય..) આવું દરેક વિષમપરિસ્થિતિ વખતે થાય એ સદન્ધન્યાય છે. આ શાતાવેદનીયના ઉદયનો પ્રભાવ છે.

એમ, ઉત્તરોત્તર ગુણની પ્રાપ્તિ કેવા આચાર, ઉચ્ચાર કે વિચારથી થાય એ કદાચ કોઈ હિતસ્વી પાસેથી ન જાણ્યું હોવા છતાં, તે તે પરિસ્થિતિમાં અંદરથી ચિત્ત જ મન-વચન-કાયાને એવા પ્રવર્તાવે.. એનું ચિત્ત જ એવો વિચાર વગેરે કરવાનું સુઝાડ્યા કરે... ચિત્તની આવી અવસ્થા એ અવક્રગમન કહેવાય. આવી અવસ્થા મુખ્યતયા ગાઢમિથ્યાત્વમોહનીયકર્મના વિશેષ પ્રકારના ક્ષયોપશમથી થાય છે. માટે આ ક્ષયોપશમવિશેષ જ માર્ગ કહેવાય છે. આવા ક્ષયોપશમવાળો જીવ કદાચ મુસ્લિમ બન્યો હોય, અને બકરી ઇદના દિવસે બકરીને હલાલ

योग्यत्वेऽपि व्यवहितौ परे त्वेतौ पृथग् जगुः ।
अन्यत्राप्युपचारस्तु सामीप्ये बह्वभेदतः ।। ३ ।।

योग्यत्वेऽपीति । परे त्वेतौ = मार्गपतित-मार्गाभिमुखौ **योग्यत्वेऽपि व्यवहितौ** = अपुनर्बन्धकापेक्षया

કરવાને સ્વજનાદિ ધર્મરૂપે જ કહી રહ્યા હોય તો પણ એનું ચિત્ત અંદરથી આવું ન કરવાનું સૂચવ્યા કરતું હોય છે. આવું જ અન્ય પણ અત્યંત અનુચિત પ્રવૃત્તિઓ માટે જાણવું... ને પછી જ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમ જેમ ભળતો જાય છે તેમ તેમ ઓછી ઓછી અનુચિત પ્રવૃત્તિઓને પણ પરખવાનું ને છોડવાનું થતું જાય છે.

આવા માર્ગમાં જે પ્રવિષ્ટ થયો છે.. અર્થાત્ આવો ક્ષયોપશમ જેને પ્રાપ્ત થઈ ગયો છે, એ માર્ગપતિત છે. અને જે આવા ક્ષયોપશમને સન્મુખ થયો છે, એ માર્ગાભિમુખ છે.

(૫) ભગવદાજ્ઞા=વચનૌષધ.. આની યોગ્યતા અપુનર્બન્ધકથી જ શરુ થાય છે, એ પૂર્વે એ હોતી નથી. એટલે જો માર્ગપતિત અને માર્ગાભિમુખ હજુ અપુનર્બન્ધક ન બન્યા હોય.. મોક્ષથી અપુનર્બન્ધક જેટલો દૂર રહ્યો છે, એના કરતાં વધારે દૂર રહ્યા હોય, તો તો તેઓમાં ભગવાનની આજ્ઞાના અવબોધની યોગ્યતા હોય જ નહીં. પણ એ હોવી પંચસૂત્રવૃત્તિમાં કહી છે. માટે આ બંને પણ અપુનર્બન્ધક જ છે. તેમ છતાં એ બેનો સ્વતંત્ર ઉલ્લેખ હોવાથી કંઈક જુદા પાડવા માટે એ બેને અપુનર્બન્ધકની ચોક્કસ અવસ્થાવાળા કહ્યા છે. એટલે જીવોનો અપુનર્બન્ધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, અવિરતસમ્યક્ત્વી.. વગેરે ક્રમ જાણવો. ॥૨॥ (આ અંગે અન્યમત જણાવે છે-)

ગાથાર્થ : 'યોગ્ય હોવા છતાં આ બે વ્યવહિત હોવાથી પૃથક્ છે' એમ બીજાઓ કહે છે. અન્યત્ર પણ જે ઉપચાર છે તે સામીપ્ય હોય તો બહુ ભેદ સંભવતો ન હોવાના કારણે છે.

ટીકાર્થ : 'આ માર્ગપતિત અને માર્ગાભિમુખ જીવો [1]યોગ્ય હોવા છતાં વ્યવહિત છે=અપુનર્બન્ધકની અપેક્ષાએ દૂર રહેલા છે. તેથી અપુનર્બન્ધકથી પૃથગ્=ભિન્ન છે' એમ બીજાઓએ કહ્યું છે. [2]અન્યત્ર=સકૃદ્બંધક વગેરેમાં પણ પૂર્વસેવાનો ઉપચાર જે કરાય છે, તે તો અપુનર્બન્ધકના સાન્નિધ્યરૂપ સામીપ્યની હાજરીમાં અતિભેદનો અભાવ હોવાના કારણે કરાય છે.

વિવેચન : પંચસૂત્રવૃત્તિ, ઉપદેશપદવૃત્તિ, યોગબિન્દુવૃત્તિ અને ધર્મસંગ્રહવૃત્તિ... આ બધામાં માર્ગપતિત અને માર્ગાભિમુખને અપુનર્બન્ધકથી અલગ હોવા નથી કહ્યા, પણ એની વિશેષ અવસ્થાવાળા કહ્યા છે. પણ શ્રીઅભયદેવસૂરિ મહારાજે ત્રીજા ચૈત્યવંદનપંચાશકની વૃત્તિમાં આ બેને અપુનર્બન્ધકની અપેક્ષાએ મોક્ષથી વધુ દૂર હોવા કહ્યા છે. અને તેથી આ બેને અપુનર્બન્ધકથી અલગ પાડ્યા છે. એટલે એમના મતે જીવનો વિકાસક્રમ દ્વિર્બંધક, સકૃદ્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, અપુનર્બન્ધક, અવિરતસમ્યક્ત્વી... વગેરે જાણવો.[1]

(૧) યોગ્યત્વેઽપિ આ યોગ્યતા જે કહી છે તે આ બેને વિશેષ પ્રકારના અપુનર્બન્ધક માનવાના પૂર્વમતે જ જાણવી. શ્રીઅભયદેવસૂરિમહારાજના મતે નહીં. કારણ કે યોગ્યતા અપુનર્બન્ધક અવસ્થાથી જ શરુ થાય

---

1. એટલે વિશેષાર્થમાં 'અપુનર્બન્ધક એ લાખોપતિ અને આ બે કરોડપતિ' વગેરે કલ્પના જે દેખાડેલી છે તે ગલત જાણવી. વળી આ બેને આ રીતે અપુનર્બન્ધક કરતાં ઉચ્ચ અવસ્થાવાળા માનવામાં બે મત અલગ ન રહેવાની અને યોગ્યત્વેપિ માં રહેલ અપિ શબ્દ અસંગત બનવાની આપત્તિ પણ છે એ વિચારવું.

दूरस्थाविति **पृथग्** = अपुनर्बन्धकाद् भिन्नौ **जगुः** । **अन्यत्राऽपि** = सकृद्बन्धकादावप्युपचारस्तु पूर्वसेवायाः **सामीप्ये**ऽपुनर्बन्धकसन्निधानलक्षणे सति **बह्वभेदतः** = अतिभेदाभावात् ।। ३ ।।

परिणामिनि कार्याद्धि सर्वथा नास्ति भिन्नता ।
अनालोचनगर्भत्वाद् अन्यत्रैनां परे जगुः ।। ४ ।।

परिणामिनीति । **कार्याद् हि परिणामिनि सर्वथा भिन्नता नास्ति**, यथा घटादेर्मृत्पिण्डादौ। एवमपुनर्बन्धकादेरपि सकृद्बन्धकादौ न सर्वथा भिन्नतेति भावनीयम् । तदुक्तं- *"कृतश्चास्या उपन्यासः*

છે, એ પૂર્વે નહીં, જ્યારે શ્રીઅભયદેવસૂરિમહારાજના મતે તો આ બે પૂર્વની અવસ્થાવાળા છે. એટલે જ તેઓએ પંચાશકની વૃત્તિમાં न पुनरपुनर्बन्धकादिभ्योऽपरे मार्गाभिमुख-मार्गपतित-सकृद्बन्धक-तदन्यमिथ्यादृशोऽधिकारिणः (અર્થ : નહીં કે અપુનર્બન્ધકાદિથી ભિન્ન માર્ગાભિમુખ-માર્ગપતિત-સકૃદ્બંધક-એનાથી ભિન્ન=નિમ્નભૂમિકાવાળા મિથ્યાદૃષ્ટિઓ અધિકારી છે.) કહેવા દ્વારા આ બેને અનધિકારી કહ્યા છે. વળી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે ઉપદેશરહસ્યની વૃત્તિમાં જણાવ્યું છે કે- चैत्यवन्दनपञ्चाशकवृत्तावभयदेवसूरिभिर्भाववन्दनाधिकारितायामपुनर्बन्धकवदेतावनधिकृतौ सकृद्बन्धकादिवत् पृथक्कृतौ च ।। (અર્થ : ચૈત્યવંદનપંચાશકની વૃત્તિમાં શ્રી અભયદેવસૂરિએ ભાવવન્દનાના અધિકારમાં અપુનર્બન્ધકની જેમ અધિકારી નથી કહ્યા અને સકૃદ્બંધક વગેરેની જેમ આ બેને પણ અલગ પાડ્યા છે.) એટલે શ્રીઅભયદેવસૂરિમહારાજના મતે આ બે સકૃદ્બન્ધકાદિની જેમ અધિકારી નથી=યોગ્ય નથી.[2]

(૨) સકૃદ્બન્ધકાદિની પૂર્વસેવા યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બનતી ન હોવાથી તાત્ત્વિક પૂર્વસેવા નથી. તેમ છતાં અપુનર્બન્ધકની ઘણી નજીકતા હોવાથી બહુ ભેદ ન હોવાના કારણે ઉપચારથી પૂર્વસેવા કહેવાય છે. ॥૩॥ (સકૃદ્બંધકની પૂર્વસેવા ઉપચરિત કેમ મનાય છે ? એ માટેના બે મત જણાવે છે-)

ગાથાર્થ : પરિણામી કારણમાં કાર્યથી સર્વથા ભિન્નતા હોતી નથી. બીજાઓ કહે છે કે અન્યત્ર=સકૃદ્બંધકાદિમાં અનાલોચનગર્ભિત હોવાથી પૂર્વસેવા ઉપચરિત હોય છે.

ટીકાર્થ : પરિણામી કારણમાં કાર્યનો સર્વથા ભેદ હોતો નથી. જેમ કે માટીના પિંડ વગેરેમાં ઘટ વગેરેનો. એમ સકૃદ્બંધકાદિમાં અપુનર્બન્ધકાદિથી સર્વથા ભેદ હોતો નથી એ વિચારવું. યોગબિન્દુમાં (૧૮૦) કહ્યું છે કે- *શેષની (=સકૃદ્બંધકાદિની) અપેક્ષાએ પણ આ પૂર્વસેવાનો ઉપન્યાસ કાર્યતઃ કર્યો છે. આ ઉપન્યાસ એ વાતનો પ્રદર્શક=સૂચક છે કે આ અપુનર્બન્ધકને આસન્ન હોવાથી બહુભેદવાળો હોતો નથી.* વળી બીજાઓ અન્યત્ર=સકૃદ્બંધકાદિમાં અનાલોચનગર્ભતાના કારણે=ભવસ્વરૂપનો નિર્ણય કરાવનાર ઊહાપોહાદિનો અભાવ હોવાના કારણે આને ઉપચરિત પૂર્વસેવા કહે છે. પ્રથમપક્ષમાં કારણમાં કાર્યોપચાર હતો, આ પક્ષમાં અનાલોચનના કારણે અમુખ્ય બનેલા સ્વરૂપમાં ઉપચાર છે એટલો ફરક જાણવો.

વિવેચન : સકૃદ્બંધકના ગુર્વાદિપૂજન ઉપચારથી પૂર્વસેવા કહેવાય છે. એમાં આ ઉપચાર શા માટે કરવામાં આવે છે ? એ માટે બે માન્યતાઓ દર્શાવે છે. અપુનર્બન્ધકના ગુરુપૂજનાદિ પૂર્વસેવા છે, સકૃદ્બંધકના

---

2. એટલે શબ્દશઃ વિવેચનકાર વગેરેએ શ્રી અભયદેવસૂરિ મહારાજના મતે પણ આ બેને યોગ્ય તરીકે જે કહ્યા છે તે ગલત જાણવું.

शेषापेक्षोऽपि कार्यतः । नासन्नोऽप्यस्य बाहुल्यादन्यथेति प्रदर्शकः ।।" (यो.बिं.१८०)।

परे पुन**रन्यत्र**=सकृद्बन्धकादाव**नालोचनगर्भत्वाद्** = भवस्वरूपनिर्णायकोहापोहाद्यभावसङ्गतत्वा**देनां** = उपचरितां पूर्वसेवां **जगुः** = प्राहुः । प्राचि पक्षे कारणे कार्योपचारः, **अत्र** त्वनालोचनद्वाराऽमुख्यत्वरूप उपचार इति विशेषः ।। ४।।

युक्तं चैतन्मले तीव्रे भवासङ्गो न हीयते ।
सङ्क्लेशायोगतो मुख्या साऽन्यथा नेति हि स्थितिः ।। ५।।

युक्तमिति । **एतच्च** = एतदपि **युक्तं, तीव्रे** = अत्यन्तमुत्कटे **मले** = कर्मबन्ध(योग्यता)लक्षणे **भवासङ्गः** = संसारप्रतिबन्धो **न हीयते** शेषजन्तोः । मनागपि हि तन्निवृत्तौ तस्यापुनर्बन्धकत्वमेव स्यादिति । **सङ्क्लेशायोगतः** = पुनरतितीव्रसङ्क्लेशाप्राप्तौ **सा** = पूर्वसेवा **मुख्या**, उत्तरोत्तरभववैराग्यादिकल्याणनिमित्तभावात् । **अन्यथा नेति हि स्थितिः** शास्त्रमर्यादा ।। ५।।

ગુરુપૂજનાદિ આ પૂર્વસેવાના કારણરૂપ હોય છે. માટે ઉપચારથી પૂર્વસેવા કહેવાય છે. યોગબિન્દુના ઉદ્ધરણમાં જે કાર્યતઃ શબ્દ છે એનો અર્થ કાર્યને આશ્રીને= અપુનર્બન્ધકની પૂર્વસેવારૂપ કાર્યને નજરમાં રાખીને એના કારણભૂત સકૃદ્બંધકના ગુરુપૂજનાદિ ઉપચારથી પૂર્વસેવા છે. એટલે આમાં કારણમાં કાર્યનો ઉપચાર છે. બીજા મતે, સંસારના વાસ્તવિક સ્વરૂપનો=સંસારની અસારતાનો નિશ્ચય કરાવી આપનાર ઊહાપોહ ન હોવાના કારણે સકૃદ્બંધકાદિના ગુરુપૂજનાદિ પૂર્વસેવા રૂપ બની શકતા નથી. તેમ છતાં એ ગુરુપૂજનાદિ, પૂર્વસેવારૂપ બનનારા ગુરુપૂજનાદિ જેવા જ દેખાતા હોવાથી ઉપચારથી પૂર્વસેવા કહેવાય છે. આ મત, આ ગુરુપૂજનાદિને પૂર્વસેવાના કારણ તરીકે સ્વીકારીને ઉપચાર કરે છે એવું નથી, પણ બાહ્ય સાદૃશ્યને કારણે અમુખ્યત્વરૂપ ઉપચાર કરે છે. ॥૪॥ (આ વાતની યોગ્યતાને સ્પષ્ટ કરે છે-)

ગાથાર્થ : આ વાત યોગ્ય છે, કારણ કે મલ તીવ્ર હોય ત્યારે ભવાસંગ ઘટતો નથી. સંક્લેશનો યોગ ન હોય તો મુખ્યપૂર્વસેવા થાય છે, અન્યથા નહીં, એવી શાસ્ત્રીય મર્યાદા છે.

ટીકાર્થ : આ વાત પણ યોગ્ય છે, કારણ કે કર્મબંધની યોગ્યતારૂપ મલ તીવ્ર=અત્યંત ઉત્કટ હોવાથી [1]શેષ જીવનો ભવાસંગ=સંસારની આસક્તિ ઘટતો નથી. [2]જો એ થોડો પણ ઘટે, તો તે જીવ અપુનર્બન્ધક જ બની જાય. [3]ફરીથી અતિતીવ્ર સંક્લેશની પ્રાપ્તિ થવાની ન હોય તો પૂર્વસેવા મુખ્ય બને છે, કારણ કે એ ઉત્તરોત્તર ભવવૈરાગ્યાદિ કલ્યાણનું નિમિત્ત બને છે, એ વિના નહીં, એવી સ્થિતિ=શાસ્ત્રમર્યાદા છે.

વિવેચન : અહીં ટીકામાં મલે=કર્મબન્ધલક્ષણે એમ પાઠ છે. પણ મલ કર્મબંધરૂપ નહીં, કિન્તુ કર્મબંધયોગ્યતારૂપ છે આ વાત પૂર્વે આવી ગઈ છે, તેમજ યોગબિંદુમાં પણ એવો પાઠ છે, માટે અહીં કર્મબંધ(યોગ્યતા)લક્ષણે એમ પાઠ લીધો છે.

(૧) અહીં શેષ જીવ તરીકે અપુનર્બન્ધક અવસ્થા નહીં પામેલા જીવો લેવાના છે એ પ્રકરણ પરથી સ્પષ્ટ છે. આ જીવને સહજમલ તીવ્ર હોવો કહ્યો છે એ જણાવે છે કે આ જીવ અચરમાવર્તવર્તી છે. કારણ કે ચરમાવર્તપ્રવેશથી તો મલ અલ્પ થઈ ગયો હોય છે એ આપણે પૂર્વે નિશ્ચિત કરી ચૂક્યા છીએ. વળી આ જીવને

તીવ્ર મલના કારણે ભવાસંગ ઘટતો નથી એમ જે જણાવ્યું છે, એ સૂચવે છે કે ચરમાવર્તપ્રવેશથી મલ અલ્પ થવાથી ભવાભિષ્વંગ મોળો પડી જાય છે (=ટકી શકતો નથી). એટલે સિદ્ધ થાય છે કે ચરમાવર્તમાં વિષ-ગર સંભવતા નથી, કારણ કે એ માટે તો ભવાભિષ્વંગ અક્ષત જોઈએ છે.

(૨) યોગબિન્દુવૃત્તિ (૧૮૩)માં તીવ્રમલને ભવાસંગરૂપ કહ્યો છે. એટલે, આ ભવાસંગરૂપ તીવ્રમલ થોડો પણ ઘટે તો જીવ અપુનર્બન્ધક બની જાય છે. આના પરથી એ સૂચન મળે છે કે જીવ ચરમાવર્તપ્રવેશથી જ અપુનર્બન્ધક બની જાય છે. કારણ કે ત્યારથી એનો મલ અલ્પ થઈ ગયો હોય છે.

યોગબિન્દુ (૧૮૩)માં કહ્યું છે કે *મલવિષ અત્યંત ઉત્કટ હોવાના કારણે અપુનર્બન્ધકાદિ અવસ્થા નહીં પામેલા શેષ જીવના ભવાસંગરૂપ મલવિષનો આવેગ અંશમાત્ર પણ દૂર થતો નથી. એ થોડો પણ દૂર થાય તો જીવ અપુનર્બન્ધક જ બની જાય.*

આપણે બારમી બત્રીશીની છવ્વીશમી ગાથામાં જોઈ ગયા છીએ કે મુક્તિ પ્રત્યેનો દ્વેષ અતિઅનર્થ માટે થાય છે. જીવોને સહજઅલ્પમલત્વના કારણે ભવનો રાગ અનુત્કટ થવાથી આ મુક્તિદ્વેષનો અભાવ થાય છે. યોગબિન્દુ (૧૩૬)માં કહ્યું છે કે *ભવાભિનંદીજીવોને અજ્ઞાનના કારણે મુક્તિ પર દ્વેષ હોય છે,* તથા બત્રીશી (૧૦-૪)માં આવી ગયું છે કે *ત્યારે જીવ ભવાભિનંદી હોય છે...* આમાં 'ત્યારે' નો અર્થ 'અચરમાવર્તકાળમાં' એવો કર્યો છે. એટલે ચરમાવર્ત પ્રવેશમાત્રથી જીવ ભવાભિનંદી રહેતો નથી એ સિદ્ધ થાય છે.

યોગબિન્દુ (૯૯)ની વૃત્તિમાં કહ્યું છે-*અપુનર્બન્ધકાદિ મહાત્માઓને અતિદૃઢભવાભિષ્વંગ હોતો નથી, નહીં કે અન્ય(=અચરમ) આવર્તવર્તી જીવોને.* અહીં અપુનર્બન્ધકાદિથી ભિન્નજીવ તરીકે અચરમાવર્તવર્તી કહ્યા એ આ જ સૂચન કરે છે કે ચરમાવર્તવર્તી બધા અપુનર્બન્ધકાદિ જ હોય. નહીંતર, ભિન્નજીવ તરીકે ભવાભિનંદી કહેવા વધુ સહજ હતા.

યોગબિન્દુ (૮૬)માં ભવાભિનંદી જીવો અન્ય આવર્તોમાં (=અચરમાવર્તમાં) હોવા કહ્યા છે. એમ એમાં જ (૯૩)માં અચરમાવર્તોમાં અધ્યાત્મનો નિષેધ કર્યો છે. ચરમાવર્ત પ્રવેશ થવા છતાં જીવ અપુનર્બન્ધક ન બને એ સંભવિત હોય તો એ જ્યાં સુધી ન બને ત્યાં સુધી પણ અધ્યાત્મ અસંભવિત થવાથી, એ કાળનો પણ સમાવેશ કરી લેવા 'અપુનર્બન્ધકપૂર્વકાળમાં સંભવતું નથી' એમ જણાવત.

આરાધક-વિરાધક ચતુર્ભંગી ગ્રન્થમાં ઉપાધ્યાયજી મહારાજે ભવાભિનંદી જીવોને એક પુદ્ગલપરાવર્ત કરતાં વધારે દૂર રહ્યા હોવા કહ્યા છે. હવે જો ચરમાવર્તમાં પણ ભવાભિનંદી સંભવતા હોય, તો આ વાત સંગત કેમ થશે ? તથા ચરમાવર્તવર્તી જીવ માટે ગ્રન્થોમાં જણાવ્યું છે કે - *સિદ્ધિની નજદીકના ભાવથી..* (બત્રીશી-૧૩/૨૭) *આ ચરમાવર્તવર્તી જીવને મુક્તિ ઘણી નજીક હોય છે* (યોગબિન્દુ-૧૭૬). *ચરમાવર્તવર્તી જીવને સિદ્ધિની સમીપતા ચોક્કસ હોય છે.*

જે ભવ્યજીવનો ચરમાવર્તવર્તી હોવાના કારણે મુક્તિપર દ્વેષ હોતો નથી.. (યોગબિંદુ-૧૪૭) આમાં મુક્તિદ્વેષ ન હોવામાં કારણ તરીકે ચરમાવર્તવર્તિત્વ કહ્યું છે, અપુનર્બન્ધકત્વ કહ્યું નથી. એટલે ચરમાવર્તમાં આવવા માત્રથી મુક્તિદ્વેષ વિદાય થઈ જ જાય, ને એ વિદાય થાય એટલે જ ભવાભિષ્વંગ-ભવાભિનંદીપણું વગેરે પણ વિદાય થઈ જાય કારણકે આ બધા પર્યાયવાચી શબ્દો જેવા જ છે. અને આ વિદાય થાય એટલે અપુનર્બન્ધકત્વ આવી જ જાય.

કપિલ વગેરેએ નિરૂપેલી પૂર્વસેવા ચરમાવર્તની નજીક રહેલા અચરમાવર્તમાં હોય છે, ચરમાવર્તમાં નહીં

एष्यद्भद्रां समाश्रित्य पुंसः प्रकृतिमीदृशीम् ।
व्यवहारः स्थितः शास्त्रे युक्तमुक्तं ततो ह्यदः ।। ६ ।।

एष्यद्भद्रामिति । ईदृशीं = सङ्क्लेशायोगविशिष्टामेष्यद्भद्रां = कल्याणानुबन्धिनीं **पुंसः प्रकृतिं**

એમ હું માનું છું, કારણ કે ચરમાવર્તમાં તો અધ્યાત્મ વિદ્યમાન હોય છે જ્યારે એ પૂર્વસેવામાં તો ભવાભિષ્વંગ હોય છે. (યો. બિંદુ-૯૭) આ વચન પણ ચરમાવર્તમાં ભવાભિષ્વંગનો અભાવ અને અપુનર્બન્ધકત્વની વિદ્યમાનતા જણાવે છે.

આ સિવાય પણ આવા અન્ય ઢગલાબંધ વચનો મળે છે જે ભવાભિનંદિતા, ભવાભિષ્વંગ, મુક્તિદ્વેષ, ભવવૈરાગ્યાભાવ, ઉપચરિતપૂર્વસેવા... આ બધાની અચરમાવર્તમાં વિદ્યમાનતા ને ચરમાવર્તમાં અવિદ્યમાનતાને જણાવતા હોય.. એકાદ ઈશારો સુધ્ધાં એવો જોવા મળતો નથી કે જે આ બધાની ચરમાવર્તમાં પણ સંભાવના હોવી સૂચિત કરે.

એ જ રીતે સહજમળહ્રાસ, મુક્તિઅદ્વેષ, અપુનર્બન્ધકત્વ.. આ બધા માટે અચરમાવર્તમાં જ નિષેધ... ને ચરમાવર્તમાં નિશ્ચિત વિદ્યમાનતા જણાવતા હોય એવાં જ ઢગલાબંધ પ્રતિપાદનો મળે છે.. ચરમાવર્ત શરૂ થયા પછી પણ અમુક કાળ સુધી આ સહજ મળહ્રાસ વગેરે ન થયા હોય એવું સૂચવતું કોઈ વચન મળતું નથી. માટે આ બધાં વચનો એ વાત નિઃશંક પુરવાર કરે છે કે ચરમાવર્તપ્રવેશથી જ જીવ અપુનર્બન્ધક બની જાય છે.

(૩) જે જીવને ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરાવતો અતિ તીવ્ર સંક્લેશ હવે ક્યારેય થવાનો હોતો નથી. અર્થાત્ એવા સંક્લેશની યોગ્યતા જ જીવમાંથી ખતમ થઈ ગઈ છે એવા જ જીવની પૂર્વસેવા ઉત્તરોત્તર ભવવૈરાગ્યનું કારણ બનતી હોવાથી મુખ્ય છે. એ વિના નહીં. એટલે કે સહજમળનો=કર્મબંધના કારણભૂત યોગ-કષાયની યોગ્યતાનો પ્રતિ આવર્ત ઘટાડો થતો હોવા છતાં, ઉત્કૃષ્ટસ્થિતિબંધનું કારણ બનતો અતિ તીવ્ર કષાય સંભવિત રહે એટલી યોગ્યતા જ્યાં સુધી ઊભી છે, ત્યાં સુધી કરાતા ગુરુપૂજનાદિ મુખ્ય પૂર્વસેવારૂપ બની શકતા નથી, કારણ કે આ મળ=યોગ્યતા, આ પૂર્વસેવાને ભવવૈરાગ્યાદિનું નિમિત્ત બનવા દેતો નથી. તીવ્રભવરાગની હાજરી ભવવૈરાગ્યની પ્રતિબંધક છે એમ સમજાય છે. કર્મબંધના કારણરૂપ કષાયરૂપે પરિણમવાની યોગ્યતાસ્વરૂપ આ સહજમળ કાળક્રમે ઘટતાં ઘટતાં એવો ઘટી જાય કે જેથી, હવે ગમે તેવું પ્રબળ નિમિત્ત મળે તો પણ અતિતીવ્રકષાયરૂપે આત્મા પરિણમી શકે જ નહીં, એ રીતે એની પરિણમવાની યોગ્યતા જ નષ્ટ થઈ ગઈ... આ અલ્પમલત્વ છે, આ ચરમાવર્તપ્રવેશકાળે થાય છે, આ અપુનર્બન્ધકત્વ છે. હવે તીવ્ર અભિષ્વંગ=ભવરાગ ન રહેવાથી પૂર્વસેવા ઉત્તરોત્તર વૈરાગ્યનું કારણ બની શકે છે, માટે એ મુખ્ય છે. આ શાસ્ત્રીય મર્યાદા છે. ॥૫॥
(આ જ વાતની યુક્તિસંગતતા સ્પષ્ટ કરે છે-)

ગાથાર્થ : પુરુષની આવા પ્રકારની ભાવીભદ્ર પ્રકૃતિને આશ્રયીને શાસ્ત્રમાં વ્યવહાર થયો છે. તેથી આ કહેલી વાત યોગ્ય છે.

ટીકાર્થ : આવા પ્રકારની=સંકલેશનો યોગ ન થાય એવી એષ્યદ્ભદ્રા=કલ્યાણને લાવનારી 'પુરુષની પ્રકૃતિને આશ્રયીને શાસ્ત્રમાં=યોગગ્રન્થમાં પૂર્વસેવાદિરૂપ વ્યવહાર પ્રસિદ્ધ છે. તેથી આ કથન યોગ્ય છે કે

समाश्रित्य व्यवहारः पूर्वसेवादिरूपः **स्थितः** = प्रसिद्धः **शास्त्रे** = योगग्रन्थे । **तत ह्यदः** = एतद्युक्तमुक्तं, यदुतान्यत्रोपचारत एव पूर्वसेवेति ।। ६।।

शान्तोदात्तस्तयैव स्यादाश्रयः शुभचेतसः ।
धन्यो भोगसुखस्येव वित्ताढ्यो रूपवान् युवा ।। ७।।

शान्तोदात्त इति । **तयैव** = अपुनर्बन्धकोचितैष्यद्भद्रप्रकृत्यैव **शान्तोदात्तः स्यात्** । शान्तः = तथाविधेन्द्रियकषायविकारविकलः । उदात्तः = उच्चोच्चतराद्याचरणबद्धचित्तः । ततः कर्मधारयः । तथा **शुभचेतसः** = शुद्धचित्तपरिणामस्याश्रयः = स्थानम् ।

धन्यः = सौभाग्यादेयतादिना धनार्हो **भोगसुखस्येव** = शब्द-रूप-रस-गन्ध-स्पर्शसेवालक्षणस्य यथाऽऽश्रयः, **वित्ताढ्यो** = विभवनायकः, **रूपवान्** = शुभशरीरसंस्थानः **युवा** = तरुणः पुमान् ।। ७।।

'अन्यत्र पूर्वसेवा उपचारथी ज होय छे.'

विवेचन : (१) पुरुषनी प्रकृति=पुरुषनी भूमिका. એટલે કે તીવ્ર કષાયરૂપે પરિણમવાની યોગ્યતા જ ન રહેવી એવી પ્રકૃતિ. આ પ્રકૃતિ કલ્યાણઅનુબન્ધિની હોય છે. માટે એને અહીં એષ્યદ્ભદ્રા કહી છે. આ વાત પૂર્વની બત્રીશીઓમાં આવી ગઈ છે. યોગગ્રન્થોમાં 'ગુરુપૂજનાદિ અનુષ્ઠાન પૂર્વસેવારૂપ બને છે' આવો જે વ્યવહાર=ઉલ્લેખ છે, તે પુરુષની આવી પ્રકૃતિને=આવી ભૂમિકાને નજરમાં રાખીને જ પ્રવર્ત્યો છે. એટલે અન્યત્ર=આવી ભૂમિકા વગરની અવસ્થામાં થતા ગુરુપૂજનાદિ યોગગ્રન્થકથિત પૂર્વસેવારૂપ બનતા તો નથી. છતાં, એ પૂર્વસેવા જેવા દેખાય તો છે જ, માટે એ ઉપચારથી પૂર્વસેવા છે. તેથી અચરમાવર્તમાં સકૃદ્બંધકાદિ જીવોને પૂર્વસેવા ઉપચરિત હોય છે એવું જે કહ્યું છે તે યુક્તિસંગત જ છે. ॥૬॥ (આ જ વાતને દૃઢ કરે છે)

ગાથાર્થ : જેમ ધન્ય ધનાઢ્ય રૂપવાન યુવાન ભોગસુખનો આશ્રય થાય છે એમ તેવી પ્રકૃતિથી જ શાન્ત-ઉદાત્ત થયેલો જીવ શુભચિત્તનો આશ્રય થાય છે.

ટીકાર્થ : તેવી = અપુનર્બન્ધકને ઉચિત એષ્યદ્ભદ્રા પ્રકૃતિથી જીવ શાન્ત-ઉદાત્ત થાય છે. આમાં શાન્ત=ઇન્દ્રિય અને કષાયના [1]તેવા પ્રકારના વિકારથી રહિત, ઉદાત્ત = ઉચ્ચ-ઉચ્ચતર વગેરે આચરણોમાં બદ્ધચિત્તવાળો.. પછી શાન્ત ઉદાત્તનો કર્મધારય સમાસ કરવો. તથા [2]તેવી પ્રકૃતિથી જ જીવ શુદ્ધચિત્તપરિણામનો આશ્રય થાય છે. જેમ કે ધન્ય = સૌભાગ્ય-આદેયતા વગેરેથી ધનાર્હ, વિત્તાઢ્ય = વૈભવનો માલિક, રૂપવાન-શરીરના સારા સંસ્થાનવાળો યુવાન = તરુણ પુરુષ શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શના સેવનસ્વરૂપ ભોગસુખનો આશ્રય બને છે.

વિવેચન : (૧) તેવા પ્રકારના વિકાર એટલે જે ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરાવી શકે એવા અતિસંક્લિષ્ટ પરિણામને ખેંચી લાવનારા વિકાર (૨) તેવી પ્રકૃતિ=અલ્પમલત્વભૂમિકા... એનાથી મુક્તિદ્વેષ રવાના થઈ જાય છે. આ મુક્તિદ્વેષનો અભાવ થવો=મુક્તિઅદ્વેષ પ્રવર્તવો એ જ અહીં આદ્ય શુદ્ધ ચિત્તપરિણામ છે. પછી ઉત્તરોત્તર એની શુદ્ધતા વધતી જાય છે. ॥૭॥ આનો વ્યતિરેક દર્શાવે છે-

अङ्गाभावे त(?य)था भोगोऽतात्त्विको मानहानितः ।
शान्तोदात्तत्वविरहे क्रियाप्येवं विकल्पजा ।। ८।।

अङ्गाभाव इति । **(यथा)** अङ्गानां = भोगाङ्गानां रूप-वयो-वित्ताढ्यत्वादीनां वात्स्यायनोक्तानामभावे **(=अङ्गाभावे)** सति भोगोऽतात्त्विकः = अपारमार्थिकः, **मानहानितः** = "अहं सुखी" इत्येवंविधप्रतिपत्तिलक्षण-मानापगमादपूर्यमाणेच्छत्वेन तदनुत्थानाच्च ।

शान्तोदात्तत्वविरहे सत्येवं **क्रियाऽपि** = गुर्वादिपूजनारूपा **विकल्पजा** = विपर्यासजनिता न तु तात्त्विकी, अन्तःसुखप्रवाहानुत्थानात् । तदुक्तं- *"मिथ्याविकल्परूपं तु द्वयोर्द्वयमपि स्थितम् । स्वबुद्धिकल्पनाशिल्पिनिर्मितं न तु तत्त्वतः ।।"* (**योगबिन्दु** १८९) ।। ८।।

गाथार्थ : અંગના અભાવમાં માનહાનિના કારણે જેમ ભોગ અતાત્ત્વિક હોય છે, એમ શાંત-ઉદાત્તપણાના અભાવમાં ક્રિયા પણ વિપર્યાસજન્યા હોય છે.

टीकार्थ : વાત્સ્યાયને કામસૂત્રમાં ભોગના કહેલા રૂપ-વય-ધનાઢ્યત્વ વગેરેરૂપ અંગોનો=કારણોનો અભાવ હોય તો માનહાનિના કારણે ભોગ જેમ અતાત્ત્વિક=અપારમાર્થિક બની રહે છે, એમ શાન્ત-ઉદાત્તત્વના અભાવમાં ગુરુપૂજનાદિરૂપ ક્રિયા પણ વિકલ્પજા=વિપર્યાસજનિતા હોય છે, તાત્ત્વિકી હોતી નથી, કારણ કે [1]અંદરમાં સુખનો પ્રવાહ ઊઠતો નથી. આ વાત યોગબિન્દુ (૧૮૯)માં કહી છે - *[2]બન્નેનું બંને મિથ્યાવિકલ્પરૂપ હોય છે એ વાત નિશ્ચિત થઈ, કારણ કે સ્વબુદ્ધિકલ્પનાશિલ્પનિર્મિત હોય છે, નહીં કે તાત્ત્વિક.* અહીં [3]માનહાનિ જે કહી છે, તે 'હું સુખી છું' એવી પ્રતીત્યાત્મક માનના અપગમરૂપ અને ઇચ્છા પૂરાતી ન હોવાથી એ પ્રતીતિ ઊઠતી જ ન હોવા રૂપ જાણવી.

विवेचन : (૧) તેરમી બત્રીશીમાં આવી ગયું છે કે ચરમાવર્તમાં સિદ્ધિની આસન્નતા થઈ હોવાથી અંદરમાં એક આનંદ અનુભવાયા કરે છે, તેમજ કોઈ બિભીષિકા=ભયભીતતા રહેતી નથી. આ બધા કારણે, ચરમાવર્તમાં થતા ગુરુપૂજનાદિ જેવા સુખને અંતરમાં પ્રવાહિત કરે છે, એવા સુખને અચરમાવર્તમાં થતાં આ અનુષ્ઠાનો પ્રવાહિત કરી શકતા નથી. અચરમાવર્તમાં પ્રવર્તતો કારમી ભોગેચ્છારૂપ મુક્તિદ્વેષ જ આ આંતરિકસુખનો પ્રતિબંધક છે એ જાણવું.

ચરમાવર્તવર્તીને આંતરિકસુખનો અનુભવ થાય છે. એટલે ગુરુપૂજનાદિ સદનુષ્ઠાન પ્રત્યે રાગ પેદા થાય છે, ઉત્તરોત્તર વધતો જાય છે, વળી આ સુખાનુભૂતિ એને ફરી ફરી અનુષ્ઠાન કરવાની ઇચ્છા જગાડે છે, તેથી પૂર્વે કહેલા ઉચ્ચ-ઉચ્ચતરઆચરણોમાં બદ્ધચિત્તતા વધતી જાય છે. આ બધા કારણે એ પૂર્વસેવા તાત્ત્વિક બને છે. પણ અચરમાવર્તવર્તીને આ બધું સંભવિત ન હોવાથી એ વિપર્યસ્ત થાય છે.

(૨) બન્ને=રૂપ, ધન, યૌવન વિનાનો ભોગી અને શાતં-ઉદાત્તપણા વિનાનો યોગી... આ બંનેનું બંને=ભોગસેવન અને યોગઅનુષ્ઠાન.. આ બંને મિથ્યાવિકલ્પરૂપ બની રહે છે, એ નિશ્ચિત થયું. કારણ વિના કાર્ય ક્યારેય થતું નથી. એટલે વગર કારણે કાર્ય થવાનો ભાસ થતો હોય તો એ માત્ર બુદ્ધિનો મિથ્યાવિકલ્પ જ હોઈ શકે, વાસ્તવિક ન હોઈ શકે એ સ્પષ્ટ છે. રાજ્ય-લશ્કર-કોશ વગેરે કશું જ જેની પાસે નથી એ

क्रोधाद्यबाधितः शान्त उदात्तस्तु महाशयः ।
बीजं रूपं फलं चायमूहते भवगोचरम् ।। ९।।

क्रोधादीति । पूर्वार्धं गतार्थम् । **अयं च** शान्तोदात्तो **भवगोचरं** = संसारविषयं **बीजं** = कारणं **रूपं** = स्वरूपं **फलं च** = कार्यम**ूहते** = विचारयति ।। ९।। तथाहि-

भेदे हि प्रकृतेर्नैक्यमभेदे च न भिन्नता ।
आत्मनां स्यात्स्वभावस्याप्येवं शबलतोचिता ।। १०।।

भेदे हीति । भेदे ह्येकान्ततोऽभ्युपगम्यमाने प्रकृतेः = सत्त्वरजस्तमोलक्षणाया ज्ञानावरणादिकर्मरूपाया वा **नैक्यमात्मनां** संसारिणां **स्यात्** । तथा चैकजातीयसंसारफलोपलम्भबाध इति भावः ।

શેખચલ્લીના વિચારોમાં ચઢીને કે રાત્રે સ્વપ્નમાં પોતાની જાતને રાજા તરીકે જુએ તો સ્વબુદ્ધિની કલ્પનાસ્વરૂપ શિલ્પીથી નિર્માણ પામેલું એ રાજાપણું જેમ તાત્ત્વિક હોતું નથી, એમ પ્રસ્તુતમાં જાણવું.

(૩) 'બીજાને જે ભોગસુખ છે, એ એના રૂપ-યૌવન-ધન વગેરે કારણે છે' આ વાતને જે સમજ્યો નથી, અને માત્ર સ્ત્રી-પુરુષ હોય તો ભોગસુખ મળી જાય એવું જે સમજી બેઠો છે, તે રૂપ વગેરેથી રહિત એવો પણ પુરુષ, પોતાની પાસે પણ પત્ની-સ્ત્રી છે એટલા માત્રથી પોતાની જાતને ભોગસુખથી સુખી માનીને ભોગમાં પ્રવૃત્ત થાય છે. પણ ઊંચી સામગ્રીપ્રયુક્ત ભોગસુખ માણી તો શકતો નથી, એટલે 'હું સુખી છું' એવાં એના અભિમાનના ચૂરેચૂરા થઈ જાય છે. વળી ઉચ્ચ ભોગસુખ માણવાની ઇચ્છા પુરાતી નથી, એટલે ફરીથી તો 'હું સુખી છું' એવું અભિમાન ઊભું જ થઈ શકતું નથી. એટલે, અભિપ્રેત લાગણી અસંભવિત રહેવાથી એ ભોગપ્રવૃત્તિ અવાસ્તવિક બની રહે છે એ જાણવું. ॥૮॥ (शान्त-ઉદાત્તની વ્યાખ્યા જણાવે છે)

ગાથાર્થ : ક્રોધાદિથી જે અબાધિત છે તે શાંત છે. જે મહાન આશયવાળો છે તે ઉદાત્ત છે. આ જીવ સંસારવિષયક બીજ, રૂપ અને ફળનો વિચાર કરે છે.

ટીકાર્થ : પૂર્વાર્ધ ગતાર્થ છે. અને આ 'शान्तोदात्त જીવ સંસારના બીજ=કારણ, રૂપ= સ્વરૂપ અને ફળ=કાર્યને વિચારે છે.

વિવેચન : ક્રોધાદિ જીવને વ્યાકુલ કરે છે. અને તુચ્છ આશયવાળા જીવો પુદ્ગલના જ સારા-નરસાપણાંની વિચારણામાં અટવાયેલા રહે છે. એટલે જે શાન્ત-ઉદાત્ત નથી, એને સંસાર સંબંધી આ ગંભીર વિચારણાનો કોઈ અવકાશ હોતો નથી. ॥૯॥ તે આ રીતે- (સૌપ્રથમ, સંસારના બીજની કઈ રીતે વિચારણા કરે છે એ જણાવે છે-)

ગાથાર્થ : પ્રકૃતિનો ભેદ હોય તો જીવોનું ઐક્ય ન સંભવે અને અભેદ હોય તો ભિન્નતા ન સંભવે. સ્વભાવમાં પણ (ભેદ-અભેદ હોવામાં આ વાત જાણવી.) એટલે શબલતા માનવી ઉચિત છે.

ટીકાર્થ : સત્ત્વ-રજસ્-તમોરૂપ કે જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપ 'પ્રકૃતિનો એકાન્તે ભેદ માનવામાં સંસારી જીવોનું ઐક્ય ન થઈ શકે. અને તો બધામાં સંસારસ્વરૂપ એકજાતીય ફળ જે જોવા મળે છે તેનો બાધ થશે. અને એકાન્તે અભેદ માનવામાં તે જીવોની ભિન્નતા થઈ નહીં શકે. અને તો પછી નરક, તિર્યંચ, મનુષ્ય, દેવાદિરૂપ

अभेदे च = एकान्ताभेदे च **न भिन्नता स्यात्** तेषां । तथा च नरक-तिर्यग्-मनुष्य-देवादिभेदोपलम्भबाध इति भावः । **स्वभावस्याप्यन्तरङ्गहेतुभूतस्य** भेदाभेदयोरेकान्तयोरेतदेव दूषणम् । **एवं** = एकान्तपक्ष उभयतः

ભેદ જે જોવા મળે છે, તેનો બાધ થશે. જીવોના [३]સંસારના અંતરંગ હેતુભૂત સ્વભાવનો પણ પરસ્પર એકાન્તે ભેદ (=વૈલક્ષણ્ય) કે એકાન્તે અભેદ (=સાદૃશ્ય) માનવામાં પણ આ જ દોષ છે. આમ એકાન્ત પક્ષમાં ઉભયતઃ પાશારજ્જુ હોવાથી શબલતા=કથંચિદ્ભેદાભેદરૂપતા માનવી ઉચિત=ન્યાય્ય છે, કારણ કે એનાથી જ સકળ વ્યવહારની સંગતિ થાય છે. આ હેતુની વિચારણા છે.

વિવેચન : અપુનર્બન્ધક જીવ શાન્ત-ઉદાત્ત હોવાથી જ સંસારના બીજની, સ્વરૂપની અને ફળની વિચારણા કરે છે. આ વાત કરેલી. એમાં સૌ પ્રથમ એ સંસારના બીજની વિચારણા કેવી કરે છે એ આ ગાથામાં દર્શાવ્યું છે.

સાંખ્યદર્શને સત્ત્વ-રજસ્-તમોરૂપ પ્રકૃતિ અને પુરુષના સંયોગથી સંસાર માન્યો છે. એટલે કે આ સંયોગ સંસારનું બીજ છે. જૈનોએ કર્મબંધના કારણે સંસાર માન્યો છે. એટલે કે જ્ઞાનાવરણીયાદિ કર્મો આત્માને ચોંટવા એ સંસારનું બીજ છે. આમાં પ્રકૃતિ=કર્મ એ બાહ્યકારણ છે અને આત્માનો કર્મોથી બંધાવાની યોગ્યતા વગેરેરૂપ સ્વભાવ એ અંતરંગ કારણ છે. એટલે અપુનર્બન્ધક જીવ આ બંનેઅંગે વિચાર કરે છે.

(૧) અહીં (=પ્રકૃતિમાં) ભેદ શબ્દ વૈસાદૃશ્ય=વિલક્ષણતા અર્થમાં છે અને અભેદ શબ્દ સાદૃશ્ય અર્થમાં છે. (તાદાત્મ્ય અર્થમાં નથી.) દરેક જીવોની પ્રકૃતિ પરસ્પર જો સર્વથા વિલક્ષણ હોય, તો સંસારી જીવોનું ઐક્ય=સાદૃશ્ય થઈ ન શકે. અહીં ઐક્ય શબ્દ પણ તાદાત્મ્ય અર્થમાં નથી, કારણ કે તાદાત્મ્ય ન થવું એ તો ઇષ્ટ જ છે, એટલે એને આપત્તિરૂપે આપી ન શકાય.

શંકા : તો શું સાદૃશ્ય ન થવું એ ઇષ્ટ નથી ?

સમાધાન : ના, કારણ કે પ્રકૃતિના=કર્મના કારણે બધા જ જીવો સંસારી છે=અસિદ્ધ છે. આ ફળ બધા સકર્મ જીવોને એકસમાન છે. કારણભેદે કાર્યભેદ માનવો જ પડે. એટલે કારણને સર્વથા વિલક્ષણ માનવામાં કાર્યને પણ સર્વથા વિલક્ષણ માનવું જ પડવાથી આ એકસમાન ફળ અસંગત થઈ જાય.

હવે બધા જીવોની પ્રકૃતિનો સર્વથા અભેદ=સર્વથા સાદૃશ્ય માનીએ, તો એનું દરેક જીવોને મળતું ફળ પણ સર્વથા સદૃશ જ માનવું પડે. અને તો પછી જીવોનું નરક-તિર્યંચ વગેરેરૂપે જે વૈલક્ષણ્ય જોવા મળે છે, તે બાધિત થઈ જવું સ્પષ્ટ જ છે.

(૨) અહીં (=સ્વભાવમાં) પણ ભેદ-અભેદ શબ્દોનો અતાદાત્મ્ય-તાદાત્મ્ય અર્થ નથી, પણ અસાદૃશ્ય-સાદૃશ્ય અર્થ છે. જીવોનો સ્વભાવ પરસ્પર સર્વથા ભિન્ન=અલગ-અલગ હોય, તો એના કાર્યભૂત સંસારિત્વ (=અસિદ્ધત્વ) વગેરે એકસમાન હોવા જોવા ન મળવા જોઈએ. એમ સર્વથા અભિન્ન=સદૃશ હોય, તો એના કાર્યભૂત નરક-તિર્યંચાદિ ગતિમાં અસમાનતા જોવા ન મળવી જોઈએ.

પરંતુ આ બધું જ જોવા મળે છે. એટલે બહિરંગ-કારણભૂત પ્રકૃતિ=કર્મ અને અંતરંગ કારણભૂત સ્વભાવ.. આ બંને અંગે એકાન્ત ન માનતા અનેકાન્ત માનવો જોઈએ. એટલે કે કથંચિદ્ ભેદાભેદ માનવો ઉચિત છે. આ કથંચિદ્ભેદાભેદરૂપ શબલતાથી જ બધા વ્યવહાર સંગત થઈ જાય છે. એટલે કે બધા જીવોનો સંસારી જીવ વગેરે રૂપે એકસમાન વ્યવહાર અને દેવ-નરકાદિરૂપે અસમાનવ્યવહાર.. આ બંને સંગત થઈ જાય છે.

पाशारज्जुसद्भावात् **शबलता** = कथंचिद्भेदाभेदरूपा **उचिता** = न्याय्येति, तयैव सकलव्यवहारोपपत्तेः । हेतूहनमेतत् ।। १०।।

भवोऽयं दुःखगहनो जन्म-मृत्यु-जरामयः ।
अनादिरप्युपायेन पृथग्भवितुमर्हति ।। ११।।

भवोऽयमिति । अयं = प्रत्यक्षोपलभ्यमानो भवः = संसारो **दुःखगहनः** = शारीर-मानसाऽनेकदुःखशतैराच्छन्नः । जन्म = मातृकुक्षिनिष्क्रमणलक्षणं, मरणं = प्रतिनियतायुःकर्मक्षयः, जरा वयोहानिलक्षणा, तन्मयः = तत्प्राचुर्यवान् (=**जन्म-मृत्यु-जरामयः**) । **अनादिरप्युपायेन** ज्ञानदर्शनचारित्ररूपेण **पृथग् भवितुमर्हति** काञ्चनमलवदिति । स्वरूपोहनमेतत् ।। ११।।

फलं भवस्य विपुलः क्लेश एव विजृम्भते ।
न्यग्भाव्यात्मस्वभावं हि पयो निम्बरसो यथा ।। १२।।

અપુનર્બન્ધક જીવ આ રીતે સંસારના બીજનો વિચાર કરે છે.

શંકા : સાંખ્યાદિદર્શનમાં પણ અપુનર્બન્ધક જીવો સંભવે છે. એમને અનેકાન્તવાદનો ઉપદેશ તો મળ્યો હોતો નથી. તો તેઓને અનેકાન્તની વિચારણા શી રીતે સંભવે ?

સમાધાન : તમારી વાત બરાબર છે. એટલે અહીં અનેકાન્તગર્ભિત જે વિચારણા જણાવેલી છે તે જૈનદર્શનમાં રહેલા અપુનર્બન્ધક જીવ માટે જાણવી જોઈએ. એ સિવાયના અપુનર્બન્ધક જીવો સંસારના કારણનો વિચાર તો કરે જ છે.. કે આ સંસાર એ જીવની સ્વાભાવિક અવસ્થા નથી.. પણ પ્રકૃતિ-અવિદ્યા-કર્મ વગેરે નામ ધરાવતા કોઈક જીવભિન્ન પદાર્થના કારણે આ સંસાર છે... જો કે ફળમાં જોવા મળતી સંસારરૂપે સમાનતાના અને દેવ-નરકાદિરૂપે અસમાનતાના પ્રયોજક તરીકે કારણભૂત પ્રકૃતિમાં પણ સમાનતા-અસમાનતા માન્યા વગર કોઈને છૂટકો નથી.. પણ શબ્દથી એનો સ્વીકાર હોતો નથી. તેમ છતાં કદાગ્રહશૂન્યતા= પ્રજ્ઞાપનીયતા હોવાથી આ અસ્વીકાર બાધક બનતો નથી. ॥ ૧૦ ॥ (હવે સંસારના સ્વરૂપનો વિચાર જણાવે છે-)

ગાથાર્થ : જન્મ-મૃત્યુ-જરામય આ સંસાર દુઃખગહન છે. એ અનાદિ હોવા છતાં ઉપાય દ્વારા અલગ થઈ શકે છે.

ટીકાર્થ : આ પ્રત્યક્ષ જણાતો સંસાર દુઃખોથી ગહન છે=શારીરિક-માનસિક અનેક સેંકડો દુઃખોથી વ્યાપ્ત છે. વળી જન્મ-જરા-મૃત્યુની પ્રચુરતાવાળો છે. આમાં જન્મ=માતાની કુક્ષિમાંથી બહાર આવવું... જરા વયની હાનિરૂપ છે અને મરણ એટલે પ્રતિનિયત (=આ ભવસંબંધી ચોક્કસ) આયુષ્યનો ક્ષય. આ સંસાર અનાદિ હોવા છતાં (જીવને અનાદિકાળથી વળગ્યો હોવા છતાં) જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ઉપાયથી અલગ પાડી શકાય છે. જેમ કે સુવર્ણને લાગેલો મલ. આ સંસારના સ્વરૂપનો વિચાર છે. ॥૧૧॥ (સંસારના ફળની વિચારણા બતાવે છે-)

ગાથાર્થ : આત્મસ્વભાવને દબાવીને પ્રચુર ક્લેશ જ પ્રવર્તવો એ સંસારનું ફળ છે. લીમડાનો રસ જેમ

फलमिति । **भवस्य** = संसारस्य **फलं** = कार्यं **विपुलः** = अनुबन्धसन्तत्या विस्तीर्णः **क्लेश एव विजृम्भते** । नात्र सुखलवोऽप्यस्तीत्येवकारार्थः । आत्मन्येव सुखस्वभावे सति कथं क्लेशो विजृम्भते ? इत्यत आह- **आत्मस्वभावं(हि) न्यग्भाव्य** = तिरोभाव्य । **यथा पयः** तिरोभाव्य **निम्बरसो विजृम्भते** । भवति हि महता प्रतिपन्थिनाऽल्पस्याभिभव इति । यदा त्वात्मस्वभाव एव भूयान् भवति तदा तेनापि क्लेशाभिभवः कर्तुं शक्यत इति न संसारदशायां क्लेशेनात्माभिभवानुपपत्तिरिति भावः । फलोहनमेतत् ।। १२ ।।

દૂધના સ્વાદને દબાવે છે.

ટીકાર્થ : સંસારનું ફળ=કાર્ય વિપુલ=અનુબંધપ્રવાહથી વિસ્તીર્ણ ક્લેશ જ પ્રવર્તે છે, અહીં સંસારમાં સુખનો લેશ પણ નથી એ 'જ'કારનો અર્થ છે. **શંકા :** આત્મા ખુદ સુખસ્વભાવવાળો છે, તો ક્લેશ કેવી રીતે પ્રવર્તે ? **સમાધાન :** આત્મસ્વભાવને દબાવીને એ પ્રવર્તે છે. જેમ દૂધને તિરોભૂત કરીને લીમડાનો રસ પ્રવર્તે છે.

મોટા વિરોધીથી નાનાનો અભિભવ થાય જ છે. જ્યારે આત્મસ્વભાવ જ બળવાન બની જાય છે ત્યારે તેનાથી પણ ક્લેશનો અભિભવ થવો શક્ય બને જ છે. એટલે સંસારદશામાં ક્લેશદ્વારા આત્માનો અભિભવ અસંગત નથી એ રહસ્ય છે. આ સંસારના ફળનો સંબંધી વિચાર છે.

વિવેચન : અપુનર્બન્ધક જીવ માર્ગાનુસારી બુદ્ધિથી સંસારના ફળની વિચારણા આ પ્રમાણે કરે છે કે સંસારના ફળરૂપે પણ વિપુલ ક્લેશ જ પ્રવર્તે છે. અર્થાત્ અવિરતપણે દુઃખોની પરંપરા લંબાયા જ કરવી.. લંબાયા જ કરવી.. અનંતાનંતકાળ સુધી લંબાયા કરવી.. આ વિપુલ ક્લેશ છે.. આ જ સંસારનું ફળ છે.

શંકા : પણ સંસારમાં વચ્ચે વચ્ચે પુણ્યજન્ય સુખસમૃદ્ધિ પણ મળ્યા કરતાં હોવાથી અવિરતપણે દુઃખ પરંપરા લંબાયા કરે છે એમ શી રીતે કહેવાય ?

સમાધાન : ક્ષુધાતુરમાણસ વિષમિશ્રિત ભોજન દ્વારા ક્ષુધાતૃપ્તિ-રસાસ્વાદ વગેરે અનુભવે છે, અને એ વખતે ભોજનની વિષમિશ્રિતતા-દારૂણ પરિણામ વગેરે જાણતો ન હોવાથી એ તૃપ્તિ વગેરેને સુખ તરીકે અનુભવે પણ છે જ, છતાં વિચક્ષણ પુરુષ એને ક્ષુધાતૃપ્તિ વગેરે અંશમાં પણ સુખ તરીકે ન જોતાં દુઃખ તરીકે જ જુએ છે. એમ પ્રસ્તુતમાં જાણવું. જેના પરિણામસ્વરૂપે પહાડ જેવાં દુઃખોની વણઝાર ખડકાતી હોય, એ સુખ શી રીતે કહેવાય ? એટલે કે એ પણ દુઃખરૂપ જ હોવાથી અહીં 'જ'કાર દ્વારા સુખના અંશનો પણ વિચ્છેદ કર્યો છે.

શંકા : સંસારના સ્વરૂપમાં પણ જન્મ-જરા-મૃત્યુનાં દુઃખોનો વિચાર કર્યો અને ફળમાં પણ દુઃખોનો જ વિચાર કર્યો... તો બેમાં તફાવત શું રહ્યો ?

સમાધાન : ઓપરેશન-વેપારના કષ્ટ... વગેરે સ્વરૂપે દુઃખમય હોવા છતાં પરિણામે સુખમય કહેવાય છે. એટલે સ્વરૂપ અને ફળમાં ભેદ પડે છે. પણ સંસારમાં આવો ભેદ પણ નથી. સ્વરૂપે પણે દુઃખ-દુઃખ અને દુઃખ જ છે અને એના પરિણામે પણ માત્ર ને માત્ર દુઃખોની પરંપરા જ છે. આ દૃઢ કરવા માટે ફળનો વિચાર સ્વતંત્ર કરવામાં આવે છે. આ જ કારણ છે કે શ્રીપંચસૂત્રમાં સંસારની ઓળખાણ દુઃખરૂપે, દુઃખફલે, દુઃખાનુબંધી.. એ રીતે આપી છે.

(૧) દૂધનો સ્વાદ મધુર છે. લીમડાનો કડવો. જ્યાં સુધી લીમડાની પ્રચુરતા છે, ત્યાં સુધી સરવાળે મધુરતા

तद्वियोगाश्रयोऽप्येवं सम्यगूहोऽस्य जायते ।
तत्तत्तन्त्रनयज्ञाने विशेषापेक्षयोज्ज्वलः ।।१३।।

तदिति । तद्वियोगाश्रयः = भवविયોગાશ્રયોऽ**પ્યેવં** = હેતુ-સ્વરૂપ-ફલદ્વારેણ **સમ્યગૂહઃ** = સમીચીનવિચારોऽ**સ્ય** = શાન્તોદાત્તસ્ય **જાયતે** । તેષાં તેષાં તન્ત્રાણાં ષષ્ટિતન્ત્રાદીનાં નયાનાં જ્ઞાને **(=તત્તત્તન્ત્રનયજ્ઞાને)** સતિ **વિશેષાપેક્ષયા** = ઇતરાંશજિજ્ઞાસાલક્ષણયોજ્જ્વલઃ = શુદ્ધનિશ્ચયાનુસારી ।।૧૩।।

દબાઈને કડવાશ જ અનુભવાયા કરે છે. જ્યારે દૂધનું જોર વધે છે, ત્યારે સરવાળે કડવાશ દબાઈ જાય છે અને મધુરતા બચે છે. આવું જ પ્રસ્તુતમાં છે. આત્મા સુખસ્વભાવવાળો હોવા છતાં જ્યાં સુધી નબળો છે, ત્યાં સુધી સરવાળે સંસારની દુઃખાત્મકતા જ જય પામતી રહે છે અને આત્મા જ્યારે બળવાન બને છે ત્યારે સંસારના દુઃખો અભિભૂત થઈ સરવાળે સુખ બચે છે. પણ આ અવસ્થા તો જીવ ભવવૈરાગ્ય કેળવી મોક્ષમાર્ગ પર ઘણો આગળ વધી મોક્ષની નજીક થાય એ પછી જ આવે છે. ॥૧૨॥ (આમ અપનુર્બન્ધક જીવ સંસારના બીજ, સ્વરૂપ અને ફળનો વિચાર કરે છે. અને એમાં સંસાર દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી ભાસવાથી એનો ઉચ્છેદ કરવાની ઇચ્છા જાગે છે. એટલે પછી એ સંસારઉચ્છેદ અંગે પણ વિચારણા કરે છે એ હવે જણાવે છે-)

ગાથાર્થ : એમ, તેના વિયોગ અંગે પણ આને સમ્યગ્ વિચાર પ્રવર્તે છે. તે તે શાસ્ત્ર સ્વરૂપ નયજ્ઞાન થયે છતે વિશેષની અપેક્ષાથી આ વિચાર ઉજ્જવલ બને છે.

ટીકાર્થ : તેના=સંસારના વિયોગ આશ્રીને પણ [1]એ પ્રમાણે=હેતુ, સ્વરૂપ અને ફળદ્વારા સમ્યગ્વિચાર આ શાન્ત-ઉદાત્ત અપુનર્બન્ધકજીવને થાય છે. [2]ષષ્ટિતન્ત્ર વગેરે રૂપ તે તે નયોનું જ્ઞાન થયે છતે ઇતરાંશની જિજ્ઞાસારૂપ વિશેષની અપેક્ષાના કારણે આ વિચાર ઉજ્જવલ બને છે=[3]શુદ્ધનિશ્ચયને અનુસરનારો બને છે.

વિવેચન : (૧) એ પ્રમાણે એટલે, જે રીતે સંસારની વિચારણા હેતુ-સ્વરૂપ-ફળદ્વારા કરેલી, એ રીતે સંસારઉચ્છેદની વિચારણા પણ હેતુ-સ્વરૂપ-ફળદ્વારા કરે છે.

(૨) જૈનદર્શનમાં રહેલા અપુનર્બન્ધકને તો અનેકાન્તગર્ભિત વિચાર સહજ સંભવિત હોય છે. પણ સાંખ્ય વગેરે દર્શનમાં રહેલા અપુનર્બન્ધક જીવને તે તે એક નયની વિચારણા મળે છે. એટલે કે સાંખ્યદર્શનવાળાને દ્રવ્યાર્થિકનયની વિચારણા મળે છે, તો બૌદ્ધદર્શનવાળાને પર્યાયાર્થિકનયની વિચારણા મળે છે. તેમ છતાં, આ જીવોને કદાગ્રહ હોતો નથી. પ્રજ્ઞાપનીયતા હોય છે. એટલે સાંખ્યદર્શનમાં રહેલાને ઇતરાંશ તરીકે અનિત્યત્વની અને બૌદ્ધદર્શનમાં રહેલાને ઇતરાંશ તરીકે નિત્યત્વની જિજ્ઞાસા રહે છે. અલબત્ત અહીં જિજ્ઞાસા એટલે સ્વરૂપે જિજ્ઞાસા હોય જ એવો નિયમ ન બાંધવો, કારણકે સાંખ્યદર્શનવાળાએ સ્વગ્રન્થોમાં નિત્યત્વનું પ્રતિપાદન ને અનિત્યત્વનું ખંડન જોયેલું હોવાથી એને આત્મામાં અનિત્યતાની સંભાવના પણ સામાન્યથી ભાસતી ન હોવાથી જિજ્ઞાસા ઊઠવાનો પ્રશ્ન રહેતો નથી. પણ પ્રજ્ઞાપનીયતા હોવાથી જિજ્ઞાસાની યોગ્યતા રહી હોય છે. આ વાતના સૂચન માટે જ ટીકાકારે ઉજ્જવલનો અર્થ 'શુદ્ધ નિશ્ચયાત્મક' એવો ન કરતાં 'શુદ્ધ નિશ્ચયને અનુસરનારો' એવો કર્યો છે. એટલે કે એ શુદ્ધ નિશ્ચય તરફ લઈ જનારો છે.

(૩) અહીં શુદ્ધ નિશ્ચય શબ્દ શુદ્ધનિશ્ચયનય અર્થમાં નથી, કારણ કે (અ) જો એને નયરૂપે જ જણાવવાની અપેક્ષા હોત, તો ઇતરાંશની વાત કરત નહીં, તથા (બ) વ્યવહારનયને અનુસરનારા દર્શનમાં

योजनाद्योग इत्युक्तो मोक्षेण मुनिसत्तमैः ।
स निवृत्ताधिकारायां प्रकृतौ लेशतो ध्रुवः ।। १४।।

योजनादिति । **योजनात्** = घटनाद् **मोक्षेणेति** = अस्माद्धेतो**र्मुनिसत्तमैः** = ऋषिपुङ्गवै**र्योग उक्तः** । **स निवृत्ताधिकारायां** = व्यावृत्तपुरुषाभिभवायां **प्रकृतौ** सत्यां **लेशतः** = किञ्चिद्वृत्त्या **ध्रुवो** = निश्चितः ।। १४।।

गोपेन्द्रवचनादस्मादेवंलक्षणशालिनः ।
परैरस्येष्यते योगः प्रतिश्रोतोऽनुगत्वतः ।। १५।।

गोपेन्द्रेति । **अस्माद् गोपेन्द्रवचनादेवंलक्षणशालिनः** = शान्तोदात्तत्वादिगुणयुक्तस्य (**अस्य**=) अपुनर्बन्धकस्य **परैः** = तीर्थान्तरीयै**र्योग (इष्यते**=) उच्यते । प्रतिश्रोतोऽनुगच्छति यः स प्रतिश्रोतोऽनुगस्तद्भावस्तत्त्वं ततः (=**प्रतिश्रोतोऽनुगत्वतः**) । इन्द्रिय-कषायानुकूला हि वृत्तिरनुश्रोतः। तत्प्रतिकूला तु प्रतिश्रोत इति । इत्थं हि प्रत्यहं शुभपरिणामवृद्धिः, सा च योगफलमित्यस्य योगौचित्यम् । तदाह- *"वेलावलनवन्नद्यास्तदाऽऽपूरोपसंहृतेः। प्रतिश्रोतोऽनुगत्वेन प्रत्यहं वृद्धिसंयुतः ।।"* (**यो.बिं.** २०२) इति ।। १५।।

(=न्यायवैशेषिक दर्शनमां) रहेला अपुनर्बन्धकनो विचार व्यवहारनयानुसारी होवाथी एने शुद्धनिश्चयनयने अनुसरनारो कहेवो असंगत छे.

शंका : तो पछी शुद्धनिश्चयनो अर्थ शुं करवो ?

समाधान : ते ते नय नहीं, पण प्रमाण जेवो निश्चय करावे एवो निश्चय ए शुद्धनिश्चय एवो अर्थ करवो. ॥१३॥ (अपुनर्बन्धकजीव संसारोच्छेदना हेतु वगरेनी विचारणा करे छे एम जणाव्युं. एमां ए हेतु तरीके योगनी हवे वात करे छे.)

गाथार्थ : 'मोक्षनी साथे योजी आपनार होवाथी योग' ए प्रमाणे श्रेष्ठ मुनिओ वडे कहेवायेल छे. ते प्रकृति निवृत्तअधिकारवाळी थये अंशतः चोक्कस थाय छे.

टीकार्थ : 'मोक्षनी साथे जीवने जोडी आपे छे' आ कारणे मुनिसत्तमोए = ऋषिपुंगवोए एने योग कह्यो छे. ते योग, ज्यारे प्रकृतिनो, पुरुषनो अभिभव करवारूप अधिकार निवृत्त थाय छे, त्यारे कंईक अंशे चोक्कस प्रवर्ते छे. ॥१४॥ (एने आंशिक योग होवामां कारण जणावे छे-)

गाथार्थ : आवा गोपेन्द्रवचनने अनुसरीने अन्य दर्शनकारो वडे आवां लक्षणयुक्त आ जीवमां प्रतिश्रोतोनुगामिताना कारणे योग होवो मनायेलो छे.

टीकार्थ : आ गोपेन्द्रवचनथी, आवा लक्षणयुक्त=शान्त-उदात्तत्वादिगुणयुक्त आ अपुनर्बन्धक जीवमां अन्य तीर्थान्तरीयो वडे योग मनायो छे. कारण के आ जीव [1]प्रतिश्रोतोनुगामी=सामे प्रवाहे जनारो होय छे. इन्द्रियो अने कषायोने अनुकूळ वर्तवुं ए अनुश्रोतगमन कहेवाय छे, एने प्रतिकूळ वर्तवुं ए प्रतिश्रोतगमन कहेवाय छे. [2]आ रीते ज प्रतिदिन शुभपरिणामनी वृद्धि थाय छे. अने ते योगनुं फळ छे. एटले आने योग होवो उचित छे. योगबिंदुमां (२०२) कह्युं छे - [3]*तेना आपूरना उपसंहारथी थयेल नदीना वेलावलननी जेम प्रतिश्रोतोनुगामीपणाथी प्रतिदिन वृद्धियुक्त होय छे.*

तत्क्रियायोगहेतुत्वाद्योग इत्युचितं वचः ।
मोक्षेऽतिदृढचित्तस्य भिन्नग्रन्थेस्तु भावतः ।।१६।।

तदिति । **तद्वचः** क्रियायोगस्य सदाचारलक्षणस्य हेतुत्वाद् (=**क्रियायोगहेतुत्वाद्**) **योग इति** = एव**मुचितं**,

---

विवेचन : चौदमी गाथामां એ गोपेन्द्र नामना योगाचार्यनुं वचन छे. आ वचनने अनुसरीने अन्य दर्शनकारो शान्त-उदात्तत्वादि गुणयुक्त अपुनर्बन्धक जीवने योग होवो स्वीकारे छे. कारण के अपुनर्बन्धक जीव परथी प्रकृतिनो अधिकार निवृत्त थयो होय छे. (એटले के એ निवृत्त थवापर जीव अपुनर्बन्धक बन्यो होय छे.) योगनुं आ होवापणुं कई रीते संगत छे એ आ गाथामां दर्शाव्युं छे.

(१) मनगमतो विषय आव्यो ने इन्द्रियने એमां प्रवर्ताववी.. निमित्त मळ्युं ने कषायाविष्ट थई जवुं. अनादिकाळथी जीवनुं आवुं जे वलण छे, ते प्रवाह=श्रोतस्=श्रोतो छे. એ प्रवाहमां तणावुं ते अनुश्रोतोगामित्व छे. आनाथी विपरीत, गमे એटलो आकर्षक विषय उपस्थित थाय तो पण इन्द्रियने એमां जवा न देवी, पाछी खेंची लेवी... એम प्रबळ निमित्त मळवा छतां कषाय करवो नहीं.. आमां, नदीमां सामे प्रवाहे तरवामां जेम बहु संघर्ष करवो पडे छे, એम खूब संघर्ष करवो पडे छे, माटे आ प्रतिश्रोतोनुगामित्व छे.

विषय अने कषाय जीवने संसार तरफ ताणी जनारा छे. એटले विषय-कषायने रुंधवा.. એनाथी दूर जवुं એ संसारथी दूर जवारूप होवाथी मोक्ष तरफनी गतिरूप बने छे. माटे એ योग छे.

(२) आ प्रतिश्रोतोनुगामित्व એ विषय-कषायनी सामे पडवारूप होवाथी એ बन्नेनुं जोर घटाडे छे... आ जोर घटवुं=विषय-कषाय मोळा पडवा એ ज तो शुभ परिणाम छे. એटले आम सामे पडता रहेवाथी प्रतिदिन शुभपरिणामनी वृद्धि थती रहे छे. आ वृद्धि એ योगनुं फळ छे. अने फळ (=कार्य) होय तो कारण (=योग) होवुं ज जोईએ. माटे आ जीवने योगनी विद्यमानता मानवी उचित=संगत छे.

(३) योगबिन्दुना आ कथननो भावार्थ आवो छे-सामान्यथी नदीनो प्रवाह पोताना उद्गमस्थानथी महासमुद्र तरफनो होय छे. आ अनुश्रोत छे. पण महासमुद्रनी नजीक महासमुद्रना क्षोभथी नदीनुं मीठुं जळ पाछुं फरीने पोताना उद्गमस्थान तरफ वळे छे. आ प्रतिश्रोत छे. उपसंहार એटले पाछा फरवानुं थवुं એ.. એना कारणे वलन=उद्गमस्थान तरफनुं जळनुं गमन... એ जेम वधतुं जाय छे, એम, सामान्यथी संसारसमुद्र तरफ जीवनुं जे गमन थतुं होय छे, ते प्रतिश्रोतोनुगामित्वेन संसारसमुद्रथी विपरीत એ दिशाना गमन=वलनरूप होवाथी प्रतिदिन वृद्धियुक्त बने छे. ॥१५॥ (गोपेन्द्राचार्यना वचननी संगति दर्शावे छे-)

गाथार्थ : क्रियायोगनो हेतु होवाथी योग छे. तेथी ते वचन उचित छे. मोक्षमां अतिदृढचित्तवाळा भिन्नग्रन्थि जीवने तो भावथी योग होय छे.

टीकार्थ : [1]सदाचाररूप क्रियायोगनो हेतु होवाथी योग छे आ प्रमाणे विचारीએ तो ते वचन उचित छे. कारण के आ जीव द्रव्ययोगवाळो छे. [2]मोक्षमां=निर्वाणमां अति=दृढचित्तवाळा भिन्नग्रन्थि जीवने=जेनुं हृदय मोक्षमां એकधाराथी लागी गयुं छे એवा अने जेणे अतितीव्र-राग-द्वेष परिणामरूप ग्रन्थिने भेदी नाखी छे એवा जीवने तो भावथी योग संभवे छे. कारण के मोक्षनी आकांक्षामां अक्षणिक चित्तवाळा सम्यग्दृष्टि जीवनी जे

अस्य द्रव्ययोगवत्त्वात् ।

मोक्षे = निर्वाणेऽ**तिदृढचित्तस्य** = एकधारालग्नहृदयस्य **भिन्नग्रन्थेः** = विदारितातितीव्रराग-द्वेषपरिणामस्य **तु भावतो** योगः सम्भवति । सम्यग्दृष्टेर्हि मोक्षाकाङ्क्षाऽक्षणिकचित्तस्य या या चेष्टा सा सा मोक्षप्राप्तिपर्यवसानफलिकेति तस्यैव भावतोऽयम् । अपुनर्बन्धकस्य तु न सार्वदिकस्तथापरिणाम इति द्रव्यत एवेति । तदुक्तं- *"भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे तनुः । तस्य तत्सर्व एवेह योगो योगो हि भावतः ।।"* (**योगबिन्दु** २०३) इति ।।१६।।

જે ચેષ્ટા હોય તે તે મોક્ષ પ્રાપ્તિમાં પર્યવસાન પામનારી હોય છે. તેથી એને જ ભાવથી આ=યોગ હોય છે. અપુનર્બન્ધક જીવને તેવો પરિણામ હંમેશા હોતો નથી, તેથી એને દ્રવ્યથી જ યોગ હોય છે. યોગબિન્દુ (૨૦૩)માં કહ્યું છે-*ભિન્નગ્રન્થિ જીવને પ્રાયઃ કરીને ચિત્ત મોક્ષમાં હોય છે અને શરીર સંસારમાં હોય છે. તેથી તેનો સર્વ વ્યાપાર=ધર્મ, અર્થ અને કામસંબંધી બધી પ્રવૃત્તિ ભાવથી યોગસ્વરૂપ બને છે.*

વિવેચન : (૧) અપુનર્બન્ધક જીવને હજુ તો સમ્યક્ત્વની પણ પ્રાપ્તિ થઈ નથી. તો એને યોગ કઈ રીતે સંભવે ? આવી સંભવિત શંકા નિવારવા માટે ગ્રન્થકાર કહે છે કે એને દ્રવ્યથી યોગ હોય છે. આશય એ છે કે અપુનર્બન્ધક જીવને પણ સદાચારરૂપ ક્રિયાત્મક યોગનો હેતુ તો હાજર હોય છે. એટલે 'ભાવનું જે કારણ બને તે પ્રધાનદ્રવ્ય કહેવાય' એ ન્યાયે એને પ્રધાન દ્રવ્યયોગ હોય છે. તેથી યોગાચાર્ય ગોપેન્દ્રએ તેને યોગની વિદ્યમાનતા જણાવતી જે વાત કહી છે તે પણ સંગત ઠરે છે.

(૨) અપુનર્બન્ધકને જો દ્રવ્યયોગ છે, તો ભાવયોગ કોને હોય ? એ હવે જણાવે છે. રાગ-દ્વેષનો અતિતીવ્ર પરિણામ એ ગ્રન્થિ છે. અપૂર્વકરણ દ્વારા જે જીવે આ ગ્રન્થિને ભેદી નાખી હોય, તે જીવ ભિન્નગ્રન્થિ જીવ છે. ગ્રન્થિભેદ દ્વારા એ જીવ સમ્યક્ત્વ પામે છે. નિર્મળ સમ્યક્ત્વી જીવને મોક્ષની પ્રબળ અભિલાષા બેઠી હોય છે. અવિરતિના પ્રભાવે ક્યારેક બહારથી વ્યક્તરૂપે અર્થ-કામની અભિલાષા અને તદનુરૂપ પ્રવૃત્તિ હોય, તો પણ એના અંતઃકરણનો ઢાળ મોક્ષ તરફ જ હોય છે. એટલે કે અંદર યોગ્યતારૂપે તો મોક્ષની આકાંક્ષા જ સ્ફુરાયમાણ હોય છે. એ તો એકાદ ક્ષણ માટે પણ ખસતી નથી. અર્થાત્ એનું હૃદય અવિરતધારાથી મોક્ષમાં લાગેલું હોય છે. એટલે, અભવ્યાદિ જીવને નિરતિચાર સંયમપાલનાદિ ધર્મક્રિયા પણ અંદર સંસારની ગાઢ આસક્તિ પડી હોવાના કારણે જેમ છેવટે સંસારમાં પરિણમનારી બને છે, એમ નિર્મળ સમ્યક્ત્વી જીવની અર્થ-કામની પ્રવૃત્તિ પણ અંદર મોક્ષની અતિદૃઢચિત્તતા હોવાથી છેવટે મોક્ષપ્રાપ્તિમાં જ પરિણમનારી બને છે. માટે એને ભાવથી યોગ હોય છે.

અપુનર્બન્ધક જીવને મોક્ષમાં અતિદૃઢચિત્તતા નિર્માણ થઈ નથી. એને તો ભવ-ભવવિચ્છેદના ઊહકાળે કે ધર્મપ્રવૃત્તિકાળે મોક્ષની આકાંક્ષા સંભવવા છતાં એ સતત સંભવતી હોતી નથી. અર્થ-કામની પ્રવૃત્તિકાળે એ સંભવતી નથી. તેથી એની ધર્મક્રિયા પણ દ્રવ્યથી જ યોગરૂપ બને છે.

એટલે ફલિતાર્થ આ મળે છે કે નિર્મળસમ્યક્ત્વીને મોક્ષાકાંક્ષાવાળું ચિત્ત સાર્વદિક હોવાથી એની અર્થ-કામની પ્રવૃત્તિ પણ ભાવથી યોગરૂપ બને છે, જ્યારે અપુનર્બન્ધકને મોક્ષાકાંક્ષાવાળું ચિત્ત કાદાચિત્ક હોવાથી એની ધર્મપ્રવૃત્તિ પણ ભાવથી યોગરૂપ બનતી નથી, માત્ર દ્રવ્યથી યોગરૂપ બને છે. ॥૧૬॥ (સમ્યક્ત્વીની અર્થ-કામ પ્રવૃત્તિ પણ યોગરૂપ બને છે એ વાત દૃષ્ટાન્તથી સમજાવે છે-)

अन्यसक्तस्त्रियो भर्तृयोगोऽप्यश्रेयसे यथा ।
तथाऽमुष्य कुटुम्बादिव्यापारोऽपि न बन्धकृत् ।। १७।।

अन्येति । अन्यस्मिन् = स्वभर्तृव्यतिरिक्ते पुंसि सक्ताया अनुपरतरिरंसायाः स्त्रियः = योषितः (=**अन्यसक्तस्त्रियः**) **भर्तृयोगोऽपि** = पतिशुश्रूषणादिव्यापारोऽपि **यथाऽश्रेयसे** = पापकर्मबन्धाय, **तथाऽमुष्य** = भिन्नग्रन्थेः **कुटुम्बादिव्यापारोऽपि न बन्धकृत्** । पुण्ययोगेऽपि पापपरिणामेन पापस्यैव बन्धवदशुभ-कुटुम्बचिन्तनादियोगेऽपि शुद्धपरिणामेन सदनुबन्धस्यैवोपपत्तेः। तदुक्तं- *"नार्या यथाऽन्यसक्तायास्तत्र भावे सदा स्थिते । तद्योगः पापबन्धश्च तथा मोक्षेऽस्य दृश्यताम् ।। न चेह ग्रन्थिभेदेन पश्यतो भावमुत्तमम्। इतरेणाकुलस्यापि तत्र चित्तं न जायते।।"* (**योगबिन्दु** २०४-२०५) ।। १७।।

गाथार्थ : જેમ, અન્યમાં આસક્ત સ્ત્રીનો ભર્તાસંબંધી વ્યાપાર પણ અશ્રેય માટે હોય છે. એમ આનો કુટુંબાદિ વ્યાપાર પણ બન્ધ કરનારો બનતો નથી.

टीकार्थ : અન્યમાં=સ્વપતિથી ભિન્ન પુરુષમાં આસક્ત સ્ત્રીનો=હજુ પરપુરુષ સાથે ક્રીડા કરવાની ઇચ્છા રાખતી સ્ત્રીનો ભતૃયોગ=પતિની શુશ્રૂષા વગેરે પ્રવૃત્તિ પણ જેમ અશ્રેય માટે-પાપકર્મ બંધ માટે થાય છે. એમ આનો=ભિન્નગ્રન્થિ જીવનો કુટુંબાદિ વ્યાપાર પણ બંધ કરનારો બનતો નથી, કારણ કે પુણ્યયોગકાળે પણ=પુણ્યજનક ક્રિયાકાળે પણ જો પરિણામ પાપના હોય તો જેમ પાપનો જ બંધ થાય છે, એમ અશુભ (=પાપજનક) કુટુંબચિંતાદિકાળે પણ ભિન્નગ્રન્થિક જીવને શુદ્ધ પરિણામના પ્રભાવે સદ્અનુબંધ જ ઉપપન્ન થાય છે. યોગબિન્દુ (૨૦૪-૨૦૫) માં કહ્યું છે કે-*જે સ્ત્રી અન્ય પુરુષમાં આસક્ત છે અને જેનું મન હંમેશાં એ પુરુષમાં જ રમ્યા કરે છે એ સ્ત્રીની સ્વપતિસંબંધી શુશ્રૂષાદિ પ્રવૃત્તિ પણ વસ્તુતઃ પરપુરુષ ખાતે જ જમા થાય છે અને તેથી પરપુરુષના પરિભોગજન્ય પાપબંધ પણ એને થાય છે. આ જ રીતે જે ભિન્નગ્રન્થિ જીવ મોક્ષમાં આસક્ત હોય છે. જેનું મન સતત મોક્ષમાં રમ્યા કરતું હોય છે એ જીવની કુટુંબની ચિંતાવગેરે રૂપ સંસારસંબંધી સર્વ પ્રવૃત્તિઓ પણ મોક્ષ ખાતે જમા થાય છે અને એનાથી એને નિર્જરા પણ થાય છે. ગ્રન્થિભેદના પ્રભાવે મોક્ષાત્મક ઉત્તમ ભાવને જોતા જીવનું ચિત્ત, વિચિત્ર કર્મોદયવશ પુત્ર-પત્નીની મમતા વગેરે પરિણામથી આકુળ હોય ત્યારે પણ ત્યાં=મોક્ષમાં નથી રમતું એવું બનતું નથી.*

विवेचन : અન્યમાં આસક્ત સ્ત્રીની અન્યપુરુષ સંબંધી ક્રિયા તો પાપબંધ કરાવે છે, પણ સ્વપતિ સંબંધી ક્રિયા પણ પાપ બંધ કરાવે છે. અહીં પાપબંધ એટલે, સ્વપતિમાં આસક્ત સ્ત્રીની સ્વપતિસંબંધી ભોગક્રિયા જે પાપબંધ કરાવે એના કરતાં અધિક-વિશેષ પ્રકારનો પાપબંધ સમજવો. એટલે 'સ્વપતિમાં આસક્ત સ્ત્રીની સ્વપતિસાથેની ભોગક્રિયા પાપજનક હોતી નથી' એવો અનિષ્ટ અર્થ આવી નહીં પડે.

ભિન્નગ્રન્થિક જીવની ધર્મક્રિયા તો મોક્ષ ખાતે જમા થાય છે જ, એની અર્થ-કામપ્રવૃત્તિ પણ મોક્ષ ખાતે જ જમા થાય છે. ને તેથી નિર્જરાફલક જ હોય છે, કારણ કે મન મોક્ષમાં રમતું હોય છે. અલબત્ સંસારક્રિયાકાળે મન પુત્રાદિની મમતામાં રમતું હોય છે, છતાં આ મનની રમણતા કર્મોદયવશાત્ હોય છે ને કામચલાઉ હોય છે, જ્યારે એની મોક્ષમાં રમણતા સ્વકીયરુચિવશાત્ હોય છે ને કાયમી હોય છે. તેથી સરવાળે એ બળવત્તર રહેવાથી બધી પ્રવૃત્તિ મોક્ષ ખાતે જમા થાય છે ને નિર્જરાફલક બને છે. ॥૧૭॥ (તો શું બાહ્ય અર્થ-

निजाशयविशुद्धौ हि बाह्यो हेतुरकारणम् ।
शुश्रूषादिक्रियाऽप्यस्य शुद्धा श्रद्धानुसारिणी ।।१८।।

निजेति । **निजाशयविशुद्धौ हि** सत्यां **बाह्यो हेतुः** कुटुम्बचिन्तनादिव्यापारोऽ**कारणं** कर्मबन्धं प्रति, भवहेतूनामेव परिणामविशेषेण मोक्षहेतुत्वेन परिणमनाद् *"जे जत्तिया य हेऊ भवस्स ते तत्तिआ य मुक्खस्स"* (**ओघनिर्युक्ति**-५३) इति वचनप्रामाण्यात् ।

ननु किमेकेन शुभपरिणामेन ? क्रियाया अपि मोक्षकारणत्वात्तदभावे तस्याकिञ्चित्करत्वादित्यत आह- **शुश्रूषादिक्रियाऽप्यस्य** = सम्यग्दृशः **शुद्धश्रद्धानुसारिणी** = जिनवचनप्रामाण्यप्रतिपत्त्यनुगामिनी ।

परिशुद्धोहापोहयोगस्य हि प्रकृतेरप्रवृत्ति-विरोधिप्रवृत्तियोगाभ्यां सम्यगनुष्ठानावन्ध्यकारणत्वात्तेनैव तदाक्षिप्यत इति भावः । तदुक्तं-

---

કામની પ્રવૃત્તિ કર્મબંધ ન કરાવે ? આવી શંકાનું સમાધાન આપે છે-)

ગાથાર્થ : પોતાના આશયની વિશુદ્ધિ હોય ત્યારે બાહ્ય હેતુ અકારણ છે. આ જીવને શ્રદ્ધાનુસારિણી શુદ્ધ શુશ્રૂષાદિ ક્રિયા પણ હોય છે.

ટીકાર્થ : નિજઆશયની વિશુદ્ધિ હોય તો કુટુંબચિંતનાદિપ્રવૃત્તિરૂપ બાહ્ય હેતુ કર્મબંધ પ્રત્યે અકારણ રહે છે, કારણ કે સંસારના હેતુઓ જ પરિણામવિશેષથી મોક્ષના હેતુ તરીકે પરિણમે છે. તે પણ એટલા માટે કે *જે જેટલા સંસારનાં કારણો છે, તે તેટલા જ મોક્ષનાં કારણો છે* એવું પ્રમાણભૂતવચન આ વાતને જણાવે છે. **શંકા :** માત્ર શુભપરિણામને શું કરવાનો ? કારણ કે ક્રિયા પણ મોક્ષનું કારણ હોવાથી તેના અભાવમાં તે (શુભપરિણામ) અકિંચિત્કર હોય છે. **સમાધાન :** આ સમ્યક્ત્વી જીવને શુદ્ધ શ્રદ્ધાનુસારિણી શુશ્રૂષા વગેરે ક્રિયા પણ હોય છે. એટલે કે જિનવચનના પ્રમાણ તરીકેના સ્વીકારને અનુસરનારી ક્રિયા પણ હોય છે. પરિશુદ્ધ ઊહાપોહનો યોગ જીવની પ્રકૃતિની અપ્રવૃત્તિ અને વિરોધી પ્રવૃત્તિ દ્વારા સમ્યગ્ અનુષ્ઠાનનું અવંધ્ય કારણ હોવાથી તેનાથી જ ક્રિયા આક્ષિપ્ત થઈ જાય છે એવો ભાવ છે. યોગબિંદુ (૨૦૬, ૭, ૮)માં કહ્યું છે કે- *મોક્ષની અભિલાષારૂપ આ ચિત્ત સુંદર જ છે, કારણ કે (૧) આ ભિન્નગ્રન્થિ જીવને ભવનો વિયોગ કઈ રીતે થાય ? વગેરે વિષયક ઊહ સ્વયં થયા કરતો હોય છે. (વળી) (૨) એ જીવ પરિશુદ્ધ શુશ્રૂષા-ધર્મરાગ વગેરે સમ્યગ્ આચારને ભજનારો હોય છે.* (આ વાતનો જ સમુચ્ચય કરવા કહે છે-) *કર્મનામની પ્રકૃતિના અપ્રવૃત્તિ વગેરે ધર્મને છોડીને પહેલાં ભિન્નગ્રન્થિ જીવને તેવો ઊહ ઘટતો નથી. આ ઊહ ઝળહળતા રત્નસમાન નિર્મળ મનસ્વરૂપ હોવાથી સત્ત્વ પ્રબળ બને છે. સત્ત્વની પ્રબળતાથી ભાવસ્તૈમિત્ય આવવાના કારણે હંમેશાં શુદ્ધ એવું ધર્મશાસ્ત્રશુશ્રૂષાદિ અનુષ્ઠાન પ્રવર્તે છે. અહીં ક્ષુદ્રતાદિ દોષોથી અક્ષોભણીયતા એ ભાવસ્તૈમિત્ય છે.*

વિવેચન : સામાન્યથી કુટુંબની સારસંભાળ વગેરે પ્રવૃત્તિ ગૃહસ્થને કર્મબંધનો હેતુ બનતી હોય છે. આ હેતુ પણ જ્યારે અંદરનો આશય શુદ્ધ હોય, ત્યારે કર્મબંધનું કારણ બની શકતો નથી. (પણ ઉપરથી નિર્જરાનું કારણ બની જાય છે) કારણ કે સંસારના હેતુઓ જ એવા ચોક્કસ પ્રકારના શુભભાવો દ્વારા મોક્ષના હેતુ તરીકે પરિણમી જાય છે. આ વાતમાં *જે જેટલા સંસારના કારણ છે, તે તેટલા મોક્ષના કારણ છે* આવું ઓઘનિર્યુક્તિનું (૫૩) વચન પ્રમાણ છે.

शंका : ક્રિયાને પણ મોક્ષના કારણ તરીકે કહી છે. ક્રિયા વિનાનો ભાવ પાંગળો હોવાથી અકિંચિત્કર બની જશે.

समाधान : તમારી વાત બરાબર છે. પણ આ ભિન્નગ્રન્થિ જીવને ક્રિયા હોતી નથી એવું તમને કોણે કહ્યું? એને પણ [3]શુદ્ધ શ્રદ્ધાનુસારિણી શુશ્રૂષાદિ ક્રિયા હોય જ છે. આમાં 'જિનવચનો પ્રમાણભૂત છે' એવી પ્રતીતિ એ શુદ્ધ શ્રદ્ધા છે. અને એ પ્રમાણભૂત ભાસે એટલે એ સાંભળવાનું મન=શુશ્રૂષાદિ પ્રવર્તે જ. આ શુદ્ધ શ્રદ્ધાનુસારિણી શૂશ્રૂષાદિ છે.

शंका : અહીં શુદ્ધ પદ છે કે શુદ્ધા ? જો શુદ્ધ પદ હોય તો એ સમાસમાં પ્રવિષ્ટ થઈ જવાથી શ્રદ્ધાનું વિશેષણ બનવાના કારણે શુદ્ધ શ્રદ્ધા એવો અર્થ મળશે અને શુદ્ધા પદ હોય તો એ સમાસગત ન રહેવાથી ક્રિયાનું વિશેષણ બનવાના કારણે શુદ્ધ ક્રિયા એવો અર્થ મળશે.

समाधान : બત્રીશીની મૂળગાથામાં શુદ્ધા પદ છે. એટલે, 'આ સમ્યક્ત્વી જીવને શ્રદ્ધાનુસારિણી શુશ્રૂષાદિ શુદ્ધક્રિયા પણ હોય છે આવો અર્થ મળે છે. યોગબિન્દુના અધિકારમાં પણ શુદ્ધ અનુષ્ઠાન હોય છે એવો અભિપ્રાય ધ્વનિત થાય છે જ. પણ બત્રીશીની ટીકામાં शुद्धश्रद्धानुसारिणी એમ પાઠ હોવાથી 'શુદ્ધ' પદ છે, 'શુદ્ધા' નહીં. વળી એના વિવરણ તરીકે પણ શુદ્ધ અને શ્રદ્ધાનુસારિણી એમ બે પદનું અલગ-અલગ વિવરણ નથી કર્યું પણ એક જ અખંડ जिनवचनप्रामाण्यप्रतिपत्त्यनुगामिनी કર્યું છે. એટલે ત્યાં શુદ્ધ ને અશુદ્ધ સમજી શુદ્ધા ને શુદ્ધ પાઠ તરીકે સમજી શકાતો નથી. એટલે એને અનુસારે આવો અર્થ મળશે કે એને શુદ્ધશ્રદ્ધાનુસારિણી શુશ્રૂષાદિ ક્રિયા પણ હોય છે. બન્ને પાઠમાં બહુ અર્થભેદ નથી.

(૧) પુરુષને તીવ્ર વિષય-કષાયમાં તાણી જવો એ પ્રકૃતિની પુરુષનો અભિભવ કરવારૂપ પ્રવૃત્તિ છે. એ અટકી જવું એ પ્રકૃતિની અપ્રવૃત્તિ છે. તથા પુરુષ વિષય-કષાયથી પરાંગ્મુખ થવા માંડે એ પ્રકૃતિની વિરોધી પ્રવૃત્તિ છે. ભવ અને ભવવિયોગ સંબંધી પરિશુદ્ધ ઊહાપોહ આ અપ્રવૃત્તિ અને વિરોધી પ્રવૃત્તિ દ્વારા સમ્યગ્અનુષ્ઠાનનું અવંધ્ય કારણ છે. એટલે એ ઊહાપોહ જ સમ્યક્ક્રિયાને ખેંચી લાવે છે.

યોગબિન્દુની બીજી (૨૦૭મી) ત્રીજી (૨૦૮મી) ગાથાનો ભાવ આ છે-પ્રકૃતિના અપ્રવૃત્તિ અને આદિ શબ્દથી વિરોધી પ્રવૃત્તિરૂપ ધર્મ જ્યાં સુધી પ્રવર્તતા નથી, ત્યાં સુધી નિર્મળમન સ્વરૂપ ઊહાપોહ સંભવતો નથી. વળી આ ઊહાપોહ ઝળહળતા રત્ન સમાન છે. એની હાજરીમાં વીર્ય પ્રબળ બને છે. આ વીર્ય એટલે સદ્વીર્ય.. કારણ કે અસદ્વીર્ય તો પ્રકૃતિનો અધિકાર હતો ત્યારે પણ પ્રબળ હતું જ. સદ્વીર્યની પ્રબળતા હોવાથી ક્ષુદ્રતાદિ દોષો માથું ઊંચકી શકતા ન હોવાના કારણે શુભભાવની સ્થિરતા થાય છે. શુભભાવ સ્થિર છે એટલે શુદ્ધ અનુષ્ઠાન પણ હંમેશાં પ્રવર્તે છે.

---

3. એટલે શબ્દશઃ વિવેચનકારે શ્લોકાર્થમાં *आनी=सम्यग्दृष्टिनी श्रद्धानुसारी शुश्रूषादि क्रिया पण शुद्ध छे* આવું જે જણાવ્યું છે તે ને પછી *शुश्रूषादिक्रियाऽपि અહીં अपि થી એ કહેવું છે કે સમ્યગ્દૃષ્ટિનો નિજ આશય તો શુદ્ધ છે, પરંતુ શુશ્રૂષાદિ ક્રિયા પણ શુદ્ધ છે.* આવું જે જણાવ્યું છે એ બંને ગલત જાણવું. કારણ કે એની ક્રિયા શુદ્ધ છે કે અશુદ્ધ છે ? એ વિચારવાનો પ્રસ્તાવ જ નથી. અહીં તો ક્રિયા વગરનો ભાવ શું કામનો ? એવી શંકાને નિર્મૂળ કરવા માટે 'એને (ભાવ તો ખરો જ) શુદ્ધક્રિયા પણ હોય છે' એવું જણાવવાનો પ્રસ્તાવ છે.

'चारु चैतद्यतो ह्यस्य तथोहः सम्प्रवर्तते । एतद्वियोगविषयः शुद्धानुष्ठानभाक् स यत् ।। प्रकृतेरा यतश्चैव नाप्रवृत्त्यादिधर्मताम् । तथा विहाय घटत ऊहोऽस्य विमलं मनः ।। सति चास्मिन् स्फुरद्रत्नकल्पे सत्त्वोल्बणत्वतः । भावस्तैमित्यतः शुद्धमनुष्ठानं सदैव हि ।।' (**योगबिन्दु** २०६-७-८) । ननु सम्यग्दृष्टिपर्यन्तमन्यत्र द्रव्ययोग एवोच्यत इति कथमत्र भावतोऽयमुक्त इति चेत्? चारित्रप्रतिपन्थिनामनन्तानुबन्धिनामपगमे तद्गुणप्रादुर्भावनियम इति निश्चयाश्रयणात्। अल्पतदविवक्षापरेण व्यवहारेण त्वत्रायं नेष्यत एव।

"एतच्च योगहेतुत्वाद्योग इत्युचितं वचः । मुख्यायां पूर्वसेवायामवतारोऽस्य केवलम् ।।" (**योगबिन्दु** २०९) इत्यनेनापुनर्बन्धकातिशयाभिधानं तु सम्यग्दृशो नैगमनयशुद्धिप्रकर्षकाष्ठापेक्षमिति न कश्चिद्विरोध इति विभावनीयं सुधीभिः ।। १८।।

टीकार्थ : शंका : અન્ય ગ્રન્થમાં સમ્યગ્દૃષ્ટિ સુધી દ્રવ્યયોગ જ કહ્યો છે, તો અહીં ભાવથી યોગ શા માટે કહો છો ? **समाधान :** 'ચારિત્રના વિરોધી અનન્તાનુબંધી કષાયો દૂર થવા પર ગુણ પ્રગટ થવાનો નિયમ છે' એવા નિશ્ચયનો આશ્રય કરીને ભાવથી યોગ કહ્યો છે. અલ્પ ગુણની અવિવક્ષા કરવામાં તત્પર વ્યવહારથી તો એ અહીં=સમ્યક્ત્વીમાં મનાતો નથી જ. *આ અનુષ્ઠાન યોગનો હેતુ હોવાથી યોગ છે એવું વચન ઉચિત=સંગત છે. માત્ર, મુખ્ય પૂર્વસેવામાં આનો અવતાર જાણવો.* યોગબિન્દુ (૨૦૯)ના આ કથનદ્વારા સમ્યગ્દૃષ્ટિને અપુનર્બન્ધક કરતાં અતિશયિત જે કહ્યો છે, તે નૈગમનયશુદ્ધિના પ્રકર્ષની ઉત્કૃષ્ટતાને નજરમાં રાખીને કહ્યો છે, તેથી કોઈ વિરોધ નથી એ સદ્બુદ્ધિમાનોએ ઊંડાણથી વિચારવું.

विवेचन : (१) शंका : યોગશતક, યોગવિંશિકા, યોગબિન્દુ, જ્ઞાનસાર વગેરે ગ્રન્થોમાં અધ્યાત્મ વગેરે યોગોનો પ્રારંભ દેશવિરતિગુણઠાણેથી કહ્યો છે. એટલે સ્પષ્ટ છે કે ચોથે અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે ભાવયોગ ન હોય, દ્રવ્યયોગ જ હોય. જ્યારે તમે તો એને પણ ભાવયોગ કહો છો. તો વિરોધ નહીં થાય ?

समाधान : મોહનીય કર્મની ૨૮ ઉત્તરપ્રકૃતિઓમાંથી સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય.. આ ત્રણ દર્શનમોહનીય છે. બાકીની ૨૫ પ્રકૃતિઓ ચારિત્રમોહનીય છે. એટલે કે ચારિત્રનો ઘાત કરનારી છે. એટલે અનંતાનુબંધીની ચાર પ્રકૃતિઓ પણ ચારિત્રમોહનીય હોવાથી ચારિત્રની વિરોધી છે. ચોથે ગુણઠાણે આ ચારનો ઉદય હોતો નથી. તો એના ઉદયથી ઘાત પામનાર ચારિત્રગુણ પ્રગટ થવો જ જોઈએ. એમ નિશ્ચયનય કહે છે. આ પ્રગટેલા ચારિત્રગુણને નજરમાં લઈને અહીં એ સમ્યગ્દૃષ્ટિને ભાવયોગ કહ્યો છે એ જાણવું.

પણ વ્યવહારનય અલ્પની વિવક્ષા કરતો નથી. (એટલે કે અલ્પનો અભાવ તરીકે વ્યવહાર કરે છે.) જેમ કે જેની પાસે માત્ર પાંચ-પચ્ચીશ રૂપિયા જ છે એવા માણસને એ ધનવાન્ ન કહેતાં નિર્ધન જ કહે છે. જ્યારે નિશ્ચયનય તો 'જેની પાસે ધન હોય એ ધનવાન્' આ વ્યુત્પત્તિને નજરમાં રાખીને એનો ધનવાન્ તરીકે ઉલ્લેખ કરે જ છે, કારણકે છેવટે પાંચ-પચ્ચીશ રૂપિયા પણ ધન તો છે જ. વ્યવહારનય, ચારિત્ર અને યોગ અંગે પણ આ જ રીતે વ્યવહાર કરે છે. ઉદયમાંથી માત્ર અનંતાનુબંધી કષાયો ખસ્યા છે. પણ અપ્રત્યાખ્યાનાવરણીય વગેરે ખસ્યા નથી, તો જે ચારિત્રગુણ પ્રગટ થયો છે અને ભાવથી યોગ પ્રગટ્યો છે, એ અતિઅલ્પ હોવાથી વ્યવહારનય એની વિવક્ષા કરતો નથી. અને તેથી ભાવયોગનો નિષેધ કરી માત્ર દ્રવ્યયોગ ત્યાં સ્વીકારે છે.

પણ ગ્રન્થકારે પ્રસ્તુત બત્રીશીની ૧૬મી ગાથામાં ભિન્નગ્રન્થિને ભાવથી યોગ જે કહ્યો છે, એ નિશ્ચયનયને અનુસરીને જાણવો. કારણ કે એ તો અલ્પ હાજરીની પણ નોંધ લેનારો છે. યોગબિન્દુની ૨૦૯મી ગાથાના પૂર્વાર્ધમાં જે જણાવ્યું છે કે *અને આ યોગનો હેતુ હોવાથી યોગ છે* એની વ્યાખ્યામાં એના વ્યાખ્યાકારે આ નિશ્ચયનયના અભિપ્રાયને જ નજરમાં રાખ્યો છે, અને एतच्चैतत्पुनः शुद्धमनुष्ठानं योगहेतुत्वाद्=मोक्षसंयोगकारणत्वाद्योगो वर्तते... (વળી આ શુદ્ધ અનુષ્ઠાન યોગનો હેતુ હોવાથી=મોક્ષના યોગનું=મોક્ષના સંયોગનું કારણ હોવાથી યોગરૂપ છે) એ રીતે વ્યાખ્યા કરીને સમ્યક્ત્વીના શુશ્રૂષાદિ શુદ્ધ અનુષ્ઠાનને ભાવથી યોગરૂપે જણાવ્યા છે.

તેમ છતાં, યોગબિન્દુની એ ગાથાના ઉત્તરાર્ધમાં આ અનુષ્ઠાનનો સમવતાર મુખ્ય પૂર્વસેવામાં જણાવ્યો હોવાથી ગ્રન્થકારે અહીં બત્રીશીમાં એ ગાથાને ઉદ્ધરણ તરીકે જે આપી છે તેમાં એને યોગની પૂર્વસેવા તરીકે જ જણાવ્યો છે. આ અર્થ લેવા માટે પૂર્વાર્ધમાં જે योगहेतुत्वाद्योगः જણાવેલ છે એની વ્યાખ્યા આવી જાણવી કે એ શુશ્રૂષાદિ અનુષ્ઠાન યોગના કારણભૂત હોવાથી (કારણમાં કાર્યનો ઉપચાર કરીને) યોગરૂપ જાણવાં. પૂર્વસેવા પણ યોગનું કારણ જ છે. એટલે આ વ્યાખ્યાનુસારે આ શુશ્રૂષણાદિ પણ મુખ્ય પૂર્વસેવારૂપ જ છે.

શંકા : અપુનર્બન્ધકના અનુષ્ઠાન પણ યોગની પૂર્વસેવારૂપ છે ને અવિરત સમ્યક્ત્વીના પણ યોગની પૂર્વસેવારૂપ જ છે.. તો બંને સરખા થઈ જશે.

સમાધાન : શ્રીઅનુયોગદ્વાર વગેરે ગ્રન્થોમાં નૈગમનયના નિરૂપણમાં પ્રસ્થકનું દૃષ્ટાન્ત આવે છે. એમાં, પ્રસ્થક બનાવવાનું કાષ્ઠ લેવા વનમાં જઈ રહ્યો હોય ને ત્યારે કોઈ એને પૂછે કે 'શું લેવા જાય છે ?' તો એ જવાબ આપે છે કે 'હું પ્રસ્થક લેવા જઈ રહ્યો છું.' પછી લાકડું છેદતી વખતે, છોલતી વખતે, કોરતી વખતે... વગેરે દરેક ક્રિયામાં પ્રશ્ન પુછાય ત્યારે 'પ્રસ્થક છેદું છું', 'પ્રસ્થક છોલું છું'.. 'પ્રસ્થક કોરું છું'.. આમ બધી અવસ્થામાં એ પ્રસ્થક તરીકે નૈગમનયને માન્ય છે. એમ છેલ્લે પ્રસ્થક તૈયાર થઈ ગયા પછી એના પર પ્રસ્થક એવા અક્ષરો કોતરવામાં આવી જાય એટલે એ પણ નૈગમને પ્રસ્થક તરીકે માન્ય છે. શ્રી અનુયોગદ્વારમાં આ જણાવ્યા પછી એમ જણાવ્યું છે કે આમાં છેલ્લે જે પ્રસ્થક જણાવ્યો, એમાં નૈગમનયની શુદ્ધિનો પ્રકર્ષ છે. કારણ કે એ પ્રસ્થક માપવાની પ્રક્રિયાને સૌથી નજીક છે.. ને પછી જેમ જમ પૂર્વ-પૂર્વની અવસ્થાનો પ્રસ્થક લઈએ તેમ તેમ નૈગમની શુદ્ધિ ઘટતી જાય છે, અશુદ્ધિ વધતી જાય છે, કારણ કે દૂર-દૂરતરની અવસ્થાઓ છે.

[4]આ રીતે નૈગમનયને અપુનર્બન્ધકના અનુષ્ઠાન પણ યોગની મુખ્ય પૂર્વસેવારૂપે માન્ય છે અને સમ્યક્ત્વીના પણ મુખ્ય પૂર્વસેવારૂપે માન્ય છે. છતાં સમ્યક્ત્વીના એ ભાવયોગની સૌથી નજીકના હોવાથી એમાં નૈગમનયની શુદ્ધિનો પ્રકર્ષ પરાકાષ્ઠાએ પહોંચેલો હોય છે. આ પરાકાષ્ઠાની અપેક્ષાએ સમ્યક્ત્વી જીવને અપુનર્બન્ધક જીવ કરતાં ચઢિયાતો કહેલો સ્પષ્ટ પ્રતીત થાય છે.

---

4. એટલે શબ્દશઃ વિવેચનકારે ભાવાર્થમાં પૃ. ૬૨ પર *અને અપુનર્બન્ધકજીવને મુખ્ય પૂર્વસેવા નથી અને અવિરતસમ્યગ્દૃષ્ટિની મુખ્ય પૂર્વસેવા છે તેમ બતાવ્યું..* આવું જે કહ્યું છે તે ગલત જાણવું, કારણ કે નૈગમને નજીકની જેમ દૂરતરની અવસ્થા પણ પ્રસ્થક તરીકે જ માન્ય છે, અપ્રસ્થક તરીકે નહીં, એમ પ્રસ્તુતમાં અપુનર્બન્ધકની પણ મુખ્ય પૂર્વસેવા જ એને માન્ય છે. વળી સમ્યક્ત્વીમાં ચઢિયાતાપણું જે કહ્યું છે, તે પણ આ જ સૂચવે છે કે બંનેની મુખ્ય પૂર્વસેવા છે, પણ સમ્યક્ત્વીની ચઢિયાતી છે.. જો અપુનર્બન્ધકની અમુખ્ય માન્ય હોત તો, સમ્યક્ત્વીમાં વૈલક્ષણ્ય કહેત, અતિશાયિત્વ નહીં.

एतन्निश्चयवृत्त्यैव यद्योगः शास्त्रसंज्ञिनः ।
त्रिधा शुद्धादनुष्ठानात् सम्यक्प्रत्ययवृत्तितः ।।१९।।

एतदिति । **एतद्** = यदुक्तं भिन्नग्रन्थेरेव भावतो **योग** इति **निश्चयवृत्त्यैव** = परमार्थवृत्त्यैव, न तु कल्पनया, **यद्** = यस्माच्छास्त्रेणैव संज्ञी तद्विना त्वसंज्ञिवत् क्वाप्यर्थेऽप्रवर्तमानो यस्तस्य (=**शास्त्रसंज्ञिनः**) **त्रिधा** = वक्ष्यमाणैस्त्रिभिः प्रकारैः **शुद्धाद्** = निरवद्यादनुष्ठानाद् = आचारात् सम्यक्प्रत्ययेन = आत्म-गुरु-लिङ्गशुद्ध्या स्वकृतिसाध्यताद्यभ्रान्तविश्वासेन वृत्तिः = प्रवृत्तिस्ततः (=**सम्यक्प्रत्ययवृत्तितः**) भवतीति ।।१९।।

એટલે ટૂંકમાં, નિશ્ચયનયે અપુનર્બન્ધકને મુખ્ય પૂર્વસેવા, અવિરતસમ્યક્ત્વીથી ભાવયોગ. વ્યવહારનયે અપુનર્બન્ધકને મુખ્ય પૂર્વસેવા, અવિરત સમ્યક્ત્વીને ચઢિયાતી મુખ્ય પૂર્વસેવા અને દેશવિરતથી ભાવયોગ.. યોગશતક વગેરેમાં વ્યવહારનયની અપેક્ષાએ નિરૂપણ છે અને પ્રસ્તુત બત્રીશીની ૧૬મી ગાથામાં નિશ્ચયનયની અપેક્ષાએ નિરૂપણ છે. માટે કોઈ વિરોધ છે નહીં એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. આમાં સર્વત્ર મુખ્ય પૂર્વસેવા જ દ્રવ્યયોગરૂપે પણ કહી શકાય છે. ॥૧૮॥

ગાથાર્થ : આ વાત નિશ્ચયવૃત્તિથી જ જાણવી, કારણ કે શાસ્ત્રસંજ્ઞાવાળા જીવને સમ્યક્પ્રત્યયપૂર્વક પ્રવૃત્તિ કરવાથી થયેલા ત્રિધા શુદ્ધ અનુષ્ઠાનથી યોગ થાય છે.

ટીકાર્થ : આ જે કહ્યું કે 'ભિન્નગ્રન્થિ જીવને જ ભાવથી યોગ હોય છે' તે નિશ્ચયવૃત્તિથી= પરમાર્થવૃત્તિથી=વાસ્તવિકતારૂપે કહ્યું છે, નહીં કે માત્ર કલ્પનાથી, કારણ કે શાસ્ત્રસંજ્ઞી જીવના સમ્યક્પ્રત્યય પ્રવૃત્તિથી થતાં ત્રિધા શુદ્ધ અનુષ્ઠાનથી યોગ થતો હોય છે. જે શાસ્ત્રથી જ સંજ્ઞી છે, એ વિના તો અસંજ્ઞીની જેમ કોઈપણ પ્રવૃત્તિ કરતો નથી, તે જીવ શાસ્ત્રસંજ્ઞી છે. આવો જીવ સમ્યક્પ્રત્યયપૂર્વક=આત્મા, ગુરુ અને લિંગની શુદ્ધિપૂર્વક વૃત્તિ 'આ અનુષ્ઠાન મારે કૃતિસાધ્ય છે' વગેરે રૂપ અભ્રાન્ત વિશ્વાસસહિતની પ્રવૃત્તિ કરનારો હોય છે. એટલે એ આવી પ્રવૃત્તિરૂપ જે આગળ કહેવાનાર ત્રણ પ્રકારોએ શુદ્ધ=નિરવદ્ય અનુષ્ઠાન કરે છે, તેનાથી એને યોગ થાય છે.

વિવેચન : અન્યત્ર ગ્રન્થોમાં વાસ્તવિક યોગ વિરતિની હાજરીમાં કહ્યો છે, અને અવિરતસમ્યક્ત્વીને કારણમાં કાર્યનો ઉપચાર કરીને ઉપચારથી યોગ કહ્યો છે. એટલે પ્રસ્તુતમાં પણ એ જીવને જે યોગ કહ્યો છે તે ઉપચારથી યોગ હોય. ભાવથી યોગ હોવાનું કથન તો માત્ર એક કલ્પના હોય.. આવી શંકાને નિર્મૂળ કરવા માટે ગ્રન્થકારે પ્રસ્તુત ગાથા રચી છે. એમાં આશય એ છે કે ભાવયોગને સંપન્ન થવા માટે જે ત્રણ શરતો આવશ્યક છે, એ ત્રણે અવિરતસમ્યક્ત્વીમાં સંભવિત છે. એટલે એનું અનુષ્ઠાન ભાવયોગ બનવું અશક્ય નથી જ કે જેથી એનું ભાવયોગ તરીકેનું કથન માત્ર સ્વકલ્પનાની પેદાશરૂપ બની રહે. અર્થાત્ એનું અનુષ્ઠાન વાસ્તવિક રીતે જ ભાવથી યોગરૂપ છે. એને પરમાર્થથી ભાવયોગરૂપ બનાવનાર પાયાની ત્રણ શરતો નીચે મુજબ છે-

શાસ્ત્રસંજ્ઞા : 'આ ઉપાદેય=લાભકર્તા છે' આવો નિશ્ચય થાય તો જીવ પ્રવૃત્તિ કરે છે.. 'આ હેય=નુકસાનકર્તા છે' આવો નિશ્ચય થાય તો જીવ નિવૃત્તિ કરે છે=અટકી જાય છે. વળી આ હેય-ઉપાદેયનો વિવેક પણ અનેક જુદી જુદી રીતે થાય છે. માત્ર તત્કાળ વર્તમાનના લાભ-નુકસાનની અપેક્ષાએ વિવેક કરાવનાર બોધ હેતુવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. આ વિકલેન્દ્રિય-અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને હોય છે. એટલે તત્કાળ 'મધુર

આસ્વાદ મળશે' એટલો લાભ જોઈને કીડી-મંકોડા ચાસણીને ચાટવા પ્રવૃત્ત થાય છે, પછી ચોંટીને મરી જવાનું નુકસાન પણ તે જોતા નથી. મૃત્યુ પર્યન્તના દીર્ઘકાળના લાભ-નુકસાનની અપેક્ષાએ વિવેક કરાવનાર બોધ દીર્ઘકાલિકીસંજ્ઞા કહેવાય છે. આ સંજ્ઞી જીવોને હોય છે. એટલે તત્કાળ મધુરસ્વાદ-ક્ષુધાશાન્તિનો લાભ હોવા છતાં અપથ્યભોજન- ઝેરી ભોજનને માનવી છોડી દે છે. પણ મૃત્યુ બાદની અવસ્થા.. પરલોકને પણ નજરમાં રાખીને લાભ-નુકસાનનો વિવેક કરવાનો હોય ત્યારે યથાર્થ શાસ્ત્ર સિવાય કોઈ આરો નથી. આ યથાર્થ શાસ્ત્ર એટલે જૈન આગમો.. એમાં સૌથી મહત્ત્વનું-વિસ્તૃત આગમ એટલે બારમું અંગ દૃષ્ટિવાદ છે. અલબત્, એના ઉપલક્ષણથી બધા જ શાસ્ત્રો લેવાનાં છે. તેથી, જેને શાસ્ત્રો ઉપાદેય તરીકે જણાવે એમાં જ પ્રવૃત્ત થવું અને જેને શાસ્ત્રો હેય તરીકે જણાવે એમાંથી નિવૃત્ત થવું.. આવી સંજ્ઞા એ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવોને આ સંજ્ઞા હોય છે. આનો જ ટૂંકમાં અહીં શાસ્ત્રસંજ્ઞા તરીકે ઉલ્લેખ થયો છે.

સમ્યક્ત્વી જીવ શાસ્ત્રસંજ્ઞી હોવાથી, ગુરુપૂજાદિ જે અનુષ્ઠાન કરે છે, તે શાસ્ત્રમુજબ જ કરે છે. પછી એ ભાવયોગરૂપ શા માટે ન બને ? અહીં આ ખ્યાલ રાખવો કે આ શાસ્ત્રસંજ્ઞાની વાત પારલૌકિક કૃત્ય અંગે છે. આગળ ૨૦મી ગાથામાં કહેશે કે 'એને આમુષ્મિકવિધિમાં શાસ્ત્ર પ્રમાણ હોય છે' એટલે આલોક સંબંધી અર્થ-કામની પ્રવૃત્તિમાં તો એ મૈથુન-પરિગ્રહસંજ્ઞાથી પ્રવૃત્ત થવો અસંભવિત નથી. અલબત્ શાસ્ત્રસંજ્ઞા વિષયસેવનાદિમાં હેયત્વાદિ જણાવતી જ હોય છે. પણ અપ્રત્યાખ્યાનાવરણાદિ કક્ષાનો રાગ એ બોધને દબાવીને જીવને અર્થ-કામમાં પ્રવર્તાવે છે. એટલે કે એ પ્રવૃત્તિ [5]મૈથુનાદિ સંજ્ઞાથી થયેલી હોય છે.

સમ્યક્ પ્રત્યયવૃત્તિ : આત્મ, ગુરુ અને લિંગ (ચિહ્ન)ની શુદ્ધિ એ સમ્યક્પ્રત્યય છે. આની વિશેષ વાત આગળ ૨૭મી ગાથામાં કરશે.. આ સમ્યક્પ્રત્યયના પ્રભાવે છલકતા વિશ્વાસ સાથે વૃત્તિ=પ્રવૃત્તિ થાય છે. અર્થાત્ 'આ અનુષ્ઠાન હું કરી શકીશ કે નહીં ?' એવો સંદેહ દૂર થાય છે ને અભ્રાન્ત વિશ્વાસ ખડો થાય છે કે 'હું ચોક્કસ કરી શકીશ.' (આ સ્વકૃતિસાધ્યત્વજ્ઞાન છે.) એમ, 'આ અનુષ્ઠાનથી મારું ઇષ્ટ થશે' આવો (ઇષ્ટસાધનત્વનો) તથા 'આનાથી કોઈ મોટું નુકસાન નહીં થાય' આવો (બળવદ્અનિષ્ટઅનનુબંધિત્વનો) અભ્રાન્તવિશ્વાસ ઊભો થાય છે અને તેથી જીવ ઉલ્લાસપૂર્વક નિઃશંકપણે પ્રવૃત્તિ કરે છે.

ત્રિધાશુદ્ધ અનુષ્ઠાન- વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ એમ ત્રણ પ્રકારે શુદ્ધ અનુષ્ઠાનની વાત આગળ કરશે.

આમ સમ્યગ્દૃષ્ટિજીવનું પારલૌકિક અનુષ્ઠાન શાસ્ત્રાનુસારી હોય છે, ત્રિધાશુદ્ધ હોય છે અને સમ્યક્પ્રત્યયપૂર્વક હોવાથી છલકતા વિશ્વાસવાળું હોય છે. એટલે એ અનુષ્ઠાન ઠેઠ મોક્ષ સુધી પહોંચાડનારું બનતું હોવાના કારણે

---

5. એટલે શબ્દશઃ વિવેચનકારે ભાવાર્થમાં પૃ. ૬૬ પર *પરંતુ સંસારની અર્થ-કામની પણ જે કોઈ પ્રવૃત્તિ કરે છે તે પણ શાસ્ત્રવચનના સ્મરણથી કરે છે.. સમ્યગ્દૃષ્ટિ જીવ શાસ્ત્રસંજ્ઞાને છોડીને અન્ય સંજ્ઞાવાળા નહીં હોવાના કારણે અન્ય સંજ્ઞાથી કોઈપણ પદાર્થમાં પ્રવૃત્તિ કરતા નથી..* વગેરે જે લખ્યું છે તે ગલત જાણવું.. શ્રેણિક રાજાએ દુર્ગંધા નારી અંગેની પ્રવૃત્તિ શું શાસ્ત્રવચનને અનુસરીને કરી છે ? સત્યકી વિદ્યાધરની પરસ્ત્રીઓ સાથેની ભોગપ્રવૃત્તિ પણ શાસ્ત્રવચનને અનુસરીને હશે, નહીં ? અહો પાંડિત્યમ્ !

शास्त्रमासन्नभव्यस्य मानमामुष्मिके विधौ ।
सेव्यं यद्विचिकित्सायाः समाधेः प्रतिकूलता ।। २०।।

शास्त्रमिति । **आसन्नभव्यस्य** = अदूरवर्तिमोक्षलाभस्य प्राणिन **आमुष्मिके विधौ** = पारलौकिके कर्मणि **शास्त्रं मानम्** धर्माधर्मयोरतीन्द्रियत्वेन तदुपायत्वबोधने प्रमाणान्तरासामर्थ्यात्। अतः **सेव्यं** = सर्वत्र प्रवृत्तौ पुरस्करणीयं, न तु क्वचिदप्यंशेऽनादरणीयम् । **यद्** = यस्मात् **विचिकित्सायाः** = युक्त्या समुपपन्नेऽपि मतिव्यामोहोत्पन्नचित्तविप्लुतिरूपायाः **समाधेः** = चित्तस्वास्थ्यरूपस्य ज्ञान-दर्शन-चारित्रात्मकस्य वा **प्रतिकूलता** = विरोधिताऽस्ति ।

अर्थो हि त्रिविधः सुखाधिगमो दुरधिगमोऽनधिगमश्चेति श्रोतारं प्रति भिद्यते । आद्यो यथा चक्षुष्मतश्चित्रकर्मनिपुणस्य रूपसिद्धिः । द्वितीयः सैवानिपुणस्य । तृतीयस्त्वन्धस्येति। तत्र प्रथम-चरमयोर्नास्त्येव

પરમાર્થથી યોગરૂપ બને છે, માત્ર કલ્પના=આભાસથી નહીં. ॥૧૯॥ (સમ્યગ્દૃષ્ટિજીવ શાસ્ત્રસંજ્ઞી કેમ હોય છે? એ સમજાવે છે-)

ગાથાર્થ : આસન્નભવ્યજીવને પરલોકસંબંધી વિધિમાં શાસ્ત્ર પ્રમાણભૂત હોય છે, માટે એ સેવ્ય છે, કારણ કે વિચિકિત્સા સમાધિને પ્રતિકૂળ છે.

ટીકાર્થ : જેને મોક્ષપ્રાપ્તિ દૂર નથી એવા આસન્નભવ્યજીવને પરલોકસંબંધી (તથા મોક્ષસંબંધી) વિધિમાં-અનુષ્ઠાનમાં શાસ્ત્ર પ્રમાણ હોય છે, કારણ કે ધર્મ-અધર્મ અતીન્દ્રિય હોવાથી તેના ઉપાયને જણાવવામાં બીજું કોઈ પ્રમાણ સમર્થ નથી. તેથી (પરલોક સંબંધી) બધી પ્રવૃત્તિમાં શાસ્ત્ર સેવ્ય=પુરસ્કરણીય=આગળ કરવા યોગ્ય છે, એ પ્રવૃત્તિના કોઈપણ અંશમાં એનો અનાદર કરવો યોગ્ય નથી. કારણ કે યુક્તિથી સંગત બાબતમાં પણ મતિવ્યામોહના કારણે થતી ચિત્તવિપ્લુતિરૂપ વિચિકિત્સા ચિત્તસ્વાસ્થ્યરૂપ કે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સમાધિને પ્રતિકૂળ=વિરોધી છે.

વિવેચન : ધર્મ અને અધર્મ (એટલે પુણ્ય અને પાપ કે આત્માનું હિત અને અહિત) અતીન્દ્રિય હોવા સ્પષ્ટ છે. એટલે એ શાનાથી થાય - ન થાય વગેરે જાણવા માટે આપ્તવચનરૂપ આગમ જ પ્રમાણભૂત રહે છે. અને એટલે જ પારલૌકિક પ્રયોજનથી કરાતી કોઈપણ પ્રવૃત્તિમાં.. એના કોઈપણ અંશમાં આગમને અવગણવું ન જોઈએ. કારણ કે યુક્તિસંગત અર્થમાં પણ મતિવ્યામોહના કારણે ચિત્ત ડામાડોળ થાય છે. એની આ ડામાડોલતારૂપ વિચિકિત્સા ચિત્તસ્વાસ્થ્યની વિરોધી હોવી સ્પષ્ટ જ છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની બધી સાધના છેવટે શાસ્ત્રને આધીન છે, અતીન્દ્રિય છે, એટલે ચિત્ત જ જો એ અંગે શંકાશીલ બની જાય, તો એ સાધનામાં પ્રશ્નો ઊભા થાય જ. તેથી વિચિકિત્સા ચિત્તસ્વાસ્થ્યસ્વરૂપ કે જ્ઞાનાદિત્રણસ્વરૂપ સમાધિની વિરોધી છે.

ટીકાર્થ : શ્રોતાભેદે અર્થ સુખાધિગમ, દુરધિગમ અને અનધિગમ એમ ત્રણ ભેદવાળો થાય છે. જેમ કે ચક્ષુવાળા, ચિત્રકર્મમાં નિપુણ પુરુષને રૂપસિદ્ધિ આદ્ય=સુખાધિગમ છે. તે જ અર્થ ચક્ષુવાળા અનિપુણપુરુષને બીજો=દુરધિગમ છે. તથા તે જ અર્થ અંધપુરુષને અનધિગમ છે. આમાં પ્રથમને નિશ્ચય હોવાથી વિચિકિત્સા નથી, ચરમને અસિદ્ધિ હોવાથી વિચિકિત્સા નથી. બીજા પુરુષને દેશ-કાળ-સ્વભાવથી વિપ્રકૃષ્ટ ધર્મ-અધર્મ

विचिकित्सा, निश्चयादसिद्धेश्च । द्वितीये तु देश-काल-स्वभावविप्रकृष्टे धर्माधर्मादौ भवन्ती सा महाऽनर्थकारिणी। यदागमः- *"वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लहति समाहिं"* (**आचारांग** ५/५/१६१) । अतश्चित्तशुद्ध्यर्थं शास्त्रमेवादरणीयमिति भावः।

यत उक्तं- *"मलिनस्य यथाऽत्यन्तं जलं वस्त्रस्य शोधनम् ।*
अन्तःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ।।" (**योगबिन्दु** २२९) ।। २०।।

विषयात्माऽनुबन्धैस्तु त्रिधा शुद्धं यथोत्तरम् ।
प्रधानं कर्म तत्राद्यं मुक्त्यर्थं पतनाद्यपि ।।२१।।

विषयेति । विषयेण = गोचरेण, आत्मना = स्वरूपेण, अनुबन्धेन तूत्तरत्रानुवृत्तिलक्षणेन (=**विषयात्मानुबन्धैः**) **शुद्धं त्रिधा** = त्रिविधं **कर्म** = अनुष्ठानम् । **यथोत्तरं प्रधानं**, यद्यत उत्तरं तत्तदपेक्षया

आदिमां थती ते=विचिकित्सा महान् अनर्थ करनारी होय छे. आचारांग आगम (५-५-१६१)मां कह्युं छे के- *विचिकित्सा पामेलो आत्मा समाधिने पामतो नथी.* तेथी चित्तशुद्धि माटे शास्त्रनो ज आदर करवो जोईए, एे भाव छे. कारण के कह्युं छे के- *जेम पाणी मलिनवस्त्रने अत्यंत शुद्ध करे छे, एम शास्त्र मलिन अंतःकरणने शुद्ध करे छे एवुं पंडितो जाणे छे.* (योगबिन्दु-२२९)

विवेचन : चित्रमां रूप-सुंदरता छे के नथी ? एे, चित्रकलामां निपुण चक्षुष्मान पुरुष सहजताथी जाणी शके छे. अंधपुरुषनो तो एे विषय ज होतो नथी. जे देखी शके छे ने छतां निपुण नथी, एने आ यथार्थ निर्णय करवो घणो मुश्केल छे=दुरधिगम छे.. आ वात स्पष्ट छे. एेम, ज्ञानावरणीयकर्म अने दर्शनमोहनीय कर्मनो तेज क्षयोपशम धरावता श्रोताने गमे तेवी सूक्ष्मबुद्धिगम्य वातो पण सहजताथी ग्राह्य बनी जती होवाथी विचिकित्सा संभवती नथी. जे श्रोतानो आ क्षयोपशम घणो मंद छे, एने कशुं समजातुं ज न होवाथी एे संभवती नथी. पण मध्यम क्षयोपशमवाळाने स्थूळ वातो समजाय छे. सूक्ष्म वातो अधकचरी समजाय छे ने तेथी एेमां चलचित्तता-संदिग्धता वगेरे संभवे छे. अथवा ज्ञानावरणनो क्षयोपशम पर्याप्त होवा छतां दर्शनमोहनो क्षयोपशम पर्याप्त न होय तो बुद्धिथी समजावा छतां दिलथी स्वीकार मुश्केल बनतो होय छे. 'जीवो मोक्षमां जवाना चालु ने चालु रहेवा छतां आ संसार क्यारेय खाली नहीं थाय' आवी बधी वातो माटे दिलमां रही रहीने शंकानो कीडो सळवळ्या करवो अशक्य नथी. एवे वखते शास्त्रवचनोनुं फरी फरी परिशीलन ज आ शंका-चलचित्तता वगेरे डहोळामणने दूर करीने चित्तने शुद्ध करी शके छे. ॥२०॥ (हवे १९मी गाथामां कहेला त्रिधा शुद्ध अनुष्ठाननी ग्रन्थकार वात करे छे-)

गाथार्थ : विषय, आत्मा (=स्वरूप) अने अनुबंध एम त्रण प्रकारे शुद्ध कर्म=अनुष्ठान यथोत्तर प्रधान छे. एेमां मोक्ष माटे पतनादि क्रिया पण प्रथम (=विषयशुद्ध) अनुष्ठान छे.

टीकार्थ : विषय=गोचर, आत्मा=स्वरूप अने अनुबंध=उत्तरोत्तर परंपरा चालवी एे.. आ त्रण प्रकारे शुद्ध कर्म=अनुष्ठान यथोत्तरप्रधान छे. एटले के जे जेनी उत्तरमां छे, ते तेनी अपेक्षाएे प्रधान छे. एेमां मुक्ति माटेनुं कर्म एे पहेलुं विषयशुद्ध अनुष्ठान छे. एटले के 'आनाथी' मारो मोक्ष थाओ' आवी इच्छाथी करेल

प्रधानमित्यर्थः । **तत्राद्यं** विषयशुद्धं कर्म **मुक्त्यर्थं** = 'मोक्षो ममातो भूयादि'तीच्छया जनितं **पतनाद्यपि** = भृगुपाताद्यपि । आदिना शस्त्रपाटन-गृध्रपृष्ठार्पणादिः स्वघातोपायः परिगृह्यते, किं पुनः शेषं स्वाहिंसक-मित्यपिशब्दार्थः ।। २१ ।।

स्वरूपतोऽपि सावद्यमादेयाशयलेशतः ।
शुभमेतद् द्वितीयं तु लोकदृष्ट्या यमादिकम् ।। २२ ।।

स्वरूपत इति । **स्वरूपतः** = आत्मना **सावद्यमपि** = पापबहुलमप्यादेयाशयस्य = उपादेयमुक्तिभावस्य लेशतः = सूक्ष्ममात्रालक्षणात् (= **आदेयाशयलेशतः**) **शुभं** = शोभनमेतद् । यदाह-*"तदेतदप्युपादेयलेशभावाच्छुभं मतम्"* (**योगबिन्दु** २१२) । **द्वितीयं तु** = स्वरूपशुद्धं तु **लोकदृष्ट्या** = स्थूलव्यवहारिणो लोकस्य मतेन **यमादिकं** = यमनियमादिरूपम्, यथा जीवादितत्त्वमजानानानां पूरणादीनां प्रथमगुणस्थानवर्तिनाम् ।। २२ ।।

भृगुपातादि पण=पर्वत परथी पडतुं मूकवुं वगेरे पण विषयशुद्ध अनुष्ठान छे. एमां आदि शब्दथी शस्त्रपाटन=करवत मुकावववी वगेरेरूपे शस्त्र द्वारा पोतानो घात करी नाखवो, गृध्रपृष्ठार्पणादि=युद्ध वगेरे कारणे ज्यां घणां मडदां पडेला होय ने गीधडा एनी उजाणी करी रह्यां होय त्यां पोते पण गोठवाई जवुं जेथी पोतानी पीठमांथी गीध मांस वगेरे खावा मांडे.. आ बधानुं ग्रहण छे. अर्थात् मोक्ष माटे कोईपण रीते पोतानो नाश करवो ए पण विषयशुद्ध अनुष्ठान छे. आवा हिंसक उपाय पण विषयशुद्ध अनुष्ठान छे तो पोतानो घात जेमां न होय एवा अनुष्ठान तो विषयशुद्ध होय ज ए अपि शब्दनो अर्थ छे. ॥२१॥ (आवा स्वहिंसक अनुष्ठान शुद्ध शी रीते कहेवाय ? वगेरे हवे जणावे छे-)

गाथार्थ : स्वरूपे सावद्य एवुं पण आ अनुष्ठान आदेय आशयना अंशना प्रभावे शुभ छे. लोकदृष्टिए यम वगेरेनुं पालन ए बीजुं स्वरूपशुद्ध अनुष्ठान छे.

टीकार्थ : आ भृगुपातादि अनुष्ठान स्वरूपे 'सावद्य=पापप्रचुर होवा छतां आदेयआशयना= उपादेय एवा मोक्षना भावना लेशना प्रभावे=सूक्ष्ममात्राना प्रभावे शुभ छे. कह्युं छे के *ते आ पण उपादेयलेशभावना कारणे शुभ मनायेलुं छे.* (योगबिंदु-२१२) बीजुं स्वरूपशुद्ध अनुष्ठान तो ए छे के लोकदृष्टिए=स्थूलव्यवहार करनारा लोकोना मते जे यमनियमादिरूप होय. जेम के जीवादि तत्त्वने नहीं जाणता प्रथम गुणस्थानवर्ती पूरणादि तापसनुं अनुष्ठान.

विवेचन : (१) आत्मकल्याण माटे मानवभव तो सौ प्रथम अति आवश्यक कारण छे. एनो ज वगर साधनाए (वगर कारणे) भृगुपातादि द्वारा नाश करी नाखवो ए अत्यंत अनुचित अने पापमय क्रिया छे. पछी एने शुद्ध शी रीते कहेवाय ? आवा सहज प्रश्ननो उत्तर आ छे के-एनी पाछळ मोक्षात्मक अत्यंत उपादेयतत्त्वने पामवाना आशयनो अंश रह्यो छे.

शंका : अतिप्रबळ इच्छा विना तो पोताना प्राणनी आहूति कोण आपे ? एटले आ जीवोने पण मोक्ष पामवानी इच्छा प्रबळ ज होवी कहेवी जोईए. पछी लेश शा माटे ?

समाधान : स्थूळदृष्टिए ए अति प्रबळ लागती होवा छतां वास्तवमां एवी संभवती नथी, कारण के

तृतीयं शान्तवृत्त्यादस्तत्त्वसंवेदनानुगम् ।
दोषहानिस्तमोभूम्ना नाद्याज्जन्मोचितं परे ।। २३ ।।

तृतीयमिति । **शान्तवृत्त्या** = कषायादिविकारनिरोधरूपया **तत्त्वसंवेदनानुगं** = जीवादितत्त्वसम्यक्परिज्ञानानुगत**मदो** = यमाद्येव **तृतीयं** = अनुबन्धशुद्धं कर्म । **आद्याद्** = विषयशुद्धानुष्ठानात् **तमोभूम्ना**ऽऽत्मघातादिनिबन्धनाज्ञानबाहुल्येन **दोषहानिः** = मोक्षलाभबाधकपरिहाणि**र्न** भवति। यत आह-*"आद्यान्न दोषविगमस्तमोबाहुल्ययोगतः"* (**योगबिन्दु** २१५) इति । **परे** पुनराचार्याः प्रचक्षत **उचितं** = दोषविगमानुकूलजात्यादि-कुलादिगुणयुक्तं **जन्म** ततो भवति । एकान्तनिरवद्ये मोक्षे स्वरूपतोऽतीवसावद्यस्य कर्मणस्तस्याहेतुत्वेऽपि मुक्तीच्छायाः कथञ्चित् सारूप्येण तद्धेतुत्वात् । तद्द्वारतया प्रकृतोपयोगादिति ह्यमीषा-

---

જો એ વાસ્તવિક પ્રબળ હોય, તો કર્મોનો ક્ષયોપશમ થઈને યોગ્ય વિવેક પણ પ્રગટે જ, આવો અવિવેક ન સંભવે. માટે અહીં લેશ કહ્યું છે, છતાં આ લેશનો પણ પ્રભાવ જુઓ : અનુચિતતાના અને સાવદ્યતાના કારણે અનુષ્ઠાનમાં આવતી અશુદ્ધિને ઉલ્લંઘીને એ સરવાળે શુદ્ધિને લાવી મૂકે છે. ને તેથી અનુષ્ઠાન શુદ્ધ બને છે. અહીં એ ધ્યાન રાખવું કે ભૃગુપાતાદિ કર્યા પછી જો સમાધિને જાળવી રાખે, તો જ એ વિષયશુદ્ધ અનુષ્ઠાન બને છે. જો મોતની વેદનાથી વિલ્વળ થઈ જાય, સંક્લેશમાં પડીને દુર્ગતિના રવાડે ચડી જાય તો પછી એ વિષયશુદ્ધ રહેતું નથી. જ્યારે વિષયશુદ્ધ અનુષ્ઠાન તો મુક્તિની સાધનાને અનુકૂળ જન્મ અપાવનાર હોવું આગળ કહેવાના છે. વળી વિલ્વળ થનારને તો એ ભૃગુપાતાદિનો પસ્તાવો પણ થવાનો, જે પસ્તાવો ગર્ભિત રીતે મોક્ષની ઇચ્છાના પસ્તાવામાં પરિણમવાથી શુભાશયલેશ પણ ટકવાનો નથી જ.

(૨) સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન : મોક્ષની ઇચ્છાથી જે યમ-નિયમાદિ સ્વરૂપ નિરવદ્ય અનુષ્ઠાન કરવામાં આવે છે તે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે. એટલે ભૌતિક ઇચ્છાથી થતા યમનિયમાદિનો આમાં સમાવેશ નથી. આ અનુષ્ઠાન નિરવદ્ય હોવાથી સ્વરૂપથી શુદ્ધ છે. તેમ છતાં આમાં બોધની= વિવેકની વિકલતાના કારણે હિંસાદિ સાવદ્યનો સંપૂર્ણ ત્યાગ સંભવતો નથી. માટે આ અનુબંધ શુદ્ધ થઈ શકતું નથી. પ્રથમ ગુણઠાણે રહેલા પૂરણાદિ તાપસોના અહિંસાદિ યમ અને તપ-સ્વાધ્યાયાદિ નિયમ આમાં આવે છે. ॥૨૨॥ (ત્રીજા શુદ્ધઅનુષ્ઠાનને જણાવે છે-)

ગાથાર્થ : શાંતવૃત્તિથી તત્ત્વસંવેદન ગર્ભિત રીતે થતા આ યમનિયમાદિ ત્રીજું અનુબંધશુદ્ધ અનુષ્ઠાન છે. પહેલા વિષયશુદ્ધ અનુષ્ઠાનથી અંધકારબહુલતાના કારણે દોષહાનિ થતી નથી. બીજાઓ કહે છે કે એનાથી ઉચિત જન્મ મળે છે.

ટીકાર્થ : 'કષાયાદિવિકારોનો નિરોધ કરવો એ શાન્તવૃત્તિ છે. જીવાદિ તત્ત્વોનું સમ્યક્ પરિજ્ઞાન એ તત્ત્વસંવેદન છે. શાન્તવૃત્તિથી તત્ત્વસંવેદન ગર્ભિત રીતે થતા આ યમનિયમાદિ જ ત્રીજું અનુબન્ધ શુદ્ધ કર્મ=અનુષ્ઠાન છે. પ્રથમ વિષયશુદ્ધ અનુષ્ઠાનથી આત્મઘાતાદિના કારણભૂત ગાઢ અજ્ઞાનના કારણે દોષહાનિ=મોક્ષપ્રાપ્તિમાં બાધકદોષની પરિહાનિ થતી નથી. યોગબિન્દુ (૨૧૫)માં કહ્યું છે કે-અજ્ઞાનરૂપ-મોહરૂપ અંધકાર બહુલતાના કારણે પ્રથમ અનુષ્ઠાનથી દોષવિગમ થતો નથી. વળી બીજા આચાર્યો કહે છે-તે

माशयः। तदाह-

"तद्योग्यजन्मसन्धानमत एके प्रचक्षते ।। (**योगबिन्दु** २१५)

मुक्ताविच्छाऽपि यच्छ्लाघ्या तमःक्षयकरी मता ।

तस्याः समन्तभद्रत्वादनिदर्शनमित्यदः ।।" (**योगबिन्दु** २१६) इति ।। २३ ।। उक्ताशयमेवाह-

मुक्तीच्छापि सतां श्लाघ्या न मुक्तिसदृशं त्वदः ।

द्वितीयात्सानुवृत्तिश्च सा स्याद्दर्दुरचूर्णवत् ।। २४ ।।

मुक्तीच्छापीति । **द्वितीयात्** = स्वरूपशुद्धानुष्ठानात् **सानुवृत्तिश्च** = उत्तरत्राप्यनुवृत्तिमती च **सा** = दोषहानिः **स्यात् दर्दुरचूर्णवद्** = मण्डूकक्षोदवत् । निरनुवृत्तिदोषविगमे हि गुरुलाघवचिन्ता-दृढप्रवृत्त्यादिकं हेतुस्तदभावाच्चात्र सानुवृत्तिरेव दोषविगम इति भावः । तदुक्तं-

---

પ્રથમ અનુષ્ઠાનથી ઉચિત જન્મ મળે છે. એટલે કે દોષવિગમને અનુકૂળ જાત્યાદિ-કુલાદિ ગુણયુક્ત જન્મ મળે છે, કારણ કે મોક્ષ એકાન્તે નિરવદ્ય છે. જ્યારે ભૃગુપાતાદિકર્મ સ્વરૂપે અત્યંત સાવદ્ય હોવાથી મોક્ષથી સાવ વિપરીત છે. એટલે એ કર્મ મોક્ષનો કે મોક્ષ પ્રતિબંધક દોષના વિગમનો હેતુ બની શકતું નથી. તેમ છતાં મોક્ષની ઇચ્છા તો કંઈક અંશે મોક્ષને અનુરૂપ છે. માટે એ ઇચ્છા મોક્ષનો કે દોષવિગમનો હેતુ બનતી હોવાથી તે ઇચ્છાના દ્વારરૂપે તે પ્રથમ અનુષ્ઠાન પ્રકૃત=મોક્ષ માટે ઉપયોગી બની રહે છે. એવો આ બીજા આચાર્યોનો આશય છે. યોગબિંદુ (૨૧૫-૨૧૬)માં આ વાત આ રીતે કરી છે-*આ વિષયશુદ્ધ અનુષ્ઠાનથી દોષવિગમને યોગ્ય જન્મનું અનુસંધાન થાય છે એમ કેટલાક આચાર્યો કહે છે. કારણ કે મોક્ષની ઇચ્છા પણ શ્લાઘ્ય હોવાથી મોહરૂપી અંધકારનો ક્ષય કરનારી કહેવાય છે. પણ મુક્તિ તો સમન્તભદ્ર=દરેક રીતે નિરવદ્ય હોવાથી આ વિષયશુદ્ધ અનુષ્ઠાન એનું અનિદર્શન છે=એને અનનુરૂપ છે.*

વિવેચન : (૧) ઉપશમભાવ અને તત્ત્વસંવેદનના પ્રભાવે યમ-નિયમાદિથી મોક્ષબાધક દોષોનો વિગમ થાય છે. તથા વધારે પ્રબળ યમનિયમાદિના જનક પુણ્ય-અનુકૂળ સંયોગો વગેરેની પ્રાપ્તિ થાય છે. એટલે ઠેઠ મોક્ષની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અનુષ્ઠાનોની હારમાળા ચાલે છે. માટે આ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન છે.

વિષયશુદ્ધ અનુષ્ઠાનમાં, અનુષ્ઠાનને નજરમાં રાખીને પ્રથમ મત જણાવ્યો છે, જ્યારે એની પાછળ રહેલી ઇચ્છાને નજરમાં રાખીને બીજો મત જણાવ્યો છે. અથવા આંશિક પણ દોષ વિગમ ન હોવાથી એ દૃષ્ટિએ પ્રથમ મત છે, ને દોષવિગમને અનુકૂળ સંયોગોને નજરમાં રાખીને બીજો મત છે. ॥૨૩॥ કહેલા આશયને જ સ્પષ્ટ કરે છે-

ગાથાર્થ : મુક્તિની ઇચ્છા પણ સજ્જનોને પ્રશંસનીય છે. પણ આ અનુષ્ઠાન મુક્તિને સદૃશ નથી. બીજા અનુષ્ઠાનથી દેડકાના ચૂર્ણની જેમ અનુવૃત્તિ સહિતની તે=દોષહાનિ થાય છે.

ટીકાર્થ : 'બીજા સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનથી તે=દોષહાનિ થાય છે ખરી, પણ એ દેડકાના ચૂર્ણની જેમ સાનુવૃત્તિ=આગળ પણ જે દોષ ફરીથી અનુવૃત્તિ પામનારા છે એવી થાય છે. પુનરાવર્તન ન થાય એ રીતે નિરનુવૃત્તિદોષવિગમ પ્રત્યે તો ગુરુ-લાઘવાદિ ચિન્તા, દૃઢપ્રવૃત્તિ વગેરે હેતુ છે. આ બીજા અનુષ્ઠાનમાં એનો

'द्वितीयाद् दोषविगमो न त्वेकान्तानुबन्धवान् ।
गुरुलाघवचिन्तादि न यत्तत्र नियोगतः ।।" (**योगबिन्दु** २१७) ।। २४।।

कुराजवप्रप्रायं तन्निर्विवेकमदः स्मृतम् ।
तृतीयात्सानुबन्धा सा गुरुलाघवचिन्तया ।। २५।।

कुराजेति । **तत्** = तस्मात्सानुवृत्तिदोषविगमाददः = द्वितीयमनुष्ठानं **निर्विवेकं** = विवेकरहितं **कुराजवप्रप्रायं** = कुत्सितराजाधिष्ठितनगरप्राकारतुल्यं **(स्मृतम्)** । तत्र लुण्टाकोपद्रवस्येवात्राज्ञानदोषोपघातस्य दुर्निवारत्वादिति

અભાવ હોવાથી દોષવિગમ સાનુવૃત્તિ જ હોય છે, એવો ભાવ છે. યોગબિન્દુ (૨૧૭)માં કહ્યું છે-*બીજા સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનથી દોષનો વિગમ એકાન્તે અનુબંધવાળો જ હોય એવો હોતો નથી. કારણકે એમાં ગુરુલાઘવ ચિંતા વગેરે હેતુ અવશ્ય હોતા નથી.*

વિવેચન : સદૃશ હોય એ સદૃશકાર્યનું કારણ બને. મોક્ષ સર્વથા નિરવદ્ય છે, જીવસ્વભાવસ્થ હોવાથી સર્વથા અનૌચિત્યના પરિહારમય છે તથા વીતરાગતા-કેવલજ્ઞાનમય છે, જ્યારે ભૃગુપાતાદિ અત્યંત સાવદ્ય છે, અત્યંત અનુચિત છે અને મોહ તથા અજ્ઞાનના ગાઢ અંધકારથી છવાયેલું છે. આમ પ્રથમ અનુષ્ઠાન મુક્તિથી અત્યંત વિસદૃશ હોવાથી એનું લેશતઃ પણ કારણ બનતું નથી. આ બધી વાત પૂર્વે વિચારી લીધી હોવાથી એ અંશની ટીકા કરવામાં આવી નથી. (૧) મોક્ષ નિરવદ્ય છે. સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન પણ સ્થૂળ વ્યવહારે નિરવદ્ય છે. વળી એમાં મોક્ષની ઇચ્છા પણ ભળેલી તો છે જ. માટે એ અનુષ્ઠાન મોક્ષનું સાદૃશ્ય ધરાવનાર હોવાથી મોક્ષબાધક દોષોનો વિગમ કરવાનું કારણ બની શકે છે. તેમ છતાં એ દોષવિગમ દેડકાના ચૂર્ણ જેવો હોય છે. આશય એ છે કે દેડકાના શરીરનું ચૂર્ણ થઈ જવું એ એનો નાશ હોવા છતાં કાળાન્તરે માટી-પાણી વગેરેનો યોગ મળતાં જેમ એમાંથી નવો દેડકો ઉત્પન્ન થાય છે, એમ સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનથી થયેલા દોષવિગમમાં દોષ નિમિત્ત મળતાં ફરીથી ઉત્પન્ન થઈ જાય છે. આ ફરીથી થવું એ અનુવૃત્તિ કહેવાય છે. એટલે આ દોષવિગમ અનુવૃત્તિસહિતનો હોવાથી સાનુવૃત્તિ છે.

નાશ થયા પછી દોષ ફરીથી ઊભો ન થાય એ રીતે થતો દોષવિગમ નિરનુવૃત્તિદોષવિગમ છે. એ માટે 'આમાં લાભ વધારે છે, નુકશાન ઓછું છે' વગેરે ગુરુલાઘવાદિચિન્તા, દૃઢતાપૂર્વકની પ્રવૃત્તિ વગેરે જરૂરી હોય છે. તત્ત્વસંવેદન જ્ઞાનવાળાને ગુરુલાઘવાદિચિન્તા વગેરે સંભવતી હોવાથી નિરનુવૃત્તિદોષ વિગમ થાય છે. એટલે કે હવે તે તે બાધક દોષ અસ્તિત્વમાં આવી શકતા નથી. અને તેથી ઉત્તરકાળમાં પણ અનુષ્ઠાન થયા કરે છે. માટે આને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન કહે છે. ॥૨૪॥ (સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન અંગે વિશેષતા જણાવે છે-)

ગાથાર્થ : તેથી આ સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન વિવેક વિનાનું હોવાથી દુષ્ટ રાજાવાળા નગરના કિલ્લા જેવું કહેવાયેલું છે. ત્રીજા અનુષ્ઠાનથી ગુરુલાઘવ ચિન્તાના કારણે દોષહાનિ સાનુબંધા થાય છે.

ટીકાર્થ : તેથી=દોષવિગમ સાનુવૃત્તિ હોવાથી આ બીજું અનુષ્ઠાન [1]વિવેકરહિતનું છે અને એટલે કુત્સિતરાજાથી અધિષ્ઠિત નગરના કિલ્લાતુલ્ય છે, કારણ કે એ નગરમાં જેમ લૂંટારાઓનો ઉપદ્રવ દુર્નિવાર હોય છે એમ અહીં બીજા અનુષ્ઠાનમાં અજ્ઞાનદોષનો ઉપઘાત દુર્નિવાર હોય છે. [2]ત્રીજા અનુબંધશુદ્ધ અનુષ્ઠાનથી તે દોષહાનિ સાનુબંધ=ઉત્તરોત્તર દોષવિગમને લાવી આપનારી હોય છે. અને તેથી જ એ દોષઅનનુવૃત્તિવાળી

भावः । **तृतीयाद्** = अनुबन्धशुद्धानुष्ठानात् **सा** = दोषहानिः **सानुबन्धा** = उत्तरोत्तरदोषापगमावहा । अत एव दोषाननुवृत्तिमती । तदुक्तं- *"तृतीयाद्दोषविगमः सानुबन्धो नियोगतः"* (यो.बिं.२९९) । 'गुरुलाघवचिन्तया' इत्युपलक्षणमेषा दृढप्रवृत्त्यादेः ।। २५।।

गृहाद्यभूमिकाकल्पमतस्तत् कैश्चिदुच्यते ।
उदग्रफलदत्वेन मतमस्माकमप्यदः ।। २६।।

गृहेति । **अतः** = सानुबन्धदोषहानिकरत्वात् **तत्** = तृतीयमनुष्ठानं **कैश्चित्** = तीर्थान्तरीयैर्गृहस्याद्यभूमिका दृढपीठबन्धरूपा तत्कल्पं = तत्तुल्यं **(=गृहाद्यभूमिकाकल्पं) उच्यते, उदग्रफलदत्वेन** = उदारफलदायित्वेन तस्य । **अदः** = एतदुक्त**मस्माकमपि मतम्** । यथा हि गृहाद्यभूमिकाप्रारम्भदार्ढ्यं नोपरितनगृहभङ्गफलं

હોય છે. યોગબિંદુ (२१९)માં *કહ્યું છે-ત્રીજા અનુષ્ઠાનથી દોષવિગમ અવશ્ય સાનુબંધ થાય છે.* ગુરુલાઘવ ચિન્તાના કારણે દોષહાનિ સાનુબન્ધા થાય છે. અહીં ગુરુલાઘવ ચિન્તાના ઉપલક્ષણથી દૃઢ પ્રવૃત્તિ વગેરે પણ લઈ લેવા.

વિવેચન : (૧) ગુરુલાઘવાદિ ચિન્તા વિવેકની પ્રયોજક છે, એ નથી, માટે બીજું અનુષ્ઠાન વિવેકશૂન્ય છે. અને વિવેક નથી એટલે એ અનુષ્ઠાનવાળો અનુષ્ઠાનની નિરવદ્યતારૂપ બાહ્યશુદ્ધિ સાચવે છે, પણ તેને અંદર રહેલ અજ્ઞાનરૂપ અશુદ્ધિની ચિંતા નથી, તેથી દોષની યોગ્યતા અકબંધ જ રહે છે. એટલે કે જેમ દેડકાનું ચૂર્ણ થવારૂપે બાહ્ય નાશ થઈ ગયો, પણ યોગ્યતા અકબંધ રહી હોવાથી કાળાન્તરે નવો દેડકો ઉત્પન્ન થઈ જાય છે. એમ નિમિત્ત મળતાં કાળાન્તરે દોષો જાગ્રત થઈ જાય છે. એટલે જ અહીં કિલ્લાની ઉપમા છે. કિલ્લો હોવાથી બાહ્ય દૃષ્ટિએ નગર ઉપદ્રવરહિત છે. પણ અંદર રાજા જ દુષ્ટ છે. એટલે વાત વાતમાં નવા નવા કર વગેરે નાખીને પ્રજાને લૂંટ્યા જ કરે છે. અને તેથી એ નગર સમૃદ્ધિ પામી શકતું નથી. એમ બીજું અનુષ્ઠાન કરનારો ઊંચી ગુણસમૃદ્ધિ પામી શકતો નથી, કારણ કે અંદરથી અજ્ઞાનદોષથી હણાયેલો છે.

અહીં એ ધ્યાનમાં રાખવું કે કાળાન્તરે નિમિત્ત મળે તો દોષનો પ્રાદુર્ભાવ અવશ્ય થાય છે. પણ કોઈકને નિમિત્ત જ ન મળે તો એ ન પણ થાય, ને જીવ અનુબંધશુદ્ધ અનુષ્ઠાનમાં પહોંચી જાય.

(૨) અનુબંધશુદ્ધ અનુષ્ઠાન એટલે ઉત્તરોત્તર ચઢિયાતું અનુષ્ઠાન થયા કરવું એ. એટલે પ્રથમવાર કરેલા અનુબંધશુદ્ધ અનુષ્ઠાનથી જે દોષહાનિ થઈ, એના કરતાં બીજી વાર કરેલા એનાથી ચઢિયાતી દોષહાનિ થાય છે. ત્રીજી વાર એ કરવાથી ઓર વધારે ચઢિયાતી દોષહાનિ થાય છે. આમ ઉત્તરોત્તર દોષહાનિ વધતી જાય છે. આ જ સાનુબંધા દોષહાનિ છે. ॥ ૨૫ ॥

(ત્રીજા અનુષ્ઠાન અંગે અન્યદર્શીઓનો અભિપ્રાય જણાવે છે.)

ગાથાર્થ : આથી 'તે = ત્રીજું અનુષ્ઠાન ઘરની આદ્ય ભૂમિકા જેવું છે' એમ કેટલાક કહે છે. ઉદગ્રફળ આપતું હોવાથી અમને પણ એ વાત માન્ય છે.

ટીકાર્થ : આમ સાનુબંધ દોષહાનિ કરનારું હોવાથી તે ત્રીજું અનુષ્ઠાન ઘરની આદ્યભૂમિકા = દૃઢપીઠબંધ = પાયા તુલ્ય છે. એમ કેટલાક અન્યતીર્થિકો કહે છે. આ વાત એ અનુષ્ઠાન ઉદારફળ આપનારું હોવાથી અમને

सम्पद्यते, किन्तु तदनुबन्धप्रधानं, एवं तत्त्वसंवेदनानुगतमनुष्ठानमुत्तरोत्तरदोषविगमावहमेव भवति, न तु कदाचनाप्यन्यथारूपमिति ।। २६।।

आत्मनेष्टं गुरुर्ब्रूते लिङ्गान्यपि वदन्ति तत् ।
त्रिधाऽयं प्रत्ययः प्रोक्तः सम्पूर्णं सिद्धिसाधनम् ।। २७।।

आत्मनेति । **आत्मनेष्टं** सदनुष्ठानं **गुरुः** = धर्मोपदेष्टा **ब्रूते** कर्तव्यत्वेन । **लिङ्गान्यपि** सिद्धिसूचकानि नन्दीतूरादीनि सूत्रसिद्धानि **तद्** = गुरूक्तमेव **वदन्ति** । **अयं त्रिधा** = त्रिप्रकारः **प्रत्ययो** = विश्वासः **प्रोक्तः सम्पूर्णं** = अव्यभिचारि **सिद्धिसाधनं** = इष्टकारणम्, यत उक्तं- *"आत्मा तदभिलाषी स्याद् गुरुराह तदेव तु। तल्लिङ्गोपनिपातश्च सम्पूर्णं सिद्धिसाधनम् ।।"* (यो.बिं. २३२) ।। २२७।।

सिद्धिः सिद्ध्यनुबद्धैव न पातमनुबध्नती ।
हाठिकानामपि ह्येषा नात्मादिप्रत्ययं विना ।। २८।।

सिद्धिरिति । **सिद्ध्यनुबद्धैव** = उत्तरसिद्ध्यवन्ध्यबीजमेव **सिद्धि**र्भवति तात्त्विकी । **न** पुनः **पातं** = भ्रंश**मनुबध्नती**ति प्राक्कालव्याप्त्यावष्टभ्नती । शल्योपहतप्रासादादिरचनाया इवान्यस्या मिथ्याभिनिवेशादि-पातशक्त्यनुवेधेनासिद्धित्वात् । तदुक्तं- *"सिद्ध्यन्तरं न सन्धत्ते या साऽवश्यं पतत्यतः । तच्छक्त्याऽप्यनुविद्धैव*

પણ સંમત છે. જેમ ઘરના પાયાની દૃઢતા હોય, તો ઉપર રહેલું ઘર ભાંગી પડતું નથી, પણ ચિરકાળ ટકનારું બની રહે છે, એમ તત્ત્વસંવેદનથી અનુગત અનુષ્ઠાન ઉત્તરોત્તર દોષ વિગમ કરનારું જ બની રહે છે. ક્યારેય આનાથી અન્યથા સ્વરૂપવાળું બનતું નથી. ॥૨૬॥ (સમ્યક્ત્વી જીવનું અનુષ્ઠાન ભાવથી યોગ બનવામાં એના ત્રીજા કારણ તરીકે કહેલા સમ્યક્પ્રત્યયને હવે જણાવે છે-)

ગાથાર્થ : પોતાને ઇષ્ટ છે, ગુરુ કહે છે અને ચિહ્નો પણ એ જ સૂચન કરે છે. આમ ત્રણ પ્રકારે કહેવાયેલો આ પ્રત્યય સંપૂર્ણ સિદ્ધિસાધન છે.

ટીકાર્થ : પોતાને જે સદનુષ્ઠાન કરવાની ઇચ્છા જાગી છે. (પોતે પોતાની આ ઇચ્છા ગુરુને જણાવી ન હોવા છતાં યોગાનુયોગ) ધર્મોપદેશક ગુરુ પણ એ જ કરવાનું કહે... અને જેવું તેઓ કહે એ જ વખતે, સૂત્રમાં સિદ્ધિના સૂચક તરીકે કહેલા નંદી-તૂર વગેરે ચિહ્નો અકૃત્રિમ રીતે સંપન્ન થવા દ્વારા ગુરુએ કહેલી તે વાતને જ કહે=સૂચવે.. આ ત્રણેનો કુદરતી રીતે યોગ થવો એ ત્રણ પ્રકારનો પ્રત્યય=વિશ્વાસ સંપૂર્ણ=વ્યભિચારશૂન્ય સિદ્ધિનું સાધન=ઇષ્ટનું કારણ કહેવાયેલો છે. કારણકે યોગબિંદુ (૨૩૨)માં કહ્યું છે કે-*આત્મા તે સદનુષ્ઠાન કરવાનો અભિલાષી બને, ગુરુ પણ એ જ કરવાનું કહે અને તેના સૂચક લિંગ=ચિહ્નો પણ ઉપસ્થિત થાય... આ ત્રણે સંપૂર્ણ સિદ્ધિસાધન છે.* ॥૨૭॥ (સમ્યક્ પ્રત્યયની આવશ્યકતા જણાવે છે-)

ગાથાર્થ : સિદ્ધિથી અનુબદ્ધ હોય એ જ સિદ્ધિ છે, નહીં કે પાતના અનુબંધવાળી. હાઠિકોને પણ આ સિદ્ધિ આત્માદિપ્રત્યય વિના હોતી નથી.

ટીકાર્થ : 'સિદ્ધ્યનુબદ્ધા=ઉત્તરસિદ્ધિનું અવંધ્યબીજ હોય એવી સિદ્ધિ જ તાત્ત્વિકી બને છે, નહીં કે પાત=ભ્રંશને જોડતી સિદ્ધિ. એટલે કે પ્રાક્કાલવ્યાપ્તિથી અવષ્ટંભવાળી સિદ્ધિ એ વાસ્તવિક સિદ્ધિ નથી. કારણકે

पातोऽसौ तत्त्वतो मतः ।।" (यो.बिं. २३४) इति । इत्थं च सिद्ध्यन्तराङ्गसंयोगादात्मादिप्रत्ययवतामेव सिद्धिः सिद्धा भवति । **हाठिकानामपि** = बलात्कारचारिणाम**प्येषा हि** सिद्धि**रात्मादिप्रत्ययं विना न** भवति । न हि मृत्पिण्डाद्युपायान्तरकार्यं घटादि बलात्कारसहस्रेणाप्युपायान्तरतः साधयितुं शक्यत इति ।। २८।।

सद्योगारम्भकस्त्वेनं शास्त्रसिद्धमपेक्षते ।
सदा भेदः परेभ्यो हि तस्य जात्यमयूरवत् ।। २९।।

---

[२]शल्यथी हणायेला प्रासादादिनी रचनानी जेम आ अन्यसिद्धि मिथ्याअभिनिवेश वगेरे पातशक्तिना अनुवेधना कारणे असिद्धिरूप ज होय छे. योगबिंदु (२३४)માં કહ્યું છે- *જે નવી સિદ્ધિને જોડતી નથી, એ અવશ્ય પડે છે. આમ પાતશક્તિથી પણ અનુવિદ્ધ જ હોવાથી આ સિદ્ધિ તત્ત્વતઃ પાત જ કહેવાયેલી છે.* આમ [३]અન્યસિદ્ધિના કારણનો સુયોગ હોવાથી આત્માદિપ્રત્યયવાળા જીવને જ સિદ્ધિ હોય એમ સિદ્ધ થાય છે. [४]હાઠિકોને પણ= બળાત્કારથી ચરનારાઓને પણ આ સિદ્ધિ આત્માદિપ્રત્યય વિના થતી નથી, કારણકે [५]મૃત્પિંડવગેરેરૂપ અન્ય ઉપાયના કાર્યભૂત ઘટાદિ હજારો બળાત્કાર કરો તો પણ અન્ય ઉપાયથી કરી શકાતા નથી.

વિવેચન : (૧) જેના ગર્ભમાં ઉત્તરસિદ્ધિનું અવંધ્યબીજ પડેલું હોય, એવી સિદ્ધિ ઉત્તરસિદ્ધિને અવશ્ય લાવી આપે છે. વળી એ ઉત્તરસિદ્ધિ પણ એનાથી પણ ઉત્તરસિદ્ધિનું અવંધ્યબીજ ધરાવતું હોવાથી એ આગળની ઉત્તરસિદ્ધિને અવશ્ય લાવી આપે છે. આ ક્રમે ઉત્કૃષ્ટસિદ્ધિ સુધી પહોંચી જીવ છેવટે મોક્ષ પામે છે. પણ જે સિદ્ધિ આવી હોતી નથી, એ ઉત્તરકાળમાં અવશ્ય પતન પામનારી હોય છે. જ્યાં જ્યાં પ્રાક્કાલમાં (=પૂર્વકાળમાં) આવી સિદ્ધિ, ત્યાં ત્યાં ઉત્તરકાળમાં પતન.. આવો વ્યાપ્યવ્યાપકભાવ હોવાથી આ સિદ્ધિ પ્રાક્કાળવ્યાપ્તિથી અવશ્ય પાતવાળી હોય છે. તેથી અવશ્ય સદનુષ્ઠાનથી પાત=ભ્રંશ થાય છે. પછી મોક્ષપ્રાપ્તિની તો વાત જ ક્યાં ? એટલે આ સિદ્ધિ વાસ્તવિક સિદ્ધિ કહેવાતી નથી.

(૨) જે ભૂમિમાં હાડકાં વગેરે શલ્ય રહેલા હોય એ ભૂમિ પર નિર્માણ પામેલા મહેલ વગેરે બાહ્ય દૃષ્ટિએ મહેલ જ દેખાવા છતાં, એમાં રહેનારા સુખચેનથી રહી શકતા ન હોવાથી, એ પરમાર્થથી મહેલરૂપ રહેતો નથી. એમ જે સિદ્ધિ મિથ્યાઅભિનિવેશથી ગર્ભિત હોય છે, એ ઉત્તરકાળમાં અવશ્ય નાશ પામનારી હોવાથી તાત્ત્વિક સિદ્ધિ નથી. એટલે કે સિદ્ધિ બે પ્રકારની થઈ. ઉત્તરસિદ્ધિના અવંધ્યબીજથી ગર્ભિત અને પાતશક્તિથી ગર્ભિત. આમાંની પ્રથમ તાત્ત્વિક છે, બીજી અતાત્ત્વિક.

(૩) એટલે કે અન્ય સિદ્ધિના=ઉત્તરસિદ્ધિના અવંધ્યબીજથી ગર્ભિત હોવાથી...

(૪) હાઠિક=હઠીલા જીવો.. 'સત્ત્વશાલીને કશું અશક્ય નથી' એમ પોતાના સત્ત્વ=પરાક્રમ પર મુસ્તાક રહીને પ્રવર્તનારા જીવો એ હાઠિકો છે. આવા જીવોને પણ આ સિદ્ધિ આત્માદિ પ્રત્યય વિના સંભવતી નથી.

(૫) ગમે એટલો ઉદ્યમશીલ હોય ને ગમે એટલો આત્મવિશ્વાસથી છલકાતો હોય એવો પણ પુરુષ રેતીમાંથી ઘડો બનાવી શકતો નથી, બાવળ પર આંબા ઊગાડી શક્તો નથી, પછી ભલે ને હજારો વાર મથે.

આ આખા અધિકારપરથી સૂચિત એ થાય છે કે આત્માદિપ્રત્યય ઉત્તરસિદ્ધિનું અવંધ્યબીજ છે અને મિથ્યાઅભિનિવેશાદિ પતનનું અવંધ્યકારણ છે. ॥૨૮॥ (આ જ વાતને અન્ય રીતે કહે છે-)

ગાથાર્થ : સદ્યોગારમ્ભકજીવ આ શાસ્ત્રસિદ્ધ પ્રત્યયની અપેક્ષા રાખે છે. તે જાત્યમયૂરની જેમ બીજાઓ કરતાં હમેશા જુદો પડી જતો હોય છે.

सदिति । **सद्योगारम्भकस्तु** = सानुबन्धयोगारम्भक एव**नं** = आत्मादिप्रत्ययं **शास्त्रसिद्धं** = अतीन्द्रियार्थसार्थसमर्थनसमर्थागमप्रतिष्ठित**मपेक्षते** = अवलम्बते । **परेभ्यो हि** = असद्योगारम्भकेभ्यो हि **तस्य** = सद्योगारम्भकस्य **सदा भेदः** = वैलक्षण्यं **जात्यमयूरवत्** = सर्वोपाधिविशुद्धमयूरवत् । यथा हि जात्यमयूरोऽजात्यमयूरात्सदैव भिन्नस्तथा सद्योगारम्भकोऽप्यन्यस्मादिति भावना । तदुक्तं- *"न च सद्योगभव्यस्य वृत्तिरेवंविधाऽपि हि । न जात्वजात्यधर्मान् यज्जात्यः सन् भजते शिखी ।।"* (**योगबिन्दु** २४१) ।। २९ ।।

यथा शक्तिस्तदण्डादौ विचित्रा तद्वदस्य हि ।
गर्भयोगेऽपि मातॄणां श्रूयतेऽत्युचिता क्रिया ।। ३० ।।

यथेति । **यथा तदण्डादौ** = जात्यमयूराण्डचञ्चुचरणाद्यवयवेषु **शक्तिर्विचित्रा** = अजात्यमयूरावयवशक्तिविलक्षणा । **तद्वदस्य हि** = सद्योगारम्भकस्यादित एवारभ्येतरेभ्यो विलक्षणा शक्तिरित्यर्थः । यत उक्तं- *"यश्चात्र शिखिदृष्टान्तः शास्त्रे प्रोक्तो महात्मभिः । स तदण्डरसादीनां सच्छक्त्यादिप्रसाधनः ।।"* (**योगबिन्दु** २४५) इति । अत एव सद्योगारम्भकस्येति गम्यं **मातॄणां** = जननीनां **गर्भयोगेऽपि**, किं पुनरुत्तरकाल इत्यपिशब्दार्थः, **श्रूयते** = निशम्यते शास्त्रे**ष्वत्युचिता** = लोकानामतिश्लाघनीया **क्रिया** प्रशस्तमाहात्म्यलाभलक्षणा । यत एवं पठ्यते- *"जणणी सव्वत्थवि णिच्छएसु सुमइत्ति तेण सुमई जिणो"* (आ.नि. १०१३) । तथा- *"गब्भगए*

टीकार्थ : સદ્યોગારંભક જીવ=સાનુબંધયોગારંભક જીવ (=વાસ્તવિક સિદ્ધિવાળો જીવ) જ આ શાસ્ત્રસિદ્ધ આત્માદિ પ્રત્યયને અપેક્ષે છે=અવલંબે છે. અહીં શાસ્ત્રસિદ્ધ એટલે અતીન્દ્રિય અર્થોના સમૂહનું સમર્થન કરવામાં સમર્થ એવા આગમમાં પ્રતિષ્ઠિત અર્થ. સર્વ ઉપાધિથી રહિત મોર એ જાત્યમોર છે. આવા જાત્યમોરની જેમ સદ્યોગારંભક જીવ પર=અસદ્યોગારંભક જીવો કરતાં હંમેશા વિલક્ષણ હોય છે. જેમ જાત્યમોર અજાત્યમોરથી હંમેશા અલગ જ હોય છે, એમ સદ્યોગારંભક જીવ પણ અન્યથી=અસદ્યોગારંભક જીવથી હંમશા ભિન્ન જ હોય છે, એમ ભાવાર્થ છે. યોગબિંદુ (૨૪૧)માં કહ્યું છે-*સદ્યોગભવ્યની=સદ્યોગને યોગ્ય જીવની આવા પ્રકારની પણ=[1]તત્કારી તદ્દ્વેષિત્વ પ્રકારની પણ વૃત્તિ હોતી નથી. ખરેખર ! જાત્યમોર અજાત્યમોરના ગુણધર્મોને ક્યારેય અપનાવતો નથી.*

વિવેચન : (૧) શાસ્ત્રવચનને સ્વીકારીને તેમાં કહેલા સદનુષ્ઠાન કરનારો તત્કારી છે. તેમ છતાં શાસ્ત્રમાં જ કહેલા આત્માદિપ્રત્યય વગેરેરૂપ વિધિને જાળવતો નથી. ઉપરથી એનો દ્વેષ કરે છે. માટે તદ્દ્વેષી છે. સદ્યોગારંભક જીવની આવી તત્કારી-તદ્દ્વેષીવૃત્તિ હોતી નથી. ॥૨૯॥ (આ જ વાતને સ્પષ્ટ કરે છે-)

ગાથાર્થ : જેમ તે જાત્યમયુરના ઇંડા વગેરેમાં વિલક્ષણશક્તિ હોય છે, એમ આની પણ હોય છે. એટલે જ તેઓના ગર્ભયોગે પણ માતાઓની અતિ ઉચિતક્રિયા સંભળાય છે.

ટીકાર્થ : તેના ઇંડા વગેરેમાં=જાત્યમોરના ઇંડાં, ચાંચ, ચરણ વગેરે અવયવોમાં અજાત્યમોરના અવયવની શક્તિ કરતાં વિલક્ષણ શક્તિ હોય છે. એમ આ સદ્યોગારંભકજીવને પહેલેથી જ અન્ય જીવો કરતાં વિલક્ષણ શક્તિ હોય છે. કારણકે યોગબિંદુ (૨૪૫)માં કહ્યું છે-*અહીં= યોગધર્મના અધિકારીની વિચારણામાં શાસ્ત્રમાં જ્ઞાનીઓ વડે મોરનું જે દૃષ્ટાન્ત કહેવાયેલું છે, તે તેના ઇંડાના રસ વગેરેમાં રહેલી સત્શક્તિ વગેરેનું [1]પ્રસાધન*

जं जणणी जाय सुधम्मे तेण धम्मजिणो" (आ.नि. १०९९) । तथा- *"जाया जणणी जं सुव्वयत्ति मुणिसुव्वओ तम्हा"* (आ.नि. ११०३) इत्यादि । इदं गर्भावस्थायामुक्तम् । उत्तरकालेऽप्यत्युचितैव तेषां क्रिया । यत उक्तं- *"औचित्यारम्भिणोऽक्षुद्राः प्रेक्षावन्तः शुभाशयाः । अवन्ध्यचेष्टाः कालज्ञा योगधर्माधिकारिणः ।।"* (यो.बिं. २४४) इति । तदेवं सिद्धः सद्योगारम्भक इतरेभ्यो विलक्षणः । स चात्मादिप्रत्ययमपेक्षत एवेति ।। ३०।।

अथ विषय-स्वरूपाऽनुबन्धशुद्धिप्रधानेषु किं कस्य सम्भवतीत्याह-

सर्वोत्तमं यदेतेषु भिन्नग्रन्थेस्तदिष्यते ।
फलवद्द्रुमसद्बीजप्ररोहोद्भेदसन्निभम् ।। ३१।।

सर्वोत्तममिति । **यदेतेषु** = उक्तानुष्ठानेषु **सर्वोत्तमं** = अव्यभिचारिफलं **तद् भिन्नग्रन्थेरिष्यते** । फलवतः

છે. એટલે જ સદ્યોગારંભકજીવ ગર્ભમાં આવવા પર પણ એમની માતાઓની અતિ ઉચિતક્રિયા=લોકોને અત્યંત પ્રશંસનીય અને પ્રશસ્ત માહાત્મ્યનો લાભ કરાવી આપનારી ક્રિયા શાસ્ત્રોમાં સંભળાય છે. અહીં गर्भयोगेऽपि માં રહેલ अपि (પણ) શબ્દ જણાવે છે કે ઉત્તરકાળની તો વાત જ શી ? શાસ્ત્રોમાં આ પ્રમાણે કહેવાયેલું છે-*माता બધા પ્રસ્તાવમાં નિશ્ચયો કરવામાં સુમતિ=સારી બુદ્ધિવાળા થયા. તેથી પાંચમા ભગવાનનું નામ સુમતિજિન રખાયું.* (આ.નિ. ૧૦૯૩) તથા *પ્રભુ ગર્ભસ્થ થવા પર માતા સુધર્મવાળા થયા. તેથી ભગવાનનું નામ ધર્મજિન રખાયું.* (આ.નિ. ૧૦૯૯) વળી, *માતા અને પિતા સુવ્રતવાળા થયા. તેથી મુનિસુવ્રત નામ રખાયું.* (આ.નિ. ૧૧૦૩) આ ગર્ભાવસ્થાની વાત કરી. ઉત્તરકાળમાં પણ તેઓની ક્રિયા ઉચિત જ હોય છે. કારણકે યોગબિંદુ (૨૪૪)માં કહ્યું છે-*સર્વ પ્રયોજનોમાં ઔચિત્ય=સેવનારા, અક્ષુદ્ર, પ્રેક્ષાવાન, શુભઆશયવાળા, અવંધ્યચેષ્ટાવાળા, કાળને= અવસરને જાણનારા જીવો યોગમાર્ગના અધિકારી છે.*

આમ સદ્યોગારંભકજીવ અન્યો કરતાં વિલક્ષણ હોય છે અને એ આત્માદિપ્રત્યયને અપેક્ષે જ છે એ વાત સિદ્ધ થઈ.

વિવેચન : (૧) પ્રસાધન એટલે જાત્યમોરના ઇંડાના રસ વગેરેમાં રહેલાં વિશિષ્ટ સામર્થ્યનું અને આદિશબ્દથી તેના ફળનું પ્રસાધન=પ્રકાશક હોય છે. એટલે કે રસમાં વિશિષ્ટ સામર્થ્ય રહ્યું છે અને એ જ આગળ જતાં મોરને વિશિષ્ટતા અર્પી જાત્યમોર બનાવે છે. એમ યોગધર્મના અધિકારીજીવોમાં ગર્ભાવસ્થામાં પણ વિલક્ષણતા હોય છે ને તેથી ઉત્તરકાળમાં તેઓ વિશિષ્ટગુણશાળી બને છે.

(૨) માતાઓની અત્યુચિતક્રિયા ગર્ભના પ્રભાવે હોવાથી વસ્તુતઃ ગર્ભ તરીકે રહેલા સદ્યોગારંભક જીવની જ છે. ને તેથી જ ઉત્તરકાળમાં પણ તેઓની જ અત્યુચિત ક્રિયાની વાત છે. ॥૩૦॥

अवतरणिकार्थ : વિષયશુદ્ધિપ્રધાન, સ્વરૂપશુદ્ધિપ્રધાન અને અનુબંધશુદ્ધિપ્રધાન.. આ અનુષ્ઠાનોમાં કોને કયું હોય તે હવે જણાવે છે-

गाथार्थ : આમાં જે સર્વોત્તમ છે, તે ભિન્નગ્રન્થિ જીવને હોય છે. એ ફળવાળા વૃક્ષના સદ્બીજના અંકુર ઉદ્ગમ જેવું હોય છે, કારણકે એ શુભઅનુબંધપ્રધાન હોય છે.

टीकार्थ : આ કહેલા અનુષ્ઠાનોમાં જે સર્વોત્તમ=અવ્યભિચારી ફળવાળું છે (=ફળને અવ્યભિચારી

= फलप्राग्भारभाजो द्रुमस्य न्यग्रोधादेः सद् = अवन्ध्यं यद् बीजं तस्य प्ररोहोद्भेदः = अङ्कुरोद्गमस्तत्सन्निभं (=**फलवद्द्रुमसद्बीजप्ररोहोद्भेदसन्निभम्**), शुभानुबन्धसारत्वात् ।। ३१ ।।

तत्तत्तन्त्रोक्तमखिलमपुनर्बन्धकस्य तु ।
अवस्थाभेदतो न्याय्यं परमानन्दकारणम् ।। ३२ ।।

तत्तदिति । **तत्तत्तन्त्रोक्तं** = कापिल-सौगतादिशास्त्रप्रणीतं मुमुक्षुजनयोग्यमनुष्ठान**मखिलं** = समस्त**मपुनर्बन्धकस्य त्ववस्थाभेदतो** = दशावैचित्र्याद् **न्याय्यं** = युक्तम्, निवृत्तासद्ग्रहत्वेन सद्ग्रहप्रवृत्तत्वेन

छे) ते (अनुबंधशुद्ध अनुष्ठान) भिन्नग्रन्थिने=सम्यग्दृष्टिजीवने होय छे. फलवान्= फळथी लची पडेला न्यग्रोधादिवृक्षना सद्बीजना = अवंध्यबीजना प्ररोहोद्भेद = [1]अंकुराना उद्गम जेवुं ए होय छे, कारणके ए शुभानुबंधप्रधान छे.

विवेचन : (१) अंकुरो फूटे एटले पछी ए वृक्ष क्रमशः ठेठ फळप्राप्तिसुधी विकसे छे. एम शुभानुबंधात्मक सार जेमां रह्यो छे, ते अनुष्ठान पण उत्तरोत्तर अनुष्ठानने आपतां आपतां ठेठ मोक्षात्मक फळनी प्राप्ति सुधी पहोंचे छे. माटे एने अंकुरोद्गमसमान कह्युं छे.

अलबत् त्रणे अनुष्ठान मोक्ष माटे ज करायछे, छतां प्रथमथी तो दोषहानि पण थती नथी. बीजाथी दोषहानि थती होवा छतां ए निरनुबंध होवाथी फरीथी दोषो माथुं उंचके छे ने मोक्षप्राप्तिमां बाधक बनी जाय छे. माटे मोक्षात्मकफळ प्राप्त थई शकतुं नथी. त्रीजुं अनुष्ठान स्वयं सानुबंध छे ने एनाथी थती दोषहानि पण सानुबंध छे. माटे मोक्षप्रापक बने छे.

अहीं आ त्रीजा अनुष्ठानने सर्वोत्तम=अव्यभिचारिफळवाळुं कह्युं छे. ए एवुं सूचित करे छे के शेष बे व्यभिचारिफळवाळा छे. एनो अर्थ ए थाय छे के शेष बे मोक्षात्मकफळना प्रापक बने ज एवो नियम नथी. छतां न ज बने एवो पण नियम नथी. ने तेथी क्वचित् कोईकने एवा बनी पण शके छे. ते आ रीते-विषयशुद्ध अनुष्ठानना प्रभावे योगधर्मने अनुरूप जन्म मळ्यो. त्यां स्वरूपशुद्ध अनुष्ठानरूपे यम-नियमादि सेव्या जेनाथी सानुवृत्ति दोषहानि थई. दोषो फरीथी ऊभा थवानी योग्यता पडी होवा छतां निमित्त ज न मळवाथी दोषो ऊभा थया नहीं ने शुभनिमित्त मळवाथी ग्रन्थिभेद करीने अनुबंधशुद्ध अनुष्ठान द्वारा छेवटे मोक्षप्राप्ति थई. पण आवुं कोईकने ज थाय छे. माटे प्रथम बे फळने व्यभिचारी छे. छतां ए सर्वथा निष्फळ छे एवुं पण नथी. एटले ज छेल्ली गाथामां ए बेने पण प्रशमसुखना कारणतरीके जणावशे. ॥३१॥ (शेष बे अनुष्ठानो कोने होय ते जणावे छे-)

गाथार्थ : ते ते शास्त्रमां कहेलुं बधुं अनुष्ठान अपुनर्बन्धक जीवने अवस्थाभेदे न्याय्य छे, अने ए एने परमानंदनुं कारण बने छे.

टीकार्थ : कपिल-सौगतवगेरेना ते ते शास्त्रमां मुमुक्षु जीवो माटे कहेलुं बधुं ज अनुष्ठान अपुनर्बन्धकजीवने अवस्थाभेदे=ते ते दशानी अपेक्षाए न्याय्य=योग्य बनी रहे छे, कारणके [1]असद्ग्रह दूर थयो होवाथी अने सद्ग्रहथी प्रवृत्ति थती होवाथी ए अनुष्ठान एने परमानन्दनुं= प्रशमसुखनुं कारण बने छे. ते पण एटला

च परमानन्दस्य = प्रशमसुखस्य कारणं (=**परमानन्दकारणम्**) । अनेकस्वरूपाभ्युपगमे ह्यपुनर्बन्धकस्य किमप्यनुष्ठानं कस्यामप्यवस्थायां प्रशान्तवाहितां सम्पादयतीति । तदुक्तं- *"अपुनर्बन्धकस्यैवं सम्यग्नीत्योपपद्यते। तत्तत्तन्त्रोक्तमखिलमवस्थाभेदसंश्रयात् ।।"* (**योगबिंदु** २५१) इति ।। ३२ ।।

।। इति अपुनर्बन्धकद्वात्रिंशिका ।। १४ ।।

માટે કે અપુનર્બન્ધકને અનેકસ્વરૂપવાળો માનેલો હોવાથી કોઈપણ અવસ્થામાં કોઈપણ અનુષ્ઠાન પ્રશાંતવાહિતાનું સંપાદન કરી શકે છે. આ વાત યોગબિંદુ (૨૫૧)માં કહી છે- *આ રીતે અપુનર્બન્ધક જીવને, અવસ્થાભેદનો આશ્રય કરીને તે તે શાસ્ત્રમાં કહેલું બધું અનુષ્ઠાન શુદ્ધયુક્તિસ્વરૂપ સમ્યગ્નીતિથી ઘટે છે.*

(૧) કારમી વિષયેચ્છા અને એનો પ્રયોજક 'સુખ તો પૌદ્ગલિક જ હોય' એવો તીવ્ર કદાગ્રહ... એ અહીં અસદ્ગ્રહ છે. ચરમાવર્તપ્રવેશે એ દૂર થયો હોવાથી તો જીવ અપુનર્બન્ધક બન્યો હોય છે. માટે અસદ્ગ્રહ હોતો નથી. વળી મોક્ષના સ્વરૂપનો બોધ મળવાપર એ મેળવવાની ઇચ્છા જાગ્રત થઇ છે. આ સદ્ગ્રહ છે. આવા અવસરે એ જીવ જો કોઈ એવા દર્શનમાં રહ્યો હોય કે જે એને 'ભૃગુપાતાદિથી મોક્ષ થાય છે' આવું સમજાવે છે, તો એ જીવ ભૃગુપાતાદિ વિષયશુદ્ધઅનુષ્ઠાન કરે છે. એમાં ગર્ભિતરીતે રહેલી મોક્ષની ઇચ્છા, તથા પ્રાણાંતકષ્ટ કરતાં પણ મોક્ષનું કરેલું અધિક મૂલ્યાંકન.. જીવને પ્રશમસુખનું-પ્રશાંતવાહિતાનું કારણ બની શકે છે. જે અપુનર્બન્ધક જીવ સુગતાદિ દર્શનમાં રહ્યો છે, એને યમનિયમાદિસ્વરૂપનો બોધ છે ને એ માટેનો ઉદ્યમ છે, તેથી એનું અનુષ્ઠાન સ્વરૂપશુદ્ધ બને છે. મોક્ષની ઇચ્છા ને સાથે અનુષ્ઠાનની નિરવદ્યતા એને પ્રશાંતવાહિતાનું કારણ બનાવે છે. પણ જે અપુનર્બન્ધક જૈનશાસનને પામ્યો છે, એ અન્યધર્મની વાત સાંભળીને ભૃગુપાતાદિ કરે તો એનામાટે એ ભૃગુપાતાદિ પ્રશાંતવાહિતાનું કારણ બની શકે નહીં, એ ધ્યાનમાં રાખવું. ॥૩૨॥

પ્રશ્ન : મોહનીયકર્મનો તીવ્રકષાય પ્રયુક્ત ઉત્કૃષ્ટસ્થિતિબંધ જે જીવ હવે પછી ક્યારેય કરવાનો નથી એ અપુનર્બન્ધક છે.. મરુદેવામાતાએ તો ક્યારેય આવો બંધ કર્યો જ નથી. તો શું એ જીવને અનાદિકાળથી અપુનર્બન્ધક માનવાનો ? વળી ચરમાવર્તપ્રવેશથી તો બધા જીવો અપુનર્બન્ધક છે. પણ એ પૂર્વે પણ છેલ્લાં ઉત્કૃષ્ટસ્થિતિબંધ પછી જે જીવે એકેન્દ્રિયાદિ ભવોમાં ચરમાવર્તપ્રવેશપૂર્વે અનંતકાળ વીતાવ્યો છે, એ જીવને એ અનંતકાળમાં શું અપુનર્બન્ધક કહેશો? કારણકે એકેન્દ્રિયાદિભવોમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંભવતો હોતો નથી, ને પછી તો એ ચરમાવર્તમાં પ્રવેશી જવાથી ક્યારેય કરવાનો નથી.

ઉત્તર : 'પુનઃ ઉત્કૃષ્ટસ્થિતિબંધકત્વાભાવ=હવે પછી ક્યારેય ઉત્કૃષ્ટસ્થિતિબંધ ન કરે તે અપુનર્બન્ધક' આ અપુનર્બન્ધક શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત છે. જ્યારે 'ક્ષુદ્રતાદિદોષાપગમ= ભવાભિનંદીજીવોના ક્ષુદ્રતાદિદોષો દૂર થઈ ગયા હોય એ અપુનર્બન્ધક' આ એનું પ્રવૃત્તિનિમિત્ત છે.

વ્યવહારરાશિપ્રવેશથી કાળક્રમે પ્રતિ આવર્ત મળહ્રાસ થતાં થતાં ચરમાવર્તપ્રવેશે અલ્પમલત્વભૂમિકા આવે છે.. ને એ આવતાંની સાથે જ મુક્તિદ્વેષ-તીવ્રભવાભિષ્વંગ-ભવાભિનંદીપણું.. રવાના થાય છે ને જીવ અપુનર્બન્ધક બને છે, પછી ભલે એ વખતે જીવ સંજ્ઞીપંચેન્દ્રિય હોય કે એકેન્દ્રિયાદિ હોય. એ પૂર્વના કાળમાં એકેન્દ્રિયાદિભવના કારણે જીવ ઉત્કૃષ્ટસ્થિતિબંધ ન કરતો હોય તો પણ, આ અલ્પમલત્વભૂમિકા આવી ન હોવાથી અપુનર્બન્ધક કહેવાતો નથી. એટલે મરુદેવા માતાના જીવને પણ જ્યારથી ચરમાવર્તપ્રવેશ થયો હશે ત્યારથી જ અપુનર્બન્ધક માનવાનો, એ પૂર્વે નહીં.

પ્રશ્ન : તમે ચરમાવર્ત પ્રવેશકાળથી જ જીવ અપુનર્બન્ધક બની જાય આવું અનેક વિધાનો પરથી ફલિત કર્યું છે, છતાં એ માન્યતા સામે કેટલાય પ્રશ્નો રહે છે. જેમ કે ચરમાવર્તકાળમાં જીવના લક્ષણો તરીકે 'દુઃખીઓ પર અત્યંત દયા, ગુણવાનો પર અદ્વેષ, અને સર્વત્ર સામાન્યથી ઔચિત્યનું સેવન કહ્યા છે' (યોગદૃષ્ટિ. ૩૨) જ્યારે અપુનર્બન્ધકના લક્ષણો તરીકે તીવ્રભાવે પાપઅકરણ, ભવરાગનો અભાવ વગેરે કહ્યા છે. એટલે સ્પષ્ટ છે કે જીવ ચરમાવર્તવર્તી હોવો અને અપુનર્બન્ધક હોવો આ બન્ને એક જ વસ્તુ નથી. એ જ સૂચવે છે કે ચરમાવર્તપ્રવેશ થવા છતાં જીવ અપુનર્બન્ધક ન પણ બન્યો હોય ?

ઉત્તર : જો આ સૂચનને સ્વીકારીએ તો એનો અર્થ એ થાય કે ચરમાવર્ત આવી જવા છતાં હજુ એ જીવ અપુનર્બન્ધક બન્યો નથી. અપુનર્બન્ધક બન્યો નથી એનો અર્થ એ થાય કે એ હજુ ભવાભિનંદી છે=ક્ષુદ્રતાદિદોષોવાળો છે. કારણકે આ દોષો રવાના થયે તો જીવ અપુનર્બન્ધક બની જ જાય છે. શું આ તીવ્ર દોષોની સાથે અત્યંત દયા વગેરે ગુણો સંભવે છે ?

વળી ચરમાવર્તમાં ગુણવાન પર અદ્વેષ કહ્યો છે એનો અર્થ જ મુક્તિ-મુક્તિ ઉપાય અને મુક્તિસાધકો પ્રત્યે અદ્વેષ છે. આવા જીવની ગુરુપૂજા વગેરેને પૂર્વસેવારૂપે સ્વીકારી છે. શું ભવાભિનંદીની ગુરુપૂજા પૂર્વસેવારૂપે માન્ય છે ?

વળી ઔચિત્યસેવન તો બંને લક્ષણોમાં છે જ. એટલે બંનેમાં ઉપલક્ષણથી અન્ય લક્ષણો પણ લઇ જ લેવાના છે. બાકી જેમ ચરમાવર્તપૂર્વે કોઈ જ ગુણાત્મક લક્ષણ સંભવતું નથી એમ અપુનર્બન્ધકતાની પૂર્વે (=ભવાભિનંદીપણામાં) પણ કોઈ જ ગુણાત્મક લક્ષણ સંભવતું નથી જ. એટલે બંનેમાં જો ગુણવત્તા છે તો બંને એક જ છે.

પ્રશ્ન : ધર્મપરીક્ષામાં બીજાદિની પ્રાપ્તિ ચરમાવર્તમાં કહી છે. અને તેની પ્રાપ્તિ થયે સંસાર ઉત્કૃષ્ટથી ૧ પુદ્ગલપરાવર્ત કહ્યો છે. પણ જો ચરમાવર્તકાળની સાથે જ અપુનર્બન્ધક થાય તો ઉત્કૃષ્ટથી ન કહેતાં નિશ્ચયથી (નક્કી) એમ ન કહેત ?

ઉત્તર : ભલાઆદમી ! એ તો બીજાદિપ્રાપ્તિની વાત છે, અપુનર્બન્ધકત્વપ્રાપ્તિની વાત ક્યાં છે ? ચરમાવર્તપ્રવેશકાળે જીવ એકેન્દ્રિયાદિમાં હોય તો અપુનર્બન્ધક બનવા છતાં બીજાદિ ન પણ પામે. એટલે એને પછી જ્યારે બીજાદિ પ્રાપ્તિ થશે ત્યારથી સંસારકાળ ઓછો પણ હોય. પણ જે જીવ મનુષ્યભવમાં પ્રભુપૂજા કરી રહ્યો હતો. અને એ દરમ્યાન જ ચરમાવર્તમાં એનો પ્રવેશ થયો. તો એની પ્રભુપૂજા વગેરે યોગબીજરૂપ બની શકવાથી ત્યારથી ઉત્કૃષ્ટ સંસારકાળ ૧ પુદ્ગલાવર્ત મળે.

શાસ્ત્રોમાં બીજપ્રાપ્તિથી ઉત્કૃષ્ટસંસારકાળ એક પુદ્ગલાવર્ત કહ્યો છે. સમ્યક્ત્વપ્રાપ્તિથી ઉત્કૃષ્ટ સંસારકાળ દેશોનઅર્ધપુદ્ગલપરાવર્ત કહ્યો છે. પણ આ રીતે અપુનર્બન્ધકત્વ પ્રાપ્તિથી ઉત્કૃષ્ટકાળ કહ્યો હોય એવું ક્યાંય જોવા મળ્યું નથી. એ સૂચવે છે કે એમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટકાળ જેવું કશું છે નહીં, બધાને એક સમાન એક પુદ્ગલપરાવર્ત જેટલો સંસારકાળ બાકી હોય છે.

પ્રશ્ન : યોગબિન્દુ (૭૩)માં આવો અધિકાર છે-*પ્રદીર્ઘસંસારનો સદ્ભાવ હોવાથી, માલિન્યનો અતિશય હોવાથી તથા અતત્ત્વનો અભિનિવેશ હોવાથી અન્ય પુદ્ગલાવર્તોમાં યોગ હોતો નથી, ચરમાવર્તમાં પણ ઉક્તગુણરહિત ભવ્યને પણ એ સંભવતો નથી.*

આમાં ચરમાવર્તમાં પણ યોગ પ્રાપ્ત ન થવામાં ત્રણ કારણો દર્શાવ્યા છે.

(१) પ્રદીર્ઘભવસદ્ભાવ... સંસારકાળ ઘણો લાંબો હોવો... અપુનર્બન્ધકને તો સિદ્ધિનો આસન્નભાવ કહ્યો છે. (૨) માલિન્યાતિશય=સહજમળની પ્રચુરતા.. અપુનર્બન્ધક તો મળનો હ્રાસ-અલ્પમલત્વ થવા પર બનાય છે. અને (૩) અતત્ત્વનો અભિનિવેશ... અપુનર્બન્ધકને તો બત્રીશી વગેરેમાં વિનિવૃત્તઆગ્રહવાળો કહ્યો છે. એટલે જણાય છે કે ચરમાવર્તમાં પણ પ્રદીર્ઘભવસદ્ભાવાદિ ધરાવનાર જીવ અપુનર્બન્ધક હોતો નથી.

ઉત્તર : ધન્ય છે તમારી શાસ્ત્રપંક્તિઓનો અર્થ કરવાની પ્રતિભાને ! કારણકે આ કારણો તો અન્ય=અચરમપુદ્ગલાવર્તમાં રહેલા જીવોને યોગ ન હોવામાં દર્શાવ્યા છે. ને એ જીવોને તો હું પણ ક્યાં અપુનર્બન્ધક કહું છું .. ?

શંકા : ચરમાવર્તમાં પણ ઉક્તગુણવિકલને એનો નિષેધ કર્યો જ છે ને !

સમાધાન : પ્રદીર્ઘભવસદ્ભાવ વગેરે ગુણો છે કે દોષ ? વાસ્તવિકતા એ છે કે યોગબિન્દુમાં આની પૂર્વેની ૭૨મી ગાથામાં એમ જણાવ્યું છે કે *ચરમાવર્તમાં જે શુક્લપાક્ષિક છે, ભિન્નગ્રન્થિ છે અને ચરિત્રી છે એને જ અધ્યાત્મયોગ કહ્યો છે.* એટલે પ્રસ્તુતમાં જે ઉક્તગુણવિકલ ભવ્ય કહ્યો છે, તે આ શુક્લપાક્ષિકત્વ વગેરે ગુણવિકલ સમજવાનો છે. ચરમાવર્તના પ્રથમ અર્ધભાગમાં આ ગુણો નથી જ હોતા.. પણ તેથી અપુનર્બન્ધકત્વનો કાંઈ નિષેધ થઈ શકતો નથી.

પ્રશ્ન : યોગદૃષ્ટિસમુચ્ચયની ૨૪મી ગાથાની વૃત્તિમાં જણાવ્યું છે કે - *ચરમાવર્તમાં તથાભવ્યત્વના પાકથી મિથ્યાત્વની કટુતા નિવૃત્ત થવાથી કંઈક માધુર્ય સિદ્ધ થાય છે..* આ કંઈક માધુર્યની સિદ્ધિ એ અપુનર્બન્ધકત્વને જણાવે છે. કારણકે *થોડો પણ મલ નિવૃત્ત થવા પર જીવ અપુનર્બન્ધક બની જાય છે,* એ આ જ બત્રીશીમાં પાંચમી ગાથાની વૃત્તિમાં કહેલ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે ચરમાવર્તમાં પણ જ્યારે તથાભવ્યત્વનો પાક થાય ત્યારે જ અપુનર્બન્ધકપણું પ્રાપ્ત થાય છે. આ પાક કોઈને ચરમાવર્ત પ્રવેશે થાય છે તો કોઈકને ત્યારબાદ યાવત્ કોઈકને ચરમભવમાં પણ થઈ શકે છે.

ઉત્તર : આ તથાભવ્યત્વનો પાક શાનાથી થાય ? પુરુષાર્થથી થાય એમ તો માની શકાતું નથી. કારણકે અપુનર્બન્ધકત્વપૂર્વનો પુરુષાર્થ અકિંચિત્કર હોય છે. એટલે કાળ પસાર થવાથી આ પાક થાય એમ માનવું પડે છે. અને આ યોગ્ય પણ છે જ. કારણકે એ જ અધિકારમાં આવું જણાવ્યું છે કે *આ પુદ્ગલાવર્તો અનાદિસંસારમાં તથાભવ્યત્વથી આક્ષિપ્ત કોઈને કેટલા પણ હોય છે.* આનાપર વિચાર કરીએ.. અવ્યવહારરાશિમાં તો પ્રત્યેક જીવના અનંતાનંત પુદ્ગલાવર્તો વીતી ગયા હોય છે. વ્યવહારરાશિપ્રવેશબાદ કોઈને કેટલાયે હોય. એ કેટલા હોય એ એના તથાભવ્યત્વને આધીન હોય છે. આપણે પૂર્વે જોઈ ગયા છીએ કે વ્યવહાર-રાશિપ્રવેશથી મલહ્રાસ શરુ થાય છે. આપણે એક કલ્પના કરીએ.. દરેક જીવને અનાદિકાળથી ૧ અબજ પાવરનો સહજમલ હોય છે. વ્યવહારાશિપ્રવેશ સુધી એ એવો ને એવો અકબંધ રહે છે. એ પ્રવેશથી મલહ્રાસ શરુ થાય છે, ને જ્યારે એ ૯૯ કરોડ પાવર જેટલો ઘટી જાય અને એક કરોડ પાવર જેટલો બાકી રહે ત્યારે અલ્પમલત્વભૂમિકા કહેવાય.. ત્યારે ચરમાવર્તપ્રવેશ થાય. હવે એક જીવનું તથાભવ્યત્વ એવું છે કે વ્યવહારરાશિમાં એને ૯૯૦૧ પુદ્ગલાવર્ત સંસાર છે. તો ચરમાવર્ત બાદ કરતાં ૯૯૦૦ પુદ્ગલાવર્ત રહેશે. તેથી ૯૯ કરોડ÷૯૯૦૦=૧ લાખ.. પ્રતિ આવર્ત લગભગ ૧-૧ લાખ જેટલો મલહ્રાસ એને થશે. કોઈ અન્યજીવનું તથાભવ્યત્વ એવું છે કે એને ૯૯૦૦૧ પુદ્ગલાવર્તો છે. તો એ જીવને પ્રતિઆવર્ત ૯૯ કરોડ÷૯૯૦૦૦=૧૦ હજાર=૧૦ હજાર પાવરનો મલહ્રાસ થશે.

આમ પ્રતિઆવર્ત કેટલો મલહ્રાસ થવો એ નિશ્ચિત થવામાં તથાભવ્યત્વ જરૂર ભાગ ભજવે છે. પણ એ પ્રમાણે એ મલહ્રાસ શરુ થયા પછી અલ્પમલત્વની ભૂમિકા તો કાળક્રમે જ આવી જાય છે. એમાં પછી બીજા કોઈ પરિબળની અપેક્ષા હોતી નથી. સહજમળ ૯૯ કરોડ જેટલો ઘટીને ૧ કરોડ જેટલો જ બાકી રહેવો એ જ તથાભવ્યત્વનો પાક છે. ને એ આપણે જોયું એ પ્રમાણે માત્ર કાળસાધ્ય છે. એટલે જ ષોડશકજીમાં લખ્યું છે કે *તે (=ચરમાવર્ત) કાળથી જ થાય છે.*

વળી વિંશતિવિંશિકા (૪-૭)માં શ્રી હરિભદ્રસૂરિમહારાજ જણાવે છેકે-*આ સહજમળનો તે રીતે પરિક્ષય થવાથી, તથા કંઈક એ બાકી રહે ત્યારે આ ચરમાવર્ત શરુ થાય છે.* આ બન્ને અધિકારોનું અનુસંધાન કરવાથી સ્પષ્ટ છે કે ચરમાવર્ત અને અલ્પમલત્વ એ બન્ને કાળસાધ્ય છે. વળી પ્રસ્તુત બત્રીશીગ્રન્થના મનાગપિ હિ તન્નિવૃત્તૌ તસ્યાપુનર્બન્ધકત્વમેવ સ્યાદિતિ (તન્નિવૃત્તૌ-મલનિવૃત્તૌ) આ વિધાનને જોડતાં એ પણ સ્પષ્ટ જ છે કે અપુનર્બન્ધકત્વ આ બેની સાથે જ સંપન્ન થઈ જાય છે.

આમ, નક્કી થયું કે ચરમાવર્તપ્રવેશે જ તથાભવ્યત્વપાક થવાથી મનાક્ માધુર્ય સિદ્ધ થાય છે. એટલે જ યોગદૃષ્ટિની પ્રસ્તુત ૨૪મી ગાથા-વૃત્તિમાં નિયમાદ્ શબ્દ રહ્યો છે. અને એનું વિવેચન કરતા આવું જણાવ્યું છે કે संशुद्धमेतज्जिनेषु कुशलादिचित्तं नियमाद्=नियमेन तथाभव्यत्वपाकभावेन कर्मणा तथा, अन्यदा संशुद्धवदसंशुद्धानुपपत्तेः । *અર્થ- આ શ્રી જિનેશ્વરદેવો પ્રત્યે કુશળચિત્ત વગેરે યોગબીજ નિયમા તથાભવ્યત્વનો પાક થવારૂપ ક્રિયાથી તથા=સંશુદ્ધ હોય છે, કારણકે અન્યકાળે બીજ સંશુદ્ધ હોવું જેમ અસંગત છે, એમ ચરમાવર્તમાં એ અસંશુદ્ધ હોવું અસંગત છે.* એટલે ચરમાવર્તમાં એ અસંશુદ્ધ હોય શકે જ નહીં.. તેથી તથાભવ્યત્વપાક વગેરે ચરમાવર્તપ્રવેશથી જ માનવા જરૂરી છે.

અહીં મળહ્રાસ અંગે ઉપર જે કલ્પના આપી છે, તે વિંશતિવિંશિકા(૪-૭)માં *મળનો ક્ષય થતાં થતાં કંઇક બાકી રહે ત્યારે..* આવું અને યોગદૃષ્ટિસમુચ્ચય (૩૦)માં एतद्भावमले क्षीणे प्रभूते जायते नृणाम् (=ભાવમળ પુષ્કળ ક્ષીણ થયે આ થાય છે) આવું જે જણાવ્યું છે એને અનુસરીને જાણવી...

પણ પ્રસ્તુત બત્રીશીમાં (૧૪/૫ની ટીકામાં) मनागपि हि तन्निवृत्तौ तस्यापुनर्बन्धकत्वमेव स्यादिति આવું જે જણાવ્યું છે તેને અનુસરવું હોય તો કલ્પના બદલવી પડશે, કારણકે આને અનુસરીને તો સહજમળનો (નોંધપાત્ર હોય એવો) થોડો પણ હ્રાસ થવામાત્રથી અપુનર્બન્ધકત્વ-ચરમાવર્ત માનવા પડે છે. એટલે કે એક અબજપાવરના મળમાંથી બહુ જ નાનો ભાગ કાળક્રમે હ્રાસ પામે છે, ને બાકીનો બહુ મોટોભાગ ચરમાવર્તમાં જ જીવ સ્વપુરુષાર્થથી હ્રાસ કરે છે.

અથવા આ બેનો સમન્વય આવો વિચારી શકાય - જેમ ૭૦ કો.કો. થી ૧ કો.કો.માં ઘટાડો ઘણો છે, પણ ગુણપ્રાપ્તિ ન હોવાથી એની મહત્તા નથી. પણ પછી ૧ કો.કો.માં અમુક ઘટાડો થાય એટલે ચરમયથાપ્રવૃત્તકરણ વગેરે પ્રાપ્ત થાય છે. એમ અન્ય આવર્તોમાં ધારો કે ૧૦૦ પરથી ૧ પર આવે છે. છતાં ગુણપ્રાપ્તિ ન હોવાથી મૂલ્યહીન છે. પણ પછી ૧માં થોડો પણ ઘટાડો થાય ને અપુનર્બન્ધકત્વ આવે છે.

પ્રશ્ન : વિંશતિવિંશિકા (૧૯/૪)માં अचरिमपरियट्टेसुं कालो भवबालकालमो भणिओ । चरिमो उ धम्मजुव्वणकालो *(અર્થ : અચરમાવર્તોમાં કાળ ભવબાળકાળ કહ્યો છે. ચરમાવર્ત તો ધર્મયૌવન કાળ કહ્યો છે.)* અને પછી આગળ ता बीजपुव्वकालो नेओ भवबालकाल एवेह इयरोउ धम्मजुव्वणकालो (અર્થ : *તેથી બીજ પૂર્વનો કાળ ભવબાળકાળ જ જાણવો, અને અન્ય-બીજ પ્રાપ્તિ પછીનો કાળ ધર્મયૌવનકાળ જાણવો.*) આમ જણાવ્યું છે.

ઉપદેશપદમાં चरमपुद्गलपरावर्तलक्षणस्तु तथाभव्यत्वपरिपाकतो बीजाधानोद्भेदपोषणादिषु प्रवर्तमानेषु स्यादपि काल इति । कालस्त्ववसरः पुनरपुनर्बन्धकप्रभृतिः । (અર્થ : *ચરમપુદ્ગલપરાવર્ત તથાભવ્યત્વના પરિપાકથી બીજાધાન-ઉદ્ભેદ-પોષણાદિ પ્રવર્તવામાં કાળ બને પણ ખરો. વળી કાળ એટલે અપુનર્બન્ધકવગેરે અવસર.*) એમ જણાવ્યું છે.

આ બન્ને અધિકારને વિચારતાં જણાય છે કે ચરમાવર્ત નિયમા કાળ=અવસર બની જ જાય એવું છે નહીં.

ઉત્તર : આ વાતો યોગબીજનું ઉપાદાન, ધર્મનું શ્રવણ-આચરણ વગેરે માટે છે. ચરમાવર્ત પ્રવેશઅવસરે જીવ એકેન્દ્રિયાદિમાં હોય તો આ ન પણ થાય. છતાં એ અપુનર્બન્ધક તો બની જ જાય છે, કારણકે અપુનર્બન્ધકત્વ એ કાળક્રમે થતી જીવની આંતરિક યોગ્યતા છે, એમાં એકેન્દ્રિયપણું વગેરે કશું પ્રતિબંધક નથી.

પ્રશ્ન : આવી કલ્પના કરવી એના કરતાં જેવું સમ્યક્ત્વ માટે એવું અપુનર્બન્ધક માટે માની લઈએ તો? આશય એ છે કે સમ્યક્ત્વ માટે દેશોનઅર્ધપુદ્ગલ પરાવર્ત કાળ કહ્યો છે એનો અર્થ વહેલામાં વહેલું એ કાળે પામી શકે.. પણ પામે જ એવું નથી. એ પછી પણ પામી શકે યાવત્ ચરમભવમાં પણ પામી શકે. એમ અપુનર્બન્ધકત્વ વહેલામાં વહેલું ચરમાવર્તપ્રવેશે પામી શકે.. પણ પામી જ જાય એવું નહીં.

ઉત્તર : અપુનર્બન્ધકત્વની પ્રાપ્તિમાં મુખ્ય ભાગ કાળનો જ હોય છે, જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં એ કાળનો હોતો નથી. દેશોનઅર્ધપુદ્ગલપરાવર્તકાળ જે કહેવાય છે, એ માત્ર એક વાસ્તવિકતા જણાવવા માટે.. નહીંતર તો, नवनीतादिकल्पः (યોગબિંદુ-૯૬) વગેરેરૂપે ચરમાવર્તની પ્રશંસા શાસ્ત્રોમાં જેમ જોવા મળે છે, એમ દેશોનઅર્ધપુદ્ગલપરાવર્તકાળની પ્રશંસા પણ જોવા મળતી હોત. પણ એ ક્યાંય જોવા મળતી નથી. એમ, યોગદૃષ્ટિસમુચ્ચય (૩૨)માં, ચરમાવર્તમાં રહેલા જીવના દુઃખી જીવોપર અત્યંત દયા વગેરે ગુણો કહ્યા છે. પણ એમ દેશોનઅર્ધપુદ્ગલપરાવર્તમાં રહેલા જીવના ગુણો ક્યાંય દર્શાવ્યા નથી. (સમ્યક્ત્વના દર્શાવ્યા હોય એ અલગ વાત છે.) આ તફાવતને સૂક્ષ્મતાથી વિચારશો તો નિઃશંક સમજાશે કે ચરમાવર્તનો જ એ પ્રભાવ છે કે એ આવવા માત્રથી જીવ અપુનર્બન્ધક બની જાય છે.

શંકા : આ બધી વાતો તો બરાબર. છતાં ચરમાવર્તપ્રવેશથી અપુનર્બન્ધક થવાની યોગ્યતા બધા પામી જાય.. પણ અપુનર્બન્ધકપણું કોઈક ત્યારે પામે, કોઈક કાળાન્તરે પામે... યાવત્ કોઈક તો ચરમભવમાં જ પામે એવું પણ બને.. ચરમાવર્તપ્રવેશે જ બધા જ અપુનર્બન્ધક બની જાય એવું માનવા મન કેવી રીતે તૈયાર થાય?

સમાધાન : 'મારે શાસ્ત્રવચનો પરથી વાસ્તવિકતાનો નિર્ણય કરવો છે, મારી બુદ્ધિ પરથી નહીં..' આવો નિર્ણય કરશો તો જરૂર આ માનવા મન તૈયાર થઈ જશે. તે આ રીતે-ચરમાવર્તપ્રવેશથી આ યોગ્યતા આવે છે.. તો સહજમળ એવો ને એવો અકબંધ રહેવા છતાં આ યોગ્યતા આવી કે એ ઘટવા પર આવી ? જો એવો ને એવો રહેવા છતાં આવતી હોય, તો તો અચરમાવર્તમાં પણ આ યોગ્યતા માનવી પડવાથી શાસ્ત્રકારોએ ચરમાવર્તના અને ચરમાવર્તમાં રહેલા જીવના ગુણ ગાયા છે એ અસંગત ઠરી જશે. એટલે સહજમળ ઘટવાથી એ આવી એવો બીજો વિકલ્પ જો કહેશો તો તો યોગ્યતા શું ? અપુનર્બન્ધકપણું જ આવી ગયેલું માનવું પડશે, કારણ કે मनागपि तन्निवृत्तौ तस्यापुनर्बन्धकत्वमेव (=સહજ મળ થોડો પણ ઓછો થાય એટલે જીવ અપુનર્બન્ધક જ બની જાય) એવું આ બત્રીશીમાં તથા અન્ય ગ્રન્થમાં પણ સ્પષ્ટ રીતે કહ્યું જ છે.

એટલે ચરમાવર્તપ્રવેશથી જ જીવ અપુનર્બન્ધક બની જાય છે. અર્થાત્ ચરમાવર્તમાં ૭૦ કો.કો. સ્થિતિબંધ હોતો નથી. કાર્મગ્રન્થિક મતે આનો અર્થ આવો સમજવો જોઈએ. આ માટે સંક્ષેપમાં સ્થિતિબંધની પ્રક્રિયા

સમજીએ. જીવ જ્યારે મોહનીયકર્મની ૭૦ કો.કો. સ્થિતિ બાંધે છે, ત્યારે એવું નથી બનતું કે જેટલું દલિક બંધાય છે તે બધું જ ૭૦ કો.કો. સ્થિતિવાળું હોય. પણ બધ્યમાન દલિકના વિભાગ થઈ જાય છે. આ વિભાગ કાળના આધારે થાય છે. બંધસમયથી કેટલા કાળ બાદ ઉદયમાં આવે એ કાળ અહીં આધાર છે. આમાં બંધસમયે, પછીના સમયે, એના પછીના સમયે.. ઉદયમાં આવી શકે એવા કોઈ વિભાગ તૈયાર થતા નથી. યાવત્ ૭૦૦૦વર્ષે ઉદય પામી શકે એવો કોઈ વિભાગ બનતો નથી. બંધાતા (બધ્યમાન) દલિકમાંથી આવા કોઈ વિભાગ તૈયાર ન થવા એ અબાધાકાળ કહેવાય છે. આમાં, ૭૦ કો.કો. સાગરોપમે ૭૦૦૦વર્ષની અબાધા, ૪૦ કો.કો. સાગરોપમ બંધે ૪૦૦૦વર્ષની અબાધા.. ૩૦ કો.કો. સાગરોપમે ૩૦૦૦વર્ષની અબાધા.. આ રીતે સર્વત્ર પ્રમાણ જાણવું, એટલે ૭૦ કો.કો. સાગરોપમબંધે બંધસમયથી લઈને ૭૦૦૦વર્ષના જેટલા સમયો હોય એટલા વિભાગ તૈયાર થતા નથી. પણ ત્યારબાદ ૭૦૦૦વર્ષ-૧સમય, ૭૦૦૦વર્ષ-૨સમય. આ રીતના ઠેઠ ૭૦ કો.કો. સાગરોપમ સુધીના નિરંતર બધા જ વિભાગો બંધસમયે જ તૈયાર થઈ જાય છે. એટલે કે ૭૦ કો.કો. સાગરોપમના સમયોમાંથી ૭૦૦૦ વર્ષના સમયોને બાદ કરવાથી જે જવાબ આવે એટલા વિભાગો તૈયાર થાય છે. આ દરેક વિભાગને **નિષેક** કહેવાય છે, ને આ રીતે વિભાગીકરણ થવું એ **નિષેકરચના** કહેવાય છે. તે તે સમયે બંધાતા દલિકોમાં રચાતા છેલ્લા નિષેકને ઉદયમાં આવવાનો ૭૦ કો.કો. સાગરોપમ વગેરે જે કાળ હોય, તે, તે સમયે થયેલો સ્થિતિબંધ કહેવાય છે. આ સ્થિતિબંધ ઉત્કૃષ્ટથી દર્શનમોહનીયમાં ૭૦ કો.કો., ચારિત્રમોહનીયમાં ૪૦ કો.કો., જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયમાં ૩૦ કો.કો. અને નામગોત્રમાં ૨૦ કો.કો. સાગરોપમ મળે છે. એકેન્દ્રિયમાં ભવસ્વભાવે કષાયોનું જોર ઘણું ઓછું હોવાથી એ ૧ સાગરોપમ, ૪/૭ સાગરોપમ વગેરે હોય છે. આમ, બંધસમયે રચાતા નિષેકોમાંના પ્રથમનિષેકની સ્થિતિમાંથી ૧ સમય બાદ કરતાં અબાધાકાળ આવે, અને ચરમનિષેકની સ્થિતિ એ સ્થિતિબંધ કહેવાય છે.

હવે, બંધસમયે જે નિષેકની સ્થિતિ નક્કી થઇ હોય, તે જ સમયે તે નિષેક ઉદયમાં આવે એવો નિયમ હોતો નથી. કારણકે એ ઉદયમાં આવવા પૂર્વે ઉદ્વર્તના-અપવર્તના-ઉદીરણા વગેરે અનેક પ્રક્રિયાઓ સંભવિત હોય છે. અભવ્યાદિ જીવો નામ-ગોત્રાદિ કર્મોનો સ્થિતિબંધ ૨૦ કો.કો. સાગરોપમ વગેરે જ હોવા છતાં, એમાંના કેટલાક દલિકોને આમાંની ઉદ્વર્તનાની પ્રક્રિયા દ્વારા ૭૦ કો.કો. સાગરોપમ સુધી પહોંચાડી દે છે. એ જ રીતે એકેન્દ્રિયપણામાં માત્ર એક સાગરોપમ સ્થિતિબંધ હોવા છતાં એ બંધમાંના કેટલાંક દલિકોને ફરી ફરી ઉદ્વર્તના કરીને ૭૦ કો.કો. સાગરોપમ સુધી પહોંચાડે છે. એટલે કે એ દલિક બંધસમયથી ઠેઠ ૭૦ કો.કો. સાગરોપમ કાળ સુધી આત્માપર રહ્યું ને છેલ્લે ખરી પડ્યું.

શંકા : ૭૦ કો.કો. કાળ પછી પણ ઉદ્વર્તના કરીને એ દલિકને આગળ લઈ જઈ શકે ને ?

સમાધાન : ના. કોઈપણ દલિક બંધ સમયથી લઈને ૭૦ કો.કો. સાગરોપમથી વધુ કાળ સુધી ક્યારેય રહી શકતું નથી. છેવટે એ કાળે તો એને ઉદયમાં આવી જ જવું પડે છે.

કર્મદલિકને આ રીતે આત્માપર રહેવાના કાળને સ્થિતિકાળ કહીએ તો એ આયુષ્ય સિવાયના સાત કર્મોમાં અનાદિકાળથી બધાનો એક સમાન ૭૦ કો.કો. સાગરોપમ જ હોય છે, ભલે ઉત્કૃષ્ટસ્થિતિબંધ ઓછો પણ હોય.

કાર્મગ્રન્થિકોનું કહેવું એમ છે કે અચરમાવર્તમાં તો બધા જીવોને આ સ્થિતિકાળ ૭૦ કો.કો. હોય છે. પણ ચરમાવર્તપ્રવેશથી હવે આ ઉત્કૃષ્ટ સ્થિતિકાળ મળી શકતો નથી. તીવ્રકષાયાવિષ્ટ થઈને ૭૦ કો.કો. સ્થિતિબંધ

કર્યો હોય, તો પણ એ સમયે બંધાયેલું કોઈ જ દલિક ૭૦ કો.કો. સાગરોપમકાળ સુધી આત્માપર ટકી શકતું નથી, એ પહેલાં જ બધું જ નિર્જરી જાય છે. અર્થાત્ 'બંધાયેલા કર્મદલિકો આત્મા પર ૭૦ કો.કો. સાગરોપમ જેટલા ઉત્કૃષ્ટકાળ સુધી રહી શકે એવો બંધ હવે પછી જે જીવને ક્યારેય થવાનો નથી તે અપુનર્બન્ધકજીવ' આવી વ્યાખ્યા કાર્મગ્રન્થિકોના મતે ફલિત થઈ શકે છે. એટલે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી પણ મિથ્યાત્વે ૭૦ કો.કો.નો બંધ થવા છતાં, એ બંધાયેલું અંશમાત્ર દલિક પણ એટલો કાળ આત્માપર તો ટકતું જ નથી. માટે અપુનર્બન્ધકત્વ અસંગત રહેતું નથી.

સપ્રસંગ એક અન્યવાત-અહીં જે સ્થિતિકાળ કહ્યો, એ એક કો.કો. સાગરોપમ કરતાં પણ અમુક ચોક્કસ પ્રમાણમાં ઓછો થઈને અંતઃ કો.કો. થઈ જાય તો જીવ સમ્યક્ત્વ પામે છે.. વળી એમાં પલ્યોપમપૃથક્ત્વનો ઘટાડો થાય ત્યારે જીવ દેશવિરતિ પામે છે. એટલે દેવલોકમાં સમ્યક્ત્વની અંતઃ કો.કો. સત્તા થયા પછી કાળક્રમે સત્તા ઘટતાં ઘટતાં લાખો પલ્યોપમ કે બે પાંચ સાગરોપમ ઘટવા છતાં આ સ્થિતિકાળ તો ઘટતો ન હોવાથી દેશવિરતિગુણઠાણું પામી જવાનો પ્રશ્ન આવતો નથી.

શંકા : અનંતાનુબંધી ચારને અહીં ચારિત્રમોહનીય તરીકે કહ્યા છે. તો અન્યત્રગ્રન્થમાં એને દર્શનસપ્તકમાં કેમ ગણ્યા છે ? એ સમ્યક્ત્વના ઘાતક કઈ રીતે બને છે ?

સમાધાન : અનંતાનુંબધી ચારનો સંક્રમ અપ્રત્યાખ્યાનાવરણીય વગેરે અન્ય ચારિત્રમોહનીય સાથે પરસ્પર છે, પણ મિથ્યાત્વમોહનીય વગેરે દર્શનમોહનીય સાથે નથી, માટે એ છે તો ચારિત્રમોહનીય જ. તેમ છતાં એ પરંપરાએ સમ્યક્ત્વ ઘાતક પણ છે. કોઈપણ કષાયનો તીવ્ર ઉદય અનંતાનુબંધીની સહાયતા વિના શક્ય નથી. વળી બીજે ગુણઠાણેથી લઈને ચારિત્ર મોહનીયનો ઉદય મધ્યમ દ્વિસ્થાનિક રસથી વધુ હોતો નથી. એટલે કષાયની તીવ્રતા માટે જીવે મિથ્યાત્વે આવવું જ પડે છે. અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિમાં અનંતાનુબંધી ક્રોધાદિનો ઉદય ભળવાથી જીવ મિથ્યાત્વે ગયા વિના રહેતો નથી, ને તેથી સમ્યક્ત્વનો ઘાત થયા વિના રહેતો નથી. આમ અનંતાનુબંધી કષાયો પરંપરાએ સમ્યક્ત્વના ઘાતક છે. એટલે જ એને દર્શનસપ્તકમાં પણ ગણવામાં આવે છે. વળી અનંતાનુબંધીના ક્ષય બાદ જ દર્શન મોહનીયનો ક્ષય થાય છે. માટે પણ એને દર્શનસપ્તકમાં ગણ્યા છે.

શંકા : અનંતાનુબંધીને દર્શનસપ્તકમાં કેમ ગણવામાં આવે છે એ તો સમજાયું.. પણ એને ચારિત્ર મોહનીયમાં કેમ ગણ્યા છે ? એ કયા ચારિત્રનો ઘાત કરે છે ?

સમાધાન : ચારિત્ર એ પાપઅકરણરૂપ છે. માટે પાપકરણ એ ચારિત્રનો પ્રતિપક્ષ છે. વળી પાપકરણ મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન રૂપ હોય છે. અનંતાનુબંધીના ઉદયવાળો જીવ પાપનાં પક્ષપાતને છોડી શકતો નથી... જેને અનંતાનુબંધીનો વિપાકોદય નથી, પણ ક્ષયોપશમ છે એવા જીવને કરણરૂપે માત્ર પોતે જે આરંભ-સમારંભાદિ કરતો હોય, એટલા પાપ, કરાવણરૂપે પોતાના આશ્રિત વગેરે પાસે જે કરાવે તે પાપ, તેમજ અનુમોદનરૂપે પણ વધુમાં વધુ આ કરણ-કરાવણનાં જે પાપ હોય તેનું જ અનુમોદન (સંમતિ) હોય છે, અન્યનાં પાપની નહીં, કારણ કે પાપનો પક્ષપાત નથી. (સમ્યક્ત્વ જેમ જેમ નિર્મળ થતું જાય તેમ તેમ આ અનુમોદન પણ ઘટતું આવે છે). અનંતાનુબંધીના ઉદયવાળા જીવને=મિથ્યાત્વીને પાપનો પક્ષપાત હોવાથી વિશ્વમાં અનંતાનંત સંસારીજીવોથી થતાં પાપોમાં સંમતિ (અનુમતિ=અનુમોદના) હોય છે. પોતાનું કરણ-કરાવણ-અનમોદનરૂપ પાપ અનંતમા ભાગે હોય છે ને આ વિશ્વના બધા જીવોના પાપોની અનુમોદનારૂપ પાપ એના કરતાં અનંતગણું.. અનંતબહુભાગ હોય છે. એ સ્પષ્ટ રીતે સમજાય એવું છે. અનંતાનુબંધી કષાયનો

ઉદય, જીવને અનુમોદનારૂપ આ અનંત બહુભાગ પાપકરણથી અટકવા દેતો નથી, ને તેથી એ પાપના અકરણરૂપ ચારિત્રને પ્રગટવા દેતો નથી, અર્થાત્ હણી નાખે છે. માટે એ ચારિત્રનો ઘાતક હોવાથી ચારિત્રમોહનીય છે.. (અનંતાનુબંધીનો ઉદય જેમ જેમ મંદ થતો જાય તેમ આ અનંતબહુભાગ પાપસ્વરૂપ અનુમોદના ઘટતી આવે છે, એ જાણવું.)

શંકા : અવિરતસમ્યક્ત્વી જીવને પણ અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ હોય છે ને તેથી એ પણ અનુમોદનારૂપ અનંતબહુભાગ પાપથી વિરામ પામ્યો હોય છે, એવું માનવું પડશે. તો શું એને પણ પાપોની વિરતિ હોય છે ?

સમાધાન : હા, હોય છે. મિથ્યાત્વી જીવને સ્વકૃત પાપનું કરણ-અનુમોદન, આશ્રિતાદિનાં પાપનું કરાવણ-અનુમોદન અને તદન્ય સર્વ જીવોનાં પાપનું અનુમોદન.. આ બધા પાપકરણની અવિરતિ જે હોય છે, એમાંથી અવિરત સમ્યક્ત્વી જીવને અનંતબહુભાગ પાપની પરિણામજન્ય વિરતિ હોય જ છે. ને તેથી જ શ્રી ભગવતીસૂત્રમાં શ્રુત-શીલને આશ્રીને જીવોના જે ચાર વિભાગ દર્શાવ્યા છે, એમાં અવિરત સમ્યક્ત્વીને દેશવિરાધક કહ્યા છે, અર્થાત્ શીલનો એક બહુ જ નાનો જે દેશ (અનંતમો ભાગ) એનો જ વિરાધક (બાકીના બહુ મોટા ભાગના શીલનો પણ આરાધક) કહ્યો છે.

શંકા : અર્થાપત્તિથી આનો અર્થ તો એવો થયો કે અવિરત સમ્યક્ત્વી અનંતબહુભાગ વિરતિવાળો, ને સર્વવિરતિધર સર્વવિરતિવાળો. એટલે કે અવિરતસમ્યક્ત્વીને જે અનંતમો ભાગ ખૂટે છે એટલો જ એનાથી અધિક.. આ શું બરાબર છે ?

સમાધાન : હા, બિલકુલ બરાબર છે. મિથ્યાત્વીની અપેક્ષાએ વિચારીએ ત્યારે એ બેમાં બહુ તફાવત નથી જ. એટલે જ તો હમણાં કહી ગયો એમ શ્રી ભગવતીસૂત્રમાં વિરતિધરને સર્વારાધક કહ્યો છે, તો અવિરત સમ્યક્ત્વીને દેશવિરાધક-એક દેશનો જ વિરાધક, બાકીના બહુ દેશોનો આરાધક કહ્યો છે. હા, મિથ્યાત્વીને બાજુ પર રાખીને માત્ર અવિરતસમ્યક્ત્વીનો અને વિરતિધરનો પરસ્પર વિચાર કરવામાં આવે ત્યારે વિરતિધર સેંકડોગણો વધારે સાધક જણાયા વિના રહેતો નથી. આ વાત દૃષ્ટાન્તથી સમજીએ. ભગવતીસૂત્રનાં ક્રમ પ્રમાણે-ગાઢ મિથ્યાત્વીજીવની (પછી ભલે એ બાહ્યદૃષ્ટિએ નિરતિચાર સંયમ પાળનારો અભવ્ય પણ હોય) સાધનાના શૂન્ય ગુણ છે. આ સર્વવિરાધક છે. મંદ મિથ્યાત્વી જીવ કે જેને કોઈ કદાગ્રહ હોતો નથી, માધ્યસ્થ્ય હોય છે, તે સ્વગૃહીત વ્રત નિયમોનું પાલન કરનારો હોય તો શીલ છે, શ્રુત નથી. એ દેશઆરાધક છે, એનાં ૧૦૦૦ ગુણ છે. અવિરત સમ્યક્ત્વી જીવ કે જેને વ્રત નિયમ ન હોવાથી શીલ નથી, પણ શ્રુત છે, તેનાં ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ (એક અબજ) ગુણ છે, એ દેશવિરાધક છે. વિરતિધર સર્વઆરાધક છે એનાં ૧,૦૦,૦૦,૦૧,૦૦૦ (એક અબજ ને એક હજાર) ગુણ છે. આમાં વિચારીએ તો જણાય છે કે ગાઢ મિથ્યાત્વીની અપેક્ષાએ એક, એક અબજ જેટલો વધારે છે, અન્ય એક અબજ ને એક હજાર જેટલો વધારે છે, માટે બહુ ફેર નથી. પણ સમ્યક્ત્વના કારણે જે એક અબજ માર્ક છે, એ કાઢી નાખીએ તો એક શૂન્ય પર છે ને બીજો એક હજાર પર છે, માટે ઘણો જ ઊંચો છે, એ સ્પષ્ટ જણાય છે.

શંકા : હજુ એક પ્રશ્ન રહે છે, અવિરત સમ્યક્ત્વીને (અનંતાનુબંધીના અનુદયવાળા)ને જો અનંતબહુભાગ પાપની વિરતિ છે. તો એ અવિરત કેમ કહેવાય છે ?

સમાધાન : શાસ્ત્રોમાં વિરતિ-અવિરતિનો વ્યવહાર મુખ્યતયા સ્વકીય પાપકરણની વિરતિની અપેક્ષાએ

છે. અવિરત સમ્યક્ત્વી જીવ હિંસાના પાપકરણની અવિરતિના એક અંશ માત્રથી એ પણ વિરામ પામ્યો હોતો નથી, માટે એને દેશથી પણ વિરતિ ન હોવાથી અવિરત કહેવાય છે.

આમ, અનંતાનુબંધીના વિપાકોદયના અભાવથી, અનંતબહુભાગ પાપ અકરણ રૂપ જે અનંત બહુભાગ વિરતિ આવે છે, તેને અનંતાનુબંધીનો ઉદય અટકાવતો હોવાથી એ ચારિત્ર મોહનીય છે, એ સ્પષ્ટ છે. તેમજ એના ઉદયથી અનંત બહુભાગ પાપનું કરણ હોવાથી અનંતગણો રસ બંધાય છે, માટે આ કષાયો અનંતાનુબંધી કહેવાય છે. આશય એ છે કે અનંતાનુબંધીનો ઉદય ન હોય તો ચારિત્ર મોહનીયનો રસ મધ્યમ દ્વિસ્થાનકથી વધારે બંધાતો નથી. પણ જો એ ઉદય હોય, તો તીવ્ર દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક ને ચતુઃસ્થાનિક રસ પણ બંધાય છે. આ બધો રસ મધ્યમ દ્વિસ્થાનિક રસ કરતાં અનંતગણો હોય છે, માટે આવો અનતંગુણ રસ બંધાવનારા હોવાથી આ કષાયો અનંતાનુબંધી કહેવાય છે. વળી આવા તીવ્ર રસના કારણે તેમજ અનુબંધના કારણે જીવ અનંતસંસાર સાથે જાણે કે જોડાય છે, માટે પણ એને અનંતાનુબંધી કહે છે એ જાણવું.

શંકા : જો આ રીતે અવિરતસમ્યક્ત્વીને પણ, પાપપક્ષપાત ન હોવાથી, દુનિયામાં થતા અનંતબહુભાગપાપની વિરતિ જ છે, તો દેશવિરતને પણ આ વિરતિ તો રહેવાની જ અને તો પછી, ૧૪ નિયમ ધારવા અંગે જે કહેવાય છે કે 'જો તમે સચિત્તવગેરેનો નિયમ ન કરો, તો દુનિયામાં જે હજારો સચિત્ત ચીજો રોજ વપરાય છે એને તમે ન વાપરતા હો તો પણ તમને એ સચિત્તના ઉપભોગનું પાપ લાગે છે,' વગેરે... એ શી રીતે સંગત ઠરશે ?

સમાધાન : 'તમે રાત્રીભોજન ન કરતાં હો તો પણ જો તમે પ્રતિજ્ઞા લીધી ન હોય તો તમને રાત્રીભોજનનું પાપ લાગે જ છે' આવો વાક્યપ્રયોગ કેટલાક કરતા હોય છે, પણ આ વાક્યપ્રયોગ ગલત છે એ જાણવું. રાત્રીભોજન ન કરનારને રાત્રીભોજનનું પાપ શી રીતે લાગી શકે ? હા, એના પચ્ચક્ખાણ ન કર્યા હોય તો રાત્રીભોજનની અવિરતિ જે ઊભી છે, તન્નિમિત્તક પાપ જરૂર લાગે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ આ ચાર કર્મબંધના કારણોમાંથી રાત્રીભોજન ન કરનારને તે કરવાની પ્રવૃત્તિરૂપ યોગ નથી, એટલે તજ્જન્ય પાપ નથી લાગતું. પણ પચ્ચક્ખાણ કર્યું ન હોવાથી અવિરતિ છે. માટે અવિરતિજન્ય પાપ લાગે છે. અર્થાત્ રાત્રીભોજનનું નહીં, પણ રાત્રીભોજનની અવિરતિનું (કરણની અપેક્ષાનું) પાપ લાગે છે.

અવિરતસમ્યક્ત્વી અને ઉપરના જીવોને પાપપક્ષપાત ન હોવાથી દુનિયાના અનંત બહુભાગ પાપની વિરતિ તો હોય જ છે. ૧૪ નિયમ અંગે જે ઉપરોક્ત વાત કહેવાય છે, તે અપુનર્બંધક જીવો અને અત્યંત મંદસમ્યક્ત્વી જીવો માટે જાણવી. આ જીવોને વિરતિ ન હોવાથી અવિરતિજન્ય પાપ લાગે જ છે. એટલે એનાથી બચવા તથા પાપઅકરણની રૂચિ પ્રગટે-અભ્યાસ પડે, એ માટે ૧૪ નિયમ ધારવાના હોય છે. બાહ્ય દૃષ્ટિએ શ્રાવકપણું પાળનારા પણ બધા જ કાંઈ પાંચમું ગુણઠાણું પામી ગયા હોતા નથી. પરિણામની દૃષ્ટિએ તેઓ હજુ અપુનર્બંધક જ હોય એ પણ શક્ય છે. એવા જીવોને ૧૪ નિયમ ધારવા પાછળ આ બધા જ પ્રયોજનો છે. જેઓ નિર્મળ સમ્યક્ત્વ કે એથી ઉપર પાંચમું ગુણઠાણું પણ પામી ગયા છે, એમને દુનિયામાં થતાં પાપોની અવિરતિના કારણે લાગતા પાપોથી બચવાનું પ્રયોજન ૧૪ નિયમ ધારવા પાછળ નથી. પણ જેમ સર્વવિરતને અવિરતિના પાપોથી બચવાનું પ્રયોજન હોતું નથી. (કારણ કે અવિરતિ જ નથી) ને તેમ છતાં વૃત્તિસંક્ષેપ વગેરે તપ માટે વિવિધ અભિગ્રહો હોય છે, એમ આ જીવોને પણ આવા તપના લાભમાટે ૧૪ નિયમ વગેરેના અભિગ્રહો જાણવા.

।। अथ सम्यग्दृष्टिद्वात्रिंशिका ।। १५ ।।

अपुनर्बन्धकोत्तरं सम्यग्दृष्टिर्भवतीति तत्स्वरूपमाह-

लक्ष्यते ग्रन्थिभेदेन सम्यग्दृष्टिः स्वतन्त्रतः ।
शुश्रूषा-धर्मरागाभ्यां गुरुदेवादिपूजया ।।१।।

लक्ष्यत इति । **ग्रन्थिभेदेन** = अतितीव्रराग-द्वेषपरिणामविदारणेन **स्वतन्त्रतः** = सिद्धान्तनीत्या **सम्यग्दृष्टिर्लक्ष्यते** = सम्यग्दर्शनपरिणामात्मनाऽप्रत्यक्षोऽप्यनुमीयते । **शुश्रूषा-धर्मरागाभ्यां** तथा **गुरुदेवादिपूजया** त्रिभिरेतैर्लिङ्गैः । यदाह- *"शुश्रूषा धर्मरागश्च गुरुदेवादिपूजनम् । यथाशक्ति विनिर्दिष्टं लिङ्गमस्य महात्मभिः ।।"* (यो.बि. २५३) ।।१।।

अवतरणिकार्थ : અધિકારીઓમાં સૌ પ્રથમ અપુનર્બન્ધક હોવાથી ચૌદમી બત્રીશીમાં એની વાત કરેલી. અપુનર્બન્ધકજીવ પછી સમ્યગ્દૃષ્ટિ એ બીજો અધિકારી છે. માટે આ બત્રીશીમાં એનું સ્વરૂપ જણાવે છે-

ગાથાર્થ : ગ્રન્થિભેદ વડે સમ્યગ્દૃષ્ટિ બનેલો જીવ સ્વશાસ્ત્રને અનુસરીને શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવાદિપૂજાથી જણાય છે.

ટીકાર્થ : અતિતીવ્ર રાગ-દ્વેષનો પરિણામ એ ગ્રન્થિ છે. એને ભેદવાથી જીવ સમ્યગ્દૃષ્ટિ બને છે. આ સમ્યગ્દર્શન પરિણામ સ્વયં અપ્રત્યક્ષ હોવાથી એ રૂપે સમ્યગ્દૃષ્ટિજીવ પણ અપ્રત્યક્ષ છે. છતાં સિદ્ધાન્તની નીતિમુજબ એ શુશ્રૂષા અને ધર્મરાગવડે તથા ગુરુદેવાદિપૂજાથી.. એમ આ ત્રણ લિંગો વડે અનુમાન કરાય છે. જે યોગબિંદુ (૨૫૩)માં કહ્યું છે : *શુશ્રૂષા, ધર્મરાગ અને 'યથાશક્તિ ગુરુદેવાદિપૂજન... આ ત્રણ આ સમ્યક્ત્વી જીવના લિંગ છે એમ મહાત્માઓએ કહ્યું છે.*

વિવેચન : સમ્યગ્દર્શન એ આત્માનો એક પરિણામ છે. સામાન્યથી સમ્યક્ત્વીજીવ પણ પોતાના આ પરિણામને પ્રત્યક્ષથી જાણી શકતો નથી. એટલે અનુમાનથી એનો નિશ્ચય કરવાનો રહે છે. એ અનુમાન માટે ધર્મશાસ્ત્રની નીતિ મુજબ શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુ-દેવાદિનું પૂજન એ લિંગ=હેતુ છે.

(૧) ત્રણ લિંગમાં શુશ્રૂષા અને ધર્મરાગ... આ બન્ને ઇચ્છા-ભાવના સ્વરૂપ છે. માટે એમાં યથાશક્તિ વિશેષણ મૂક્યું નથી. ગુરુદેવાદિપૂજન એ ક્રિયારૂપ છે, માટે એ વિશેષણ મૂક્યું છે.

કોઈપણ જીવને સ્વઇષ્ટ-અનિષ્ટ શું છે ? એના ઉપાય શું છે ? વગેરે જાણવાની પ્રબળ ઇચ્છા હોય છે ને એ ઉપાયને અજમાવવાની ઇચ્છા પણ હોય છે. સમ્યગ્દૃષ્ટિજીવને સ્વ તરીકે હવે આત્મા નિઃશંક સ્પષ્ટરૂપે પ્રતીત થાય છે. એટલે આત્માનું ઇષ્ટ શું ? એ શાનાથી થાય? આત્માનું અનિષ્ટ શું ? એ શાનાથી થાય ? વગેરે જાણવાની પ્રબળ જિજ્ઞાસા થાય એ સહજ છે. એ જિજ્ઞાસાને સંતોષવાનું એક માત્ર સાધન છે જિનવાણીશ્રવણ. એટલે એને આ શ્રવણની બળવાન ઇચ્છા=શુશ્રૂષા જાગે જ એ સહજ છે. 'સ્વઇષ્ટ ધર્મથી થશે' એ જાણવા પર એને ધર્મનો પ્રબળ રાગ પ્રગટે એ પણ સ્પષ્ટ છે. વળી આ બન્નેમાં મૂળમાં દેવ-ગુરુનો અનન્ય ઉપકાર સંવેદાતો હોવાથી એ બન્ને ઉપકારી તત્ત્વની પૂજામાં એ પ્રવૃત્ત થયા વગર રહી શકતો નથી. માટે આ ત્રણ સમ્યગ્દર્શનના ગમક લિંગ છે. ॥૧॥ (ત્રણ લિંગમાંના પ્રથમ શુશ્રૂષા લિંગનું વર્ણન કરે છે-)

भोगिकिन्नरगेयादिविषयाधिक्यमीयुषी ।
शुश्रूषाऽस्य न सुप्तेशकथाऽर्थविषयोपमा ।। २।।

भोगीति । भोगिनो = यौवन-वैदग्ध्य-कान्तासन्निधानवतः कामिनः किन्नरादीनां गायकविशेषाणां गेयादौ = गीतवर्णपरिवर्ताभ्यासकथाकथनादौ विषयः = श्रवणरसस्तस्मादाधिक्यं = अतिशयं (=**भोगिकिन्नर-गेयादिविषयाधिक्यं**) **ईयुषी** = प्राप्तवती, किन्नरगेयादिजिनोक्त्योर्हेत्वोस्तुच्छत्वमहत्त्वाभ्यामतिभेदोपलम्भात्, **अस्य** = सम्यग्दृष्टेः **शुश्रूषा** भवति । **न** परं सुप्तेशस्य=सुप्तनृपस्य कथार्थविषयः सम्मुग्धकथार्थश्रवणाभिप्राय-लक्षणस्तदुपमा = तत्सदृशी (=**सुप्तेशकथार्थविषयोपमा**) असम्बद्धतत्तज्ज्ञानलवफलायास्तस्या दौर्विदग्ध्यबीजत्वात् ।। २।।

गाथार्थ : કામી પુરુષને કિન્નરના ગેયાદિ સાંભળવાનો જેટલો રસ હોય એના કરતાં પણ શ્રવણરસ અધિક હોય એવી શુશ્રૂષા આને=સમ્યગ્દૃષ્ટિને હોય છે. એ શુશ્રૂષા સૂતેલા રાજાને કથાના અર્થશ્રવણ જેવી હોતી નથી.

टीकार्थ : યુવાન, વિચક્ષણ, પ્રિયાયુક્ત, કામીપુરુષને સુંદર ગાનારા કિન્નરાદિના ગીત, વર્ણપરિવર્ત, અભ્યાસ, કથાકથનાદિ ગેયમાં જે શ્રવણરસ હોય, તેના કરતાં આને=સમ્યગ્દૃષ્ટિને જિનવચનની શુશ્રૂષા અધિક બળવાન હોય છે, કારણ કે એને કિન્નરના ગેયાદિરૂપ અને જિનવચનરૂપ હેતુમાં તુચ્છત્વ-મહત્ત્વના કારણે રહેલા અતિભેદનો ખ્યાલ હોય છે. પણ સમ્યક્ત્વીની આ શુશ્રૂષા સૂતેલા રાજાને સંમુગ્ધકથાના અર્થશ્રવણની જેવી રુચિ હોય એવી નથી હોતી, કારણ કે તે તે અસમ્બદ્ધ જ્ઞાનાંશરૂપ ફળવાળી એ રુચિ તો દુર્વિદગ્ધપણાનું બીજ છે.

विवेचन : એક તો કામીપુરુષ છે એટલે એને ગીતવગેરેની શ્રવણરુચિ હોય જ. વળી એ રુચિને વધારનારા યૌવન, વિચક્ષણતા અને પ્રિયાનું સાન્નિધ્ય.. આ ત્રણે પરિબળો હાજર છે. એટલે એ રુચિ વધીને ઉત્કર્ષ પામેલી જ હોય, (અર્થાપત્તિથી શારીરિક પીડા વગેરે કોઈ પ્રતિબંધક પરિબળ હાજર નથી.) આવા કામી પુરુષને ગીતવગેરેની જે શ્રવણરુચિ હોય, એના કરતાં પણ સમ્યક્ત્વી જીવને જિનવચનશ્રવણની રુચિ વધારે પ્રબળ હોય છે, કારણકે એ સમ્યક્ત્વી જીવ ગીતશ્રવણ અને જિનવચનશ્રવણ વચ્ચે રહેલા તફાવતને સુપેરે જાણતો હોય છે. કામીપુરુષને ગીતશ્રવણ માત્ર તત્ક્ષણ સુખ આપે છે, પણ પરિણામે દારુણ છે ને તેથી તુચ્છ છે. જ્યારે જિનવાણીશ્રવણ વર્તમાનમાં પણ આલ્લાદક છે, પરિણામે પણ અત્યંત હિતકર છે, ને તેથી મહાન્ છે. વળી ગીતશ્રવણ તો અનંતકાળમાં અનંતવાર કર્યું છે, જ્યારે જિનવાણીશ્રવણ તો અપૂર્વ છે, માટે પણ એની રુચિ વધારે પ્રબળ હોય છે.

અલબત્ સૂતેલા=સૂવામાટે આડા પડેલા રાજાને કથાશ્રવણની રુચિ હોય છે, કારણકે એમાં ચિત્ત પરોવાય તો રાજ્યચિંતાથી મન મુક્ત થવાથી નિદ્રા આવી શકે. જો કે રાજાને કથાશ્રવણનું મુખ્ય પ્રયોજન નિદ્રાપ્રાપ્તિ જ છે. અને તેથી નથી એ કથાપરથી કોઈ વિશેષ બોધ લેતો કે નથી કથાવસ્તુનું સળંગ અનુસંધાન કરતો... માત્ર રોજે રોજની કથાના વિષયનો છૂટો છવાયો બોધ કરે છે.. ને એ પણ કાળાન્તરે યાદ રહે કે નહીં.. કશી મહત્તા નહીં. કેટલાક શ્રોતાઓ જિનવચનોનું પણ આ રીતે જ શ્રવણ કરનારા હોય છે. ટૂચકા-કથા કે

अप्राप्ते भगवद्वाक्ये धावत्यस्य मनो यथा ।
विशेषदर्शिनोऽर्थेषु प्राप्तपूर्वेषु नो तथा ।। ३ ।।

अप्राप्त इति । **अस्य** = सम्यग्दृशोऽ**प्राप्ते** = पूर्वमश्रुते **भगवद्वाक्ये** = वीतरागवचने **यथा मनो धावति** = श्रोतुमनुपरतेच्छं भवति, **तथा विशेषदर्शिनः** सतः **प्राप्तपूर्वेष्वर्थेषु** = धन-कुटुम्बादिषु **न धावति** विशेषदर्शनेनापूर्वत्वभ्रमस्य दोषस्य चोच्छेदात् ।। ३ ।।

વાક્‌છટાના કારણે સાંભળવામાં થોડો આનંદ આવે છે.. માટે સાંભળે. પણ પછી વિશેષબોધ-જીવનપરિવર્તન-વગેરેનું કોઈ લક્ષ્ય નહીં. પણ સમ્યગ્દૃષ્ટિજીવની શ્રવણરુચિ આવી હોતી નથી. ને તેથી એ પરસ્પર અસમ્બદ્ધ છૂટાછવાયા બોધના કારણે જાતને પંડિત માનવાના નુક્શાનથી બચી શકે છે ને જિનવાણીશ્રવણની મહત્તા, હિતકરતા સમજતો હોવાથી એવી રીતે શ્રવણ કરે છે કે જેથી શાસ્ત્રાર્થનો વાસ્તવિક બોધ થાય. ॥૨॥ (સમ્યગ્દૃષ્ટિની આવી શ્રવણરુચિનું કારણ જણાવે છે-)

ગાથાર્થ : વિશેષદર્શી એવા આ સમ્યક્ત્વીનું મન અપ્રાપ્ત ભગવદ્વચનમાં જે રીતે દોડે છે, તે રીતે પ્રાપ્તપૂર્વ અર્થોમાં દોડતું નથી.

ટીકાર્થ : આ સમ્યગ્દૃષ્ટિનું મન, અપ્રાપ્ત='પૂર્વે નહીં સાંભળેલા એવા ભગવાન્ વીતરાગના વચનોને સાંભળવાની જેવી અનવરત ઇચ્છાવાળું હોય છે, એવું વિશેષદર્શી એવા એનું મન પૂર્વે પ્રાપ્ત થયેલા ધનકુટુંબાદિ પદાર્થોની ઇચ્છાવાળું હોતું નથી, કારણકે વિશેષદર્શન થયું હોવાથી અપૂર્વત્વભ્રમનો અને દોષનો ઉચ્છેદ થઈ ગયો હોય છે.

વિવેચન : (૧) **શંકા :** અનાદિસંસારમાં જિનવાણીનું શ્રવણ પણ અનંતવાર થયું હોવાની સંભાવના છે જ. વળી સમ્યક્ત્વપ્રાપ્તિના ભવમાં પણ, જિનવાણીશ્રવણદ્વારા તત્ત્વબોધ થવાથી જ તો સમ્યક્ત્વ પ્રગટ્યું હોય છે. પછી અહીં જિનવાણીને પૂર્વે અશ્રુત કેમ કહી છે ?

સમાધાન : શાસ્ત્રો તો જ્ઞાનનો અગાધ દરિયો છે. એટલે નવું નવું સાંભળવા મળ્યા જ કરે ને નવો નવો બોધ થયા જ કરે. તથા જેમ અભ્રકને પુટ આપ્યા કરો એમ નવા નવા ઔષધીય ગુણો પ્રગટતા જાય છે, એમ એની એ શાસ્ત્રીય વાત પણ ફરી ફરી સાંભળવા પર ચિંતન-મનન કરવાથી નવા નવા અપૂર્વ રહસ્યો મળતા જ રહે છે, તથા જેમ ભોગી જીવને સેંકડોવાર ભોગવિલાસ કર્યા પછી પણ, દરેક વખતે જાણે કે પૂર્વે ભોગ મળ્યા જ ન હોય ને પહેલી જ વાર મળ્યા હોય એવો એ પાગલ થઈ જાય છે.. અર્થાત્ દરેક વખતે અપૂર્વ જ લાગતા હોય છે, કારણકે એનો ગાઢ રસ પડેલો છે, એમ સમ્યગ્દૃષ્ટિ જીવને જિનવાણીશ્રવણનો ગાઢરસ હોવાથી દરેક શ્રવણમાં અપૂર્વત્વનું અનુસંધાન થાય છે.

અત્યારસુધી પૌદ્ગલિક સુખનો રસિયો હતો, એટલે ધન-કુટુંબાદિપ્રત્યે ગાઢ લાગણી હતી. પણ હવે એમાં તુચ્છતાના દર્શન થયા છે ને આત્મિકસુખમાં વાસ્તવિકતાના દર્શન થયા છે. તેથી એના ઉપાયભૂત જિનવાણીશ્રવણનો રસિયો બન્યો છે. ગ્લાસ કાચનો હોય, ચાંદીનો હોય કે સોનાનો હોય... અંદર રહેલું પાણી એ જ છે. એમ ભોગસામગ્રીનો બાહ્ય આકાર ભલે બદલાયા કરે.. પણ એમાં ભોગાનુભવ એનો એ જ હોય છે, એમાં કશું નવું

धर्मरागोऽधिको भावाद् भोगिनः स्त्र्यादिरागतः ।
प्रवृत्तिस्त्वन्यथापि स्यात्कर्मणो बलवत्तया ।।४।।

धर्मराग इति । **धर्मराग** = चारित्रधर्मस्पृहारूपोऽधिकः = प्रकर्षवान् **भावाद्** = अन्तःकरणपरिणत्याः **भोगिनो** = भोगशालिनः **स्त्र्यादिरागतो** = भामिन्याद्यभिलाषात् । **प्रवृत्तिस्तु** = कायचेष्टा **त्वन्यथाऽपि** =

હોતું નથી. આમ અપૂર્વત્વભ્રમ દૂર થયો છે ને એની તુચ્છતા જણાયેલી હોવાથી ગાઢ આકર્ષણરૂપ દોષ દૂર થયો છે. એટલે હવે એના કારણભૂત ધન-કુટુંબાદિમાં મન એવું દોડતું નથી. ॥૩॥ (સમ્યગ્દૃષ્ટિના બીજા લિંગ ધર્મરાગને જણાવે છે-)

ગાથાર્થ : ભોગીને સ્ત્રીવગેરે પ્રત્યે જે રાગ હોય, એના કરતાં આનો ધર્મરાગ ભાવથી અધિક હોય છે. જો કે કર્મ બળવાન્ હોવાના કારણે પ્રવૃત્તિ તો અન્યથા પણ હોય.

ટીકાર્થ : ભોગશાલી જીવને ભામિનીવગેરેની જે અભિલાષા હોય, એના કરતાં પણ સમ્યગ્દૃષ્ટિજીવને ચારિત્રધર્મની સ્પૃહારૂપ ધર્મરાગ અંતઃકરણની પરિણતિરૂપ ભાવથી [1]અધિક પ્રકર્ષવાળો હોય છે. પણ કાયચેષ્ટારૂપ પ્રવૃત્તિ તો અન્યથા પણ=વ્યાપારાદિદ્વારા ચારિત્રધર્મને પ્રતિકૂળ પણ થઈ શકે છે, કારણ કે ચારિત્રમોહનીયકર્મ બળવાન્=[2]નિયત પ્રબળ વિપાકવાળું હોય છે.

વિવેચન : (૧) જેમ જિનવાણી શ્રવણરુચિનું આધિક્ય એમાં મહત્ત્વના દર્શનથી કહ્યું એમ પ્રસ્તુતમાં પણ જાણવું. સ્ત્રીભોગ વગેરેમાં તુચ્છત્વનું અને ચારિત્રધર્મમાં મહત્ત્વનું દર્શન થતું હોવાથી સમ્યક્ત્વીજીવને સ્ત્રીરાગ કરતાં ધર્મરાગ વધુ હોય છે.

(૨) બધા જ અવિરતસમ્યક્ત્વી જીવોને ચારિત્રમોહનીય કર્મ નિયત (=નિકાચિત) પ્રબળ વિપાકવાળું જ હોય એવો નિયમ માનવો નહીં. પણ જેને એ એવું નિકાચિત હોય, તે જીવ અતિનિર્મળ સમ્યક્ત્વી હોય તો પણ એ બળવાન્ કર્મ એની પાસે ચારિત્રથી વિપરીત [1]વેપાર-ભોગ પ્રવૃત્તિ વગેરે કરાવે છે. જે સમ્યક્ત્વી જીવોને

---

1. અહીં શબ્દશઃ વિવેચનકારે નીચે જણાવેલ જે વિવેચન કર્યું છે, તે ગાઢ અજ્ઞાનનો વિલાસ જાણવો. *સમ્યગ્દૃષ્ટિજીવ ધારે તો બાહ્ય આચરણારૂપ ચારિત્ર ગ્રહણ કરી શકે, અને સર્વવિરતિનું પ્રત્યાખ્યાન પણ ધારે તો કરી શકે અને દૃઢ સંકલ્પ કરે તો ચારિત્રની બાહ્ય ઉચિત ક્રિયાઓ પણ કરી શકે, પરંતુ તે ક્રિયાથી નિષ્પાદ્યભાવોનાં પ્રતિબંધક કર્મો બળવાન હોય તો પોતે બાહ્યક્રિયાઓ કરીને પણ નિર્લેપતાની પરિણતિરૂપ ભાવચારિત્રને પ્રગટ કરી શકે તેમ નથી.* આમ આ વિવેચનકાર જણાવે છે કે-બળવાન્ કર્મ હોવા છતાં જીવ ચારિત્રક્રિયા કરી શકે છે.. માત્ર ભાવ પ્રગટતા નથી. જ્યારે ગ્રન્થકારે સ્પષ્ટ જણાવ્યું છે કે-બળવાન કર્મ જીવ પાસે ચારિત્રવિરોધી ક્રિયા કરાવે છે. આશ્ચર્ય એ છે કે આ જ વિવેચનકાર આગળ ૧૧મી ગાથાના વિવેચનમાં *'આરંભાદિની ક્રિયા કરે છે'* એમ જ જણાવે છે. વળી પ્રસ્તુતવિવેચનમાં તેઓ આગળ આવા મતલબનું જણાવે છે કે-*સમ્યક્ત્વીજીવ એવું આંતરનિરીક્ષણ કરે છે કે ચારિત્રની ક્રિયા તો પોતે કરી શકે છે પણ એનાથી પરિણતિ પેદા નહીં થાય, ભગવદ્ભક્તિ આદિથી થશે.. માટે ભગવદ્ભક્તિ આદિ કરે છે.* સમ્યક્ત્વીજીવ શું અતિશયિતજ્ઞાની હોય છે કે જેથી ભવિષ્યમાં શાનાથી પરિણતિ પેદા થશે ને શાનાથી નહીં થાય ? એ એ જાણી શકે... ચારિત્રપાલન અને પ્રભુની દ્રવ્યપૂજા... આ બેમાં ચારિત્રપરિણતિનું પ્રબળ કારણ શું પ્રભુની દ્રવ્યપૂજા છે કે જેથી ચારિત્રપાલનથી પણ નહીં થઈ શકનારી પરિણતિ માટે દ્રવ્યપૂજાદિ અનુષ્ઠાન એ સ્વીકારે.. જો આવું હોય તો તો

चारित्रधर्मप्रातिकूल्येनापि व्यापारादिना **स्यात्, कर्मणः** = चारित्रमोहनीयस्य **बलवत्तया** = नियतप्रबलविपाकतया ।। ४।।

तदलाभेऽपि तद्रागबलवत्त्वं न दुर्वचम् ।
पूयिकाद्यपि यद् भुङ्क्ते घृतपूर्णप्रियो द्विजः ।।५।।

तदिति । **तदलाभेऽपि** = कथञ्चिदन्यथाप्रवृत्त्या चारित्राप्राप्तावपि **तद्रागबलवत्त्वं** = चारित्रेच्छाप्राबल्यं स्वहेतुसिद्धं **न** = नैव **दुर्वचं** = दुरभिधानं, **यद्** = यस्मात्तथाविधविषमप्रघट्टकवशात् **पूयिकाद्यपि** पूयं नाम

એ એવું નિકાચિત નથી હોતું એ જીવો જો વૈરાગ્યની ભાવનાથી ભાવિત થાય-સત્ત્વ ફોરવે તો એમનું ચારિત્રમોહનીય મોળું પડી જાય છે ને એ જીવો ચારિત્રધર્મ પામી જાય છે. પણ જ્યાં સુધી એ ભાવિતતાને-સત્ત્વને એ જીવો કેળવતા નથી, ત્યાં સુધી એ અનિકાચિત ચારિત્રમોહનીય કર્મ પણ જીવ પાસે ચારિત્રવિરોધી પ્રવૃત્તિ કરાવે છે. ॥४॥ (જો ચારિત્રવિરોધી પ્રવૃત્તિ જીવ કરે છે, તો એને પ્રબળ ચારિત્રધર્મરાગ છે એમ શી રીતે કહી શકાય ? આવી શંકાના સમાધાન માટે કહે છે-)

ગાથાર્થ : 'તેનો લાભ ન હોવા છતાં તેનો રાગ બળવાન હોય છે' એમ કહેવું ગલત નથી, કારણ કે ઘેબરપ્રિય બ્રાહ્મણ પૂયિકાદિને પણ ખાય છે.

ટીકાર્થ : કોઈક કારણે અન્યથા પ્રવૃત્તિના કારણે=ચારિત્રવિરોધી પ્રવૃત્તિના કારણે ચારિત્રની પ્રાપ્તિ ન થાય તો પણ સમ્યગ્દૃષ્ટિજીવમાં સમ્યક્ત્વરૂપ સ્વકારણજન્ય ચારિત્રઇચ્છાની પ્રબળતા કહેવી મુશ્કેલ નથી, કારણકે જેને ઘેબર અતિપ્રિય છે, એવો બ્રાહ્મણ તેવા પ્રકારની વિષમપરિસ્થિતિમાં પૂયિકાદિ પણ ખાય છે. આમાં કોહવાઈ ગયેલી વસ્તુનો સ્વાદ પૂય કહેવાય છે. આવા સ્વાદવાળી વસ્તુ પૂયિકા છે. પૂયિકાદિમાં આદિ શબ્દથી રૂક્ષ-વાસી વાલ-ચણા વગેરે લેવાના છે. (સ્વાદિષ્ટ વસ્તુ ન મળે તો આ પણ ખાઈ લે છે.) અહીં બ્રાહ્મણની વાત એટલા માટે કરી છે કે એને એની જાતિના પ્રભાવે જ બીજું ત્રીજું ખાવાની ઇચ્છા હોતી નથી. અન્ય ઇચ્છાકાળે પણ પ્રબળઇચ્છાનો સંસ્કારરૂપે નાશ થતો નથી, એ તાત્પર્ય છે.

વિવેચન : જેમ બ્રાહ્મણને ઘેબરવગેરે મધુર વસ્તુ જ અતિપ્રિય હોવા છતાં એ મળે નહીં એવી પરિસ્થિતિમાં એ સડેલી-કોહવાયેલી વસ્તુ પણ ખાઈ લે છે.. તેમ છતાં એ વખતે પણ અંદર તો ઘેબરની જ ઇચ્છા રહી હોય છે, એમ સમ્યગ્દૃષ્ટિજીવ ચારિત્રની અપ્રાપ્તિમાં ચારિત્રવિરોધી સંસારક્રિયા પણ કરે છે, છતાં અંદર તો ચારિત્રની ઇચ્છા જ સ્ફુરાયમણ હોય છે.

અહીં આ વિશેષતા જાણવી. બ્રાહ્મણને પૂયિકાદિ ભોજનકાળે પણ ઘેબરની જ ઇચ્છા રહ્યા કરતી હોય છે, માત્ર તત્કાળ મળી શકે એમ નથી ને બીજો કોઈ ઉપાય નથી માટે સડેલું ભોજન કરે છે. અને એટલે જ

બધા સાધુઓએ ચારિત્રપાલન છોડીને દ્રવ્યપૂજારૂપ ભગવદ્ભક્તિમાં જ મચી પડવું જોઈએ. હકીકત એ છે કે પારિવારિક જવાબદારી કે પોતાની ભોગાસક્તિના કારણે જેને ચારિત્રપાલન શક્ય નથી, એ જ પછી ભગવદ્ભક્તિ વગેરે માર્ગ સ્વીકારે છે.)

कुथितो रसस्तदस्यास्तीति पूयिकं, आदिशब्दाद्बूक्षं पर्युषितं च वल्लचनकादि, किं पुनरितरदित्यपिशब्दार्थः, घृतपूर्णाः प्रियाः = वल्लभा यस्य स तथा (=**घृतपूर्णप्रियो**) **द्विजो** = ब्राह्मणो **भुङ्क्ते** = अश्नाति । यदत्र द्विजग्रहणं कृतं तदस्य जातिप्रत्ययादेवान्यत्र भोक्तुमिच्छाया अभावादिति । अन्येच्छाकालेऽपि प्रबलेच्छाया वासनात्मना न नाश इति तात्पर्यम् ।। ५ ।।

गुरुदेवादिपूजाऽस्य त्यागात्कार्यान्तरस्य च ।
भावसारा विनिर्दिष्टा निजशक्त्यनतिक्रमात् ।। ६ ।।

गुर्विति । **अस्य** = सम्यग्दृशो **गुरुदेवादिपूजा च कार्यान्तरस्य** = त्याग-भोगादिकरणीयस्य **त्यागात्** =

એ ભોજનકાળે પણ એ ભોજનનો ત્રાસ જ હોય છે. આવું જ કેટલાક અવિરતસમ્યક્ત્વીને હોય છે, વ્યક્તરૂપે પણ ચારિત્રની જ પ્રબળ ઇચ્છા હોવા છતાં પરિસ્થિતિવશાત્ પરાણે ઘરવાસ હોય છે ને તેથી એ ઘરવાસ એને ભારે ત્રાસરૂપ અનુભવાતો હોય છે. પણ 'બધા જ સમ્યક્ત્વીને આવું જ હોય છે' એવું હોતુ નથી. કેટલાય સમ્યક્ત્વી જીવો સત્ત્વ અને પુરુષાર્થ ફોરવે તો ચારિત્રપ્રાપ્તિ શક્ય હોય છે. પણ સ્વજનમમતા, ભોગાસક્તિ વગેરે કારણે ઘરવાસમાં રહ્યા હોય છે. ને તેથી ભોગપ્રવૃત્તિકાળે ભોગ પરાણે ભોગવે છે એવું નથી હોતું, પણ સ્વરુચિથી જ ભોગવતા હોય છે અને એટલે જ ભોગસુખનો તત્કાળ ત્રાસ નથી હોતો. પણ આનંદ હોય છે. આ બધો અપ્રત્યખ્યાનાવરણ કક્ષાના ચારિત્રમોહનીય કર્મનો પ્રભાવ હોય છે.

શંકા : પણ જો એ વખતે ભોગસુખની રુચિ-ઇચ્છા છે, તો ચારિત્રની ઇચ્છા તો રહી ન જ શકે, કારણકે એકસાથે બે વિરોધી ઇચ્છા સંભવિત નથી.

સમાધાન : તમારી વાત સાચી છે. એ વખતે વ્યક્તરૂપે ચારિત્રઇચ્છા હોતી નથી જ. તેમ છતાં સંસ્કારરૂપે તો એ વિદ્યમાન હોય છે જ. આ વાતને સૂચવવા જ ગ્રન્થકારે ટીકામાં वासनात्मना न नाशः (ચારિત્રની પ્રબળ ઇચ્છાનો વાસનારૂપે નાશ થતો નથી.) એમ જણાવ્યું છે. વળી અહીં वासनात्मना એમ વિશેષ ઉલ્લેખ જે કર્યો છે એ જ સૂચવે છે કે સંસ્કારરૂપે જ એ ચારિત્રઇચ્છા અવિનષ્ટ હોય છે, વ્યક્તરૂપે તો એ વિનષ્ટ જ હોય છે.

શંકા : ભોગેચ્છા જો ચારિત્રેચ્છાને દબાવી દે છે, તો ચારિત્રેચ્છાને અહીં પ્રબળ કેમ કહી છે ?

સમાધાન : ભોગેચ્છા અપ્રત્યાખ્યાનાવરણકર્મના તેવા ઉદયવશાત્ થયેલી છે, જ્યારે ચારિત્રેચ્છા સ્વરુચિથી થઈ છે. વળી ભોગ સિવાયના અવકાશકાળ દરમ્યાન ચિંતનવેળાએ ચારિત્રની જ પ્રબળ ઉપાદેયતા સંવેદે છે, ભોગની એવી જ પ્રબળ હેયતા સંવેદે છે ને તેથી ભોગસુખને કદર્થના માને છે, પોતાની લાચારી માને છે, ભોગસુખમાં પ્રવૃત્ત પોતાની જાતને ધિક્કારે છે. આ સૂચવે છે કે આગંતુક ભોગેચ્છા કરતાં (વ્યક્ત કે સંસ્કારરૂપે) સ્થિર ચારિત્રેચ્છા પ્રબળ હોય છે. ભોગકાળે પણ અંદર રહેલો ચારિત્રનો પક્ષપાત-ચારિત્રમાં ઉપાદેયતાની બુદ્ધિ.. એ અહીં ચારિત્રેચ્છાના સંસ્કારરૂપે અનાશ તરીકે લઈ શકાય. ॥૫॥ (સમ્યક્ત્વનું ત્રીજું લિંગ ગુરુદેવાદિપૂજાને જણાવે છે-)

ગાથાર્થ : આ સમ્યગ્દૃષ્ટિએ કાર્યાન્તરનો ત્યાગ કરીને યથાશક્તિ કરે ગુરુ-દેવાદિપૂજા ભાવપ્રધાન હોવી કહેવાયેલી છે.

ટીકાર્થ : આ સમ્યગ્દૃષ્ટિ જીવની, [1]ત્યાગ-ભોગાદિકરણીય કાર્યાન્તરનો પરિહાર કરીને પોતાના સામર્થ્યનું

परिहारात्, **(निजशक्त्यनतिक्रमात्=)** निजशक्तेः स्वसामर्थ्यस्यानतिक्रमात्=अनिगूहनाद् **भावसारा** = भोक्तुः स्त्रीरत्नगोचरगौरवादनन्तगुणेन बहुमानेन प्रधाना **विनिर्दिष्टा** = प्ररूपिता परमपुरुषैः ।। ६ ।।

ઉલ્લંઘન કર્યા વગર કરાતી ગુરુ-દેવાદિપૂજા ભાવસાર કહેવાયેલી છે, એટલે કે એ પૂજા, ચક્રવર્તીનું સ્ત્રીરત્ન ભોગવવા મળે એ જેટલો બહુમાનનો વિષય છે, એના કરતાં પણ અનંતગુણ બહુમાનના કારણે પ્રધાનભૂત હોય છે એમ પરમપુરુષો વડે કહેવાયેલું છે.

વિવેચન : અહીં પણ ગીતશ્રવણ-જિનવાણીશ્રવણની જેમ સ્ત્રીરત્ન-ગુરુદેવાદિપૂજામાં તુચ્છત્વ-મહત્ત્વનું દર્શન હોવાથી પૂજા પ્રત્યે અનંતગુણ બહુમાન હોય છે.

(૧) અહીં 'ત્યાગ-ભોગાદિ'.. શબ્દ છે, પણ વસ્તુતઃ 'ભોગાદિ' શબ્દ હોવો ઉચિત લાગે છે. કારણકે ત્યાગ શબ્દ લઈએ તો શાનો ત્યાગ ? આ પ્રશ્ન ઊભો રહેવાથી અર્થ શું કરવો? એ નિશ્ચિત થતું નથી. જો કે શબ્દશઃ વિવેચનકારે અહીં ત્યાગ એટલે સંસારનો ત્યાગ= સંયમગ્રહણ કર્યો છે. ને તેથી સંયમગ્રહણરૂપ કાર્યાન્તરનો ત્યાગ કરીને ગુરુદેવાદિપૂજા કરે છે આવો અર્થ મળે છે. પણ આ અર્થ યોગ્ય નથી, કારણકે કાર્યાન્તર તરીકે જે અભિપ્રેત હોય એના કરતાં ગુરુદેવાદિપૂજા અનંત ગુણબહુમાનનો વિષય હોવી ગ્રન્થકારે સ્વયં ભાવસારા પદની વૃત્તિ કરતાં કહ્યું છે. ગુરુદેવાદિપૂજા સંયમગ્રહણ કરતાં પણ અનંતગુણ બહુમાનનો વિષય છે એવું તો છે નહીં જ, માટે આ અર્થ ખોટો છે. વળી સમ્યક્ત્વી માટે સંયમગ્રહણ છોડીને પણ ગુરુદેવાદિપૂજા જ જો કર્તવ્ય હોય, તો કોઈ સમ્યક્ત્વીથી દીક્ષા લઈ જ નહીં શકાય.

શંકા : જે સમ્યક્ત્વીની ચારિત્રપ્રાપ્તિને પ્રબળચારિત્રમોહનીય કર્મના ઉદયે રુંધી નાખી છે એવા સમ્યક્ત્વીની આ વાત છે. એ સિવાયના સમ્યક્ત્વી તો સંયમ લેશે જ ને !

સમાધાન : એને તો સંયમગ્રહણની સંભાવના જ નથી, પછી સંયમગ્રહણનો ત્યાગ કરીને ગુરુદેવાદિપૂજા કરે છે આવું કથન એ મૂર્ખાના બકવાસથી અધિક કાંઈ રહેશે નહીં.

નયલતાકારે સંસ્કૃત ટીકામાં गुरुदेवादिपूजाभिन्नधार्मिककार्य એવો અર્થ કર્યો છે. ત્યાગ શબ્દનો આવો અર્થ કઈ રીતે મળી શકે એ તો એ વિદ્વાન જ બતાવી શકે ! વળી આ ભિન્ન ધાર્મિકકાર્ય તરીકે તો પૌષધ પણ આવી શકે. પૌષધ છોડીને પણ પ્રભુપૂજા કરવી આ શું માન્ય છે ? પૌષધ કરતાં પ્રભુપૂજા શું અનંતગુણ બહુમાનનો વિષય છે ? તો તો કોઈથી પૌષધ-ઉપધાન કરી જ નહીં શકાય. એમ, આ ભિન્નધાર્મિકકાર્ય તરીકે જિનવાણીશ્રવણ પણ આવે. ગીતાર્થમહાત્માઓ 'જિનવાણીશ્રવણ છોડીને પણ પ્રભુપૂજા કરવી' એવું નહીં પણ 'જિનવાણીશ્રવણકાળે પ્રભુપૂજા ન કરતાં જિનવાણીશ્રવણ કરવું' એવું જણાવે છે-એ પ્રસિદ્ધ છે. વળી અન્ય ધાર્મિકકાર્ય અને ગુરુદેવાદિપૂજા વચ્ચે આ વિચાર જ ખોટો છે, એ તો જ્યારે જે ધાર્મિક ક્રિયા ઉચિત હોય, ત્યારે બીજી છોડીને તે કરવાની હોય. એટલે ક્યારેક પૂજા છોડીને અન્ય ધાર્મિકક્રિયા પણ કરવાનો પ્રસ્તાવ હોય જ. તેથી આ અર્થ પણ બરાબર જણાતો નથી.

વસ્તુતઃ અહીં ત્યાગ શબ્દ લહિયાની ભૂલથી વધારાનો આવી ગયો લાગે છે. કારણકે અહીં કાર્યાન્તર તરીકે સાંસારિક કાર્યો લેવાના છે, જે ભોગાદિ શબ્દમાં રહેલા આદિ શબ્દથી ગૃહીત થઈ જ જાય છે. અન્ય ધાર્મિક કાર્યો માટે, પૂજામાં અનન્તગુણબહુમાન જે કહ્યું છે તે સંગત ન હોવાથી અહીં લેવાના નથી. એટલે જ ભાવસાર શબ્દની વ્યાખ્યામાં માત્ર ભોગની અપેક્ષાએ જ વાત કરી છે. તેમ છતાં અહીં કોઈ શબ્દ રાખવો હોય

स्यादीदृक्करणे चान्त्ये सत्त्वानां परिणामतः ।
त्रिधा यथाप्रवृत्तं तदपूर्वं चानिवर्ति च ।। ७।।

स्यादिति । **ईदृग्** = उपदर्शितलक्षणं सम्यक्त्वं **चाऽन्त्ये करणे** "जाते सती"ति गम्यं **स्याद्** = भवेत् । **तत्**

તો લાભ શબ્દની કલ્પના કરી શકાય.. જે ધનલાભને જણાવતો હોવાથી કાર્યાન્તર તરીકે અર્થ-કામની બધી પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ જાય.

શંકા : અન્યત્ર આજીવિકાઅવિરોધેન પૂજાદિ કહ્યા છે. એમ ત્રિવર્ગ અબાધાને ગુણ કહેલ છે. આના પરથી સ્પષ્ટ છે કે આજીવિકા વગેરે કાર્યાન્તરનો પણ વિચાર કરવાનો જ છે... એને સાવ છોડી દઈને પૂજામાં જ મચી પડે એ ઉચિત નથી. પછી અહીં કેમ કાર્યાન્તરનો ત્યાગ કહ્યો છે ?

સમાધાન : 'આજીવિકાવગેરે કાર્યાન્તરનો વિચાર કરવાનો જ નહીં' એવું અહીં ક્યાં કહ્યું છે ? એ વિચાર કરવાનો જ હોય. અહીં પણ એનું સૂચન निजशक्त्यनतिक्रमात् પદથી કર્યું છે. આના અર્થમાં, પોતાની શક્તિને જેમ છૂપાવવાની નથી, એમ ઉલ્લંઘવાની નથી એનો પણ સમાવેશ છે જ. મધ્યાહ્નકાળની પૂજાને સાચવવામાં આજીવિકાની સામે પ્રશ્નાર્થ ઊભો થઈ જતો હોય, તો એ પણ એક પ્રકારનું શક્તિનું ઉલ્લંઘન જ છે. એ રીતે પૂજા કરવાની અહીં વાત નથી. આવો કોઈ પ્રશ્નાર્થ ઊભો થતો ન હોય તો વેપારાદિ કાર્યને છોડીને પણ પૂજા જ કરે...

શંકા : આજે ઘણાય શ્રીમંત શ્રાવકોને મધ્યાહ્નકાળે પૂજા કરે તો પણ જીવનનિર્વાહને કશો પ્રશ્ન આવે એમ હોતો નથી. તેમ છતાં તેઓ વેપારને પ્રધાનતા આપી પૂજા આગળ-પાછળ કરતા હોય છે. તો આવા શ્રાવકો સમ્યક્ત્વી ન જ હોય ?

સમાધાન : વર્ણન હંમેશા આદર્શનું હોય. જેમકે સાધુનું વર્ણન કરવાનું હોય, તો સાધુ રોજ એકાસણાં કરે, નિર્દોષ ગોચરી વાપરે, ચારકાળ સ્વાધ્યાય કરે, પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિનું અણીશુદ્ધ પાલન કરે.. વગેરે વગેરે. પણ આનો અર્થ એવો નથી કે જે એકાસણાં વગેરે કશુંક કશુંક ન કરતા હોય એ સાધુ ન જ હોય. આવું જ પ્રસ્તુતમાં જાણવું. 'સમ્યક્ત્વીની સંસારક્રિયા ઘેબરપ્રિય બ્રાહ્મણના પૂયિકાદિભક્ષણ જેવી હોય. કાર્યાન્તરનો ત્યાગ કરીને એ ગુરુદેવાદિ પૂજા જ કરે...' વગેરે વાતો અત્યંત ઝળહળતા આદર્શભૂત સમ્યક્ત્વીની છે. પણ એનો અર્થ એવો નથી કે આવું ન હોય એ સમ્યક્ત્વી ન જ હોય. અપ્રત્યાખ્યાનાવરણ લોભનું જોર હોય તો પ્રવૃત્તિમાં વેપારને પ્રધાનતા અપાતી જોવા મળે પણ, તેમ છતાં દિલમાં-માન્યતામાં પૂજાની જ પ્રધાનતા હોય... ને અવકાશમાં ચિંતનવેળા પોતે વેપારાદિને જે પ્રધાનતા આપે છે, એનો રંજ-પસ્તાવો પણ હોય. ॥૬॥
(શુશ્રૂષાદિ ત્રણ લિંગો બતાવ્યા. હવે આ લિંગોવાળું સમ્યક્ત્વ જીવને ક્યારે પ્રાપ્ત થાય ? એ જણાવે છે-)

ગાથાર્થ : અને આવું સમ્યક્ત્વ અન્ત્યકરણ થયે છતે પ્રાપ્ત થાય છે. તે કરણ જીવોના પરિણામથી યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ એમ ત્રણ પ્રકારે છે.

ટીકાર્થ : અને ઉપર જણાવેલા લક્ષણવાળું સમ્યક્ત્વ અન્ત્યકરણ થયે છતે થાય છે. તે કરણ જીવોના પરિણામને અનુસરીને ત્રણ પ્રકારે છે. યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ. ગાથામાં અન્ત્યે શબ્દ પછી जाते सति

करणं **सत्त्वानां** = प्राणिनां **परिणामतस्त्रिधा** = त्रिप्रकारं (१) **यथाप्रवृत्तं** (२) **अपूर्वं च** (३) **अनिवर्ति चेति** ।।७।।

ग्रन्थिं यावद् भवेदाद्यं द्वितीयं तदतिक्रमे ।
भिन्नग्रन्थेस्तृतीयं तु योगिनाथैः प्रदर्शितम् ।। ८।।

ग्रन्थिमिति । **आद्यं** = यथाप्रवृत्तकरणं **ग्रन्थिं यावद् भवेत्** । **द्वितीयं** = अपूर्वकरणं **तदतिक्रमे** = ग्रन्थ्युल्लङ्घने क्रियमाणे । **तृतीयं तु** = अनिवर्तिकरणं **भिन्नग्रन्थेः** = कृतग्रन्थिभेदस्य **योगिनाथैः** = तीर्थकरैः **प्रदर्शितम्** ।।८।।

એવો અધ્યાહાર છે. ॥७॥ (કયું કરણ ક્યારે હોય ? તે જણાવે છે-)

ગાથાર્થ : ગ્રન્થિ સુધી પ્રથમ કરણ હોય છે, તેને ઉલ્લંઘતી વખતે બીજું કરણ હોય છે અને ભિન્નગ્રન્થિ જીવને ત્રીજું કરણ હોય છે એમ યોગિનાથોએ કહેલું છે.

ટીકાર્થ : આદ્ય=યથાપ્રવૃત્તકરણ ગ્રન્થિ સુધી હોય છે. બીજું=અપૂર્વકરણ ગ્રન્થિનું ઉલ્લંઘન કરાતું હોય ત્યારે હોય છે. અને ત્રીજું=અનિવર્તિકરણ જેણે ગ્રન્થિભેદ કર્યો છે, એવા ભિન્નગ્રન્થિજીવને હોય છે એવું શ્રી તીર્થંકરોએ કહેલું છે.

વિવેચન : રાગ-દ્વેષનો ગાઢ પરિણામ એ ગ્રન્થિ છે. આ એક એવો તીવ્ર પરિણામ છે કે જેને ઉલ્લંઘવો અતિકઠિન છે. અનાદિકાળમાં જીવો નદી-ઘોલપાષાણન્યાયે આ ગ્રન્થિને ભેદવાની પૂર્વભૂમિકા સુધી આવે છે. પણ ઘણું ખરું જીવો ગ્રન્થિને ભેદવાનું પરાક્રમ ફોરવી શકતા નથી અને ગ્રન્થિદેશથી પાછા ફરી જાય છે. માટે આ પરિણામ ગ્રન્થિ કહેવાય છે.

જીવ મોહનીયકર્મની સ્થિતિસત્તા જ્યારે એક કોટાકોટિ સાગરોપમ કરતાં પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ન્યૂન કરે છે, ત્યારે યથાપ્રવૃત્તકરણ પામે છે. અનાદિસંસારમાં આ કરણ યથા=પૂર્વે જે રીતે પ્રવર્ત્યું હતું, એ રીતે ફરી પ્રવૃત્ત થાય છે, માટે એને યથાપ્રવૃત્તકરણ કહે છે. અભવ્યાદિજીવો પણ આ કરણ પામી શકે છે. આવી અવસ્થામાં તીવ્ર રાગદ્વેષપરિણામ રૂપ ગ્રન્થિ ઉપસ્થિત થાય છે. આમ ગ્રન્થિસુધી પ્રથમકરણ હોય છે.

જેઓ પરાક્રમ ફોરવીને ગ્રન્થિને ઉલ્લંઘવાનો પુરુષાર્થ આદરે છે, તેઓને બીજું અપૂર્વકરણ પ્રવર્તે છે. અનાદિસંસારમાં પૂર્વે ક્યારેય ન પ્રવર્તી હોય એવી સ્થિતિઘાતાદિ પાંચ પ્રક્રિયાઓ અહીં પ્રવર્તતી હોવાથી આને અપૂર્વકરણ કહે છે. ગ્રન્થિ ભેદાતી હોય ત્યારે આ બીજું અપૂર્વકરણ હોવાથી એ પૂર્ણ થવાપર ગ્રન્થિ ભેદાઈ જાય છે. ત્યારબાદ જીવ અવશ્ય અનિવૃત્તિકરણ પામે છે. આ કરણ સમ્યક્ત્વ પમાડ્યા વગર નિવૃત્ત થતું નથી, માટે એને અનિવૃત્તિકરણ કહે છે. એ પૂર્ણ થવાના બીજા જ સમયે જીવ સમ્યક્ત્વ પામી જાય છે. આ ત્રણેમાં કરણ શબ્દનો અર્થ જીવના એવા વિશુદ્ધ અધ્યવસાય છે. આ ત્રણ કરણોની વિશેષ વાતો કમ્મપયડી વગેરે ગ્રન્થોમાંથી જોઈ લેવી. ॥८॥ (ગ્રન્થિભેદનો પ્રભાવ જણાવે છે-)

ગાથાર્થ : સમ્યક્ત્વથી પડ્યા પછી પણ એને=ગ્રન્થિને ઉલ્લંઘીને કર્મબંધ થતો નથી. તેથી મિથ્યાત્વી બનેલા પણ તેનો આશય શુભ હોય છે એ વાત બંધભેદથી જણાય છે.

पतितस्यापि नामुष्य ग्रन्थिमुल्लङ्घ्य बन्धनम् ।
स्वाशयो बन्धभेदेन सतो मिथ्यादृशोऽपि तत् ।।९।।

पतितस्यापीति । **अमुष्य** = भिन्नग्रन्थेः **पतितस्यापि** = तथाविधसङ्क्लेशात् सम्यक्त्वात् परिभ्रष्टस्यापि **न** = नैव **ग्रन्थिं** = ग्रन्थिभेदकालभाविनीं कर्मस्थिति**मुल्लङ्घ्य** = अतिक्रम्य सप्ततिकोटिकोट्यादिप्रमाणस्थितिकतया **बन्धनं** = ज्ञानावरणादिपुद्गलग्रहणम् । **तत्** = तस्माद् **मिथ्यादृशोऽपि सतो** भिन्नग्रन्थे**र्बन्धभेदेन** = अल्पस्थित्या कर्मबन्धविशेषेण **स्वाशयः** = शोभनः परिणामः । बाह्यासदनुष्ठानस्य प्रायः साम्येऽपि बन्धाल्पत्वस्य सुन्दरपरिणामनिबन्धनत्वादिति भावः । तदुक्तं- *"भिन्नग्रन्थेस्तृतीयं तु सम्यग्दृष्टेरतो हि न । पतितस्याप्यतो बन्धो ग्रन्थिमुल्लङ्घ्य देशितः ।। एवं सामान्यतो ज्ञेयः परिणामोऽस्य शोभनः । मिथ्यादृष्टेरपि सतो*

टीकार्थ : આ ભિન્નગ્રન્થિજીવને તેવા પ્રકારના સંક્લેશના કારણે સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ થાય તો પણ ગ્રન્થિને=ગ્રન્થિભેદકાલીન કર્મની સ્થિતિસત્તાને ઉલ્લંઘીને સિત્તેર કોડાકોડી સાગરોપમ વગેરે રૂપ અધિકસ્થિતિવાળો જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બંધ થતો નથી. તેથી અલ્પસ્થિતિવાળા વિલક્ષણ કર્મબંધરૂપે બંધમાં ભેદ પડી જવાના કારણે નિશ્ચિત થાય છે કે ભિન્નગ્રન્થિજીવ મિથ્યાદૃષ્ટિ બને તો પણ સુંદર પરિણામવાળો હોય છે. કારણકે બાહ્ય અસદનુષ્ઠાન પ્રાયઃ સમાન હોવા છતાં પણ બન્ધની અલ્પતા એ સુંદર પરિણામની નીપજ છે એમ ભાવજાણવો. યોગબિંદુ (૨૬૬-૬૯)માં કહ્યું છે કે-*તથા ભિન્નગ્રન્થિને ત્રીજું અનિવૃત્તિકરણ થાય છે. આ ત્રણ કરણના પ્રભાવે જ સમ્યગ્દૃષ્ટિજીવ પડે તો પણ ગ્રન્થિને ઉલ્લંઘીને કર્મબંધ કરતો નથી એમ જ્ઞાનીઓએ કહ્યું છે. આમ સામાન્ય રીતે આ ભિન્નગ્રન્થિજીવોને શોભનપરિણામ હોય છે એમ જાણવું જોઈએ, કારણ કે એને મિથ્યાત્વે ગયા પછી પણ મહાબંધમાં વિશેષતા હોય છે. તે આ રીતે-અભિન્નગ્રન્થિજીવને મોહનીયકર્મનો મહાબંધ (ઉત્કૃષ્ટસ્થિતિબંધ) સિત્તેર કો.કો. સાગરોપમ હોય છે, જ્યારે ઇતરને (=ભિન્નગ્રન્થિજીવને) એ એક કો.કો. સાગરોપમ જેટલો પણ હોતો નથી. તેથી આ ઉત્કૃષ્ટસ્થિતિબંધના વિષયમાં પરિણામ જ નિયમા ભેદક છે. કારણકે બાહ્ય અસદ્અનુષ્ઠાન તો બંનેને પ્રાયઃ તુલ્ય જ હોય છે. (એટલે કે અનુષ્ઠાનના કારણે ભેદ પડે છે એમ કહી શકાતું ન હોવાથી પરિણામના કારણે જ ભેદની સંગતિ કરવી જરૂરી બને છે.)*

બંધથી ક્યારેય અંતઃ કો.કો. સ્થિતિને ઉલ્લંઘતા નથી આવા આવશ્યકનિર્યુક્તિના વચનને અનુસરનારા સૈદ્ધાન્તિકોનો આ મત છે. કાર્મગ્રન્થિકો તો ભિન્નગ્રન્થિકજીવને પણ મિથ્યાત્વે ગયા પછી સિત્તેર કો.કો. સાગરોપમ જેટલો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ માને જ છે. તેમ છતાં તેઓના મતે પણ તેવા રસનો તો અભાવ હોવાથી શોભન પરિણામ હોવામાં કોઈ મતભેદ નથી એ ધ્યાનમાં રાખવું.

વિવેચન : જે અનાદિકાળમાં હજુ સુધી ક્યારેય સમ્યક્ત્વ પામ્યો જ નથી એ અનાદિમિથ્યાત્વી.. અને જે ગ્રન્થિભેદ દ્વારા સમ્યક્ત્વ પામ્યા પછી પડીને મિથ્યાત્વે આવ્યા હોય તે સાદિમિથ્યાત્વી. જે પાપપ્રવૃત્તિ કરતી વેળા અનાદિમિથ્યાત્વી જીવ ૭૦ કો.કો. સાગરોપમ સ્થિતિ બંધ કરે છે, એ જ પાપપ્રવૃત્તિ કરતી વખતે સાદિ મિથ્યાત્વી જીવ અંતઃ કો. કો. સાગરોપમથી વધુ સ્થિતિબંધ કરતો નથી. આનો અર્થ સ્પષ્ટ છે કે ભિન્નગ્રન્થિક જીવને અનાદિમિથ્યાત્વી જીવ જેવો તીવ્રસંક્લેશ આવી શકતો નથી. એ ન આવી શકવો એ પણ એક શોભન પરિણામ છે.

महाबन्धविशेषतः ।। सागरोपमकोटीनां कोट्यो मोहस्य सप्ततिः । अभिन्नग्रन्थिबन्धोऽयं न त्वेकाऽपीतरस्य तु ।। तदत्र परिणामस्य भेदकत्वं नियोगतः । बाह्यं त्वसदनुष्ठानं प्रायस्तुल्यं द्वयोरपि ।।"(यो.बिं. २६६-७-८-९) *"बंधेण न वोलइ कयाई"* (**श्रावकप्रज्ञप्ति**-३३) इत्यादिवचनानुसारिणां सैद्धान्तिकानां मतमेतत् । कार्मग्रन्थिकाः पुनरस्य मिथ्यात्वप्राप्तावुत्कृष्टस्थितिबन्धमपीच्छन्ति, तेषामपि मते तथाविधरसाभावात्तस्य शोभनपरिणामत्वे न विप्रतिपत्तिरिति ध्येयम् ।। ९।।

एवं च यत्परैरुक्तं बोधिसत्त्वस्य लक्षणम् ।
विचार्यमाणं सन्नीत्या तदप्यत्रोपपद्यते ।। १०।।

एवं चेति । **एवं च** = भिन्नग्रन्थेर्मिथ्यात्वदशायामपि [2]शोभनपरिणामत्वे च **यत् परैः** = सौगतैः

જો કે કાર્મગ્રન્થિક મતે સાદિ મિથ્યાત્વી પણ ૭૦ કો.કો. સાગરોપમ બંધ કરી શકે છે. એટલે તત્પ્રાયોગ્ય સંક્લેશ પણ એને માનવો જ પડે. તેમ છતાં, પૂર્વે જણાવ્યું એમ બંધાયેલું કોઈ પણ દલિક અનાદિમિથ્યાત્વીને જેમ ઉત્કૃષ્ટથી ૭૦ કો.કો. સાગરોપમ સુધી આત્મા પર રહી શકે છે, એમ સાદિમિથ્યાત્વીને રહી શકતું નથી. એને તો અંતઃ કો.કો. સાગરોપમ સુધીમાં એ ખરી પડે જ છે. આ પણ જીવની એક પ્રકારની આંતરિક યોગ્યતા=શુભપરિણામ છે. આમ, કર્મોને આત્મા પર ૭૦ કો.કો. સાગરોપમ જેટલા દીર્ઘકાળ સુધી ચોંટાડી રાખે એવા રસથી સાદિમિથ્યાત્વીજીવ કર્મબંધ કરતો નથી. એ અભિપ્રાયે અહીં કાર્મગ્રન્થિક મતે તેવા રસનો અભાવ કહ્યો છે ને આ પણ એક શોભન પરિણામ તો છે જ. એટલે સાદિમિથ્યાત્વીને અનાદિમિથ્યાત્વી કરતાં પરિણામ સુંદર હોય છે. આ વાતમાં સૈદ્ધાન્તિકમત કે કાર્મગ્રન્થિકમત.. આ બેમાં કોઈ વિવાદ નથી. ॥૯॥ (ત્રણ કરણ, ગ્રન્થિભેદની પ્રક્રિયા જીવમાં એક એવી સુંદરતા પેદા કરે છે કે જેથી જીવ મિથ્યાત્વે જાય તો પણ એનો શુભ આશય તો ઊભો જ રહે છે. આ દર્શાવ્યું.. હવે એનો સૂચિતાર્થ જણાવે છે-)

ગાથાર્થ : અને આ રીતે, બીજાઓએ બોધિસત્ત્વનું જે લક્ષણ દર્શાવ્યું છે તે પણ સન્નીતિથી વિચારતાં અહીં ઘટે છે.

ટીકાર્થ : આમ ભિન્નગ્રન્થિ જીવ મિથ્યાત્વ અવસ્થામાં પણ શોભન પરિણામવાળો હોય છે એમ નિશ્ચિત થયું. એટલે બૌદ્ધોએ બોધિસત્ત્વનું જે લક્ષણ કહ્યું છે, તે પણ સદ્નીતિથી=મધ્યસ્થવૃત્તિથી વિચારતાં આ સમ્યગ્દૃષ્ટિમાં ઘટે છે.

વિવેચન : સમ્યક્ત્વી જીવ પડ્યા પછી મિથ્યાત્વઅવસ્થામાં પણ સુંદર પરિણામવાળો છે, એટલે સમ્યક્ત્વઅવસ્થામાં તો અતિસુંદરપરિણામ હોય જ. તેથી બૌદ્ધોએ સ્વદર્શનમાં જેમની ઘણી ઊંચી ગુણિયલ

---

2. शब्दशः विवेचनकारे अहीं टीकामां शोभनपरिणामत्वे पद छे, तेना स्थाने शोभनपरिणामत्वं एवुं पद होवुं जोईए एम कल्पना करी छे. ने पछी एना अर्थ तरीके-भिन्नग्रन्थिनुं मिथ्यात्वअवस्थामां पण शोभनपरिणामपणुं.. आ रीते बौद्ध वडे बोधिसत्त्वनुं जे लक्षण कहेवायुं... वगेरे जणाव्युं छे. आ वात गलत छे. कारणके भिन्नग्रन्थिपणुं-मिथ्यात्व अवस्थावगेरे जैनपरिभाषाना शब्दो छे. बौद्धदर्शनना नहीं. पछी तेओ बोधिसत्त्वनुं आवुं लक्षण आपे ए संभवित नथी. अने जो एमने आवो अर्थ अभिप्रेत नथी. तो सप्तम्यन्त परिणामत्वे पद ज योग्य छे, प्रथमांत परिणामत्वं पद नहीं.

बोधिसत्त्वस्य लक्षणमुक्तं तदपि सन्नीत्या = मध्यस्थवृत्त्या **विचार्यमाणमत्र** सम्यग्दृष्टावुपपद्यते ।।१०।।

तप्तलोहपदन्यासतुल्या वृत्तिः क्वचिद्यदि ।
इत्युक्तेः कायपात्येव चित्तपाती न स स्मृतः ।। ११।।

तप्तेति- 'तप्तलोहे यः पदन्यासस्तत्तुल्या (=**तप्तलोहपदन्यासतुल्या**), अतिसकम्पत्वात्, **वृत्तिः** = कायचेष्टा **क्वचिद्** गृहारम्भादौ । '**यदि परं**' **इत्युक्तेः** = इत्थंवचनात्, **कायपात्येव स** = सम्यग्दृष्टिः, **न चित्तपाती स्मृतः** । इत्थं च कायपातिन एव बोधिसत्त्वा इति लक्षणमत्रोपपन्नं भवति । तदुक्तं-

"कायपातिन एवेह बोधिसत्त्वाः परोदितम् ।
न चित्तपातिनस्तावदेतदत्रापि युक्तिमत् ।।" (यो.बिं. २७१) ।।११।।

परार्थरसिको धीमान् मार्गगामी महाऽऽशयः ।
गुणरागी तथेत्यादि सर्वं तुल्यं द्वयोरपि ।। १२।।

અવસ્થા માની છે એ બોધિસત્ત્વનું તેઓએ દર્શાવેલું સ્વરૂપ પણ સ્વદર્શનના પક્ષપાત વિના મધ્યસ્થવૃત્તિથી વિચારતાં સમ્યક્ત્વીમાં ઘટી જાય છે. શ્રી તીર્થંકરદેવો વગેરે જેવા જન્મજાત અનાસક્ત-ઝળહળતા વૈરાગી સમ્યક્ત્વીમાં એ ઘટે છે એમ અહીં સમજવું. ॥૧૦॥ (બૌદ્ધો વડે કહેવાયેલું બોધિસત્ત્વનું લક્ષણ દર્શાવે છે-)

ગાથાર્થ : જો ક્યારેક પ્રવૃત્તિ હોય તો તપેલા લોખંડપર પગ મૂકવા તુલ્ય હોય છે એવા કથનપરથી જણાય છે કે એ કાયપાતી જ મનાયેલો છે, ચિત્તપાતી નહીં.

ટીકાર્થ : જો ક્યારેક ઘરસંસારસંબંધી આરંભાદિની વૃત્તિ=કાયચેષ્ટા હોય, તો એ અતિસકંપ હોવાથી તપેલા લોઢાપર પગ મૂકવા જેવી હોય છે. આવા વચનપરથી જણાય છે કે તે સમ્યગ્દૃષ્ટિ જીવ કાયપાતી જ કહેવાયેલો છે. ચિત્તપાતી નહીં. આમ, બોધિસત્ત્વો કાયપાતી જ હોય છે એવું લક્ષણ અહીં સંગત થાય છે. (યોગબિંદુ ૨૭૧માં) કહ્યું છે કે-*અહીં=જગતમાં બોધિસત્ત્વજીવો કાયપાતી જ હોય છે. ચિત્તપાતી નહીં એવું અન્યોવડે જે કહેવાયેલું છે તે અહીં=સમ્યગ્દૃષ્ટિમાં પણ યુક્તિસંગત છે.*

વિવેચન : તપેલા લોઢા પર પગ મૂકવા તો કોણ ચાહે ? પણ એવી પરિસ્થિતિના કારણે મૂકવો જ પડે એમ હોય તો દિલમાં ભારે ગડમથલ હોય.. ભારે રંજ હોય.. માટે પગ મૂકવાની ક્રિયા સકંપ કહેવાય છે, દિલમાં આ સકંપતા છે, એટલે જ ખાલી ટેકો મળે એ પ્રયોજનથી તપેલા લોઢા પર પગ ટેકવે, અને બીજી જ ક્ષણે જીવ એ પગ ઊઠાવીને આગળ નીકળી જાય છે. એમ સમ્યક્ત્વી જીવ પોતાનું ચાલે તો આરંભ સમારંભાદિ કોઈ સાવદ્યક્રિયા કરવા ચાહતો નથી. ધગધગતા તપેલા લોઢાપર પગ ટેકવવાથી થતા ત્રાસ જેવો ત્રાસ સમ્યક્ત્વીને પાપ આચરવામાં હોય છે. માટે ક્યારેક પાપપ્રવૃત્તિ કરવાનો અવસર આવે ત્યારે દિલ અત્યંત કંપતું હોય છે. અને જેવી આવશ્યકતા પૂરી થાય કે તરત સમ્યક્ત્વીજીવ એ સાવદ્યપ્રવૃત્તિને છોડી દે છે. એટલે પાપપ્રવૃત્તિવેળા પણ ચિત્ત તો પાપત્યાગને જ ઝંખતું હોવાથી એ ચિત્તપાતી હોતો નથી. માત્ર કાયપાતી જ હોય છે. એટલે બૌદ્ધોએ બોધિસત્ત્વજીવો માત્ર કાયપાતી જ હોય છે આવું જે બોધિસત્ત્વનું લક્ષણ કહ્યું છે, તે સમ્યક્ત્વીમાં ઘટી જાય છે ॥૧૧॥ (બોધિસત્ત્વની અન્યતુલ્યતાઓ જણાવે છે-)

परार्थेति । **परार्थरसिकः** = परोपकारबद्धचित्तः, **धीमान्** = बुद्ध्यनुगतः, **मार्गगामी** = कल्याणप्रापकपथयायी, **महाशयः** = स्फीतचित्तः, **गुणरागी** = गुणानुरागवान्, **तथेति** बोधिसत्त्वगुणान्तरसमुच्चयार्थः, **इत्यादि** शास्त्रान्तरोक्तं **सर्वं तुल्यं** = समं **द्वयोरपि** = सम्यग्दृष्टिबोधिसत्त्वयोः ।। १२ ।। अन्वर्थतोऽपि तुल्यतां दर्शयति -

बोधिप्रधानः सत्त्वो वा सद्बोधिर्भावितीर्थकृत् ।
तथाभव्यत्वतो बोधिसत्त्वो हन्त सतां मतः ।। १३ ।।

बोधीति । बोधिः = सम्यग्दर्शनं तेन प्रधानः **(=बोधिप्रधानः) सत्त्वो वा सतां** = साधूनां **हन्त** इत्यामन्त्रणे **बोधिसत्त्वो मतः** = इष्टः । यदुक्तं- *"यत्सम्यग्दर्शनं बोधिस्तत्प्रधानो महोदयः । सत्त्वोऽस्तु बोधिसत्त्वस्तद्धन्तैषोऽन्वर्थतोऽपि हि ।।"* (यो.बिं. २७३)

वा = अथवा **सद्बोधिः** = तीर्थकरपदप्रायोग्यसम्यक्त्वसमेतस्**तथाभव्यत्वतो भावितीर्थकृद्** = यस्तीर्थकृद् भविष्यति स **बोधिसत्त्वः** । तदुक्तं *"वरबोधिसमेतो वा तीर्थकृद् यो भविष्यति । तथाभव्यत्वतोऽसौ वा बोधिसत्त्वः सतां मतः ।।"* (यो.बिं. २७४)

गाथार्थ : પરાર્થરસિક, બુદ્ધિમાન, માર્ગગામી, મહાન્ આશયવાળા, ગુણરાગી તથા ઇત્યાદિ સર્વ બન્નેમાં તુલ્ય હોય છે.

टीकार्थ : પરાર્થરસિક=પરોપકાર કરવામાં તત્પર ચિત્તવાળા, ધીમાન્=બુદ્ધિથી યુક્ત, માર્ગગામી=કલ્યાણની પ્રાપ્તિ કરાવતા માર્ગે ચાલનારા, મહાશયઃ=નિર્મળચિત્તવાળા, ગુણરાગી=ગુણના અનુરાગવાળા (બંને છે.) અહીં તથા પદ બોધિસત્ત્વના બીજા ગુણોના સમાવેશ માટે છે. આમ અન્ય શાસ્ત્રમાં (=બૌદ્ધ શાસ્ત્રમાં) કહેલું બધું બન્નેમાં= સમ્યગ્દૃષ્ટિ અને બોધિસત્ત્વમાં તુલ્ય=સમાન હોય છે. ॥૧૨॥ હવે, અન્વર્થથી પણ તુલ્યતા જણાવે છે, એટલે કે બોધિસત્ત્વ શબ્દનો શબ્દાર્થ પણ સમ્યગ્દૃષ્ટિજીવમાં ઘટે છે એ જણાવે છે-

गाथार्थ : બોધિપ્રધાન સત્ત્વ, અથવા તથાભવ્યત્વથી ભવિષ્યમાં તીર્થંકર બનનાર સદ્બોધિ જીવ એ બોધિસત્ત્વ.. આ પ્રમાણે સજ્જનોને માન્ય છે.

टीकार्थ : 'બોધિ એટલે સમ્યગ્દર્શન... તેના કારણે પ્રધાન=શ્રેષ્ઠ એવો [1]સત્ત્વ=જીવ એ બોધિસત્ત્વ' આવું સજ્જનોને માન્ય છે=ઇષ્ટ છે. હન્તશબ્દ આમન્ત્રણ અર્થમાં છે. તેથી આવો અર્થ મળે છે કે હે જિજ્ઞાસુ ! બોધિના કારણે ઉત્તમસત્ત્વ એ બોધિસત્ત્વ એવું સજ્જનોને માન્ય છે. યોગબિંદુ (૨૭૩)માં કહ્યું છે કે-*જે સમ્યગ્દર્શન બોધિસ્વરૂપ છે, તેના કારણે પ્રધાન બનેલો, મહાન્ ઉદયવાળો જીવ બોધિસત્ત્વ હો ! તેથી [2]હે જિજ્ઞાસુ ! આ સમ્યક્ત્વી અન્વર્થથી પણ બોધિસત્ત્વ છે.*

અથવા સદ્બોધિ=તીર્થંકરપદને પ્રાયોગ્ય સમ્યક્ત્વથી યુક્ત જે તથાભવ્યત્વથી ભવિષ્યમાં તીર્થંકર બનશે તે બોધિસત્ત્વ. યોગબિંદુ (૨૭૪)માં કહ્યું છે કે-*અથવા, વરબોધિયુક્ત જે તથાભવ્યત્વથી તીર્થંકર બનશે તે સજ્જનોને બોધિસત્ત્વ તરીકે માન્ય છે.*

આમાં [3]ભવ્યત્વ એટલે સિદ્ધિગમનયોગ્યત્વ. આ અનાદિપારિણામિક ભાવ છે. [4]કાળનૈયત્યાદિના કારણે

भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपारिणामिको भावः । तथाभव्यत्वं चैतदेव कालनैयत्यादिना प्रकारेण वैचित्र्यमापन्नम् । एतद्भेद एव च बीजसिद्ध्यादिफलभेदोपपत्तिः । अन्यथा तुल्यायां योग्यतायां सहकारिणोऽपि तुल्या एव भवेयुः, तुल्ययोग्यतासामर्थ्याक्षिप्तत्वात्तेषामिति सद्बोधेर्योग्यताभेद एव पारम्पर्येण तीर्थकरत्वनिबन्धनमिति भावनीयम् ।। १३ ।।

વિચિત્રતાને પામેલું આ ભવ્યત્વ જ તથાભવ્યત્વ છે. આનો ભેદ હોય તો જ બીજસિદ્ધિ વગેરે ફળભેદ સંગત થાય. નહીંતર યોગ્યતા તુલ્ય જ હોય, તો સહકારીઓ પણ તુલ્ય જ મળે, કારણકે એ બધા યોગ્યતાથી જ ખેંચાઈ આવતા હોય છે. માટે સદ્બોધિનો યોગ્યતાભેદ જ પરંપરાએ તીર્થકરપણાનું કારણ છે એ વાત ભાવિત કરવી.

વિવેચન : (૧) અહીં ટીકામાં सत्त्वो वा એમ वा પદ જે છે તે વધારાનું આવી ગયેલું હોય એમ જણાય છે, કારણકે મૂળમાં રહેલા वा શબ્દનો આગળ सद्बोधिवગેરે જે કહ્યું છે, તેની સાથે અન્વય છે.

(૨) ઉદ્ધરણ તરીકે આપેલા યોગબિંદુના આ (૨૭૩મા) શ્લોકના ચોથા પાદ તરીકે હસ્તલિખિતપ્રતમાં તથા પૂર્વમુદ્રિતપ્રતમાં तस्माद्धंतेतिपूर्ववत् એવું પદ છે. પણ યોગબિંદુગ્રન્થમાં એ तद्धन्तैषोऽन्वर्थतोऽपि हि એ પ્રમાણે હોવાથી અહીં એ પ્રમાણે પાઠ લઈને અર્થ કર્યો છે.

(૩) તથાભવ્યત્વ શું છે ? એ સમજાવવા આ અધિકાર છે. જીવમાં રહેલી મોક્ષમાં જવાની યોગ્યતા એ ભવ્યત્વ છે. આ યોગ્યતા કોઈ કર્મથી નથી આવતી કે જીવના પુરુષાર્થથી નથી કેળવાતી. પણ અનાદિકાળથી સહજ રીતે રહેલો જીવનો એક પરિણામ છે. માટે એ અનાદિપારિણામિક ભાવ કહેવાય છે.

આ ભવ્યત્વ બધાનું સર્વથા એકસમાન હોય તો બધાનો એક સાથે એક રીતે મોક્ષ થવો જોઈએ. પણ એ થતો નથી. કારણકે શ્રીઋષભદેવ ભગવાન્ આ અવસર્પિણીના ત્રીજા આરાના અંતભાગમાં મોક્ષે ગયા તો શ્રીવર્ધમાનસ્વામી ચોથાઆરાના અંતભાગમાં મોક્ષે ગયા. વળી તેઓ તીર્થંકર બનીને મોક્ષે ગયા.. શ્રીગૌતમસ્વામી વગેરે ગણધર બનીને મોક્ષે ગયા.. આવા તો પાર વિનાના ભેદો પડતા હોય છે. આ ભેદ પડવાનું કારણ શું ?

શંકા : એની એ જ માટીને કુશળ કુંભાર મળે તો સારો ઘડો બને ને શિખાઉ કુંભાર મળે તો એટલો સારો ઘડો ન બને.. આમ સહકારી કારણના ભેદથી કાર્યભેદની સંગતિ પ્રસ્તુતમાં પણ વિચારી શકાય છે ને !

સમાધાન : ઘડામાં તો તે તે ઘડાના ઉપભોક્તાનું કર્મ ભાગ ભજવીને કુંભારમાં ભેદ પાડી દે છે. પ્રસ્તુતમાં સહકારી કારણનો ભેદ કરનાર કોણ ? આ વિચારણામાં એ જણાય છે કે અભવ્યને ચરમાવર્ત ક્યારેય આવતો નથી ને એ આવતો નથી માટે બીજપ્રાપ્તિ-સમ્યક્ત્વ વગેરે કશું સંભવતું નથી. ભવ્યને ચરમાવર્ત આવે છે ને તેથી બીજપ્રાપ્તિ વગેરે બધું પણ સંભવે છે. એટલે જણાય છે કે ચરમાવર્તને ખેંચી લાવનાર જો કોઈ હોય તો એ ભવ્યત્વ છે. વળી ચરમાવર્ત તો કોઈનો વહેલો આવે છે, કોઈનો મોડો.. માટે એને ખેંચી લાવનાર ભવ્યત્વ અલગ-અલગ પ્રકારનું હોવું જોઈએ. આ અલગ-અલગ પ્રકારનું ભવ્યત્વ એ જ તથાભવ્યત્વ છે. અલબત્ પૂર્વે જણાવ્યું એમ ચરમાવર્ત તો કાળ વીતવાથી આવે છે. પણ એ કેટલો કાળ વીતવાથી આવે ? એને તથાભવ્યત્વ નિશ્ચિત કરે છે.

પાંચ કારણોમાં કાળ એ એક સહકારીકારણ છે. એને જેમ તથાભવ્યત્વ ખેંચી લાવે છે (=નિશ્ચિત કરે છે) એમ અન્ય કારણોને પણ એ જ ખેંચી લાવે છે. આશય એ છે કે તીર્થંકર બનીને મોક્ષે જવા માટે જિનનામકર્મનામનું પુણ્ય જોઈએ. આ પુણ્યનું ઉપાર્જન કરવા માટે વીશસ્થાનકની અત્યંત પરાકાષ્ઠાની

तत्तत्कल्याणयोगेन कुर्वन् सत्त्वार्थमेव सः ।
तीर्थकृत्त्वमवाप्नोति परं कल्याणसाधनम् ।।१४।।

આરાધના, સવિ જીવ કરું શાસનરસીની શ્રેષ્ઠતમ ભાવના વગેરે રૂપ પુરુષાર્થ જોઈએ છે. આ આરાધના-ભાવના વગેરેનો પુરુષાર્થ તો અનેક જીવો કરે છે. પણ એ પુરુષાર્થને એવી ઉચ્ચકક્ષાસુધી લઇ જવાની યોગ્યતા બધા જીવોમાં હોતી નથી, પણ અમુક વિશિષ્ટ જીવોમાં જ હોય છે. આ યોગ્યતા જ પુરુષાર્થને એટલી ઉચ્ચકક્ષા સુધી પહોંચાડે છે. અર્થાત્ આ યોગ્યતા જ એ ઉચ્ચકક્ષાના પુરુષાર્થને ખેંચી લાવે છે ને એ પુરુષાર્થ જિનનામ કર્મની ભેટ ધરે છે. અન્ય જીવો કરતાં અલગ તરી આવતી આ યોગ્યતા એ તથાભવ્યત્વ જ છે.

એટલે જે જીવને જ્યારે જેવા સહકારી મળે એ જીવનો ત્યારે તે રીતે મોક્ષ થાય.. આમ સહકારીભેદે કાર્યભેદની સંગતિ કરવા મથીએ તો પણ તથાભવ્યત્વનો ભેદ જ પુરવાર થઈને રહે છે, કારણકે ઉપર કહ્યા મુજબ સહકારીભેદના મૂળમાં પણ તથાભવ્યત્વનો ભેદ જ રહેલો છે. આમ, ભવ્યત્વરૂપે બધા ભવ્યજીવોનું ભવ્યત્વ એક સરખું હોવા છતાં જીવે જીવે એમાં કંઈક વિલક્ષણતા પણ માનવી પડે છે. આ વિલક્ષણતા પણ અનાદિકાળથી જ હોય છે. પોતપોતાનું આવું વિલક્ષણ ભવ્યત્વ એ જ તે તે જીવનું તથાભવ્યત્વ છે, એ પણ અનાદિ પારિણામિક ભાવ જ છે. એના પ્રભાવે જીવોને જુદા જુદા કાળે-જુદી જુદી રીતે ધર્મપ્રશંસાદિરૂપ બીજની સિદ્ધિ આદિ થાય છે. એમાં આદિશબ્દથી ધર્મચિન્તા, શ્રવણ, આચરણ વગેરે સમજવાના છે. આ તેવા પ્રકારના તથાભવ્યત્વનો જ પ્રભાવ હોય છે કે જેથી સામાન્યજીવોનું સમ્યક્ત્વ બોધિ છે, તો શ્રી તીર્થંકર બનનારા આત્માઓનું તે સદ્બોધિ અર્થાત્ વરબોધિ છે.

(૪) કાળનૈયત્યાદિના.. આમાં રહેલા નૈયત્ય શબ્દનો પૂર્વના વિવેચનકારોએ નિયતિ અર્થ કર્યો છે. પણ જો નિયતિને જ જણાવવાનો અભિપ્રાય હોત, તો વૃત્તિકારને નિયતિ શબ્દ વાપરવામાં કયો પ્રતિબંધક હતો કે જેથી એ છોડીને તેઓ નૈયત્ય શબ્દ વાપરે ? હકીકતમાં અહીં नियतस्य भावः नैयत्यम् આ રીતે નિયતપણાંને જણાવનાર નૈયત્ય શબ્દ છે. શ્રી ઋષભદેવ ભગવાન્ ત્રીજાઆરાના અંતે, શ્રી મહાવીરપ્રભુ ચોથા આરાના અંતે મોક્ષે સિધાવ્યા.. આવું બધું તે તે જીવનું કાળનું નિયતપણું.. એ કાળનૈયત્ય.. તીર્થંકર બનાવે એવો પુરુષાર્થ.. ગણધર બનાવે એવો પુરુષાર્થ... વગેરે પુરુષાર્થનું નૈયત્ય.... આદિશબ્દથી આવા બધા નૈયત્ય લેવાના છે. એટલે, પોતપોતાના તથાભવ્યત્વને અનુસરીને કાળનૈયત્યાદિ પ્રકારે બીજસિદ્ધિથી લઈને મોક્ષપ્રાપ્તિ સુધીના કાર્યો તે તે વિશેષરીતે તે તે જીવને થાય છે, એવો અર્થ મળશે. વળી સમ્યક્ત્વ તીર્થંકરપણાનું (=જિનનામકર્મનું) કારણ મનાયું છે. તેમ છતાં બધા જ સમ્યક્ત્વીજીવો કાંઈ જિનનામકર્મ બાંધતા નથી. એટલે એ બીજા જીવો કરતાં તીર્થંકર બનનારા જીવોનું સમ્યક્ત્વ વિશિષ્ટ પ્રકારની યોગ્યતા ધરાવતું હોય છે, એમ પણ માનવું જ પડે છે. તેથી વરબોધિમાં રહેલો યોગ્યતાભેદ (=વિશિષ્ટપ્રકારની યોગ્યતા) એ પરંપરાએ તીર્થંકરપણાનું કારણ છે એ વાત પણ ખાસ વિચારવી જરૂરી છે. (અલબત્ આમાં પણ પૂર્વે જણાવ્યું એમ મૂળમાં તો તેવા પ્રકારનું તથાભવ્યત્વ જ છે એ જાણવું.) ॥૧૩॥ (સદ્બોધિસમેત જીવ કઈ રીતે તીર્થંકર બને છે એ જણાવે છે-)

ગાથાર્થ : તે તે કલ્યાણયોગથી સત્ત્વાર્થને જ કરતો તે જીવ શ્રેષ્ઠ કલ્યાણસાધનભૂત તીર્થંકરપણું મેળવે છે.

तत्तदिति । तस्य तस्य कल्याणस्य परिशुद्धप्रवचनाधिगमातिशायिधर्मकथाऽविसंवादिनिमित्तत्तादिलक्षणस्य योगेन = व्यापारेण **(=तत्तत्कल्याणयोगेन) कुर्वन्** = विदधानः **सत्त्वार्थमेव** मोक्षबीजाधानादिरूपं, न त्वात्मम्भरिरपि, **स** = वरबोधिमान् **तीर्थकृत्त्वमवाप्नोति** = लभते **परं** = प्रकृष्टं **कल्याणसाधनं** = भव्यसत्त्वशुभप्रयोजनकारि । स्वजनादिभवोद्दिधीर्षया सद्बोधिप्रवृत्तिस्तु गणधरपदसाधनं भवतीति द्रष्टव्यम् । यत उक्तं- *"चिन्तयत्वेवमेवैतत्स्वजनादिगतं तु यः । तथाऽनुष्ठानतः सोऽपि धीमान् गणधरो भवेत् ।।"*(यो.बिं. २८९) ।। १४।।

संविग्नो भवनिर्वेदादात्मनिःसरणं तु यः ।
आत्मार्थसम्प्रवृत्तोऽसौ सदा स्यान्मुण्डकेवली ।। १५।।

संविग्न इति । **संविग्नः** = *"तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे देवे रागद्वेषमोहादिमुक्ते । साधौ सर्वग्रन्थसन्दर्भहीने संवेगोऽसौ निश्चलो योऽनुरागः ।।"*(**योगबिन्दु**-२९० श्लोकवृत्तावुद्धृतः) इतिकाव्योक्तलक्षणसंवेगभाग् **भवनिर्वेदात्** = संसारवैरस्या**दात्मनिःसरणं तु** = जरामरणादिदारुणदहनात्स्वनिष्कासनं पुनः **यः** 'चिन्तयती'ति गम्यते । **आत्मार्थसम्प्रवृत्तः** = स्वप्रयोजनमात्रप्रतिबद्धचित्तोऽ**सौ सदा** = निरन्तरं **स्याद्** = भवेद् **मुण्डकेवली** द्रव्य-भावमुण्डनप्रधानस्तथाविधबाह्यातिशयशून्यः केवली **पीठ-महापीठवत्** ।। १५।।

टीकार्थ : परिशुद्धशास्त्रबोध, अतिशयवाळी धर्मकथा, विसंवाद विनाना निमित्त वगेरे ३५ ते ते कल्याणप्रवृत्तिद्वारा सत्त्वार्थने ज=सत्त्वना=जीवना अर्थने ज मोक्षनुं बीजाधान वगेरे३५ प्रयोजनने ज सारतो ते वरबोधियुक्त जीव भव्यजीवना शुभ प्रयोजनने करनार प्रकृष्ट कल्याणसाधनभूत तीर्थंकरपणाने पामे छे. (अहीं 'सत्त्वार्थने ज करता' एम कहेवामां जे ज कार छे, तेना व्यवच्छेदने जणावे छे-) ए जीव स्वार्थी पण होय छे एवुं होतुं नथी. सद्बोधिवाळा जीवनी स्वजनादिना उद्धारनी इच्छाथी थती प्रवृत्ति गणधर पदनुं कारण बने छे ए जाणवुं. कारण के योगबिन्दु (२८९)मां कह्युं छे के-*आ ज प्रमाणे स्वजनादिअंगे संसारउद्धारनो जे विचार करे छे, ए ते विचारने अनुरूप अनुष्ठानथी गणधर बने छे.* ॥१४॥ (मात्र स्वकल्याणने साधनारा जीवोनी वात करे छे-)

गाथार्थ : वळी संविग्न एवो जे जीव भवनिर्वेदना कारणे पोताना निःसरणनुं चिंतन करे छे, आत्मार्थे संप्रवृत्त ते जीव सदा मुंडकेवली थाय छे.

टीकार्थ : योगबिंदु-२९० श्लोकवृत्तिमां उद्धृत काव्यमां कहेला *'हिंसाना प्रचार विनाना तथ्यभूतधर्ममां, राग-द्वेष-मोहादिमुक्त तथ्य देवमां अने सर्वप्रकारना ग्रंथना=परिग्रहना संदर्भथी रहित तथ्य साधुमां जे निश्चल अनुराग छे, ते संवेग छे.* आवा लक्षणवाळा संवेगवाळो जीव ए संवेगीजीव. आ संवेगीजीव भवनिर्वेदथी=संसारना वैरस्यथी=विरसताथी=वैराग्यथी 'जरा-मरणादि३५ भयानक आग जेमां छे ते संसारथी पोते बहार क्यारे नीकळे ? शी रीते नीकळे ?' एवुं जे चिंतवे छे. अने तेथी स्वप्रयोजनमात्रमां जेनुं चित्त प्रतिबद्ध छे, ते हंमेशा मुंड केवली थाय छे, एटले के सामान्यकेवली थाय छे. अर्थात् द्रव्य-भावमुंडनप्रधान अने तेवा बाह्य अतिशयथी रहित केवली थाय छे, जेमके पीठ-महापीठ.

अंशतः क्षीणदोषत्वाच्छिष्टत्वमपि युक्तिमत् ।
अत्रैव हि परोक्तं तु तल्लक्षणमसङ्गतम् ।।१६।।

अंशत इति । **अंशतः** = देशतः **क्षीणदोषत्वाद्** = दोषक्षयवत्त्वात् **शिष्टत्वमप्यत्रैव** = सम्यग्दृष्टावेव **युक्तिमत्** = न्यायोपेतं, "क्षीणदोषः पुरुषः शिष्टः" इतिलक्षणस्य निर्बाधत्वात् । सर्वदोषक्षयेण सर्वथा शिष्टत्वस्य सिद्धे केवलिनि वा विश्रान्तत्वेऽपि सम्यग्दृष्टेरारभ्य देशतो विचित्रस्य शिष्टत्वस्यान्यत्राऽप्यनपायत्वात् । न

विवेचन : द्रव्यमुंडन शब्द साधुना बाह्यआचारोना पालननी निष्ठाने सूचववा छे अने भावमुंडन शब्द साधुनी आंतरिक परिणतिने सूचववा माटे छे. जेना जीवनमां आ बेनी ज प्रधानता छे, बीजाओनो उद्धार करवानी चिंता साव नहींवत् छे. आवा जीवो पूर्वभवमां पण लगभग आवा ज परिणामवाळा होय छे. ने तेथी उपदेशलब्धिवगेरे अतिशयजनक पुण्यनो बंध न होवाथी चरमभवमां एवा बाह्यअतिशयथी पण रहित होय छे. तेथी तेओ द्वारा स्वोपकार थाय छे, परोपकार लगभग थतो नथी. तेओ मुंडकेवली कहेवाय छे.

आम बोधि स्वोपकारजनक=संसारमांथी पोतानो उद्धार करावती प्रवृत्ति तो करावे ज छे. पण साथे सर्वजीवोद्धारनी चिन्ता प्रधानरूपे भळे, तो तीर्थंकर बनावे छे, स्वजन-देशवगेरेना उद्धारनी चिन्ता भळे, तो गणधर बनावे छे; परोपकारनी आवी कोई ज इच्छा न भळे, तो मुंडकेवली बनावे छे. आ केवी चिन्ता भळवी-न भळवी एमां पण मूळ तो तथाभव्यत्व ज छे एे जाणवुं. ॥१५॥ (सम्यक्त्वीमां ज शिष्टपणुं घटे छे एे वातने जणावे छे-)

गाथार्थ : आ सम्यग्दृष्टिमां ज आंशिक क्षीणदोषता होवाथी शिष्टत्व कहेवुं पण युक्तियुक्त छे. तेनुं बीजाओए कहेलुं लक्षण असंगत छे.

टीकार्थ : अंशथी=देशथी दोषोनो क्षय थयो होवाथी आ सम्यग्दृष्टिमां ज शिष्टत्व मानवुं एे पण युक्तियुक्त छे=न्यायोपेत छे, कारण के 'क्षीणदोषवाळो पुरुष शिष्ट छे' एवुं शिष्टनुं लक्षण एेनामां अबाधित छे. जो के सर्वदोषना क्षयथी आवतुं सर्वथा शिष्टत्व सिद्ध परमात्मामां के केवली भगवान्मां विश्रान्त थतुं होवा छतां सम्यग्दृष्टिथी मांडीने देशविरत, सर्वविरत वगेरे अन्यमां पण=सिद्ध अने केवली सिवायना जीवोमां पण मात्रा अने प्रकारनी अपेक्षाए विविधता पामतुं आंशिक शिष्टत्व अनपाय छे=अनाबाध छे.

शंका : शिष्टाचार पण प्रमाण छे. अर्थात् बाळजीवो शिष्टाचारने जोईने प्रवृत्ति करता होय छे. पण तमे कह्युं एवुं शिष्टत्व तो अतीन्द्रिय होवाथी दुर्ग्रह=जाणवुं अत्यंत मुश्केल छे. तेथी सामा पुरुषनो शिष्ट तरीके निश्चय ज नहीं थाय तो एने अनुसरीने स्वयं प्रवृत्ति करवी अशक्य बनी जशे.

समाधान : दोषक्षय अतीन्द्रिय होवाना कारणे शिष्टत्व अतीन्द्रिय होवानी तमारी वात बराबर छे. तेम छतां प्रशम-संवेग वगेरे लिंगो द्वारा एे सुग्रह=सरळताथी जाणी शकाय एवुं होवाथी शिष्टपुरुषनो के एना आचरणनो निश्चय दुष्कर नथी.

शंका : दोष तो रागादि ज छे. पण तेओना क्षयने दिव्यज्ञान थवा पूर्वे अमे निहाळी शकता नथी. वळी एे तो निरवयव छे. एटले एमां अंश जेवी वस्तु ज नथी के जेथी अंशथी एनो क्षय कही शकाय. तेथी आंशिकदोषक्षय पण कही नहीं शकाय ने एना आधारे शिष्टत्वनो बोध पण नहीं करी शकाय.

चैवं शिष्टत्वस्यातीन्द्रियत्वेन दुर्ग्रहत्वाच्छिष्टाचारेण प्रवृत्त्यनापत्तिरिति शङ्कनीयं, प्रशम-संवेगादिलिङ्गैस्तस्य सुग्रहत्वात् । 'दोषा रागादय एव तेषां च दिव्यज्ञानादर्वाक् न क्षयमुपलभामहे । न वा तेषु निरवयवेष्वंशोऽस्ति, येनांशतः तत्क्षयो वक्तुं शक्येतेति' चेत् ? न, अत्युचितप्रवृत्ति-संवेगादिलिङ्गकप्रबलतदुपक्षयस्यैवांशतो

समाधान : તમારી વાત બરાબર ન હોવામાં બે કારણ છે. (૧) [3]અતિઉચિત પ્રવૃત્તિ-સંવેગ વગેરે લિંગપરથી અનુમાન કરાતો પ્રબળ રાગાદિદોષોનો ઉપક્ષય કે રાગાદિ દોષોનો પ્રબળ ઉપક્ષય જ અંશથી દોષક્ષયરૂપ છે. (એટલે આંશિકદોષક્ષય કહેવામાં કોઈ વાંધો નથી. તેમજ એ લિંગ પરથી એનો નિશ્ચય પણ અશક્ય નથી.) તથા (૨) આત્મા પર અનુગ્રહ-ઉપઘાત કરનાર હોવાથી ચય-અપચયવાળો સાવયવ કર્મદોષ તો પ્રસિદ્ધ છે જ. આ વાતનો અન્યત્ર વિસ્તાર કર્યો છે. પણ પરોક્ત=બ્રાહ્મણે કહેલું તેનું=શિષ્ટનું લક્ષણ તો અસંગત જ છે.

વિવેચન : લોક શિષ્ટ પુરુષોને અનુસરનારો હોય છે. એટલે કે શિષ્ટ એ છે જેનું આચરણ અનુકરણીય હોય. અને અનુકરણીય તો એ જ આચરણ બને જે ઉચિત હોય. અનુચિત આચરણ ક્યારેય અનુકરણીય બની શકે નહીં. એટલે શિષ્ટ એ છે જે અનુચિત આચરણ ટાળનારો હોય. વળી, રાગાદિરૂપ કે વિષમકર્મોદયરૂપ દોષ જીવપાસે અનુચિત આચરણ કરાવે છે. એટલે જે આ દોષોનો ક્ષય કરે છે, એ અનુચિત આચરણને ટાળી શકતા હોવાથી શિષ્ટ છે. એટલે 'ક્ષીણદોષવાળો પુરુષ એ શિષ્ટ' એવું અહીં શિષ્ટનું લક્ષણ આપ્યું છે. આ દોષતરીકે રાગાદિ લઈએ તો ક્ષીણદોષપુરુષ તરીકે કેવલીભગવંતો મળે અને જો કર્મો લઈએ, તો માત્ર સિદ્ધ ભગવંતો જ મળે, કારણકે સર્વથા દોષક્ષય તેઓમાં જ છે.

અલબત્ રાગાદિ કાંઈ દ્રવ્યાત્મક નથી કે જેથી એના અવયવાત્મક અંશ સંભવે. તેમ છતાં, આ દોષોમાં પ્રબળતમતા, પ્રબળતરતા, પ્રબળતા, મંદતા, મંદતરતા, મંદતમતા વગેરે રૂપે અંશો સંભવે છે. દોષ જેમ જેમ પ્રબળ હોય છે તેમ તેમ આચરણમાં અનૌચિત્ય પ્રચુર હોય છે. અને જેમ જેમ દોષની પ્રબળતા ઘટતી જાય છે, અર્થાત્ દોષનો આંશિક ક્ષય થતો જાય છે તેમ તેમ આચરણમાંથી અનૌચિત્ય ટળતું જાય છે. અર્થાત્ અનુચિતપ્રવૃત્તિ હવે છે જ નહીં, એવું નથી, પણ અત્યંત અનુચિત પ્રવૃત્તિઓ હવે હોતી નથી. તેથી એટલે અંશે હવે શિષ્ટત્વ પ્રગટ થયું હોય છે. અવિરતસમ્યક્ત્વી જીવને અનંતાનુબંધી કક્ષાના પ્રબળ રાગ-દ્વેષ હોતા નથી. એટલે તજ્જન્ય અનૌચિત્ય ટળવાથી આવતું ઔચિત્ય એની પ્રવૃત્તિમાં અવશ્ય હોય છે. માટે એ કક્ષાના ઔચિત્યને જાળવવાના ઇચ્છુક જીવો માટે તેઓ અનુકરણીયપ્રવૃત્તિવાળા હોવાથી શિષ્ટ છે. તેથી અહીં સમ્યક્ત્વીથી શિષ્ટત્વનો પ્રારંભ કહ્યો છે.

શંકા : જીવને વળગેલો પ્રબળતમ કોઈ દોષ હોય તો એ અનાદિકાળથી વળગેલો સહજમળ છે. ચરમાવર્તપ્રવેશે એનો નોંધપાત્ર હ્રાસ થાય છે ને તેથી જીવ અપુનર્બન્ધક બને છે. વળી *ઉચિતસ્થિતિ જેહ સેવે*

3. શબ્દશઃ વિવેચનકારે *પ્રબળ એવા રાગાદિનો ક્ષય અતિઉચિતપ્રવૃત્તિથી થાય છે. અતિ ઉચિતપ્રવૃત્તિથી રાગાદિના પ્રબળક્ષયને છદ્મસ્થ જાણી શકતો નથી તો પણ સંવેગાદિલિંગોદ્વારા તેનું અનુમાન થઈ શકે છે.*. આવા મતલબનું જે વિવેચન કર્યું છે તે ગલત જાણવું. કારણકે અતિઉચિતપ્રવૃત્તિ અને સંવેગાદિને ખુદ ગ્રન્થકારે જ પ્રબળ રાગાદિના ઉપક્ષયના લિંગ તરીકે જણાવેલા છે. વળી, અતિઉચિતપ્રવૃત્તિ એ લિંગ છે, એ જ જણાવે છે કે ધૂમ જેમ વહ્નિથી જન્ય છે, એમ એ પ્રબળરાગાદિઉપક્ષયથી જન્ય છે, પણ એ ઉપક્ષયનો જનક નથી. અને અતિઉચિતપ્રવૃત્તિ જો લિંગ તરીકે અભિપ્રેત નથી, તો એનો પ્રસ્તુત સમાસમાં સમાસવિગ્રહ કઈ રીતે કરવો એ આ પંડિતે ચોક્કસ દર્શાવવું જોઈએ.

दोषक्षयार्थत्वात्, आत्मानुग्रहोपघातकारित्वेन चयापचयवतः सावयवस्य कर्मरूपदोषस्य प्रसिद्धत्वाच्चेत्यन्यत्र विस्तरः । **हि** निश्चितं **परोक्तं तु** = द्विजन्मोद्भावितं तु तस्य = शिष्टस्य लक्षणं **(=तल्लक्षणं) असङ्गतं** = अयुक्तम् ।। १६ ।। तथाहि -

---

सदा... વગેરે વચનો અપુનર્બન્ધકજીવની પ્રવૃત્તિ પણ ઉચિત હોવી જણાવે છે. તેથી એ પણ સ્વપ્રાયોગ્ય અનુકરણીય પ્રવૃત્તિવાળો હોય જ છે. એટલે આંશિક દોષક્ષયને નજરમાં રાખીને પણ શિષ્ટત્વ જો કહેવાનું હોય તો શિષ્ટત્વનો પ્રારંભ સમ્યક્ત્વીથી ન કહેતાં અપુનર્બન્ધકથી કહેવો જોઈએ.

સમાધાન : તમારી વાત સાચી છે. પણ એની પ્રવૃત્તિનું અનુકરણ કોણ કરે ? સામાન્યથી નીચલી ભૂમિકાવાળાજીવો અનુકરણ કરનારા હોય છે. અપુનર્બન્ધકથી નીચલી ભૂમિકા એટલે ભવાભિનંદીપણું. અને ભવાભિનંદીજીવના તો ક્ષુદ્રતાદિદોષો જ એવા હોય છે કે એને સત્પ્રવૃત્તિની શક્યતા જ હોતી નથી. આમ, કોઈ અનુકર્તા ન હોવાથી અપુનર્બન્ધકની પ્રવૃત્તિ અનુકરણીય બનતી ન હોવાના કારણે એને શિષ્ટ મનાતો નથી. આ વાતનું સૂચન કરવા જ ગ્રન્થકારે વૃત્તિમાં પ્રબળદોષ ઉપક્ષયના લિંગ તરીકે માત્ર ઉચિતપ્રવૃત્તિ ન કહેતાં અતિઉચિતપ્રવૃત્તિ કહી છે. અર્થાત્ ઉચિતપ્રવૃત્તિથી અનુમાન થતો દોષઉપક્ષય અહીં આંશિક દોષક્ષય તરીકે માન્ય નથી, પણ અતિઉચિતપ્રવૃત્તિથી અનુમાન થતો તે માન્ય છે, ને એ જ જીવમાં શિષ્ટત્વરૂપ બને છે. અપુનર્બન્ધકની પ્રવૃત્તિ ઉચિત હોય છે. એની અપેક્ષાએ સમ્યક્ત્વીની, દોષક્ષય વધુ થયો હોવાના કારણે અતિઉચિત હોય છે. તેથી અપુનર્બન્ધક શિષ્ટ કહેવાતો નથી, સમ્યક્ત્વી કહેવાય છે.

દેશવિરતને અપ્રત્યાખ્યાન કક્ષાના રાગ-દ્વેષ પણ હોતા નથી. તેથી એની પ્રવૃત્તિમાં સમ્યક્ત્વી કરતાં પણ અનૌચિત્યવર્જન- ઔચિત્યસેવન વધુ હોય છે. માટે દેશવિરતમાં શિષ્ટત્વની માત્રા વધારે હોય છે. સર્વવિરતને પ્રત્યાખ્યાનાવરણકક્ષાના રાગ-દ્વેષ પણ હોતા નથી. માટે અનૌચિત્યવર્જન-ઔચિત્યસેવન-શિષ્ટત્વની માત્રા ઓર વધારે હોય છે. આમ વધતાં વધતાં શિષ્ટત્વ કેવળી ભગવંતમાં ઉત્કૃષ્ટતાએ પહોંચે છે, અર્થાત્ વિશ્રાંત થાય છે, કારણકે એને રાગ-દ્વેષ સર્વથા ક્ષીણ હોવાથી અનૌચિત્યની ગંધ સુદ્ધાં હોતી નથી.

કર્મરૂપદોષમાં [4]અપચય=હાનિ આત્માપર અનુગ્રહ કરે છે અને ચય=સંચય=વૃદ્ધિ આત્માપર ઉપઘાત કરે છે. એટલે આત્માપરના અનુગ્રહ-ઉપઘાત અપચય-ચયને જણાવે છે. વળી આ અપચય-ચય સાવયવતા હોય તો જ સંભવે છે. તેથી એના દ્વારા કર્મરૂપ દોષ સાવયવ હોવો નિશ્ચિત થાય છે. આ વાતનો અન્યત્ર-અદૃષ્ટસિદ્ધિવાદ, સ્યાદ્વાદકલ્પલતા વગેરેમાં વિસ્તાર કર્યો છે.

બ્રાહ્મણો શિષ્ટનું જે લક્ષણ આપે છે, તે તો અસંગત જ છે. ॥૧૬॥

---

4. શબ્દશઃ વિવેચનકારે અહીં ચય-ઉપચય શબ્દ લીધા છે અને *ચય-ઉપચય પામનાર =હાનિ અને વૃદ્ધિ પામનાર..* એવો અર્થ કર્યો છે. ચય કે ઉપચય.. એ બેમાંથી કોઈપણ શબ્દનો અર્થ 'હાનિ' કઈ રીતે થાય એ તો આવા અપૂર્વ (!) પંડિતો જ બતાવી શકે. વળી પંડિતાઈ (!) તો જુઓ : પહેલાં લખે છે *આત્મામાં કર્મોની દીર્ઘસ્થિતિ હોય ત્યારે ઉપઘાત થાય છે અને સ્થિતિ કાંઇક ઘટે છે, ત્યારે અનુગ્રહ થાય છે.* પછી લખે છે : *કર્મના ક્ષયથી આત્માને અનુગ્રહ થાય છે અને વૃદ્ધિથી ઉપઘાત થાય છે.* અર્થાત્ પહેલાં સ્થિતિના આધારે અનુગ્રહ-ઉપઘાત કહ્યા.. ને પછી કર્મના આધારે.. આમાં સ્થિતિના આધારે કરેલું કથન એ એમની પંડિતાઈની પેદાશ જાણવી, કારણકે ગ્રન્થકારે તો કર્મરૂપદોષના ચય-અપચય, સાવયવત્વ વગેરે કહ્યા છે, સ્થિતિના નહીં !

वेदप्रामाण्यमन्तृत्वं बौद्धे ब्राह्मणताडिते ।
अतिव्याप्तं द्विजेऽव्याप्तं स्वापे स्वारसिकं च तत् ।। १७।।

वेदेति । **"वेदप्रामाण्यमन्तृत्वं"** एतावदेव शिष्टलक्षणं **ब्राह्मणताडिते बौद्धेऽतिव्याप्तं**, तेनापि "वेदाः प्रमाणं" इत्यभ्युपगमात् ।

स्वारसिकं च तत् = वेदप्रामाण्यमन्तृत्वं **द्विजे** = ब्राह्मणे **(स्वापे) अव्याप्तम्** । अयं भावः- स्वारसिकत्वविशेषणेन बौद्धेऽतिव्याप्तिनिरासेऽपि 'स्वारसिकवेदप्रामाण्यमन्तृत्वं' यदाकदाचिद्वाच्यं सर्वदा वा ? आद्ये बौद्ध एवातिव्याप्तितादवस्थ्यं, तस्यापि जन्मान्तरे वेदप्रामाण्याभ्युपगमध्रौव्यात् । अन्त्ये च शयनादिदशायां वेदप्रामाण्याभ्युपगमाभाववति ब्राह्मणेऽव्याप्तिरिति ।। १७।।

તે આ રીતે-

ગાથાર્થ : બ્રાહ્મણે મારેલા બૌદ્ધમાં વેદપ્રામાણ્યમન્તૃત્વ લક્ષણ અતિવ્યાપ્ત થાય છે. સ્વારસિક એવું તે બ્રાહ્મણમાં નિદ્રાકાળે અવ્યાપ્ત થાય છે.

ટીકાર્થ : વેદપ્રામાણ્યમન્તૃત્વ.. આટલું જ શિષ્ટલક્ષણ બ્રાહ્મણે જેને મારેલો છે તે બૌદ્ધમાં અતિવ્યાપ્ત થાય છે, કારણકે તે પણ 'વેદ પ્રમાણ છે' એવું માને છે. અને સ્વારસિક એવું તે= વેદપ્રામાણ્યમન્તૃત્વ બ્રાહ્મણમાં સ્વાપઅવસ્થામાં અવ્યાપ્ત છે. કહેવાનો ભાવ આ છે-સ્વારસિકત્વવિશેષણથી બૌદ્ધમાં અતિવ્યાપ્તિનો નિરાસ થવા છતાં સ્વારસિકવેદપ્રામાણ્યમન્તૃત્વ ક્યારેક જ જોઈએ કે સર્વદા ? પ્રથમ વિકલ્પમાં બૌદ્ધમાં જ અતિવ્યાપ્તિ તદવસ્થ રહેશે, કારણકે જન્માન્તરમાં તે પણ વેદને પ્રમાણ માનતો હોય એ નિશ્ચિત છે. બીજા વિકલ્પમાં શયનાદિદશામાં વેદને પ્રમાણ માનવાનો અભ્યુપગમ ન હોવાથી બ્રાહ્મણમાં અવ્યાપ્તિ આવશે.

વિવેચન : બ્રાહ્મણો શિષ્ટનું લક્ષણ આ રીતે આપે છે-'વેદો પ્રમાણ છે' આવું જે માને તે શિષ્ટ. પણ જો આટલું જ લક્ષણ માનવાનું હોય, તો સામાન્યથી વેદને અપ્રમાણ માનતો બૌદ્ધ પણ બ્રાહ્મણ દ્વારા મારપીટ કરીને બળાત્કાર કરાય તો 'વેદ પ્રમાણ છે' એવું કહેવા માંડે. એટલે અશિષ્ટ એવા એ બૌદ્ધમાં પણ શિષ્ટનું લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ થશે.

બ્રાહ્મણ : કોઈપણ જાતના વિશેષણ વિનાની માત્ર વેદને પ્રમાણ માનવાની માન્યતાને શિષ્ટનું લક્ષણ અમે નથી કહેતા, પણ એમાં સ્વારસિકત્વ વિશેષણ જોડીને એ કહીએ છીએ. અર્થાત્ જે સ્વરુચિથી વેદને પ્રમાણ માને એ શિષ્ટ. બૌદ્ધ કાંઈ સ્વરુચિથી એવું માનતો નથી. માટે એમાં અતિવ્યાપ્તિ નથી.

ગ્રન્થકાર : સ્વરુચિની આ માન્યતા ક્યારેક જ હોય તો ચાલે કે સર્વદા જોઈએ ? ક્યારેક જ હોવી જો ચાલતી હોય, તો બૌદ્ધમાં અતિવ્યાપ્તિ તદવસ્થ જ રહેશે, કારણકે કોઈક જન્મમાં એ બ્રાહ્મણ હશે ત્યારે સ્વરુચિથી વેદને પ્રમાણ માનતો જ હશે. એટલે જો એમ કહેશો કે સર્વદા આ માન્યતા જોઈએ, તો બૌદ્ધમાં અતિવ્યાપ્તિનું વારણ થઈ જશે, પણ બ્રાહ્મણ જ્યારે નિદ્રાધીન હશે ત્યારે આ માન્યતા ન હોવાથી અવ્યાપ્તિ ઊભી થશે. ॥૧૭॥ (એ અવ્યાપ્તિનું નિવારણ કરવા બ્રાહ્મણ કહે છે-)

ગાથાર્થ : બ્રાહ્મણ : તે સ્વીકારથી લઈને જ્યાં સુધી વિપરીત માન્યતા ન આવે ત્યાં સુધી શિષ્ટત્વ રહે.

तदभ्युपगमाद्यावन्न तद्व्यत्ययमन्तृता ।
तावच्छिष्टत्वमिति चेत्तदप्रामाण्यमन्तरि ।। १८।।

तदिति । तस्य = वेदप्रामाण्यस्याभ्युपगमात् **(=तदभ्युपगमात्) यावन्न** तद्व्यत्ययस्य = वेदाप्रामाण्यस्य मन्तृता = अभ्युपगमः **(तद्व्यत्ययमन्तृता) तावच्छिष्टत्वम्** । शयनादिदशायां च वेदाप्रामाण्यानभ्युपगमाद् ब्राह्मणे नाव्याप्तिरिति भावः । अप्रामाण्यमननस्यापि स्वारसिकस्य ग्रहणाद् बौद्धताडिते ब्राह्मणे वेदाप्रामाण्याभ्युपगन्तरि नाव्याप्तिः । अप्रमाकरणत्व-प्रमाकरणत्वाभावयोश्च द्वयोरपि प्रामाण्यविरोधित्वेन

ग्रन्थकार : તો પછી વેદમાં વેદત્વને ન જાણતા અને તેથી અપ્રમાણ માનતા બ્રાહ્મણમાં અવ્યાપ્તિ થશે.

બ્રાહ્મણ : વેદત્વેન વેદને માનવાની વિવક્ષા પણ અમે કહીશું.

ગ્રન્થકાર : તો પછી આ લક્ષણ...(આગળની ગાથામાં અધિકાર આવશે.)

ટીકાર્થ : બ્રાહ્મણ : વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર કર્યો ત્યારથી લઈને જ્યાં સુધી વિપરીત માન્યતા-'વેદ અપ્રમાણ છે' એવી માન્યતા ન આવે, ત્યાં સુધી શિષ્ટત્વ હોય છે. નિદ્રાકાળે પણ બ્રાહ્મણને આવી વિપરીત માન્યતા હોતી નથી, તેથી બ્રાહ્મણમાં એ અવસ્થામાં અવ્યાપ્તિ નહીં થાય.

(**ગ્રન્થકાર :** કોઈ બૌદ્ધ બ્રાહ્મણને મારપીટ કરીને એની પાસે 'વેદ અપ્રમાણ છે' એમ બોલાવશે. એટલે હવે વિપરીતમાન્યતા આવી જવાથી એ બ્રાહ્મણમાં શિષ્ટત્વનું લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ થશે.)

બ્રાહ્મણ : 'વેદ અપ્રમાણ છે' આવી વિપરીત માન્યતા જે કહી છે, તે પણ સ્વરુચિની માન્યતા લેવાની છે. તમે કહેલો બ્રાહ્મણ કાંઈ સ્વરુચિથી આવી વિપરીત માન્યતા ધરાવતો નથી. સ્વરુચિથી તો એ હજુ પણ વેદ પ્રમાણ છે એમ જ માને છે. તેથી એમાં શિષ્ટત્વનું લક્ષણ જતું હોવાથી અવ્યાપ્તિ નથી.

(**ગ્રન્થકાર :** કોઈ બ્રાહ્મણની પાછળથી થયેલી માન્યતાનો આકાર '[1]વેદ અપ્રમાણ છે' એવો ન થતાં 'વેદ પ્રમાણ નથી' એવો થયો. આ બ્રાહ્મણ પણ શિષ્ટ રહ્યો તો નથી જ. તેમ છતાં તમે કહી એવી વિપરીત માન્યતા હજુ એને થઈ ન હોવાથી શિષ્ટનું લક્ષણ એનામાં જશે જ, ને તેથી અતિવ્યાપ્તિ થશે.)

બ્રાહ્મણ : [2]અપ્રમાકરણત્વ (=અપ્રમાણત્વ) અને પ્રમાકરણત્વનો (=પ્રમાણત્વનો) અભાવ.. આ બન્નેનો પ્રામાણ્યવિરોધી તરીકે(પ્રમાણત્વવિરોધી તરીકે) સંગ્રહ થઈ જતો હોવાથી લક્ષણમાં એકનું ગ્રહણ કરવામાં, અન્ય માન્યતાવાળા બ્રાહ્મણમાં અતિવ્યાપ્તિ થવાની આપત્તિ નહીં આવે.

ગ્રન્થકાર : [3]તો પછી વેદમાં વેદત્વને ન જાણતા અને અપ્રામાણ્ય માનતા બ્રાહ્મણમાં આ લક્ષણ અવ્યાપ્ત થશે, કારણકે એ વેદને અપ્રમાણ માને છે.

[4]**બ્રાહ્મણ :** 'વેદને વેદ તરીકે જાણતો હોવો જોઈએ' આવી પણ વિવક્ષા કરવાથી એ અવ્યાપ્તિ નહીં રહે. કારણકે વેદમાં વેદપણું ન જાણનારને વેદ તરીકે વેદમાં અપ્રમાણતાનો અભ્યુપગમ હોતો નથી, પણ 'આ અપ્રમાણ છે' એમ ઇદંત્વેન જ એ હોય છે. તેથી એ અવ્યાપ્તિ નથી.

ગ્રન્થકાર : તો પણ આ લક્ષણ.. (દુષ્ટ છે.)

વિવેચન : (૧) 'વેદ અપ્રમાણ છે' અને 'વેદ પ્રમાણ નથી' આ બન્ને જ્ઞાનોનો આકાર તો જુદો છે જ. પણ વિષય પણ જુદા જ છે. 'વેદ અપ્રમાણ છે' આ જ્ઞાન અપ્રમાણત્વને=ભ્રમત્વને જણાવે છે, જ્યારે 'વેદ

सङ्ग्रहाद् नैकग्रहेऽन्याभ्युपगन्तर्यतिव्याप्तिः। अत्राह- इति चेत् ? तदप्रामाण्यमन्तरि = वेदाप्रामाण्याभ्युपगन्तरि ।।१८।।

अजानति च वेदत्वमव्याप्तं चेद्विवक्ष्यते ।
वेदत्वेनाभ्युपगमस्तथापि स्याददः किल ।।१९।।

अजानति चेति । **वेदत्वं च** वेदेऽ**जानति** ब्राह्मणेऽ**व्याप्तं** लक्षणमेतत्, तेन वेदाप्रामाण्याभ्युपगमात् । अथ **चेद्** = यदि **वेदत्वेनाभ्युपगमो विवक्ष्यते**, वेद एव वेदत्वमजानतश्च न वेदत्वेनाप्रामाण्याभ्युपगमः किन्तु 'इदमप्रमाणमि'ति इदंत्वादिनैवेति नाव्याप्तिः । **तथापि (स्याद्) अदः** = एतल्लक्षणं **किल** ।।१९।।

પ્રમાણ નથી' એ જ્ઞાન વેદમાં પ્રમાણત્વ ધર્મના અભાવને જણાવે છે. અર્થાત્ પ્રમાણત્વ નથી એટલું જણાવશે, ભ્રમત્વ છે કે નહીં એ બાબતમાં ઉદાસ રહેશે. ઘટમાં પ્રમાણત્વ ન હોવા છતાં ભ્રમત્વ પણ હોતું નથી. તેથી, પાછળથી 'વેદ પ્રમાણ નથી'. એવી બુદ્ધિ થવાથી અશિષ્ટ બની ગયેલા બ્રાહ્મણને 'વેદ અપ્રમાણ છે' એવી બુદ્ધિ જ્યાં સુધી નહીં થાય ત્યાં સુધી લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે જ.

(૨) **બ્રાહ્મણ :** જેમાં વેદને ઉદ્દેશીને, 'વેદ અપ્રમાણ છે' એમ અપ્રમાણત્વનું વિધાન હોય કે 'વેદ પ્રમાણ નથી' એમ પ્રમાણાભાવનું વિધાન હોય.. (પ્રમાણત્વનો નિષેધ હોય).. આ બન્ને આ રીતે ભિન્ન હોવા છતાં પ્રમાણત્વના વિરોધી હોવાથી પ્રમાણત્વવિરોધિત્વેન બન્ને પકડાઈ જાય છે. એટલે લક્ષણમાં ભલે વેદ અપ્રમાણ છે એમ [5]એકનો જ ઉલ્લેખ હોય, તો પણ એ પ્રમાણત્વવિરોધિત્વેન જ અભિપ્રેત હોવાથી, અને એ વિરોધિત્વ તો 'વેદ પ્રમાણ નથી' એવી માન્યતામાં પણ અક્ષત હોવાથી અવ્યાપ્તિ નથી.

(૩) અહીં આવો અભિપ્રાય છે-વેદને પ્રમાણ માનનારા શિષ્ટ બ્રાહ્મણને જેને પોતે જાણતો નથી અથવા ભૂલી ગયો છે એવા વેદવચન મળ્યા. 'એ વેદવચન છે' એવી એને ખબર પડી નથી અને સ્વબુદ્ધિથી એ વચનો અસંગત લાગવાથી અપ્રમાણ ભાસ્યા. એટલે હવે આ શિષ્ટ બ્રાહ્મણમાં લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ આવશે.

(૪) **બ્રાહ્મણ :** એ જો 'આ વેદવચન છે' એમ જાણતો હોત, તો તો એને અપ્રમાણ માનવાનો જ નહોતો. એટલે વિવક્ષિત વચનઅંગે, 'વેદ અપ્રમાણ છે' એવી નહીં, પણ 'આ વચન અપ્રમાણ છે' એવી જ બુદ્ધિ એને થશે. તેથી અવ્યાપ્તિ આવશે નહીં. એટલે આખું લક્ષણ આવું થશે કે-વેદ તરીકે જાણેલા વેદવચનઅંગે 'વેદ અપ્રમાણ છે' આવી સ્વારસિક માન્યતા જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી 'વેદ પ્રમાણ છે' આવું સ્વરસથી માનનારો પુરુષ શિષ્ટ છે.

ગ્રન્થકાર : તો પણ તમારું લક્ષણ (દુષ્ટ છે) [6]॥૧૮-૧૯॥ ([7]એ કઈ રીતે દુષ્ટ છે ? એ જણાવે છે-)

---

5. આમ, संग्रहान्नैकग्रहे ... પાઠ નિઃશંક સુસંગત હોવાથી શબ્દશઃ વિવેચનકારે संग्रहान्नैकाग्रहे આવો પાઠ બદલવાનો સુધારો જે સૂચવ્યો છે તે વ્યર્થ જાણવો.

6. શબ્દશઃ વિવેચનકારે અહીં વિશેષ તરીકે *જૈનો જિનવચનપ્રામાણ્યમંતૃત્વ 'શિષ્ટનું લક્ષણ કહે છે.* આ વાત જણાવીને એનો વિસ્તાર કર્યો છે. પણ આ બધો અપંડિતાઈનો વિલાસ જાણવો. કારણકે (૧) ગ્રન્થકારે આનો અણસાર સુદ્ધાં આપ્યો નથી. (૨) બ્રાહ્મણે 'ક્ષીણદોષત્વ અતીન્દ્રિય છે' વગેરે રૂપે આપેલી આપત્તિ પર ગ્રન્થકારે 'વેદપ્રામાણ્યમન્તૃત્વ

ब्राह्मणः पातकात्प्राप्तः काकभावं तदापि हि ।
व्याप्नोतीशं च नोत्कृष्टज्ञानावच्छेदिका तनुः ।। २०।।

ब्राह्मण इति । यदा **ब्राह्मणः पातकात्** = काकजन्मनिबन्धनाद् दुरितात् **काकभावं प्राप्तस्तदापि हि** स्याद्, ब्राह्मण्यदशायां वेदप्रामाण्याभ्युपगन्तृत्वात्, काकदशायां च वेदाप्रामाण्यानभ्युपगन्तृत्वात् ।

गाथार्थ : બ્રાહ્મણ પાપના પ્રભાવે કાગડાપણાને પામ્યો. ત્યારે પણ (એ શિષ્ટ બનવાની આપત્તિ.) ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક શરીર ઈશ્વરને હોતું નથી.

टीकार्थ : જ્યારે બ્રાહ્મણ કાગડાના ભવના જનક પાપથી કાગડાપણું પામ્યો છે ત્યારે પણ એ શિષ્ટ હશે, કારણ કે 'બ્રાહ્મણ અવસ્થામાં સ્વારસિક 'વેદ પ્રમાણ છે' એવી પ્રતીતિ હતી.. ને પછી આ કાગડાના ભવ સુધી 'વેદ અપ્રમાણ છે' એવી પ્રતીતિ તો ક્યારેય કરી નથી. અને ઉત્કૃષ્ટ જ્ઞાનાવચ્છેદક શરીર ઈશને=ભવાનીપતિને હોતું નથી. એટલે કાગડામાં અતિવ્યાપ્તિના વારણ માટે ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરવત્ત્વ વિશેષણ લગાડવામાં આવે તો ઈશ્વરમાં અવ્યાપ્તિ થશે એમ અર્થ છે.

विवेचन : (१) કાગડાને કોઈ વિશેષ ગતાગમ ન હોવાથી 'વેદ અપ્રમાણ છે' એવી માન્યતા ઊભી થવાનો કોઈ પ્રશ્ન જ ન હોવાથી શિષ્ટલક્ષણ અતિવ્યાપ્ત થશે જ.

(**બ્રાહ્મણ :** કાગડાને કોઈ વિશિષ્ટ જ્ઞાન હોતું નથી. અર્થાત્ એનું જ્ઞાન અપકૃષ્ટ છે. જ્યારે એની અપેક્ષાએ માનવનું જ્ઞાન ઉત્કૃષ્ટ છે. વળી, વિભુ=સર્વવ્યાપક આત્મામાં જ્ઞાન શરીરાવચ્છેદેન ઉત્પન્ન થાય છે એ પ્રસિદ્ધ છે. એટલે શરીર એનું અવચ્છેદક બને છે. તેથી ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક શરીર માત્ર મનુષ્યને હોય છે. કાકાદિને નહીં. માટે ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરવત્ત્વને વિશેષણ તરીકે લેવાથી કોઈ આપત્તિ રહેશે નહીં.

અતીન્દ્રિય છે' એવી સામી આપત્તિ આપી નથી એ સૂચવે છે કે વેદપ્રામાણ્યમન્તૃત્વને ગ્રન્થકાર અતીન્દ્રિય માનતા નથી. આ વાત યોગ્ય પણ છે જ, કારણકે 'વેદ પ્રમાણ છે' એવા એના શબ્દો પરથી કે વાત વાતમાં વેદને અનુસરણરૂપ એના વ્યવહાર પરથી એ નિઃશંક જાણી શકાય છે. હવે એ જો સુબોધ છે, તો જિનવચનપ્રામાણ્યમન્તૃત્વ પણ સુબોધ-સરળતાથી સમજી શકાય એવું છે જ . એટલે એ જો લક્ષણતરીકે નિર્દોષ હોત, તો તો ગ્રન્થકારે આવા સુબોધ લક્ષણને છોડીને ક્ષીણદોષત્વરૂપ દુર્બોધ લક્ષણ આપ્યું ન જ હોત.. આશ્ચર્ય તો એ છે કે જે સમ્યક્ત્વી 'જિનવચન પ્રમાણ છે એમ હજુ માને જ છે, તેમ છતાં કોઈક નિમિત્તવશાત્ અંદરથી સમ્યક્ત્વભ્રષ્ટ થઈ ગયો છે, એમાં શિષ્ટત્વ આ પંડિત (!) ને પણ માન્ય નથી જ. તથા તિર્યંચઆદિ ભવમાં આ મન્તૃત્વ ન હોવા છતાં સમ્યક્ત્વની (=ક્ષીણદોષત્વની) હાજરીમાં શિષ્ટત્વ માન્ય છે જ. તો પછી આ ડહાપણ કરવાની જરૂર શી ?

7. શબ્દશઃ વિવેચનકારની પંડિતાઈ ખરેખર સખેદ આશ્ચર્ય ઉપજાવે એવી છે. ગ્રન્થકારે શિષ્ટનું લક્ષણ આપ્યું.. ને છેલ્લે એને જ પોતે નિર્દોષ સાબિત કરવાના છે. એમાં વચ્ચે પદ્મનાભના લક્ષણની ચર્ચા આવી છે ને છેવટે એ દુષ્ટ જ સાબિત થવાનું છે. તેથી પદ્મનાભ પૂર્વપક્ષી છે ને ગ્રન્થકાર ઉત્તરપક્ષી છે. આ વાત નિઃશંક છે. તેમ છતાં આ પંડિત (!) અહીં અવતરણિકામાં *પૂર્વપક્ષી એવા ગ્રન્થકારશ્રી બતાવે છે-* એમ જણાવીને ગ્રન્થકારને પૂર્વપક્ષી ચીતરે છે. વધારે દુઃખ એ છે કે આ જ પંડિત પાછા ૨૪મી ગાથાના શ્લોકાર્થમાં *એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રન્થકારશ્રી કહે છે* - એમ કહેવા દ્વારા ગ્રન્થકારને ઉત્તરપક્ષી બનાવી દે છે !

उत्कृष्टज्ञानावच्छेदिका च तनुरीशं = भवानीपतिं **न व्याप्नोति** । तथा च काकेऽतिव्याप्ति-वारणार्थमुत्कृष्टज्ञानावच्छेदकशरीरवत्त्वे सतीति विशेषणदान ईश्वरेऽव्याप्तिरित्यर्थः ।। २०।।

अन्याङ्गरहितत्वं च तस्य काकभवोत्तरम् ।
देहान्तराग्रहदशामाश्रित्यातिप्रसक्तिमत् ।। २१।।

अन्येति । **अन्याङ्गरहितत्वं च** = अपकृष्टज्ञानावच्छेदकशरीररहित्यं च **तस्य** = ब्राह्मणभवान्तरप्राप्त-काकभवस्य **काकभवोत्तरं देहान्तराग्रहदशां** = शरीरान्तरानुपादानावस्था**माश्रित्यातिप्रसक्तिमद्** = अतिव्याप्तं तदानीमपकृष्टज्ञानावच्छेदकशरीररहित्यात् ।। २१।।

ગ્રન્થકાર : આ રીતે કાકાદિમાં અતિવ્યાપ્તિનું વારણ થવા છતાં ઈશ્વરાત્મામાં લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ તો આવશે જ, કારણ કે ઈશ્વરને કોઈ જ શરીર માન્યું નહીં હોવાથી ઉત્કૃષ્ટ જ્ઞાનાવચ્છેદકશરીર પણ સંભવતું નથી. તેથી ઈશ્વરાત્મામાં વિશેષણ ન હોવાથી વિશષણાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ=લક્ષણનો અભાવ રહી જાય છે. ॥૨૦॥ (નવો પરિષ્કાર અને એમાં દોષ દર્શાવે છે-)

ગાથાર્થ : અને અન્યાંગરહિતત્વ એ તેના કાકભવની ઉત્તરમાં જ્યાં સુધી નવો દેહ ધારણ કર્યો નથી તે અવસ્થાને આશ્રીને અતિપ્રસક્તિવાળું છે.

ટીકાર્થ : અને અન્યાંગરહિતત્વ=અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરરાહિત્ય તેની=બ્રાહ્મણભવની પછી કાગડાનો ભવ પામેલા જીવની, કાગડાના ભવ પછી જ્યાં સુધી અન્ય શરીર ધારણ કર્યું નથી, એ અવસ્થાને આશ્રીને અતિપ્રસક્તિવાળું=અતિવ્યાપ્તિવાળું છે, કારણકે ત્યારે અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક શરીરથી રાહિત્ય=રહિતપણું છે.

વિવેચન : (**બ્રાહ્મણ :** 'ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરની હાજરીમાં, જ્યાં સુધી વેદઅપ્રામાણ્યની માન્યતા નથી ત્યાં સુધી વેદપ્રામાણ્યનો સ્વીકાર એ શિષ્ટત્વ છે...' આવું લક્ષણ ઈશ્વરમાં અવ્યાપ્ત થાય છે. કારણકે ઈશ્વરને શરીર જ નથી. એટલે કાકભવમાં આવતી અતિવ્યાપ્તિનું વારણ આ રીતે ન કરતાં, આ રીતે કરીશું કે-અન્ય અંગ=ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક શરીરથી અન્ય શરીર=અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક શરીર.. એનું રાહિત્ય=એની ગેરહાજરી.. આને વિશેષણ બનાવવાથી કોઈ આપત્તિ રહેશે નહીં. અર્થાત્ 'અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરની ગેરહાજરીમાં જ્યાં સુધી વેદઅપ્રામાણ્યની માન્યતા નથી, ત્યાં સુધી વેદપ્રામાણ્યનો સ્વીકાર એ શિષ્ટત્વ છે' આવું લક્ષણ બતાવીશું. કાગડાને એવા શરીરની ગેરહાજરી નથી, હાજરી છે, તેથી અતિવ્યાપ્તિ નહીં આવે. ઈશ્વરને શરીર જ ન હોવાથી આવા શરીરની ગેરહાજરી તો છે જ. તેથી અવ્યાપ્તિ નહીં થાય)

ગ્રન્થકાર : છતાં, કાગડાનો ભવ પૂરો કરીને અન્ય ભવમાં જઈ રહેલો એ બ્રાહ્મણ જીવ અશિષ્ટ તો છે જ. ને છતાં, જ્યાં સુધી એ અન્યભવનું શરીર ધારણ કર્યું નથી, તે અવસ્થામાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ થશે જ, કારણકે એ જીવે બ્રાહ્મણભવમાં 'વેદ પ્રમાણ છે' એવી સ્વારસિકરુચિ ધરાવ્યા પછી એ ભવમાં, કાકભવમાં કે આ અન્યભવમાં ક્યારેય સ્વારસિક 'વેદ અપ્રમાણ છે' એવી બુદ્ધિ કરી નથી. વળી હાલ શરીર જ ન હોવાથી અંગરાહિત્ય પણ છે જ. એટલે એ અવસ્થામાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ થશે જ. ॥૨૧॥ (પદ્મનાભનામનો વિદ્વાન નવો પરિષ્કાર જણાવે છે-)

अवच्छेदकदेहानामप्रकृष्टधियामथ ।
सम्बन्धविरहो यावान् प्रामाण्योपगमे सति ।। २२ ।।
अप्रामाण्यानुपगमस्तावत्कालीन एव हि ।
शिष्टत्वं काकदेहस्य प्रागभावस्तदा च न ।। २३ ।।

अवच्छेदकेति । अथ प्रामाण्योपगमे सति वेदप्रामाण्याभ्युपगमकाले **यावानपकृष्टधियामवच्छेदकदेहानां** = अपकृष्टज्ञानावच्छेदकशरीराणां **सम्बन्धविरहः** = सम्बन्धाभावः ।। २२ ।।

अप्रामाण्येति । तावत्कालीन एव हि = सकलतत्समानकालीन एवा**प्रामाण्यानुपगमः** = वेदाप्रामाण्याभ्युपगमविरहः **शिष्टत्वम् । काकदेहस्य प्रागभावो** वेदप्रामाण्याभ्युपगमसमानकालीनस्त**दा च** = काकस्य मरणानन्तरं शरीरान्तराग्रहदशायां **नास्तीति** नातिव्याप्तिः। इत्थं च यावन्तं कालं वेदत्वेन वेदाप्रामाण्याभ्युपगमस्य विरहो वेदप्रामाण्याभ्युपगमसमानकालीनयावदपकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धाभावसमानकालीनस्तावन्तं कालं स शिष्टः । ब्राह्मणोऽपि बौद्धो जातो वेदाप्रामाण्यं यावन्नाभ्युपगतवान् तावच्छिष्ट एव । बौद्धोऽपि ब्राह्मणो जातो वेदप्रामाण्यं यावन्नाङ्गीकृतवांस्तावदशिष्ट एवेति फलितमाह **पद्मनाभः** ।

अत्र च वेदप्रामाण्याभ्युपगमसमानकालीनत्ववत्तत्सामानाधिकरण्यमपि वाच्यम् । अन्यथोत्तरकालं तत्कालीनयत्किंचिद्व्यधिकरणापकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धप्रागभावनाशेनाव्याप्त्यापत्तेः ।। २३ ।।

गाथार्थ : 'प्रामाण्यना स्वीकारनी हाजरीमां, अपकृष्टज्ञानना अवच्छेदकशरीरोनो संबंधविरह ज्यां सुधी होय, त्यां सुधीनो अप्रामाण्य अनुपगम ज शिष्टत्व छे.' अने त्यारे काकशरीरनो प्रागभाव होतो नथी.

टीकार्थ : पद्मनाभ–वेद प्रमाण छे एवा स्वीकारने समानकालीन अपकृष्टज्ञानना अवच्छेदक शरीरोना संबंधोना जेटला अभाव होय ते बधाने समानकालीन एवो जे 'वेद अप्रमाण छे' एवा स्वीकारनो अभाव, ते ज शिष्टत्व छे.. आ रीते लक्षण करवाथी कोई दोष रहेतो नथी. कारणके कागडाना भवना शरीरनो, वेदप्रामाण्यस्वीकारने समानकालीन प्रागभाव त्यारे=कागडाना मरण पछी अन्य शरीरने धारण कर्युं न होय ते काळमां होतो नथी, माटे अतिव्याप्ति नथी. आम, वेदने वेद तरीके अप्रमाण मानवानी मान्यतानो अभाव ज्यां सुधी, वेदने प्रमाण मानवानी मान्यताने समानकालीन यावत् अपकृष्टज्ञानावच्छेदकशरीरना संबंधाभावने समानकालीन होय, त्यां सुधी ए जीव शिष्ट छे एवुं लक्षण फलित थाय छे. ब्राह्मण पण बौद्ध थवा छतां ज्यां सुधी वेदने अप्रमाण मानतो नथी त्यां सुधी शिष्ट ज छे. बौद्ध पण ब्राह्मण थया पछी ज्यां सुधी वेदने प्रमाण तरीके स्वीकारतो थयो नथी, त्यां सुधी अशिष्ट ज छे एवो फलितार्थ पद्मनाभे कह्यो छे.

वळी अहीं वेदप्रामाण्यअभ्युपगमने समानकालीनत्व जेम कह्युं छे, तेम तेनुं सामानाधिकरण्य पण समजी लेवुं जोईए, कारणके नहींतर उत्तरकाळमां तत्कालीन कोईक व्यधिकरण एवा अपकृष्टज्ञानावच्छेदकशरीरसंबंधना प्रागभावनो नाश थवाथी अव्याप्ति थशे.

विवेचन : अहीं पद्मनाभनो आवो अभिप्राय छे-ब्राह्मणभवमां स्वारसिक 'वेद प्रमाण छे' आवी

नैवं तदुत्तरे विप्रेऽव्याप्तेः प्राक्प्रतिपत्तितः ।
प्रामाण्योपगमात्तन्न प्राक् तत्रेति न सेति चेत् ।।२४।।

नैवमिति । **नैवं** = यथा विवक्षितं प्राक्, **तदुत्तरे विप्रे** = काकभवोत्तरमवाप्तब्राह्मणभवे **प्राक्प्रतिपत्तितः**

માન્યતા ઊભી થવાથી શિષ્ટત્વ આવ્યું.. હવે જ્યાં સુધી સ્વારસિક 'વેદ અપ્રમાણ છે' આવી માન્યતા ઊભી ન થાય ત્યાં સુધી શિષ્ટત્વ ટકશે. પણ એ પૂર્વે જ જો કાગડો-કબૂતર જેવા ભવના શરીરનો (=અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરનો) સંબંધ થઈ જાય, તો શિષ્ટત્વ ટકી શકતું નથી. એટલે એ જીવને ભવિષ્યમાં આવા જેટલા શરીરો સંભવિત હોય, એ બધાના સંબંધોનો અભાવ અહીં કહ્યો છે. આ અભાવ તરીકે પ્રાગભાવ પણ લઈ શકાય છે. વળી બ્રાહ્મણ-કાગડો-કોયલ.. આમ જેના ભવ છે એને કાગડાના ભવમાં કોયલ ભવસંબંધી શરીર સંબંધનો પ્રાગભાવ છે જ. એટલે લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ થશે. માટે અહીં આવા જેટલા શરીર સંભવિત હોય એ બધાનો સંબંધાભાવ કહ્યો છે. આવો સંબંધાભાવ તો બ્રાહ્મણના ભવ દરમ્યાન જ હશે, કાગડાના ભવ દરમ્યાન નહીં. તેથી, વેદપ્રામાણ્યઅભ્યુપગમને સમાનકાલીન આવા યાવત્સંબંધાભાવને સમાનકાલીન એવો જે વેદ અપ્રામાણ્ય અભ્યુપગમનો અભાવ એ શિષ્ટત્વ છે.. આવો લક્ષણનો ફલિતાર્થ છે.

શિષ્ટ બ્રાહ્મણ મરીને પછીના ભવમાં બૌદ્ધ થયો. પણ હજુ બાલ્યાવસ્થાદિ કારણે 'વેદ અપ્રમાણ છે' આવી માન્યતા નથી. તો ઉક્ત લક્ષણ એમાં અક્ષત હોવાથી એને શિષ્ટ જ માનવો. અશિષ્ટ બૌદ્ધ મરીને બ્રાહ્મણ બન્યો. હજુ 'વેદ પ્રમાણ છે' એવો અભ્યુપગમ કર્યો નથી. તેથી લક્ષણ જતું ન હોવાથી એને અશિષ્ટ જ માનવો... એમ **પદ્મનાભનું** મંતવ્ય છે.

પદ્મનાભકથિત આ લક્ષણમાં હજુ અવ્યાપ્તિ આવે છે. તે આ રીતે-દેવદત્ત અને યજ્ઞદત્ત.. આ બન્ને વેદને પ્રમાણ માનનાર શિષ્ટ બ્રાહ્મણો છે. યજ્ઞદત્ત મરીને કાગડો થયો. એટલે એના આત્મામાં રહેલો અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક-શરીરસંબંધપ્રાગભાવનો નાશ થઈ ગયો. અલબત્ દેવદત્તને તો હજુ 'વેદ અપ્રમાણ છે' એવા અભ્યુપગમનો અભાવ જ છે, તેમ છતાં હવે એ ઉક્ત પ્રાગભાવને સમાનકાલીન ન હોવાથી દેવદત્તમાં લક્ષણ જઈ શકશે નહીં, તેથી અવ્યાપ્તિ. એનું વારણ કરવા માટે આ પરિષ્કાર જરૂરી છે કે વેદપ્રામાણ્ય અભ્યુપગમને સમાનાધિકરણ હોય એવા જ પ્રાગભાવની વાત અહીં જાણવી. ને એવો પ્રાગભાવ તો દેવદત્તમાં હજુ અક્ષત જ છે. જે પ્રાગભાવનો નાશ થયો છે એ યજ્ઞદત્તમાં હોવાથી વ્યધિકરણ હોવાના કારણે લક્ષણની અવ્યાપ્તિ નથી જ. ॥૨૨-૨૩॥ (પદ્મનાભે ફલિતાર્થ તરીકે આપેલા લક્ષણમાં દૂષણ જણાવે છે-)

ગાથાર્થ : ગ્રન્થકાર : આ લક્ષણ બરાબર નથી, કારણ કે ઉત્તરભવમાં બ્રાહ્મણમાં પૂર્વના પ્રામાણ્યગ્રહને આશ્રીને અવ્યાપ્તિ થાય છે. **પદ્મનાભ :** એ ઉત્તરભવમાં નવા પ્રામાણ્યગ્રહની પૂર્વમાં શિષ્ટત્વ માનતા જ નથી. તેથી તે=અવ્યાપ્તિ નથી.

ટીકાર્થ : ગ્રન્થકાર : તમે જે વિવક્ષા જણાવી એ બરાબર નથી, કારણ કે કાગડાના ભવ પછીના ભવમાં બ્રાહ્મણ થયેલા જીવમાં પૂર્વભવીય વેદપ્રામાણ્યગ્રહની અપેક્ષાએ અવ્યાપ્તિ છે. તે પણ એટલા માટે કે ત્યારે 'વેદ અપ્રમાણ છે' એવા અભ્યુપગમનો એને જે અભાવ છે, તે પૂર્વબ્રાહ્મણભવીય વેદપ્રામાણ્યઅભ્યુપગમને સમાનકાલીન

= प्राग्भवीयवेदप्रामाण्यग्रहमाश्रित्य**अव्याप्तेः** । तदानीं तदीयवेदाप्रामाण्याभ्युपगमविरहस्य प्राक्तनब्राह्मणभवीयवेद-प्रामाण्याभ्युपगमसमानकालीनयावदपकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धविरहासमानकालीनत्वाद्, आन्तरालिक-काकभव एव काकशरीरसम्बन्धप्रागभावनाशात् ।

प्रामाण्योपगमाद् = वेदप्रामाण्याभ्युपगमात् **प्राक् तत्र** काकभवोत्तरब्राह्मणे **तत्** = शिष्टत्वं **नेति** हेतोर-लक्ष्यत्वादेव **न सा** = अव्याप्तिः । वेदप्रामाण्याभ्युपगमे तु लक्षणसम्पत्त्यैवेति भावः । **इति चेत्** ? नन्वेवं यत्किंचिद्वेदप्रामाण्याभ्युपगम एव ग्राह्यः ।।२४।। तथा च -

---

જે यावद्अप्रकृष्टज्ञानावच्छेदक शरीरसंबंधનો વિરહ તેને असमानकालीन છે. કારણકે વચલા કાકભવમાં જ કાકશરીરસંબંધના પ્રાગભાવનો નાશ થઈ ગયો છે. **પદ્મનાભ :** કાકભવની ઉત્તરના બ્રાહ્મણભવમાં 'વેદ પ્રમાણ છે' એવો અભ્યુપગમ કરે એની પૂર્વમાં તે=શિષ્ટત્વ જ નથી, તેથી એ બ્રાહ્મણ લક્ષ્યભૂત જ ન હોવાથી તે અવ્યાપ્તિ આવતી નથી. અને જો એ 'વેદ પ્રમાણ છે' એવો અભ્યુપગમ કરી લે, તો તો લક્ષણ આવી જવાથી જ અવ્યાપ્તિ રહેશે નહીં. **ગ્રન્થકાર :** આમ તો તમારે ગમે તે રીતે વેદપ્રામાણ્યનો અભ્યુગમ લેવાનો રહેશે.

વિવેચન : ત્રેવીશમી ગાથાના અંતભાગમાં પદ્મનાભનો એવો ફલિતાર્થ આવેલો છે કે પછીના ભવમાં બૌદ્ધ થયેલો બ્રાહ્મણ પણ જ્યાં સુધી 'વેદ અપ્રમાણ છે' એવું માને નહીં ત્યાં સુધી પૂર્વના ભવમાં 'વેદ પ્રમાણ છે' આવો જે અભ્યુપગમ કર્યો હતો, એને આશ્રીને એ શિષ્ટ જ છે. આના અનુસંધાનમાં **ગ્રન્થકાર** પ્રસ્તુત અવ્યાપ્તિ આપી રહ્યા છે. શિષ્ટબ્રાહ્મણ-કાગડો-બ્રાહ્મણ... આવી ભવપરંપરાવાળા જીવે પૂર્વના બ્રાહ્મણભવમાં વેદમાં પ્રામાણ્યનો અભ્યુપગમ કર્યો છે, ને પછી અપ્રામાણ્યનો અભ્યુપગમ હજુ સુધી ક્યારેય કર્યો નથી. અલબત્ આ પાછળના બ્રાહ્મણભવમાં 'વેદ પ્રમાણ છે' એવો સ્વીકાર કર્યો ન હોવા છતાં જેમ બૌદ્ધ પૂર્વભવીયસ્વીકારની અપેક્ષાએ શિષ્ટ છે, એમ આ બ્રાહ્મણ પણ પૂર્વભવીય એ સ્વીકારના પ્રભાવે શિષ્ટ છે જ. અને છતાં એનામાં લક્ષણ જતું ન હોવાથી અવ્યાપ્તિદોષ છે. તે આ રીતે-વચલા કાકભવમાં જ કાકશરીરસંબંધપ્રાગભાવનો નાશ થઈ ગયો હોવાથી વેદઅપ્રામાણ્યઅભ્યુપગમનો જે અભાવ છે, તે તેવા પ્રાગભાવને સમાનકાલીન નથી.

ગ્રન્થકારે આપેલી આ અવ્યાપ્તિના વારણ માટે **પદ્મનાભ** કહે છે-ઉત્તરના બ્રાહ્મણ ભવમાં વેદમાં પ્રામાણ્ય જ્યાં સુધી માન્યું નથી, ત્યાં સુધી એ બ્રાહ્મણ શિષ્ટ જ નથી, અર્થાત્ પૂર્વભવીય અભ્યુપગમ હવે એને શિષ્ટ બનાવી શકતો નથી. એટલે એ લક્ષ્ય જ ન હોવાથી લક્ષણ ન જવું એ ઇષ્ટ છે. અવ્યાપ્તિરૂપ નથી. અને આ ઉત્તરભવમાં જ્યારથી એ પ્રમાણ માની લેશે.. ત્યારથી તો એ પ્રામાણ્યઅભ્યુપગમ, એને સમકાલીન જે હવે પછીના જે કોઈ કાકાદિભવીય શરીરસંબંધ સંભવિત હોય તે બધાનો પ્રાગભાવ.. તથા એને સમાનકાલીન અપ્રામાણ્ય અભ્યુપગમનો અભાવ.. આ બધું જ હાજર હોવાથી લક્ષણ ઘટી જવાના કારણે અવ્યાપ્તિ રહેશે નહીં. પૂર્વભવીયકાકશરીરસંબંધપ્રાગભાવ, આ નવા પ્રામાણ્યઅભ્યુપગમને સમાનકાલીન છે જ નહીં, માટે એનો નાશ અકિંચિત્કર છે.

પદ્મનાભે આ રીતે દોષ વારણ કરવા પર **ગ્રન્થકાર** કહે છે : આનો અર્થ તો એ થયો કે જે ભવના પ્રામાણ્યગ્રહથી લક્ષણ ઘટાવી શકાતું હોય તે ભવનો પ્રામાણ્યગ્રહ લઈ શકાય. ॥૨૪॥ અને તો પછી (શું દોષ આવે છે ? એ હવે ગ્રન્થકાર જણાવે છે-)

यत्किञ्चित्तद्ग्रहे पश्चात् प्राक् च काकस्य जन्मनः ।
विप्रजन्मान्तराले स्यात्सा ध्वंसप्रागभावतः ।। २५।।

यत्किञ्चिदिति । **यत्किञ्चित्तद्ग्रहे** = यत्किञ्चिद्वेदप्रामाण्याभ्युपगमस्य लक्षणमध्यनिवेशे **काकस्य जन्मनः पश्चात् प्राक् च (विप्रजन्मान्तराले=)** विप्रजन्मनोरन्तराले = अप्राप्तिविश्लेषाभ्यां मध्यभावे **ध्वंसप्रागभावतः** = काकशरीरसम्बन्धध्वंसप्रागभावावाश्रित्य **सा** प्रसिद्धाऽतिव्याप्तिः **स्यात्** । अयं भावः- यो ब्राह्मणः काको जातस्तदनन्तरं च ब्राह्मणो भविष्यति तस्य मरणानन्तरं ब्राह्मणशरीराग्रहदशायामुत्तरब्राह्मणभवकालीनवेद-प्रामाण्याभ्युपगमसमानकालीनकाकशरीरध्वंसेनैव लक्षणसाम्राज्यादतिव्याप्तिः ।

ગાથાર્થ : यत्किंचिद् તેનું ગ્રહણ કરવામાં કાગડાના ભવની પછીના અને પૂર્વના વિપ્રજન્મના અન્તરાલમાં તે=અતિવ્યાપ્તિ ધ્વંસ-પ્રાગભાવના કારણે થશે.

ટીકાર્થ : यत्किंचिद्=ગમે તે વેદપ્રામાણ્યગ્રહનો લક્ષણમાં સમાવેશ કરવામાં આવે તો કાકભવની આગળ-પાછળ બ્રાહ્મણ બનેલા જીવને એ બન્ને બ્રાહ્મણભવના અંતરાલમાં=અપ્રાપ્તિ અને વિશ્લેષના મધ્યભાગમાં કાકશરીરપ્રતિયોગિક ધ્વંસ અને પ્રાગભાવને આશ્રીને [1]તે=પ્રસિદ્ધ અતિવ્યાપ્તિ થશે. કહેવાનો ભાવ આ છે કે જે બ્રાહ્મણ કાગડો થયો અને પછી પાછો બ્રાહ્મણ થશે. એને કાગડાના ભવના મોત બાદ જ્યારે હજુ બ્રાહ્મણનું શરીર ધારણ કર્યું નથી, આ દરમ્યાન, [2]એ જીવ ઉત્તરબ્રાહ્મણભવમાં જ્યારે 'વેદ પ્રમાણ છે' એવો અભ્યુપગમ કરશે, ત્યારે વચલા કાકભવશરીરસંબંધનો જે ધ્વંસ.. એનાથી લક્ષણ સંપન્ન થઈ જવાથી અતિવ્યાપ્તિ આવશે. [3]પૂર્વના કાકશરીરસંબંધનો પ્રાગભાવ તો તેને સમાનકાલીન છે જ નહીં.

[4]અને એને જ પૂર્વના બ્રાહ્મણશરીરને છોડ્યા પછી હજુ જ્યાં સુધી કાકશરીરને ધારણ કર્યું નથી એ કાળ દરમ્યાન પૂર્વના બ્રાહ્મણભવમાં 'વેદ પ્રમાણ છે' એવા અભ્યુપગમને સમાનકાલીન કાકશરીરસંબંધપ્રાગભાવ અક્ષત હોવાથી અતિવ્યાપ્તિ થશે.

[5]વળી પહેલાં જે બૌદ્ધ હતો ને પછી બ્રાહ્મણ થશે. એ બૌદ્ધને નિદ્રાદિકાળે 'વેદ અપ્રમાણ છે' એવા ગ્રહનો રહેલો અભાવ, આગળના બ્રાહ્મણભવસંબંધી નિરુક્તયાવત્શરીરસંબંધાભાવસમાનકાલીન હોવાથી એમાં અતિવ્યાપ્તિ થશે એ જાણવું.

વિવેચન : પદ્મનાભના અભિપ્રાયપ્રમાણે લક્ષણસમન્વય માટે કોઈપણ પ્રામાણ્યગ્રહ લઈ શકાય છે. પણ આ રીતે જો લક્ષણ ઘટાવવાનું હોય, તો ત્રણ રીતે અતિવ્યાપ્તિ આવે છે. એ, ગ્રન્થકાર આ ગાથામાં દર્શાવી રહ્યા છે.

(૧) ગાથામાં રહેલા સા (તે) શબ્દનો ટીકામાં 'પ્રસિદ્ધ અતિવ્યાપ્તિ' અર્થ કર્યો છે. ન્યાયસિદ્ધાન્તમુક્તાવલીની કારિકાવલીના પ્રથમ શ્લોકમાં तस्मै कृष्णाय नमः આમ ગ્રન્થ છે. સામાન્યથી यत्-तत् શબ્દનો અભિસંબંધ હોવાથી બન્નેનો ઉલ્લેખ જોઈએ. અહીં, यत् ના પ્રયોગ વિના માત્ર तत् સર્વનામનો પ્રયોગ છે. આની સંગતિ માટે જણાવ્યું છે કે જ્યાં પ્રસિદ્ધની વાત હોય ત્યાં यत् ના ઉલ્લેખ વિના પણ तत् નો ઉલ્લેખ થઈ શકે છે. કૃષ્ણ એ પ્રસિદ્ધ વ્યક્તિ છે. એમ, પ્રસ્તુતમાં यत् ના પ્રયોગ વિના માત્ર तत् નો પ્રયોગ (सा) છે. એટલે ગ્રન્થકારે सा શબ્દ માટે

प्राक्तनकाकशरीरसम्बन्धप्रागभावस्तु न तत्समानकालीन एवेति ।

तस्यैव च ब्राह्मणभवत्यागानन्तरं काकशरीराग्रहदशायां प्राक्तनब्राह्मणभवकालीनवेदप्रामाण्याभ्युपगम-समानकालीनकाकशरीरसम्बन्धप्रागभावेनातिव्यप्तिरिति ।

किञ्च, यो ब्राह्मणः प्राग् बौद्धो वृत्तस्तस्य स्वापादिदशायां वेदाप्रामाण्याभ्युपगमविरहस्याग्रिमब्राह्मण-भवीयनिरुक्तयावच्छरीरसम्बन्धाभावसमानकालीनत्वात्तत्रातिव्याप्तिरिति बोध्यम् ।। २५।।

जीववृत्तिविशिष्टाङ्गाभावाभावग्रहोऽप्यसन् ।
उत्कर्षश्चापकर्षश्चाव्यवस्थो यदपेक्षया ।। २६।।

'प्रसिद्ध' એમ જણાવીને એ પ્રસિદ્ધ તરીકે અતિવ્યાપ્તિ લેવાનું જણાવ્યું છે. કાગડામાં થતી અતિવ્યાપ્તિનું પ્રકરણ ચાલે છે. તેથી અહીં એને પ્રસિદ્ધ માની શકાય છે.

(૨) એક જીવના દેવદત્ત નામે બ્રાહ્મણ, કાગડો અને યજ્ઞદત્ત નામે બ્રાહ્મણ... આમ ત્રણ ભવો થયા. યજ્ઞદત્ત જ્યારે વેદપ્રામાણ્ય અભ્યુપગમ કરશે, ત્યારે કાકશરીરસંબંધનો ધ્વંસ પૂર્વે થઈ ગયો છે. એટલે કે આ ધ્વંસ એ અભ્યુપગમને સમાનકાલીન છે. વળી કાગડાનું શરીર છોડી દીધું છે, યજ્ઞદત્તીય શરીર હજુ ધારણ કર્યું નથી. આ અંતરાલ કાળ દરમ્યાન પણ આ ધ્વંસ વિદ્યમાન છે જ.. અને એ જ વખતે 'વેદ અપ્રમાણ છે' એવા અભ્યુપગમનો અભાવ પણ છે જ. એટલે આ અભાવ શિષ્ટત્વરૂપ બનવાથી એ અંતરાલભાગમાં લક્ષણ જશે. પણ એ વખતે એ જીવ શિષ્ટ તો નથી. માટે અતિવ્યાપ્તિ.

શંકા : એ વખતે કાકશરીરસંબંધનો ધ્વંસાત્મક અભાવ હાજર હોવા છતાં પ્રાગભાવાત્મક અભાવ હાજર નથી. એટલે યાવત્સંબંધાભાવની સમાનકાલીનતા સંપન્ન ન થવાથી અતિવ્યાપ્તિ નહીં આવે.

(૩) **સમાધાન** : એ પ્રાગભાવનો યાવત્ સંબંધાભાવમાં સમાવેશ નથી, કારણ કે એ પ્રાગભાવ યજ્ઞદત્તીયપ્રામાણ્યઅભ્યુપગમને સમાનકાલીન નથી. તેથી એનો અહીં વિચાર જ કરવાનો ન રહેવાથી અતિવ્યાપ્તિ આવશે જ.

(૪) દેવદત્તના ભવમાં વેદપ્રામાણ્યગ્રહ કર્યો છે. કાકશરીરસંબંધપ્રાગભાવ એને સમકાલીન છે. દેવદત્તનો ભવ પૂરો થયા પછી કાગડાનો ભવ શરુ થયો હોવાથી એ શિષ્ટ નથી. પણ હજુ કાગડાનું શરીર ધારણ કર્યું નથી. એટલે એનો પ્રાગભાવ હાજર છે. વળી વેદ અપ્રામાણ્યગ્રહ નથી. એટલે લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ સ્પષ્ટ છે.

(૫) તરત પછીના ભવમાં બ્રાહ્મણ થનાર બૌદ્ધને નિદ્રાકાળે 'વેદ અપ્રમાણ છે' આવો ગ્રહ નથી. વળી આ ગ્રહાભાવ નિરુક્તયાવત્સંબંધાભાવને સમાનકાલીન પણ છે જ. તે આ રીતે-આગળના બ્રાહ્મણભવમાં પ્રામાણ્યગ્રહ કરશે. એ વખતે એ જીવને સંભવિત કાગડા વગેરે જે ભવો હશે, એ બધાના જે શરીરસંબંધાભાવ (પ્રાગભાવ કે ધ્વંસ) વિદ્યમાન છે એ બધા જ આ નિદ્રાકાળે પણ વિદ્યમાન છે જ, કારણકે વિવક્ષિત નિદ્રા અને પ્રામાણ્યગ્રહની વચમાં એવા કોઈ શરીરનો ઉત્પાદ કે નાશ થયો નથી. તેથી લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ સ્પષ્ટ છે. ॥૨૫॥ (નવા પરિષ્કાર-પરિહાર જણાવે છે-)

ગાથાર્થ : જીવમાં રહેલો જે વિશિષ્ટશરીરનો અભાવ, તેના અભાવનો સમાવેશ પણ અસત્=અયોગ્ય છે,

जीवेति । जीववृत्तिविशिष्टः = क्षेत्रज्ञवृत्तित्वविशिष्टो योऽङ्गाभावः = उत्कृष्टज्ञानावच्छेदकशरीराभावस्तदभावग्रहोऽपि = तदभावनिवेशोऽपि (=**जीववृत्तिविशिष्टाङ्गाभावाभावग्रहोऽपि**) काकेश्वरयोरतिव्याप्त्यव्याप्तिवारणार्थ**मसन्** = न दुष्टलक्षणसमाधानसमर्थः। **यद्** = यस्मादुत्कर्षश्चापकर्षश्चापेक्षयाऽव्यवस्थः । कीटिकादिज्ञानापेक्षयोत्कृष्टत्वात् काकादिज्ञानस्य, ब्राह्मणादिज्ञानस्य च देवादिज्ञानापेक्षयाऽपकृष्टत्वात् । इत्थं च तदवस्थे एवातिव्याप्त्यव्याप्ती।

કારણકે ઉત્કર્ષ અને અપકર્ષ આપેક્ષિક હોવાથી કોઈ ચોક્કસ વ્યવસ્થા વિનાના છે.

ટીકાર્થ : જીવવૃત્તિવિશિષ્ટ એટલે ક્ષેત્રજ્ઞનિરૂપિતવૃત્તિતાથી યુક્ત=દેહધારી જીવનિરૂપિત વૃત્તિતાથી યુક્ત જે અંગાભાવ=ઉત્કૃષ્ટ જ્ઞાનાવચ્છેદકશરીરાભાવ, તેના અભાવનો ગ્રહ પણ=તેના અભાવનો (લક્ષણમાં) સમાવેશ પણ કાગડા અને ઈશ્વરમાં ક્રમશઃ આવતી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિના વારણમાટે અસત્ છે=દુષ્ટલક્ષણનું સમાધાન કરવા સમર્થ નથી, કારણકે ઉત્કર્ષ અને અપકર્ષ અપેક્ષાવાળા હોવાથી અવ્યવસ્થિત છે. જેમકે કીડી વગેરેના જ્ઞાનની અપેક્ષાએ કાગડા વગેરેનું જ્ઞાન ઉત્કૃષ્ટ છે અને દેવાદિના જ્ઞાનની અપેક્ષાએ બ્રાહ્મણાદિનું જ્ઞાન અપકૃષ્ટ છે. આમ અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ તદવસ્થ જ છે.

વિવેચન : શિષ્ટનું વેદપ્રામાણ્યઅભ્યુપગન્તૃત્વલક્ષણ ક્રમશઃ કાગડામાં અને ઈશ્વરમાં અતિવ્યાપ્ત ને અવ્યાપ્ત થાય છે. આ દોષના નિવારણ માટે જુદા જુદા પરિષ્કાર સૂચવવા છતાં કાંઈ ને કાંઈ દોષ આવ્યા કરે છે. આવા જ એક નવા પરિષ્કારને પદ્મનાભ નામે વિદ્વાન સૂચવી રહ્યા છે ને ગ્રન્થકાર એમાં પણ એ દોષો તદવસ્થ જ છે એમ જણાવી રહ્યા છે. પહેલાં સૂચિત પરિષ્કારને વિચારીએ -

(કાકમાં અતિવ્યાપ્તિના વારણ માટે ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક શરીરનો સમાવેશ કરવામાં આવે તો ઈશ્વરમાં અવ્યાપ્તિનો દોષ આવે છે એ ૨૦મી ગાથામાં દર્શાવ્યું. તેથી અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરાભાવનો સમાવેશ કર્યો તો પણ અતિવ્યાપ્તિ-અવ્યાપ્તિ દોષ ઊભા રહ્યા. એટલે હવે, ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરાભાવના અભાવનો સમાવેશ સૂચવવામાં આવી રહ્યો છે. એટલે લક્ષણ આવું મળશે કે-જીવમાં રહેલા વિશિષ્ટશરીરના અભાવનો જે સ્વારસિક વેદપ્રામાણ્યઅભ્યુપગમકાલીન અભાવ, તેને સમકાલીન સ્વારસિકવેદઅપ્રામાણ્ય અભ્યુપગમનો અભાવ એ શિષ્ટત્વ છે. અહીં વિશિષ્ટશરીર એટલે ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીર.

બ્રાહ્મણ મરીને કાગડો થયો. એણે કાકભવીયશરીર ધારણ કરી લીધું હોય ત્યારે કે એ પૂર્વે અંતરાલકાળમાં... આ બન્નેમાં ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક શરીરનો અભાવ જ છે, એ અભાવનો અભાવ નથી. એટલે અપ્રામાણ્યઅભ્યુપગમાભાવ (=અપ્રામાણ્યઅનભ્યુપગમ), લક્ષણગત બીજાઅભાવને સમકાલીન ન થવાથી લક્ષણ ન જવાના કારણે અતિવ્યાપ્તિ નહીં થાય.

જીવનિરૂપિતવૃત્તિતા એટલે જીવનિરૂપિત આધેયતા.. આ આધેયતા જે વસ્તુ જીવમાં આધેય હોય (જીવમાં રહેલી હોય) એમાં જ રહી શકે છે. તેથી જીવનિરૂપિતવૃત્તિતાવાળો જે વિશિષ્ટશરીરાભાવ, એ જીવમાં જ રહી શકવાથી ઈશ્વરમાં એનો અભાવ મળશે જ. એટલે લક્ષણ જવાથી અવ્યાપ્તિ નહીં આવે.

આમ સૂચિત પરિષ્કાર આપણે જોયો. હવે **ગ્રન્થકાર** એમાં દૂષણ દર્શાવે છે-એનો આશય આ છે-ઉત્કૃષ્ટ જ્ઞાન એટલે સર્વોત્કૃષ્ટજ્ઞાન લેવું કે અન્યાપેક્ષયા અધિક હોય એવું જ્ઞાન લેવું ? જો સર્વોત્કૃષ્ટ લેવાનું હોય, તો

न च काकादिज्ञानव्यावृत्तं मनुष्यादिज्ञानसाधारणमुत्कर्षं नाम जातिविशेषमाद्रियन्ते भवन्तः, अन्यथा कार्यमात्रवृत्तिजातेः कार्यताऽवच्छेदकत्वनियमेन तदवच्छिन्नेऽनुगतकारणकल्पनाऽऽपत्तिः।

એ ઈશ્વરને હોય છે, ને ઈશ્વરને કોઈ જ શરીર ન હોવાથી ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીર અપ્રસિદ્ધ થઈ જવાના કારણે લક્ષણમાં અસંભવદોષ આવે. વળી ચાલુ બ્રાહ્મણાદિને એવું જ્ઞાન ન હોવાથી એ બધા પણ વેદને પ્રમાણ માનવા છતાં શિષ્ટ નહીં બની શકે.

જે જ્ઞાન અન્યાપેક્ષયા અધિક હોય એ ઉત્કૃષ્ટ.. આ રીતે કહેવામાં તો કાગડાનું જ્ઞાન પણ કીડીના જ્ઞાનની અપેક્ષાએ અધિક હોવાથી ઉત્કૃષ્ટ બની જવાના કારણે એનું શરીર પણ ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક બની જશે. એટલે એવા શરીરના અભાવનો અભાવ રહી જવાના કારણે અતિવ્યાપ્તિ આવશે જ.

હવે જો એમ કહેવામાં આવે કે કાગડાનું જ્ઞાન કીડીની અપેક્ષાએ અધિક હોવા છતાં, બ્રાહ્મણની અપેક્ષાએ ઓછું હોવાથી અપકૃષ્ટ જ કહેવાય, ઉત્કૃષ્ટ નહીં... તો તો, બ્રાહ્મણનું જ્ઞાન પણ દેવાદિના જ્ઞાનની અપેક્ષાએ ઓછું હોવાથી અપકૃષ્ટ જ બની જવાના કારણે એનામાં પણ લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ આવશે. આમ અતિવ્યાપ્તિ-અવ્યાપ્તિ ઊભી જ રહેશે.

ટીકાર્થ : વળી, કાકાદિના જ્ઞાનમાં ન રહી હોય અને મનુષ્યાદિના જ્ઞાનમાં રહી હોય એવી ઉત્કર્ષ (=ઉત્કૃષ્ટત્વ) નામની જાતિવિશેષને તમે માનતા નથી, નહીંતર જો માનો, તો 'કાર્યમાત્રમાં રહેલી જાતિ કાર્યતાવચ્છેદક હોય જ' આવો નિયમ હોવાથી તદવચ્છિન્નકાર્યપ્રત્યે અનુગત કારણની કલ્પના કરવાની આપત્તિ આવે છે. **શંકા :** ઉત્કર્ષ ઈશ્વરજ્ઞાનસાધારણ હોવાથી કાર્યમાત્રવૃત્તિ નથી. **સમાધાન :** તો પણ દેવદત્તાદિજન્ય-તાવચ્છેદકજાતિ સાથે અને અપકર્ષવિશેષજાતિ સાથે સાંકર્ય હોવાથી ઉત્કર્ષ એ જાતિ નથી. તે તે જ્ઞાનાવચ્છેદકશરીરસંબંધાભાવનો સમૂહ તો જાણવો અતિમુશ્કેલ છે, માટે આ અકિંચિત્કર છે.

વિવેચન : (અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિના વારણ માટે સૂચિત નવો વિચાર-**શંકા**) અમે જ્ઞાનમાં ઉત્કર્ષ-અપકર્ષને આપેક્ષિક માનતા નથી, પણ એક ચોક્કસ પ્રકારની જાતિરૂપ (જાતિવિશેષ) માનીએ છીએ. આ જાતિ જે જ્ઞાનમાં રહી હોય, એ બધું જ ઉત્કૃષ્ટજ્ઞાન કહેવાય-મનુષ્ય-દેવાદિના દરેકના જ્ઞાનમાં આ જાતિ રહી હોવાથી એ બધું જ જ્ઞાન ઉત્કૃષ્ટજ્ઞાન જ છે. તેથી બ્રાહ્મણાદિનું જ્ઞાન અપકૃષ્ટ ન બનવાથી અવ્યાપ્તિ નહીં થાય. વળી કાકાદિના જ્ઞાનમાં એ જાતિ ન હોવાથી એનું જ્ઞાન ઉત્કૃષ્ટ ન બનવાના કારણે અતિવ્યાપ્તિ નહીં થાય.

ગ્રન્થકાર : આ રીતે તમે ઉત્કર્ષને જાતિવિશેષ તરીકે સ્વીકારી શકતા નથી. આશય એ છે કે અમુક ચોક્કસ કાર્યમાત્રમાં જે જાતિ રહી હોય, તે જાત્યવચ્છિન્નકાર્યતા અવશ્ય માનવી જ પડે છે. અને એ જો માનવામાં આવે તો એ કાર્યતાનું નિરૂપક કોઈ અનુગત કારણ પણ માનવું જ પડે છે. જેમકે જે કોઈ ઘડા છે તે બધા જ કાર્યરૂપ છે. એટલે ઘટાત્મકકાર્યમાત્રમાં રહેલી ઘટત્વજાતિથી અવચ્છિન્ન (ઘટત્વાવચ્છિન્ન) કાર્યતા મનાય જ છે તેમજ એના નિરૂપક તરીકે દંડાત્મક અનુગતકારણ (દંડત્વાવચ્છિન્નકારણતા) પણ મનાય જ છે. એટલે પ્રસ્તુતમાં ઉત્કર્ષાવચ્છિન્નકાર્યતા નિરૂપક કોઈ ચોક્કસ અનુગતકારણ-એટલે કે જે કોઈ ઉત્કૃષ્ટજ્ઞાન હોય એ બધા પ્રત્યે કોઈ અનુગતકારણ-માનવાનું ગૌરવ તમારે થશે જ. એને ટાળવું હોય તો ઉત્કર્ષને જાતિ માનવી ન જોઈએ.

પદ્મનાભ- ઉત્કર્ષ એ જાતિ જ છે. પણ એ કાર્યમાત્રવૃત્તિ નથી, કારણ કે એ એક અકાર્યભૂત=નિત્ય એવા ઈશ્વરજ્ઞાનમાં પણ રહી છે. એટલે એ જાતિ કાર્યતાથી અતિરિક્તવૃત્તિ હોવાથી કાર્યતાવચ્છેદક બની શકતી નથી. તેથી તદવચ્છિન્નકાર્યતા અપ્રસિદ્ધ હોવાથી એનું અનુગતકારણ માનવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

'ईश्वरज्ञानसाधारण्यान्न तस्य कार्यमात्रवृत्तित्वमिति' चेत् ? तथापि देवदत्तादिजन्यताऽवच्छेदिकया-ऽपकर्षविशेषेण च साङ्कर्यान्न जातित्वम् । तत्तज्ज्ञानावच्छेदकशरीरसम्बन्धाभावकूटस्तु दुर्ग्रह इति न किञ्चिदेतत् ।। २६ ।।

ગ્રન્થકાર- તો પણ સાંકર્ય થતું હોવાથી જ્ઞાનમાં રહેલા ઉત્કર્ષને જાતિ માની શકાતી નથી. તે સાંકર્ય આ રીતે-ઈશ્વરજ્ઞાનને છોડી દો... એ સિવાય જીવાત્માઓનું તો દરેકનું જ્ઞાન જન્ય હોવાથી કાર્યરૂપ છે જ. આ દરેક જ્ઞાનમાં જન્યતા આવવાથી એ જન્યતાની અવચ્છેદક કોઈ જાતિ માનવી પડશે. જ્ઞાનત્વને એ જાતિ તરીકે માની શકાતી નથી, કારણ કે એ ઈશ્વરજ્ઞાનમાં પણ રહી હોવાથી નિત્ય-અનિત્યસાધારણ હોવાના કારણે કાર્યતાથી અતિરિક્તવૃત્તિ છે. એટલે દેવદત્તાદિ જીવાત્માઓના જ્ઞાનમાં રહેલી આ જન્યતાવચ્છેદક જાતિને જો 'અ' જાતિ કહીએ... તો એની સાથે ઉત્કર્ષજાતિને સાંકર્ય થશે. બે ધર્મોના સાંકર્યને તપાસવા માટે ત્રણ સ્થળ ચકાસવા પડે. કારણ કે એકબીજાના અભાવની સાથે રહેલા હોય આવા બે ધર્મો જો ક્યાંક બન્ને સાથે રહી જાય તો સાંકર્ય કહેવાય છે. એટલે એક સ્થળ એવું હોય જ્યાં પ્રથમધર્મ હોય, બીજાનો અભાવ હોય. બીજું સ્થળ એવું હોય જ્યાં બીજો ધર્મ હોય, પ્રથમનો અભાવ હોય... ને ત્રીજું સ્થળ એવું હોય જ્યાં બન્ને ધર્મો રહ્યા હોય. પ્રસ્તુતમાં, કીડી વગેરેનું જ્ઞાન એવું છે જ્યાં 'અ' જાતિ છે, પણ ઉત્કર્ષ નથી. ઈશ્વરજ્ઞાન એવું છે, જ્યાં ઉત્કર્ષ છે, પણ 'અ' જાતિ નથી અને દેવદત્તાદિનું જ્ઞાન એવું છે જ્યાં 'અ' જાતિ પણ છે ને ઉત્કર્ષ પણ છે. આમ, 'અ' જાતિ સાથે સાંકર્ય હોવાથી ઉત્કર્ષને જાતિ માની શકાતી નથી.[8]

આ જ રીતે અપકર્ષવિશેષ સાથેનું સાંકર્ય યથાસંભવ વિચારી લેવું.

પદ્મનાભ- ઉત્કર્ષને જાતિ નથી માની શકાતી... એ બરાબર. વળી જાતિરૂપ ન માનીએ તો એ આપેક્ષિક ધર્મ થવાથી એની નિશ્ચિત વ્યવસ્થા ન થઈ શકવાના કારણે દોષો તદવસ્થ રહે છે.

એટલે હવે અમે લક્ષણમાંથી ઉત્કર્ષ-અપકર્ષની વાત જ કાઢી નાખીએ છીએ. નવું લક્ષણ આવું બનાવીશું કે 'ચૈત્ર-મૈત્ર વગેરે તે તે વ્યક્તિના જ્ઞાનના અવચ્છેદક બનનાર શરીરોના સંબંધોના અભાવોનો क्षेत्रज्ञनिरूपितवृत्तितावविशिष्ट જે કૂટ (=સમૂહ) તેના અભાવને સમકાલીન જે નિરુક્તઅપ્રામાણ્યગ્રહાભાવ.. એ શિષ્ટત્વ...' ઈશ્વરમાં એ કૂટ હોવા છતાં ઉક્તવૃત્તિતાવિશિષ્ટ કૂટ ન હોવાથી લક્ષણ રહી જવાના કારણે અવ્યાપ્તિ નહીં આવે. કાકાદિમાં કે અન્તરાલમાં એ કૂટ જ રહી ગયો હોવાથી અતિવ્યાપ્તિ નહીં થાય.)

ગ્રન્થકાર : આવો પરિષ્કાર પણ સાર વિનાનો છે. કારણ કે ચૈત્રીયજ્ઞાન, મૈત્રીયજ્ઞાન.. વગેરે તે તે જ્ઞાનને વ્યક્તિગત=સ્વતંત્ર જાણવા છદ્મસ્થ માટે અત્યંત દુષ્કર છે. એટલે એના અવચ્છેદકશરીર સંબંધોના અભાવોનો કૂટ જાણવો પણ દુર્ગ્રહ હોવાથી શિષ્ટત્વનો નિર્ણય અતિમુશ્કેલ થઈ જશે. ॥૨૬॥ **अवतरणिकार्थ : शंका :** અમે

---

8. શબ્દશઃ વિવેચનકારે સાંકર્ય સમજાવવા માટે જે ગપગોળાં હાંક્યા છે એ એમના પુસ્તકમાંથી જ જોઈ લેવા... જ્ઞાનમાં રહેલા ધર્મોના સાંકર્ય માટે જગતનાં તમામ કાર્યો... પરમાણુ વગેરેને વચ્ચે લાવવાની જરૂર કયા પ્રકારની પંડિતાઈ છે ? નયલતાસંસ્કૃતવ્યાખ્યામાં પણ જે રીતે સંગતિ કરી છે એ પણ અસંગત છે. દેવદત્તીયજ્ઞાનમાં ઈશ્વર-કીટિકાદિના જ્ઞાનાપેક્ષયા અપકર્ષ-ઉત્કર્ષ લઈને આપવાની આપત્તિ તો પૂર્વે અપાઈ જ ગયેલી છે. પછીના નવા પરિષ્કારમાં આ લેવાનું નથી. જ્યાં ઉત્કર્ષ જાતિ છે ત્યાં ઉત્કર્ષ જ છે એ નિશ્ચિત કરવા તો એને જાતિ તરીકે લેવાની શંકા છે. જાતિ આપેક્ષિક હોતી નથી.

ननु एकजन्मावच्छेदेन स्वसमानाधिकरणस्वोत्तरवेदाप्रामाण्याभ्युपगमध्वंसानाधारवेदप्रामाण्याभ्युपगमोत्तर-कालवृत्तित्ववशिष्टवेदाप्रामाण्याभ्युपगमविरहः शिष्टत्वमिति निर्वचने न कोऽपि दोषो भविष्यतीत्यत आह-

अपि चाऽव्याप्त्यतिव्याप्ती कात्स्न्र्य-देशविकल्पतः ।
आद्यग्रहे स्वतात्पर्यान्न दोष इति चेन्मतिः ।। २७।।

अपि चेति । अपि च कात्स्न्र्य-देशविकल्पतः = कृत्स्नवेदप्रामाण्याभ्युपगमो विवक्षितो देशतदभ्युपगमो वा ? इति विवेचनेऽ**व्याप्त्यतिव्याप्ती** । कृत्स्नवेदप्रामाण्याभ्युपगमस्य ब्राह्मणेष्वप्यभावात् । न हि वेदान्तिनो

નવું જ લક્ષણ આપીએ છીએ : એક જન્મ દરમ્યાન સ્વસમાનાધિકરણ અને સ્વની ઉત્તરમાં થયેલ [9]વેદ અપ્રામાણ્યગ્રહના ધ્વંસનો જે અનાધાર છે, એવો જે વેદપ્રામાણ્યગ્રહનો ઉત્તરકાળ, તે કાળમાં રહેલો જે વેદઅપ્રામાણ્યગ્રહનો અભાવ.. એ શિષ્ટત્વ..' આવી વ્યાખ્યા કરવામાં કોઈ દોષ રહેશે નહીં. આશય એ છે કે દેવદત્તે 'વેદ પ્રમાણ છે' એમ નિશ્ચય કર્યો. એ પછી ભવિષ્યમાં જો એ 'વેદ અપ્રમાણ છે' એવો નિશ્ચય કરે, તો જ્ઞાન ક્ષણિક હોવાથી પછી એનો ધ્વંસ થઈ જાય.. અને એ ધ્વંસ પછી હંમેશા રહેવાથી પછીનો બધો કાળ એ ધ્વંસનો આધારભૂત બની જાય. પણ એ પૂર્વનો કાળ અનાધાર રહે. આ અનાધારકાળમાં રહેલો વેદઅપ્રામાણ્યગ્રહનો અભાવ એ શિષ્ટત્વ છે. એટલે એ કાળ દરમ્યાન એ સૂતો હોય તો પણ શિષ્ટ છે જ. ઉક્ત ધ્વંસ પછીના કાળમાં એ સૂતો હોય તો પણ શિષ્ટ નથી જ. કાકાદિભવમાં તો ભવ જ બદલાઈ ગયો.. એટલે કોઈ પ્રશ્ન નથી. ઉક્ત ધ્વંસના અનાધારભૂત કાળ દરમ્યાન યજ્ઞદત્તને વેદઅપ્રામાણ્યગ્રહ થઈ જાય તો પણ દેવદત્તમાં અવ્યાપ્તિ થવાની નથી. કારણકે એ અપ્રામાણ્યગ્રહ સમાનાધિકરણ નથી.

આવી શંકાને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે-

ગાથાર્થ : વળી કાત્સ્ન્ર્ય અને દેશના વિકલ્પે અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ દોષો છે. 'સ્વતાત્પર્યને અનુસરીને પ્રથમવિકલ્પમાં દોષ નથી' આવો જો અભિપ્રાય હોય તો...

ટીકાર્થ : વળી, વેદ પ્રામાણ્યઅભ્યુપગમમાં સંપૂર્ણ વેદને પ્રમાણ માનવાની વિવક્ષા છે કે તેના એકદેશને પ્રમાણ માનવાની વિવક્ષા છે ? આ વિચાર કરવામાં આવે તો ક્રમશઃ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષ આવે છે. (તે આરીતે-) સંપૂર્ણ વેદ પ્રમાણ છે આવી માન્યતા બ્રાહ્મણોમાં હોતી નથી, કારણકે વેદાંતીઓ નૈયાયિકાદિને અભિમત શ્રુતિને પ્રમાણ માનતા નથી અને નૈયાયિક વગેરે વેદાન્તીને અભિમત શ્રુતિને પ્રમાણ માનતા નથી. (એટલે તેઓમાં અવ્યાપ્તિ સ્પષ્ટ છે.) (બીજો વિકલ્પ-તેના કોઈપણ ભાગને પ્રમાણ માનવાની વિવક્ષા લઈએ તો-) કોઈક વેદવાક્યને તો બૌદ્ધવગેરે પણ પ્રમાણ માને છે, કારણકે *'सर्व जीवोने हणवा जोईअे नहीं', 'अग्नि*

---

9. શબ્દશઃ વિવેચનકારે સ્વોત્તરવેદપ્રામાણ્યઅભ્યુપગમનો ધ્વંસ અહીં કહ્યો છે, એ ગલત જાણવું. કારણ કે તો પછી, સ્વોત્તર જે કહેલ છે તે વ્યર્થ બની જશે. તે પણ એટલા માટે કે સ્વ=વેદપ્રામાણ્યગ્રહ છે. એનો ધ્વંસ એના ઉત્તરમાં જ હોય, પૂર્વમાં નહીં. તેથી સ્વોત્તર લખવાની જરૂર રહેતી નથી. દ્વાત્રિંશિકાપ્રકાશકારે સ્વશબ્દથી વેદઅપ્રામાણ્ય અસ્વીકાર લીધો છે. એ શી રીતે લઈ શકાય ? ને શા માટે લીધો ? એ તેઓ જ જણાવી શકે.

नैयायिकाद्यभिमतां श्रुतिं प्रमाणयन्ति, नैयायिकादयो वा वेदान्त्यभिमताम् । यत्किञ्चिद्वेदप्रामाण्यं च बौद्धादयोऽप्यभ्युपगच्छन्ति *"न हिंस्यात् सर्वभूतानि"* (**छान्दोग्योपनिषत्**-अ.८), *"अग्निर्हिमस्य भेषजम्"* (**यजुर्वेद**-२३/१०) इत्यादिवचनानां तेषामपि सम्मतत्वादिति । "स्वतात्पर्यात् = स्वाभिप्रायमपेक्ष्या**द्यग्रहे** = यावद्वेदप्रामाण्याभ्युपगमनिवेशे **न दोषः**, 'स्व-स्वतात्पर्ये प्रमाणं श्रुति'रिति हि सर्वेषां नैयायिकादीनामभ्युपगमः" **इति चेन्मतिः** = कल्पना भवदीया ? ।। २७।।

नैवं विशिष्य तात्पर्याग्रहे तन्मानताऽग्रहात् ।
सामान्यतः स्वतात्पर्ये प्रामाण्यं नोऽपि सम्मतम् ।। २८।।

नैवमिति । **एवं** मतिः **न** युक्ता, कस्याश्चिद्दुरवबोधायाः श्रुतेः **विशिष्य** = स्वकल्पिताऽर्थाऽनुसारेण **तात्पर्याऽग्रहे** तन्मानतायाः = तत्प्रमाणताया अग्रहात् **(=तन्मानताऽग्रहात्)**, स्वतात्पर्ये सर्ववेदप्रामाण्याभ्युपगमस्य दुःशकत्वात् ।

ઠંડીનું ઔષધ છે' વગેરે વચનો તેઓને પણ માન્ય છે. (એટલે તેઓમાં અતિવ્યાપ્તિ થશે.) **શંકા**-સ્વતાત્પર્યને=સ્વાભિપ્રાયને અનુસરીને પ્રથમ વિકલ્પ સ્વીકારવામાં કોઈ દોષ નથી, અર્થાત્ સંપૂર્ણવેદને પ્રમાણ માનવાનો વિકલ્પ જ લેવાનો છે, પણ એ પોતપોતાના અભિપ્રાયને અનુસરીને... એટલે વેદાંતી-નૈયાયિક વગેરેમાં અવ્યાપ્તિદોષ આવશે નહીં, કારણકે પોતપોતે જેવો તાત્પર્યાર્થ માને છે 'એમાં શ્રુતિ પ્રમાણ છે', આવું નૈયાયિકવગેરે બધા જ માને છે.

ગ્રન્થકાર : તમારી જો આવી કલ્પના (શંકા) હોય તો... (એ બરાબર નથી.. આ વાત આગળ આવશે.) ॥૨૭॥ (એ કેમ બરાબર નથી ? એ હવે જણાવે છે-)

ગાથાર્થ : આ પ્રમાણે કલ્પના બરાબર નથી, કારણકે વિશેષરૂપે તાત્પર્યનો અગ્રહ હોય તો તેની પ્રમાણતાનો ગ્રહ નહીં થાય. અને સામાન્યથી સ્વતાત્પર્યમાં પ્રમાણતા તો અમને પણ સંમત છે.

ટીકાર્થ : આવી કલ્પના યોગ્ય નથી, કારણકે [1]દુરવબોધ કોઈક શ્રુતિનો વિશેષરૂપે=સ્વકલ્પિતઅર્થને અનુસરીને તાત્પર્યગ્રહ ન થાય, તો તેની પ્રમાણતાનો ગ્રહ થઈ શકતો ન હોવાથી સ્વતાત્પર્યને અનુસરીને સર્વવેદના પ્રામાણ્યનો અભ્યુપગમ દુઃશક્ય છે. **(શંકા-)** જેનું તાત્પર્ય જાણ્યું નથી એવી શ્રુતિ અંગે પ્રમાઉપહિતત્વનો નિશ્ચય ન હોવા છતાં પ્રમાકરણત્વનો નિશ્ચય સરળ હોવાથી દોષ નથી. આવી શંકાના વારણ માટે કહે છે-સામાન્યથી નયરૂપે સ્વાભિપ્રાયમાં વેદનું પ્રામાણ્ય અમને જૈનોને પણ સંમત છે જ. *જેટલા અન્યદર્શનો છે એટલા જ નયો છે* આવા શ્રુતવચનથી પરિકર્મિત બુદ્ધિવાળો વિદ્વાન બધા જ શબ્દો પ્રમાણ કરતો હોય છે એટલે એને સકલવેદના પ્રામાણ્યનો અભ્યુપગમ નિરાબાધ છે.

વિવેચન : (૧) જેટલા બ્રાહ્મણાદિ શિષ્ટ તરીકે માન્ય છે, એ બધાને બધા જ વેદવચનોનો સ્વાભિપ્રાયને અનુસરનારો તાત્પર્યબોધ થઈ જ જાય એવો નિયમ નથી. કેટલીક દુર્ગમ શ્રુતિઓનો એ રીતે બોધ ન પણ થાય. એટલે સર્વવેદપ્રામાણ્યનો નિશ્ચય અત્યંત દુષ્કર છે. એ જેને જેને નહીં થાય એવા બધા બ્રાહ્મણાદિમાં લક્ષણ

'अनाकलिततात्पर्यायामपि श्रुतौ प्रमोपहितत्वाग्रहेऽपि प्रमाकरणत्वस्य सुग्रहत्वान्न दोष' इत्यत आह- **सामान्यतो** नयरूपत्वेन **स्वतात्पर्ये** = स्वाभिप्राये **प्रामाण्यं** = वेदप्रामाण्यं **नः** = अस्माकं जैनाना**मपि सम्मतम्** । *'यावन्तो हि परसमयास्तावन्त एव नया'* इति श्रुतपरिकर्मितमतेः सर्वमेव शब्दं प्रमाणीकुर्वतः सकलवेद-प्रामाण्याभ्युपगमोऽनपाय एवेति ।। २८।। एतदेवाह-

मिथ्यादृष्टिगृहीतं हि मिथ्या सम्यगपि श्रुतम् ।
सम्यग्दृष्टिगृहीतं तु सम्यग्मिथ्येति नः स्थितिः ।। २९।।

मिथ्यादृष्टीति । **मिथ्यादृष्टिगृहीतं हि सम्यगपि श्रुत**माचारादिकं **मिथ्या** भवति, तं प्रति तस्य विपरीतबोधनिमित्तत्वात् । **सम्यग्दृष्टिगृहीतं तु मिथ्याऽपि** श्रुतं वेद-पुराणादिकं **सम्यक्**, तं प्रति तस्य यथार्थबोधनिमित्तत्वात् । **इति नः** = अस्माकं **स्थितिः** = सिद्धान्तमर्यादा । प्रमानिमित्तत्वमात्रमेतदभ्युपगतं न तु प्रमाकरणत्वमिति चेत् ? न, त्वदुक्तं प्रमाकरणत्वमेव प्रमाणत्वमिति सर्वेषां प्रमातृणामनभ्युपगमात् ।।२९।।

न જવાથી અવ્યાપ્તિ આવશે જ.

બ્રાહ્મણ : એવી શ્રુતિના તાત્પર્યનો પ્રમાત્મક બોધ ન થવાથી એ શ્રુતિ પ્રમાઉપહિત (=તાત્પર્યબોધના સાન્નિધ્યવાળી) ભલે ન બને. તેમ છતાં એ બોધ ન કરી શકનાર બ્રાહ્મણાદિને પણ 'આ શ્રુતિ પ્રમાનું અસાધારણકારણ=પ્રમાણ છે' આવો નિશ્ચય તો હોય જ છે. એટલે એ નિશ્ચયના આધારે એમને શિષ્ટ ગણી લેવાથી અવ્યાપ્તિ દોષ રહેશે નહીં.

ગ્રન્થકાર : કયો પ્રમાત્મક બોધ થવાનો છે ? એ નિશ્ચય ન હોવા છતાં, સામાન્યથી 'આ શ્રુતિથી પ્રમાત્મક બોધ થઈ શકે છે' આટલી માન્યતામાત્રથી જ જો શિષ્ટત્વ માનવાનું હોય, તો એ અમારામાં પણ તમારે માનવું જ પડશે, કારણ કે અમારા અભિપ્રાયે 'વેદો પણ નયરૂપે પ્રમાણ છે જ.' અમારા શાસ્ત્રોમાં કહ્યું જ છે કે જેટલા અન્યદર્શનોના સિદ્ધાન્તો છે, એટલા નયો છે. આવા શાસ્ત્રથી પરિકર્મિત બુદ્ધિવાળો પુરુષ શબ્દમાત્રને પ્રમાણ તરીકે સ્વીકારે છે તો બધા જ વેદને પ્રમાણ માનવામાં એને કોઈ પ્રશ્ન રહેશે જ નહીં એ સ્પષ્ટ છે. ॥૨૮॥ આ જ વાતને રજુ કરે છે-

ગાથાર્થ : મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલું સમ્યક્શ્રુત પણ મિથ્યા છે, અને સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું મિથ્યાશ્રુત પણ સમ્યગ્ છે એવી અમારી શાસ્ત્રમર્યાદા છે.

ટીકાર્થ : મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલું આચારાંગ વગેરે સમ્યક્શ્રુતપણ મિથ્યા બની જાય છે, કારણકે એના પ્રત્યે એ વિપરીત બોધનું કારણ છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું વેદ-પુરાણ વગેરે મિથ્યાશ્રુત પણ સમ્યગ્ બની જાય છે, કારણકે તેના પ્રત્યે તે યથાર્થ બોધનું નિમિત્ત છે. આવી અમારી સિદ્ધાન્તમર્યાદા છે.

બ્રાહ્મણ : આ તો પ્રમાનું નિમિત્તત્વ માત્ર માન્યું કહેવાય, કરણત્વ નહીં.

ગ્રન્થકાર : પ્રમાકરણત્વ જ પ્રમાણત્વ એવું તમારું કહેલું બધા પ્રમાતાઓ સ્વીકારતા ન હોવાથી તમારી આ વાત બરાબર નથી.

વિવેચન : (૧) **બ્રાહ્મણ :** તમારી સિદ્ધાન્તમર્યાદા મુજબ તો 'વેદ વેદ છે માટે સમ્યગ્ છે' એવું નથી,

तात्पर्यं वः स्वसिद्धान्तोपजीव्यमिति चेन्मतिः ।
ननु युक्त्युपजीव्यत्वं द्वयोरप्यविशेषतः ।। ३०।।

तात्पर्यमिति । **वो** = युष्माकं **स्वसिद्धान्तोपजीव्यं** = स्वसिद्धान्तपुरस्कारि **तात्पर्यम्** । तथा चान्यागमानुपजीव्यतात्पर्ये सकलवेदप्रामाण्याभ्युपगमनिवेशान्न दोष **इति चेद्** = यदि तव **मतिर्ननु** तदा **द्वयोरप्यावयोरविशेषतो युक्त्युपजीव्यत्वम्** । अयं भावः- अन्यागमानुपजीव्यत्वं ह्यन्यागमासंवादित्वं चेत् ? तत्संवादिनि स्वाभिप्रायेऽव्याप्तिः। अयौक्तिकतदसंवादित्वं चेद् ? अस्माकमपि तात्पर्यमयौक्तिकागमासंवाद्येव, सर्वस्यैव भगवद्वचनस्य युक्तिप्रतिष्ठितत्वात्, मिथ्याश्रुततात्पर्यस्यापि स्याद्वादसङ्गतयुक्त्यैव गृह्यमाणत्वात् ।।३०।। यतः-

---

પણ 'સમ્યગ્દૃષ્ટિથી ગૃહીત છે, માટે સમ્યગ્ છે' અર્થાત્ યથાર્થ બોધ થવામાં એની મુખ્યતા=અસાધારણકારણતા= કરણતા નથી, પણ બોધ કરનારની જ મુખ્યતા છે. એટલે વેદવચન એમાં નિમિત્ત બને છે, પણ કરણ બનતા નથી. તમે જેમ આચારાંગાદિ જિનવચનોને 'એ જિનવચન છે, માટે સમ્યગ્ છે' એમ માનો છો, એમાં એનો ગૃહીતા કોણ છે ? એ વચ્ચે લાવતા નથી. એમ વેદવચનોને 'એ વેદવચન છે, માટે સમ્યગ્ છે' એમ માનો તો જ એને પ્રમાકરણ માન્યા કહેવાય.. પણ તમે એવું માનતા નથી. એટલે તમે જૈનોએ વેદને પ્રમાકરણ=પ્રમાણ માન્યા ન હોવાથી શિષ્ટત્વની અતિવ્યાપ્તિ થશે નહીં.

ગ્રન્થકાર : 'પ્રમાનું કરણ બને એ પ્રમાણ' આવું પ્રમાણનું તમે કહેલું લક્ષણ બધા પ્રમાતાઓ સ્વીકારતા નથી. તેઓ તો 'જે સમ્યગ્બોધને પેદા કરે એ પ્રમાણ' આવું સ્વીકારતા હોવાથી જૈનોમાં લક્ષણની અતિવ્યાપ્તિ થશે જ. ॥૨૯॥ (નવી દલીલ અને એનો જવાબ જણાવે છે-)

ગાથાર્થ : 'તમારું તાત્પર્ય તો તમારા સિદ્ધાન્તને અવલંબીને છે' આવો જો તમારો વિચાર હોય, તો આપણે બન્ને સમાન રીતે યુક્તિને ઉપજીવ્ય બની જઈએ છીએ.

ટીકાર્થ : તમારું તો સ્વસિદ્ધાન્તને ઉપજીવ્ય=આગળ કરનારું તાત્પર્ય છે. એટલે 'અન્યઆગમને અનુપજીવ્ય તાત્પર્ય અંગે સકલવેદના પ્રામાણ્યનો અભ્યુપગમ' કહેવાથી દોષ નહીં આવે, આવી જો તારી મતિ છે, તો તો ખરેખર આપણે બન્ને સમાન રીતે યુક્તિ ઉપજીવ્ય બની ગયા. કહેવાનો ભાવ આ છે-અન્યઆગમને અનુપજીવ્યત્વ એટલે 'અન્યઆગમને અસંવાદિત્વ' જો લેશો, તો તેની સાથે સંવાદ ધરાવનાર સ્વાભિપ્રાયમાં અવ્યાપ્તિ થશે, અને અયૌક્તિક તેનું અસંવાદિત્વ લેશો તો અમારું તાત્પર્ય પણ અયૌક્તિક આગમને અસંવાદી જ છે, કારણકે ભગવાનના સર્વવચનો યુક્તિપ્રતિષ્ઠિત હોય છે. મિથ્યાશ્રુતતાત્પર્ય પણ સ્યાદ્વાદસંગત યુક્તિથી જ ગૃહીત થતું હોય છે.

વિવેચન : બ્રાહ્મણ : તમે જૈનો વેદને પ્રમાણ જે માનો છો તે તો [10]તમારા સિદ્ધાન્તને=આગમને અનુસરતા તાત્પર્યાર્થમાં માનો છે. એટલે 'વેદ સિવાયના અન્ય આગમને નહીં અનુસરતા તાત્પર્યમાં સકલવેદનાં

---

10. ગ્રન્થમાં इति चेद् સુધીનો અધિકાર બ્રાહ્મણના પૂર્વપક્ષરૂપે છે... એટલે કે બ્રાહ્મણ બોલનાર છે. તેથી 'તમારા' તરીકે 'જૈનોના' આવે. શબ્દશઃ વિવેચનકારે તમારું=બ્રાહ્મણોનું અર્થ કર્યો છે !

उद्भावनमनिग्राह्यं युक्तेरेव हि यौक्तिके ।
प्रामाण्ये च न वेदत्वं सत्यत्वं तु प्रयोजकम् ।। ३१ ।।

उद्भावनमिति । यौक्तिके ह्यर्थे युक्तेरेवोद्भावनमनिग्राह्यमनिग्रहस्थानं, अन्यथा निग्रहाभिधानात् । यद् **वादी-** *"जो हेउवायपक्खंमि हेउओ आगमे अ आगमिओ । सो समयपन्नवओ सिद्धंतविराहगो अन्नो ।।"*

પ્રામાણ્યનો અભ્યુપગમ..' લક્ષણમાં આનો નિવેશ કરવાથી દોષ નહીં આવે. કારણકે જૈનો તો પોતાના આગમની સાથે સંવાદ થાય એવા તાત્પર્યમાં વેદને પ્રમાણ માને છે, એ સિવાયના તાત્પર્યમાં નહીં. એટલે લક્ષણ ન જવાથી અતિવ્યાપ્તિ દોષ રહેતો નથી.

ગ્રન્થકાર : આનો અર્થ તો એ થશે કે આપણે બંનેએ યુક્તિનો આધાર રાખવો પડશે. કહેવાનો ભાવ આ છે : અન્યઆગમ અનુપજીવ્યતાત્પર્યની તમે વાત કરો છો તો એમાં અન્યાગમાનુપજીવ્યત્વ શું છે ? અન્યાગમઅસંવાદિત્વ કે અયૌક્તિકાગમાસંવાદિત્વ ?

આમાંના પ્રથમવિકલ્પનો અર્થ એ થાય છે કે વેદ સિવાયના અન્ય આગમ સાથે જે અસંવાદી હોય એવા તાત્પર્યમાં વેદને જે પ્રમાણ માને તે શિષ્ટ. એટલે 'કોઈપણ જીવને મારવો નહીં', 'જૂઠ બોલવું નહીં..' વગેરે સંવાદી વેદવચનને પ્રમાણ માનનાર બ્રાહ્મણમાં લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ દોષ આવશે જ.

બીજા વિકલ્પનો અર્થ આ થાય છે કે-જે અયૌક્તિક-યુક્તિઅસંગત હોય એવા આગમને અસંવાદી તાત્પર્યમાં વેદને જે પ્રમાણ માનતો હોય, તે શિષ્ટ. આ લક્ષણ તો અમારામાં પણ જશે જ, કારણકે અમારે પણ યુક્તિઅસંગત આગમને જે અસંવાદી હોય એવું જ તાત્પર્ય અભિપ્રેત છે. તે પણ એટલા માટે કે ભગવાનનું બધું જ વચન યુક્તિપ્રતિષ્ઠિત છે. અર્થાત્ જે અર્થ યુક્તિસંગત હોય એવા અર્થના તાત્પર્યમાં જ પ્રભુવચન અમને પ્રમાણ તરીકે સંમત હોય છે. યુક્તિઅસંગત અર્થમાં તો અમે પ્રભુવચનને પણ પ્રમાણ માનતા જ નથી. સમ્યગ્દૃષ્ટિજીવ મિથ્યાશ્રુતના એવા જ તાત્પર્યને ગ્રહણ કરે છે જે, સ્યાદ્વાદસંગત=યુક્તિથી=સ્યાદ્વાદને અનુસરનારી યુક્તિથી સહિત હોય. એટલે એના પણ યુક્તિઅસંગતઅર્થના તાત્પર્યમાં એ પ્રમાણ તરીકે માન્ય નથી જ. આમ અમે યુક્તિના આધારે પ્રમાણ સ્વીકારીએ છીએ. હવે તમે પણ, અયૌક્તિક અર્થને અસંવાદી-યુક્તિસંગત અર્થને સંવાદી એવા તાત્પર્યમાં જ વેદને પ્રમાણ માનો છો. તો પછી તમે પણ યુક્તિનો જ આધાર લેનારા બન્યા. આમ આપણે બંને સમાન રીતે યુક્તિ ઉપજીવ્ય બન્યા. ને તેથી એ રીતે અમારામાં પણ શિષ્ટત્વ આવવાથી અતિવ્યાપ્તિ ઊભી જ રહેશે ॥૩૦॥ યુક્તિઉપજીવ્યત્વ એ કારણે છે કે-

ગાથાર્થ : યૌક્તિક અર્થમાં જ યુક્તિનું જ ઉદ્ભાવન અનિગ્રાહ્ય છે. અને પ્રામાણ્યમાં વેદત્વ નહીં, પણ સત્યત્વ પ્રયોજક છે.

ટીકાર્થ : જે અર્થ યૌક્તિક=યુક્તિસંગત છે, એમાં જ યુક્તિનું જ ઉદ્ભાવન કરવું એ અનિગ્રાહ્ય=અનિગ્રહસ્થાન છે, કારણકે નિગ્રહ 'અન્યથા કહેલો છે. જે **વાદીએ** આ રીતે કહેલો છે-*જે હેતુવાદપક્ષમાં હેતુક છે અને આગમમાં આગમિક છે તે સિદ્ધાન્તનો પ્રજ્ઞાપક છે, અન્ય સિદ્ધાન્તનો વિરાધક છે.* **શંકા :** 'વેદત્વ જ પ્રામાણ્યનું પ્રયોજક છે' એવો અભ્યુપગમ જ યાવદ્વેદપ્રામાણ્યઅભ્યુપગમ છે. **સમાધાન :** પ્રામાણ્યમાં વેદત્વ પ્રયોજક નથી, પરંતુ સત્યત્વ જ પ્રયોજક છે, કારણકે અવિસંવાદી એવા લોકશબ્દ પણ પ્રમાણ છે. તેથી આ વાત શ્રદ્ધામાત્ર છે.. ને એટલે જ મહત્ત્વશૂન્ય છે.

(सं.त. ३/४५) इति।

अथ वेदत्वमेव प्रामाण्यप्रयोजकमित्यभ्युपगमो यावद्वेदप्रामाण्याभ्युपगमः स्यादित्यत आह-**प्रामाण्ये च**

विवेचन : ગાથામાં એવકાર અને હિકાર.. આ બન્ને 'જ'કાર અર્થમાં છે. એટલે આવો અર્થ મળે છે કે યુક્તિસંગતઅર્થમાં જ યુક્તિનું જ ઉદ્‌ભાવન કરવું એમાં કોઈ દોષ ન હોવાથી કોઈ નિગ્રહ કરી શકતું નથી. તેથી (૧) આ અન્યથા શબ્દના અર્થ તરીકે બે વાત મળે છે. યૌક્તિકઅર્થનું વગર યુક્તિએ ગ્રહણ કરવું એ નિગ્રહસ્થાન છે અને અયૌક્તિક અર્થનું (આગમગમ્ય અર્થનું) યુક્તિથી ગ્રહણ કરવા મથવું એ નિગ્રહસ્થાન છે.

શંકા : શું જિનાગમમાં પણ એવી આગમગમ્ય અયૌક્તિક=યુક્તિઅસંગત વાતો છે ?

સમાધાન : અહીં અયૌક્તિક શબ્દનો અર્થ યુક્તિઅસંગત એવો નથી, પણ એવો છે કે-યુક્તિસંગત એવી પણ જે વાતો અતીન્દ્રિયત્વ વગેરે કારણે આપણા ક્ષયોપશમનો વિષય ન હોવાથી એમાં રહેલી યુક્તિ ખોળી કાઢવી અશક્ય હોય તે અયૌક્તિક. આવી વાતો યુક્તિપૂર્વક સમજવા-સમજાવવાનો પ્રયાસ કરવો એ નિગ્રહસ્થાન છે. એટલે જિનાગમમાં યુક્તિઅસંગત વાતો હોતી નથી, એ નિશ્ચિત છે.

પ્રશ્ન : અયૌક્તિક શબ્દનો આવો અર્થ કાઢવામાં કોઈ આધાર ?

ઉત્તર : પ્રસ્તુત બત્રીશીની ત્રીસમી ગાથાની વૃત્તિમાં सर्वस्यैव भगवद्वचनस्य युक्तिप्रतिष्ठितत्वात् આવું જે કહ્યું છે એ જ જણાવે છે કે આગમગમ્ય વાતો પણ યુક્તિસંગત તો હોય જ છે. અને તેમ છતાં એને યુક્તિગ્રાહ્ય ન કહેતાં આજ્ઞાગ્રાહ્ય કહી એ જ સૂચવે છે કે એ આપણી યુક્તિનો વિષય નહીં હોય, અર્થાત્ અયૌક્તિક હોય. વાદી શ્રી સિદ્ધસેનદિવકારસૂરિમહારાજે સમ્મતિતર્ક (૩-૪૫) માં કહ્યું છે-*હેતુવાદપક્ષમાં હેતુથી અને આગમિક પદાર્થમાં આગમથી (=આજ્ઞાથી) નિરૂપણ કરે તે સિદ્ધાન્તનો પ્રજ્ઞાપક છે, અને આનાથી ભિન્ન રીતે કરનાર સિદ્ધાન્તનો વિરાધક છે.*

બ્રાહ્મણ : જે આગમગમ્ય વાતો આપણો વિષય નથી, એને જણાવનાર આગમ વચનો દુરવબોધ જ બની જશે.. પછી એમાં સ્વતાત્પર્યાનુસારી યુક્તિપૂર્વક પ્રામાણ્યગ્રહ શી રીતે કરશો? અને એ જો નહીં થાય તો સકલજિનવચનપ્રામાણ્યઅભ્યુપગમ તમારે પણ દુઃશક બની જશે.

ગ્રન્થકાર : અમારે તો જિનવચનત્વેન (=જિનવચનરૂપે) બધા જ જિનવચનો પ્રમાણ તરીકે નિશ્ચિત થયેલા છે. એટલે ક્ષયોપશમની મર્યાદાના કારણે એવા દુરવબોધ જિનવચનવિશેષનો પ્રામાણ્યગ્રહ પણ અશક્ય કે દુઃશક્ય નથી.

બ્રાહ્મણ : આનો અર્થ એ થયો કે તમે જિનવચનોમાં પ્રામાણ્ય જે માનો છો તેમાં જિનવચનત્વ એ પ્રયોજક છે. તો અમે પણ આ રીતે કહીશું કે વેદવચનોમાં પ્રામાણ્ય જે છે તે વેદત્વેન (=વેદવચનત્વેન) છે.. એટલે કે વેદત્વ એમાં પ્રયોજક છે. આ અભ્યુપગમ જ યાવદ્‌વેદવચનપ્રામાણ્યના અભ્યુપગમમાં પર્યવસિત થઈ જશે. એટલે દુરવબોધ શ્રુતિવિશેષ અંગે પણ પ્રામાણ્યગ્રહ અસંભવિત નહીં બને.

ગ્રન્થકાર : તમારી વાત બરાબર નથી, કારણ કે વેદવચનોમાં જે પ્રામાણ્ય છે તેમાં વેદત્વ પ્રયોજક નથી, પણ સત્યત્વ પ્રયોજક છે. તે પણ એટલા માટે કે લોકવ્યવહારમાં બોલાતા શબ્દો-વચનો પણ જે અવિસંવાદી હોય, તે પ્રમાણ તરીકે બધાને માન્ય હોય જ છે. એટલે વેદત્વ જો પ્રામાણ્યપ્રયોજક હોય, તો એ વચનોને પ્રમાણ માની શકાય જ નહીં, કારણકે એ વચનોમાં વેદત્વ નથી. એટલે દુરવબોધ શ્રુતિવિશેષમાં સત્યત્વનો નિશ્ચય

वेदत्वं न प्रयोजकं किं तु **सत्यत्वमेव**, लोकशब्दस्याप्यविसंवादिनः प्रमाणत्वादिति श्रद्धामात्रमेतदिति न किञ्चिदेतत् ।। ३१ ।।

शिष्टत्वमुक्तमत्रैव भेदेन प्रतियोगिनः ।
तमानुभविकं बिभ्रत् परमानन्दवत्यतः ।। ३२ ।।

शिष्टत्वमिति । **अतः** = परोक्तशिष्टलक्षणनिरासात् । **अत्रैव** = सम्यग्दृष्टावेवोक्तं 'अंशतः क्षीणदोषत्वं **शिष्टत्वं' परमानन्दवति** = दुर्भेदमिथ्यात्वमोहनीयभेदसमुत्थनिरतिशयानन्दभाजने । शिष्टत्वलिङ्गाभिधानमेतत् ।

न थवाथी प्रामाण्यग्रह पण मुश्केल बनी ज रहेशे.

ब्राह्मण : आ रीते तो जिनवचनत्वने पण प्रामाण्यप्रयोजक मानी शकाशे नहीं, कारणके अविसंवादी लोकवचनोमां जिनवचनत्व होतुं नथी, ने छतां प्रमाणत्व तो होय ज छे. एटले सत्यत्वने ज प्रमाणत्व प्रयोजक मानवुं पडवाना कारणे दुरवबोध जिनवचनोमां प्रामाण्यग्रह तमारे पण मुश्केल थई ज जशे.

ग्रन्थकार : तमारी वात साची छे. प्रामाण्यमां प्रयोजक तो सत्यत्व ज छे अने बधा ज जिनवचनो सत्य=युक्तिसंगत होवानी रूએ ज अमने श्रद्धेय छे. श्री हरिभद्रसूरिमहाराजे लोकतत्त्वनिर्णय ग्रन्थमां कह्युं ज छे के-मने श्रीवीरप्रभु पर कोई पक्षपात नथी, के कपिलादिपर कोई द्वेष नथी. पण जेनुं वचन युक्तिसंगत छे तेनो स्वीकार करवो जोईએ. (श्रीवीरप्रभुनां वचनो युक्तिसंगत छे, माटे अमे એनो स्वीकार कर्यो छे.)

ब्राह्मण : पण दुरवबोध जिनवचनोनी युक्तिसंगतताનो निर्णय केम थाय ?

ग्रन्थकार : 'खीचडीना चार दाणा सीઝेला छे तो बधा ज सीઝेला होवा जोईએ' એ न्याये, आपणी बुद्धिने गम्य जिनवचनो जो युक्तिसंगत छे, तो जिनवचनत्वेन बधा ज जिनवचनो युक्तिसंगत छे એ निर्णय थाय छे.

ब्राह्मण : એम तो आपणी बुद्धिगम्य न हिंस्यात् सर्वभूतानि वगेरे अनेक वेदवचनो पण युक्तिसंगत छे ज. तो वेदत्वेन यावद्वेदवचनने पण એ ज न्याये युक्तिसंगत समજी शकाय छे ने !

ग्रन्थकार : ना, कारण के आपणी बुद्धिगम्य केटलाय वेदवचनो युक्तिअसंगत पण छे ज. जेम के 'कोईपण जीवनी हिंसा करवी नहीं' એम कह्या पछी यज्ञ माटे कहेली पशुहिंसा वगेरे. એटले वेदत्वेन यावद्वेदवचनने प्रमाण मानवा એ पाया विनानी श्रद्धामात्र छे.. ने तेथी आ बधी वातो अकिंचित्कर छे. ॥३१॥ (उपसंहार करे छे-)

गाथार्थ : એटले परमानन्दवाळा आ सम्यग्दृष्टिमां ज, प्रतियोगिभेदे अनुभवसिद्ध भेदने धारण करतुं उक्त शिष्टत्व होय छे.

टीकार्थ : એटले=बीજાએ कहेला [1]लक्षणनो निरास थवाथी 'अंशतः क्षीणदोषत्व' એ प्रमाणे कहेलुं शिष्टनुं लक्षण परमानन्दवाळा आ सम्यग्दृष्टिमां ज रहेलुं छे એ निश्चित थाय छे. दुर्भेद्य એवा मिथ्यात्वमोहनीयकर्मनो उपशम, क्षयोपशम के क्षयરૂप भेद थवाथी उत्पन्न थयेलो निरतिशय आनंद એ अहीं परमानंद तरीके अभिप्रेत छे. आ कहेवा द्वारा [2]शिष्टत्वनुं लिंग कह्युं. (क्षीणदोषमां प्रतियोगी दोष छे. आ) [3]क्षीयमाण दोषરૂप प्रतियोगीना भेदथी आ शिष्टत्व आनुभविक=सकलજनअनुभवसिद्ध भेदने धारण करे छे. 'आ शिष्ट छे.'

प्रतियोगिनो दोषस्य क्षीयमाणस्य **भेदेन तं** = भेद**मानुभविकं** = सकलजनानुभवसिद्धं **बिभ्रत्** । भवति हि 'अयमस्मात् शिष्टतरोऽयमस्माच्छिष्टतम' इति सार्वजनीनो व्यवहारः । स चाधिकृतापेक्षयाऽधिकतराधिकतम-दोषक्षयविषयतयोपपद्यते, परेषां तु न कथञ्चित्, सर्वेषां वेदप्रामाण्याभ्युपगमादौ विशेषाभावात् ।

एतेन वेदविहितार्थानुष्ठानकर्तृत्वं शिष्टत्वमित्यपि **निरस्तम्** । यावत्तदेकदेशविकल्पाभ्यामसम्भवातिव्याप्त्योः प्रसङ्गाच्च ।

'આ એના કરતાં શિષ્ટતર છે' 'આ એના કરતાં શિષ્ટતમ છે' આવો સર્વજનપ્રસિદ્ધ વ્યવહાર થાય જ છે. અને તે અધિકૃતશિષ્ટને થયેલા દોષક્ષયની અપેક્ષાએ અધિકતર-અધિકતમ દોષના ક્ષયરૂપ વિષયના કારણે સંગત થાય છે. [૪]બીજાઓના લક્ષણમાં આ તરતમતા કોઈ રીતે સંગત થતી નથી, કારણ કે [11]વેદપ્રામાણ્યઅભ્યુપગમવગેરેમાં બધા શિષ્ટોમાં કોઈ વિશેષ=ફરક હોતો નથી. [૫]આનાથી જ 'વેદવિહિત અનુષ્ઠાનનું કર્તૃત્વ એ શિષ્ટત્વ' એવું લક્ષણ પણ નિરસ્ત જાણવું, કારણકે યાવત્ અને તદેકદેશ.. આ બે વિકલ્પો દ્વારા અસંભવ અને અતિવ્યાપ્તિદોષ પણ આવે છે.

વિવેચન : (૧) वेदप्रामाण्याभ्युपगन्तृत्वे सति वेदाप्रामाण्याभ्युपगन्तृत्वाभाव ... આવા લક્ષણમાં અવ્યાપ્તિ આદિ દર્શાવેલા દોષોનું નિર્દોષ નિરાકરણ શક્ય ન હોવાથી એ લક્ષણ નિરસ્ત થઈ ગયું છે. તેથી ગ્રન્થકારે જે 'अंशतः क्षीणदोषत्वं शिष्टत्वम्' એવું લક્ષણ આપ્યું છે, એ જ નિર્દોષ સિદ્ધ થાય છે.

(૨) આ પરમાનંદ એ શિષ્ટત્વનું લિંગ છે, એટલે કે જ્યાં એ વરતાય, ત્યાં શિષ્ટત્વ હોવાનો નિશ્ચય થાય છે. ને પછી એને અનુસરીને એના આચરણ અનુકરણીય બને છે.

(૩) રાગ-દ્વેષાત્મક કે કર્માત્મકદોષ એ પ્રતિયોગી છે.. એ જેમ જેમ ક્ષીણ થાય છે, એમ એમ શિષ્ટત્વની માત્રા વધતી જાય છે. એટલે અવિરતસમ્યક્ત્વી, દેશવિરત, સર્વવિરતક્રમે શિષ્ટત્વ, શિષ્ટતરત્વ, શિષ્ટતમત્વ આવે છે.

(૪) વેદપ્રામાણ્યાભ્યુપગમમાં કે વેદઅપ્રામાણ્યાભ્યુપગમના અભાવમાં તરતમતા સંભવિત ન હોવાથી બધા એકસમાન હોવાના કારણે એના આધારે જો શિષ્ટત્વ હોય, તો એમાં પણ તરતમતા આવી ન શકે એ સ્પષ્ટ છે.

(૫) આનાથી જ=શિષ્ટત્વમાં રહેલી તરતમતા સંગત થઈ શકતી ન હોવાથી જ.. 'વેદમાં જે અનુષ્ઠાનોનું વિધાન હોય, તે અનુષ્ઠાનોનું કર્તૃત્વ એ શિષ્ટત્વ' આવું લક્ષણ પણ ઊડી જાય છે. કારણકે એ કર્તૃત્વમાં પણ તરતમતા અસંભવિત છે.

---

11. એટલે શબ્દશઃ વિવેચનકારે જૈનોને જિનવચનપ્રામાણ્યાભ્યુપગન્તૃત્વ એ શિષ્ટત્વ લક્ષણ માન્ય છે એવી સ્વબુદ્ધિની કલ્પના જે આપી છે તે આ રીતે પણ સત્યથી વેગળી જાણવી, કારણ કે એમાં તરતમતા અસંભવિત હોવાથી શિષ્ટત્વમાં પણ સર્વજનપ્રતીત તરતમતા સંભવિત નહીં રહી શકે.

શંકા : પહેલાં થોડા જિનવચનોને પ્રમાણ માને, પછી વધારે માને... આ રીતે તરતમતા સંભવે ને !

સમાધાન : જ્યાં સુધી એક પણ જિનવચન પ્રામાણ્યનિશ્ચયમાંથી બાકાત છે ત્યાં સુધી સમ્યક્ત્વ જ અસંભવિત હોવાથી શિષ્ટત્વ જ હોતું નથી, પછી તરતમતા શી ?

यत्त्वदृष्टसाधनताविषयकमिथ्याज्ञानाभाववत्त्वं शिष्टलक्षणमुच्यते तत्त्वस्मदुक्तशिष्टत्वव्यञ्जकमेव युक्तमाभाति, न तु परनीत्या स्वतन्त्रलक्षणमेव ।

(**ब्राह्मण :** વેદોક્ત અનુષ્ઠાન જેમ જેમ વધારતો જાય એમ એમ શિષ્ટત્વ વધતું જાય આ રીતે તરતમતા સંભવે છે ને !)

ગ્રન્થકાર : અમે તમને પૂછીએ છીએ કે તમે, વેદમાં કહેલા બધા અનુષ્ઠાન કરે એને શિષ્ટ કહેશો કે એમાંના એકદેશભૂત અમુકઅનુષ્ઠાન કરે એને પણ શિષ્ટ કહેશો ? વેદમાં કહેલા બધા અનુષ્ઠાનો કરવા કોઈ માટે શક્ય ન હોવાથી પ્રથમ વિકલ્પમાં અસંભવદોષ છે. અને વેદવિહિત અમુક અનુષ્ઠાનો તો અશિષ્ટો પણ કરતા હોવાથી અતિવ્યાપ્તિ દોષ આવશે જ.

ટીકાર્થ : ''[1]અદૃષ્ટસાધનતા અંગે મિથ્યાજ્ઞાનનું અભાવવત્ત્વ એ શિષ્ટત્વ' આવું જે અન્યો વડે શિષ્ટનું લક્ષણ કહેવાય છે, તેને તો અમે કહેલા શિષ્ટ લક્ષણનું સૂચક માનવું એ જ યુક્તિયુક્ત ભાસે છે, નહીં કે અન્યદર્શનના સિદ્ધાન્તમુજબનું સ્વતંત્ર લક્ષણ, (કારણકે એવું માનવામાં એમાં અનેક રીતે અવ્યાપ્તિ આવે છે.) (અ) ગંગાજળમાં 'આ કૂપજળ છે' એવો આરોપ કરીને 'આ કૂપજળ અદૃષ્ટસાધન નથી' એવા ભ્રમવાળા બ્રાહ્મણમાં (બ) કૂપજળમાં 'આ ગંગાજળ છે' એવો આરોપ કરીને 'આ અદૃષ્ટસાધન છે' એવા ભ્રમવાળા બ્રાહ્મણમાં તથા (ક) 'આ ગંગાજળ ઉચ્છિષ્ટ છે' એવો આરોપ કર્યા પછી 'આ અદૃષ્ટસાધન નથી' એવા ભ્રમવાળા બ્રાહ્મણમાં .. આ ત્રણે બ્રાહ્મણમાં જે અશિષ્ટત્વ આવી પડે છે, એના વારણ માટે અમે નીચે મુજબ પરિષ્કાર કરીશું. વિવક્ષિત જ્ઞાનમાં જો અદૃષ્ટસાધનતાનું વિધાન હોય, તો એ અદૃષ્ટસાધનતાવચ્છેદકરૂપ અપુરસ્કારેણ હોવું જોઈએ. અને જો નિષેધ હોય તો એ અદૃષ્ટસાધનતાવિરોધિરૂપઅપુરસ્કારેણ હોવું જોઈએ. બ્રાહ્મણ આવી વિવક્ષા કરે તો પણ નિદ્રા વગેરે અવસ્થામાં બૌદ્ધ વગેરેમાં અતિવ્યાપ્તિ ઊભી જ રહે છે. (તેથી આ અન્યદર્શનના સિદ્ધાન્ત મુજબનું સ્વતંત્ર લક્ષણ છે એમ કહી શકાતું નથી.) વળી આટલો નિશ્ચય ન થાય તો પણ બધે શમવગેરે લિંગદ્વારા શિષ્ટત્વનો વ્યવહાર શક્ય જ છે. તો આ કુસૃષ્ટિથી શું ?

વિવેચન : (૧) 'આ અદૃષ્ટનું (=પુણ્યનું) સાધન (=કારણ) છે' આવું જ્ઞાન એ અદૃષ્ટસાધનતાજ્ઞાન છે. આ જ્ઞાન સત્ય પણ હોઈ શકે, મિથ્યા પણ. આમાંથી મિથ્યાજ્ઞાનનો અભાવ હોવો એ શિષ્ટત્વ છે. .. આવું પણ કેટલાક અન્યદર્શનકારો કહે છે. ગ્રન્થકારનું કહેવું એવું છે કે આને અન્યદર્શનના સિદ્ધાન્તને અનુસરતું સ્વતંત્ર લક્ષણ માની શકાતું નથી, કારણકે એવું માનીએ તો ત્રણ સ્થળે અવ્યાપ્તિ આવે છે અને પરિષ્કાર કરવામાં આવે તો પણ બૌદ્ધાદિમાં અતિવ્યાપ્તિ આવે છે. વળી આવા અભાવનો નિશ્ચય થયો ન હોય તો પણ ઉપશમવગેરે લિંગ દ્વારા શિષ્ટત્વનો બોધ અને વ્યવહાર થઈ જ શકે છે. એટલે આને સ્વતંત્ર લક્ષણ માનવાના બદલે અમે 'અંશતઃ ક્ષીણદોષત્વ એ શિષ્ટત્વ' આવું જે લક્ષણ કહ્યું છે, એનું સૂચક=જ્ઞાપક માનવું જોઈએ. આશય એ છે કે અંશતઃ ક્ષીણદોષત્વરૂપ શિષ્ટત્વ સમ્યક્ત્વી જીવોમાં હોય છે. એટલે શમ, સંવેગાદિ ગુણો સમ્યક્ત્વના કાર્યભૂત હોવાથી જેમ સમ્યક્ત્વના=અંશતઃ ક્ષીણદોષત્વના=શિષ્ટત્વના જ્ઞાપક લિંગરૂપ છે, એમ હેય-ઉપાદેયનો વિવેક પણ સમ્યક્ત્વના કાર્યભૂત હોવાથી એના જ્ઞાપક લિંગરૂપ બની જ શકે છે. અર્થાત્ 'આ હેય છે=અશુભ અદૃષ્ટનું કારણ છે', 'આ ઉપાદેય છે=શુભ અદૃષ્ટનું કારણ છે' આવો વિવેક એ સમ્યક્ત્વનું=શિષ્ટત્વનું કાર્ય હોવાથી શિષ્ટત્વની હાજરીમાં આ અંગેનું મિથ્યાજ્ઞાન સંભવતું નથી. એટલે કે અદૃષ્ટસાધનતાના મિથ્યાજ્ઞાનનો અભાવ

गङ्गाजले कूपजलत्वारोपानन्तरं 'इदं कूपजलं नादृष्टसाधनमि'ति भ्रमवतः, कूपजल एव गङ्गाजलत्वारोपानन्तरं 'इदं गङ्गाजलमदृष्टसाधनमि'ति भ्रमवतो गङ्गाजले उच्छिष्टत्वारोपान्तरं 'नादृष्टसाधनमि'ति भ्रमवतश्चाशिष्टत्ववारणायादृष्टसाधनताऽवच्छेदकरूपा(प?)पुरस्कारेण निषेधमुखेनादृष्टसाधनताविरोधिरूपा-

---

એનું જ્ઞાપક લિંગ બની શકે છે.

પણ જો 'આ અદૃષ્ટનું સાધન છે' એવા મિથ્યાજ્ઞાનના અભાવને શિષ્ટના લક્ષણ તરીકે લેવામાં આવે તો ત્રણ સ્થળે ગ્રન્થકારે અવ્યાપ્તિ દર્શાવી છે - (૧) જે શિષ્ટ બ્રાહ્મણને ગંગાજળમાં 'આ કૂપજળ છે' એવો આરોપ કર્યા પછી 'આ કૂપજળ અદૃષ્ટનું (=પુણ્યનું) કારણ નથી' એવું જ્ઞાન થયું. આ જ્ઞાન મિથ્યા હોવાથી મિથ્યાજ્ઞાનનો અભાવ ન રહેવાના કારણે લક્ષણની અવ્યાપ્તિ. (૨) કૂવાના જળમાં 'આ ગંગાજળ છે' એવો આરોપ કરીને પછી 'આ ગંગાજળ અદૃષ્ટ સાધન છે' એવું જ્ઞાન થયું. આ જ્ઞાન મિથ્યા હોવું સ્પષ્ટ છે. તેથી લક્ષણની અવ્યાપ્તિ. (૩) જે ગંગાજળ કૂતરા-ચંડાળ વગેરે દ્વારા ઉચ્છિષ્ટ=બોટાયેલું=અભડાયેલું હોય એ કાંઈ અદૃષ્ટસાધન નથી. પણ જે ગંગાજળ ઉચ્છિષ્ટ નથી, તેમ છતાં એમાં 'આ ઉચ્છિષ્ટ છે' એવો આરોપ કર્યા પછી 'આ ઉચ્છિષ્ટ જલ અદૃષ્ટસાધન નથી' એવું જ્ઞાન થયું. આ જ્ઞાન પણ મિથ્યા હોવાથી લક્ષણની અવ્યાપ્તિ થશે.

પણ આને જો જ્ઞાપકલિંગ તરીકે સ્વીકારીએ, તો કોઈ વાંધો આવતો નથી, કારણકે જ્ઞાપકલિંગ વિના પણ લિંગી રહી શકે છે.

અલબત્ત અન્ય દર્શનકાર આ ત્રણ અવ્યાપ્તિઓનું વારણ કરવા આવો પરિષ્કાર સૂચવે છે-'આ અદૃષ્ટ સાધન છે' આવું જ્ઞાન કે જેમાં અદૃષ્ટસાધનતાનું વિધાન છે, એ અદૃષ્ટસાધનતાવચ્છેદકરૂપને આગળ કર્યા વગર હોવું જોઈએ. પ્રસ્તુતમાં ગંગાજળ એ અદૃષ્ટસાધન છે. તેથી ગંગાજલત્વ એ અદૃષ્ટસાધનતાવચ્છેદક છે. એટલે કે 'ગંગાજળ અદૃષ્ટસાધન છે' આવું જ્ઞાન મિથ્યા હોવું સંભવતું નથી. કૂપજલત્વ, ઉચ્છિષ્ટત્વ.. વગેરે અદૃષ્ટસાધનતાના વિરોધી ધર્મો છે. તેથી 'કૂપજલ અદૃષ્ટસાધન છે' 'ઉચ્છિષ્ટજળ અદૃષ્ટસાધન છે' આવાં જ્ઞાન મિથ્યા છે, પણ એ ગંગાજળત્વને આગળ કરીને નથી. આવાં જ્ઞાન શિષ્ટ બ્રાહ્મણને સંભવતા નથી. તેથી 'અદૃષ્ટસાધનતાવચ્છેદક ધર્મને આગળ કર્યા વગર થયેલ વિધેયક મિથ્યાજ્ઞાનનો અભાવ એ શિષ્ટત્વ...' આવું લક્ષણ કરવાથી અવ્યાપ્તિ થશે નહીં. કૂપજળમાં ગંગાજલત્વનો ભ્રમ પામેલા શિષ્ટને સાક્ષાત્ શબ્દોદ્વારા કે ગર્ભિતરીતે ગંગાજલત્વને આગળ કરીને જ 'આ અદૃષ્ટસાધન છે' આવું જ્ઞાન થઈ શકે છે, એ વિના નહીં. એટલે મિથ્યાજ્ઞાન હોવા છતાં, ગંગાજલત્વને આગળ કર્યા વિનાના મિથ્યાજ્ઞાનનો તો અભાવ જ હોવાથી અવ્યાપ્તિ નથી.

'કૂપજળ (કે ઉચ્છિષ્ટજળ) અદૃષ્ટસાધન નથી' આવું જ્ઞાન મિથ્યા સંભવતું નથી. 'ગંગાજળ અદૃષ્ટસાધન નથી' આવું જ્ઞાન મિથ્યા છે, પણ એ કૂપજલત્વ કે ઉચ્છિષ્ટત્વ વગેરેરૂપ અદૃષ્ટસાધનતાના વિરોધી ધર્મોને આગળ કરીને નથી. આવાં જ્ઞાન શિષ્ટબ્રાહ્મણને સંભવતા નથી. તેથી 'અદૃષ્ટસાધનતાના વિરોધીધર્મોને આગળ કર્યા વગર થયેલા નિષેધક મિથ્યાજ્ઞાનનો અભાવ એ શિષ્ટત્વ' આવું લક્ષણ કરવાથી અવ્યાપ્તિ થશે નહીં. ગંગાજળમાં કૂપજલત્વ કે ઉચ્છિષ્ટત્વનો ભ્રમ પામેલા શિષ્ટને સાક્ષાત્ શબ્દો દ્વારા કે ગર્ભિતરૂપે કૂપજલત્વ કે ઉચ્છિષ્ટત્વ વગેરે રૂપ વિરોધી ધર્મને આગળ કરીને જ 'આ અદૃષ્ટસાધન નથી' એવું જ્ઞાન થઈ શકે છે, એ વિના નહીં. એટલે મિથ્યાજ્ઞાન વિદ્યમાન હોવા છતાં, વિરોધીધર્મને આગળ કર્યા વિનાના મિથ્યાજ્ઞાનનો તો અભાવ


पुरस्कारेण चादृष्टसाधनताविषयकत्वविवक्षायामपि स्वापादिदशायां बौद्धादावतिव्याप्तेः । एतावदग्रहेऽपि सर्वत्र शमादिलिङ्गेन शिष्टत्वव्यवहाराच्चेति किमनया कुसृष्ट्या ? ।। ३२ ।।


।। इति सम्यग्दृष्टिद्वात्रिंशिका ।। १५ ।।

જ હોવાથી અવ્યાપ્તિ નથી.

ગ્રન્થકાર કહે છે કે આવો પરિષ્કાર હોવા છતાં સૂતેલા બૌદ્ધ વગેરેમાં અતિવ્યાપ્તિ ઊભી જ છે, કારણકે એ કાળે એનામાં એવું મિથ્યાજ્ઞાન હોતું નથી જ. વળી આવા મિથ્યાજ્ઞાનના અભાવનો નિશ્ચય સરળ નથી. એટલે એ ન થયો હોય છતાં જો શમ-સંવેગાદિ જોવા મળે તો શિષ્ટત્વનો નિશ્ચય થઈ જ જાય છે. તેથી તથા શિષ્ટત્વમાં જોવા મળતી તરતમતાની સંગતિ થઈ શકતી ન હોવાથી અન્યોએ કહેલા લાંબાલચક લક્ષણને ન સ્વીકારતા અમે કહેલા અંશતઃ ક્ષીણદોષત્વરૂપ નિર્દોષ લક્ષણને માનવું ઉચિત છે. ॥૩૨॥

॥ ઇતિ શ્રી સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા ॥






द्वात्रिंशद् द्वात्रिंशिका

ભાગ-૨

समाप्त

અધ્યેતાઓ માટે
મધુર રસથાળ...



- **શતકનામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો...**
  પાંચમો કર્મગ્રન્થ એટલે પદાર્થોનો ખજાનો...
  અન્ય વિવેચનોમાં હેતુઓ ન મળે એવા ઢગલાબંધ તર્કપૂર્ણ હેતુઓના ઉદ્‌ઘાટન (જેમકે ખગતિનામકર્મને જીવવિપાકી પ્રકૃતિ કેમ કહી ? વગેરે) કરનારી - ઊંડાણભર્યા રહસ્યોને વ્યક્ત કરનારી ટીપ્પણો જાણવા માટે - અલ્પ સમયમાં વિશદબોધ મેળવવા માટે આ પુસ્તકના આધારે ભણવા માટે ખાસ ભલામણ છે.
- **કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ-૧, ભાગ-૨,**
  કર્મપ્રકૃતિ ભાગ-૩ પ્રશ્નોત્તરી
  ગહન પદાર્થોને પણ ટૂંકમાં અને છતાં સરળતાપૂર્વક સમજવા માટે આ પુસ્તકોનો સહારો લેવો આવશ્યક છે. તથા અત્યંત ઊંડા રહસ્યોને ખોલી આપનાર પ્રશ્નોત્તરીના અધ્યયન વિનાનું કમ્મપયડી તથા પંચસંગ્રહનું અધ્યયન એટલે ઉપરછલ્લો બોધ. બોધને સૂક્ષ્મ અને તર્કપૂર્ણ બનાવવા માટે અવશ્ય આ પુસ્તકોને અવગાહવા.
- **યોગવિંશિકા**
  આજ સુધીમાં પ્રકાશિત થયેલા અનેક વિવેચનોમાં સાવ અલગ તરી આવતું... શબ્દ-શબ્દને આરપાર વીંધીને યોગવિષયક અપૂર્વ રહસ્યોને પીરસતું... સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજના યોગવિષયક વિચારોને વિશદ રીતે અને છતાં પૂર્વાપર વિરોધ વિના સ્પષ્ટ કરતું અદ્‌ભુત વિવેચન જાણવા-માણવા માટે પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. લિખિત આ વિવેચન ભણવું જ રહ્યું.
- **સિદ્ધિનાં સોપાન...**
  પ્રણિધાન-પ્રવૃત્તિ વગેરે પાંચ આશયોનું અત્યંત વિશદ-વિસ્તૃત વિવેચન...
- **ન્યાયસિદ્ધાન્ત મુક્તાવલી ભાગ-૧, ભાગ-૨**
  ન્યાયદર્શનના પાયાના આ ગ્રન્થને બહુ જ સ્પષ્ટ રીતે સમજવા માટે...

ન્યાયશૈલિની હથોટી પામવા માટે... પારિભાષિક શબ્દોનો સરળ પરિચય મેળવવા માટે... પૂજ્ય આચાર્ય શ્રી લિખિત વિવેચનની સહાય લેવી ઘણી ઇચ્છનીય છે.

- **સત્પદાદિપ્રરૂપણા -**

  ગતિ, ઇન્દ્રિય, કાય... વગેરે ૧૪ મૂળ માર્ગણાઓ...

  ત્રીજા કર્મગ્રન્થમાં આવતી એની ૬૨ પેટા માર્ગણાઓ...

  એના કરતાં પણ ઊંડા ઉતરીને કુલ ૧૭૪ માર્ગણાઓનો સત્પદ, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર... વગેરે દ્વારો દ્વારા વિચાર... અનેક ગ્રન્થોના આધારે સંચિત થયેલા પદાર્થસમુદ્રને અવગાહવાનો આનંદ માણવા નમ્ર વિનંતી...

- **દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ**

  દ્રવ્યાનુયોગના પદાર્થોને ઘણા સંક્ષેપમાં - ખૂબ ગહન રીતે પીરસતી પૂ. ઉપા. શ્રી યશોવિજય મ.ની ગૂર્જર કૃતિ... શાસ્ત્રવચનની સંગતિ કરવા ઊઠેલી તર્કપૂર્ણ વિચારણાથી પ્રાપ્ત થતા અર્થપર્યાય-વ્યંજનપર્યાય-સપ્તભંગી વગેરેના અસંદિગ્ધ-સ્પષ્ટ-સરળ બોધ માટે પૂ.આ.ભ. અભયશેખરસૂરિ મ.નું થયેલ વિવેચન (ભાગ-૧) અવશ્ય અવગાહવું રહ્યું.

- **અનુયોગદ્વાર સટીક સટીપ્પણ**

  મૂળ સૂત્ર તથા ટીકાના વિષમપદ પર વિશદ ટીપ્પણો દ્વારા બોધને ચોક્કસ દિશા આપવાનો પ્રયાસ... પ્રેક્ષાવાન્ શ્રદ્ધાનુસારી હોય કે તર્કાનુસારી... બધાની પ્રવૃત્તિ માટે ગુરુપર્વક્રમ સંબંધ અને વાચ્યવાચક ભાવસંબંધ... બન્ને સંબંધ જરૂરી છે... વગેરે અપૂર્વ રહસ્યોદ્ઘાટન કરવાનો નમ્ર પ્રયાસ.

- **બત્રીશીના સથવારે, કલ્યાણની પગથારે ભાગ ૧ થી ૬**

  દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રન્થની ૧ થી ૧૩ બત્રીશીઓના લોકભોગ્ય પદાર્થોનું લોકભોગ્ય ભાષામાં સરળ રીતે સુબોધ રીતે વિવરણ કરતાં ૧ થી ૮૦ લેખોનો સમાવેશ આ ૬ ભાગોમાં થયો છે. જિજ્ઞાસુઓને એ પણ અવગાહવાની નમ્ર વિનંતી છે.

પૂ.આ.શ્રી અભયશેખરસૂરિ મ.સા.નું સંપાદિત-અનુવાદિત લિખિત અધ્યયનોપયોગી સાહિત્ય

૧) અધ્યાત્મમતપરીક્ષા
૨) ધર્મપરીક્ષા
૩) સામાચારી પ્રકરણ, આરાધક વિરાધક ચતુર્ભંગી કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ
૪) સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ
૫-૬) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ભાગ-૧-૨
૭-૯) કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ : ૧-૨-૩
૧૦-૧૧) ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી ભાગ : ૧-૨
૧૨) સત્પદાદિ પ્રરૂપણા
૧૩) હારિભદ્રયોગભારતી
૧૪) યોગવિંશિકા
૧૫) સિદ્ધિનાં સોપાન
૧૬) તત્ત્વાવલોકન સમીક્ષા
૧૭) તત્ત્વ નિર્ણય
૧૮-૨૨) નવાંગી ગુરુપૂજન પ્રશ્નોત્તરી વગેરે
૨૩) શતક નામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો-ટીપ્પણો
૨૪-૨૬) દશવિધ સામાચારી (ભાગ : ૧-૨-૩)
૨૭-૨૮) તિથિ અંગે સત્ય અને સમાધાન (ભાગ : ૧-૨)
૨૯) સપ્તભંગીવિંશિકા
૩૦) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ભાગ-૧
૩૧) નિક્ષેપવિંશિકા
૩૨) क्या जिनपूजा करना पाप है ?
૩૩) અનુયોગદ્વાર-સટીપ્પણ
૩૪) નયવિંશિકા
૩૫-૪૦) બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે ભાગ-૧ થી ૬

પૂ.આ.શ્રી અભયશેખરસૂરિ મ.સા.નું સંપાદિત-અનુવાદિત લિખિત ઉપદેશાત્મક સાહિત્ય

૧) હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં..
(ગુજ.+હિન્દી=૭૫,૦૦૦ નકલ)
૨) હૈયું મારું નૃત્ય કરે
૩) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા
(૨૦,૦૦૦ નકલ)
૪) કર પડિક્કમણું ભાવશું
૫) અવિક્ખા અણાણંદે
૬) હું છું સેવક તારો રે
૭) હા ! પસ્તાવો વિપુલ ઝરણું...
૮) મિચ્છામિ દુક્કડં
૯) ટાળિયે દોષ સંતાપ રે...
૧૦) જેલર (ગુજ.+હિન્દી+અંગ્રેજી
=૭૦,૦૦૦ નકલ)

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106